પાંડવ ચરિત્ર

ભાષાંતર

મહાકાવ્ય

ભાષાં: પૂ. પ્રવર્તક મુનિ શ્રી ભાનુચંદ્ર વિજયજી મહારાજ

શ્રી જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૧.

શ્રી વિજય નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ—સદ્‌ગુરુભ્યો નમઃ

પાંડવ ચરિત્ર (મહાકાવ્ય)

(મહાભારત)

ગુજરાતી ભાષાંતર

: પ્રેરક :

પ. પૂ. આચાર્ય મહારાજ
શ્રીમદ્‌ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ

: ભાષાંતર :

પ. પૂ. પન્યાસપ્રવર ચંદ્રોદયવિજયજી ગણિવર્યના
શિષ્ય
પ. પૂ. પ્રવર્તક મુનિપ્રવર ભાનુચંદ્રવિજયજી મહારાજ

યશેન્દુ પ્રકાશન ગ્રંથ : ૧૭

પ્રકાશક :
જસવંતલાલ ગિરધરલાલ શા.
૧૪૭ તંબોલીનો ખાંચો,
ડોશીવાડાની પોળ, અમદાવાદ.

*

પ્રાપ્તિસ્થાન :
(૧) જૈનપ્રકાશન મંદિર
૩૦૯/૪ ડોશીવાડાની પોળ,
ખત્રીની ખડકી, અમદાવાદ.

*

(૨) સોમચંદ ડી. શાહ
જીવનનિવાસ સામે,
પાલીતાણા.

*

(૩) શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ, મુંબઈ.

*

મુદ્રક :
ગોવિંદભાઈ બી. પટેલ.
સંજીવ પ્રિન્ટરી,
પથ્થરકૂવા,
રીલીફ રોડ, અમદાવાદ.

★

વીરસંવત–૨૪૯૪
ઈ. સન. ૧૯૬૭
વિક્રમ સંવત ૨૦૨૪
મૌનએકાદશી

સર્વ હક્ક પ્રકાશકના છે.

પ્રથમાવૃત્તિ

મૂલ્ય ૯–૦૦

★

સમર્પણ

જેઓની શીતળ છાયાએ
વાણીએ.
સ્નેહની લાગણીઓએ
સંયમ માર્ગમાં સ્થિર બનાવ્યો
એવા

પ-પૂ-શાંતમૂર્તિ, સમયજ્ઞ, ભવોદધિતારક
આચાર્ય મહારાજ શ્રીમદ્
વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના
કર કમલમાં

આપનો
ભાનુચંદ્ર

પ્રકાશકીય–નિવેદન

'મહાભારત, શબ્દ ભારતવર્ષની તમામ જનતામાં પ્રચલિત છે, પરંતુ 'મહાભારત, નું સર્જન કયા નિમિત્તે થયું. તેનું રહસ્ય ભિન્ન ભિન્ન સ્વરૂપે જુદા જુદા ગ્રંથોમાં ગુંથાએલ છે. જે ઘણી વખત વાસ્તવિકતાથી દૂર દેખાય છે. જ્યારે જૈનદર્શનમાં પાંડવ ચરિત્ર મહાકાવ્ય લગભગ ૧૧૦૦૦ શ્લોક પ્રમાણમાં છે. જેમાં વાસ્તવિક સ્વરૂપમાં મહાભારત ગુંથાએલું જણાય છે. તેનો ગુજરાતી અનુવાદ પ. પૂ. શાસનસમ્રાટ્ બાલબ્રહ્મચારી અનેક તીર્થોદ્ધારક આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટાલંકાર પ. પૂ. સમયજ્ઞ શાંતમૂર્તિ શાસનપ્રભાવક આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પ. પૂ. પ્રાકૃત–વિદ્વિશારદ શાસ્ત્રવિશારદ પ્રશાંતમૂર્તિ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પ. પૂ. પ્રખર પ્રવચનકાર બાલબ્રહ્મચારી પંન્યાસ પ્રવર ચંદ્રોદયવિજયજી ગણિવર્યના શિષ્ય પ. પૂ. પ્રવર્તક મુનિરાજ ભાનુચંદ્રવિજયજી મહારાજે કરેલ છે. મહાભારતમાં શું સત્ય વસ્તુ સમાયેલ છે. તે આ ગ્રંથના વાંચન દ્વારા વાંચકો પ્રાપ્ત કરીને સત્ય વસ્તુને સમજી શકશે. તેમજ તેમાં રહેલા રહસ્યમાંથી તત્ત્વનો બોધ પ્રાપ્ત કરી શકશે. એજ.

લી.

જસવંતલાલ ગિરધરલાલ શાહ

આમુખ

વિશ્વની શ્રેષ્ઠ કૃતિમાં જેની ગણના છે એવું આ મહાકાવ્ય પાંડવ ચરિત્ર મહાભારતના નામે જગપ્રસિદ્ધ છે આબાલવૃદ્ધ સૌ કોઈ જેને મહાભારતના હુલામણા નામે સંબોધે છે, તેની પાછળ એવો ભવ્ય અને ઉદાત્ત ભૂતકાલિન મહાઇતિહાસ છુપાયો છે, સમાયેલો છે. મહાભારતની આ મહાકૃતિના મહાન પાત્રોથી કોણ અજાણ્યું છે ? અગર હશે ? ખરેખર ભારતનું સુપ્ત વીરત્વ જગાડવા માટે આ કૃતિએ જે ભાગ ભજવ્યો છે. તેના ગૌરવની ગરિમાનો પડઘો વિશ્વના ચોમેર ખૂણાઓના ઇતિહાસ ઉપર જે રીતે પડ્યો છે. તેનું વર્ણન કલમ દ્વારા આલેખી શકાય તેમ નથી તેમજ કોઇ રીતે કળી શકાય તેમ પણ નથી.

આ મહાકાવ્યમાં જગતના ગૂઢ રહસ્યોનું વર્ણન જે રીતે કરવામાં આવ્યું છે. તેમજ માનવીના ભાવોની સંકલના જે રીતે વણી લેવામાં આવી છે. તે તો જગતની સર્વાંગી રીતે અને સર્વકાલીય તેમજ સર્વદેશીય જનતાના ભૂત–ભવિષ્ય–અને વર્તમાનની એક મહાન્ ઇતિહાસની સાક્ષીભૂત જાણે ન હોય ? એવી આ અપૂર્વ ઐતિહાસિક મહાકથા છે.

ખરેખર આ રસઝરણામાં કયો રસ ખૂટે છે તે શોધવા માટે ખરેખર શીર્ષાસન કરીએ તો પણ મળી શકે તેમ નથી. કોઇ વ્યક્તિ કદાચ બે હાથ વડે મેરૂમહાગિરિને માપવા બથે તો તેનો પાર પામી શકે તેમ નથી. તેમ આ મહાકથાના ભાવોનો પાર પામનો તે અત્યંત દુર્લભ છે.

અરે! આ મહાકાવ્યે તો જગતમાં અનેકોમાં પ્રેરણા કરી. અને અનેક કાવ્યોનું સર્જન થયું. એ એક હકીકત રૂપે જગત્ સમક્ષ પુરવાર થઈ ચૂકયું છે. મને કહેવા દો કે જગતના સાર અને અસાર ભાવોને ન્યાય આપતી આ કથાથી અધિક કોઈ કથા જગતમાં વિદ્યમાન હશે કે કેમ ? તે શંકા છે. કદાચ હોય તો જ્ઞાની જાણે !

ખરેખર! આ કાવ્યમાં કયા રસની ખામી છે તે કયો સાહિત્ય સ્વામિ શોધીને સિદ્ધ કરવાની અભિલાષા રાખી શકે છે? ખરેખર "નવરસનું નવલું ઝરણું" આ તેનું ઉપનામ તેના વાસ્તવિક વ્યુત્પત્તિ સિદ્ધ અર્થનું દ્યોતક બને છે તેમાં કોઈ શંકા નથી, બલ્કે યથાર્થતાને પુરવાર કરે છે,

આ કથા અથવા કાવ્ય ત્રણે કાળનો નાનકડો ઇતિહાસ લાગે છે. એટલું જ નહિ પણ છે, આથી વિશેષ હું કાંઈ જ કહી શકતો નથી, તેમજ લખી પણ શકતો નથી, ખરેખર મહાભારતના પાત્રો તો આમાં કેવળ એક નિમિત્ત માત્ર છે.

યુગાદિદેવ શ્રી ઋષભદેવ ભગવંતના વંશમાંથી ઉતરી આવેલ આ વલોણું જગતને એક નવલું નવનીત અર્પે છે. અને બ્રહ્મચારી ભગવંત શ્રી નેમિનાથ (અરિષ્ટનેમી) ના કાળમાં આ બનેલી ઘટના આપણી કથારૂપે રજુ થાય છે.

આશ્ચર્યની વાત તો એજ છે કે અતુલ બળના ધરનારા ભગવાન નેમિકુમારની બાલક્રીડા, જલક્રીડા, યુદ્ધના મેદાનમાં, લગ્નોત્સવમાંથી પાછા વળવું અને શ્રી ગિરનાર ઉપર સર્વવિરતિ અંગિકાર કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ, અને નિર્વાણના સુંદર પ્રસંગો આ કથામાં ગુંથવામાં આવ્યા છે.

વળી અર્જુન અને અભિમન્યુ; દુર્યોધન અને દ્રોણાચાર્ય, દ્રૌપદી, ભીષ્મ અને ભીમ, વિરાટ અને વિદુરજી, અશ્વત્થામા અને

પાંચાલેા, આ પાત્રોની કાર્યશીલતા, વિવિધતા, વિચિત્રતા અને ભવ્યતાના કારણે જ આ મહાકાવ્યને મહાભારતનું મહાન બીરૂદ પ્રાપ્ત થયું છે. અને આજ કારણને લીધે જગત ઉપર તેની ઘેરી છાયા છવાયેલી છે. તેની ઝાંખી કરાવવા માટે જગપ્રસિદ્ધ લેાકેાક્તિના થેાડા નમૂના પણ જાણવા જેવા છે. "આ મહાભારત પ્રકરણ છે" "આ મહાભારત કાર્ય છે" "આ મહાભારત વાત છે" આ રીતે કેાઇપણ મહાન પ્રસંગને અથવા તેા કેાઈ વસ્તુની મહાનતા બતાવવા માટે આ મહાભારતે મેાટેા ફાળેા આપ્યેા છે. અને તેથી જ તેને મહાનતાનું મહાપ્રતીક કહેવામાં આવે છે.

અંતમાં સંસારમાં સંસારનું સાચુ દિગ્દર્શન યથાર્થ રીતે કરાવતું અને પ્રાન્તે સંસારને જ મહાભારત રૂપે રજુ કરતું આ મહાકાવ્ય સંસારને પાર કરવા માટે નૌકાના નાવિક એવા આત્માને એક દિવ્ય દિવાદાંડી સમાન પુરવાર થઇને સેાહામણા કાવ્ય તરીકેનું સ્થાન લઈ ચૂકેલ છે. સર્વે જીવેા તેનું પાન કરીને મુક્તિ વધૂની વરમાળાને વરેા એવી મહેચ્છા સાથે વિરમું છું.

—પુનમચંદ કેવળચંદ શાહ પંડિત.
જગદ્‌ગુરૂ હીરસૂરીશ્વરજી સંસ્કૃત
પાઠશાળા, ગેાડીજી જૈનદેરાસર,
પાયધુની, મુંબઈ–૩

સંભાર

આ મહાકાવ્યના ભાષાંતર કરવામાં પ. પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ પ્રેરક બન્યા છે. કારણ કે તેઓશ્રીની પાસે ૨૦૨૩ના ચૈત્ર વદ ૭ના બોરીવલી દોલતનગર શ્રી મહાનિશીથસૂત્રના યોગમાં પ્રવેશ કર્યો. તેમાં પણ મુનિશ્રી માનતુંગવિજયજી મહારાજે પણ મારી સાથે સમાન જોગમાં પ્રવેશ કર્યો. વધારે અનુકૂળતા હોવાથી મેં મારો પ્રયત્ન શરૂ કર્યો. તેમાં વળી પ. પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ તરફથી ઉત્સાહિત કરવામાં આવ્યો. મુનિશ્રી શ્રેયાંસચંદ્રવિજયજી મહારાજ પણ યોગારાધનમાં પણ સાથે જ હતા. તેઓએ પણ સાથ પુરાવ્યો. પરિણામે આ મહાન ગ્રંથને મારી અલ્પબુદ્ધિએ ભાષાંતર કરીને પ્રકાશિત કરવા માટે પ્રેસ મેટર જશવંતલાલ ગિરધરલાલને સુપ્રત કર્યું. આ ગ્રંથમાં મેં કોઈપણ પ્રકારની છૂટછાટ લીધી નથી. જે કાવ્ય જે સ્વરૂપે હતું તેજ સ્વરૂપે સરળ ગુજરાતી ભાષામાં વાંચકો સમક્ષ મૂકયું છે. ક્ષતિ હોય તો વાંચકો જરૂરથી અંગુલી નિર્દેશ કરશે તો બીજી આવૃત્તિમાં જરૂર સુધારો વધારો કરી શકાય. શુભં ભવતુ.

માટુંગા, કીંગ સર્કલ,
મુંબઈ-૧૯.
૨૦૨૪ મૌનએકાદશી.

—પ્રવર્તક ભાનુચંદ્રવિજય.

પાંડવ ચરિત્ર મહાકાવ્યનું
ગુર્જર ભાષાંતર
(જૈન મહાભારત)
સર્ગ ૧

ત્રણે લોકના નાથ, સફેદ કમલની જેવા નેત્રોવાલા, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને આપનાર, શ્રી નાભિરાજાના પુત્ર પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંત અમારૂં રક્ષણ કરો.

જેઓના ચરણકમલની દેદીપ્યમાન કાંતિ ભયંકર પાપરાશિને બાળનારી છે, એવા શ્રી શાંતિનાથ ભગવંત અમારૂં કલ્યાણ કરો.

જેઓની દેશના, કામાદિનું ભક્ષણ કરીને પુણ્યરાશિને જન્મ આપે છે, અને મોક્ષ સુખની સંપત્તિ પ્રાપ્ત કરાવે છે, એવા શ્રીનેમિનાથ જીનેશ્વર પ્રભુને હું નમસ્કાર કરૂં છું.

જેઓના શરીરની પ્રભા અવર્ણનીય છે. મસ્તક ઉપર રહેલી ફણાની ઉપર લાલ રંગ રહેલો છે. જે પરવાળાની

જેમ ફણાને શોભાયુક્ત બતાવે છે, એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ અમારૂં રક્ષણ કરો.

વજ્રસમાન ઘાતીકર્મોને જીતવાવાળા, મોહરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્યસમાન, ચરમતીર્થપતિ શ્રી વર્ધમાનસ્વામિના સાત્વિક ગુણાતિશય ત્રણે લોકમાં અદ્યાપિ વિજય પ્રાપ્ત કરે છે.

હવે પાંડુપુત્રો (પાંડવો)ના પવિત્ર ચરિત્રને કહું છું, જે વાંચનાર અને સાંભળનારને હિતોપદેશના રૂપમાં પરિણમે છે. કયાં પાંડવોનું ચરિત્ર ? કયાં અજ્ઞાન અલ્પ બુદ્ધિ હું ? જેમ પાંગળો માણસ મેરૂ પર્વત ઉપર ચઢવાની ભાવના રાખે છે તેમ મારી અલ્પ બુદ્ધિથી વિશાળ એવું પાંડવચરિત્ર કહેવાની ઈચ્છા કરૂં છું. પાંડવો પ્રત્યેનું બહુમાન મારા અંતરમાં હોવાથી જ મને તે બહુમાન આ ગ્રંથની રચના કરવામાં સહાયભૂત થશે.

આ ભરતક્ષેત્રમાં રાજાઓમાં પ્રથમ રાજા અને તીર્થંકરોમાં, પ્રથમ, અપૂર્વ માહાત્મ્યવાળા, નાભિરાજાના પુત્ર, શ્રી ઋષભદેવ થયા હતા, તેમને સો પુત્રો હતા, જેમાં એકનું નામ 'કુરૂરાજા, હતું. તેમના નામથી 'કુરૂક્ષેત્ર, પ્રસિદ્ધ થયું. કુરૂરાજાને હસ્તિ નામે પુત્ર હતા, જેઓ દાન આપવામાં જ પોતાના જીવનની સફળતા માનતા હતા, તેમના નામથી જ 'હસ્તિનાપુર' નામે નગર પ્રસિદ્ધ થયું. જ્યાં સ્વચ્છ પાણીથી ભરેલા અને પૂર્ણિમાના ચંદ્રના પ્રતિબિંબથી શોભાને પામેલા અનેક સરોવરો હતા, જ્યાંથી

ગરીબાઇને દેશવટો મળેલો હતો, અધર્મનું નામ નિશાન નહોતું, ભય અને અન્યાય શોધવા છતાં પણ દેખાતા નહોતા, એવા હસ્તિનાપુરમાં હસ્તિરાજાના વંશ રૂપી સાગરમાં કૌસ્તુભ મણીની સદૃશ, દાનાદિ ગુણોથી પ્રશંસાને પામેલા અત્યંત તેજસ્વી લાખો રાજાઓ થઈ ગયા, તે રાજાઓમાં વૈરાગ્યરૂપ ઔષધિઓથી ભાવરોગોને નિર્મૂળ કરનાર, સનત્કુમાર નામે ચક્રવર્તિ થયા, ઘણો કાળ વ્યતીત થયા બાદ બાહ્ય અને અભ્યંતર શત્રુઓને ભયભીત બનાવીને ભગાડનાર શ્રી શાંતિનાથપ્રભુ, શ્રી કુંથુનાથપ્રભુ, શ્રી અરનાથપ્રભુ, ધર્મચક્રવર્તિ થયા, તેજ વંશમાં પોતાના પરાક્રમથી બીજા રાજાઓને જીતનાર ચક્રવર્તિ સમાન પ્રભાવશાળી અનન્તવીર્ય નામે રાજા થયા, ત્યારબાદ મહામુશ્કેલીએ પણ ન જીતી શકાય તેવા ભૂજબળવાળા શ્રી કૃતવીર્ય નામના દાનેશ્વરી રાજા થયા, ત્યારબાદ ઘણા લાંબા કાળે ઉત્કૃષ્ટ પ્રતાપી અને યમદગ્નિના પુત્ર વીર પરશુરામની સાથે ભયંકર યુદ્ધ કરનાર શ્રી સુભૂમ નામના ચક્રવર્તિ થયા.

તે જ વંશમાં અસંખ્ય રાજાઓ થઈ ગયા બાદ પ્રશાંત અને ગુણના સમૂહથી શોભતા મહાપ્રતાપી 'શાન્તનુ' નામના રાજા થયા, તેઓ અન્યાયરૂપી વૃક્ષના મૂલને ઉખાડી નાખી, ન્યાયરૂપી વૃક્ષને દયાદિ ગુણોથી સિંચન કરતા, સર્વે રાજાઓને નમસ્કાર કરવા યોગ્ય હતા, તેમના રાજ્યમાં ધર્મ–અર્થ–કામ અને મોક્ષ ચારે પુરૂષાર્થ સિવાય

બીજો કોઈ પુરૂષાર્થ નહોતો, શાન્તનુ રાજા તમામ પ્રકારના વ્યસનથી મુક્ત હતા, તેથી તેઓ પવિત્ર અને વિવેકી ગણાતા હતા, તો પણ તેમને શિકારનું ભયંકર વ્યસન હતું. એકદા અસાધારણ વેગવંત અશ્વ પર આરૂઢ થઇને શિકાર કરવાની ઇચ્છાથી 'મૃગવન' નામના વનને વિષે ગયા. ત્યાં તેણે દૂરથી હરણને પ્રેમભરી દૃષ્ટિથી પોતાની પ્રાણપ્રિયા હરણીને નિરખતો જોયો. હરણને જોઈ રાજાએ ધનુષ્ય બાણ તૈયાર કર્યા તેટલામાં હરણ રાજાની દુષ્ટ ભાવના જાણી પોતાની પ્રાણપ્રિયા સહિત જંગલના ઉંડાણમાં ભાગી ગયો. ત્યાં એક ઉદ્યાનના મધ્યભાગમાં આવેલા પ્રાસાદના તલ ભાગમાં બેસી ગયો, શાન્તનુરાજા, ધનુષ્યબાણ બાજુ મૂકી હરણની શોધમાં જંગલના ઉંડાણ ભાગમાં ગયો, તો ત્યાં એક ઉદ્યાનના મધ્યભાગમાં આવેલા પ્રાસાદને નિરખવા લાગ્યો, એક પછી એક એમ સાતમા માળે શાન્તનુરાજા ગયો, ત્યાં એક લાવણ્યમયી બાળાને જોઈ. બાળાએ રાજાને આવેલો જોઈ તરત જ નમસ્કાર આદિ ઉચિત સત્કાર કર્યો. અને પોતાના પલંગ ઉપર રાજાને બેસાડયો. અત્યંત પ્રેમથી રોમાંચિત થયેલી તે બાળા રાજાની સામે બેઠી. રાજાએ તે બાળાને કહ્યું કે હે કલ્યાણી ! અત્યંત વિનયવાળી તું કોણ છે ? કોની પુત્રી છે ? પ્રાતઃ–કાળની ઉષાની જેમ આટલી બધી પ્રસન્ન કેમ દેખાય છે ? રાજાના પૂછવાથી તે બાળાએ વેધક દૃષ્ટિ પોતાની સખી તરફ નાખી અને સખીએ રાજાને કહ્યું :

રત્નપુર નામના નગરમાં વિદ્યાધરોમાં ઈન્દ્ર સમાન 'જહ્નુ' નામે વિદ્યાધર રાજા રાજ્ય કરે છે, પવિત્ર અંગોવાળી, આ 'ગંગા' નામની તેમની પુત્રી છે. એક વખત રાજાએ પોતાના ખોળામાં બેસાડી ગંગાને પૂછયું. હે પુત્રી! તને કેવો સુંદર ભર્તાર જોઈએ છે, ત્યારે ગંગાએ કહ્યું કે હે પિતાજી! વચનનો અનાદર કરનાર ગમે તેટલો ગુણવંત, રૂપવંત, ભર્તાર હોય તો પણ તે શું કામનો? માટે મને તો મારા વચનનો અનાદર ન કરે તેવો ભર્તાર જોઈએ છે, વિદ્યાધરેન્દ્ર 'જહ્નુ' એ ઘણા રાજકુમારોને પસંદ કર્યા. પણ કોઈપણ રાજકુમારે 'ગંગા' ની શરત કબૂલી નહી. 'ગંગા'નું મન હંમેશાં ઉદ્વેગમાં રહેવા લાગ્યું. દિન-રાત ધર્મનું શરણું સ્વીકારીને 'ગંગા' દિવસ વ્યતીત કરવા લાગી, એકાદ ચારણ શ્રમણ પાસે જૈનધમનું રહસ્ય જાણી- જૈનધર્મ પ્રત્યે અનુરાગ જાગ્યો, અને જૈનધર્મનો સ્વીકાર કર્યો ત્યારથી હે રાજન્! અમારી રાજકુમારી આ મહેલમાં રહીને અરિહંત પરમાત્માનું ધ્યાન કરે છે, ધર્મની આરાધના કરે છે. આજે તેની આરાધના ફળી છે. ગઈકાલે જ વિદ્યાધર રાજા 'જહ્નુ' ની સાથે સત્યવક્તા નૈમિત્તિક આવ્યા હતા, અને કહ્યું હતું કે હે કલ્યાણી! કલ્યાણકારી ધર્મના પ્રભાવથી તારા મનોરથો પૂરા થશે, આવતીકાલે હરણની પાછળ એક પુરૂષ આવશે, જે હસ્તિનાપુર નગરનો રાજા શાન્તનુ હશે, હે રાજન્! નૈમિત્તિકના કથન અનુસાર આજ પ્રાતઃ-કાળથી જ હું મહેલના ઉપરના ભાગમાં આપના આગમનની

પ્રતીક્ષા કરતી હતી, એટલામાં જ આપશ્રી પધાર્યા, અને અમારી રાજકુમારીના મનોરથો પૂર્ણ થયા.

રાજાએ તે વારે 'ગંગા' ને કહ્યું કે હે મૃગલોચને ! તે જ હરણ મારૂં ખૂબ જ ઉપકારી છે કે જેણે નેત્ર ચન્દ્રિકારૂપ તમારૂં દર્શન કરાવ્યું. જગતમાં લોકો લક્ષ્મીને મેળવવા માટે અનેક ઉપાયો કરે છે, જ્યારે મારી સમક્ષ ઉપસ્થિત લક્ષ્મી પોતે જ મારી અભિલાષા કરે છે. જેથી તારા વચનને માન્ય કરવું, તે મારા હિતમાં છે, જેમકે વૈદ્યનો ઉપયોગ રોગીના હિતમાં જ હોય છે, કે જેથી રોગીનો રોગ મટે છે,

હે કમલનયને ! જ્યારે હું તારા વચનનો તિરસ્કાર કરૂં ત્યારે તેના દંડમાં તારે મારો સર્વથા ત્યાગ કરવો, શાન્તનુ રાજા આ પ્રમાણે વાતચીત કરે છે ત્યાં જ પોતાની સેના આવી પહોંચી.

તેજ વખતે વિદ્યાધરેન્દ્ર 'રાજા જહ્નુ' પણ પોતાની પુત્રીની ખબર લેવા માટે આવી પહોંચ્યા, લજ્જાથી શરમીંદી બનેલી 'ગંગા' એ પોતાની સખી દ્વારા પિતાજીને બધા સમાચાર પહોંચાડયા, અધિક આનંદિત બનેલા રાજા 'જહ્નુ' એ 'ગંગા' તથા શાન્તનુ રાજાને એકબીજા તરફ અનુરાગવાળા જાણીને બંનેના લગ્ન કરાવ્યાં. હસ્તમેળાપ સમયે 'જહ્નુ' રાજાએ સર્વ પ્રકારે ઘણું દાન પોતાની પુત્રી તથા જમાઈને આપ્યું. થોડાક દિવસ ત્યાં રોકાઇને શાન્તનુ રાજા. પોતાની પત્ની ગંગા સહિત

હસ્તિનાપુર આવ્યા, ત્યાં સંપત્તિને અનુરૂપ અનેક પ્રકારના વૈભવ અને વિલાસને ભોગવતાં 'ગંગા' એ ગર્ભને ધારણ કર્યો, ગર્ભ ધારણ કરવાથી 'ગંગા'નું શરીર ભાગીરથી નદીની જેમ તેજસ્વી દેખાવા લાગ્યું, તેજસ્વી ગર્ભના પ્રભાવથી તેણી સુમેરૂ પર્વતને દડાની જેમ માનવા લાગી, અને સમુદ્રને પાણીના ખાબોચિઆની જેમ માનવા લાગી, ગર્ભનું સેવન કરતી ગંગારાણીએ શુભ મુહૂર્તે સુખપૂર્વક સૌમ્ય અને તેજસ્વી પુત્રને જન્મ આપ્યો, તે વખતે નગરજનોએ જન્મોત્સવ ઉજવ્યો. રાજાએ પુત્ર જન્મોત્સવ પ્રસંગે કારાગારમાંથી કેદીઓને છોડી મૂકયા, યાચકોને દાન આપ્યું, રાજા ગંગાપતિ હોવાથી પુત્રનું નામ 'ગાંગેય' પાડયું.

શિકારમાં આસક્ત એવા શાન્તનુ રાજાને ગંગા-રાણીએ વિનંતી કરી કે હે પ્રાણેશ! આપના જેવા પ્રજાનુરાગી, ન્યાયપ્રિય, તેજસ્વી, પરોપકારી, બુદ્ધિમાન રાજા આ ભૂમિતલ ઉપર બીજા કોણ છે? આપ જ સર્વ શ્રેષ્ઠ અને બધા ગુણોથી યુક્ત છો. પરંતુ ચંદ્રમાની અંદર રહેલા કલંક સમાન શિકારનું વ્યસન આપના તમામ સદ્ગુણોમાં કલંક સમાન છે, જંગલમાં રહેનારા નિરપ-રાધિ એવા હરણનો શિકાર કરવો તે રાજ્ય ધર્મની વિરૂદ્ધ છે. અપરાધીને દંડ આપવો અને નિરપરાધીનું પાલન કરવું તે તમામ રાજાઓનો સનાતન ધર્મ છે. હિંસા કરનાર આત્માઓને માટે નરક ઘણી નજદીક છે,

માટે આપ નિર્દોષ પશુઓની હિંસા ન કરો, આપ શિકારી મટીને ધર્મમય જીવન જીવવા માટે તૈયાર થાવ, આપશ્રી મારી આ પ્રાર્થનાનો સ્વીકાર કરશો એવી મારી અભિલાષા છે. તે વારે રાજાએ કહ્યું કે હે પ્રિયે ! તારૂં કહેવું તદ્દન સત્ય છે. હું પાપવ્યાપારોને જાણું છું. તેના ફળને જાણું છું પરંતુ મને શિકાર એક વ્યસનની જેમ લાગુ પડેલ છે, તે છોડવો મુશ્કેલ છે, આજે મને તારી ઇચ્છાનું ઉલ્લંઘન કરવું પડે છે, આ પ્રમાણે કહીને રાજા શાન્તનુ શિકાર માટે જંગલના માર્ગે ગયો. પોતાની શરતનો રાજાએ ભંગ કરવાથી 'ગંગા' પોતાના પુત્રને લઈ પોતાના પિતાના ઘેર (પિયર) ચાલી ગઈ, અને પુત્રને મોટો કરવા લાગી.

મૃગવનમાંથી મૃગયા ખેલીને પોતાના નગરમાં પાછા આવી 'રાજા શાન્તનુ' એ આપ્તજનોથી 'ગંગા' નો વૃત્તાંત સાંભળી રાજાની આંખમાંથી આંસુઓ ઉભરાઈ આવ્યાં, રાજાને મનમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો. ખરેખર વ્યસન કોને પશ્ચાત્તાપ નથી કરાવતું ? રાજા પોતાના પુત્રનું મંદહાસ્ય મુખનું સ્મરણ કરીને દુઃખી થવા લાગ્યો. પુત્રનો વિરહ કોને દુઃખદાયક નથી ? પુત્ર તથા સ્ત્રીના વિરહમાં રાજાએ ચોવીસ વરસ દુઃખદાયક રીતે પસાર કર્યા, 'દુઃખનું ઓસડ દિવસ' તે કહેવત અનુસાર ધીમે ધીમે રાજા દુઃખ ભૂલી ગયો, અને ફરીથી શિકાર કરવામાં લીન બન્યો. એકદા રાજા શિકારના માટે જંગલમાં ભટકી રહ્યો હતો, એટલામાં રાજાની પાસે એક પારધિએ હર્ષથી આવીને

કહ્યું કે હે દેવ! અહીંથી એકદમ નજીક નદીના કિનારે એક જંગલ છે. તે એકજ જંગલમાં આપને કાયમ માટે આનંદ આપે એટલા વિપુલ પ્રમાણમાં પ્રાણીઓ છે, જ્યાં નિર્ભય બનીને ફરતાં અસંખ્ય હરણ છે, ભયંકર અવાજ કરવાવાળા ભૂંડ છે, મોટા મોટા ચિત્તાઓ છે. સૂર્યના તાપથી બચવા માટે પાણીમાં રહેતા સેંકડો જંગલી પાડાઓ છે. પારધિની વાત સાંભળીને તેને સાથે લઇને શિકારને માટે રાજા તે જંગલમાં ગયો, ચારે તરફ જાળ પાથરવામાં આવી, ઘોડેસ્વારો આમ તેમ દોડવા લાગ્યા, ચારે તરફ શિકારી કુતરા છોડવામાં આવ્યા, નકલી હરણ પણ જાળમાં મૂકવામાં આવ્યા, થોડીવારમાં આખા જંગલમાં ખળભળાટ મચી ગયો, સસલાં, હરણ, વાઘ, ભૂંડ ભાગવા લાગ્યા. રાજા તથા અન્ય શિકારી સૈનિકો તરફથી છૂટતાં બાણને તોડવા માટે સામે અવાજ કરવા લાગ્યા, કાચબા પાણીમાં સરકી ગયા, શિયાળ મરવા લાગ્યા, તરસ જાતના પ્રાણીઓ ભાગવા લાગ્યા, સિંહો પોતાની કેશવાળી ઊંચી કરીને મોટી ત્રાડો નાખવા લાગ્યા, રાજા વનનું ઉલ્લંઘન કરી રહ્યો હતો તે વખતે દૂરથી એક યુવાને રાજાને પડકાર કર્યો, યુવાને દૂરથી જ શિકાર નહિ કરવાનું જણાવ્યું. અવાજની દિશામાં રાજાએ નજર કરતાં દૂરથી હાથમાં ધનુષ્ય અને બંને ખભા ઉપર બાણના સમૂહને ધારણ કરનારો, વનનું રક્ષણ કરનાર સાક્ષાત્ ધનુર્વેદ સમાન, હૃષ્ટપુષ્ટ અંગવાલો સાક્ષાત્ કામદેવની સમાન, સુંદર અંગવાળો એક યુવક આવતો જોયો, પોતાની

સમીપ આવેલા યુવકને રાજાએ કહ્યું કે હે ભદ્ર ! વનમાં રહેલા હરણીઆઓનો શિકાર કરતાં તું શા માટે મને રોકે છે ? તે વારે યુવકે કહ્યું હે મહાભાગ ! આપ જંગલના નિરપરાધ ભય વિહ્વલ પ્રાણીઓને મારી શકતા નથી. તમારા જેવા સમર્થ મહાનુભાવોએ તો આ પ્રાણીઓનું રક્ષણ કરવું જોઈએ.

ભાગંભાગ કરતાં પશુઓ પર બાણ છોડી તેમનો શિકાર કરવાની વિદ્યા તો વિદ્વાનોએ શાસ્ત્રોમાં બતાવી છે. જેને મૃગયા કહેવાય છે. માટે મૃગયા તો અનાદિ કાળથી પ્રસિદ્ધ છે. હે બાળક ! તું અહીંથી ચાલ્યો જા ! જો તને ઉભા રહેવું છે. તો મારા હાથની કળાને જો ! તે વારે યુવાને કહ્યું કે મહાભાગ ! હું સમજું છું કે આપ મોટા ધનુર્ધારી છો ? ભાગંભાગ કરતાં પશુઓ ઉપર બાણ છોડી મહાનતા મેળવવી હોય તો આપ બીજાં જંગલમાં જઈને લઈ શકો છો.

આ પ્રમાણે ના કહેવા છતાં પણ રાજાએ મૃગલાંઓને મારવાનું બંધ કર્યું નહિ. ત્યારે તે યુવકે ક્રોધાયમાન થઇને કઠોર શબ્દોથી કહ્યું કે હે વૃદ્ધ શિકારી ! આપ આ તિક્ષ્ણ બાણોથી પશુઓને નહીં પણ મને જ પીડા આપી રહ્યા છો, માટે આપ આપના ધર્મ વિરૂદ્ધના કાર્યનું ફલ ચાખો, આ પ્રમાણે કહીને તે યુવકે ક્ષુરપ્ર નામની વિદ્યા ભણીને બાણ છોડયું, જેનાથી રાજાના રથની ધજા ઉડી ગઈ, મારવામાં સમર્થ હોવા

છતાં દયાળુ યુવકે પ્રસ્વાપનાસ્ત્રથી રાજાના સારથિને ઉંઘાડી દીધો. રાજાએ પણ ક્રોધિત થઈને યુવક ઉપર બાણ ચલાવ્યું. પરંતુ બળવાન એવા યુવકે વચ્ચે જ બાણ કાપી નાખ્યું. રાજાને ખિન્ન થયેલો જોઈને રાજસૈનિકોએ ચારે તરફથી યુવકને ઘેરી લીધો, તે વખતે મૃગના ટોળામાં ઉભેલા સિંહ સમાન તે બાળક શોભાયમાન લાગતો હતો, પોતાની આજુબાજુ ઉભેલા રાજસૈનિકોને જોઈ યુવાને ચારે તરફ બાણોની વર્ષા ચલાવી. તે રાજ-સૈનિકો મૃગલાની જેમ ભાગવા લાગ્યા, રાજા ધનુષ્ય ઉપર બાણ ચઢાવી જ્યાં યુવાન ઉપર છોડવા જાય છે ત્યાં જ યુવાનના બાણથી રાજાના ધનુષ્યની દોરી કપાઈ ગઈ, સિંહ સમાન વિજયી યુવાન તરફ આક્રાન્ત થયેલા રાજાની સ્થિતિ વિષાદથી વ્યાકુલ બની ગઈ અને મુખ શ્યામ થઈ ગયું.

રાજાની મલીનતા દૂર કરવા માટે ઉત્સુક ન હોય, તેવી રીતે પિતા પુત્રની વચ્ચે 'ગંગા' આવીને પુત્રને કહેવા લાગી, હે વત્સ! આ તે કેવું તારૂં અભિમાન છે, કે તું તારા પિતાની સાથે યુદ્ધ કરે છે. આશ્ચર્યચકિત બની તે યુવાને કહ્યું હે માતા! હું તો વનમાં રહું છું તો આ મારા પિતા કેવી રીતે? હે વત્સ! આ તારા પિતા હસ્તિનાપુરનરેશ રાજા શાન્તનુ છે. મારા ના કહેવા છતાં તેઓએ મૃગયા (શિકાર) છોડયો નહી ત્યારે તું બાળક હતો, ત્યારે જ હું તને લઈને પિતાજીના ત્યાં

આવી હતી, પતિ જ્યારે અનુકુળ ના હોય ત્યારે સ્ત્રીઓને માટે પિતાનું ઘર રક્ષણ બને છે, તે વારે યુવકે કહ્યું કે હે માતાજી ! જો આ મારા પિતાજી છે, તો પણ હું તેમને પિતાજી તરીકે માનવા તૈયાર નથી, કારણ કે તેઓ પ્રાણીહિંસારૂપ કુકર્મોમાં લીન બનેલા છે. નાનપણથી પાળેલા આ પશુઓને હણનાર કોઈપણ હોય તેને હું દુશ્મન ગણું છું. આ મારા પિતા હોય કે કોઇપણ હોય. તેમને હું દંડ આપ્યા સિવાય છોડનાર નથી, મારા પ્રાણથી પણ મને અધિક વ્હાલાં આ પશુઓને તે વિના કારણે મારવા ઇચ્છે છે ત્યારે ગંગાએ રાજાની પાસે આવીને કહ્યું કે હે આર્યપુત્ર ! આપ આપના પુત્રની સાથે કેમ લડો છો ? તેણીનું વચન સાંભળીને રાજાએ તરત જ બંનેને ઓળખી લીધા, હર્ષથી રોમાંચને અનુભવતો રાજવી શાન્તનુ પોતાના રથમાંથી ઉતરીને પુત્રની તરફ ચાલ્યો, સામેથી પુત્ર પણ હર્ષના આંસુઓથી નેત્રોને છલકાવતો પિતાની સન્મુખ આવ્યો, અને પિતાના ચરણમાં પોતાનું મસ્તક મૂકયું. પિતાએ પુત્રને ઉભો કર્યો અને ભેટી પડયા, પિતાપુત્રને પરસ્પરનો સ્નેહ જોઈ ગંગાને અદ્‌ભૂત આનંદ થયો. જેનું વર્ણન થઈ શકે તેમ નથી. પોતાના પુણ્યોદયથી પુત્રને મેળવી આનંદિત થયેલા રાજવીએ પોતાની પ્રાણપ્રિયા ગંગાને પૂછયું કે 'આ પુત્ર વનવાસી કેમ થયો ? તેને તેં કેવી રીતે મોટો કર્યો ? હે રાજેન્દ્ર હું કહું છું તે આપ સાંભળો.

મારા પિતાજીને ત્યાં હું આપણા બાળકને લઈને

ચાલી ગઈ, 'બાળક' પોતાની મામીઓના ખોળામાં ઉછળીને પાંચ વર્ષનો થયો, સમાન વયવાળા વિદ્યાધર કુમારોએ આપણા પુત્રનો રૂપ અને તેજથી હીન હોવાથી તિરસ્કાર કર્યો, ત્યારબાદ તેના મામા પવનવેગે તેને વિદ્યાભ્યાસ કરાવવાનો પ્રારંભ કર્યો. જેમ અગસ્ત્ય ઋષિએ સાગર પીધો હતો, તેમ તમારા પુત્રે થોડા વખતમાં વિનય વડે કરીને વિદ્યારૂપી સાગરનું પાન કર્યું. તેણે ધનુર્વિદ્યામાં પણ પોતાના ગુરૂ પવનવેગને અસાધારણ સફળતા પ્રાપ્ત કરીને આશ્ચર્ય પમાડયું. શસ્ત્રાસ્ત્રની વિદ્યામાં પારંગત થયા પછી તમામ વિદ્યાધરેન્દ્રોને પણ તરણાંની જેમ માનવા લાગ્યો છે. મારા પિતાજીના ત્યાં તમારી હાંસી થતી હતી, તેથી તેણે તમારી અવહેલના થતી જોઇ એટલે તેણે ત્યાં ઝઘડો કર્યો, મને મારા ભાઇઓ તરફથી ઠપકો મલશે તેવી બીકથી જ્યાં આપણા લગ્ન થયા હતા, તે મહેલમાં હું રહેવા ગઈ. હું મેશા જીનેશ્વર-દેવની સેવના, પૂજના, ભક્તિ, આરાધના કરતી આનંદથી દિવસો પસાર કરવા લાગી. અવારનવાર પધારતાં ચારણ લબ્ધિવાળા ચારણશ્રમણોદ્વારા ધર્મનું શ્રવણ કરતી હતી, પુત્ર પણ ધર્મ શ્રવણ કરતો હતો. તેના અંતરમાં દયાભાવ ઉત્પન્ન થયો, પશુઓની શિકારીઓ દ્વારા થતી દુર્દશા જોઈને આપના પુત્રે આંખમાંથી આંસુઓને સારતાં કારૂણ્યભાવથી પશુઓનો શિકાર કરવો નહિ અને જો કોઈ કરતો હોય તો રોકવો. તેવી ચારણશ્રમણ પાસે પ્રતિજ્ઞા કરી અને આ વનની ચારે તરફ ચૌદ યોજન

સુધી પશુઓને અભયદાન આપવાની વ્યવસ્થા કરી. પુત્રની બીકથી કોઈપણ શિકારી આ રસ્તેથી નીકળતો નથી. હિંસક પ્રાણીઓ આ વનમાં હિંસાથી દૂર છે.

આપના પુત્રના પરાક્રમથી ગભરાયેલા યમરાજ પણ કોઈ જનાવરને અકાલ મૃત્યુ નથી આપતો, આર્યપુત્ર ! આપે પણ આપના પુત્રની જેમ પ્રાણીઓનું રક્ષણ કરવું જોઈએ, હર્ષોલ્લાસમાં આવેલા રાજા શાન્તનુએ પોતાની પત્નીને કહ્યું કે 'તમારા વચનથી મેં કાયમ માટે પ્રાણીઓનો શિકાર કરવાનો છોડી દીધો છે,' તમે તથા પુત્ર બંને આજથી મારી સાથે રાજધાનીમાં ચાલો, આજથી હું ભાગ્યશાલી છું. ગંગાએ કહ્યું કે હે પ્રાણેશ ! મારૂં મન ધર્મમાં જ રક્ત બનેલું છે. ધર્મ વિનાના ગયેલા દિવસોનો પશ્ચાત્તાપ થાય છે. માટે આપ મને પ્રભુની સેવના, ઉપાસના કરવા દો. આપ આપના પુત્રને લઈ હસ્તિનાપુર જાઓ, અને પ્રજાનું પાલન કરો. લીધેલી પ્રતિજ્ઞાનું પ્રાણની જેમ પાલન કરો. રાજાને આ પ્રમાણે કહીને 'ગંગા'એ પોતાના પુત્ર ગાંગેયને કહ્યું કે હે વત્સ ! તું જા અને તારા પિતાજીના મનોરથો પુરા કર, તારા જેવા પિતા બીજા કોઈ પુત્રને હશે કે કેમ ? તે પણ શંકા છે, તારા જેવો પુત્ર પણ બીજે કોને છે ? માટે બુધ ચંદ્રમાના યોગની જેમ તમારા બંનેનો યોગ થાવ, ત્યારે ગાંગેયે કહ્યું કે હે માતાજી ! હું તમને છોડીને જવા માટે અસમર્થ છું. આપને જ હું મારા માતાપિતા માનું છું. હું એક દિવસ

પણ આપની સેવાથી દૂર રહેવા તૈયાર નથી, આ પ્રમાણે બોલતો ગાંગેય આંસુઓથી નેત્રોને ભીંજવતો માતાના ચરણનુ પ્રક્ષાલન કરવા લાગ્યો, માતાએ પુત્રને પગમાંથી ઉઠાડીને આંસુ લુછતાં લુછતાં કહ્યું કે હું અહીં રહીને પણ તારી જ માતા છું. હું તારી આ કાયરતા, મોહાંધપણું છોડી દે, હે પુત્ર ! તું તારા પિતાનો સહાયક બન, પિતાની વૃદ્ધાવસ્થામાં પુત્ર બધો ભાર વહન કરે છે. તારા પિતાનું વાત્સલ્ય તારા ઉપર એટલું વિશિષ્ટ હશે કે તું મને પણ ભૂલી જઈશ, એ પ્રમાણે અનેક યુક્તિ–પ્રયુક્તિઓ વડે માતાના સમજાવવાથી ગાંગેય પિતાની સાથે જવા માટે તૈયાર થયો. 'ગંગા'ની રજા લઈને રાજા શાન્તનુ પોતાના પુત્ર 'ગાંગેય' સહિત ધજાપતાકાથી શણગારેલા હસ્તિનાપુર નગરમાં આવ્યા.

યોગ્ય પુત્ર અથવા યોગ્ય શિષ્યને પિતા કે ગુરૂ યોગ્યપદ આપે છે. તેવી રીતે શાન્તનુ રાજાએ પુત્ર ગાંગેયને યુવરાજ પદવીથી વિભૂષિત કર્યો, ગાંગેયે શત્રુઓ ઉપર જીત મેળવીને વિશાળ રાજ્ય ઉપર પોતાનો અધિકાર જમાવ્યો. વિનીત પુત્ર દ્વારા ચિંતા રહિત શાન્તનુ રાજા નિર્વિઘ્નપણે ભૂતળ ઉપર ફરવા લાગ્યા.

એક વખત યમુના કિનારે શાન્તનુ રાજા ફરતા હતા, તે વખતે નાવમાં બેઠેલી એક કન્યાને જોઈ રાજા કામાતુર બન્યો, તે કન્યાનો પરિચય પૂછ્યો, તેણીએ કહ્યું કે કાલિન્દી તીરવાસી 'નાવિક શ્રેષ્ઠ'ની હું કન્યા છું.

મારા પિતાજીની આજ્ઞાથી હું નાવ ચલાવું છું. રાજા તે નાવિક પુત્રીની માંગણી કરવા તેના પિતાની પાસે ગયો. નાવિકે રાજાનું સ્વાગત કરીને આગમનનું કારણ પૂછયું. રાજાએ કહ્યું કે હું આપની પુત્રી સત્યવતીની સાથે લગ્ન કરવાની ઈચ્છા રાખું છું. વિનયથી નમ્રતાપૂર્વક નાવિકે કહ્યું કે પ્રબળ પુણ્યથી જ આપના જેવા મહાન યાચક મારા ઘેર આવે, પરંતુ મારી પુત્રીનું લગ્ન આપની સાથે કરવાની ઇચ્છા નથી, કારણ કે આપનો પુત્ર ગાંગેય મહા બલવાન છે. તેની હાજરીમાં સત્યવતીના પુત્રને ગાદી મલવાની નથી, જે સ્ત્રીનો પુત્ર રાજ્યગાદી મેળવી શકે તેમ ન હોય તેવી સ્ત્રીને માટે અંતઃપુર કારાગાર સમાન છે. માટે આપ કૃપા કરીને બીજે કયાંય સ્ત્રીને માટે તપાસ કરો. આપને દરેક જગ્યાએ સ્ત્રીની પ્રાપ્તિ થશે. રાજા નિરાશ થઈને પાછો ફર્યો, રાજા મનમાં વિચારે છે કે 'નાવિકની વાત સાચી છે, કારણ કે તેનો દૌહિત્ર રાજા ન બને તો મને જમાઈ બનાવવામાં તેને લાભ પણ શું ? ગાંગેય સિવાય રાજ્યને કોઈ સંભાળી શકે તેમ નથી. જેમ સૂર્ય સિવાય આકાશને દેદીપ્યમાન બનાવવાની શક્તિ કોઈનામાં નથી. તેવી જ રીતે હું ગાંગેય સિવાય કોઈને પણ રાજ્ય આપી શકું તેમ પણ નથી. સમુદ્રે પણ અમૃત ચન્દ્રમાને જ આપ્યું છે, મારા અંતરને સત્યવતી ખેંચી રહી છે. હું મંદભાગ્ય અને દુઃખમાં જ સબડી રહ્યો છું. આ પ્રમાણે દુઃખી હૃદયે રાજા હસ્તિનાપુરમાં આવ્યા, અને મુખ્યમંત્રીને વાત કરી, તે

જ વખતે ગાંગેય રાજ્યના કાર્ય માટે ત્યાં આવ્યો, જુએ છે તો રાજાનું મુખકમલ ચિંતાતુર દેખાય છે. ગાંગેયે પિતાને પૂછયું પણ રાજાએ કાંઈપણ કહેવાની ના પાડી.

ગાંગેય મંત્રીની પાસે ગયો, મંત્રી પાસેથી તમામ વાત જાણીને નાવિકના ત્યાં ગયો, નાવિકે ગાંગેયનું સ્વાગત કર્યું. ગાંગેયે નાવિકને કહ્યું કે હે મહાભાગ! તારા મોટા ભાગ્યથી અહીંઆ આવેલા રાજાને તેં પાછા વિદાય કર્યા તે તારા હાથે ઘણું જ અઘટિત કાર્ય થયું છે. નાવિકે કહ્યું કે નરરત્ન! જો હું રાજાને મારી પુત્રી આપું તો આપ જ તેના દુશ્મન બનશો. સિંહની સામે હરણ કયાં સુધી સુખમાં રહી શકે? તેવી જ રીતે તમારી નજર સામે મારો દૌહિત્ર કોઈ દિવસ રાજા નહિ બની શકે, આપ જેની ઉપર પ્રસન્ન થશો, તેને તમામ પ્રકારની સંપત્તિ મળશે. જેની ઉપર આપ કોપાયમાન થશો તેની ઉપર દુનિયાની એક પણ આપત્તિ બાકી નહિ રહી શકે. હે મહાભાગ! મોટી નદીઓ સમુદ્રને છોડી કોઈ દિવસ કાદવથી ભરેલા ખાડાને ભેટતી નથી, તેમ શું આપને છોડી દઈ સત્યશ્રી મારા દૌહિત્રને મલશે? પ્રજા તો આપના પ્રત્યે અનુરાગ વાળી છે, મારી પુત્રીનું ભાવી ન બગડે એટલા જ માટે મેં રાજાને ના કહી. ગાંગેયે કહ્યું કે હે માતામહ! આ આપનો ભ્રમ છે. રાજહંસ અને બગલામાં જેટલો તફાવત છે તેટલો તફાવત કુરવંશ અને અન્ય વંશમાં છે. માતા

સત્યવતીને માતા ગંગા કરતાં પણ અધિક માનીશ, તેને પુત્ર થશે ત્યારે મારૂં અહોભાગ્ય માનીશ, તે સમય પણ શ્રેષ્ઠ છે કે જ્યારે ભાઈનું મિલન થાય છે. આપની પુત્રી પુત્રનું સુખ પ્રથમ મારા વડે જ અનુભવશે, ત્યારબાદ પોતાના પુત્ર વડે અનુભવશે, મારે બીજો ભાઈ નહિ હોવાથી પિતાજી ખૂબજ દુઃખી થાય છે. એક રથને જેમ બે પૈડાં હોય છે. તેમ રાજ્યલક્ષ્મી સંભાળવા માટે પણ બે પુત્રો જોઈએ. હું મારો હાથ ઉંચો કરીને પ્રતિજ્ઞા કરૂં છું કે 'સત્યવતીનો' પુત્ર જ રાજા થશે. હું તો તેની ઉપર આવનાર વિઘ્નને દૂર કરીશ, સત્યવતીને પત્ની બનાવી, મારા પિતાને આનંદ થાય છે તો મને પણ રાજ્યત્યાગ કરવામાં આનંદ છે. ગાંગેયની પ્રતિજ્ઞા સાંભળીને વિદ્યાધરોના વિમાનો પણ આકાશમાં થંભી ગયા; સત્યવતીના પિતાએ આશ્ચર્ય પામી ગાંગેયની ખૂબ જ પ્રશંસા કરી.

નાવિકે કહ્યું હે કુમાર! આપનો પુત્ર પરાક્રમથી રાજ્યને પડાવી લે, તો પણ મારો દૌહીત્ર દુઃખી થઈ જાય, નાવિકના આ પ્રમાણે કહેવાથી ગાંગેયે કહ્યું કે હે માતામહ! હમણાં જ આપની ચિંતા પણ હું દૂર કરૂં છું. એ પ્રમાણે કહીને ગાંગેય બોલ્યો કે :—

તમે પણ સાંભળો અને આકાશમાં રહેલા સિદ્ધ ગાન્ધર્વ વિદ્યાધર પણ સાંભળે, ' હું આજથી બ્રહ્મચર્યવ્રત લઈ રહ્યો છું. જેનું ફલ સ્વર્ગ અને અહીંયા પણ

પ્રસિદ્ધ છે. ચારણશ્રમણોએ મને પ્રથમવ્રત તથા ચતુર્થ વ્રતનો મહિમા ઉત્તમ સ્વરૂપથી સમજાવેલ છે. પ્રાણીઓને અભયદાન આપવારૂપ પ્રથમવ્રતનું મેં પાલન કર્યું છે. અને હવે બ્રહ્મચર્યનામના ચોથાવ્રતને લઈ રહ્યો છું, નિશ્ચય હું મોટો ભાગ્યશાલી છું. અને હવે હું ત્રીજું વ્રત આજન્મ પિતાજીની સેવાનું લઉં છું. એજ વખતે વિદ્યાધરોએ ગાંગેયની ઉપર પુષ્પવૃષ્ટિ કરી, દેવતાએ ગંગા તથા શાન્તનુને ધન્યવાદ આપ્યા, જ્ઞાનીઓને પૂછયું કે આવું વ્રત કોઈએ લીધું છે કે ? આ બ્રહ્મચર્યવ્રત ભીષ્મ (મહાન) છે. માટે આજથી જ આ કુમારનું નામ અમે લોકો (વિદ્યાધરો) ભીષ્મ રાખીએ છીએ, ત્યારથી લોકોમાં ગાંગેયનું નામ ભીષ્મ તરીકે પ્રસિદ્ધ થયું. જ્યાં એક સત્વગુણ હોય છે ત્યાં બીજા ગુણોની જરૂરીઆત પણ કયાં છે ? અહિંસા–બ્રહ્મચર્ય–અને પિતૃભક્તિ એ ત્રણે ગુણો શાન્તનુપુત્રના ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે. ભીષ્મે લીધેલી પ્રતિજ્ઞાનું સંપૂર્ણ પાલન કરશે. એ પ્રમાણે કહીને વિદ્યાધરો અને દેવતાઓ સ્વસ્થાને ગયા, ત્યારે નાવિકે પોતાની પુત્રીને બોલાવી પોતાના ખોળામાં બેસાડી ભીષ્મની પ્રશંસા કરી અને ભીષ્મને કહ્યું કે હે કુમાર ! હું તમને એક નિવેદન કરૂં તે આપ સાંભળો. યમુના કિનારે હું ફરતો હતો, તે વખતે વિશ્રાન્તિને માટે એક ઝાડની છાયામાં બેઠો તે જ વખતે તરત જ જન્મેલી એક બાલિકાનો અવાજ આવ્યો ત્યારે મેં જોયું કે કોઈ નિર્દય આત્મા તરતની જન્મેલી બાળકીને મૂકી ગયો હતો,

મને કોઈ સન્તાન ન નહિ હોવાથી હું તેને લેવા માટે ગયો, મનમાં વિચાર આવ્યો કે આ બાળક 'સુજાત હશે કે કુજાત' ત્યાંજ આકાશવાણી થઈ કે હે નાવિક! આ બાળક રત્નપુરના રત્નાંગ નામના એક રાજાની રત્નવતીરાણીનું છે. ઈર્ષાથી કોઈ વિદ્યાધર તેનું અપહરણ કરીને અહીંઆ મૂકી ગયો છે. તેનું લગ્ન હસ્તિનાપુર નરેશ શાંતનુરાજાની સાથે જ થશે. મેં તેને ઘેર લાવી સંતાન વિનાની મારી પત્નીને આપી. અને તેણીનું નામ સત્યવતી રાખ્યું.

મારી પત્નીએ તેનું લાલનપાલન કરીને મોટી કરેલ છે. મારી પોતાની પુત્રી નથી, આવી દેવાંગના જેવી કન્યાના પિતા તરીકે મારા જેવી સાધારણ વ્યક્તિ કયાંથી હોઈ શકે? કલ્પલતા તો મેરૂપર્વત પર જ થાય, નહિ કે મરૂભૂમિમાં? આકાશવાણીથી શાંતનુ રાજા તેના પતિ થશે, તે નક્કી હતું. પરંતુ આપની પિતૃભક્તિને જોવા માટે જ મેં આપના પિતાજીને 'ના' કહી હતી. આ પ્રમાણે કહીને નાવિકે સત્યવતીને ભીષ્મ સાથે જવાનું કહ્યું. ભીષ્મ માતા સત્યવતીને લઈ હસ્તિનાપુર આવ્યો.

રાજાને વિદ્યાધરો દ્વારા આ વાતની પ્રથમ જ ખબર પડી ગઈ હતી એટલે તે ખૂબ જ આનંદમાં હતા, ભીષ્મે આવી સત્યવતી રાજાને સુપ્રત કરી, રાજાએ ભીષ્મની ખૂબ જ પ્રશંસા કરીને કહ્યું કે પિતાજીના આદેશનું પાલન કરનાર પુત્ર પણ વિરલ જ હોય છે.

પરંતુ પોતાની ઇચ્છાથી પિતાજીને પસંદ વસ્તુની સિદ્ધિ કરનાર પુત્ર તું એક જ છે. રાજાએ ભીષ્મની ખૂબ જ પ્રશંસા કરી, અને દીર્ઘાયુના આશિર્વાદ આપ્યા, શુભ મુહૂર્તે શાંતનુરાજાએ સત્યવતી સાથે લગ્ન કર્યા. સત્યવતીમાં આસક્ત રાજા શાંતનુ ત્રણ પ્રકારના પુરૂષાર્થમાં 'કામ' પુરૂષાર્થની વધારે ઉપાસના કરવા લાગ્યા. સત્યવતીએ બાલસૂર્યની જેમ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. જેનું નામ ચિત્રાંગદ રાખવામાં આવ્યું ત્યારબાદ કેટલાક સમયે વિચિત્રવીર્ય નામના બીજા પુત્રને જન્મ આપ્યો. ભીષ્મ પોતાના બંને નાના ભાઈઓ ઉપર હેત ધરાવતા હતા, બંનેની બાળક્રીડાઓ જોઈને ખૂબ આનંદ પામતા હતા. રાજા શાંતનુ ધર્મારાધન કરતાં કરતાં સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા. ભીષ્મે વિધિપૂર્વક પિતાની ઉત્તરક્રિયા કરી, અરેખર! ભીષ્મ જેવા પુત્રો પિતાને સુખરૂપ જ હોય છે.

ભીષ્મે બાળક ચિત્રાંગદને રાજ્ય ઉપર બેસાડયો, મહાન આત્માઓ પોતાની લીધેલી પ્રતિજ્ઞાના પાલનમાં કોઈ દિવસ પાછા પડતાં નથી. ગ્રીષ્મઋતુની સમાન ભીષ્મે પોતાના ભાઈને તમામ પ્રકારનું શિક્ષણ આપ્યું. ચિત્રાંગદ શત્રુઓના હૃદયમાં શલ્યની જેમ ખુંચવા લાગ્યો. એક વખત ચિત્રાંગદ એકલો જ યુદ્ધ કરવા માટે નીકળ્યો, નિલાંગદ નામના રાજાએ યુદ્ધમાં ચિત્રાંગદને મારી નાખ્યો. ભીષ્મને ખબર પડી ત્યારે નિલાંગદને મારી ભાઈના મૃત્યુનો બદલો લીધો. બન્ધુવત્સલ ભીષ્મે ફરીથી નાના

ભાઈ વિચિત્રવીર્યને રાજા બનાવ્યો. ભીષ્મના પ્રભાવથી કોઈ રાજાએ વિચિત્રવીર્ય તરફ દ્રષ્ટિ પણ કરી નહીં. ભીષ્મે વિચિત્રવીર્યને બધી વિદ્યાઓમાં, તેમાં પણ ધનુર્વિદ્યામાં નિષ્ણાત બનાવ્યો. અહંકારરહિત તથા વિનયવંત હોવાથી ભીષ્મને તેની ઉપર ખૂબ જ પ્રેમ હતો. વિચિત્રવીર્યના પ્રાણિગ્રહણ માટે ભીષ્મે પોતાના દૂતોને યોગ્ય રાજકન્યાની શોધ કરવા માટે ચારે તરફ મોકલ્યા. ઘણા વખત પછી એક દૂતે આવીને કહ્યું કે હે દેવ! પૃથ્વી ઉપર કાશીરાજ ખૂબ જ પ્રસિદ્ધ છે. તેને મંદાકિની નામે રાણી છે. અને અંબા–અંબિકા–અંબાલિકા નામે દેવાંગનાઓને પણ શરમાવે તેવી ત્રણ પુત્રીઓ છે. કાશીરાજે ત્રણેનો સ્વયંવર રચ્યો છે. જેમાં રાજાઓને બેસવા માટે દેવ–વિમાન જેવો મંચ બનાવ્યો છે. દેશવિદેશના રાજાઓ તથા રાજપુત્રો આવી રહ્યા છે. તે કન્યાઓ આપના લઘુ બંધુને માટે યોગ્ય છે. તે વખતે ભીષ્મે વિચાર કર્યો કે મારા ભાઈને આમંત્રણ કેમ નથી? આમંત્રણ વિના રાજાએ સ્વયંવરમાં નહી જવું જોઈએ, માટે હું જઈને બધુ કરી લઈશ એ પ્રમાણે વિચાર કરીને વેગવંત ઘોડાઓથી સજ્જ થયેલા રથમાં બેસી સ્વયંવર મંડપમાં પહોંચી ગયા, વિમાનમાં બેઠેલા દેવતાઓની જેમ વિવિધ દેશોના રાજાઓને મંચ ઉપર બેઠેલા જોયા, ભીષ્મે ત્રણે કન્યાઓને જોઈને, મનમાં જ સંકલ્પ કર્યો, આ કન્યાઓ વિચિત્ર–વીર્યના માટે યોગ્ય છે. માટે તેને લઈ જવી, કન્યાની પ્રાપ્તિ માટે દરેક રાજાએ અંતરમાં રહેલા ભાવનું મુખ

ઉપર પ્રતિબિંબ બતાવવા માંડયું. તે જોઈને ભીષ્મને ખૂબ જ હસવું આવ્યું, જ્યારે ધાત્રી બધા રાજાઓનું વર્ણન કરવા લાગી, ત્યારે ભીષ્મ રથમાંથી ઉતરીને યુદ્ધને માટે તૈયાર થયા, બધા રાજાઓની સામે જ ત્રણે કન્યાઓને રથમાં બેસાડી દીધી, પોતાના ભાઈની સાથે તમારા લગ્ન કરવાના છે તે પ્રમાણે ત્રણે કન્યાઓને ભીષ્મે જણાવી દીધું.

ભીષ્મે બધા રાજાઓને યુદ્ધનું આમંત્રણ આપ્યું, ઘણા રાજાઓ યુદ્ધનું નામ સાંભળતા ગભરાઈ ગયા, અને ભાગવા લાગ્યા, થોડાક સાહસિક રાજાઓએ કાશીરાજને આગળ કરીને ભીષ્મને કહ્યું કે તમે સ્વયંવરને તોડવાનું પાપ શા માટે કર્યું? આ પાપનું પ્રાયશ્ચિત્ત તમને હમણાં જ અમારા ધનુષ્યબાણ આપશે, ત્યારે ભીષ્મે કહ્યું કુંવારી કન્યા અને પૃથ્વી પરાક્રમીના હાથમાં જ હોય છે. તેના અધિકારી પરાક્રમી જ બની શકે છે. વિજયની પ્રાપ્તિ કર્યા સિવાય તમે બધા કન્યાની ઈચ્છા રાખતા હો તો ચોરોની જેમ તમે પણ ગુનેગાર છો. અપરાધીઓને દંડ આપવા માટે મારી ભૂજાઓ તૈયાર છે. આ પ્રમાણે કહીને ભીષ્મે ક્ષુરપ્ર નામનું બાણ મૂકી બધા રાજાઓના ધ્વજ કાપી નાખ્યા, ભયંકર યુદ્ધ થયું. ચારે તરફથી ભીષ્મ ઘેરાઈ ગયા, કન્યાઓ ચિંતાતુર બની ગઈ, ભીષ્મે ભયંકર યુદ્ધ કર્યું. બધા રાજાઓને હરાવી, ત્રણે કન્યાઓને સાથે લઈ હસ્તિનાપુર આવ્યા, વિચિત્રવીર્ય

ત્રણે પત્નીઓમાં ખૂબ જ આસકત બન્યો કે જેનાથી 'કામ' સિવાયના બીજા પુરૂષાર્થ ભુલી ગયો, તેનું શરીર ખૂબ જ દુર્બળ બનવા લાગ્યું, ભીષ્મ તથા સત્યવતીએ ખૂબ જ સમજાવ્યો, ત્યારે વિચિત્રવીર્ય ધર્મ–અર્થ–કામ એ ત્રિવર્ગની ઉપાસના કરવા લાગ્યો, અંબિકાએ ગર્ભ ધારણ કર્યો, શુભ લગ્ને પુત્રને જન્મ આપ્યો, ભીષ્મ તથા સત્યવતીએ મહોત્સવપૂર્વક પુત્રનું નામ 'ધૃતરાષ્ટ્ર' રાખ્યું, પૂર્વકર્મના ઉદયે તે જન્માંધ હતો.

અંબાલિકાએ પણ એક પુત્રને જન્મ આપ્યો, પાંડુરોગવાળો હોવાથી તેનું નામ 'પાંડુ' રાખવામાં આવ્યું, 'અંબા' એ પણ એક પુત્રને જન્મ આપ્યો, તેનું નામ 'વિદુર' રાખવામાં આવ્યું. આ ત્રણે પુત્રોના જન્મથી કુરૂવંશ અત્યંત આનંદ પામ્યો, ત્રણેના જન્મથી ચોર, કંજુસ, વ્યભિચારી, ઈત્યાદિ શબ્દોનો કોઈ ઉચ્ચાર રહ્યો નહોતો, ન્યાયનું એકછત્રરાજ્ય હતું. અન્યાયનું નામ નિશાન પણ નહોતું. આધિ–વ્યાધિ–ઉપાધિ–અતિવૃષ્ટિ–અનાવૃષ્ટિ–કષાય દેખાતા પણ નહોતા, દેશ સંપૂર્ણ સમૃદ્ધ હતો. પોતાની સ્ત્રીઓમાં આશકત વિચિત્રવીર્યનો રોગ વધતો જ ચાલ્યો. 'ક્ષય' નામના રોગથી નાની ઉંમરમાં જ વિચિત્રવીર્ય મરણને શરણ થયો.

પુત્રરૂપી સૂર્યના અસ્તથી સત્યવતી શોકરૂપી અંધારામાં ડુબી ગઈ, અને વિલાપ કરવા લાગી, મૂર્છિત બનીને જમીન ઉપર ઢળી પડી. શીતળ ઉપચારોદ્વારા

શુદ્ધિમાં આવી, જોરશોરથી રડવા લાગી, અંબિકા આદિ રાણીઓ પણ છાતી કુટવા લાગી, અને કહેવા લાગી કે હે પ્રિયતમ ! આપ ક્રીડાને માટે કોઈ દિવસ અમને મૂકીને એકલા ગયા નથી, તો આજે અમને છોડી આપ એકલા કયાં ચાલ્યા ગયા, આપ જવાબ પણ આપતા નથી, ભીષ્મે શાન્ત્વન આપી બધાને શાંત કર્યા, ભાઈની ઉત્તરક્રિયા કરી કુમારોની સુંદર ક્રીડાઓ જોઈને પણ સત્યવતીએ શોકને દૂર કર્યો.

નાના કુમારોમાં પરસ્પર અધિક સ્નેહની ગાંઠ બંધાતી ગઈ. એકબીજા વિના ક્ષણમાત્ર પણ રહી શકતા નહોતા, ભીષ્મના પ્રતાપથી રાજ્ય સુરક્ષિત હતું. ભીષ્મે ત્રણે કુમારોને શસ્ત્રાસ્ત્ર વિદ્યાઓ શીખવાડી. ત્રણે ભાઈઓમાં વચલા ભાઈ 'પાંડુ' અધિક પ્રભાવશાળી હતા, ધૃતરાષ્ટ્ર પણ પોતાના નાનાભાઈ પાંડુને ગુણથી અધિક માનવા લાગ્યા, એક વખત ભીષ્મે ધૃતરાષ્ટ્રને રાજ્ય સંભાળવાનું કહ્યું, પરંતુ ધૃતરાષ્ટ્રે કહ્યું કે અમારા ત્રણે ભાઈઓમાં 'પાંડુ' વધારે યોગ્ય છે. માટે 'પાંડુ' ને રાજ્યગાદી આપો, ધૃતરાષ્ટ્રના આગ્રહથી શુભમુહૂર્તે પાંડુનો રાજ્યાભિષેક થયો, ભીષ્મ તથા ધૃતરાષ્ટ્રની સહાયતાથી પાંડુરાજાએ અલૌકિક વીરતા વડે બીજા રાજાઓને વશ કરી સામ્રાજ્ય વિસ્તારવાળું બનાવ્યું.

એક વખત સુબલ રાજાનો પુત્ર ગાંધાર દેશાધિપતિ શકુનિ ગાંધારી આદિ પોતાની આઠ બહેનોને સાથે લઈ

હસ્તિનાપુર આવ્યો, ભીષ્મને કહ્યું કે અમારી આઠેય બ્હેનો ધૃતરાષ્ટ્રની સાથે લગ્ન કરવા ઇચ્છા ધરાવે છે, તેની પ્રાર્થનાનો સ્વીકાર કરો. શુભમુહૂર્તે આઠે કન્યાઓના લગ્ન ધૃતરાષ્ટ્રની સાથે કરવામાં આવ્યા, પાંડુરાજાને યોગ્ય કન્યા કયાં મળશે એવી ચિંતા ભીષ્મના મનમાં રહેતી હતી, એક વખતે પાંડુ સહિત ભીષ્મે એક મુસાફરને હાથમાં એક સ્ત્રીનું અદ્‌ભુત ચિત્ર લઈને જતો જોયો, ચિત્રગત–સ્ત્રીના સૌંદર્યને જોઈ પાંડુ ચિંતા કરવા લાગ્યો, વિચાર કરવા લાગ્યો કે સૌંદર્યકથાનો અંત આ ચિત્રમાં જ છે. મનુષ્યલોકની સ્ત્રીમાં આટલું સૌંદર્ય કયાંય જોવામાં આવ્યું નથી, તો શું આ રતિ હશે ? લક્ષ્મી હશે ? રોહિણી હશે ? તેના બંને પગ તો કમળ જેવા છે. જેમાં આંગળીઓ પાંદડી જેવી છે, સૌંદર્ય મકરન્દના જેવું છે, જંઘા તો કમળની નાળ જેવી છે, ઉર રંભાસ્તંભની સમાન છે. નિતંબસ્થલ કામદેવની વિજયભૂમિ છે. અહીં વસેલો કામદેવ ત્રણે જગતને જીતે છે, તેના મુખને ચંદ્રમાની ઉપમા આપવી તે તો ચણોઠીની સાથે સોનાને તોલવા જેવી વાત છે, પાંડુ આ પ્રમાણે મનમાં જ ચિંતા કરી રહ્યા હતા, તે વારે મુસાફરને પોતાના ત્યાં લાવી ભીષ્મે પૂછયું કે હે ભદ્ર ! દેવાંગનાઓને જીતવાવાળી કઈ સ્ત્રીનું આ ચિત્ર છે. ત્યારે ચિત્રકારે શરૂઆતથી ચિત્રનો વૃતાંત્ત કહ્યો.

શ્રીમન્તોથીવિભૂષિત મથુરા નામની એક નગરી છે. યમુનાનદી હર્ષમાં આવી પોતાના તરંગોવડે

મથુરા નગરીને આલિંગન કરે છે. તે નગરીમાં 'યદુ' નામના એક તેજસ્વી રાજા રાજ્ય કરે છે. જેના નામથી જ યાદવવંશ જગતમાં પ્રખ્યાત થયો છે. તેમને 'શૂર' નામે સૂર્ય સમાન તેજસ્વી પુત્ર હતો, જેના અભ્યુદયથી શત્રુઓ પર્વતની ગુફાઓમાં જઈને ભરાઈ ગયા હતા. 'શૂર' રાજાને શૌરિ અને સુવીર, નામના બે પુત્રો થયા, તે બંનેને અનુક્રમે રાજ. તથા યુવરાજપદ આપી 'શૂર' રાજા તપસ્યા કરીને સ્વર્ગવાસી થયા, તે બંને ભાઈ રામ લક્ષ્મણની સમાન અત્યંત તેજસ્વી અને પરાક્રમી હતા, પરંતુ તે બંનેમાં હિતશત્રુઓએ કલેશના બીજ વાવ્યાં, શૌરીરાજા સુવીરને રાજ્ય આપી. પોતાની ઈચ્છાથી કુશાર્ત દેશમાં જઈને વિચરવા લાગ્યો, ત્યાં તેણે શૌરિપુરનામનું એક નગર વસાવ્યું. જેમાં ઘણા શ્રીમંતો આવીને વસવા લાગ્યા, તેથી તે શહેર વૈભવશાળી ગણાતું હતું.

શૌરિરાજાને અન્ધકવૃષ્ણિ આદિ અનેક પ્રતાપી પુત્રો થયા, અંધકવૃષ્ણિને રાજ્યભાર સુપ્રત કરી શૌરિરાજાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, તપ તપી મુક્તિએ ગયા, સુવીરરાજાને ભોજવૃષ્ણિ આદિ પુત્રો થયા, જેઓના પ્રતાપને દુશ્મન રાજાઓ જીરવી શકતા નહોતા. સુવીરરાજાએ ભોજ-વૃષ્ણિને મથુરાનું સામ્રાજ્ય આપી પોતે સિન્ધુ દેશમાં સૌવીરનામનું નગર વસાવ્યું. ભોજવૃષ્ણિને શત્રુઓનો અંતકાલ લાવનાર ઉગ્રસેન નામે પુત્ર હતો.

અન્ધકવૃષ્ણિને સુભદ્રા નામની પત્નીથી સમુદ્રવિજય

–અક્ષોભ્ય–સ્તિમિત–સાગર–હિમવાન્–અચલ–ધરણ–પૂરણ–અભિચંદ્ર–વસુદેવ નામે દશ પુત્રો થયા. તે બધા દશ દશાર્હ કહેવાતા હતા, ત્યારબાદ સુભદ્રાએ એક પુત્રીને જન્મ આપ્યો, તેનું જન્મલગ્ન જોઈને નિમિત્તજ્ઞોએ કહેલું કે આ પુત્રી સાર્વભૌમપુત્રોને જન્મ આપશે.

અન્ધકવૃષ્ણિએ પુત્ર જન્મોત્સવ કરતાં પણ પુત્રીનો જન્મોત્સવ ઘણા મોટા આડંબરથી કર્યો, શુભમુહૂર્તે માતા–પિતાએ પુત્રીનું નામ 'કુન્તી' તથા 'પૃથા' રાખ્યું હતું. યુવાવસ્થાએ પહોંચેલી પુત્રીને જોઈ માતા–પિતાને તેના યોગ્ય 'વર'ની ચિંતા થવા લાગી, પોતાના પુત્ર સમુદ્રવિજયને પોતાની ચિંતાની વાત માતાપિતાએ કરી. સમુદ્રવિજયે સ્વયંવરનો વિચાર છોડી દઈ, દરેક દેશમાં યોગ્ય રાજકુમારની તપાસ કરવા માટે દૂત મોકલવાનો વિચાર કર્યો, અને સમુદ્રવિજયે મને કહ્યું કે હે કોરક! દરેક દેશોમાં જઈને કુન્તીને અનુરૂપ 'પતિ' ની તપાસ કર, કન્યાનું ચિત્ર લઈને દેશોદેશ ફરતો હું અહીંઆ આવ્યો છું. અને પાંડુરાજાને કન્યાના માટે યોગ્ય જાણી મને ખૂબ જ આનંદ થયો છે. વળી તે કન્યાને એક નાની બેન પણ છે. જેનું નામ માદ્રી છે, ચેદિરાજ દમઘોષની સાથે તેના વિવાહ નક્કી કર્યા છે. પરંતુ કુન્તી મોટી હોવાથી જ્યાં સુધી તે કન્યાના લગ્ન થાય નહિ ત્યાં સુધી માદ્રીના લગ્ન નહિ થઈ શકે, માટે તે બંને કન્યાઓને સુખી કરવાનો ભાર આપના ઉપર છે, ભીષ્મે કુન્તીની

સાથે પાંડુના વિવાહની વાતનો સ્વીકાર કરી લીધો. કુન્તીનું ચિત્ર પાંડુના હૃદયને વેધી ગયું. મનમાં કુંતીનું સ્મરણ કરતા 'પાંડુ' રાજાએ દિવસો પસાર કરવા માંડયા, ભીષ્મે સત્યવતીને પૂછી કાર્ય નિશ્ચય કરવા માટે કેારકની સાથે એક યેાગ્ય પુરૂષને શૌર્યપુર મેાકલ્યેા.

શૌર્યપુરમાં યાદવેશ્વર પેાતાના ખેાળામાં 'કુંતીને' લઈ બેઠા હતા. તે જ વખતે કેારક ત્યાં પહેાંચ્યેા, નમસ્કાર આદિ કર્યા બાદ તેણે કહ્યું કે હું અહીંથી હસ્તિનાપુર ગયેા હતેા, ત્યાં ચક્રવર્તિના લક્ષણેાથી યુક્ત પાંડુરાજાને જોયા, તેમને પિતાની સમાન શ્રી ભીષ્મ (ગાંગેય) પિતૃવ્ય (દાદા) છે. રેાહિણી અને ચંદ્રમાની જેમ કુંતીને માટે તે પાંડુરાજા સર્વથા યેાગ્ય છે. વળી કેારકે ચિત્રપટની વાત પણ કરી અને કહ્યું કે કુંતીની સાથે લગ્નનું નક્કી કરવા માટે તેઓએ પેાતાના તરફથી એક યેાગ્ય પુરૂષને પણ મેાકલ્યેા છે. રાજાએ કહ્યું કે આવતીકાલે તેનેા જવાબ આપીશ, સભા વિસર્જન થઈ, કેારક પેાતાના ઘેર ગયેા, 'કુંતી' પેાતાના મનમાં જ ખૂબ જ હર્ષિત બની, પ્રાતઃકાલે કેારકને રાજાએ કહ્યું કે પાંડુરેાગવાળા 'પાંડુ'રાજાને હું મારી કન્યા નહીં આપું, કેારકે હસ્તિનાપુરથી આવેલા પાંડુરાજાના માણસને કહ્યું. તે માણસે હસ્તિનાપુર આવી ભીષ્મ તથા પાંડુરાજાને વાત કરી, પાંડુરાજાએ એકાંત લઈ જઈને માણસને પૂછયું કે 'કુંતી' ને મારા પ્રત્યે કેવા પ્રકારનેા રાગ છે ? તેણે કહ્યું કે કેારકે જ્યારે આપની

વાત કહી, તે વખતે કુંતીનો કપોલભાગ રોમાંચિત થયો હતો, આંખો નિર્નિમેષ હતી, પ્રેમથી કોરકની વાતો સાંભળતી હતી, તેના શરીરમાં ધ્રુજારી હતી.

પાંડુરાજા એકાએક કામદેવના પાંચે બાણથી હણાયા, તેમને કોઈ કામમાં આનંદ નહોતો, તે કયાંય સ્થિરતા અનુભવી શકતા નહોતા, કપૂર, ચંદન આદિ શીતલ-પદાર્થો પણ દાહક લાગતા હતા, શાંતિ માટે ઉપવનમાં ગયા ત્યાં તેણે એક 'બેર'ના ઝાડની સાથે લોખંડના ખીલાથી જડાયેલ અત્યંત દુઃખી અને સુંદર માનવીને જોયો, લોખંડનો ખીલો તેના શરીરમાંથી ખેંચી કાઢયો, તે માનવી મૂર્છિત થઈને જમીન ઉપર ઢળી પડયો, પાંડુરાજા ચંદનાદિ શીતોપચારથી તે માનવીને શુદ્ધિમાં લાવ્યો, ત્યારબાદ પાંડુરાજાએ પૂછયું કે હે મહાભાગ! આપ કોણ છો? તમારી આવી સ્થિતિ કેમ થઈ? ત્યારે તેણે કહ્યું કે હે રાજન્! વૈતાઢયપર્વતના આભૂષણરૂપ 'હેમપુર' નામનું નગર છે. હું તે નગરનો રાજા વિશાલાક્ષ નામનો વિદ્યાધર છું. હું સ્વેચ્છાવિહાર કરવાની ઈચ્છાથી જમીન ઉપર આવ્યો, આ વનરાજી જોઈ રહ્યો હતો, મારા શત્રુઓએ આવી મારી આ દશા કરી છે, આપે મારા પ્રાણની રક્ષા કરી છે. માટે મારી દરેક વસ્તુઓ ઉપર આપનો અધિકાર છે. આપ આદેશ આપો તે કામ કરવા તૈયાર છું. રાજાએ 'કુંતી' વિષેની પોતાની વાત કહી બતાવી.

વિદ્યાધરે આનંદથી કહ્યું કે હે રાજેશ્વર ! મારી પાસે વંશપરંપરાથી એક વીંટી ચાલી આવે છે. જે વીંટી મારી આંગળીમાં જ છે. તેને આપ ધારણ કરો, તેના પ્રભાવથી વશીકરણ, અદૃશ્યપણું, વ્રણ, વિરોપણ, ઝેરનું નિવારણ આદિ તમામ કાર્યો વિના વિઘ્ને થઈ શકે છે. અનેક વખત આ વીંટીની પરીક્ષા કરીને આનો પ્રભાવ જોયો છે. આ પ્રમાણે કહી તે વીંટી પાંડુરાજાને આપી, વિશાલાક્ષના ગયા બાદ રાજાએ પોતાની આંગળી ઉપર પહેરી, 'કુંતી'નું સ્મરણ કરી પાંડુરાજા અદૃશ્ય થયો, રાજાએ કુંતીને વનમાં વિહાર કરતી જોઈ, કુંતી પોતાની ધાવમાતાની સાથે વિશ્વાસપૂર્વક વાત કરી રહી હતી, રાજા પોતે અદૃશ્ય હતો, કુંતીએ ધાવમાતાને કહ્યું કે હે માતાજી ! દિવસ તો જેમ તેમ કરીને પસાર કર્યો, પણ રાત્રી કેમ પસાર થશે ? ચંદન, કપૂર, મુક્તાહાર ઠંડકના બદલે બાળે છે. આ કમળની દાંડીથી પણ કોઈ લાભ નથી, કોરકે કહ્યું હતું કે તે રાજા ચંદ્રમાની જેમ શીતલ છે. પરંતુ મને અગ્નિથી પણ અધિક બાળે છે. કામદેવ પણ મને કેમ સતાવે છે ? ધાત્રીએ તેણીને ઘણું આશ્વાસન આપ્યું અને કહ્યું કે હું એવો ઉપાય શોધી કાઢું છું કે તું તારી સામે જ તારા પ્રિયને જોઈ શકીશ, આ પ્રમાણે કહેવા છતાં તેના હૃદયમાં દુઃખ ઓછું થયું નહિ. ત્યારે ધાત્રી નવા પાંદડા લેવા માટે ગઈ, તેને સારો સમય મળ્યો માનીને કુંતી આસોપાલવના વૃક્ષની નીચે ગઈ. તેની ડાળીની ફાંસી બનાવીને પોતે પ્રાણત્યાગ કરવાનો

વિચાર કરવા લાગી, વનદેવતાઓને કહેવા લાગી કે 'જન્માંતરમાં પણ મારા પતિ પાંડુરાજા થાય' આ પ્રમાણે કહી જ્યારે તેણીએ પોતાના ગળામાં ફાંસી નાખી એટલામાં જ હાથમાં તલવાર લઈને રાજા દોડી આવ્યો, તેના ગળાનો ફાંસો તલવારથી કાપી નાખ્યો, રાજાએ પોતાની ગોદમાં કુંતીને સુવાડીને વસ્ત્રથી હવા નાખી, ચૈતન્ય પ્રાપ્ત કરાવ્યું. રાજાના સ્પર્શથી તેણીનું શરીર રોમાંચિત બની ગયું. કુંતીએ રાજાની તરફ જોયું. તો તેના કંકણોમાં પાંડુનું જ નામ જોવામાં આવ્યું. તેણીને વિશ્વાસ આવ્યો કે આ પોતે જ પાંડુરાજા છે, રાજાએ સ્નેહરાગ–ભરી દ્રષ્ટિથી કુંતીની તરફ જોયું. એટલામાં ધાત્રી ત્યાં આવી પહોંચી. કુંતીને પાંડુરાજાના આતિથ્યની વ્યવસ્થા કરવા માટે જણાવ્યું. કુંતીએ કહ્યું કે માતાજી ! જે ઉચિત હોય તે આપ જ કરો, ધાત્રીએ તે બંનેના ગાંધર્વ લગ્ન કરાવ્યા, અને પાંડુરાજાને કહ્યું કે યાદવેન્દ્રની આજ્ઞા વિના મેં આપ બંનેના ગાંધર્વ લગ્ન કરાવ્યા છે. માટે હે રાજન્ ! આપ જરૂરથી આનું ધ્યાન રાખશો. આ પ્રમાણે કહીને ધાત્રી બહાર ચાલી ગઈ, ત્યારે તે દંપતી સ્નેહને અનુસાર સ્વચ્છન્દપણે ક્રીડા કરવા લાગ્યા.

રાત્રી એક ક્ષણની જેમ પસાર થઈ ગઈ, પ્રાતઃ કાળમાં જ ધાત્રીએ પાંડુરાજાને વિદાય કર્યા, મુદ્રિકાના પ્રભાવથી રાજા પોતાના નગરમાં આવી ગયો, તે વખતે સૂર્યનારાયણ પૂર્વદિશામાં પોતાની સ્વારી લઈને પુરઝડપે

પ્રકાશને વેરવા લાગ્યા હતા. કુંતીએ ગર્ભ ધારણ કર્યો, ધાત્રીએ તેણીને છુપાવી રાખી, ગર્ભના પ્રભાવથી ઈન્દ્રના સામ્રાજ્યને પણ કુંતી તુચ્છ માનવા લાગી, નવ મહિના બાદ તેણીએ પુત્રને જન્મ આપ્યો, તેના લક્ષણો જોઈને બંને જણા ખૂબ જ મોહિત બની ગયા, પરંતુ ઉપાય શું ? તે બંને જણાએ એક પેટી મંગાવી, મણિકુંડલવિભૂષિત તે પુત્રને તેમાં સુવાડી ગંગામાં તે પેટીને તરતી મૂકાવી દીધી. કુંતી મનમાં ખૂબ જ ખેદ કરવા લાગી. ખરેખર આવા પુત્રરત્નના વિયોગથી કોનુ ચિત્ત દુઃખ અનુભવતું નથી ?

એક દિવસ સુભદ્રાએ એકાંતમાં ધાત્રીને કુન્તીના દુઃખને માટે કહ્યું ત્યારે ધાત્રીએ બનેલી તમામ હકીકત કહી સંભળાવી, સુભદ્રાએ રાજાને વાત કરી, રાજાએ કહ્યું કે હવે આ પુત્રી બીજાને આપવી ઉચિત નથી, ત્યારબાદ રાજાએ પોતાના પુત્ર ધરણને કુંતીની સાથે હસ્તિનાપુર મોકલ્યો, ત્યાં જઈને ભીષ્મની આજ્ઞા લઈ ધરણે પાંડુરાજાની સાથે કુંતીના વિધિપૂર્વક લગ્ન કરાવ્યા, હસ્તમેળાપના સમયે એકસો હાથી, એક હજાર ઘોડા, વરરાજાને આપ્યાં, વિવાહકાર્ય પત્યા બાદ રાજાએ પણ ધરણનો ખૂબ જ સત્કાર કર્યો, અને ધરણ પોતાના નગરમાં પાછો આવ્યો.

ત્યારબાદ દેવકરાજાની પુત્રી કુમુદવતીની સાથે વિદુરજીના લગ્ન થયા, રાજ્યવૃદ્ધિનિમિત્ત પાંડુરાજાએ પણ

મદ્રરાજની પુત્રી માદ્રીની સાથે પણ લગ્ન કર્યા. ભીષ્મ તથા ધૃતરાષ્ટ્રના પ્રત્યે પાંડુરાજા ખૂબ જ પ્રેમ રાખતા હતા, તે બંને જણ પાંડુના કલ્યાણમાં જ આનંદ માનતા હતા, વસંતઋતુ આવી, કોયલોએ મધુરગાન ગાયાં, પાંડુરાજા પોતાની પત્નીઓ સાથે વસંતના ભોગોના ઉપભોગ કરવા લાગ્યા, છએ ઋતુઓમાં આનંદનો ઉપભોગ કરતા, કોઈ વખત મહેલમાં, તો કોઈ વખત ઉદ્યાનમાં, કોઈ વખત વાપીઓમાં, કોઈ વખત પર્વતો ઉપર પણ પોતાની સ્ત્રીઓ સાથે વિલાસ સુખાનુભવ કરતા હતા.

પ્રથમ સર્ગ સમાપ્ત :

સર્ગ : ૨જો

એક સમય પોતાના પતિમાં અત્યંત પ્રેમ રાખવાવાળી ગાંધારીએ ગર્ભને ધારણ કર્યો, તેના અંતરમાં અભિમાન ઉત્પન્ન થયું. તેના સ્તનોમાં સ્થૂલતા આવવા લાગી, શરીર કૃશ થવા લાગ્યું. મનમાં ઉત્સાહ ખૂબ જ આવ્યો, મુખ આનંદથી સુંદર દેખાવા લાગ્યું, સ્તનોના ઉપરના ભાગમાં શ્યામતા આવી, ગાંધારી ગર્ભવતી થવાથી ધૃતરાષ્ટ્રની અત્યંત માનીતી બની ગઈ, ગર્ભના પ્રભાવથી તેણીને વિચિત્રદોહદ આવવા લાગ્યા, ઘડામાં જેવા પ્રકારનું પાણી હોય છે તેવા પ્રકારની ગંધ આવે છે. તે રીતે લોકોના ઝઘડામાં લોકોને દુઃખી જોઈને તેને ખૂબ જ આનંદ થતો, જેલમાં રહેલા કેદીઓના પગમાં પડેલી બેડીઓના અવાજથી હર્ષ થવા લાગ્યો, તેણી વિનાકારણે ગુરૂજનોનો તિરસ્કાર કરવા લાગી, મદોન્મત્ત હાથી ઉપર બેસી પુરૂષવેશમાં નગરભ્રમણ સ્વચ્છંદપણે કરી, પોતાના અંતરમાં ખૂબ જ હર્ષિત બનીને દોહદ પૂર્ણ કર્યો. ઉદરમાં ગર્ભવૃદ્ધિની સાથે તેનામાં ક્રૂરતા વધતી ચાલી, પૃથા (કુંતી) કરતાં પ્રથમ ગર્ભવતી થવાથી તેણી અભિમાની બનીને તેણીના પ્રત્યે અવિવેકી અને અવિનયી બની ગઈ.

ગાંધારીના તિરસ્કારથી દુઃખી બનેલી કુંતીએ સંતાન પ્રાપ્તિ માટે ધર્મનું શરણ લીધું. ફળને ઇચ્છતી કુંતી સારા, સુંદર અને જુદી જુદી જાતના ફળોથી વીતરાગની ઉપાસના કરવા લાગી, તેણીએ પ્રાણીઓને અભયદાન અપાવ્યા, વિધિપૂર્વક સ્વામિવાત્સલ્ય કરાવ્યું. કંકણને ગૌણ માની દાનને જ હાથનું આભૂષણ બનાવ્યું. એક મધ્યરાત્રિએ કુંતીએ સ્વપ્નમાં સમુદ્ર–મેરૂ–સૂર્ય–ચંદ્ર–લક્ષ્મી એ પાંચ 'સ્વપ્ન' જોયાં. પ્રાતઃકાળે કુંતીએ એ પાંચે સ્વપ્નોનું રાજા સમક્ષ નિવેદન કર્યું. રાજાએ પણ ગંભીરતા આદિ ગુણોથી ત્રિભુવનને જીતવાવાળો પુત્ર થશે. પુણ્યવૃક્ષના ફળરૂપે કુંતીએ ગર્ભને ધારણ કર્યો, તેના સ્તનોની સ્થૂલતા, ગાલોની સફેદાઈ, આંખોનું લાવણ્ય ગર્ભધારણની સાક્ષી પુરતા હતા, ગરીબો પ્રત્યે કુંતીને કારૂણ્યભાવ ઉત્પન્ન થયો. જૈનધર્મમાં તેની આસક્તિ વધતી ગઈ. જેમ ધનની ઇચ્છાવાળાને ધનમાં, કામની ઇચ્છાવાળાને કામમાં આસક્તિ વધે છે. તેનાથી અનેકગણી ધર્મમાં આસક્તિ કુંતીને વધતી ગઈ, ગર્ભના પ્રભાવથી તેણીએ કેદીઓને બંધનમુક્ત કરાવ્યાં, હિંસાઓ પોતાના પતિ દ્વારા બંધ કરાવી, જ્યાં પાંડુરાજા જેવો પતિ હોય ત્યાં કુંતીને કોઈ વસ્તુ દુર્લભ હોય જ કયાંથી ?

જ્યેષ્ટા નક્ષત્રમાં ચંદ્રમાનો સંયોગ, વૃશ્ચિકરાશી અને મંગળવારના ગ્રહો ઉચ્ચસ્થાને બીરાજતા હતા તે સમયે કુંતીએ ચક્રવર્તિ સમાન પુત્રને જન્મ આપ્યો. તે વખતે

તમામ જીવોને સુખાસ્વાદન થયું. અન્તઃપુરની દાસીઓએ જઈને ભીષ્મ–ધૃતરાષ્ટ્ર–પાંડુ–વિદુર–અંબા–અંબાલિકા–અંબિકાને જઈ પુત્ર જન્મની વધામણી આપી.

ઉગતા સૂર્ય સમાન તેજસ્વી, તે બાળકનો જન્મ થતાની સાથે જ આકાશવાણી થઈ કે આ બાળક સત્ય–વાનોમાં અગ્રેસર, વીરતા, સ્થિરતા, ગંભીરતા આદિ ગુણોથી યુક્ત, ધર્માનુરાગી, સાર્વભૌમ રાજા થશે, વૃદ્ધાવસ્થામાં વ્રત લઈને મુક્તિએ જશે.

પુત્ર જન્મના સમાચાર જાણી રાજ્યકુલમાં ભીષ્માદિ સર્વેના હૃદયોલ્લાસની કોઈ સીમા રહી નહીં. રાજાએ આજ્ઞા આપ્યા પહેલાં જ નગરમાં પુત્ર જન્મનો ઉત્સવ નગરજનો ઉજવવા લાગ્યા, આકાશમાં પણ દુંદુભિના નાદ થયા, આ બાળકના અંગ, લક્ષણ વિગેરે જોઈને ભીષ્માદિએ બાળકનું નામ યુધિષ્ઠિર રાખ્યું. કુંતીનો તપ અને ધર્માનુરાગ જાણીને બાળકનું નામ 'તપ–સૂનુ' 'ધર્મ–સૂનુ' પણ રાખવામાં આવ્યું. ત્યારબાદ બાળકના વ્યવહાર અનુસાર 'અજાતશત્રુઃ' નામ પણ પ્રસિદ્ધ થયું. પુત્રજન્મની ખુશાલીમાં પાંડુરાજાને બીજા રાજાઓ તરફથી ઘણી ભેટો મળી.

કુંતીના પિતાજી તરફથી ભેટ લઈને હર્ષોલ્લાસની વૃદ્ધિ કરતો 'કોરક' પણ આવ્યો, પાંડુરાજાએ કોરકનો સત્કાર કર્યો, અને સ્નેહપૂર્વક વાતો કરી, કુંતીએ પણ

નમસ્કાર કરીને કૌરકને વાત્સલ્યથી પૂછ્યું. મારા આપ્ત–જનો તથા બંધુવર્ગ આનંદમાં તો છે ને? હર્ષિત કૌરકે કહ્યું કે હે દેવી! રાજા અંધકવૃષ્ણિએ સમુદ્રવિજયને રાજ્યભાર સુપ્રત કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી, ભોજવૃષ્ણિનો પુત્ર ઉગ્રસેન મથુરામાં રાજ્ય કરે છે, તે તો આપ પહેલેથી જાણો છો, ત્યારથી મારા સ્વામિ સમુદ્રવિજય પોતાના ભાઈઓને પોતાનાથી પણ અધિક માને છે. અને શૌર્યપુરનો પ્રજાનું પાલન કરી રહ્યા છે. પૂર્વોપાર્જીત પુણ્યબળથી વસુદેવકુમાર સ્વચ્છંદતા પૂર્વક નગરમાં ફરે છે. ભાઈની કૃપાથી આનંદ કરે છે. એક દિવસ સુભદ્ર નામના વણિકે પોતાના પુત્ર 'કંસ'ને લાવી સેવકરૂપમાં વસુદેવને સમર્પણ કર્યો, તેણે તમામ પ્રકારની કળાઓથી કુમારની ખૂબ જ સેવા કરી, જેનાથી વસુદેવ તેને ખૂબ જ માનવા લાગ્યા.

રાજગૃહ નગરમાં જરાસંધ નામનો રાજા છે. તેની આજ્ઞા ત્રણખંડ ભૂમિ ઉપર સ્વચ્છંદપણે ક્રીડા કરે છે. તેણે એક દૂત મોકલીને મારા સ્વામિને આજ્ઞા કરી કે સિંહપુર નામના નગરમાં બળવાન સિંહરથ નામનો રાજા છે. જે મારી આજ્ઞા માનતો નથી, તેને જીવતો પકડીને મારી સમક્ષ હાજર કરો, આ કાર્યના બદલામાં મારી પુત્રી જીવયશા હું આપને આપીશ. વળી તમને ગમે તેવી એક નગરી આપીશ, દૂતને વિદાય કરી મારા સ્વામિ સિંહરથ રાજાને પકડવા ચાલ્યા, પરંતુ વસુદેવે પ્રણામ કરીને

કહ્યું કે હે દેવ ! શું સિંહ મૃગલાને મારવા માટે જશે ? જ્યાં સુધી હું છું ત્યાં સુધી આપને જવાની શું જરૂરીઆત છે ? સૂર્ય અંધકારનો નાશ નથી કરતો ? મારા સ્વામિએ કુમારને સેનાથી સુસજ્જ બનાવી વિદાયગીરી આપી, કુમાર પણ કંસને સાથે લઈ ચાલ્યા, થોડા દિવસના યુદ્ધમાં સિંહરથ રાજાને બાંધી લાવી વસુદેવે પોતાના મોટા ભાઈને સુપ્રત કર્યો, વિજયોત્સવ કર્યો, રાજગૃહ નગરમાં જવા માટે રાજા નીકળ્યા.

જ્ઞાની કૌષ્ટુકીએ એકાંતમાં કહ્યું કે જરાસંધે જે કન્યા આપવાનું કહ્યું છે તે બરાબ લક્ષણવાળી છે. પિતાના કુલનો તથા સસરાના કુલનો નાશ કરનારી છે. કૌષ્ટુકિને વિદાય કરી ભાઈને કહ્યું કે આ કામ સારૂં પરિણામ લાવનારૂં નથી.

વસુદેવે હાથ જોડીને રાજાને કહ્યું કે આ કન્યા બીજાને મળે તેનો ઉપાય હું જાણું છું. આપ ધ્યાનથી સાંભળો, આપના આદેશથી હું જ્યારે સિંહપુર ગયો ત્યારે ગુફામાંથી જેમ સિંહ નીકળે તેવી રીતે નગરમાંથી સિંહરથ રાજા બહાર આવ્યો. તેણે મારા સૈનિકોને ત્રાસ આપ્યો, તેના પરાક્રમને જોઈ મારા શરીરમાંથી પરસેવો છૂટી ગયો, એટલામાં કંસ નામનો મારો સારથિ રથ ઉપરથી ઉતરી ગયો. તેણે પોતાના બાહુબળથી તેના રથના ચૂરેચૂરા કરી નાખ્યા, અને મોરની જેમ સિંહરથ રાજાને પકડી મારી પાસે ફેંકયો. માટે સિંહરથ રાજાને પકડનાર કંસ છે. માટે જીવયશાનું પાણિગ્રહણ કંસની સાથે જ થશે.

શ્રી સમુદ્રવિજયે કહ્યું કે હે વત્સ ! તમે ઘણો સારો ઉપાય બતાવ્યો છે પરંતુ પહેલાં તો તમો કંસને વણિકપુત્ર કહેતા હતા, તો પછી જરાસંધ પોતાની કન્યા તેને કેવી રીતે આપશે ? આ પ્રમાણે વાતચીત ચાલતી હતી, તે જ વખતે 'કંસ' ત્યાં આવ્યો, વસુદેવે રાજાને કહ્યું કે આ 'કંસ' છે. કંસનું ક્ષત્રિયતેજ જોઈને સમુદ્રવિજયે કહ્યું કે આવી અદ્‌ભુત પ્રતિમા વણિકકુલમાં સંભવિત નથી. માટે તેના પિતાને પૂછી કુલનો નિર્ણય કરવો જોઈએ.

રાજાએ સુભદ્રને બોલાવી પ્રતિજ્ઞાપૂર્વક પૂછયું ત્યારે સુભદ્રે કંસની સામે કહ્યું કે એક સમય શૌચના માટે બહાર ગયો હતો, ત્યારે યમુના નદીમાં મેં તરતી એક કાંસાની પેટી દેખી, મેં તે પેટી બહાર કાઢી. તેને ઉઘાડીને જોયું તો અંદર પૂર્ણ ચંદ્રના સમાન મુખવાળા પુત્રને મેં જોયો, તેમાં ઉગ્રસેન નામથી અંકિત એક મણિ મુદ્રિકા હતી. અને એક પત્ર પણ હતો. તેમાં લખ્યું હતું કે ઉગ્રસેનથી પત્ની ધારિણીને ગર્ભના પ્રભાવથી પતિનું માંસ ખાવાની ઇચ્છા થઈ, મંત્રીએ ઉપાયથી તેનો દોહદ પૂરો કર્યો, પોષ વદ ચૌદશના ભદ્રામાં તેનો જન્મ થયો, દોહદાનુસાર તેને પિતાજીનો દ્વેષી જાણી કાંસાની પેટીમાં મૂકી માતાએ પતિ કલ્યાણની ભાવનાથી યમુનામાં તે પેટીને વહેતી મૂકાવી દીધી, પત્રને વાંચી મેં ઉગ્રસેન રાજાનો પુત્ર જાણ્યા છતાં પણ મને તેની

ઉપર પુત્રપ્રેમ ઉત્પન્ન થયો, ઘેર લાવીને મારી પત્નીને આપ્યો, અને તેનું નામ અમોએ 'કંસ' રાખ્યું. મોટો થવાની સાથે જ જ્યારે બીજા છોકરાઓની સાથે વારંવાર ઝઘડા કરવા લાગ્યો. ચારે તરફથી તેની ફરિયાદો આવવા લાગી. ત્યારે તેનાથી કંટાળીને મેં તેને કુમાર વસુદેવનો સેવક બનાવ્યો, સમુદ્રવિજયે કહ્યું કે આ મારા વંશનો ન હોત તો એટલો બળવાન પણ કયાંથી હોત ? આ પ્રમાણે કહીને 'કંસ'ને સાથે લઈને રાજગૃહ નગર ગયા, જરાસંધને સિંહરથરાજાની ભેટ આપી, આ વિરોચિત-કાર્ય કરનાર 'કંસ' છે. જરાસંધે આનંદપૂર્વક પોતાની પુત્રી 'જીવયશા' 'કંસ' ને આપી, સિંહરથરાજાને આજ્ઞાનું પાલન કરવાનું જણાવી મુક્ત કર્યો, જરાસંધ પાસેથી વિદાયગીરી લઈને સમુદ્રવિજયાદિ બધા જ શૌર્યપુર નગરમાં આવ્યા.

જરાસંધની સહાયતાથી 'કંસે' મથુરામાં જઈને ઉગ્રસેન રાજા ઉપર આક્રમણ કર્યું. ઉગ્રસેન પણ પોતાની મોટી સેના લઈને 'કંસ'ની સામે યુધ્ધે ચઢયા, કોઈક વખત ઉગ્રસેન તો કોઈ વખત 'કંસ'નો જીત થાય. તેવા સંજોગો નિર્માણ થવા લાગ્યા, ઉગ્રસેનનો યુદ્ધમાં પરાજય થયો, કંસે તેને લાકડાના પાંજરામાં પૂર્યો, પણ પુત્રના જ હાથે મારો પરાજય થયો છે એ પ્રમાણે જાણી તેને મનમાં આનંદ હતો, કંસે શૌર્યપુરથી સુભદ્ર વણિકને બોલાવી કૃતજ્ઞતાથી પિતાની સમાન માની તેનો સત્કાર કર્યો.

આ બાજુ શૌર્યપુરમાં વસુદેવ પર્વતોમાં, મહેલોમાં, ઉદ્યાનોમાં, સ્વેચ્છા વિહાર કરવા લાગ્યા, તે બધી જ સુનયનાઓને નેત્રાંજન અને તેણીઓના મનના ચતુઃક્ષર (ચારઅક્ષરોવાળા) મંત્રાક્ષર સમાન બની ગયા, એક વખત નાગરિકોએ આવી સમુદ્રવિજયને વિંનતિ કરી કે અમારી સ્ત્રીઓ વસુદેવમાં એટલી આસક્ત છે કે તે પોતાના પતિને પણ તુચ્છ માને છે. નાગરિકોને વિદાય કરી, સમુદ્રવિજયે વસુદેવને કહ્યું કે વત્સ ! સ્વચ્છન્દ વિહારથી તમે અત્યંત દુર્બલ બની ગયા છો, માટે મહેલમાં જ તમે બધી કલાઓનો અભ્યાસ કરો, રાજાની આજ્ઞાને માન્ય કરી વસુદેવ મહેલમાં રહેવા લાગ્યા, એક દિવસ અંતઃપુરમાંથી આવતી દાસીને જોઈ, વસુદેવે તેના હાથમાંથી ચંદનનું પાત્ર ઝુંટવી લીધું, દાસી બોલી કે મહારાણી શિવાદેવીએ રાજાના માટે જ પ્રેમથી આ પાત્ર મોકલાવેલ છે. તે તમો કેમ લઈ લો છો ? તમારા લક્ષણથી જ રાજાએ તમોને મહેલમાં પૂરી રાખ્યા છે, ત્યારે વસુદેવે દાસીને કારણ પૂછયું. નાગરિકોની ફરીયાદ સંબંધી બધી વાતો દાસીએ વસુદેવને કહી સંભળાવી, વસુદેવના મુખ ઉપર ગ્લાનિ આવી ગઈ. અનિચ્છાએ દિવસ પસાર કર્યો, રાત્રીએ વસુદેવ ચાલી નીકળ્યા, સવારના પ્રવેશ દ્વાર ઉપર રાખની પોટલી તથા એક ચિઠ્ઠી લટકતી પહેરગીરોએ જોઈ. પહેરગીરોએ સમુદ્રવિજયને સુપ્રત કરી, રાજાએ ચિઠ્ઠી વાંચી, તેમાં લખ્યું હતું કે જેના માટેનો ઠપકો વડીલો પાસે પહોંચ્યો છે, તેવા માનવીને મરવું એ જ ઇચ્છનીય છે, તેના માટે

જીવવું એ લજ્જાસ્પદ છે. માટે વસુદેવે ચિતા તૈયાર કરાવી પોતાની જાતે જ અગ્નિ પ્રવેશ કર્યો છે. તેની આ ભસ્મ છે, પત્ર વાંચતાની સાથે જ સમુદ્રવિજય મૂર્છિત બની ગયા, પોતાના ભાઈના મૃત્યુથી કોને દુઃખ થતું નથી ? રાજા ખૂબ જ વિલાપ કરવા લાગ્યા, તેમની પાછળ રાજકુળ રડવા લાગ્યું. માતા સુભદ્રા પુત્રના શોકાગ્નિમાં ખૂબ જ દુઃખી થયા, વસુદેવના શોકમાં નગરમાં ગીત, નૃત્ય, વાદ્ય બધું જ બંધ હતું. શરદ અને વસંતઋતુમાં પણ રાજા ક્રીડા કરતા નહોતા, આ પ્રમાણે ઘણા વર્ષો વહી ગયા બાદ કોઈ નિમિત્તજ્ઞએ આવીને કહ્યું કે વસુદેવ કુશળ છે. જીવિતઅવસ્થામાં છે. નિમિત્તજ્ઞનાં અમૃતતુલ્ય વચનો સાંભળી સમુદ્રવિજય રાજા રાજ્યકાર્યમાં પ્રવૃત્ત બન્યા.

અરિષ્ટનગરના રૂધિર રાજાએ પોતાની પુત્રી રોહિણીના સ્વયંવરમાં આવવા માટે રાજાને આમંત્રણ આપ્યું, રાજા પણ વિનોદવૃત્તિને પોષવા માટે ત્યાં ગયા, જરાસંધ આદિ રાજાઓની મધ્યમાં ઉંચા મંચ ઉપર બેઠા, ત્યાં બેઠેલા રાજાઓ રોહિણીને આકર્ષણ કરવા માટે ઘણા પ્રકારની જુદી જુદી ચેષ્ટાઓ કરવા લાગ્યા, તેમાંથી કોઈપણ રાજાને રોહિણીએ પસંદ કર્યા નહીં. દરેક રાજાઓનો અનાદર કરીને તેણી એક ભેરીવાદકની તરફ આકાંક્ષાભાવથી વારંવાર જોવા લાગી, ભેરીવાદકે પણ સ્પષ્ટ અક્ષરોમાં રોહિણીને સંકેત કર્યો કે વરમાળા મારા ગળામાં નાખી તું મારી સાથે લગ્ન કર, તે

કુબડાના સ્વરૂપે હતો તોપણ રોહિણીએ તેના ગળામાં વરમાળા નાખી.

ભેરીવાદકના ગળામાં વરમાળા પડતાંની સાથે જ રાજાઓએ કોલાહલ મચાવી દીધો, તેને જમાઈ તરીકે સ્વીકાર કરનાર રૂધિર રાજાની ઉપર બીજા રાજાઓએ આક્રમણ કર્યું.

રૂધિર રાજા ખૂબ જ શૂરવીરતાથી લડયા છતાં તેમનો પરાજય થયો, ત્યારે ભેરીવાદક યુદ્ધ કરવા માટે તૈયાર થયો, તે વખતે વિદ્યાધરોએ અનેક શસ્ત્રો સહિત એક રથ લાવીને ત્યાં મૂકયો, તે ઉપર ચઢીને તેણે પોતાના યુદ્ધ કૌશલ્યથી બધા રાજાઓને સ્તબ્ધ બનાવી દીધા, જરાસંધની આજ્ઞાથી સમુદ્રવિજય જ્યારે લડવા માટે તૈયાર થયા, તો તેમના પગ પાસે અક્ષરોથી અંકિત એક બાણ આવીને પડયું. કૌતુકથી રાજાએ બાણ ઉપાડયું ને વાંચ્યું તો વસુદેવ પોતે જ છે. એમ સમજી રાજાએ પ્રેમથી વસુદેવને આલિંગન કર્યું. પૂછયું કે હે વત્સ! તેં સો વર્ષ કયાં વિતાવ્યા? ત્યારે વસુદેવે કહ્યું કે આપની કૃપાથી રૂપ બદલીને ભૂતલ ઉપર ફરતો હતો, સમુદ્રવિજયના ભાઈ વસુદેવ સમજીને રૂધિર આદિ બધા જ રાજા હર્ષિત થયા, મોટા ઉત્સવથી રોહિણીની સાથે વસુદેવના લગ્ન થયા, સમુદ્રવિજયે પોતાની સાથે આવવા માટે વસુદેવને આગ્રહ કર્યો, પરંતુ વસુદેવે કહ્યું કે હું થોડા વખત પછી આવીશ, કેમકે, મેં સેંકડો રાજ–

કન્યાઓ તથા વિદ્યાધર કન્યાઓની સાથે લગ્ન કર્યા છે, તે બધાને સાથે લઈ જલ્દીથી આપની સેવામાં હાજર થઈશ, આ પ્રમાણે કહીને વસુદેવ ત્યાંથી ઉત્તરદિશામાં પ્રયાણ કરી ગયા, સમુદ્રવિજયરાજા પણ પોતાના નગરમાં આવી ગયા, ઘણા દિવસો ગયા બાદ એક દિવસ ઉત્તરદિશાથી વિમાનોની હારબંધ શ્રેણી આવી. રાજાને કોઈએ વસુદેવના આગમનની વધામણી આપી, રાજાએ વસુદેવનો તેની પત્નીઓ સહિત મહામહોત્સવપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો, 'કંસ' પણ મથુરાથી આવ્યો, અને વસુદેવનો તેણે સત્કાર કર્યો.

રાજાની આજ્ઞા લઈને 'કંસ' સેવા કરવાની ભાવનાથી 'વસુદેવ'ને લઈ મથુરા આવ્યો, પોતાના કાકા 'દેવક'ની કન્યા 'દેવકી'ની સાથે વસુદેવના લગ્ન કરાવ્યાં.

તે ઉત્સવના સમયે ભિક્ષાને માટે કંસના ભાઈ અતિમુક્તક મુનિ આવ્યા, કંસની પત્ની જીવયશાએ અત્યંત ઉલ્લાસથી મુનિને આલિંગન કર્યું. મુનિએ તેણીને કહ્યું કે જેના વિવાહોત્સવમાં તું મદમસ્ત બનીને નાચે છે, મ્હાલે છે, તેનો જ સાતમો ગર્ભ તારા પતિને મારનાર હશે. મુનિના વચન સાંભળતાંની સાથે જ જીવયશાનો ઉન્માદ ઉતરી ગયો. તેણીએ આવી કંસને કહ્યું. કંસ સાંભળીને ક્ષુબ્ધ બની ગયો, મૃત્યુ અને આપત્તિની વાત કોને પીડા નથી કરતી ?

મૃત્યુથી ગભરાતાં કંસે વસુદેવને કહ્યું કે મિત્રતાના યોગે હું આપને એક પ્રાર્થના કરું છું કે દેવકીજીના સાતે બાળકો મને આપશો, ત્યારે દેવકીજીને સમજાવી. વસુદેવે કંસને કહ્યું કે બલભદ્રાદિ મારે તો ઘણા પુત્ર છે. મારા સંતાનોથી તમો સંતાનવાન્ થાવ, સ્નેહથી તેનું લાલન પાલન કરજો, ત્યારબાદ જન્મતાં જ દેવકીજીએ એક પછી એક એમ છ સંતાનો કંસને આપી દીધા, 'નગરમાં વાત ફેલાઈ ગઈ કે દેવકીજીના છ સંતાનોને 'કંસે' મારી નાખ્યા છે, પુત્રના મૃત્યુ સમાચાર કોને દુઃખ નથી આપતા ? આ સમાચાર સાંભળી દેવકીજી તથા વસુદેવ ખૂબ જ દુઃખી થયા, દેવકીજીએ એક મધ્યરાત્રિએ સાત સ્વપ્નથી સૂચિત ઉત્તમ ગર્ભને ધારણ કર્યો.

સવારના દેવકીજીએ વસુદેવને સ્વપ્નની વાત કરી, વસુદેવે કહ્યું કે હે દેવી! તમારા ઉદરમાં આવેલો ગર્ભ ભરતાર્ધપતિ પુત્ર થશે, દેવકીજીએ વસુદેવને કહ્યું કે પુત્રના લાભથી અને કંસની દુષ્ટતાથી મારા મનમાં હર્ષ અને વિષાદ બંને છે. તમારા જેવા પતિની પ્રાપ્તિ થયા બાદ પણ મારા પુત્રોને કંસ મારી નાખે તો હું પણ મરી જઈશ, વસુદેવે કહ્યું કે ચિંતા ન કરશો, ગોકુલના રાજા નંદ મારા મિત્ર છે. તે ગુપ્ત રીતે મારા પુત્રનું પાલન કરશે, આ સાંભળીને દેવકીજીને આનંદ થયો, સુખથી ગર્ભનું પાલન કરવા લાગ્યા, કંસ પણ સપ્તમ ગર્ભની વાત સાંભળીને ખૂબ જ સાવધાની રાખવા લાગ્યો, શ્રાવણ

વદ આઠમના લોકોત્તર લગ્ને, શ્રીવત્સ લાંછનયુક્ત ભરતાર્ધચક્રવર્તિલક્ષણો યુક્ત પુત્રને શ્રી દેવકીજીએ જન્મ આપ્યો. ભરતાર્ધદેવીએ કંસના રક્ષકોને નિદ્રા આપી દીધી, દેવકીજીએ વસુદેવને બોલાવ્યા, વસુદેવ બાળકને લઈ ગોકુળ તરફ વિદાય થયા, નગરના દરવાજા પાસે પહોંચતા જ વસુદેવને પાંજરામાં પુરાયેલા ઉગ્રસેન રાજવીએ પૂછયું કે આ શું લઈને જઈ રહ્યા છો ? વસુદેવે કહ્યું કે આપને કાષ્ટ પિંજરમાંથી છોડાવનારને લઈને જાઉં છું. ઉગ્રસેને લાકડાના પિંજરની પ્રશંસા કરતાં કહ્યું કે આ પાંજરાના પ્રભાવથી હું જાગતો હતો, અને મેં આ દશ્ય જોયું. બાળકના પ્રભાવથી વસુદેવ સુખ પૂર્વક યમુના પાર કરીને ગોકુલ પહોંચી ગયા.

ભાગ્યયોગે નન્દની પત્ની યશોદાએ એક મનોરમ્ય આકૃતિવાળી પુત્રીને જન્મ આપ્યો હતો, પોતાના પુત્રને ત્યાં રાખી, તે કન્યાને પોતાની સાથે લઈને વસુદેવ પોતાના સ્થાનમાં પાછા આવ્યા, નન્દપુત્રીને દેવકીજીની પાસે મૂકી, ત્યારબાદ રક્ષકોની નિદ્રા ઉડી ગઈ. કન્યાને લઇ સેવકોએ કંસને આપી, કંસે તેનું નાક કાપી લઈને બાળકી દેવકીજીને પાછી સુપ્રત કરી. અને અભિમાનથી હસતો 'કંસ' પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. અને બોલ્યો કે મેં મૃત્યું ઉપર વિજય મેળવ્યો છે. મુનિના વચનોને મેં ખોટા પાડયાં છે.

આ બાજુ બાળક વડે ગોકુળ શોભવા લાગ્યું. યશોદા અને નંદ બાલકને જોઇ ખૂબ જ હર્ષોલ્લસિત બન્યા. શ્યામ

રંગ હોવાથી 'નંદે', તે બાળકનું નામ કૃષ્ણ રાખ્યું. ગોપીઓ અદ્‌ભુત રૂપથી આશ્ચર્યને અનુભવતી બાળકને ગોદમાં લઈને લાલન પાલન કરવા લાગી. નન્દન વનમાં કલ્પવૃક્ષની સમાન ગોકુલમાં તે બાળક મોટો થવા લાગ્યો. તે બાળક ગોકુળની સ્ત્રીઓમાં અત્યંત પ્રિય બની ગયો. તે ગોપીઓ બાળકને દૂધ પીવડાવતી હતી, ઉત્સવના બહાના નીચે દેવકીજી પણ કોઇ કોઈ દિવસ ગોકુળમાં જઇને બાળકને દૂધ પીવડાવવા લાગી. સાથે સાથે પોતાની નિંદા અને યશોદાની પ્રશંસા કરવા લાગી. પૂર્વભવના વેરનું સ્મરણ કરીને પુતના, શકુનિ વિદ્યાધરીઓ શ્રીકૃષ્ણને મારી નાખવા ફરતી હતી, પણ કૃષ્ણની અધિષ્ઠાત્રિદેવીએ તેઓને મારી નાખી, કૃષ્ણ મોટા થવા લાગ્યા, તેમ તેમ ગોપીઓને ખૂબ જ હેરાન કરવા લાગ્યા. તોપણ ગોપીઓનું પ્રિયપાત્ર કૃષ્ણ હતા. કૃષ્ણ સાત આઠ વર્ષના થયા ત્યારે તેમનો યશઃ અને સૌરભ ચારે દિશાઓમાં ફેલાઇ ગયો, કંસની બીકથી વસુદેવે બલભદ્રને કૃષ્ણના રક્ષણ માટે ગોકુળમાં મોકલ્યા, પોતાના ભાઇ છે તેમ કૃષ્ણ ન જાણતા હોવા છતાં તેમના પ્રત્યે અધિક પ્રેમ રાખતા હતા, બળદેવ પાસેથી થોડાક સમયમાં તમામ પ્રકારની વિદ્યાઓ જાણી લીધી બલભદ્ર, ભાઇ તથા ગુરૂના સ્થાને શ્રીકૃષ્ણના અંતરમાં રમવા લાગ્યા, કૃષ્ણે પોતાના સૌંદર્યથી કામદેવને જીતી લીધો હતો. કામબાણથી વિંધાયેલી ગોપીઓએ કામવિજેતા કૃષ્ણનો આશ્રય લીધો, ગોપીઓ શ્રીકૃષ્ણની સાથે રાસ રમવા

લાગી, કૃષ્ણનું મુખ જોઈને ગોપીઓ આનંદ પામતી હતી. બલભદ્રથી સંપૂર્ણ રક્ષિત કૃષ્ણ સુખપૂર્વક ગોકુળમાં સમય પસાર કરવા લાગ્યા.

આ બાજુ શૌર્યપુરમાં શિવાદેવીએ કાર્તિકવદ–બારશની મધ્યરાત્રિએ ચૌદ સ્વપ્નો જોયા, પ્રાતઃકાળમાં શિવાદેવીએ રાજાએ વાત કરી, તેટલામાં નિમિતજ્ઞ અને ચારણ શ્રમણ આવ્યા, તેઓએ કહ્યું કે હે રાજન્! આવા સ્વપ્ન તીર્થંકરની માતા જ જુએ છે. માટે આપના પુત્ર ભાવિ તીર્થંકર થશે, રાજા રાણી ખુબ જ આનંદ પામ્યા, નિમિત્તજ્ઞનું બહુમાન કરીને તેઓને વિદાય કર્યા, ગર્ભના પ્રભાવથી દેશ સમૃદ્ધ થવા લાગ્યો, શ્રાવણ સુદ પાંચમના જ્યારે ચિત્રાનક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થતા અને લગ્ન સૌમ્ય ગ્રહોથી દૃષ્ટ હતું તે વખતે શિવાદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો, દિક્કુમારિકાઓએ સૂતીકર્મ કર્યું. ઇંદ્રે મેરૂપર્વત ઉપર અભિષેક કર્યો, આ પ્રમાણે હે કુંતીદેવી! આપ્તજનો પાસેથી મેં સાંભળ્યું છે. વળી મેં મારી નજરોનજર જોયું છે કે દેવતાઓએ યાદવેંદ્રના મહેલોને રત્નોથી ભરી દીધા છે. બધા પ્રાણીઓ સુખી થયા છે. પુત્ર જન્મની ખુશાલીમાં તમામ કેદીઓને મુક્ત કર્યા છે. અમારીપડહની ઘોષણા કરાવી છે. બાળકનું નામ અરિષ્ટ-નેમિ રાખવામાં આવ્યું છે. તે શુકલપક્ષના ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા, મથુરામાં વસુદેવે પણ મોટો ઉત્સવ કર્યો.

એક દિવસ કંસ દેવકીજીને જોવા માટે વસુદેવના ઘેર આવ્યા, છિન્નાસિકા બાળકીને જોઈ, મુનિવચનને યાદ કરી, તે ખુબ જ ડરી ગયેા. પેાતાના મહેલમાં આવી એક નિમિત્તજ્ઞને પૂછયું કે મુનિવચન સત્ય થશે કે અસત્ય ? તેણે કહ્યું કે હે રાજન્ ! મુનિવચન કેાઈ દિવસ ખેાટાં પડતાં નથી, આપનેા દુશ્મન અને દેવકીજીનેા સાતમેા પુત્ર જીવિત છે. તે કયાં છે તે હું જાણતેા નથી. પરંતુ તેને જાણવાનેા ઉપાય હું બતાવું છું, તમારી પાસે જે દુષ્ટ અરિષ્ટ નામનેા બળદ છે. અને અતિ દુઃશીલ અને લેાકેામાં ઉત્પાત મચાવનાર 'કેશી' નામનેા જે ઘેાડેા છે. તેઓને તમે મથુરાનગરમાં છેાડી દેા, જે માનવી તે બંને પશુઓને મારશે તે જ આપને મારનાર હશે. વળી આપના ઘરમાં સારંગ ધનુષ્ય છે તેને જે ચઢાવશે તે શારંગધર (વાસુદેવ) થશે. આપના ચાણૂરમલ્લને, તથા પદ્મોત્તર અને ચંપક નામના હાથીઓને મારનારેા આપનેા દુશ્મન અને આપને જ મારશે. યમુના નદીમાં કાલિયનાગનું દમન કરશે તેજ આપના જીવનનેા અંત લાવનાર હશે. નિમિત્તજ્ઞના વચનેા સાંભળી કંસ મનમાં અત્યંત દુઃખી થવા લાગ્યેા. નિમિત્તજ્ઞને વિદાય કરી મંત્રીની સાથે વિચાર કરીને કંસે આજ્ઞા કરી કે લીલું સારૂં ઘાસ ખવડાવીને બળદ તથા ઘેાડાને યમુના વનરાજીમાં છેાડી મૂકેા. ચાણૂર તથા મૌષ્ટિકને સારા રસાયણેા આપેા કે તેઓ રૂષ્ટ પુષ્ટ બને કે જેનાથી તેઓ કેાઈપણ મલ્લને જીતી શકે, કંસની આજ્ઞાનુસાર મંત્રીએ બંધુ જ કાર્ય કર્યું. કૃષ્ણ ચાંદની

રાતમાં ગોપીઓની સાથે રાસક્રીડાઓ વડે, દિવસના ગોપાલ બાળકોની સાથે વૃંદાવનમાં ગાયોને ચરાવતાં પોતાનો સમય વિતાવે છે.

યમુના કિનારે સ્વચ્છન્દપણે ચરતા દુષ્ટ અરિષ્ટ અને કેશી અનુક્રમે ગોકુળમાં આવ્યા, તે બંનેએ ગામવાસીઓમાં ખુબજ ત્રાસ આપ્યો. આખું ગોકુળ આકુલ વ્યાકુલ બની ગયું. નંદજી પણ ગોકુળમાં દોડતા આવ્યા. કૃષ્ણે તે દુષ્ટ બળદને પડકાર્યો. યમરાજના પાડાની જેમ તે બળદ પણ રોષમાં આવી કૃષ્ણને મારવા માટે દોડયો. કમળના નાળચાની જેમ–તે બળદની ગરદન શ્રીકૃષ્ણે મરડી નાખી, મુક્કામારીને તેને મારી નાખ્યો, મરતી વખતે બળદે ભયંકર ચીસ નાખી, જાણે કે કંસના મૃત્યુની ચીસ પડી. કૃષ્ણના વિજયથી ગોવાળોએ જય–જયનાદ કર્યો એટલામાં જ કોલાહલ અને ઉત્પાત મચાવતો કેશી પણ ત્યાં આવ્યો, કૃષ્ણે ક્રોધથી તેને કહ્યું કે હે નીચ ! તું મને ઓળખતો નથી ? અનાથ જેમ ગોકુળનું તું મંથન કરી રહ્યો છે. આ પ્રમાણેના વચનો સાંભળી કેશી પગની ખરી વડે જમીનને ખોદતો, દાંતને પીસતો, કૃષ્ણની સામે આવ્યો, કૃષ્ણે યમદંડની જેમ પોતાના હાથ વડે તેને મુખથી પકડીને જુના કપડાંની જેમ ફાડી નાખ્યો. ગોકુળના બાળકો કૃષ્ણનો જયજયકાર બોલાવવા લાગ્યા, કંસના ગુપ્તચરોએ જઈને રાજાને કૃષ્ણની લીલા બતાવી, તે સાંભળીને મુનિના વચનો સત્ય માનવા કંસ

તૈયાર થયેા, મૃત્યુથી ગભરાયેલ 'કંસે' પેાતાના મંત્રી બૃહસ્પતિને બેાલાવી કહ્યું કે મારેા શત્રુ નંદગેાકુલમાં આનંદપૂર્વક રહે છે. માટે તેને પકડવાનેા ઉપાય વિચારેા, મંત્રીએ કહ્યું કે દેવ! શારંગ ધનુષ્યના આરેાપણુને માટે એક સુંદર મંડપનું આયેાજન કરીએ, તે મહેાત્સવમાં બધા રાજાઓને આમંત્રણ આપી બેાલાવીએ, પુત્ર પ્રેમી દશાર્હોને આમંત્રણ આપવું નહિ. અને આપ 'ઘેાષણા' કરાવેા કે જે કેાઈ શારંગ ધનુષ્યનું આરેાપણ કરશે, તેને કંસરાજા પેાતાની બેન સત્યભામા આપશે, આપનેા શત્રુ જે ગેાપ છે તે ઉત્સવમાં જરૂર આવશે. અને જેવેા આવશે કે તરત જ આપના સૈનિકેા તેને પકડી લેશે. કંસે મંત્રીને બધું કામ કરવા માટે આજ્ઞા આપી, મંત્રીએ મંડપનું આયેાજન કરાવ્યું. બધા રાજા એકત્ર થયા, આ બધેા વૃત્તાંત જાણીને બલદેવના મેાટાભાઈ અનાધૃષ્ટિ ચુપચાપ શૌર્યપુરથી નીકળીને મથુરા આવ્યા, રાત્રી ગેાકુળમાં રહ્યા, રાત્રીના બલરામે બધા સમાચાર કહ્યા, સવારમાં કૃષ્ણને સાથે લઈને જઈ રહ્યા હતા, ત્યાં રસ્તામાં તેમનેા રથ વડના ઝાડની સાથે અથડાયેા, જ્યારે રથને આગળ ચલાવવામાં મુશ્કેલી પડી ત્યારે કૃષ્ણે દુર્વાની જેમ વડના ઝાડને ઉખાડીને ફેંકી દીધું. કૃષ્ણના બાહુબલથી પ્રસન્ન થઈને અનાધૃષ્ટિએ કૃષ્ણને આલિંગન કર્યું. મથુરામાં આવી મંડપમાં પ્રવેશ કર્યેા. ઉંચા મંચ ઉપર બેઠેલા રાજાઓને જોયા, ધનુષ્યની પાસે સત્યભામાને જોઈ, સત્યભામાની દ્રષ્ટિ કૃષ્ણ ઉપર પણ પડી. કલિંગ, બંગ,

કાશ્મિર વિગેરે દેશોના રાજાઓ ધનુષ્ય પાસે જઈને પાછા વળી ગયા, પોતાના મંચ ઉપર બેસી ગયા, અનાધૃષ્ટિ પણ ધનુષ્યની પાસે ગયા, અને પડી ગયા, સત્યભામાની સખીઓએ તેમની મશ્કરી કરી, કૃષ્ણે ધનુષ્યને ઉઠાવ્યું, બધા રાજાઓ આશ્ચર્યથી જોવા લાગ્યા, સત્યભામા પણ પોતાને ભાગ્યશાળી માનવા લાગી. મથુરાપતિ કંસે પોતાના સૈનિકોને કૃષ્ણને પકડવા માટે આદેશ આપ્યો. પરંતુ અનાધૃષ્ટિને આગળ કરી કૃષ્ણ આગળ નીકળી ગયા, કંસના સુભટો પાછળ પાછળ દોડયા, પરંતુ અનાધૃષ્ટિએ રથને ઝડપથી ચલાવીને બલરામની પાસે કૃષ્ણને પહોંચાડયા, પોતે શૌર્યપુર ચાલ્યા ગયા.

કંસને સૈનિકોએ પાછા આવીને કહ્યું કે અમે પકડવા માટે અશક્તિમાન છીએ, કંસ ગભરાઈ ગયો, પોતાનું મરણ નજીક દેખાવા લાગ્યું. મલ્લયુદ્ધથી કૃષ્ણને મારવા માટે ફરીથી ઉત્સવની તૈયારી કરી, બધા રાજાઓને આમંત્રણ આપી બોલાવ્યા.

વસુદેવે આપ્તજનો દ્વારા કંસના દુરાચરણને જાણી બલરામને સાવધાન રહેવા જણાવ્યું. સમુદ્રવિજયાદિ મોટાભાઈઓને કંસની દુષ્ટ ભાવના કહી બતાવી, બધા ભાઈઓ મંડપમાં જુદા જુદા મંચ ઉપર આવીને બેઠા, ઈન્દ્રની જેમ કંસ પણ એક ઉંચા મંચ ઉપર બેઠો હતો.

ગોકુળમાં થઈને મથુરામાં જતા રાજાઓને જોઈ કૃષ્ણે બલરામને કહ્યું કે મલ્લયુદ્ધ જોવા માટે આપણે પણ

મથુરામાં જઈએ, પિતાજીની આજ્ઞા ઉઠાવવાનો અત્યારે અવસર છે. આવો વિચાર કરી બળરામે યશોદાને કહ્યું કે અમો બંને જણા મથુરા જઇએ છીએ, માટે હમણાં અમને સ્નાન કરાવો, યશોદાએ કહ્યું કે હમણાં તમને બંનેને નવડાવવાનો સમય નથી, બલરામે જશોદાને કડવાં શબ્દો કહ્યાં અને કૃષ્ણનો હાથ પકડીને ન્હાવાને માટે યમુના તરફ પ્રસ્થાન કર્યું. રસ્તામાં કૃષ્ણને દુઃખી જોઈને બલરામે પૂછયું હે વત્સ ! તને શું થયું છે ? તે વારે કૃષ્ણ બોલ્યા હે બંધુ ! તમે મારા સામે જ મારી માતાનું અપમાન કર્યું છે. તમે જ કહો કે પોતાની નજર સામે માતાનું અપમાન કોણ સહન કરી શકે ? બલરામે શ્રીકૃષ્ણને આલિંગન કરતાં કહ્યું કે વત્સ ! યશોદા તારી માતા નથી, અને નંદ તારા પિતા નથી, દેવકી તારી માતા છે. જે અવારનવાર આવીને તને સ્તનપાન કરાવતી હતી, વસુદેવ આપણા પિતા છે. જે વિદ્યાધરોથી પૂજિત છે. કુશાર્તપુરના રાજા સમુદ્રવિજય તેમના મોટાભાઈ છે. શું તમે મારા સહોદરભાઈ છો ? કૃષ્ણના પૂછવાથી બલરામે કહ્યું કે હે વત્સ ! હું તારો ઓરમાનભાઈ છું; અત્યંત તેજસ્વી યાદવો તારા ભાઈઓ છે. તું ભરતાર્ધપતિ બનીશ એમ જ્ઞાનીઓએ કહ્યું છે. જેમ મરૂભૂમિમાં કલ્પવૃક્ષ સંભવિત નથી, તેમ તારો જન્મ ગોકુળવંશમાં સંભવિત નથી, દેવકી તથા વસુદેવે વાત્સલ્યભાવથી તને અહીં જ છુપાવીને રાખ્યો છે. જ્યારે કૃષ્ણે પૂછયું કે મને ગોકુળમાં છુપાવવાનું કારણ શું છે ?

ત્યારે બલરામે કંસનો વૃત્તાંત કહી સંભળાવ્યો, ભાઈ પાસેથી વાત સાંભળીને કૃષ્ણ અત્યંત ક્રોધિત થઈને સિદ્ધ ગાંધર્વોને સંબોધી બોલ્યા, 'જો હું કંસને ન મારું તો તેના દ્વારા થયેલી ક્રુર હત્યાનું પાપ મને લાગે, બલરામે કૃષ્ણની પ્રશંસા કરતાં કહ્યું કે વત્સ ! યમુનામાં સ્નાન કરીને મથુરામાં જઈએ, કૃષ્ણે જ્યાં યમુના નદીમાં પ્રવેશ કર્યો ત્યાં જ કાલિય નામના સર્પે કૃષ્ણને કરડવા માટે પ્રયત્ન કર્યો, કિનારે ઉભા રહેલા લોકોએ હાહાકાર મચાવી દીધો, પરંતુ સર્પને કૃષ્ણે અનાયાસે ગળાથી પકડયો, કમળની નાળની જેમ હાથમાં પકડીને તેની ઉપર શ્રીકૃષ્ણ બેસી ગયા, કૃષ્ણ દ્વારા કાલિયનાગનું દમન જોઈને લોકો વિસ્મિત થયા, દેવતાઓ પણ આકાશમાં વિમાનોને સ્થિર કરીને જોવા લાગ્યા, કૃષ્ણના દમનથી તે સર્પ વિષવિહિન બની ગયો. કૃષ્ણ જ્યારે કિનારે આવી પહોંચ્યા, ત્યારે કિનારે ઊભા રહેલા લોકોએ તેમની પ્રશંસા કરી, અને કૃષ્ણ તથા બલરામ મથુરા ચાલ્યા ગયા, જ્યારે ગોપની સાથે બલભદ્ર તથા કૃષ્ણ મથુરાના દ્વાર પર આવ્યા, ત્યારે કંસના મહાવતે તેમની ઉપર પદ્મોત્તર અને ચંપક નામના બે હાથીઓને છોડયા, હસ્તિકલામાં કુશલ એવા કૃષ્ણે પદ્મોત્તર હાથીના દાંત ઉખાડી નાખ્યા, મુક્કાઓ મારી હાથીને યમના દ્વારે પહોંચાડયો, બલરામે પણ ચંપકહાથીના કુંભસ્થલને ફાડી નાખી મારી નાખ્યો, ત્યાંથી બંને ભાઈઓ ઉંચા ધ્વજોથી વિભૂષિત મલ્લ-મંડપમાં આવ્યા, જ્યાં કૃષ્ણે મંડપમાં પ્રવેશ કર્યો ત્યાં

એકાએક બધાની દ્રષ્ટિ તેમના ઉપર પડી. બધા કહેવા લાગ્યા કે કેશી, અરિષ્ટ, કાલીય વિગેરેને મારનાર આ છે. આ નંદ નંદન છે. એણે જ પદ્મોત્તર હાથીને માર્યો છે. બંને ભાઈઓ મંચ ઉપર જઈને બેઠા, બલરામે કૃષ્ણને કહ્યું કે વત્સ ! ઉંચે સિંહાસને બેઠેલ અને હાર તથા કુંડલથી વિભૂષિત તારા ભાઈઓને મારનાર 'કંસ' છે. ત્યારબાદ બલરામે સમુદ્રવિજય–વસુદેવ–અક્રુર આદિનો પરિચય કરાવ્યો. સમુદ્રવિજયે કૃષ્ણને જોઈ વસુદેવને કહ્યું વત્સ ! આજે આપણા કુલદેવતા પ્રસન્ન છે, જેનાથી મને પુત્ર રત્નના દર્શન થયા, આજસુધી મારી આંખો તેના દર્શન વિના વંચિત રહી.

આ બાજુ કંસે સંકેત કર્યો, ચાણૂરે કૃષ્ણની તરફ જોઈને કહ્યું. 'જે પોતાને શ્રેષ્ઠ ક્ષત્રિય શૂરવીર માને છે. તે મારી સાથે મલ્લયુદ્ધ કરવા માટે તૈયાર થાય, ચાણૂરની વાત સાંભળીને કૃષ્ણ મંચ ઉપરથી કુદી પડયા, બોલ્યા કે હું મારી જાતને શ્રેષ્ઠ શૂરવીર માનું છું. હું તારો અવશ્ય વિનાશ કરીશ, ચાણૂરે કહ્યું હે ગોપાલક ! તું હજી બાળક છે. હજી તારા મુખમાંથી દૂધની ગંધ પણ ગઈ નથી, તું શું મારી સાથે લડવાનો છે ?

શ્રીકૃષ્ણે કહ્યું કે મલ્લરાજ ! ખોટી આત્મપ્રશંસા કરવાની આવશ્યકતા નથી, હવે આપણે બંને યુદ્ધમાં ઉતરીએ, તમે તમારૂં યુદ્ધ કૌશલ્ય બતાવો. આ પ્રમાણે કહીને કૃષ્ણે પોતાથી જાંગ ઉપર થપાટ લગાવી, બધા

લોકોએ હાહાકાર મચાવ્યો, બંનેનું યુદ્ધ અનુચિત છે તેમ બોલવા લાગ્યા, લોકોની વાતો સાંભળી કંસે ક્રોધથી કહ્યું કે આ ગોવાળના છોકરાઓને કોણે બોલાવ્યા હતા, તેઓ તેમની જાતે જ આવ્યા છે. તો તેમને રોકવાની જરૂર શું છે ? કંસની વાત સાંભળી બધાએ મૌન ધારણ કર્યું. ચાણૂર પણ લડવાને તૈયાર થયો, બંનેનું મલ્લયુદ્ધ વિષેનું જ્ઞાન જાણી બધા રાજાઓ આશ્ચર્ય પામ્યા, કૃષ્ણની કલાથી સમુદ્રવિજય વિગેરે પ્રસન્ન થયા, વાસુદેવના જ્ઞાનથી કંસના મનની સાથે પૃથ્વી પણ કંપાયમાન થવા લાગી. કંસે કૃષ્ણને મારવા માટે દુષ્ટ મૌષ્ટિકને પણ ઈશારો કર્યો, દુરાત્માઓ શું નથી કરી શકતા ? કૃષ્ણની તરફ દોડીને જતા મૌષ્ટિકને પણ બલરામે રોકયો, અને બોલ્યા કે હમણાં જ હું તારો અભિમાન ઉતારૂં છું, તે બંનેમાં મુષ્ઠામુષ્ઠી યુદ્ધ ચાલ્યું. ચાણૂરના પ્રહારથી કૃષ્ણ મૂર્છિત બન્યા, ત્યારે બધા રાજાઓએ હાહાકાર મચાવ્યો, પરંતુ કંસને ખૂબ જ આનંદ આવ્યો, તેણે મૂર્છિત કૃષ્ણ ઉપર ફરીથી પ્રહાર કરવા માટે પોતાના મલ્લને ઈશારો કર્યો, એટલામાં બલરામે મૌષ્ટિકને મારી નાંખ્યો. કૃષ્ણ મૂર્છિતાવસ્થામાંથી સચેતન બન્યા, કૃષ્ણે પરાક્રમથી ચાણૂરને યમરાજના ઘરનો અતિથિ બનાવ્યો, તે વખતે કંસનું મુખ શ્યામ બન્યું. જ્યારે સમુદ્રવિજયાદિનું મુખકમલ સૂર્ય સમાન તેજસ્વી બન્યું. કંસે પોતાના સૈનિકોને કૃષ્ણને પકડવા માટે આજ્ઞા આપી, એટલામાં કૃષ્ણે મંચ ઉપર જઈને કંસના વાળ પકડી

નીચે પછાડયેા, કંસ ભયભીત બનીને સહાયતાને માટે ચારે તરફ જોવા લાગ્યેા, કંસના સૈનિકેાએ શસ્ત્રોથી આક્રમણ કર્યું પરંતુ બંને ભાઈઓએ તેમને માર્યા, કૃષ્ણે કંસની છાતી ઉપર લાત મારી, જેનાથી કંસે પ્રાણ ત્યાગ કર્યેા, ક્રોધમાં આવી કૃષ્ણે વાળ પકડી કંસના મૃતદેહને મંડપની બહાર ફેંકી દીધેા.

હર્ષથી કિલકારી કરતાં બધા યાદવેા પેાતાના નગર જવા માટે નીકળ્યા, અનાધૃષ્ટિ બલરામની સાથે કૃષ્ણને રથ ઉપર બેસાડી, વસુદેવને ઘેર લાવ્યા, કૃષ્ણને આવેલા જોઈને યાદવ ખૂબ જ આનંદ પામ્યા, વસુદેવે વારંવાર આલિંગન કર્યું. કૃષ્ણે સમુદ્રવિજયને પ્રણામ કર્યા, તેમણે કૃષ્ણને આલિંગન કર્યું. સમુદ્રવિજય એકીટસે કૃષ્ણ સામે જોવા લાગ્યા, દેવકીએ આવી રેામાંચિત બની કૃષ્ણને આલિંગન કર્યું. સ્પર્શજનિત સુખનેા અનુભવ કર્યેા, રાજાએ ઉગ્રસેનને મથુરાની ગાદી ઉપર બેસાડયા, ઉગ્રસેને પેાતાની કન્યા સત્યભામા કૃષ્ણને આપી.

આ બાજુ પેાતાની શેાકયેા સાથે જીવયશા અત્યંત વિલાપ કરતી કંસના મૃતક પાસે ગઈ, તેની સ્થિતિ જોઈને અત્યંત દુઃખી થઈ, મૂર્ચ્છિત બની ગઈ, શુદ્ધિમાં આવી છાતી કૂટવા લાગી, રેાવા લાગી, કંસનેા અગ્નિ સંસ્કાર થયા બાદ પણ તેણીએ નિવાંપાજલી પણ આપી નહિ. તેણીએ જોરજોરથી કહ્યું 'બલરામ, કૃષ્ણ અને બધા યાદવેાની સાથે હું મારા પતિને જલાંજલી આપીશ.'

રાજા સમુદ્રવિજયે તેની પ્રતિજ્ઞા સાંભળી જરાસંધની પાસે જવા માટે જીવયશાને કહ્યું. રાજાના વચનો સાંભળી જીવયશા ગામ–નગર–ફરતી ફરતી પોતાના પિતાને ત્યાં રાજગૃહી પહોંચી, જીવયશાના રાજગૃહ જવાથી સમુદ્રવિજયે બધા યાદવોને બોલાવ્યા, ત્યારબાદ નિમિત્તજ્ઞને બધાની સામે પૂછયું : 'જરાસંધને અમારા ઉપર દુશ્મનાવટ છે' તો અમારે શું કરવું જોઈએ. નિમિત્તજ્ઞે કહ્યું કે રાજન્! આપના આ બે પુત્રો બલરામ અને કૃષ્ણમાંથી કૃષ્ણ અર્ધભરતાધિપતિ થશે. પરંતુ કાલ–ક્ષેત્રના આધાર ઉપર જીવોનો ભાગ્યોદય થાય છે. માટે આપ બધા પરિવાર સહિત જલદીથી આ ક્ષેત્ર છોડીને સમુદ્રના પશ્ચિમ કિનારે જઈને રહો. જ્યાં સત્યભામા બે પુત્રોને જન્મ આપે ત્યાં જ નગર વસાવીને રહેજો. રાજાએ નિમિત્તજ્ઞને વિદાય કરી, યાદવોની સાથે પ્રસ્થાન કર્યું. ગામ–નગર–નદી–પર્વતનું ઉલ્લંઘન કરતાં કરતાં સમુદ્રના પશ્ચિમ કિનારે આવ્યા, ત્યાં સેના સહિત રોકાયા, સત્યભામાએ પણ મરૂભૂમિમાં કલ્પવૃક્ષની જેમ બે પુત્રોને જન્મ આપ્યો, નિમિત્તજ્ઞોના કહેવાથી કૃષ્ણે લવણ સમુદ્રના અધિષ્ઠાયકને સાધવા માટે અટ્ઠમ તપ કર્યો, તપના પ્રભાવથી અધિષ્ઠાયકે આવી કૃષ્ણની પાસે વિનીત ભાવથી કાર્ય કરવાનો આદેશ માંગ્યો. કૃષ્ણે કહ્યું કે પૂર્વની જેમ વાસુદેવને માટે નગરીનું સ્થાન આપો, અધિષ્ઠાયક જગ્યા, પંચજન્યક શંખ–કૌસ્તુભમણી આપીને પોતાના સ્થાનમાં ગયા.

ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે અમરાવતીને શરમાવે તેવી દ્વારકા નગરી એક રાત્રિ દિવસમાં નિર્માણ કરી, મોટા મોટા મહેલ બનાવવામાં આવ્યા, જેમ વાદળ પાણી વરસાવે તેવી રીતે કુબેરની આજ્ઞાથી સાડા ત્રણ દિવસ સુધી રત્નોની વૃષ્ટિ થઈ; પોતાના ચાકરો દ્વારા ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે નન્દનવન જેવા ઉદ્યાનો નિર્માણ કર્યા. સમુદ્રવિજય રાજાએ મહોત્સવપૂર્વક કૃષ્ણને ગાદી ઉપર બેસાડ્યા, દેવતાઓની જેમ યાદવો આનંદપૂર્વક દ્વારકા નગરીમાં રહેવા લાગ્યા, વનરાજીમાં, વાવડીઓમાં, ક્રીડા પર્વતોમાં, સ્વેચ્છાપૂર્વક શ્રીનેમિકુમારની સાથે બલભદ્ર તથા કૃષ્ણ ક્રીડા કરવા લાગ્યા, પશ્ચિમ દિશા સૂર્યના અસ્તને માટે છે, જ્યારે યાદવોને અભ્યુદય કરવાવાળી પશ્ચિમ દિશા બની, કૃષ્ણના અભ્યુદયથી રાજા પ્રસન્ન હતા. આ પ્રમાણે પોતાના ભાઈઓની અભિવૃદ્ધિ સાંભળીને હર્ષોલ્લાસવાળી કુન્તીએ કહ્યું કેારક ! તારી વાતથી મને ખૂબ જ આનંદ થયો છે. મારા પુત્રનો જન્મોત્સવ મહોત્સવ બની ગયો, મારા ભાઈઓ ચિરંજીવ બને તેવા આશીર્વાદ મારા તરફથી કહેજે. કેારકને સત્કાર કરી વિદાયગિરિ આપી, યુધિષ્ઠિર માતાના વાત્સલ્યામૃતથી વધવા લાગ્યા, નાના પ્રકારની ક્રીડાઓથી બધાંને આનંદ આપતા હતા.

બીજો સર્ગ સમાપ્ત :

સર્ગ : ૩જો

ધર્મરૂપી કલ્પવૃક્ષના ફલની ઈચ્છાવાળી 'કુન્તી' એ નાશિકય નામના નગરમાં શ્રી ચન્દ્રપ્રભુસ્વામિનું સુન્દર જિનાલય બનાવ્યું. સુન્દર નાના પ્રકારના મણિથી વિભૂષિત બનાવ્યું. રાત્રીના ઘોરઅંધકારમાં પણ તેજસ્વી મંદિર જણાતું હતું. તે જિનાલય અનેક આત્માઓને માટે સમ્યગ્દર્શન પ્રાપ્તિના હેતુરૂપ બન્યું. વારંવાર કુન્તી, તે જિનાલયમાં જતી હતી અને ધર્મપ્રભાવના કરતી હતી. ધર્મ આરાધનાના પ્રભાવથી 'કુન્તી' ગર્ભવતી બની. વાયુદેવે કલ્પવૃક્ષને લાવી પોતાના ખોળામાં મુકયું. આવું સ્વપ્ન રાત્રિના છેલ્લા પ્રહરમાં તેણીએ જોયું, 'કુન્તી' એ સ્વપ્નની વાત રાજાને કરી. રાજાએ કહ્યું કે પવનના જેવો પ્રચંડ બલવાન પુત્ર તને થશે. આ સાંભળી 'કુન્તી' હર્ષોલ્લસિત બની, ગર્ભના પ્રભાવથી તેણી પ્રભાવશાળી બની. તેણીને પર્વતોના ચૂરેચૂરા કરવાની ભાવના જાગી, ત્યારે તેણીએ પોતાની ભાવના પૂર્ણ કરવા માટે કપૂરના ચૂરેચૂરા કરી નાખ્યા. પ્રસન્નિત વદને રહેવા લાગી.

ઘણા ઘણા ઉપાયો કરવા છતાં ગાંધારીને ત્રીસ મહિના સુધી પ્રસવ થયો નહીં. તેણી ખૂબ જ ચિંતાતુર

બની ગઈ. વિચાર આવ્યો કે ખરેખર પાપનું પરિણામ છે, તેથી કરીને હજુ હું પુત્રવતી બની નથી, 'કુંતી' એ મારી પછી ગર્ભ ધારણ કર્યો, તોપણ તેણીએ પુત્રને જન્મ આપ્યો, વળી ફરીથી પણ ગર્ભવતી બની છે, થોડા વખતમાં પુત્રને જન્મ આપશે, આવી રીતે પુત્ર જન્મ દ્વારા 'કુંતી' મને આઘાત પહોંચાડી રહી છે. ગાંધારી દુઃખી બનીને જલ્દી પુત્ર જન્મ આપવા માટે પેટને કુટવા લાગી, જેનાથી તેણીના ઉદરમાંથી ભયંકર દુર્ગંધ મારતો માંસનો લોચો બહાર નીકળી આવ્યો. ગાંધારી માંસપિંડને જોઈને ખૂબ જ દુઃખી થઈ, માંસ-પિંડને ફેંકી દેવા તૈયાર થઈ, કુલની વૃદ્ધાઓએ ગાંધારીને આ કાર્યથી રોકી, અને ખૂબ જ સમજાવી, ગાંધારીએ કહ્યું કે માતાજી ! મેં વિચાર કર્યો હતો કે ભલે હું રાજપત્ની ન બની શકી પણ રાજ્યમાતા અવશ્ય બનીશ, પરંતુ હવે તે આશા પણ નિષ્ફળ થઈ ગઈ છે. કારણ કે મારા પહેલાં કુંતીએ યુધિષ્ઠિરને જન્મ આપ્યો છે. એટલે જ હું પેટ કુટતી હતી, કારણ બુદ્ધિ કર્માનુ-સારિણી છે. હવે આપ લોકો જેમ કહો તેમ કરવા તૈયાર છું.વૃદ્ધાઓએ કહ્યું કે 'કુંતી'ની જેમ તમો પણ ધર્મારાધન કરો, તો તમને પણ યુધિષ્ઠિરના જેવો જ પુત્ર પ્રાપ્ત થશે, તમો ચિંતા કરવી છોડી દો, ત્રીસ-મહિનાની તો વાત શું ? કોઈ કોઈ પુત્ર તો બાર વર્ષ સુધી માતાના ગર્ભમાં રહે છે. ત્યારબાદ તે વૃદ્ધાઓએ રૂને ઘીથી ભીંજવી તેમાં માંસપિંડને વિંટાળી સુવર્ણ-

કુંડીમાં રાખ્યો, જ્યારે ગાંધારીએ પુત્રને જન્મ આપ્યો, તે જ દિવસે ત્રણ પ્રહર બાદ 'કુંતી'એ પણ પુત્રને જન્મ આપ્યો, પરંતુ એક જ દિવસે જન્મેલા બંને બાળકોમાં ગાંધારીનો પુત્ર દુર્લગ્નમાં જન્મ્યો હતો, જ્યારે 'કુંતી'નો પુત્ર સુલગ્નમાં જન્મેલો હતો, પાંડુપુત્રને ઉદ્દેશી આકાશ-વાણી થઈ કે આ પુત્ર અત્યંત બળવાન, વજ્રકાય, અને ભાઈઓ પ્રત્યેની સેવા કરવાવાળો થશે, છેવટે સર્વત્યાગ કરી મુક્તિ સુખને પ્રાપ્ત કરશે, 'કુંતી' પુત્રને જોઈ ખૂબ જ આનંદ પામી, દેવતાઓએ તેનો જન્મોત્સવ ઉજવ્યો, પાંડુરાજાએ એક સાથે બંને પુત્રનો જન્મોત્સવ ઉજવ્યો, ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રનું નામ 'દુર્યોધન' પાંડુરાજાએ પોતાના પુત્રનું નામ 'ભીમ' રાખ્યું. સ્વમ અનુસાર તેનું બીજું નામ 'પવનપુત્ર' પણ રાખ્યું. પાંચ પાંચ ધાવમાતાઓથી બંને પુત્રોનું લાલનપાલન કરવામાં આવતું હતું. સિંહના બચ્ચાની જેમ બંને પુત્રો મોટા થવા લાગ્યા, ભીમ ચપળતાથી કોઈ વખત દુર્યોધનનો પગ પકડીને ખીંચતો હતો, તો કોઈ વખત તેના ભોજનને પડાવી લઈ શાંતિથી ખાઈ જતો હતો, જેમ બંને ઝઘડતા હતા તેમ બંને એક જ પાત્રમાં જમતા હતા.

ઘણા સમય બાદ વાસંતીને હસાવનાર ચંદ્રિકારૂપ ચંદનથી વિલેપિત વસંતકાલ આવ્યો, મોગરાની સુગંધથી સુગંધમય વસંત કાળ આવ્યો, વસંત આવવાથી કામદેવનું સામ્રાજ્ય જગત ઉપર વ્યાપ્ત બની ગયું. કામદેવ જગતને

તૃણની જેમ માનવા લાગ્યો, જગતને જીતવાની ઈચ્છાવાળા કામદેવની વિજય યાત્રામાં કોયલોના મીઠા અવાજોએ ડુંડુભિનું કામ કર્યું. પાંડુરાજા ક્રીડાવનમાં ગયા, કુન્તી પણ છ માસના ભીમને લઈ વસંતની વનરાજીને જોવા માટે ગઈ, ભીમે ચપલતાથી કેટલીક વનરાજીનો નાશ કર્યો, પાંડુરાજા ક્રીડા પર્વત ઉપર ચઢયા, કુન્તી પણ પર્વતની શોભા જોવા માટે પતિની પાછળ પર્વત ઉપર ગઈ, પર્વત ઉપર તેણીએ ઉદ્યાનો, વાપીઓ, સરોવરો વિગેરે જોયા, ત્યાં એક અશોકવૃક્ષની છાયામાં તેણીએ વિશ્રાંતિ લીધી, શીતળ વાયુથી ભીમ પણ ઊંઘી ગયો, સ્વચ્છન્દપણે ફરતા રાજા પાંડુએ ચંપક પુષ્પોની માલા બનાવી. તેણીએ રાજાને માળા લઈને આવતા જોયા, રાજાની પાસે જવા માટે કુન્તી ઉઠવા જાય છે ત્યાં જ રાજાએ કુન્તીના ગળામાં માળા પહેરાવી, તે જ વખતે ભીમ ખોળામાંથી પડી ગયો, ભીમ ગબડતો ગબડતો પર્વતની નીચે ખાઈમાં ગયો, લોકોએ શોર બકોર મચાવ્યો, કુન્તી રડવા લાગી, ભીમની પાછળ પાછળ ઘણા સેવકો નીચે ઉતરવા લાગ્યા, કુન્તીના આક્રંદથી પહાડના પથ્થરો પણ આક્રંદ કરવા લાગ્યા, રાજાની સાથે કુન્તી પણ પહાડ ઉપરથી નીચે આવી, તે વારે તેણીએ પૂછયું પ્રાણેશ ! આ શિલાઓને કોણે તોડી હશે ? રાજાએ કહ્યું કે હું જાણતો નથી, ત્યારે તેણીએ કહ્યું કે આ પાપીઓને બીજુ કોણ તોડે ? શિલાઓ પોતાના પાપથી જ તૂટી ગઈ લાગે છે. પર્વત પરથી ઉતરતા લાગેલો શ્રમ, તથા

પુત્રના શોકથી કુંતી ખૂબ જ શ્રમિત બની ગઈ, એટલામાં રાજાએ દૂરથી હસતા આવતા પોતાના સેવકોને જોયા, રાજાએ પ્રસન્નતાથી અનુમાન કરીને કુંતીને કહ્યું કે આપણો પુત્ર કુશળ છે. તું ખૂબ જ ભાગ્યશાલિની છે, એટલામાં સેવકે આવીને કહ્યું કે હે રાજન્! આપનો પુત્ર પોતાની માતાના ખોળામાં જેમ આનંદ પામે છે તેવી જ રીતે આનંદમાં છે. નીચે પડવા છતાં જરા પણ ઈજા થઈ નથી.

સેવકની વાત સાંભળી કુન્તી પુત્રને જોવા માટે ચાલી, પાછળ રાજા પણ ગયો, બન્ને જણાએ શિલાની ઉપર સૂતેલા અને આનંદ કરતા પોતાના પુત્રને જોયો, પુત્રને આ સ્થિતિમાં જોઈ, રાજા રાણી આનંદવિભોર બન્યા, તે બંનેને જોઈ બાળક પણ હાથ પગ ઊંચાનીચા કરવા લાગ્યો, કુંતી પુત્રને ગોદમાં લઈ ચુંબન કરવા લાગી, તેણીના સ્તનોમાંથી દૂધ ઝરવા લાગ્યું. રાજાએ કુન્તી પાસેથી પુત્રને લઈ આલિંગન કર્યું. કુંતીએ રાજાને ફરીથી પૂછયું કે હે નાથ! આ શિલાઓ કેવી રીતે તૂટી ગઇ, રાજાએ કહ્યું કે દેવી! આના જન્મ સમયે આકાશવાણી થઈ હતી, તેમાં આપણા પુત્રને વજ્રકાય કહેલો હતો એટલે વજ્રના જેવું આપણા પુત્રનું શરીર હોવાથી શિલાઓ ભાંગી ગઈ લાગે છે. રાજાના વચનો સાંભળી કુંતી હર્ષથી રોમાંચિત બની. રાજાની પાસેથી ભીમને લઈ વારંવાર આલિંગન કરવા લાગી, વૃદ્ધાઓએ જે

જગ્યાએ ભીમ પડયેા હતેા, તે જગ્યાને પાણીથી સ્વચ્છ કરી, ચેાખાથી તેનું પૂજન કર્યું. ત્યાર બાદ આનંદ પામી કુન્તીની સાથે પાંડુરાજા રાજધાનીમાં પાછા ગયા.

એક વખત કુંતીએ રાતના છેલ્લા પ્રહરમાં ઐરાવણ હસ્તી ઉપર બેઠેલા ઈન્દ્રને સ્વપ્નમાં જોયેા, પ્રાતઃકાલમાં કુંતીએ રાજાને સ્વપ્નનું ફલ પૂછયું. રાજાએ કહ્યું કે ઈન્દ્રની સમાન કાન્તિવાળેા પુત્ર થશે, કુંતીએ પ્રસન્નતાથી ગર્ભ ધારણ કર્યો, પ્રાતઃકાલનું સ્વપ્ન સાચું પડે છે. ગર્ભના પ્રભાવથી સમસ્ત પૃથ્વીને પેાતાને વશ કરવાનેા, યમરાજને દંડ આપવાનેા, સૂર્ય ચન્દ્રને પીડા આપવાવાળા રાહુ ઉપર આક્રમણ કરવાનેા દોહદ ઉત્પન્ન થયેા.

સમયાનુસાર શુભ મુહૂર્તે કુંતીએ પુત્રને જન્મ આપ્યેા, તે જ વખતે આકાશવાણી થઈ, કે ભાઈઓની આજ્ઞા શિરેામાન્ય કરશે, અને જગતમાં અદ્વિતીય ધનુર્ધારી થશે, કેાઈનાથીયે ન જીતી શકાય તેવેા, અને નીતિવંત બનશે. કર્મનેા ક્ષય કરી મુકિતએ જશે. આકાશમાં પણ તે જ વખતે સંગીતનેા આરંભ થયેા. રંભા, ઉર્વશી, વિગેરે અપ્સરાઓએ નૃત્ય શરૂ કર્યું. પાંડુરાજાએ પણ પુત્ર જન્મને અનુલક્ષી મેાટેા ઉત્સવ કર્યો, રાજાએ પુત્રનું નામ અર્જુન રાખ્યું. વળી સ્વપ્નમાં ઈન્દ્ર દેખાવાથી બીજું નામ 'ઈન્દ્રપુત્ર' પણ રાખ્યું.

ત્યારબાદ મદ્રરાજની પુત્રી અને પાંડુરાજાની

દ્વિતીય ભાર્યાએ પણ શુભ સ્વપ્નથી સૂચિત બે પુત્રોને જન્મ આપ્યો. આકાશવાણી દ્વારા તે બંને ભાઈઓ સ્વજનપરિવારની સેવામાં તત્પર અને મુક્તિગામી થશે તેમ જાણવા મળ્યું. પાંડુરાજાએ તેમનું નામ નકુલ અને સહદેવ રાખ્યું હતું. ગાન્ધારી આદિ ધૃતરાષ્ટ્રની આઠે પત્નીઓએ નવ્વાણું પુત્રોને જન્મ આપ્યો. જેઓના નામઃ દુશાસન, દુઃસહ, દુઃશલ, રણુ, શ્રાન્ત, સમાઢય, બિંદ, સર્વસહ, અનુબિંદ, સુભીમ, સુબાહુ, દુષ્પ્રધર્ષણ, દુર્મર્ષણ, સુગાત્ર, દુષ્કર્ણ, દુઃશ્રવ, વરવંશ, વિકીર્ણ, દીર્ઘદર્શી, સુલોચન, ઉપચિત્ર, વિચિત્ર, ચારૂચિત્ર, શરાસન, દુર્મદ, દુષ્પ્રગ્રાહ, યુયુત્સુ, વિકટ, ઉર્ણનામ, સુનામ, નંદ, ઉપનંદ, ચિત્રબાણ, ચિત્રકર્મ, સુવર્મ, દુર્વિમોચન, અયો-બાહુ, મહાબાહુ, શ્રુતવાન, પદ્મલોચન, ભીમબાહુ, ભીમબલ, સુષેણ, પંડિત, શ્રુતાયુધ, સુવીર્ય, દંડધાર, મહોદર, ચિત્રાયુધ, નિષંગી, પાશ, વૃંદારક, શત્રુંજય, શત્રુસહ, સત્યસંધ, સુદુઃસહ, સુદર્શન, ચિત્રસેન, સેનાની, દુષ્પ-રાજય, પરાજિત, કુંડશાયી, વિશાલાક્ષ, જયદ્દઢહસ્ત, સુહસ્ત, વાતવેગ, સુવર્ચસ, આદિત્યકેતુ, બહ્વાશી, નિર્બન્ધ, પ્રયાસી, કવચી, રણશૌંડ, કુંડધાર, ધનુર્ધર, ઉગ્રરથ, ભીમરથ, શૂરબાહુ, અલોલુષ, અભય, રૌદ્રકર્મ, દૃઢરથ, અનાધૃષ્ય, કુંડભેદી, વિરાજી, દીર્ઘલોચન, પ્રમથ, પ્રમાથી, દીર્ઘલાપ, વીર્યવાન્, દીર્ઘબાહુ, મહાવક્ષ, સુલક્ષણ, કનક કાંચન, સુધ્વજ, સુભુજ, વિરજ રાખવામાં આવ્યા હતા, તેઓ શસ્ત્રાસ્ત્ર તથા યુદ્ધમાં વિશારદ હતા.

બીજે દિવસે ધૃતરાષ્ટ્રે ભીષ્મ આદિ મોટા મોટા સ્વજનોની સામે નિમિત્તજ્ઞોને બોલાવી પૂછયું કે આકાશ–વાણીથી જાણ્યું છે કે યુધિષ્ઠિર પ્રજાપ્રિય રાજા થશે, તો પછી મારો દુર્યોધન રાજા થશે કે નહિ ? તે વસ્તુને તમો જ્ઞાનદ્રષ્ટિથી જોઈને વિચાર કરીને કહો, તે વારે ધૂળની ડમરીથી દશે દિશાઓ ભરાઈ ગઈ, વિજળીના કડાકા થવા લાગ્યા, પૃથ્વી કોપાયમાન થઈ, 'શીયાળ' અપશુકનીયાળ ગર્જના કરવા લાગ્યા, સૂર્યની આજુબાજુ ગોળ કુંડાળું થયું. આ પ્રમાણેની અમંગળ ઘટનાઓને જોઈ નિમિત્તજ્ઞોએ વિદુરજીને કહ્યું કે : 'દુર્યોધન રાજાઓને જીતનારો બળવાન રાજા થશે, પરંતુ પોતાના કુળનો તથા પ્રજાનો નાશ કરવાવાળો થશે'. નિમિત્તજ્ઞોની વાત સભામાં વિદુરજીએ ધૃતરાષ્ટ્રને કહી સંભળાવી, કાનને અપ્રિય કડવી વિદુરજીની વાત સાંભળીને ધૃતરાષ્ટ્રે પૂછયું કે કુળનું કલ્યાણ કેવી રીતે થશે ?

ધૃતરાષ્ટ્રના પૂછવાથી જ્ઞાની વિદુરજીએ ધૃતરાષ્ટ્રને અપ્રિય લાગે તેવા સત્યવચન કહ્યાં કે આપ કુલનું કલ્યાણ ઇચ્છતા હો તો, દુર્યોધનનો ત્યાગ કરો, વિદુરજીની વાત સાંભળીને ધૃતરાષ્ટ્ર ચુપ રહ્યા, તે વારે પાંડુરાજા બોલી ઉઠયા, કે દુર્યોધનને માટે ઘણી માનતાઓ માન્યા બાદ જન્મેલો છે, પુત્રથી જ જો કુલનો નાશ થશે તો પછી કુલનું કલ્યાણ કોણ કરશે ? જો આકાશમાં સૂર્ય અંધકાર ફેલાવશે તો પછી પ્રકાશ આપશે કોણ ? ગર્ભના

આધારે યુધિષ્ઠિરથી તે મોટો છે, માટે દુર્યોધન રાજા થશે, તમારો માર્ગ કલ્યાણકારી બને, આ પ્રમાણે કહીને પાંડુરાજાએ બધાને વિદાયગીરી આપી પોતે પણ ઉઠીને મહેલમાં ગયા, દુર્યોધનને દુઃશલ્યા નામે એક બહેન હતી, તેને સિંધુરાજ જયદ્રથની સાથે પરણાવી હતી.

ધૃતરાષ્ટ્રના સો પુત્રો મોટા થયા, તેમની ભૂજાઓનું બળ ત્રણેલોકમાં વિખ્યાત થયું. સો ધૃતરાષ્ટ્રના અને પાંચ પાંડુરાજાના મળીને એકસો પાંચ ભાઈઓ હસ્તિનાપુરમાં સ્વચ્છંદપણે ક્રીડાઓ કરવા લાગ્યા, દરરોજ તે બધાજ ભાઈઓ ધૃતરાષ્ટ્ર, પાંડુ, ભીષ્મ, વિદુર, સત્યવતી, અંબિકા, અંબાલિકા, અંબા, ગાંધારી, કુંતી વિગેરેને ભક્તિભાવથી નમસ્કાર કરતા હતા, બાલ્યકાળથી જ માતાના સંસ્કારોથી સિંચાતા પાંડવો પરમાર્હત હતા, પાંડવોનું ચિત્ત રાતદિવસ પંચપરમેષ્ઠિમાં જ સ્થિર હતું. બધા કુમારો કોઈ વખત ગંગાના રેતાળપટમાં રમતા હતા, કોઇ વખત યમુનાના ઉંડા પાણીમાં ડુબકીઓ મારતા હતા, બધી રમતોમાં ભીમ બધાને હરાવતો હતો. ધર્માત્મા યુધિષ્ઠિર બધા ભાઇઓથી સ્નેહ રાખતા હતા, તેમાં પણ દુર્યોધન ઉપર અધિક સ્નેહ હતો, ભાઈઓની ઉપર અગાધ પ્રેમ રાખવા છતાં 'ભીમ' દુઃશાસન વિગેરે ધૃતરાષ્ટ્રના પુત્રોને માર્મિક ત્રાસ આપતા હતા, કોઈ કોઈ વખત ભીમ બીજા ભાઈઓને પાણીમાં ડુબાડી દેતો, કોઇ વખત પગ પકડીને ખૂબ જ ઢસડતો હતો, કોઈ

વખત ધૃતરાષ્ટ્રના પુત્રો ઝાડ ઉપર ચઢયા હોય ત્યારે ભીમ પગની લાતો વડે ઝાડને હલાવતો, ત્યારે ઝાડના ફળની સાથે તેઓ પણ નીચે પડતા હતા, ધૃતરાષ્ટ્ર પુત્રો દુઃખને ભોગવવાં છતાં ભીમને કાંઈ કરી શકતા નહોતા, તેથી ભીમના પ્રત્યે દુર્યોધનને દ્વેષ વધવા લાગ્યો, ભીમના પરાક્રમથી પોતાના ભાઈઓની ખિન્નતા જોઈ એક દિવસ દુર્યોધને ભીમને કહ્યું કે તું આ તારા નાના ભાઈઓને કેમ પીડા આપે છે, તને જો તારા બળનું અભિમાન હોય તો તું મારી સાથે રમતો કેમ નથી ? ભીમે કહ્યું કે હે દુર્યોધન ! વનમાં હાથીની રમતમાં ઘણા ઝાડ ઉખડી પડે છે, તેમ હું તો તેઓની સાથે પ્રેમથી રમું છું. તને જો કદાચ અભિમાન હોય તો તું મારી સાથે લડવા તૈયાર થઈજા, તારૂં બળ કેટલું છે તે બતાવ, આ પ્રમાણે જ્યારે ભીમ અને દુર્યોધન લડવા લાગતા ત્યારે યુધિષ્ઠિર બંનેને છોડાવતા, બાકીના કુમારો ઉભા રહીને જોયા કરતા હતા, બંનેનું યુદ્ધ-પ્રચંડ અને રોચક થતું હતું કે કોઈ વખત ભીમનો પરાજય થતો તો કોઈ વખત દુર્યોધનનો પરાજય થતો, અંતે થાકીને દુર્યોધન પરાજિત થતો ત્યારે પોતાનું મુખ મલીન કરતો અને ભાગી જતો હતો.

યુધિષ્ઠિર ભીમની પાસે આવીને પ્રેમથી તેના શરીર ઉપરથી ધૂળને લૂછી નાખતા, અર્જુન સ્નેહથી ભીમના શરીરને દબાવતો, નકુલ અને સહદેવ તેને પવન નાખતા હતા.

દુર્યોધન એકાંતમાં અનેક પ્રકારની ખરાબ કલ્પનાઓ કરતો હતો, જે અર્ધું રાજ્ય લે છે તેને મારવો જોઈએ, તો પછી સંપૂર્ણ રાજ્યને ગ્રહણ કરવાવાળાની તો વાત કયાં કરવી ? કોઈપણ હીસાબે મારે યુધિષ્ઠિરનો વધ કરવો જોઈએ, પરંતુ વિક્રમ નયસંપન્ન રાજાની જેમ આ ભીમ અને અર્જુનથી તેઓ રક્ષાયેલા છે. માટે તેમનો વધ કરવો ખૂબ જ મુશ્કેલ છે. યુધિષ્ઠિરના પહેલા ભીમનો તથા અર્જુનનો વધ કરવો જોઈએ, વળી તે બંનેમાં ભીમનો વધ કરવો હિતાવહ છે. ભીમના મરવાથી યુધિષ્ઠિર અને અર્જુન બંને તાકાતહીન બની જશે, ત્યારબાદ ભીમને મારવા માટે દુર્યોધન તક શોધવા લાગ્યો, બધા કુમારો ગંગા કિનારે રમવા જતા હતા. રાજાએ સુંદર ઘાસનું ઘર બનાવી આપ્યું હતું. ત્યાં જ બપોરના ભોજન કરીને બધા સૂઈ જતા હતા.

એક દિવસ ભીમ સુંદર ભોજન કરીને ગંગાકિનારે ગાઢ નિંદ્રામાં સૂઈ ગયો, તે તકનો લાભ લઈ દુર્યોધને તેને ઝાડના વેલાઓથી બાંધી ગંગાના ઉંડા પાણીમાં નાખ્યો, વેલાઓને તોડી નાખી, ભીમ નાહીને હાથીની જેમ બહાર નીકળી આવ્યો, એક દિવસ ભીમ સૂતો હતો ત્યારે દુર્યોધને તેને સર્પદંશ કરાવ્યો, પરંતુ ભીમની ઉપર ઝેરની અસર થઇ નહીં. એક દિવસ દુર્યોધને ભીમને ઝેર આપ્યું. પણ ધર્મપ્રભાવથી તેની ઉપર કાંઈ જ અસર થઈ નહીં. આ બધું થવા છતાં ભીમના મનમાં

દુર્યોધન પ્રત્યે જરાપણ દ્વેષ નહોતો, પરંતુ દુર્યોધનાદિ ધતરાષ્ટ્રના પુત્રો પાંડવોની તેજસ્વિતાથી બળવા લાગ્યા.

ધૃતરાષ્ટ્ર તથા પાંડુના પુત્રોને પરસ્પર દ્વેષ બુદ્ધિવાળા જાણીને વિદુરજીએ ભીષ્માદિને બધી હકીકત જણાવી, કહ્યું કે કાંઈ પંડિતની પાસે આ બધાને ભણાવવા જોઈએ. સર્વ વિદ્યા પરગામી કલાચાર્ય કયાં મલશે ? એ પ્રમાણે ભીષ્મના પૂછવાથી વિદુરજીએ કૃપાચાર્યનું નામ બતાવ્યું. ભીષ્મએ બધા કુમારોને બોલાવી કૃપાચાર્યને સુપ્રત કર્યા, બધા કુમારો ઉત્સાહથી ધનુર્વિદ્યાનું અધ્યયન કરવા લાગ્યા.

તે જ નગરમાં વિશ્વકર્મા સમાન સદાચારી અતીરથી' નામનો સારથી રહેતો હતો, તેને ચન્દ્રમાની અનુરાધા જેવી' રાધા, નામની ધર્મપત્ની હતી. તેઓને દાનેશ્વરી અને શૂરવીર કર્ણ નામે પુત્ર હતો, તે શસ્ત્ર તથા શાસ્ત્રનું શિક્ષણ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી કૃપાચાર્યની પાસે આવ્યો, કુમારોની સાથે વિદ્યા પ્રાપ્ત કરવા લાગ્યો, કૃપાચાર્ય દરેક કુમારોને સમાન જ્ઞાન આપતા હતા, છતાં કર્ણ અને અર્જુન વધારે હોંશિયાર હતા, એક દિવસ બધા કુમારો નગરની બહાર ક્રીડા કરી રહ્યા હતા, તે વખતે તેમનો દડો કુવામાં પડી ગયો, બધા કુમારો તે દડાને બહાર કાઢવાનો પ્રયત્ન કરવા લાગ્યા, એટલામાં એક યુવાનની સાથે અત્યંત વૃદ્ધ મુસાફર આવ્યો, તેણે કુમારોને આશ્વાસન આપ્યું અને કુમારોની સામે બાણોને

અભિમંત્રિત કરી કરીને શલાકાઓનું સંધાન કરી, તે દડાને બહાર કાઢયો, તેના આ અદ્‌ભુત કાર્યથી કુમારો આશ્ચર્ય પામ્યા, તથા હાથ જોડીને વિનંતી કરી કે 'આજ સુધી હજારો ધનુર્વિદ્યા પારંગત પંડિતો જોયા, પણ આપને કોઈ જગ્યાએ જોયા નથી, માટે અમે આપને પિતા અથવા ગુરૂની સમાન માનીએ છીએ, અમે બધા આપના દાસ છીએ, આપ જેમ કહેશો તેમ અમો કરીશું. વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું કે આપના વિનયથી હું પ્રસન્ન છું. તમે મને તમારા પંડિતજીના દર્શન કરાવો, તો તમારો મોટો ઉપકાર થશે. કુમાર તે વૃદ્ધ બ્રાહ્મણને લઇને નગરમાં ગયા.

પોતાના ઘર તરફ આવતા વૃદ્ધ બ્રાહ્મણને જોઈ કૃપાચાર્ય સામે ગયા, ભક્તિ ભાવથી નમસ્કાર કર્યા, અભ્યાગત બ્રાહ્મણને એવી રીતે ભેટયા કે જાણે બંને એક જ બની ગયા, કૃપાચાર્યે તેમનો ખૂબ જ આદર સત્કાર કર્યો, સિંહાસન ઉપર બેસાડયા, અને કૃપાચાર્ય બોલ્યા' સાક્ષાત્ સરસ્તીના અવતાર સમ આપ મારે ત્યાં પધાર્યા છો, જેથી આજ મારૂં ઘર આપના ચરણકમલથી પવિત્ર થયું છે. આજનો દિવસ મંગલકારક છે. સાથે આવેલા યુવકે કૃપાચાર્યને પ્રણામ કર્યા, કૃપાચાર્યે તેનું આશીર્વચનથી અભિવાદન કર્યું. કુમારોએ પૂછયું કે આપ જેમની ઉપાસના કરો છો તે આ મહાત્મા કોણ છે? કૃપાચાર્યે કહ્યું કે હે કુમારગણ! કલાઓના મંદિર સમાન

આ 'દ્રોણ' ગુરૂ છે જેઓ ધનુર્વેદનું સંપૂર્ણ જ્ઞાન અને રહસ્ય જાણે છે. આ યુવક તેમનો પુત્ર અશ્વત્થામા પ્રસિદ્ધ છે. કુમારોના ગયા બાદ કૃપાચાર્યે શ્રી દ્રોણાચાર્યનું ખૂબ જ અતિથ્ય કર્યું. એકાન્તમાં તેમને વિનંતી કરી કે આપના જેવા ધનુર્વિદ્યાચાર્ય કોઈ નથી, અને આ કુમારો જેવા પ્રતિભા સંપન્ન શિષ્ય પણ બીજે નથી, માટે આપ તેમને શિક્ષણ આપો. જ્યારે કૃપાચાર્યની વાતનો દ્રોણાચાર્યે સ્વીકાર કર્યો ત્યારે કૃપાચાર્ય ભીષ્મની પાસે ગયા, બધી વાત કરી, ભીષ્મે દ્રોણાચાર્યને બોલાવી સુવર્ણ મુદ્રાઓથી તેમનો સત્કાર કર્યો, ધનુર્વિદ્યા કુમારોને શિખવવા માટે વિનંતી કરી, ભીષ્મે પોતાના પૌત્રોને બોલાવી દ્રોણાચાર્યને સુપ્રત કર્યા.

દ્રોણાચાર્યે બધા કુમારોને સમાન રીતે ધનુર્વેદનું શિક્ષણ આપ્યું પરંતુ અર્જુન બધાથી વધારે હોંશિયાર થયો, અર્જુનની ધનુર્વિદ્યા જોઈને કર્ણ પ્રભાવિત થયો, મનમાં જ તેના પ્રત્યે દ્વેષ કરવા લાગ્યો, એક દિવસ દ્રોણાચાર્યે અર્જુનને કહ્યું કે હું તને દુનિયામાં અદ્વિતીય ધનુર્ધારી બનાવીશ, અર્જુનની ઉપર ગુરુની કૃપા તથા તેની ચતુરાઈથી અર્જુન ઉપર દુર્યોધન ખૂબ જ ખિન્ન થયો, દ્વેષ રાખવા લાગ્યો, પાંડવો પ્રત્યેનો દ્વેષ, કર્ણ પ્રત્યેની મિત્રાચારી, દુર્યોધનની વધતી ચાલી.

એક વખત શિક્ષણને માટે રજા હતી, ત્યારે અર્જુન રમવા માટે ધનુષ્યબાણ લઈને પુષ્પકરંડક નામના વનમાં

ગયેા, ત્યાં તેને તરકસની જેમ મુખમાં બાણેાથી ભરેલાં કુતરાને જોયેા, આ પ્રદેશમાં કેાઈ ધનુર્ધારી હશે તેમ માનીને અર્જુન આગળ વધ્યેા, અને શાસ્ત્રાભ્યાસમાં એકચિત્ત બનેલા યુવાનને જોયેા, તેની તેજસ્વિતાથી આશ્ચર્ય અનુભવતેા અર્જુન તેનેા પરિચય પૂછવા લાગ્યેા, ત્યારે તે યુવાને કહ્યું કે હું પલ્લીપતિ હિરણ્ય ધનુષનેા પુત્ર છું. અર્જુનના ગુરુ દ્રોણાચાર્ય મારા પણ ગુરુ છે, આ વાત સાંભળી અર્જુન ખૂબ જ દુઃખી થયેા, નગરમાં પાછેા આવ્યેા, અર્જુન ઉદાસ રહેવા લાગ્યેા, એક દિવસ દ્રોણાચાર્યે અર્જુનને દુઃખનું કારણ પૂછયું ત્યારે તેણે બધી હકીકત કહી સંભળાવી, અને કહ્યું કે 'આપ મને કહેતા હતા કે હું તને જગતમાં અદ્વિતીય ધનુર્ધારી બનાવીશ' પણ આપનું આ વચન મિથ્યા થઈ રહ્યું છે. દ્રોણાચાર્યે કહ્યું કે હે વત્સ ! મારે કેાઈ એવેા શિષ્ય નથી કે જે તારી બરાબરી કરી શકે. તેા પછી તારાથી વધારે તેા શીખેલેા કયાંથી હેાય ? દ્રોણાચાર્યને આ પ્રમાણે કહીને અર્જુન તેમને જંગલમાં તે યુવાનની પાસે લઈ ગયેા, ત્યાં ઝાડની પાછળ ઉભા રહીને દ્રોણાચાર્યે તે યુવાનના હસ્ત કૌશલ્યને જોયું. ત્યાર બાદ તેની પાસે ગયા, 'એકલવ્ય, તેમને પગે પડયેા, ગુરુએ પૂછયું કે વત્સ ! આ શિક્ષણ તેં કયાં મેળવ્યું ? તેણે દ્રોણાચાર્યનું નામ આપ્યું. જ્યારે દ્રોણાચાર્યે કહ્યું કે તારી વાત ખેાટી છે. ત્યારે તેણે અર્જુનને માટીના બનાવેલા દ્રોણાચાર્ય બતાવ્યા, ચંપાના ફૂલેાથી પૂજીત ગુરુમૂર્તિ જોઈને અર્જુને

નમસ્કાર કર્યા, અર્જુને એકલવ્યને પૂછયું કે ભાઇ ! તમે ગુરૂ દ્રોણાચાર્યને કયાં દેખ્યા હતા ? ત્યારે એકલવ્યે કહ્યું કે એક દિવસ ધનુર્વેધ શિખવાની ઇચ્છાથી મેં ગુરુદેવને વિનંતી કરી, પરંતુ તેમણે મને અયોગ્ય સમજીને શિક્ષણ આપવાને માટે મારી વિનંતીનો અસ્વિકાર કર્યો, ત્યારે હું ત્યાંથી આવી આ જગ્યાએ તેમની પ્રતિમાને જ ગુરુ માની ધનુર્વિદ્યાનો મેં અભ્યાસ શરૂ કર્યો. 'એકલવ્યના કહેવાથી બધી વસ્તુસ્થિતિ દ્રોણાચાર્ય સમજી ગયા, અર્જુન પ્રત્યેના વાત્સલ્યભાવથી એકલવ્ય પાસે દ્રોણાચાર્યે ગુરૂદક્ષિણા માંગી, ત્યારે એકલવ્યે કહ્યું કે ગુરૂદક્ષિણામાં મારૂં મસ્તક આપવા તૈયાર છું; ત્યારે ગુરુએ ડાબા હાથના અંગુઠાની માંગણી કરી, ગુરુવચન સાંભળી આનંદિત એકલવ્યે તરત જ છરીથી અંગુઠો કાપીને ગુરુમહારાજના ચરણે સમર્પણ કર્યો, તે વખતે દેવતાઓએ એકલવ્ય ઉપર પુષ્પની વૃષ્ટિ કરી, દ્રોણાચાર્ય અર્જુનને સાથે લઈ નગરમાં ગયા, રસ્તામાં અર્જુને પૂછયું કે આપે શા માટે તેને ધનુર્વિદ્યા ન શિખવાડી ? ત્યારે દ્રોણાચાર્યે કહ્યું કે મારી પ્રતિજ્ઞા અર્જુનને સર્વ શ્રેષ્ઠ ધનુર્ધારી બનાવવાની હતી, ગુરુના વચન સાંભળી અર્જુન પ્રત્યુપકાર માટે પોતાના આત્માને તુચ્છ માનવા લાગ્યો.

બધા કુમારો ઉત્સાહથી શિક્ષણ ગ્રહણ કરવા લાગ્યા, ભીમ અને દુર્યોધન ગદા યુદ્ધમાં નિષ્ણાત બન્યા, બધા કુમારો કલાઓમાં પારંગત બન્યા, એક દિવસ દ્રોણા-

ચાર્યે તાડના ઝાડ ઉપર મોરનું પીછું મૂકાવીને ધનુર્વિદ્યામાં કુમારોની પરીક્ષા લેવાનો વિચાર કર્યો, ગુરૂએ કહ્યું કે નિશાન તરફ ધ્યાન રાખો, હું કહું ત્યારે બાણ ચલાવો, ગુરુની આજ્ઞા સાંભળી કુમારો સાવધાન બની ઊભા રહ્યા, ગુરૂએ એક પછી એક કુમારોને પૂછ્યું કુમારો ! તમે મને, ઝાડને, મોરના પીંછામાં રહેલા ચંદ્રને, તથા પ્રેક્ષકોને જુઓ છો તો ખરા ને ? કુમારોએ કહ્યું કે 'હા, ગુરૂદેવ ! અમે બધાને જોઈ શકીએ છીએ, દરેકના પ્રત્યુત્તરથી ગુરૂ મહારાજને દુઃખ થયું. ગુરૂએ તે બધાને અયોગ્ય માન્યા, અર્જુનને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે હું પીંછામાં રહેલા ચન્દ્રમા સિવાય કોઇને જોતો નથી, અર્જુનના શબ્દો સાંભળી ગુરૂ મહારાજને ખૂબ જ આનંદ થયો, અર્જુનને રાધાવેધોપદેશને માટે યોગ્ય માન્યો, એક દિવસ કુમારોની સાથે દ્રોણાચાર્ય ગંગામાં સ્નાન કરવા ગયા, નદીમાં પ્રવેશ કરતાની સાથે જ ગ્રાહે (જલચર પ્રાણી) ગુરૂજીનો પગ પકડયો, તેમણે બધા કુમારોને ગ્રાહ પ્રાણીથી પોતાને છોડાવવા માટે કહ્યું. બધા કુમારો દ્રોણાચાર્યને મુક્ત કરાવવામાં નિષ્ફળ ગયા, ત્યારે અર્જુને બાંણ મારી ગ્રાહ પ્રાણીને મારી નાખ્યું. અને ગુરૂને મુક્ત કર્યા, દ્રોણાચાર્યે અર્જુનને પારિતોષિકમાં રાધાવેધોપદેશ આપ્યો, અર્જુન ખૂબ જ આનંદિત બન્યો.

કુમારોને કળામાં પારંગત જાણી દ્રોણાચાર્ય ભીષ્માદિ સહિત પાંડુરાજાની પાસે આવ્યા, રાજાએ સત્કાર કર્યો,

સુંદર આસન પર બેસાડયા. દ્રોણાચાર્યે કહ્યુ કે મહારાજ! આપના કુમારો કલાનિષ્ણાત બની ગયા છે. આપ તેમની પરીક્ષા કરો, દ્રોણાચાર્યનું અભિનંદન કરીને વિદુરને નગરની બહાર રંગભૂમિ બનાવવાનું કહ્યું. ગુરૂએ વિદુરજીને રંગભૂમિ યોગ્ય સ્થાન બતાવ્યું. રંગભૂમિ નિર્માણ કરવામાં આવી, રાજા તથા પ્રજાના માટે અલગ પ્રેક્ષાગાર પણ બનાવ્યા, અંતઃપુરની સ્ત્રીઓ માટે અલગ વેદિકાઓ બનાવી, રાજાઓને માટે ઉંચા ઉંચા મંચ બનાવવામાં આવ્યા, પરીક્ષાના દિવસે દૂતો દ્વારા આમંત્રણ આપેલા રાજાઓ આવીને મંચ ઉપર અલંકૃત થયા, ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મની સાથે પાંડુરાજા પણ પ્રેક્ષાગારમાં આવ્યા, પોતાના પુત્રોનું પરાક્રમ જોવા માટે ઉત્સુક કુંતી પણ સત્યવતી વિગેરે સાસુઓની સાથે આવી, કુમારોની શસ્ત્ર પરીક્ષાને જોવા માડે આકાશમાં વિદ્યાધરો પણ પોતાના વિમાનોને થંભાવી એકત્રિત થયા હતા, થોડી વારમાં શસ્ત્રોથી સુસજ્જિત કુમારોની સાથે દ્રોણાચાર્ય કૃપાચાર્ય વિગેરેએ રંગભૂમિમાં પ્રવેશ કર્યો, યુધિષ્ઠિર, ભીમ, કર્ણ, દુર્યોધન, અર્જુન વિગેરેને છોડી બધા કુમારોને પોતાની કલા બતાવવાને માટે ગુરૂએ આદેશ આપ્યો.

હાથી તથા ઘોડા ઉપર બેઠેલા કુમારોએ ધનુર્વિદ્યા, ગદાવિદ્યા, વિગેરે કલાઓમાં પોતાની પ્રવિણતા બતાવી, બધા જ પ્રેક્ષકો આનંદિત થયા, તેઓએ કુમારોની ખૂબ જ પ્રશંસા કરી, રથ ઉપર ચઢીને જ્યારે યુધિષ્ઠિર પોતાની

કલા બતાવવા માટે તૈયાર થયા ત્યારે એકાએક કરોડો આંખો તેમની ઉપર એકીટસે જોઇ રહી હતી, લોકોના મુખથી યુધિષ્ઠિરની પ્રશંસા સાંભળી, પાંડુ રાજાની નજર પણ તેમની ઉપર પડી, ત્યાર બાદ ગદાયુદ્ધોને માટે ભીમ દુર્યોધન રંગભૂમિમાં ઉતરી આવ્યા, સૂર્ય–ચંદ્રની જેમ બંને જણા રંગભૂમિની પ્રદક્ષિણા કરવા લાગ્યા, તે બંનેને જોઈ દેવતાઓ પણ સ્તબ્ધ થઈ ગયા, સભાના ઘણા લોકો ભીમની તો ઘણા લોકો દુર્યોધનની પ્રશંસા કરવા લાગ્યા, તે વખતે ભીમ–દુર્યોધનની પ્રશંસાથી રંગભૂમિ શબ્દમય બની ગઈ, ભીમનો નાશ કરવા માટે દુર્યોધનને દ્વેષ આવ્યો, ક્રોધથી તેની આંખો લાલ બની ગઈ, ભીમે પણ દુર્યોધનના મનોભાવને જાણી લીધો. તેના માથાના વાળ ઊભા થઈ ગયા, બંને એકબીજાની ઉપર પ્રહાર કરી શકયા ન હતા, એટલામાં દ્રોણાચાર્યે અશ્વત્થામાને મોકલી બંનેને યુદ્ધથી રોકયા, બંને પોતપોતાના સ્થાને જઇને બેઠા.

એટલામાં કોલાહલ બંધ કરવા દ્રોણાચાર્યે પ્રેક્ષકોને વિનંતી કરી અને કહ્યું કે જે મને પુત્રથી પણ અધિક વહાલો છે. જે બધી જ શસ્ત્રવિદ્યામાં પારંગત છે, અરે! મારા પ્રાણથી પણ અધિકપ્રિય છે. એવા અર્જુનને આપ સર્વે જુઓ, સાક્ષાત્ ધનુર્વેદ સમાન લાગતો અર્જુન પોતાના સ્થાનેથી ઉઠીને રંગમંચ ઉપર આવ્યો, ધૃતરાષ્ટ્ર અને પાંડુરાજા અર્જુનની પ્રશંસા સાંભળી હર્ષિત બન્યા, કુંતીની આંખોમાંથી આનંદાશ્રુ પડવા લાગ્યા, તે વખતે

બધાના મુખ પૂર્ણિમા જેવા બની ગયા, કેવળ ગાંધારીનું મુખ અમાવાસ્યા જેવું બની ગયું. અર્જુને જ્યારે હસ્ત કૌશલ્ય બતાવ્યું, ત્યારે મનુષ્ય તો શું પણ દેવતાઓ ક્ષુબ્ધ બની ગયા, ત્યારબાદ અર્જુને ચક્ર, પ્રાસ, ગદા, ખડ્ગ આદિ શસ્ત્રોમાં પોતાની કુશળતા બતાવી, રાધાવેધ, વારૂણ, આગ્નેય વિગેરેના પણ પ્રયોગો કરી બતાવ્યા, પ્રેક્ષકોએ જ્યારે અર્જુનનો જયઘોષ કર્યો ત્યારે પ્રલય-કાળના ભયંકર વરસાદની જેમ ગર્જના કરતો કર્ણ રંગભૂમિમાં આવ્યો, બધા જ પ્રેક્ષકો આશ્ચર્યથી ઉભા થઇ ગયા, તે જ વખતે દ્રોણાચાર્યની ચારે તરફ પાંચ પાંડવો ઉભા હતા. અશ્વત્થામા સહિત નવાણું ભાઈઓ દુર્યોધનને ઘેરી ઉભા હતા, કર્ણે-દ્રોણાચાર્ય તથા કૃપા-ચાર્યને પ્રણામ કર્યા. અર્જુન પ્રત્યે બોલ્યો, હે પાર્થ ! તમે બતાવેલ શસ્ત્રાસ્ત્ર કૌશલ્યને શ્રેષ્ઠ ન માનશો, હું જે કરૂં છું તે તમો જુઓ, કહીને કર્ણે પણ અર્જુનથી શ્રેષ્ઠ કલા કૌશલ્ય બતાવ્યું. દુર્યોધને ઉઠીને કર્ણને આલિંગન કર્યું. અને તેને જગતનો અદ્વિતીય પરાક્રમી બતાવ્યો, દુર્યોધને કર્ણને કહ્યું કે આ રાજ્ય, મારો પ્રાણ અને કુરૂકુલલક્ષ્મી, એ બધું જ આપનું છે. તમને જે જોઈએ તે આપવા માટે હું તૈયાર છું. કર્ણે દુર્યોધનની સાથે મિત્રતાની માંગણી કરી, અર્જુન ક્રોધમાં આવ્યો. તેણે કર્ણને યુદ્ધનું આમંત્રણ આપ્યું. કર્ણે પણ યુદ્ધનું આમંત્રણ સ્વિકાર્યું. તે વખતે થોડા લોકો અર્જુનના પક્ષપાતી તથા થોડા લોકો કર્ણના પક્ષપાતી બન્યા,

કર્ણની સામે અર્જુનના પક્ષપાતી તથા થોડા લોકો કર્ણના પક્ષપાતી બન્યા, કર્ણની સામે અર્જુન કોણ છે? આ પ્રમાણે દુર્યોધનાદિ માનવા લાગ્યા, જ્યારે ભીમ વિગેરે અર્જુન સામે કર્ણ કોણ છે? તેમ માનવા લાગ્યા, કુંતી પુત્રપ્રેમથી વિહ્વલ બનીને જમીન ઉપર મૂર્છિત અવસ્થામાં પડી ગઈ, વિદુરજીએ ચંદનાદિ ઉપચારોથી તેને શાંત કરી, યુદ્ધની ગતિ વિચિત્ર હોય છે. આ પ્રમાણે વિચારતા પાંડુના મુખ ઉપર ગ્લાનિ આવી ગઈ, તે જ વખતે કૃપાચાર્યે કર્ણને કહ્યું, કુંતી કુક્ષીરૂપ સરોવરનો હંસ, કુરૂવંશનું પાણીદાર સુંદર મોતી, પાંડુરૂપ સુમેરૂથી ઉત્પન્ન કલ્પવૃક્ષ સમાન અર્જુનને અમે ઓળખીએ છીએ, અર્જુનની સાથે યુદ્ધ કરવા માટે તારા હાથમાં બળ જ આવે છે, તો તું પણ તારા માતા, પિતા, કુલ વિગેરેને જણાવ, તલવારની ધારથી પણ તીક્ષ્ણ શબ્દો કૃપાચાર્યના સાંભળી દુર્યોધન ઉઠીને બોલ્યો કે કુલ, માતા અથવા પિતાથી શું કામ છે? મનુષ્યનું ગૌરવ તો ગુણથકી અંકાય છે. કર્ણ તો પોતાની વીરતા અને બળથી જ અર્જુનની સાથે યુદ્ધ કરી શકે છે, 'જે રાજા નથી તેની સાથે યુદ્ધ અર્જુન નહી કરે' તેમ જો કહેતા હો 'તો' હમણાં જ હું કર્ણને અંગ દેશનો રાજા બનાવું છું. આ પ્રમાણે બોલતા દુર્યોધને પુરોહિતને બોલાવી તીર્થજળ મંગાવી અંગરાજ્ય ઉપર કર્ણનો અભિષેક કર્યો, કર્ણે જ્યારે દુર્યોધનને ઉપકારનો બદલો મેળવવા માટે વિનંતી કરી, ત્યારે દુર્યોધને કાયમ,

અવિચળ, મિત્રતાની વાત કરી, ત્યારે કર્ણે કહ્યું કે મિત્રતાની તો વાત જ શું ? આપ મારા પ્રાણ પણ માંગી શકો છો, દુર્યોધન પ્રેમથી કર્ણને ભેટી પડયો. બાદ અંગરાજ કર્ણે ફરીથી યુદ્ધ કરવા માટે અર્જુનને આહ્વાન આપ્યું.

પોતાના પુત્રને અંગદેશનો રાજા બનેલો જાણી 'અતિરથિ' સારથિ કર્ણને ભેટવા માટે આવ્યો, કર્ણે દૂરથી પિતાજીને આવતા જાણી ધનુષ્ય નીચે મૂકી દોડતો પિતાજીના પગે પડયો અને પ્રણામ કર્યા, પિતાજીને દેવ સમાન કોણ નથી માનતું ?

'અતિરથિ' સારથિએ હર્ષથી સજળનયને કર્ણને અભિષેક કર્યો, તેને પોતાના પગ પાસેથી ઉઠાડીને ભેટી પડયા, તેના મસ્તકે ચુંબન કર્યું તે વખતે ભીમે કર્ણને કહ્યું સારથિપુત્ર ! તું અર્જુનથી શું લડવાનો હતો ? તું તો ધનુષ્ય બાણ છોડી તારા કુલને ઉચિત ચાબૂક ગ્રહણ કર. દુર્યોધને શબ્દોથી ભીમને ફટકાર્યો, અને કહ્યું કે જે વીર હોય છે, તેના કુલની ગણત્રી નથી થતી, સમુદ્રને પીવા-વાળા અગસ્ત્યજીના કુલને તું નથી જાણતો ! અહીં પણ કાંઈક રહસ્ય હશે, સારથિના કુલમાં દિવ્ય પ્રકારના અંગ લક્ષણવાળા કર્ણનો જન્મ સંભવિત નથી.

તે વખતે અતિરથિએ દુર્યોધનને કહ્યું કે આ મારો સગો પુત્ર નથી. આ પુત્રરત્નને મેં જેવી રીતે પ્રાપ્ત કર્યો છે,

તે તમો સાંભળો, એક દિવસ. સવારના ગંગાના કિનારે ગયો હતો. ત્યાં ગંગામાં તરતી પુણ્ય લક્ષ્મી સમાન એક પેટી જોઇ. પેટી મેં લઈ લીધી. ઘેર આવીને પત્નીની સામે પેટી ખોલી ત્યારે અગ્નિ સદૃશ ચમકતા કુંડલ સહિત સિંહ સમાન દેખાવવાળા બાળકને મેં જોયો, તે વખતે મારી પત્નીએ કહ્યું કે આજે રાતના પાછલા પહોરે મેં સ્વપ્નમાં સૂર્ય નારાયણને જોયા, તેમણે મને કહ્યું કે આજે તને પુત્રરત્નની પ્રાપ્તિ થશે, ત્યાર બાદ મારી પત્નીએ પેટીમાંથી બાળકને બહાર કાઢી, પોતાની ગોદમાં લીધો, કાનની નીચે હાથ રાખીને સૂઇ જતો હોવાથી અમે તેનું નામ 'કર્ણ' રાખ્યું. સ્વપ્નમાં સૂર્યનારાયણથી આપવામાં આવેલ હોવાથી તેનું બીજું નામ સૂર્યપુત્ર પણ રાખ્યું, તેનો જન્મ કોઈ રાજકુલમાં થયેલો છે.

અતિરથિના મુખથી કર્ણની વાત સાંભળી બધા વિચારમાં પડી ગયા, કુંતીએ વિચાર કર્યો કે ભાગ્યથી પુત્ર જીવિત છે. પોતાના આત્માને ધન્ય માનવા લાગી, સમય આવેથી યુધિષ્ઠિર વિગેરેને કર્ણનો પરિચય આપીશ.

દુર્યોધને પોતાનો હાથ ઉંચો કરી ઘોષણા કરી કે મેં આજે કર્ણને અંગદેશનો રાજા બનાવેલ છે. જે પોતાનો પુરૂષાર્થ બતાવવાની ઇચ્છા રાખતા હોય તે કર્ણની સાથે લડવા તૈયાર થાય, દુર્યોધનની વાત જાણી પાંડુપુત્રો ક્રોધમાં આવી ગયા, ભયંકર કોલાહલ મચ્યો, દ્રોણાચાર્યે કહ્યું કે

કલા પરીક્ષામાં યુદ્ધ અનુચિત છે. દ્રોણાચાર્યે યુદ્ધને રોકયું. પ્રેક્ષાગારમાંથી કંઇક અર્જુનની, કંઇક કર્ણની, કંઇક દુર્યોધનની પ્રશંસા કરતા પ્રેક્ષકો ઘેર જવા રંગમંડપમાંથી નીકળ્યા, ત્યારબાદ દરરોજ સાથે રહેવા છતાં કુમારો એક બીજાના છિદ્રો જોતા હતા.

ત્રીજો સર્ગ સમાપ્ત :

સર્ગ : ૪થો

એક વખત અવદાત લક્ષ્મીવાળા. વિશાલવક્ષઃ સ્થલવાળા, શત્રુઓને મુળથી ઉખાડી નાખનાર, પાંડુરાજા સભામાં આવ્યા, શરદ પૂર્ણિમાના ચન્દ્રમાની જેમ પૂર્ણ કાંતિવાળા, પાંડુરાજા સુમેરૂ શિખર સમાન, સુવર્ણમય સિંહાસન ઉપર બેઠા, તેઓએ રત્નમય બે વલયો, હાર, મુકુટ તથા કુંડલ ધારણ કર્યા હતા, તેમની ચારે તરફ સામન્તો બેઠા હતા, મૂર્તિમંત કામરસથી સર્જન પામેલી વારાંગનાઓ સભાની શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી, ગાંગેય ધૃતરાષ્ટ્ર વિગેરે વડીલ જનો રાજાને ગૌરવાન્વિત કરવા માટે સિંહાસન ઉપર બેઠા હતા, બધા શ્રોતાજનોના કાનને આનંદ આપવાવાળી સ્તુતિ બોલાતી હતી, મોટા મોટા કવિઓ રાજાની, રાજ્યની, કુરૂવંશની પ્રશસ્તિ કરતા કાવ્યો બોલતા હતા, કથાકારો ભરતાદિરાજાઓની પાપનો નાશ કરવાવાળી કથાઓ કહેતા હતા, તેટલામાં દ્વારપાળે આવી હાથ જોડીને કહ્યું રાજન ! દ્રુપદ રાજાનો દૂત દ્વાર પાસે ઉભો છે, ગાંગેય ધૃતરાષ્ટ્ર વિગેરે વડીલો જનોની સંમતિ લઈને રાજાએ દૂતને રાજસભામાં આવવા માટે સંકેત કર્યો.

ઇન્દ્રસભાને લજ્જિત કરનાર પાંડુરાજાની સભામાં દૂતે પ્રવેશ કર્યો, વિનયપૂર્વક રાજાને નમસ્કાર કરી, એક આસન ઉપર દૂત બેઠો, માથું નમાવીને કહ્યું કે દેવ! રાજા દ્રુપદે મને આપની પાસે મોકલાવેલ છે. તેમને પ્રાણથી પણ અધિક પ્રિય દ્રૌપદી નામે એક પુત્રી છે. તે પોતાની પુત્રીને જેમ તેમ અને ગમે તે જગ્યાએ આપવાની ઇચ્છા રાખતા નથી, તેઓએ જાહેર કર્યું છે કે 'જે વીરપુરૂષ રાધાવેધ કરશે, તેને જ મારી કન્યા આપીશ, સમસ્ત વિશ્વને આનંદ આપનાર ધનુર્વેદ વિશારદ આપનો પુત્ર છે, માટે અદ્વિતીય ધનુર્ધારી આપના પુત્રોની સાથે આપ જરૂરથી સ્વયંવર ભૂમિને શોભાવવા પધારશો, ગાંગેયાદિની સાથે વિચાર કરીને પાંડુરાજાએ દૂતની વિનંતીનો સ્વિકાર કર્યો, રત્ન, કુંડલ, કેયૂર, કંકણ વિગેરે અલંકારોથી તેનો સત્કાર કરી, આનંદપૂર્વક દૂતને પાંડુરાજાએ વિદાય આપી.

સેના સહિત ભૂમંડલને કંપાયમાન કરતા પોતાના પુત્રો સાથે પાંડુરાજાએ કાંપિલ્યપુર જવા માટે પ્રસ્થાન કર્યું. મદ ઝરતા, ગર્જનાથી મયૂરને નચાવતા હાથી ઉપર રાજા સ્વાર થયા હતા, રાજાએ પ્રસ્થાન સમયોચિત રેશમી વસ્ત્ર તથા છત્રને ધારણ કરેલું હતું. યુધિષ્ઠિરાદિ પાંચ પાંડવો તથા દુર્યોધન વિગેરે 'સો' કૌરવો વાહન પર આરૂઢ થઈને, રાજાની સાથે ચાલ્યા, ગંગા ભગીરથીની જેમ ચતુરંગી સેના રાજાની પાછળ ચાલવા લાગી, સેનાઓનો કલરવ, પર્વતોની ગુફાઓને ભેદી આકાશમાં વ્યાપ્ત થયો, સ્વયંવર જોવાની ઇચ્છાવાળી ધ્વજાઓ

આગળ ચાલતી હતી, સામંતોથી પરિવરેલો રાજા ઇંદ્રની જેમ શોભતો હતો, પાલખીમાં બેઠેલી કુંતી અને માદ્રીથી રાજા ગંગા અને પાર્વતી સહિત શંકરની જેમ શોભાયમાન લાગતો હતો, અન્તઃપુરની સ્ત્રીઓ સહિત ધૃતરાષ્ટ્ર વિગેરેથી દેદીપ્યમાન લાગતો હતો, જ્યારે સેના નગરની બહાર આવી ત્યારે ગંગાનદીના કિનારે વસતા પ્રજાજનોએ સ્નેહભાવથી રાજાનું આતિથ્ય કર્યું.

રસ્તામાં રથ, હાથી, ઘોડા વિગેરે લઈને સામે આવેલા સામંતોને રાજાએ સ્નેહભરી દ્રષ્ટિથી આનંદિત કર્યા, મનોહર નદી, પર્વતો, સરોવર વિગેરેને પાર કરતી સેનાએ ઘણો માર્ગ કાપી નાખ્યો.

પાંડુરાજા જ્યારે કાંપિલ્યનગરની સીમાએ આવ્યા, ત્યારે દ્રુપદરાજાએ પાંડુરાજાનું સ્વાગત કર્યું. દ્રુપદરાજાએ મણિમયભૂમિમાં દેવવિમાનોને લજ્જિત કરનાર વિશાલકાય મંચોને બનાવ્યા હતા.

સ્વયંવરની અદ્‌ભુત રચના જોઇને વિશ્વકર્માએ પોતે જ તે શિલ્પીઓના શિલ્પ બનાવવાનો વિચાર કર્યો હતો, નાનારત્નમય એક પછી એક મંચ જોનારને મનમાં થતું કે શું દ્રુપદે કુબેરના ભંડારમાં લૂંટ કરીને આ બધું નિર્માણ કર્યું હશે ? આ પ્રકારની ભ્રાંતિ, જોનારને થયા વિના રહેતી જ નહી. સ્વયંવરની શોભા જોઈને દેવતાઓને સ્વર્ગના વૈભવમાંથી રસ ઊડી ગયો.

જંબૂદ્વિપની મધ્યમાં જેમ મેરૂ પર્વત છે, તેમ રીતે દ્રુપદરાજાએ સ્વયંવર મંડપની મધ્યમાં એક રત્નમય સ્તંભ નિર્માણ કર્યો હતો. તેના ઉપરના ભાગમાં બંને તરફ ફરતા નક્ષત્રચક્રોની જેમ અદ્વિતીય શોભાયમાન ચાર ચાર રત્નચક્ર ફરતા હતા, તે ચક્રોની ઉપર નીચા મુખવાળી 'રત્ન પાંચાલી નામે પુતલી ફરતી હતી, જે પુતલીનું પ્રતિબિંબ નીચે પડતું હતું, સ્તંભની નીચે વજ્રસારોથી નિર્મિત દેવતાઈ અધિષ્ઠિત ધનુષ્ય રાજાએ મૂકાવ્યું હતું.

નિમિત્તજ્ઞોના કહેવાથી, ઉચ્ચસ્થાને પૂર્ણ શુભગ્રહોથી દૃષ્ટ, શુભલગ્નમાં રાજાએ સાંજના પ્રત્યેક રાજાની પાસે દૂતને મોકલાવી સવારના સ્વયંવર મંડપમાં પધારવા માટે આમંત્રણ આપ્યું. તે વખતે સૂર્યે દ્રૌપદીને વિભૂષિત કરવા માટે રત્નસાર લાવવા માટે રત્નાકર (સમુદ્ર) માં પ્રવેશ કર્યો, (અસ્ત થયો) અમે બહુ દૂર રહેવાવાળી દ્રૌપદીનો સ્વયંવર નહી જોઈ શકીએ, એ શોકમાં દિશા-ઓના મુખ શ્યામ થઈ ગયા, (સૂર્યાસ્ત થઈ જવાથી અંધકાર ફેલાયો) દ્રૌપદીને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા રાજાઓની કળાઓ (ચેષ્ટાઓ) જોવા માટે કલાનિધિ ચંદ્રમાએ અંબરમાં પ્રવેશ કર્યો, દ્રૌપદીના નેત્રની ઉપમા 'હું' જ છું; તેના હર્ષમાં સરોવરમાં કમલ ખિલખિલાટ હસવા લાગ્યા, દ્રૌપદીને મેળવવાની સ્પર્ધામાં રાજાઓના હૃદયમાં કામદેવે એક સાથે બાણ માર્યા.

કેટલાક રાજાઓ પોતાના મિત્રોને કહેવા લાગ્યા. હે મિત્ર ! દ્રૌપદી મારા ખોળામાં જ રમે છે, એમ માની લે. કેટલાક રાજાઓ બોલવા લાગ્યા કે હે મિત્ર ! મારા ગળામાં રહેલો હાર, અગ્નિની જેમ બળે છે, ચંદ્રમા સૂર્યની જેમ સંતાપ આપે છે, ચાંદની અંધકાર જેવી ભાસે છે, કમળ તો રીસામણીના પાંદડાની જેમ જ મને લાગે છે, એક ઘડી પ્રહર જેવી, પ્રહર રાતના જેવો, રાત્રિ વર્ષ સમાન લાગે છે, મિત્રે પૂછયું કે આમ કેમ ? ત્યારે કહ્યું કે હે મિત્ર ! કોઈ બીજા દ્વિપમાં સૂર્ય બીજાનો સ્વયંવર જોવા ગયો છે, નહિતર સૂર્ય વહેલો ઉગે કેમ નહિ ? આ પ્રમાણે દ્રૌપદીને પ્રાપ્ત કરવાની ભાવનાવાળા રાજાઓની એક રાત્રી કરોડો પ્રહરવાળી બની ગઈ હતી.

પાંડુરાજા પોતાના પુત્રોની વીરતાને જાણી–સમજી–નિરાંતે ઉંઘી ગયા હતા, પાંડવોના સુંદર સ્વરૂપને જોઈ દ્રુપદરાજા વારંવાર વિચારતો કે 'સ્વયંવર ન રચ્યો હોત તો દ્રૌપદી માટે મનમાન્યો ભર્તાર મેળવી શકાત' આ વિચારોમાં અટવાઈ ગયા, સ્વયંવર માટે પોતે કરેલી પ્રતિજ્ઞાની નિંદા કરી, રાત્રી આવા વિચારોમાં પસાર થઈ ગઈ, પોતાના પતિદેવ સૂર્યનું આગમન જણાવતી પૂર્વદિશાએ વિવિધરંગીસાથિઆ અંબરમાં પૂર્યા, અને પૂર્વદિશા લાલરંગવાળી સોહામણી બની શોભવા લાગી, આકાશમંડલમાં કાંતિહીન બનીને રહેવું ઠીક નથી, તેમ વિચારી ચંદ્ર દેશાંતર માટે ચાલી ગયો, સૂર્યએ પોતાનું

સામ્રાજ્ય આકાશમાં જમાવી દીધું. અને પ્રચંડ પ્રકાશથી જગતને ઝળહળતું બનાવી દીધું.

મનોહર વેશભૂષા પરિધાન કરી રાજાઓનો સમૂહ મંચ ઉપર આવીને બેસવા લાગ્યો, કલ્પવૃક્ષના અંકુરાની સમાન પ્રશંસાને યોગ્ય બાહુબળવાળા કુમારોને આગળ કરીને પાંડુરાજા પણ સ્વયંવરમાં આવ્યા, નિલકાન્ત મણિમય સુંદર સિંહાસન ઉપર જઈને પાંડુરાજા બેઠા, મૂર્તિમાન, ન્યાયી, ઉત્સાહી, તેજસ્વી, કીર્તિશાળી અને કામદેવને જીતવાવાળા તે કુમારોને જોઈ રાજાઓના મનમાં પોતપોતાના રાજ્યોની પણ શંકા થઈ આવી, તે બધા કુમારોમાં વિશેષ કરીને સાક્ષાત્ ધનુર્વેદ નિષ્ણાત મૂર્તિમાન, વીરરસથી ભરપૂર, અર્જુનને જોઈ રાજાઓ પોતાના સ્વરૂપને પણ ભૂલી ગયા, સુકાયેલા ઝાડના સમૂહમાં જેમ કલ્પવૃક્ષ શોભે છે, તેમ રાજાઓમાં પાંડુરાજા શોભવા લાગ્યા.

નિત્યયૌવના દ્રૌપદીને સ્વયંવર સ્થાનમાં લાવવાને માટે દાસીઓએ સુંદર રીતે શણગારી હતી, અલતાના રસથી કમળની પાંખડીની જેમ શોભતી હતી, તેણીનું શરીર રત્નમય અલંકારોથી દેદીપ્યમાન લાગતું હતું. જ્યારે સ્ત્રીઓના કોમળ અવાજથી મિશ્રિત માંગલિક વાદ્યો વાગવા લાગ્યા, ભાટચારણો રાજાની સ્તુતિ કરતા હતા, તે વખતે માણસોથી ઉઠાવવામાં આવેલી પાલખીમાં બેસીને રાજપુત્રી દ્રૌપદી સ્વયંવરભૂમિમાં આવી.

બધા રાજાઓ ને રાજકુમારોની દૃષ્ટિ એક સાથે દ્રૌપદી ઉપર પડી. તે લોકોએ પોતાના મનને જ દૂત બનાવી દ્રૌપદી પાસે મોકલ્યું. રાજપુત્રીને જોઈ પોતાના મિત્રો ઉપર પણ રાજાઓ ક્રોધ કરવા લાગ્યા, દ્રૌપદીને જોઈ રાજાઓ કલ્પના કરવા લાગ્યા કે આને બનાવવાવાળી વિધાતાએ તો હદ કરી છે. ગૌરી અને લક્ષ્મી પણ આની સામે શ્યામ દેખાય છે. આની રચના કરનાર કોઇ નવિન વિધાતા હશે. શું કમળમાં રહેવાવાળી લક્ષ્મી આની તુલના કરી શકે તેમ છે ? તે જાણવા માટે કોઈએ કમલ તરફ દૃષ્ટિ કરી, કદાચ દ્રૌપદી મારા સિવાય બીજાના હાથમાં જાય તો હું તેની પાસેથી પડાવી લઈશ, એમ વિચારી કોઈ એક દેશના રાજાએ પોતાના બળા તથા ભૂજા તરફ નજર નાંખી, અરે ! મારી ચારે તરફ કામદેવના બાણો કેમ પડયા છે ? આવા વિચારમાં કોઈ રાજા પોતાની બગલમાં જોવા લાગ્યા, આ પ્રમાણે રાજાઓ પોતપોતાના મનમાં વિવિધ પ્રકારના ભાવો ભાવતા હતા, તે જ વખતે દ્રૌપદીએ પોતાની સ્વભાવ સરલ દૃષ્ટિ રાજાઓની તરફ કરી, મનોહર આકૃતિવાળા પાંચે પાંડવોને જોઈ તેણી બૂબ જ આનંદિત બની, પરંતુ રાજા દ્રુપદની રાધાવેધની પ્રતિજ્ઞા મનમાં આવવાથી તેણીને બૂબ જ દુઃખ થયું. ત્યારબાદ રંભાની જેમ સુવર્ણમય રાધાવેધના સ્તંભની નીચે ગઈ, પ્રતિબિંબ પડવાથી એક નહિ પણ અનેક દ્રૌપદી દેખાવા લાગી.

તે જ વખતે કોલાહલને શાંત કરી હાથ ઉંચો કરી દ્રુપદ રાજાનો પુત્ર અને દ્રૌપદીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન રાજાઓ તરફ હાથ ઉંચો કરીને બોલ્યો કે–સૂર્ય–સિદ્ધ ગાન્ધર્વો –વિદ્યાધરો અને પૃથ્વી પર રહેલા તમામ મનુષ્યોની સાક્ષીએ કહું છું કે અમારા કુલના અલંકારરૂપ દેવતાઓથી સેવાયેલ આ ધનુષ્યને ઉઠાવી જે રાજા રાધાવેધ કરશે, તેમને તેમની વીરતાના પુરસ્કારરૂપમાં હું અદ્‌ભુત સૌભાગ્યશાલિની મારી બ્હેન આપીશ.

ત્યારબાદ ધનુષ્યારોપણ માટે ઉઠતા રાજાઓનો પરિચય દ્વારપાલ દ્રૌપદીને આપવા લાગ્યો, હે દેવી! આપની આશામાં આ 'દમદંત' રાજવી ખૂબ જ પરાક્રમી છે, તેમની ભૂજાઓમાં વીરવલય શોભે છે. પરંતુ સામેથી છીંક થઈ છે. એટલે પોતાના આસને પાછા બેસી જાય છે.

હે સુનયને! આ મથુરાપતિ 'ધર' નામના રાજા છે. જલક્રીડામાં તેમની સ્ત્રીઓના નેત્રનું કાજલ ધોવાઈ જવાથી યમુના નદીના પાણી કાળા થઈ ગયા છે. ગોવર્ધનપર્વતની ગુફાઓ તેઓનું ક્રીડા સ્થાન છે. કયા કારણથી તેઓ મંચ ઉપરથી ઉતરીને પાછા બેસી ગયા?

હે મૃગનયને! આસન ઉપરથી ઉઠનાર આ 'વિરાટ' રાજા છે. લક્ષ્મીએ તેમના ઘરમાં કાયમને માટે વિશ્રામ લીધો છે. તેમના હાથનો સ્પર્શ થતાં જ ધનુષ્ય એકદમ બાણો છોડવા તૈયાર થાય છે. અને તેમની કીર્તિને

જન્મ આપે છે. આ રાજા ઘણા દૂરથી આવેલા છે. પણ ચિત્રામણમાં ચિતરેલા માનવચિત્રની જેમ કયા કારણથી સ્થિર બની ગયા છે ?

દેવી ! દુશ્મનોના હૈયામાં કાંટાની જેમ ખૂંચતા આનન્દીપુરના રાજા 'શલ્ય' છે, તેમની તલવાર જોઈને શત્રુઓના કપાળમાંથી પરસેવો છૂટે છે, પરંતુ સ્તંભની ચમકતી જ્યોતિમાં તેમની આંખ એટલી બધી પ્રભાવિત થઇ ગઈ છે કે તેઓ ધનુષ્ય પણ જોઈ શકતા નથી ?

દેવી ! જરાસંધ પુત્ર સહદેવકુમાર છે. અગ્નિથી પ્રદિપની જેમ, ઈન્દ્રથી જયંતની જેમ, આ મહાતેજસ્વી જરાસંધથી ઉત્પન્ન થયેલ છે, પરંતુ ધનુષ્યની પાસે જઈને પણ ઉઠાવવા માટે કેમ કચવાટ કરે છે, તેની ખબર પડતી નથી ?

કૃશાંગિ ! જુઓને આ 'ચેદીશ્વર' શિશુપાલ ઊઠે છે. બાણોનો વરસાદ વરસાવતા તેમણે રૂક્મણિહરણના સમયે કૃષ્ણનાં મનમાં પણ શંકા ઉત્પન્ન કરી હતી, પરંતુ ધનુષ્યને ઉપાડવામાં અશકત બનવાથી રાજાઓ તેમની મશ્કરી કરી રહ્યા છે.

દેવી ! જુઓ આ અંગદેશના રાજા કર્ણ આવી રહ્યા છે. ધનુર્વેદના પૂર્ણ જ્ઞાતા છે, યુદ્ધમાં ધનુષ્યમાંથી બાણ તો પછી છૂટે છે પણ શત્રુઓ તેમને જોઈને જ મૃત્યુ શરણ થાય છે. તેમના યુદ્ધને દેવતાઓ પણ એકીટસે

જોયા કરે છે, પ્રતિહારીની વાત સાંભળી દ્રૌપદીએ મનમાં વિચાર કર્યો કે હમણાં આના જેવો બીજો કોઈ ધનુર્ધારી નથી, અદ્વિતીય અને અદ્‌ભુત છે. પુત્રની સમાન તેની રચના કરીને વિધાતા શું મને ઠગવા માટે આવી છે? હું કુલદેવતાઓને પ્રાર્થના કરું છું કે મારું મન પાંડુપુત્રો સિવાય કયાંય જાય નહી, કર્ણએ ઘણી મુશ્કેલીએ ધનુષ્ય ઉપાડયું, પણ રાધાવેધ ન કરી શકયો, રાધાપુત્ર હોવાથી રાધાવેધ કરે પણ કેવી રીતે?

પ્રદ્યુમ્ન, શાંબ વિગેરે પરાક્રમી કુમારોની સાથે અત્યાર સુધી કોઈપણ કારણથી કૃષ્ણ ઉદાસિન ભાવે બેઠા છે, જેઓએ યમરાજને 'કંસ' નું ભોજન કરાવ્યું. ચાણૂર આદિને માર્યા, કંસની સ્ત્રીઓને વૈધવ્યપણું પ્રાપ્ત કરાવ્યું. જેમના શત્રુઓની સ્ત્રીઓ આંખમાંથી આંસુ વહાવતી પોતાના મૃત પતિદેવને તિલાંજલી આપી રહી છે, એવા કૃષ્ણ પોતે ઉઠતા નથી પણ પોતાના પુત્રોને રોકી રહ્યા છે.

જુઓ! ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન પોતાની માતા ગાન્ધારીના રોમાંચની સાથે ઉભો થઈ રહ્યો છે. કુરૂવંશ જેના બાહુરૂપી પહાડનું આલંબન લઈને સંપત્તિ રૂપ લતાઓને વધારી રહ્યું છે. જેનું નામ સાંભળી શત્રુઓ નમ્ર બની જાય છે. સામે આવતા જ નથી, પરંતુ અહીં તો દુર્યોધન ધનુષ્યને બીજા પ્રકારનો નમસ્કાર કરી રહ્યો છે, બીજા પણ દુઃશાસન વિગેરે નવાણું ધૃતરાષ્ટ્રના

પુત્રો ખિન્નવદને બેઠા હતા, આ 'ભાગદત્ત,' અશ્વત્થામા, "ભૂરિશ્રવા, શલ, જયદ્રથ' 'મહાસેન, ચારૂદેષ્ણ વિગેરે અલવાનો મનમાં જ વિચાર કરીને ઉઠવાની હિંમત પણ નહોતા કરતા.

દેવી ! જુઓ, કૃષ્ણના સંકેતથી મનમાં આનંદ પામતા પાંચે પાંડુ પુત્રો ધનુષ્યની તરફ ચાલ્યા, જેમ પાંચે ઇંદ્રિઓથી શરીર શોભે છે, તેમ પાંડુરાજા પોતાના પાંચ પુત્રોથી શોભે છે, સૂર્ય–ચંદ્રની જેમ જેમાં શાંત અને વીરરસ બંને છે, તેવા અજાતશત્રુની સ્તુતિ પણ કોણ કરી શકે ? યુદ્ધમાં યમરાજાની જેમ શત્રુઓની સામે નકુલ અને સહદેવ કેવા શોભે છે ? સિંહની ગર્જના જેવી રીતે હાથીઓને ભય પમાડે છે તેવી જ રીતે ભીમ અને અર્જુનનું નામ પણ ભય પમાડે છે, જે ભીમ લાકડાના દંડાની જેમ હાથીઓની સાથે ક્રીડા કરે છે. અર્જુનનું બાણ શત્રુઓના પ્રાણ હરે છે. ધનુષ્યમાંથી બાણને છૂટયા પહેલાં જ ભયના માર્યા દુશ્મનના પ્રાણ ચાલ્યા જાય છે. શત્રુઓના હૃદયને અર્જુનનું બાણ ફાડી નાખે છે. પરંતુ શત્રુરાજાની સ્ત્રીના વક્ષ–સ્થળ ઉપરથી સુવર્ણના, રત્નોના, હાર પણ પડી જાય છે. આવા પાંડુ પુત્રોને જોઈ કોને આનંદ ન થાય ? આ પ્રમાણે જ્યારે દાસી બોલી રહી હતી, એટલામાં અર્જુન સ્તંભની પાસે આવ્યો, તે વખતે અર્જુનની ઉપર બધાની દૃષ્ટિ પડી, અર્જુને ધનુષ્યને પ્રદક્ષિણા તથા પ્રણામ કરીને મોટા ભાઈની આજ્ઞાથી સીધું ઉપર ઉઠાવ્યું.

ભીમે અભિમાનથી કહ્યું કે અર્જુનના આ અદ્‌ભૂત કાર્યથી જે વીર, પરાક્રમી રાજાને માથાનો દુઃખાવો ઉત્પન્ન થયો હશે, તેની ચિકિત્સા કરવા માટે મારી આ ગદા તૈયાર છે. રાજાઓના અભિમાનને અર્જુને જે રીતે નમાવ્યા હતા, તેવી જ રીતે ધનુષ્યને નમાવ્યું. તે વખતે મિત્રોના મુખકમલ કાંતિમાન બન્યા, પરંતુ દુશ્મનોના મુખકમલ શ્યામલ થઈ ગયા, કુન્તીના અંતરમાં જેટલી પ્રસન્નતા આવી તેનાથી વધારે ખિન્નતા ગાન્ધારીના અંતરમાં આવી, યુધિષ્ઠિર આદિની આંખો આનંદથી ભરાઈ ગઈ, જ્યારે દુર્યોધન વિગેરેની આંખો રોષથી ભરાઈ ગઇ, દ્રૌણાચાર્યે પાંડુ, ધૃતરાષ્ટ્ર, અને ભીષ્મને કહ્યું કે હવે આપ સર્વે અર્જુનની ધનુર્વિદ્યાને સાવધાનીથી જુઓ, અર્જુને તેલથી ભરેલા કુંડમાં ચક્રોના આરાને પ્રતિબિંબિત થતા જોયા, તેનું લક્ષ્ય બિંદુ સાંધી 'રત્ન પાંચાલી, (રાધા)ની જમણી આંખનો વેધ કરી નાખ્યો.

તે વખતે સ્વયંવર મંડપમાં રહેલા રાજાઓએ 'જયઘોષ કર્યો. જેનાથી જગત શબ્દમય બની ગયું. દેવતાઓએ અર્જુનની ઉપર પારિજાત વિગેરે પુષ્પોની વૃષ્ટિ કરી, વાજીંત્રો વાગવા લાગ્યા, પણ ધનુષ્ય ટંકારના અવાજમાં સાંભળી શકાયા નહિ, તે વખતે પાંડુરાજા તથા કુન્તીને માટે આખું જગત આનંદમય, સંપત્તિમય, અને યશોમય બની ગયું. આનંદથી રોમાં-

ચિંત થયેલી દ્રૌપદીએ કટાક્ષથી પાંચે પાંડવોને જોયા, મદ, ઉત્સુકતા, હર્ષમયતા, વિગેરે અનેક ભાવોથી મનને આનંદ મનાવતી, દ્રૌપદીને મનથી પાંચે પાંડવોને માળા પહેરાવવાની ભાવના હતી, પણ લોકોપવાદથી ડરીને દાસી દ્વારા કેવલ અર્જુનના ગળામાં વરમાળા પહેરાવી, પરંતુ દિવ્ય પ્રભાવથી પાંચે પાંડવોના ગળામાં વરમાળા જોઇ, તે જ વખતે આકાશવાણી થઈ કે શાબાશ ! શાબાશ ! દ્રૌપદી ! તેં જે કાંઈ કર્યું છે, તે બરાબર અને સારૂં જ કર્યું છે, તને ડરવાની જરૂર નથી.

કુન્તીના મનમાં ખુબ જ આનંદ થયો, અર્જુનની સફળતાથી પાંડુનાં મનમાં આશ્ચર્ય થયું. અર્જુન મનમાં જ આનંદ પામ્યો, અને વિચારમાં પડયો કે યુધિષ્ઠિર અને ભીમના લગ્ન થયા નથી, તો પછી હું પ્રથમ લગ્ન કેમ કરૂં ?

પાંચે પાંડવોને એક કન્યા કેવી રીતે આપીશ ! આપવાથી જગતમાં મારી અપકીર્તિ થશે, દ્રૌપદીએ પાંચેના ગળામાં વરમાળા પહેરાવી છે આવી આકાશવાણી કેમ થઈ ! આ પ્રમાણે જ્યારે દ્રુપદરાજા ચિંતા કરતા હતા, એટલામાં આકાશ માર્ગેથી ચારણ મુનિ સભામાં આવ્યા. દ્રુપદ કૃષ્ણ વિગેરે બધા રાજાઓએ તેમને નમસ્કાર કર્યો, મુનિને રત્નમય સિંહાસન ઉપર બેસાડયા, બધા રાજાઓએ પંચાંગ નમસ્કાર કર્યા.

ચારણ મુનિએ દેશના આપી, દેશનાના અંતે કૃષ્ણે મુનીશ્વરને પૂછયું કે દ્રૌપદીને પાંચ પતિ કેમ! મુનીશ્વરે કહ્યું કે પૂર્વજન્મના નિયાણાથી દ્રૌપદી પાંચ પતિને વરી છે, તેમાં કાંઇ વિચાર કરવાનો નથી.

પ્રાચીન સમયમાં ચંપાપુરીમાં સોમદેવ, સોમભૂતિ, સોમદત્ત નામના ત્રણ સહોદર ભાઈઓ હતા, તેઓ ત્રણેને અનુક્રમે નાગશ્રી, ભૂતશ્રી, યક્ષશ્રી, નામની પત્નીઓ હતી, પરસ્પર પ્રેમ હોવાથી તેઓએ નક્કી કર્યું કે આપણે બધાએ દરેકને ઘેર એકેક દિવસ સાથે જ જમવું. એક દિવસ નાગશ્રીના ત્યાં બધાને જમવાનો વારો હતો, તેણે અનેક પ્રકારના રસવાળી રસોઈ બનાવી હતી, રસોઈ બનાવ્યા પછી તેને ખ્યાલ આવ્યો કે કડવી તુંબડીનું ભોજન અનેક પ્રકારના દ્રવ્યોથી મિશ્રિત બની ગયું છે, તેમાં દ્રવ્ય વ્યય પણ ઘણો થયો છે. પરંતુ ફેંકી દેવું તે ઠીક નથી, આ પ્રમાણે વિચારીને કંજુસાઈથી તેને એકાંતમાં છુપાવી દીધું. બીજી તમામ વસ્તુઓથી પોતાના પતિ તથા દિયરને જમાડયા, તે લોકો જમીને બહાર ગયા, તે જ દિવસે નગરમાં સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં શ્રીમાન્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજ પધાર્યા હતા, માસોપવાસના પારણે તેમના એક શિષ્ય ધર્મરૂચિ અણગાર આહાર લેવા માટે મધ્યાહ્ને નાગશ્રીના ઘેર આવ્યા, નાગશ્રીએ મુનિને કડવી તુંબડીનું શાક વહોરાવ્યું, મુનીશ્વરે માન્યું કે અપૂર્વ વસ્તુ મલી છે. તેમ જાણી સ્થાનમાં આવી મુનીશ્વરે

ગુરૂજીને આહાર બતાવ્યો, ગુરૂજીએ પણ તેની ગંધ સુંઘીને વાત્સલ્યભાવથી કહ્યું કે વત્સ ! જો તું આ ખાઈશ તો હમણાં જ મરી જઈશ, માટે જલ્દીથી બહાર વિશુદ્ધ-ભૂમિમાં જઈને તેને પરઠવી દો, ગુરૂની આજ્ઞાથી મુનિ નગરની બહાર ગયા, પાત્રમાંથી એક ટીપું નીચે પડયું. તેના તરફ આકર્ષાઈને આવેલી કીડીઓને મરતી જોઈ મુનિરાજને ખૂબ જ દુઃખ થયું. વિચારવા લાગ્યા કે એક બિંદુમાં આટલા જીવોની હિંસા થાય છે તો બધું પરઠવવામાં આવે તો કેટલી હિંસા થાય ? આ બધાને પ્રાણવિયોગ થાય તેના કરતાં મારે એકલાએજ પ્રાણ ત્યાગ કરવો ઇચ્છિનીય છે. આ પ્રમાણે વિચારીને આત્મિક ભાવના ભાવતાં તે મુનિ તે શાક ખાઇ ગયા, સમાધિ મૃત્યુ પામીને મુનિનો આત્મા સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયો.

ધર્મરૂચિ અણગાર કેમ આવ્યા નહી ? આ પ્રમાણે વિચારતા ગુરૂ મહારાજે બીજા મુનિઓને તપાસ કરવા મોકલ્યા, તે મુનિઓએ ધર્મરૂચિ અણગારને મૃત્યુ પામેલા જોઈને રજોહરણ વિગેરે લઈ લીધું અને ગુરૂમહારાજને આપ્યું. અને બધી વાત કરી, અતીંદ્રિય જ્ઞાનના ઉપયોગથી આચાર્યમહારાજે ધર્મરૂચિ અણગારના મૃત્યુના કારણને જાણી બધાને નાગશ્રીનો વૃત્તાંત કહ્યો. લોકોએ સોમદેવ બ્રાહ્મણને નાગશ્રીના આચરણની વાત કરી, તે લોકોએ તેણીની નિંદા કરી ઘર બહાર કાઢી મૂકી, બધાથી

ધિક્કાર પામેલી નાગશ્રી બધી જગ્યાએ ભમવા લાગી, અનેક પ્રકારના સોલ જાતના રોગો તેણીને થયા, આ જ ભવમાં સાક્ષાત્ નરકનું દુઃખ ભોગવી, ભૂખ અને તરસથી પીડાતી મરીને છઠ્ઠી નરકે ગઈ, ત્યાંથી મત્સ્ય યોનીમાં ઉત્પન્ન થઈ સાતમી નરકે ગઈ, આ પ્રમાણે દરેક નારકીમાં બે બે ભવ કરીને પૃથ્વીકાયાદિમાં ઉત્પન્ન થઈ, ત્યારબાદ કર્મની લઘુતાથી ચંપાપુરીમાં સાગરદત્ત શ્રેષ્ઠિની સુભદ્રા નામની ભાર્યાની કુક્ષીથી સુકુમારિકા નામે પુત્રી તરીકે ઉત્પન્ન થઈ, તે જ નગરમાં જિનદત્ત શ્રેષ્ઠિની ભદ્રા નામની ભાર્યાની કુક્ષીથી 'સાગર' નામે પુત્ર થયો, એક દિવસ જિનદત્ત, સાગરદત્તના ત્યાં આવ્યો હતો. તેણે સુકુમારિકાને જોઈ અને વિચાર્યું કે આ કન્યા મારા પુત્રને માટે યોગ્ય છે. જિનદત્ત ઘેર ગયો, પોતાના ભાઈઓ સાથે વાતચીત કરી, બધાને સાથે લઈ 'સાગરદત્ત શ્રેષ્ઠિને ત્યાં આવ્યો, અને સુકુમારિકાની માંગણી કરી, સાગરદત્તે કહ્યું કે મને આ પુત્રી અત્યંત વ્હાલી છે, તેના વિના હું જીવી શકું તેમ નથી, જો તમારો પુત્ર ઘર જમાઈ બનીને અહીંઆ રહેવાની ઇચ્છાનો સ્વિકાર કરે તો હું કન્યા આપું. જિનદત્તે કહ્યું કે હું મારા પુત્રને પૂછીને વાત જણાવીશ, ઘેર આવીને પુત્રને પૂછયું. પુત્રે મૌન ધારણ કર્યું, મૌનથી શેઠે અનુમતિ જાણીને સાગરદત્તને 'હા'ની વાત કરી, શુભ મુહૂર્તે વિવાહમહોત્સવ ઉજવાયો. રાત્રીના જ્યારે સાગર પલંગ ઉપર સૂવા માટે ગયો તો સુકુમારિકાના પૂર્વ કર્મના ઉદયે કરીને 'સાગર' ને અગ્નિ

કરતાં પણ ભયંકર સ્પર્શનો અનુભવ થયો, ઘણા સમય પછી સુકુમારિકા ઉંઘી ગઈ, એટલે સાગર ત્યાંથી ભાગી છૂટયો, નિદ્રામાંથી જાગ્રત બનેલી સુકુમારિકા પોતાના પતિને નહિ જોવાથી ખૂબ જ કલ્પાંત કરવા લાગી, સવારના તે બંનેને દાતણ માટે દાસીને મોકલી ત્યારે સુકુમારિકાને પલંગમાં રડતી જોઈને, દાસીએ સુભદ્રાને વાત કરી, સુભદ્રાએ પોતાના પતિને વાત કરી, સાગરદત્તે જિનદત્તને વાત કરી, તેણે પોતાના પુત્રને પૂછયું. પુત્રે પિતાજીને કહ્યું કે પિતાજી ! અગ્નિમાં બળી મરવું સારૂં છે, પરંતુ તેની પાસે જવું વધારે દુઃખદ છે. જમાઈની વાત સાગરદત્ત ભીંતની પાછળ સાંભળી, સાગરદત્ત નિરાશ થઈને ઘેર આવ્યો, સુકુમારિકાને કહ્યું પુત્રી ! તે કોઈપણ કારણથી વિરક્ત છે માટે તું ચિંતા કરીશ નહીં, હું તારા બીજા લગ્ન કરાવી આપીશ, એક દિવસ તેણે ઝરૂખામાંથી એક ભિક્ષુકને જોયો, તેને બોલાવીને સ્નાન કરાવી, ચંદન વિગેરેનું વિલેપન કરાવી, સુંદર વસ્ત્રો પહેરાવી કહ્યું કે હું તને મારી પુત્રી આપું છું, મારી લક્ષ્મી તને આપું છું, તું તેની સાથે તારૂં જીવન આનંદપૂર્વક આ ભવનમાં જ પુરૂં કરજે, પરંતુ રાત્રિના જ્યારે તેણીની પાસે સૂતો ત્યારે ભિક્ષુકનું શરીર બળવા લાગ્યું. તે ભિક્ષુક ઉઠીને પોતાનો વેશ લઈને ત્યાંથી ભાગી છૂટયો, રડતી સુકુમારિકાને જોઈ તેના પિતાએ તેણીને ખૂબ જ સમજાવી, હે પુત્રી ! આ પૂર્વકર્મના પાપનો ઉદય છે. તું દાન આપવાની પ્રવૃત્તિ શરૂ કર, અને આ ઘરમાં

રહે. તેણીએ દાનધર્મ સ્વીકાર્યો, એક દિવસ તેણીના ઘેર સાધ્વીજી આવ્યાં, તેમના મુખથી ધર્મશ્રવણ કરીને સંસારથી વિરક્ત બની તેણીએ વ્રત ગ્રહણ કર્યું. ચતુર્થ ભક્ત, છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તપ કરીને સાધ્વીઓની સાથે વિહાર કરતી હતી, એક દિવસ તેણીએ સાધ્વીજીને કહ્યું કે હું આતાપના લેવાની ઇચ્છા રાખું છું. પરંતુ સાધ્વીજીએ આચાર વિરૂદ્ધની વાત કહીને, આતાપનાનો નિષેધ કર્યો, સાધ્વીજીના વચનોને નહી માનતી તેણીએ આતાપનાનું સેવન કર્યું. એટલામાં પાંચ પુરૂષો સાથે સેવાતી દેવદત્તા નામની વેશ્યાને જોઈ તેણીએ તે જ વખતે નિયાણું કર્યું કે આ તપસ્યાના પ્રભાવથી હું પાંચ પુરૂષોની પત્ની બનું. ત્યારબાદ દેહશુદ્ધિ સ્નાનાદિ કરવા લાગી, જ્યારે તેને રોકવામાં આવી ત્યારે તેણી પોતાનું અપમાન સમજીને સમુદાયમાંથી નીકળી ગઇ, જુદા જુદા સ્થાનોમાં જઈને સ્વચ્છન્દતાપૂર્વક વ્રતારાધન કરવા લાગી, આઠ મહિનાની સંલેખના કરીને, મરી નવ પલ્યોપમના આયુષ્યવાળી, સૌધર્મેન્દ્રની દેવી બની, ત્યાંથી ચ્યવીને દ્રૌપદી બની, પૂર્વભવના નિયાણાથી તેણીને પાંચ પતિ થયા છે. તો તેમાં કાંઈજ આશ્ચર્ય નથી. આ પ્રમાણે કહીને ચારણમુનિ આકાશમાર્ગે ચાલ્યા ગયા, પાંડવો તથા બીજા રાજાઓ આ વાત સાંભળીને આનંદિત બન્યા.

ત્યારબાદ પાંડુ તથા દ્રુપદ રાજાએ મોટા મહોત્સવપૂર્વક પાંચે પાંડવોની સાથે દ્રૌપદીના લગ્ન કર્યા, હસ્ત–

મેલાપના સમયે, દ્રુપદરાજાએ પોતાની સ્ત્રી સિવાય તમામ આપી દીધું. દ્રૌપદીને લઈ પાંડવો રથમાં બેસી પોતાના સ્થાને આવ્યા, કૃષ્ણ વિગેરે આપ્તજન રાજાઓની સાથે પત્ની સહિત પુત્રોની સાથે પાંડુરાજા હસ્તિનાપુર આવ્યા, ઘણા દિવસો પછી કૃષ્ણ સિવાય બીજા રાજાઓને વિદાય-ગિરિ આપી, કૃષ્ણની સાથે પાંડવો અનેક પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યા, એક દિવસ કૃષ્ણ એકાંતમાં પાંડવોને કાંઈક કહેવા માટે તૈયાર થયા, એટલામાં આકાશમાર્ગેથી નારદજી આવ્યા, અભ્યુત્થાન આસન વિગેરેથી સત્કાર કર્યો, પ્રસન્ન થયેલા નારદજીએ પાંડવોને ઉપદેશ આપ્યો.

આપના વિવાહ મંગલથી મને બ્રહ્માનંદ કરતાં પણ વિશિષ્ઠ આનંદ થયો છે. પરંતુ પાંચે ભાઈઓને એક જ સ્ત્રીની વાતથી મને દુઃખ થયું છે. ભાઈમાં વિરોધ થવાના કારણોમાં સ્ત્રીને પરમ કારણ માનવામાં આવ્યું છે. સ્ત્રી કુટુંબ સંહારક તરીકે કારણભૂત છે. આપને હું એક પ્રાચીન કથા કહું છું.

ભરતક્ષેત્રના અલંકારરૂપ રત્નપુર નામનું નગર છે, તેમાં શ્રીષેણ નામે ન્યાયી રાજા થયા, તેમને અભિનંદિતા અને શિખિનંદિતા નામની બે પત્નીઓ હતી, અભિ-નંદિતાને ઇન્દુષેણ, બિંદુષેણ નામના બે પુત્રો થયા, એ બંને શસ્ત્રશાસ્ત્ર વિદ્યાઓ શિખ્યા, યુવાન અવસ્થાએ રાજાએ બંનેના લગ્ન કરાવ્યા, એક વખત અનંગસેના નામની અત્યંત સુંદર વેશ્યા નગરમાં આવી, બંને રાજવી-

પુત્રો તે વેશ્યામાં આસક્ત બન્યા, એક હાથણીમાં આસક્ત જેમ બંને હાથીઓ લડે છે, તેવી જ રીતે બંને ભાઈઓ લડવા લાગ્યા, રાજાએ બંનેને ખૂબ જ સમજાવ્યા, તમે બંને ભાઈઓ વેશ્યાના કારણે શા માટે લડો છો ? જગતમાં વેશ્યા માટે કોઈ લડયું નથી, આ તો કુલમાં કલંકરૂપ કાર્ય તમો કરી રહ્યા છો, ખૂબ જ સમજાવ્યા છતાં તે બંને ભાઈઓ સમજ્યા નહી. ત્યારે રાજાએ ઝેર ખાઈને પ્રાણ ત્યાગ કર્યો, ત્યારબાદ બંને રાણીઓ પણ તે રીતે જ મરી, તે બંને ભાઈઓ પણ લડતાં લડતાં મરી ગયા, આ રીતે એક સ્ત્રીની ખાતર આખા કુટુંબનો નાશ થયો, માટે અનિષ્ટની આશંકાથી હું આવ્યો છું, તમો લોકો સમય નક્કી કરો, જ્યારે દ્રૌપદી એકના ઘરમાં હોય ત્યારે બીજાએ જવું નહીં, ભૂલથી પણ કોઈ જઈ પહોંચે તો જનારે બાર વર્ષ સુધી પ્રાયશ્ચિત તરીકે વનવાસમાં રહેવું, કૃષ્ણે પણ નારદજીની વાતનું અનુમોદન કર્યું. નારદજી આશીર્વાદ આપીને ગયા, કૃષ્ણ પણ પાંડવોની રજા લઈને દ્વારકા ગયા.

ચોથો સર્ગ સમાપ્ત :

સર્ગ : ૫મો

ત્યારબાદ નારદજીએ આપેલા નિયમનું પાંડવો પાલન કરવા લાગ્યા, પરસ્પરના પ્રેમમાં અનહદ વૃદ્ધિ થઈ, પાંચેના મન એક હતા, જેનાથી પાંડવો 'મહામના' કહેવાતા હતા, પાંચે પાંડવો શરીરથી જુદા હતા પણ તેમના મન એક હતા, આત્મા એક હતો, નહિતર પાંચે પાંડવોની એક પત્ની પતિવ્રતા કેમ સંભવી શકે ? પાંચે પાંડવોમાં સમાન ભાવ રાખવાવાળી 'પાંચાલી' તેમની અત્યંત પ્રિયતમા બની ગઇ, શંકરની પાસેથી સમુદ્રને ભેટવાવાળી ગંગા પણ પતિવ્રતા રહી નહીં, પરંતુ પાંચ પતિનો આશ્રય કરવાવાળી પાંચાલી પતિવ્રતા જ હતી, પાંચાલીએ પાંચ પતિથી લોકપાલ સમાન પાંચ પુત્રોને જન્મ આપ્યો, તેઓના નામ જુદા જુદા હતા. છતાં પણ પાંચાલી–પુત્ર હોવાથી તેઓ બધા 'પાંચાલ' નામથી જગતમાં પ્રસિદ્ધ થયા.

પાંડવોના ભ્રાતૃસ્નેહને તથા દ્રૌપદીનું પતિવ્રતાપણું જોવાની ઈચ્છાથી જગત ઉપર શરદૃઋતુનો પ્રવેશ થયો, કિરણના સંપર્કથી આકાશમાં અધિક સ્વચ્છતા આવી

ગઈ, વાદળના આવરણોથી આકાશ મુક્ત અને સ્વચ્છ હતું. અંધકારરૂપ દુશ્મનનો નાશ કરવામાં સમર્થ 'ચંદ્ર' દિશાઓમાં ફેંકાયેલા અક્ષતની સમાન નક્ષત્રોથી શોભતો હતો, પોતાના પિતા વર્ષાકાલના વિરહને સહન કરી શકવાથી ખેતરો પીળારંગથી શોભતા હતા, (પાકથી ભરપુર હતા) વિજયની ઈચ્છાવાળા રાજાઓની સેનાના ઘોડાના પગથી ઉડેલી ધૂળથી આકાશમાં મલીનતા દેખાતી હતી, ખીલેલા કમળોથી જલાશય સ્વચ્છ હતા, શરદ–ઋતુના આગમનથી દિશાઓ હસતી હતી, હંસોથી તલાવ શોભતા હતા, સપ્તચ્છદની સુગંધ વડે વનરાજી મહેંકતી હતી.

એક દિવસ રાત્રિના પાછલા પ્રહરમાં બહાર ચરવા નીકળેલી ગાયોની ચોરોએ ચોરી કરી, ચોરોના બાણથી ઘાયલ થયેલા ગોવાળોએ આવી રાજાના મહેલના દ્વાર પાસે પોકાર કર્યો, કાનમાં ખીલા વાગવાથી જેમ દુઃખ થાય છે, તેમ ગોવાળોના વચન સાંભળી અર્જુનની ઉંઘ ઉડી ગઈ, ગોવાળોની વાત સાંભળી ક્રોધથી અર્જુન ધમધમી ઉઠ્યો, પ્રજાના સુખની ખાતર પ્રાણને ન્યોચ્છાવર કરવાની તત્પરતા ધરાવનાર અર્જુને આનંદપૂર્વક ગોવાળોની સાથે જવા માટે ધનુષ્યબાણ લેવા દ્રૌપદીના ભવનમાં પ્રવેશ કર્યો, તે વખતે યુધિષ્ઠિર–દ્રૌપદીની સાથે ક્રીડા કરી રહ્યા હતા, ધનુષ્યબાણ લઈને અર્જુને ચોરોનો પીછો પકડ્યો, યુદ્ધમાં ચોરોને જીતી લઈ ગાયોને લઇ પાછો આવ્યો,

ગોવાળોએ તથા નગરજનોએ અર્જુનને અભિનંદન આપ્યાં, ગોવાળો પોતાની ગાયો લઈને પોતાના ઘેર ગયા.

અર્જુનના કહેવાથી કોઈ માણસે આવી કુંતી, યુધિષ્ઠિર વિગેરે કુટુંબ સહિત રાજાને કહ્યું કે દેવ ! અર્જુનની ભુજાના બળથી નાગરિકોના જીવધનનું રક્ષણ થયું છે. આપની કીર્તિ સુગંધમય બનાવી છે, નગરના દ્વાર પાસે આંબાના ઝાડની નીચે અર્જુન બિરાજમાન છે. તેઓએ કહેવડાવ્યું છે કે મેં પ્રજાકાર્ય માટે મુનિ નારદજીની આપેલી પ્રતિજ્ઞાને તોડી છે. માટે હું બાર વર્ષ સુધી તીર્થયાત્રા કરવા માટે જાઉં છું. આપ સર્વે મને આજ્ઞા આપશો, આપના ચરણની કૃપાથી મારી યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થશે.

સમાચાર સાંભળી દુઃખી થયેલા રાજા સપરિવાર અર્જુનની પાસે ગયા, નિસાસો નાખતાં રાજાએ અર્જુનનો હાથ પકડી કહ્યું કે વત્સ ! યૌવનાવસ્થામાં તીર્થયાત્રા કરવાનો તારો મનોરથ કેવો ? કુરૂવંશી રાજા પુત્રને રાજગાદી સુપ્રત કરીને વનવાસી બને છે. માટે આ કાર્ય મારે કરવાનું છે. વળી તારી ભુજાઓના બળરૂપ અગ્નિથી, મારો પ્રતાપાગ્નિ શત્રુઓને બાળે છે. તારે જવાનું નથી. અહીં રહીને મારી આંખને આનંદ આપ, એટલામાં રડતી 'કુંતી' બોલી વત્સ ! તું તારા પિતાજીના વચનને અંગીકાર કર, વડીલોના વચનનું પાલન પણ મોટું પ્રાયશ્ચિત્ત છે. મને રડતી મૂકીને તું ક્યાં જઈશ ? કેવી

રીતે જઈશ ? તારા વિના મારો એક દિવસ વર્ષ જેવડો મોટો હશે, દહીં, દૂધ, ઘી વિગેરેથી હૃષ્ટ પુષ્ટ બનેલું આ તારું શરીર વનના ફળ ફૂલોથી કેવી રીતે સારૂં રહેશે ? છત્રથી રોકવામાં આવેલા સૂર્યના તાપને તું રસ્તામાં છત્ર વગર કેવી રીતે સહન કરી શકીશ, તને ખૂબ જ ત્રાસ થશે, તારામાં અનુરાગવાળી ચંદ્રમુખી દ્રૌપદી તારા વિના કેવી રીતે રહેશે ? માતા આ પ્રમાણે બોલતી હતી તે જ વખતે અધિક શોક, વ્યથા અનુભવતા યુધિષ્ઠિર બોલ્યા હે વત્સ ! માતાપિતા તારા વિયોગને સહન નહિ કરી શકે, અમે પણ તારા વિયોગને સહન કરવામાં અસમર્થ છીએ, માટે તેમનું અપમાન કરવું તે ઉચિત નથી, વડિલોના વચનનો તિરસ્કાર કરનારની કોઈપણ ક્રિયા સફળ થતી નથી, મુનિએ આપેલી પ્રતિજ્ઞાનો તેં શું ભંગ કર્યો છે ? આપત્તિના સમયમાં સાધુઓને પણ મર્યાદા–ત્યાગ દોષ નથી. નાગરિકોને તેં ગાયો આપીને પ્રાયશ્ચિત્ત નથી કર્યું ? હું તો તને કોઈ દિવસ મારાથી જુદો માનતો જ નથી, તો પછી પ્રતિજ્ઞા ભંગની વાત જ કયાં રહી ? યુધિષ્ઠિરના વચનોને સાંભળી ભીમ પણ બોલ્યો ભાઇ ? તારા વિરહની આશંકાથી મારૂં હૃદય તૂટી પડે છે. મને પણ સાથે લેતો જા, નકુલ અને સહદેવ પણ બોલવા લાગ્યા કે ભાઈ ! તમે વનમાં ચાલ્યા જશો તો અમે લોકો કોની સાથે અનેક પ્રકારની ક્રીડાઓ વડે આનંદનો અનુભવ કરીશું ?

બુદ્ધિમાન અર્જુને મહા મુશ્કેલીએ ધર્ય ધારણ કરીને કહ્યું કે સાધારણ મનુષ્યની જેમ આપ લોકોમાં આ પ્રકારની કાયરતા કયાંથી આવી ગઈ ? મારી પ્રતિજ્ઞા તોડવામાં જ આપની અપકીર્તિ છે, માટે તમો બધા મને વનમાં જવાની અનુજ્ઞા આપો. આમ કરવાથી મુનિના વચન તેમજ મારી પ્રતિજ્ઞાની સફલતા છે, આ પ્રમાણે તે બધાની વિદાય લઈને અર્જુને ચાલવાની તૈયારી કરી, ત્યારે બધાના મૂખ ઉપર ગ્લાનિ છવાઈ ગઈ, પાછળ ચાલતા નકુલ અને સહદેવને અર્જુન ભેટી પડયો, તેમને પાછા જવાનો આગ્રહ કરીને પાછા મોકલ્યા, પ્રયાણ કરતી વખતે રડવું તે અમંગળનું કારણ છે, તેમ સમજી દ્રૌપદીએ ખિન્નવદને અર્જુનની પાસે આવીને કહ્યું નાથ ! પુરૂષોની બુદ્ધિ પાસે સ્ત્રીઓની બુદ્ધિ કાંઈ જ વિસાતમાં નથી, છતાં પણ હું કહું છું કે આપે આ કાર્ય ઠીક નથી કર્યું. મારા મનની પ્રસન્નતાને આપ સાથે જ લઈ જાઓ છો, આપના દર્શનની અભિલાષામાં મારે દિવસો જેમ તેમ કરીને પસાર કરવાના છે, તમારો માર્ગ કલ્યાણકારી થાઓ, કુલદેવતા આપનું રક્ષણ કરો, જંગલમાં આપ એકલા ફરતાં ખૂબ જ સાવચેતી રાખશો કારણ કે પાપીઓનું ચિત્ત સજ્જનોની ઉપર પણ મલીનજ હોય છે. ફરતા ફરતા દરેક સ્થાનમાં નવા નવા લોકોને જોઈ, કીર્તિ, લક્ષ્મી તથા નવી નવી વિદ્યાઓને પ્રાપ્ત કરશો, અનેક દેશોમાં પરિભ્રમણ કરતાં આપ એવું કોઈ કાર્ય ન કરતા કે જેનાથી અમો બધા દુઃખી થઈ એ, અનેક

તીર્થોમાં જવાથી પવિત્ર બનીને આપ જ્યારે પાછા પધારશો ત્યારે આપની ચરણરજથી હું પણ પવિત્ર બનીશ, આપની પુણ્ય ક્રિયામાં કોઈ જાતની હરકત ન આવે માટે હું આપની સાથે આવતી નથી.

પ્રેમથી વિહ્વલ બનેલી દ્રૌપદીને જોઈ અર્જુને પ્રેમભરી દ્રષ્ટિ કરી, આશ્વાસન આપી, અર્જુને ધનુષ્ય લઈને ચાલવા માંડયું. જ્યાં સુધી અર્જુન દૃષ્ટિ મર્યાદાની બહાર ન ગયો, ત્યાં સુધી સજળ નયને દ્રૌપદી તેને નિરખતી ઉભી હતી, અર્જુન પણ તેણીને પાછુ વળી વારંવાર જોતો હતો, અનેક નગર, પર્વત તથા વિશ્રાંતિ ગૃહોને જોતો જોતો અર્જુન સાગર જેવા મોટા મહા સરોવર પાસે આવ્યો, અર્જુને સ્નાન કરી, શ્રી જિનેશ્વર દેવની પૂજા કરી, સુંદર ફલોનું ભોજન કર્યું, ભ્રમરોના અવાજથી સંગીતમય વાતાવરણમાં ફૂલની શૈયા બનાવીને સૂતો, દિવસનો મધ્યાહ્ન ભાગ અર્જુને ત્યાંજ વિતાવ્યો, અનેક જગ્યાએ પરિભ્રમણ કરતો અર્જુન એક મોટા જંગલમાં પ્રવેશ્યો, જ્યાં સિંહોની ગર્જનાથી દિશાઓ ગાજતી હતી. મૃગલાઓની પાછળ પાછળ વાઘ દોડતા હતા, સૂઅર સામસામા લડતા હતા, પરંતુ અર્જુનના હૃદયમાં જરાપણ બીક ન હોતી.

વનમાં નિર્ભય બનીને ફરતા અર્જુને પૃથ્વીના મસ્તક અલંકાર સમાન સુમેરૂ પર્વતને જોયો, પર્વતના નીચેના ભાગમાં વહેતા ઝરણાના અવાજથી મધુર વાતા-

ચરણ હતું. મોટા મોટા વૃક્ષો આનંદદાયક હતા, વિદ્યા-ધરોને વિદ્યા સિદ્ધિ કરવાને માટે તે પર્વતમાં અનેક ગુફાઓ હતી, કિન્નરીઓના ગીતમાં મુગ્ધ બનેલા મૃગ-લાઓ શાંતચિત્તે નત મસ્તકે બેઠા હતા, પુષ્પોથી લચી પડેલા વૃક્ષોને જોઈ અર્જુનની આંખોએ શિતળતા અનુ-ભવી, અર્જુન કુતુહલતાથી તે પર્વત ઉપર ચઢયો, ત્યાં અર્જુને ઈન્દ્રનીલ મણિમય દ્વારવાળા, પદ્મરાગ મણિમય પગથીઆવાળા, ચન્દ્રકાન્ત મણિથીયુક્ત એક જિનમંદિરને જોયું. તે ઉદ્યાનના કુંડમાં સ્નાન કરીને, સુંદર સુગંધિત કમલોને લઈ, દેવતાઓએ વૃષ્ટિ કરેલા પુષ્પોથી શોભતા તે મંદિરમાં અર્જુને પ્રવેશ કર્યો, તે મંદિરમાં શ્રી યુગાદિ-દેવની ત્રણ પ્રદક્ષિણા કરીને રોમાંચિત બનીને અર્જુને પ્રભુ પૂજા કરી, મનમાં ખૂબ જ આનંદિત બનીને બોલ્યો હે નાભિકુલચન્દ્ર! જગતનાં દુઃખ રૂપ તાપમાં આપ વર્ષા-કાલ સમા છો, ભગવાન્ આદિનાથ! આપના ચરણકમલની સેવા, મારી ભવ પીડાને દૂર કરી, ભવપાર કરે, આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરીને ચારે તરફ મંદિરની શોભા જોતા અર્જુનના હર્ષોલ્લાસમાં વૃદ્ધિ થતી ગઈ.

પર્વતની શોભા જોતો અર્જુન તે પર્વતના બીજા શિખર ઉપર ગયો, ત્યારે દયાનીય દશાવાળી એક રડતી સ્ત્રી, પોતાના પતિને આપઘાત કરતાં રોકતી હતી, દૃશ્ય જોઈને અર્જુન તેની પાસે જઈને પૂછવા લાગ્યો કે હે ભદ્ર! તમને વિનવતી અત્યંત દુઃખી એવી આ કલ્યાણીનું

અપમાન શા માટે કરો છો ? આપની આકૃતિ–પ્રતિભા જોતા આપને કોઈપણ પ્રકારનું દુઃખ હોય તેમ માનવામાં આવતું નથી, છતાં આપને કાંઈ દુઃખ હોય તો મને જણાવો, તે વારે તે યુવાને હાથ જોડીને કહ્યું કે મારો વૃત્તાંત ઘણો લાંબો છે, હું કોને કહું ? આપ જરૂર વિશ્વાસ કરવા યોગ્ય છો, આપનાથી કોઈ વસ્તુ છુપાવવી તે અયોગ્ય છે, તો પણ મારો વૃત્તાંત કહીને આપને હું દુઃખી કરવા તૈયાર નથી, અર્જુને ફરીથી કહ્યું કે કુરૂવંશમાં ઉત્પન્ન થનાર કોઈપણ કુરૂવંશી, બીજાના દુઃખને દૂર કરવામાં હંમેશાં તયાર જ હોય છે. માટે આપ આપનું વૃત્તાંત કહો.

અર્જુનના સંતોષ આપનારા વચનો સાંભળી તે યુવકે કહ્યું કે વૈતાઢય પર્વતના દક્ષિણભાગમાં રત્નપુર નામે નગર છે. તે નગરમાં શત્રુઓના બળને ભાંગી નાખવા-વાળા વિદ્યાધરેન્દ્ર 'ચંદ્રાવતંસ', નામના રાજા હતા, તેને અત્યંત પતિવ્રતા સૌભાગ્યશાલિની સાક્ષાત્ લક્ષ્મીના અવતાર સમાન 'કનકસુંદરી' નામે પત્ની હતી, તેઓને અત્યંત વત્સલ 'મણિચૂડ' નામે પુત્ર તથા આનંદ આપવા-વાળી 'પ્રભાવતી' નામે પુત્રી હતી, યૌવનાવસ્થાવાળા મણિચૂડના લગ્ન લાવણ્યમયી 'ચંદ્રાનના'ની સાથે થયા હતા, સર્વકલા પારંગત પ્રભાવતીના લગ્ન હિરણ્યપુરના હેમાંગદ રાજાની સાથે થયા હતા, મણિચૂડ કુમારને તેના પિતાએ કુલક્રમાગત બધી વિદ્યાઓ આપી, વિદ્યાઓની

સિદ્ધિ થાય તે પહેલાં પિતાજીનું અવસાન થયું. મણિચૂડ શુભ મુહૂર્તે પોતાના પિતાની ગાદી ઉપર બેસવાનો હતો તે પહેલાં જ તેના કુટુંબી વિદ્યુતવેગે મોટી સેના સહિત ચઢાઈ કરીને રાજ્ય પડાવી લીધું. મણિચૂડને નગરની બહાર કાઢી મૂકયો, જીવવું નકામું છે. સમજીને હું મરવાની ઈચ્છાથી એકલો નીકળ્યો, ત્યારે મારી સ્ત્રી ચંદ્રાનના પણ પોતાના પિતાના ઘેર ન જતાં, મારી પાછળ પાછળ આવી કારણ કે કુળવાન સ્ત્રીઓનો ધર્મ છે કે 'જ્યાં પતિ ત્યાં સતિ' પગે ચાલતાં અમે સુમેરૂ પર્વત ઉપર આવ્યા, ત્યાં અમે સંસારરૂપ મરૂભૂમિમાં કલ્પવૃક્ષ, વૃષભધ્વજ શ્રીયુગાદિદેવ તીર્થંકરના દર્શન કર્યા, હું નાભિનંદનના દર્શનરૂપ પુણ્યનું ભાથુ લઈને સ્વર્ગનો મુસાફર બનવાની ભાવનાવાળો છું. મારી સ્ત્રી ચંદ્રાનના મને રોકી રહી છે. મારી પહેલાં મરવાની ભાવના રાખે છે. આપને મારી નમ્ર વિનંતિ છે કે આપ મારી સ્ત્રીને સમજાવો, અને મને આ પુણ્યભૂમિમાં પ્રાણ ત્યાગ કરવા દો, કે જેથી મારી સદ્ગતિ થાય.

અર્જુને ક્રોધમાં આવીને કહ્યું કે જ્યારે હું તારો સહાયક છું; તો પછી તને મરવાની શું આવશ્યકતા છે? હું મારા દિવ્ય બાણોથી તારા વૈરીને મારી, તને તારી સંપત્તિ પાછી અપાવીશ, આ સૌભાગ્યશાલિની તારી સાથે આનંદ કરે, મણિચૂડે કહ્યું કે ભાઈ! આપની પ્રતિભા જોઈને મને ખાત્રી છે કે આપના માટે આ કાર્ય અત્યંત

સહેલું છે. પરંતુ આપ વિદ્યા વિના આકાશમાં વિચરતા વિદ્યાધરોને જીતી નહી શકો. માટે આપ વિધિપૂર્વક મારી વિદ્યાનો સ્વીકાર કરો, જ્યારે તે વિદ્યાઓને આપ સિદ્ધ કરશો, તો જ તેને આપ જીતી શકશો, અર્જુનની ઇચ્છા વિદ્યાઓ શિખવાની નહોતી, તો પણ 'મણિચૂડે, આગ્રહથી બધી વિદ્યાઓ આપી, અને અર્જુન બધી વિદ્યાઓની સાધના કરવા માટે તૈયાર થયો, સ્નાન કરીને તે જ પર્વતની ગુફામાં તેણે પોતાનું આસન જમાવ્યું. મણિચૂડકુમાર પોતાની સ્ત્રીને દૂર રાખી ઉત્તરસાધક બન્યો, અર્જુન ધ્યાનસ્થ અવસ્થામાં, છ મહિના સુધી જપ કરવાને માટે પદ્માસન લગાવીને બેઠો, જ્યાં સુધી જાપ ચાલતા હતા, ત્યાં સુધી અનેક પ્રકારના વિઘ્નો રાક્ષસો નાખતા હતા, માંસના ટુકડાઓ અર્જુન ઉપર નાખતા, લોહી અને મદિરાનું પાન કરીને અટ્ટહાસ્ય કરતા, વળી મરેલા કલેવરના પેટ ફાડી તેના આંતરડાની માળા બનાવી ગળામાં નાખતા, હાથીનું રૂપ ધારણ કરી દંતશૂળથી અર્જુનને પીડા કરવા જતા હતા, તો વળી સિંહનું રૂપ ધારણ કરી ગર્જનાઓ કરતા અર્જુનને બીવડાવવા લાગ્યા, વળી અર્જુનની પાસે જઈને કહેતા કે પાંડુરાજાએ આપને બોલાવવા માટે અમને મોકલ્યા છે. રાક્ષસો કહેતા કે 'આપના વિરહમાં કુન્તી, હૃદયફાટ રડી રહી છે.' તો કોઈ રાક્ષસ એમ પણ બોલતા હતા કે હે નિર્દય ! તારા વિના દ્રૌપદી ખૂબ જ દુઃખી છે. પરંતુ અર્જુન પોતાના નિયમમાંથી ચલિત થયો નહિ. જ્યારે છ મહિનાનો જાપ પૂરો થયો,

ત્યારે અર્જુનની સામે એક દેવાંગના આવી, તેણીએ કહ્યું મહારાજ ! આપ આ બાજુ દૃષ્ટિપાત કરો, આઠ દેવાંગનાઓ આપની રાહ જુએ છે. તે દેવીઓએ કહ્યું કે આપના અદ્‌ભુત તપથી, જાપથી અમે આપની ઉપર પ્રસન્ન છીએ, અમે આપનું શું કાર્ય કરીએ ? અર્જુને કહ્યું કે હે ભગવતી ! તમે આ કુમાર મણિચૂડની ઉપર ઉપકાર કરો, દેવીઓ બોલી કે અમારો નિયમ છે કે જે અમારી આરાધના કરે છે, તેમનું જ અમે કાર્ય કરીએ છીએ, જો તમે તેની ઉપર ઉપકાર કરવાની ભાવના રાખો છો, તો તેની એક વખતની આરાધનાથી અમે તેની ઉપર પ્રસન્ન થઈશું. અર્જુને દેવીઓનો આદેશ માન્યો. દેવીઓ અદૃશ્ય થઈ ગઈ, એટલામાં અર્જુનની સામે જયજયકાર કરતી એક દેવાંગના આવી, તેણીએ કહ્યું કે હે કુંતેય ! આપ પ્રસન્નતાથી મારી તરફ જુઓ, અર્જુને તે દેવાંગના તરફ જોઈને કહ્યું કે 'હું આપનું સ્મરણ કરૂં ત્યારે આપ હાજર થજો'. આ પ્રમાણે કહીને દેવીને વિદાયગીરી આપી, આ બધું દૃશ્ય જોઈને મણિચૂડ ઉત્સાહી બન્યો, અર્જુનના આદેશાનુસાર વિદ્યા સાધનમાં સ્થિર થયો, અર્જુન ઉત્તરસાધક બન્યો, મણિચૂડે થોડા દિવસોમાં બધી વિદ્યાઓની સાધના કરી.

ઘુઘરીના ઝણકારથી દશે દિશાઓને ગજાવતા, સુવર્ણકાંતિમય સેંકડો ધજાઓથી વિભૂષિત, વિદ્યુત સમાન કિરણોને ફેલાવતા, બે મણિમય વિમાનો આકાશથી

ઉતર્યા, તે વિમાનોમાંથી ઉતરીને ખેચરોએ અર્જુન અને મણિચૂડને વારંવાર નમસ્કાર કર્યા, તે લોકોએ દિવ્ય ચૂર્ણથી તેના શરીરને માલીશ કરી, ગરમ સુગંધિત પાણીથી સ્નાન કરાવી, ચંદન વિગેરેનો લેપ કરી, બંનેને દિવ્ય વસ્ત્રો પહેરાવ્યા, માણેકના હાર, કુંડલ, બાજુબંધ, મુગટ, વલય વિગેરેથી વિભૂષિત કર્યા, વિદ્યાધરીઓએ મયુરછત્ર તેઓની ઉપર મૂકયું, વિણા વેણુલય અનુસારી સંગીત કર્યું. વિદ્યાધરોએ તેમની સ્તુતિ કરી, ભેરીના ઝંકારથી, હાથી અને ઘોડાઓની ગર્જનાઓથી, આકાશ-માર્ગે ચન્દ્રાનાને સાથે લઈ બંને જલ્દીથી વિજયાર્ધપર્વત ઉપર આવ્યા, ત્યાંથી આગળ વધી વૈતાઢય પર્વતના, શિખર ઉપર રત્નપુર નગરના દ્વાર પાસે આવ્યા, બોલવામાં કુશળ એવા દૂતને અર્જુને વિદ્યુતવેગની પાસે મોકલ્યો, દૂતે જઈને વિદ્યુતવેગને કહ્યું કે પાંડવોમાં મધ્યમ એવા અર્જુને આપને કહેવડાવ્યું છે કે તમો તેમના મિત્ર ચંદ્રાવતંસના પુત્ર 'મણિચૂડને તેની રાજ્યલક્ષ્મી સુપ્રત કરો, નહિતર મારૂં બાણ પ્રથમ આપના મસ્તકને અને પછીથી મિત્રની સંપત્તિને પ્રાપ્ત કરશે. દૂતની વાત સાંભળી વિદ્યુતવેગે કહ્યું કે અરે ! જમીન ઉપર રહેવાવાળો અર્જુન નામનો કીડો કોણ છે ? હું તો ઝાડને અર્જુન માનું છું. જો તે કદાચ આવેલ હોય તો તેને કાપવાને માટે મારી તલવાર તૈયાર છે. મણિચૂડને બાળવાની ઈચ્છાવાળી મારી શૂરવીરતારૂપી અગ્નિમાં પ્રથમ કાષ્ટ હું અર્જુનને જ બનાવીશ, હે દૂત ! તું જઈને જલ્દીથી અર્જુનને કહેજે

કે હું આવું છું; તું યુદ્ધને માટે તૈયારી કરીને જલદીથી આવી જજે.

દૂતને વિદાય કર્યો. પોતાની ભૂજબલના અભિમાની વિદ્યુતવેગે સેનાને તૈયાર કરી, દૂતે આવી અર્જુનને સમાચાર આપ્યા, મૃગને મારવા માટે સિંહને તયારી કરવાની હોતી જ નથી, એવી રીતે અર્જુન પણ સાધારણ સેના તૈયાર કરી યુદ્ધ કરવા ચાલ્યો, જેવી રીતે વાદળોથી સૂર્ય ઘેરાઈ જાય છે તેવી રીતે વિદ્યુતવેગની સેનાએ અર્જુનને ચારે તરફથી ઘેરી લીધો, અર્જુને સૂર્યના કિરણોની જેમ મોટી સંખ્યામાં બાણોનો વરસાદ વરસાવ્યો, ક્રોધથી લાલ આંખોવાળા તે વિદ્યાધરે પણ બાણોનો વરસાદ અર્જુન ઉપર વરસાવ્યો, અર્જુનનું પ્રચંડ ભૂજબલ જોઈને વિદ્યાધર વિસ્મિત બન્યો, પોતાનું કર્તવ્ય ભૂલી ગયો, મણિચૂડની ઇચ્છા યુદ્ધભૂમિમાં જવાની હતી પણ તેને અવસર પ્રાપ્ત થયો જ નહીં. સંવર્તવાયુની સામે દીપક ટકી શકતો નથી, તેવી રીતે વિદ્યુતવેગ પોતાના પ્રાણ બચાવવા ભાગી છૂટયો, વિદ્યુતવેગની સેના અર્જુનને શરણે ગઈ, મણિચૂડને લઈને અર્જુને નગરમાં પ્રવેશ કર્યો, નગરજનોએ હર્ષોત્સવ કર્યો, મણિચૂડને રાજગાદી ઉપર બેસાડી, અર્જુને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી, મણિચૂડ પોતાની સંપત્તિ મળવાથી ખૂબ જ આનંદિત બન્યો, મણિચૂડ ઉત્તમ પ્રકારે અર્જુનની ભક્તિ કરવા લાગ્યો, એકદિવસ તીર્થદર્શન કરવાની ઇચ્છાથી, અર્જુને

મણિચૂડની વિદાય લીધી, મણિચૂડને ખૂબ જ દુઃખ થયું. એકબીજાને ખૂબ જ ભેટયા.

ધર્મવૃદ્ધિની ભાવનાથી વિમાનમાં બેસી વિશુદ્ધ ચિત્તવાળો અર્જુન અષ્ટાપદ ગયો, ત્યાં તેણે ભરત ચક્રવર્તિનો બનાવેલ ભગવંત આદિનાથનો પ્રાસાદ જોયો, કમલથી સુશોભિત સ્વચ્છ જલથી ભરેલી વાવડીમાં સ્નાન કરી, સુવર્ણમય કમળ તથા દિવ્ય વૃક્ષોના ફૂલોને ચુંટી, દિવ્ય વસ્ત્રો પરિધાન કરી, ભગવાન ઋષભદેવના મંદિરમાં પ્રવેશ કર્યો, ત્રણ પ્રદક્ષિણા કરીને વિશુદ્ધમનથી દેવાધિદેવની પૂજા કરી, વિદ્યાધરોએ મૃદંગ, ભેરી, નગારૂં વિગેરે વાદ્યોને વગાડયાં, અર્જુન બોલ્યો હે ભગવન્! દુઃખાગ્નિમાં બળતા આ સંસારમાં આપ અમૃત વરસાવનારા પુષ્કરાવર્તના મેઘ જેવા છો, આપના દર્શનથી આજે મારા નયનોએ નિર્વાણ પ્રાપ્ત કરેલ છે, મોક્ષસુખની પ્રાપ્તિ કરાવનાર આપનું દર્શન ભાગ્યશાલિ કરી શકે છે, સ્વામિન્! મારા પૂર્વજન્મના ભાગ્યથી જ આપનું દર્શન મને થયું છે, આપના દર્શનનું જે ફળ છે, તેનું વર્ણન પણ મારાથી થઈ શકે તેમ નથી, આ પ્રમાણે સ્તુતિ કરીને અર્જુને પંચાંગ નમસ્કાર કર્યા, ત્યારબાદ બીજા તેવીસ તીર્થંકર પ્રભુની સ્તુતિ, ભક્તિ, નમસ્કાર કર્યા, પ્રાસાદની ભવ્યતા જોઈને અર્જુને ભરતચક્રવર્તિની સંપત્તિની પ્રશંસા કરી.

ત્યારબાદ અર્જુને સાક્ષાત્ ધર્મ અને વિશ્વમાં

અજ્ઞાનતાનો અંધકાર દૂર કરવા માટેના તેજોમય જ્ઞાન-દીપથી ઝળહળતા ચારણમુનિને એકાંત સ્થાનમાં જોયા, તેમને વંદન કરી આનંદથી તેમની પાસે બેસી ભવસાગર પાર થવા માટે નૌકા સમાન ધર્મ દેશનાનું શ્રવણ કર્યું. ત્યારબાદ ચારણમુનિએ અર્જુનને ધર્મનો પ્રભાવ બતાવ્યો, કહ્યું કે પૂર્વજન્મમાં તેં કરેલી ધર્મારાધનાથી જ આ ભવમાં તું અદ્વિતીય શૂરવીર બન્યો છે. તારી શૂરવીરતાથી તું બધાને નિર્ભય બનાવી આ ભવમાં જ મુક્તિએ જઈશ, કાનને અમૃત સમાન મુનિના પ્રિયવચનો સાંભળી આનંદ સાગરમાં મગ્ન બનેલો અર્જુન મુનિને વંદન કરી આકાશમાર્ગે ગયો, મોક્ષલક્ષ્મીના સંકેતને પ્રાપ્ત કરી અર્જુને સમ્મેત-શિખર વિગેરે તીર્થોની યાત્રા કરી, જેઓનું દર્શન સર્વથા પાપને મુક્ત કરાવનાર છે. આવા તીર્થંકર પ્રભુને વંદના, સ્પર્શના, આરાધના કરવામાં અર્જુન એકચિત્ત બન્યો.

તીર્થયાત્રામાં બાર વર્ષો વીતાવી હર્ષોલ્લસિત અર્જુને હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું. આકાશમાર્ગે જતા આનંદ મિશ્રિત એક વિચિત્ર અવાજ સાંભળ્યો, અર્જુને તે તરફ દૃષ્ટિપાત કર્યો, તો શોકમગ્ન લોકોથી ભરપુર એક જંગલ જોયું. પોતાના કેસર નામના ખેચરને મોકલાવી તપાસ કરાવી, ખેચરે તપાસ કરી પાછા આવીને કહ્યું.

સ્વામિન્! ઇંદ્રપુરી સમાન હિરણ્યપુર નામે નગર છે. શત્રુઓને માટે રોગની જેમ પીડાકારી હેમાંગદ નામનો એક રાજા છે. સતિ શિરોમણી, સુવર્ણમય કાંતિવાળી,

પ્રભાવતી નામે તેને રાણી છે. આજે રાતના પાછલા પ્રહરમાં ચંદ્રશાળામાં સૂતી હતી ત્યાંથી તેનું કોઈએ હરણ કર્યું છે. 'આર્યપુત્ર, આર્યપુત્ર' એ પ્રમાણે કરૂણતાથી પ્રભાવતીનો અવાજ સાંભળી રાજા જાગી ગયો, ક્રોધથી પ્રભાવતીને ઉપાડી જનારની પાછળ રાજા દોડયો, ખૂબ જ દૂર નીકળી ગયેલા રાજાએ ચોરને જોયો નહીં, પ્રભાવતીના માથાના વાળમાં નાંખેલી પુષ્પમાળામાંથી ફૂલો વિખરાઈને પડેલા જોયા, તેના આધારે રાજા અહીં આવીને રોકાઈ ગયો છે, પરંતુ દુર્ભાગ્યથી પુષ્પમાળા પણ અદૃશ્ય થઈ ગઈ છે. રાજાને શોકાતુર સ્થિતિમાં જોઈને સેના આમતેમ પ્રભાવતીની તપાસ કરે છે.

અત્યંત દુઃખદ કેસરની વાત સાંભળી, અર્જુને મનમાં કાંઈક વિચાર કરીને કહ્યું કે હિરણ્યપુરના રાજા હેમાંગદની પત્ની તો મણિચૂડની બ્હેન થતી હશે, બેચરે કહ્યું હા, ત્યારે અર્જુન બોલ્યો કે તે મારી પણ બ્હેન છે. આના સિવાય બીજું કોઈપણ હોય તો પણ મારે બચાવવું જોઈએ, મારૂં કર્તવ્ય છે. ફરજ છે, કેસર! તું જઈને કહે કે પાંડુપુત્ર અર્જુન આપની પત્નીને શોધી લાવી અવશ્ય આપને સુપ્રત કરશે, તમે એમજ માનજો કે તમારો શત્રુ મરી ગયો, આપ થોડો વખત અહીં જ રોકાઈ જશો.

વિયોગ સંતપ્ત હેમાંગદની પાસે જઈને બેચરે બધી વાત કરી, વિદ્યાબલથી પ્રભાવતીની સ્થિતિ જાણીને અર્જુન

ખૂબ જ ક્રોધાયમાન થયો. આકાશમાર્ગે અર્જુન ક્ષણવારમાં ત્યાં પહોંચ્યો, હેમાંગદ રાજવી ત્યાં જ રોકાઈ ગયો.

થોડા ઘોડેસ્વારો રાજાની પાસે આવીને બોલ્યા રાજન્! આપ ખૂબ જ ભાગ્યશાળી છો, બહાર આવીને જુઓ, પ્રભાવતી દેવી કુલોને વીણી રહ્યા છે. તેમના વચનથી હર્ષિત રાજા જલદીથી બહાર આવીને પ્રભાવતીને કુલ વીણતી જોઇ રાજાના અંતરમાં અવર્ણનીય આનંદ થયો, તેની પાસે જઈ રાજા જ્યાં પ્રણયાલાપ કરે છે, ત્યાં જ એક ભયંકર સાપે પ્રભાવતીને ડંખ માર્યો, આર્ય-પુત્ર, આર્યપુત્ર, મને સાપે ડંખ માર્યો છે. આ પ્રમાણે બોલતી પ્રભાવતી મૂર્છા પામી, રાજાએ તરત જ ઝેર ઉતારનારા વૈદ્યો બોલાવ્યા, વૈદ્યોએ આવીને ઉપચાર શરૂ કર્યા ત્યાં જ પ્રભાવતી મૃત્યુ પામી, દીપકના બુઝાવાથી જેમ અંધકાર છવાઈ જાય છે તેમ રાજાનો શોક ખૂબ જ વધી ગયો, રાજા પણ મૂર્ચ્છિત બની જમીન ઉપર ઢળી પડયો, કેળના પાનથી હવા નાખતા સૈનિકો રાજાને શુદ્ધિમાં લાવ્યા, પ્રિયતમાને ખોળામાં લઈને જંગલના જીવોને રડાવે તેવો ભયંકર વિલાપ રાજા કરવા માંડયો હે વિધાતા! જો તને હેમાંગદ ઉપર ક્રોધ છે, તો પહેલાં હેમાંગદને કેમ મારતી નથી? મને લાગે છે કે પ્રભાવતીની નજર સામે મને મારી નાખવાની તારામાં તાકાત જ નથી! માટે જ તેં પહેલા મારી પ્રિયાને મારી નાખી છે.

દેવિ! જાગ, તેં કોઈ દિવસ મારો અનાદર કર્યો

નથી, મેં તારો કાંઈ અપરાધ કર્યો નથી, તો પછી તું શા માટે બોલતી નથી? આટલો રોષ શા માટે? તારો કોઇ દોષ નથી, આ તો મારા ભાગ્યનો દોષ છે. રાજાએ મરવાનો નિશ્ચય કર્યો, રડતા મંત્રીઓએ રાજાને શાંત પાડવા ખૂબ જ પ્રયાસ કર્યો, પરંતુ રાજાએ તેમની અવજ્ઞા કરીને પોતાના માટે ચિતા બનાવી, ત્યારબાદ સમસ્ત સેનાએ મરવા માટે ચિતાઓ તૈયાર કરી, પ્રભાવતીને ખોળામાં લઇ રાજા ચિતામાં બેઠો, તેજ વખતે બીજી ચિતાઓમાં પણ બીજાઓએ પ્રવેશ કર્યો, જ્યાં અગ્નિ સળગાવવામાં આવે છે. ત્યાં જ આકાશ માર્ગે અર્જુન પ્રભાવતીને લઈ વિમાનદ્વારા આવી પહોંચ્યો, અર્જુને ચિતાઓને જોઇ લોકોને ચિતાની પ્રદક્ષિણા ફરતા જોયા.

અર્જુને પ્રભાવતીને કહ્યું કે દેવિ! આપણે થોડા મોડા આવ્યા હોત તો શું થાત? તારા વિરહમાં રાજા પોતાના પ્રાણને તરણા સરખો માને છે. રાજાના પ્રાણ લેવા માટે કોઈ દુષ્ટ દેવતા અથવા દૈત્ય સર્પનું રૂપ ધારણ કરીને આવ્યો હશે, દુઃખિત પ્રભાવતી રડવા લાગી, વિધાતાએ પ્રભાવતીની રચના શા માટે કરી હશે? કૃતઘ્ન મારા પ્રિયપતિએ મારા વિરહમાં પોતાના પ્રાણ છોડયા છે, તો તેમની સાથે જ મારે પણ પ્રાણ ત્યાગ કરવો છે. અર્જુન પણ ચિંતાતુર બન્યો. તેણે વિચાર્યું કે રાજા મરશે તો પ્રભાવતી પણ મરી જશે, તો પછી મારે પણ જીવીને શું કામ છે? આ પ્રમાણે વિચાર કરી અર્જુન તરત જ

રાજાની ચિતા પાસે આવી અભિમંત્રિત જલ ચિતા ઉપર છાંટયું, વિદ્યાધરોએ પણ પાણી છાંટયું. ચિતાની અગ્નિ શાંત થઈ ગઈ, માયાવી પ્રભાવતી પણ અદશ્ય થઈ ગઈ.

રાજા હર્ષ અને આશ્ચર્યથી એકાએક ચિતામાંથી બહાર આવ્યો, પોતાની સામે ઉભેલી પ્રભાવતીને જોઇ પોતે અમૃત સરોવરમાં મગ્ન બન્યો, રાજાએ અર્જુનને આલિંગન કર્યું. અને પ્રભાવતીનો વૃત્તાંત પૂછયો, કેસર નામના ખેચરે રાજાને વાત કરી. કારણ કે સજ્જન માણસો કદાપિ આત્મ પ્રશંસા કરતા નથી. રાજન્! આપને અર્જુનનો સંદેશો કહીને હું તેમની પાસે ચાલ્યો ગયો, મનથી પણ અધિકગતિવાળા વિમાન પર બેસીને, અર્જુન એક ક્ષણમાં જ હેમકૂટ પર્વત ઉપર ગયા ત્યાં લાખો વૃક્ષોની છાયામાં અત્યંત અંધકારમય એક ગુફામાં પ્રવેશ કર્યો ત્યાં "પ્રિયે! મનુષ્યરૂપ કીડા ઉપર તારે અનુરાગ કેવો? તું મને તારો સ્વામિ બનાવી બ્રહ્માનું કલંક ભૂંસી નાખ. પ્રિયે! મારી સાથે લગ્ન કરીને વૈડૂર્યપૂરનું સામ્રાજ્ય ભોગવ" આ પ્રમાણે પ્રભાવતીને ખુશ કરવાની ઇચ્છાવાળા મેઘનાદ નામના વિદ્યાધરને અર્જુને જોયો, પ્રભાવતીએ તેને શબ્દબાણથી કહ્યું કે પાપી! મારા પતિની સામે ઇન્દ્ર પણ તુચ્છ છે, તું મારા ભાઇ મણિચૂડને નથી જાણતો કે? તું મને ઉઠાવી લાવી લજ્જીત કેમ નથી થતો? જો તું મારો સ્પર્શ કરીશ તો બળીને ભસ્મ થઈ જઈશ, શું તેં મારા ભાઇ પાંડવ અર્જુનનું નામ પણ નથી સાંભળ્યું?

તે વારે મેઘનાદે કહ્યું કે પ્રિયે ! મારી સામે તું હેમાંગદ, મણિચૂડ અથવા અર્જુનની વાત કરીશ જ નહી. તું મને તારો દાસ બનાવવાની કૃપા કર, પછી જોઉ છું. કે મને કોણ રોકે છે ? તે વારે અર્જુન ત્યાં પહોંચ્યો, અને બોલ્યો કે હે નીચ ! વિદ્યાધર કુલકલંક ! આ પતિવ્રતાને તારા શ્વાસોશ્વાસથી અપવિત્ર કેમ બનાવે છે. અરે ! આનું હરણ કરતી વખતે તારૂં શરીર બળી કેમ ન ગયું ? તું આને છોડી દે ! તું ભાગીજા ! નહિતર અર્જુનની તલવાર આ પાપનું તને પ્રાયશ્ચિત્ત આપશે, અર્જુનની વાત સાંભળીને પ્રભાવતીના મનમાં આનંદ થયો, તેણીએ કહ્યું કે મારા પુણ્યથી જ આપ અહીં આવી પહોંચ્યા છો, કુલદેવતા તમારા શરીરમાં પ્રવેશ કરીને આપને વિજય અપાવે, પ્રભાવતી આ પ્રમાણે બોલી રહી હતી, એટલામાં અર્જુને મેઘનાદને કહ્યું કે હે નીચ ! પાપી ! તું શસ્ત્રને ધારણ કર, નહીતર આ તલવાર તને મૃત્યુને શરણ કરાવશે, મેઘનાદે કહ્યું કે હે માનવકીડા ! મારી તલવાર તારો સ્પર્શ કરવામાં લજ્જા અનુભવે છે, અરે ! નીચ ! મારી પાસેથી આવી અદ્‌ભૂત અંગનાને કોણ લઈ જનાર છે. સિંહના પંજામાંથી મૃગલીને કોણ છોડાવી શકનાર છે ? અર્જુને કહ્યું કે વાણીમાં વિલાસ અને વીરતા બધાને હોય છે, પણ ભૂજામાં શૂરવીરતા કયાં છે ? એ નીચ વિદ્યાધર ! કુરૂવંશી કદાપિ પ્રથમ પ્રહાર કરતો નથી. માટે તું પ્રથમ પ્રહાર કરવા તૈયાર થા, અર્જુનના વચન સાંભળી ક્રોધિત થયેલા વિદ્યાધરે પ્રથમ પ્રહાર કર્યો, તેના પ્રહારથી અર્જુન

ઘાયલ થયો, અર્જુને તેને દુર્જય માન્યો, ત્યાર બાદ અર્જુને પોતાની તલવારનો જોરથી મેઘનાદ ઉપર ઘા કર્યો, કે તે મૂર્છિત બનીને જમીન ઉપર ઢળી પડયો, કેળના પાંદડા વડે હવા નાખી શુદ્ધિમાં લાવી તેને કહ્યું કે વિદ્યાધરાધીશ! તમે તમારી ભૂજાઓનું આલંબન લઈને ફરીથી મારી ઉપર પ્રહાર કરશો, અર્જુનની વાત સાંભળી ભયભીત બનેલો વિદ્યાધર અર્જુનની સામે નમ્ર બનીને ઉભો રહ્યો અને બોલ્યો હે નરવીર! આપ મારા અપરાધની ક્ષમા કરો, પાંડવ ત્રણેલોકમાં નિર્બળનું રક્ષણ કરવામાં કુશલ છે. ચારણોદ્વારા મેં તમારા પરાક્રમોની યશોગાથાઓનું શ્રવણ કર્યું હતું. પરંતુ આજે મને તે વાતનો સાક્ષાત્કાર થયો છે. સિંહની સામે હાથી ઉભો રહી શકતો નથી, તો મારા જેવા મૃગલાની તાકાત કેટલી? ધર્મ, ન્યાય, પરોપકાર, સદાચાર આપના સહાયક છે એટલે હું આપની પાસે મારો પરાજય સ્વિકારી લઉં છું. આપે પ્રભાવતી ઉપર ઉપકાર કર્યો છે. પરંતુ આપ જલ્દીથી તે વનમાં નહી જાઓ તો આપની મહેનત નિષ્ફળ જશે, કારણ કે મેં વિદ્યાબળથી રસ્તામાં એક માયાવી પ્રભાવતી બનાવીને છોડી દીધી છે. જેનાથી તે બધા મૃત્યુને શરણે થશે, માટે આપ આ વિશાલાક્ષીને લઇ અહીંથી ત્યાં જલ્દીથી પહોંચી જાવ ને તે બધાને બચાવો. હવે હું કોઈ દિવસ મારૂં મૂખ નહિ બતાવું, એમ કહી વિદ્યાધર પોતાના માર્ગે ગયો, અર્જુન પણ પ્રભાવતીને લઈ આ વનમાં આવ્યા, અને પ્રભાવતીના હસ્ત સ્પર્શથી મંત્રેલું પાણી

છાંટવાથી ચિંતાઓ શાંત થઈ. આનંદથી રોમાંચિત બનેલા હેમાંગદ રાજાએ અર્જુનને કહ્યું કે જેમ સૂર્યનો જન્મ જગતને પ્રકાશ આપવા માટે છે, તેમ આપના જેવા મહાનુભાવોનો જન્મ કેવળ પરોપકારના માટે જ છે. આપે કરોડો જીવોને બચાવી, મોટું પુણ્ય ઉપાર્જન કરેલું છે, ઘણી વખત મેં આપની વીરતાની વાતો સાંભળી હતી, પરંતુ આજે મેં તેનો સાક્ષાત્કાર કર્યો છે. મારી પાસે બહુમૂલ્ય કોઈ વસ્તુ નથી, કે જેના વડે હું આપના ઉપકારનો બદલો આપી શકું, આપ મને આપનો સેવક બનાવવાની કૃપા કરશો, આ પ્રમાણે વિનયપૂર્વક નમસ્કાર કરીને હેમાંગદ રાજા અર્જુનને પોતાની સાથે લઈ હિરણ્યપુર નગરમાં આવ્યો, ત્યાં નાગરીકોએ' આ પ્રભાવતીને લાવી બધાને બચાવનાર છે, તે પ્રમાણે વાતો કરતાં અર્જુન તરફ દૃષ્ટિ રાખીને તેની પ્રશંસા કરતા હતા, પ્રભાવતી સહિત રાજાએ અર્જુનને રાજમહેલમાં લાવી સિંહાસન ઉપર બિરાજમાન કરીને કહ્યું કે અમારા પ્રાણ, લક્ષ્મી, રાજ્ય, વિગેરે આપનું જ છે, આપ યથેચ્છ તેનો ઉપયોગ કરો, અને અમને કૃતાર્થ કરો, તે વારે અર્જુને કહ્યું કે અસાધારણ સૌજન્યપૂર્ણ આપને મેળવી મેં સ્વર્ગીય સુખનો અનુભવ કર્યો છે.

રાજાની સાથે વાતો ચાલતી હતી એટલામાં આકાશમાર્ગેથી મણિચૂડ વિદ્યાધર પણ ત્યાં આવી પહોંચ્યો, વિધિપૂર્વક નમસ્કાર કરીને મણિચૂડે કહ્યું કે પ્રભાવતી

સંબંધી વાતો કરતા ખેચરો આપની યશઃકીર્તિને ગાતા જતા હતા, તે વાતો સાંભળીને હું અહીંઆ આવ્યો છું; આપે મને રાજ્ય અપાવી અને પ્રભાવતીને છોડાવી દેવાદાર બનાવ્યો છે. અર્જુને કહ્યું કે પરસ્પરની એકતામાં કયાંય ભેદ હોય તો જ દેવાદારપણું યાદ આવે છે, તમારી સાથે કોઈ ભેદભાવ નથી તો પછી આપને દેવાદારપણું કેમ યાદ આવે છે, અર્જુને તેઓના ત્યાં રહી ઘણા દિવસ સુખપૂર્વક વ્યતીત કર્યા.

એક દિવસ હસ્તિનાપુરથી આવેલા પૂર્વ પરિચિત દૂતે અર્જુનને વિનંતિ કરી કે 'દૂતો દ્વારા આપ અહીં છો, તે હકીકત પાંડુરાજાએ જાણી મને આપની પાસે મોકલાવેલ છે, વૃદ્ધાવસ્થાએ પહોંચેલા પાંડુરાજા ધર્માચરણની ઈચ્છાથી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કરવાની ભાવના રાખીને આપની આવવાની રાહ જોઈને બેઠા છે, કુંતી પણ દરરોજ આપના આગમનની રાહ જોઈને શોકાતુર સ્થિતિમાં રહે છે. દૂતના વચન સાંભળી કહ્યું કે તમો આગળ જાઓ, હું શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ભગવંત આદિનાથના દર્શન કરીને જલ્દીથી હસ્તિનાપુર આવું છું; હેમાંગદ અને મણિચૂડને સાથે લઈ અર્જુન આકાશમાર્ગે શત્રુંજય આવ્યા, પરમભક્તિથી આદિનાથ પ્રભુની સેવના, પૂજના કરી, કૃષ્ણને મલવાની ભાવનાથી દ્વારિકા આવ્યા,શ્રીકૃષ્ણે અર્જુનનો સત્કાર કર્યો, પોતાની બ્હેન સુભદ્રાની સાથે અર્જુનના લગ્ન કર્યા, કન્યાદાનમાં ખૂબ જ ધન આપ્યું. માતાપિતાને મલવા માટે ઉત્કંઠાવાળા હોવા છતાં કૃષ્ણના આગ્રહથી થોડાદિવસ અર્જુન દ્વારિકામાં રહ્યા.

હસ્તિનાપુર જવાની તીવ્ર ઇચ્છાવાળા અર્જુને કૃષ્ણની રજા લઈ સુભદ્રા, હેમાંગદ અને મણિચૂડ સહિત વિમાનમાર્ગે પ્રયાણ કર્યું. હસ્તિનાપુર નજીક આવ્યું ત્યારે ખેચરોએ પાંડુરાજાને અર્જુનના આગમનની વાત કરી, જેમ સિદ્ધરસ વડે તાંબુ સોનામાં પરિવર્તન થાય છે, તેવી રીતે પાંડુરાજા પુત્ર વિયોગના દુઃખમાંથી મુક્ત બની આનંદવિભોર બન્યા, 'કુંતી', યુધિષ્ઠિર વિગેરેના મનમાં અત્યંત આનંદ થયો, રાજાએ ઉત્સવના માટે આજ્ઞા કરી, પાંડુરાજા પુત્રને લેવા માટે નગરની બહાર આવ્યા, એટલામાં હેમાંગદ, મણિચૂડની સાથે અર્જુન વિમાનમાંથી ઉતર્યો, અર્જુને રાજા પાંડુ વિગેરે સ્વજન પરિવારને વિમાનમાં બેસાડયા, તે વખતે ખેચરોએ, કિન્નરીઓએ હસ્તિનાપુરને સ્વર્ગમય બનાવી દીધું, નાગરિકોથી સત્કાર પામતો અર્જુન વિમાનમાંથી ઉતરીને રાજમહેલમાં આવ્યો, ત્યાં માતા કુંતીએ અવતારણ મંગલ કર્યું, ત્યારબાદ અર્જુન પાંડુરાજાના મહેલમાં ગયો, ત્યાં રાજાની સાથે ઘણો સમય પ્રાસંગિક વાતો કરી, અર્જુનના બંને પ્રિયમિત્રોને સુંદર નિવાસસ્થાન આપ્યા, રાજાને નમસ્કાર કરી, તે બંને પોતાના નિવાસસ્થાનમાં ગયા, ત્યારે અર્જુન પણ પિતાજીને નમસ્કાર કરી પોતાના મહેલમાં ગયો, મંત્રી, નગરજનો, સામન્તો તરફથી મળેલા ઉપહારનો પ્રેમથી અર્જુને સ્વિકાર કર્યો, ત્યારબાદ બધાને વિદાય કરી અર્જુન દ્રૌપદીના ઘેર આવ્યો, તે વખતે બંનેના આનંદની કલ્પના કવિઓ પણ કરી શકે તેમ

નહોતા, દ્રૌપદીએ કટાક્ષો તથા નીલકમલ દ્વારા અર્જુનને અર્ઘ્ય આપ્યું. અર્જુને પણ તે જ રીતે દ્રૌપદીને અર્ઘ્ય આપ્યું કે જેનાથી પ્રવાસનો શ્રમ અને બારવર્ષનો સમય પણ ભૂલાઈ ગયો, અર્જુને દ્રૌપદીની સાથે પ્રેમની વાતો કરતા સુખપૂર્વક દ્રૌપદીના મહેલમાં જ રાત્રી પસાર કરી, એક દિવસ રાજાએ અર્જુનને એકાંતમાં બોલાવી, પોતાની વૃદ્ધાવસ્થાનું વર્ણન કરી, યુધિષ્ઠિરનો રાજ્યા-ભિષેક કરવાની વાત કરી, રાજાએ કહ્યું કે ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, વિદુરજી વિગેરે યુધિષ્ઠિરને યોગ્ય માને છે. અર્જુને રાજાની વાતનું સમર્થન કર્યું. રાજાએ કૃષ્ણ વિગેરે રાજાઓને આમંત્રણ આપીને બોલાવ્યા, હસ્તિનાપુરની ચારે તરફ રાજાઓના નિવાસસ્થાનો શોભવા લાગ્યા, તોરણ તથા અનેક પ્રકારની રચનાઓથી નગર અલકાપુરી જેવું રમણીય લાગતું હતું, યુધિષ્ઠિરના રાજ્યાભિષેકને માટે શિલ્પીઓએ માણિક્યમય વિમાન બનાવ્યું. બ્રાહ્મણોએ આરતી ઉતારી, રાજાએ યુધિષ્ઠિરને ભદ્રપીઠ ઉપર બેસાડ્યા, પુરોહિતોએ મંત્રોચ્ચાર કર્યા, એ રીતે રાજાએ તીર્થજલથી યુધિષ્ઠિરનો અભિષેક કર્યો, સ્ત્રીઓએ યુધિષ્ઠિરની ઉપર આશીર્વાદ વરસાવ્યા, કવિ-ભાટ-ચારણો બીરૂદાવલિ ગાવા લાગ્યા, યુધિષ્ઠિરે યાચકોને પુષ્કળ દાન આપી ધનાઢ્ય બનાવ્યા, શત્રુઓને કારાગારો-માંથી મુક્ત કર્યા, રાજ્યમાં 'અ' મારી પડહ'ની ઘોષણા કરાવી, રાજાઓ તરફથી માંગલિક ઉપહારો વડે યુધિષ્ઠિરનો સત્કાર કરાયો.

અભિષેક થયા બાદ યુધિષ્ઠિરને પ્રસાધનોથી સજ્જવટ કરનાર માણસોએ અનેક પ્રકારના વસ્ત્રાલંકાર, આભૂષણ, ચંદન વિગેરેથી સાક્ષાત્ ઇંદ્રની જેમ સુશોભિત બનાવ્યા, અર્જુનની આજ્ઞાથી મણિચૂડ વિદ્યાધરે દિવ્યસભાનું નિર્માણ કર્યું. તે રત્નમય દિવ્યસભામાં યુધિષ્ઠિર પધાર્યા, લોકોને કદાપિ અંધકારનો ખ્યાલ ન આવે તેટલા માટે સ્ફટિકની દિવાલો બનાવવામાં આવી હતી, દેવસભાની જેમ મણિમય તે સભા શોભતી હતી, યુધિષ્ઠિર સૌધર્મેન્દ્રની જેમ શોભતા હતા.

ત્યારબાદ નગરજનોએ, મંત્રીઓએ, સામંત વિગેરેએ રાજાને દિવ્યવસ્તુઓનું ભેટણું કર્યું. હસ્તિનાપુરના રાજા તરીકે યુધિષ્ઠિરની જાહેરાત થઈ, ભાઈ ઉપરના પ્રેમથી, વડીલોની ઇચ્છાથી દુર્યોધનને ઇન્દ્રપ્રસ્થનો રાજા બનાવ્યો, ધૃતરાષ્ટ્રના બીજા પુત્રોને અલગ અલગ દેશના અધિકારી બનાવ્યા, ત્યારબાદ રાજાએ બધા રાજાઓનો વિધિપૂર્વક સત્કાર કરીને પોતપોતાના દેશમાં વિદાય કર્યા, આ પ્રમાણે રાજા યુધિષ્ઠિર, ઇંદ્ર સમાન તેજસ્વી, પ્રતિપક્ષી રાજાઓથી પૂજાતા, પોતાના યશને દિશાઓમાં ફેલાવતા પોતાના ભાઈઓની સાથે આનંદપૂર્વક રહેવા લાગ્યા.

પાંચમો સર્ગ સંપૂર્ણ :

સર્ગ : છઠ્ઠો

યુધિષ્ઠિરના રાજ્યાભિષેક બાદ પાંડુરાજા સંસાર ત્યાગ કરી. મોક્ષપ્રાપ્તિના હેતુરૂપ ચારિત્રધર્મ અંગિકાર કરવાની ભાવના રાખતા હતા, પરંતુ પુત્રોના આગ્રહથી તેઓ ચારિત્ર લઇ શકયા નહિ, દુર્યોધન પોતાની જાતને પિતાનો સેવક માનતો હતો. ધૃતરાષ્ટ્ર વિગેરેને ઈન્દ્રપ્રસ્થ લઈ ગયો, યુધિષ્ઠિરના ગુણોથી આકર્ષાઇને ભીષ્મ, વિદુર, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય વિગેરે હસ્તિનાપુરમાં જ રહ્યા, દીપક વડે અગ્નિ તેજોમય દેખાય છે તેવી રીતે યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયા બાદ પાંડુરાજાની રાજ્યલક્ષ્મી તેજોમય દેખાવા લાગી, વસંતઋતુમાં વનરાજી ખીલી ઊઠે છે તેમ યુધિષ્ઠિરની નીતિથી, ન્યાયથી, રાજ્યલક્ષ્મી ઊઠી હતી, ગ્રિષ્મઋતુમાં સમુદ્ર જેમ ઉછળે છે, તેમ યુધિષ્ઠિરમાં ધર્મવૃદ્ધિ થવા લાગી, યુધિષ્ઠિરની તેજસ્વિતા, ભૂજાબળ, શૂરવીરતા આદિ ગુણોથી શત્રુઓ પણ પ્રભાવિત થયા, યશની સર્વત્ર વૃદ્ધિ થઈ, પ્રજાજનો અનેક પ્રકારના સુખો પ્રાપ્ત કરતા હતા.

જ્યારે યુધિષ્ઠિરને દિગ્વિજય કરવાની ભાવના થઈ ત્યારે ચારે ભાઈઓએ પ્રણામ કરીને કહ્યું કે, કિરણોથી

અંધકારનો નાશ થતો હોય તો સૂર્યને જવાની જરૂરિઆત રહેતી નથી, તેવી રીત તમારા ભાઈઓ યુદ્ધમાં અજય યોદ્ધા હોવાથી આપને યુદ્ધ ખેલવાની જરૂર નથી, અમે પ્રસ્થાન કરીશું. ભાઈઓના વચન સાંભળી યુધિષ્ઠિરે ચારે દિશામાં ચારે ભાઈઓને મોકલ્યા, રાજાની આજ્ઞા માનીને ચારે ભાઈઓએ પોતાની સાથે ચતુરંગી સેના લીધી. કુંતી–માદ્રિ વિગેરેએ મંગળ ઉપચાર કર્યા, ભીમ પૂર્વદિશામાં, અર્જુન દક્ષિણમાં, નકુલ પશ્ચિમમાં, સહદેવ ઉત્તર દિશામાં ગયા, ચારે સેનાઓના ભારથી પૃથ્વી ડોલવા લાગી, આકાશ ધૂળથી વ્યાપ્ત બની ગયું. શત્રુઓની સ્ત્રીઓના રૂદનથી નદીઓ છલકાવા લાગી, સૈનિકોના અવાજથી પર્વતની ગુફાઓ, અને શત્રુઓના હૃદય ફાટવા લાગ્યા, ઘોડાની ખરીઓથી, હાથીના પગ-માંથી જમીન ખેડેલા જેવી બની ગઈ, પૃથ્વી પાંડવોની કીર્તિરૂપ બીજને વાવવા યોગ્ય બની ગઈ.

ભીમે પૂર્વ દિશામાં જઈને કામરૂપ, અંગ, સુહમ્, વંગ ઉત્કલ, કલિંગ, વિગેરે દેશોને જીતી લીધા, પોતાનો ધ્વજ ફરકાવ્યો, ગંગાસાગર સંગમ ઉપર જયસ્થંભ રોપીને પાંચાલ વિગેરે જીતીને સેના સહિત ભીમ હસ્તિનાપુર આવી ગયો. બાણોથી પોતાની કીર્તિની વૃદ્ધિ કરતો અર્જુન દક્ષિણ દિશામાં આગળ વધતો હતો, તેણે મહારાષ્ટ્ર, કર્ણાટક, તૈલંગ વિગેરે દેશોને જીતી લીધા, વળી કેરલ, વિદર્ભ, દ્રાવિડ વિગેરેને જીતી મલયાચલના પાછળના ભાગમાં ગયો, અર્જુનનો હાથી પણ ઘાસ

પાંદડા ખાવાનું ભૂલી ગયેા, કારણ કે લવીંગ, એલચી, અને સેાપારીથી લચી પડેલા ખેતરેાથી ભરપુર પ્રદેશ જીતી લીધેા હતેા તેથી તેના હાથી લવીંગ, એલચી, સેાપારી વિગેરે ઝાડના પાંદડાઓનેા ખેારાક ખાતેા હતેા, સેતુબંધ રામેશ્વરમાં જયસ્થંભ રેાપીને લાટ, કેાંકણ અને કુંતલ વિગેરે દેશેા પર વિજય પ્રાપ્ત કરીને અર્જુન હસ્તિનાપુર પાછેા આવ્યેા.

પેાતાના યશરૂપી પુષ્પેાની વાસથી ભૂમંડલને સુગંધિત બનાવતા નકુલે પશ્ચિમ દિશામાં પ્રવેશ કર્યેા, સમુદ્ર અને સરસ્વતીના સંગમક્ષેત્ર પ્રભાસમાં જઈને શ્રીચંદ્રપ્રભ સ્વામિના દર્શન કરીને પાપથી મુક્ત થયેા, ત્યાં વિજયસ્તંભ રેાપીને દ્વારિકાના પ્રજાજનેા દ્વારા ગવાતા શ્રીકૃષ્ણના ગુણેાને સાંભળતેા કચ્છ દેશ ગયેા, ત્યાંના ચારણેા નકુળની યશેાગાથા ગાવા લાગ્યા, પશ્ચિમ સમુદ્રના કિનારે થતી ખજુરેાનેા સ્વાદ ચાખી આનંદિત બનેલા નકુલના સૈનિકેા થેાડા દિવસ ત્યાં રેાકાઈ ગયા, ત્યારબાદ યવન, શક, પંજાબ, સિંધ વિગેરે દેશેા જીતી નકુલ હસ્તિનાપુર આવ્યેા.

ઇંદ્રની સમાન પરાક્રમી સહદેવ ઉત્તરદિશામાં ગયેા હતેા, પરાક્રમી સહદેવે કંબેાજને જીતી લઈ, તે રાજા પાસેથી ભેટણામાં ઉત્તમ ઘેાડાઓને પ્રાપ્ત કરી, નેપાળ ગયેા, ત્યાંના રાજાએ કસ્તુરીમૃગ તથા કસ્તુરીની ભેટ આપી પેાતાનું રાજ્ય ખંડીઆ રાજા તરીકે ટકાવી રાખ્યું.

કાશ્મિરને જીતી લઈ ત્યાંના સૌધર્મમય ધામો જોઇ, હિમાલય ઉપર ચઢીને પહાડી વસાહતો જીતી લીધી ત્યાં વિજયસ્થંભો રોપ્યા, ત્યાંથી નીકળી હૂણ દેશને જીતી સહદેવ હસ્તિનાપુર પાછો આવ્યો.

આ પ્રમાણે ચારે દિશાઓમાંથી લક્ષ્મીને લાવી જ્યારે હસ્તિનાપુર પાસે ચારે ભાઈઓ આવ્યા, ત્યારે મોટી સેના સહિત યુધિષ્ઠિરે તેમનું સ્વાગત કર્યું. શરીરમાં પાંચ ઈન્દ્રિય સમાયેલ છે. પાંચ ભૂત જેવી રીતે સમાયેલા છે. તેવી રીતે પાંચે ભાઈઓમાં તે હસ્તિનાપુર નગરી સમાઈ ગઈ, અને શોભાયમાન દેખાવા લાગી, ચારે ભાઈઓએ યુધિષ્ઠિરને પ્રણામ કર્યા, રાજાએ ચારે ભાઈઓને આલિંગન કર્યું. અપાર આનંદ અનુભવ્યો, તોરણો વિગેરેથી શોભાયમાન હસ્તિનાપુરમાં હાથી ઉપર પાંચે ભાઈઓએ બેસી નગરમાં પ્રવેશ કર્યો. રાજમહેલના પ્રાંગણમાં રાજાને સિંહાસન ઉપર બેસાડી તેમના ચરણ કમલમાં ચારે ભાઈઓએ પોતાના મસ્તક મૂકયાં. (નમસ્કાર કર્યા) ચારે દિશામાંથી લાવેલી વસ્તુઓ ચારે ભાઇઓએ રાજાની સમક્ષ મૂકી જે સંપત્તિથી રાજાએ કૂબેરને પણ જીતી લીધો.

તે ઉત્સવ પ્રસંગે અર્જુન પત્ની સુભદ્રાએ પુત્ર રત્નને જન્મ આપ્યો, રાજાએ યાચકોને દાન આપી ખુશ કર્યા, પુત્રનું નામ અભિમન્યુ રાખ્યું, ધર્મફલની ઇચ્છાથી રાજાએ શ્રદ્ધા જલથી ધર્મને સિંચવા માંડયો, સાતે

ક્ષેત્રમાં ધનવ્યય કરવા લાગ્યો, અને ધર્મરૂપી વહાણમાં લક્ષ્મીને સુરક્ષિત બનાવી.

રાજા યુધિષ્ઠિરે પાંચમા ચક્રવર્તિ અને સોલમા તીર્થંકર ભગવંત શાંતિનાથ સ્વામિનું અનેક રત્નોથી મંડિત જિનાલય, દેવભુવનને લજ્જીત બનાવે તેવું બનાવ્યું. સુવર્ણ માણેકથી શોભતું તે જિનાલય જોઈ લોકો સુમેરૂ પર્વતની શોભાને પણ ભૂલી ગયા, સ્ફટિક રત્નમય, પગથીઆ બનાવ્યા, આ જિનમંદિરની તુલના કરી શકે તેવું બીજું કોઈ જિનમંદિર ભૂમંડળ ઉપર ન હોતું.

જગતમાં અદ્‌ભૂત જ્ઞાનાદિ અતિશયોરૂપી લક્ષ્મીવંત ભગવાન શ્રીશાંતિનાથની પ્રતિષ્ઠા તથા ધ્વજારોપણ નિમિત્તે રાજા યુધિષ્ઠિરે દૂતોને મોકલી રાજાઓને આમંત્રણ આપ્યા, નકુલને મોકલી કૃષ્ણને આમંત્રિત કર્યા, પોતાના ભાઇઓ પ્રત્યે વાત્સલ્ય ભાવ ધરાવતાં રાજાએ સહદેવને મોકલી પરિવાર સહિત દુર્યોધનને બોલાવ્યો, રાજા યુધિષ્ઠિરની કૃપાદ્રષ્ટિ મેળવવા માટે બધા રાજાઓ પોતાના દેશમાં ઉત્પન્ન થતી વસ્તુઓ રાજાને આપવા માટે લેતા આવ્યા હતા.

પૂર્વ દેશના રાજાઓ, હાથી, દક્ષિણ દેશના રાજાઓ વૈડુર્યરત્નો, પશ્ચિમ દેશના રાજાઓ કૌશેય વસ્ત્રો, સોનાના આભૂષણો, ઉત્તર દેશના રાજાઓ ઉત્તમ પ્રકારતા ઘોડાઓ લાવ્યા હતા, તે રાજાને ભેટમાં આપી દીધા.

શ્રીશાંતિનાથ ભગવાનના ધ્વજારોપણ દિવસે યુધિષ્ઠરે બધા રાજાઓને મંદિરમાં એકત્ર કર્યા, બધા રાજાઓની સાથે મોટા ઉત્સવથી તીર્થજલ લાવવામાં આવ્યું. રક્ષામંત્ર વિગેરે સંસ્કાર ક્રિયાથી દેદિપ્યમાન રાજગણોએ ઇન્દ્ર સંબંધી ક્રિયાઓ કરી, થોડા રાજાઓ કોલાહલને શાંત કરવા માટે બધી દિશાઓમાં દ્વારપાળ તરીકે ઉભા રહ્યા, થોડા રાજાઓ વેદિકાનું રક્ષણ કરવા સુતરની જાડી દોરી લઈને ઉભા હતા, થોડા રાજાઓ સુવર્ણ કળશમાં પાણી ભરવા લાગ્યા, થોડા રાજાઓ દિવ્ય ઔષધિઓ પાણીમાં મિશ્રિત કરવા લાગ્યા, થોડા રાજાઓ ઉંચા સ્વરથી સ્નાત્રના સૂત્રો બોલવા લાગ્યા. ચોસઠ રાજાઓએ અઢાર વખત સુવર્ણમય ધ્વજદંડને અભિષેક કર્યો, થોડાક રાજાઓએ કપુર અને અગરૂના ધૂપની યોજના કરી, થોડાક રાજાઓ ચંદનના તિલક બધાને કરતા હતા, થોડાક રાજાઓ સ્નાત્રમાં વચ્ચે વચ્ચે પુષ્પોની માળા ચઢાવતા હતા, થોડાક રાજાઓ નંદ્યાવર્તનું રક્ષણ કરતા હતા, થોડાક રાજા દર્પણ, તો થોડાક રાજાઓ ચામર લઈને ઉભા હતા, થોડાક રાજાઓ દહીં, ઘીના પાત્રો લઈને ઉભા હતા, થોડા રાજાઓ દાડમ વિગેરે ફળોને લઈ ઉભા હતા, આ પ્રમાણ જ્યારે જુદા જુદા રાજાઓ જુદી જુદી ક્રિયાઓમાં હતા ત્યારે શુભલગ્નો, ગ્રહો અનુકૂળ થયા ત્યારે રાજા યુધિષ્ઠિરે શ્રીશાંતિનાથ જિનમંદિરની ઉપર શ્રી બુદ્ધિસાગરાચાર્યની સાન્નિધ્યમાં વિધિપૂર્વક ધ્વજારોપણ કર્યું. આ

પ્રમાણે ખુબ જ ઉત્સાહથી દશ દિવસનો ઓચ્છવ પૂર્ણ થયા બાદ રાજાએ 'સંઘપૂજા કરી. ભેટના રૂપમાં આવેલી તમામ વસ્તુઓથી સત્કાર કરી રાજા યુધિષ્ઠિરે બધા રાજાઓને વિદાયગિરિ આપી.

સમુદ્રવિજય રાજાના સમાચાર આવવાથી શ્રી કૃષ્ણની વિધિ પૂર્વક સ્વાગતા કરીને વિદાયગિરિ આપી, બંધુ પ્રેમથી રાજાએ દુર્યોધનને ઘણા દિવસો સુધી અહીં રાખ્યો, પાંડવોની સમૃદ્ધિ જોઈને દુર્યોધનને ખુબ જ અદેખાઈ આવતી હતી, તો પણ તે મામા શકુનીની સાથે ખુબ જ ગંભીરતાથી રહેવા લાગ્યો અને પાંડવોની સાથે ઉદ્યાનોમાં, પર્વતોમાં અનેક પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યો.

એક દિવસ દિવ્ય રાજ્યસભા ભરવામાં આવી, ત્યારે દુર્યોધને પણ સભામાં પ્રવેશ કર્યો, નવિન સ્ફટિકમય ફરસબંધ જમીનને પાણી સમજી પોતાના કપડાંને ઉંચા કરતા દુર્યોધનને જોઈ નોકરો હસવા લાગ્યા, જમીન સમજીને જ્યારે ચાલતો હતો ત્યારે તે પાણીમાં સરકી પડયો, કપડાં ભીંજાઈ ગયા, પોતે કમલ લેવા જવાનો દેખાવ કરવા લાગ્યો ત્યારે ભીમ હસી પડયો, યુધિષ્ઠિરે બીજા કપડાં મંગાવી આપ્યા, અને કપડાં બદલવાનું કહ્યું. હૈયામાં ક્રોધથી ભભૂકતા દુર્યોધને કપડાં બદલી નાખ્યા, ઉંચી જમીનને નીચી સમજીને ચાલતાં ચાલતાં તે પડી ગયો, તે જોઈને અર્જુન હસવા લાગ્યો, ખુલ્લા

દ્વારને પણ રત્નોના ચળકાટથી બંધ સમજી જ્યારે દુર્યોધનને પાછો વળતો જોયો ત્યારે નકુળ અને સહદેવ હસી પડયા, દુર્યોધનના અંતરમાં ક્રોધની જ્વાળાઓ ભભૂકી ઉઠી.

સ્નેહપૂર્વક સત્કાર કરી દુર્યોધનને જ્યારે વિદાય-ગિરિ આપી ત્યારે અભિમાની દુર્યોધન, મામા શકુનીની સાથે ઈન્દ્રપ્રસ્થના માર્ગે ચાલ્યો, અત્યંત ઉદાસિન બનીને નિસાસા નાખતો દુર્યોધન વાતચીતમાં પણ ઉત્તર આપતો નહોતો ત્યારે મામા 'સૌબલે હાથ પકડીને દુર્યો-ધનને કહ્યું. વત્સ! તારૂં મુખ કેમ મલિન છે? ત્યારે દુર્યોધને કહ્યું કે મામા! આ જગતમાં જીવવા જેવું શું છે? મામાએ કહ્યું, આમ કેમ બોલે છે? મામા! જીવતર નકામું છે કારણ કે મારો દુશ્મન કેટલો સમૃદ્ધ બની ગયો છે. દુર્યોધન બોલ્યો. નાના પ્રકારના રત્નોથી જેની રાજ્યસભા ઈન્દ્રની સભાને પણ જીતી ગયેલ છે. પૃથ્વીના તમામ રાજાઓ યુધિષ્ઠરને નમસ્કાર કરે છે. ધ્વજાદંડારોપણ મહોત્સવમાં તમે જોયું ને? બધા રાજાઓ તેના સેવક બનીને ઉભા હતા. આ પ્રમાણે તેની સમૃદ્ધિ જોઈને મારૂં હૃદય લાકડાની જેમ બળી રહ્યું છે. પણ કોઈ સારો સહાયક મને મલતો નથી, હું યુધિષ્ઠિરની રાજ્યલક્ષ્મી, સંપત્તિ, વૈભવને જોઈ શકતો નથી, હું તો અહીંજ ગળે ફાંસી નાખી મરી જવાન ભાવના રાખું છું. તમે જઈને મારા પિતાજીને

બધા સમાચાર આપશો, આ પ્રમાણે કહીને દુર્યોધન શાંત બનીને બેઠો શકુનીએ કહ્યું ધાર્તરાષ્ટ્ર ! આ આપનું કહેવું બરાબર નથી, સજ્જન તો સ્વજનોના અભ્યુદયમાં આનંદ માને છે. પાંડવોના રાજ્ય કરતાં આપનું રાજ્ય નાનું નથી, ભાગ્યથી યુધિષ્ઠિરની સંપત્તિ વધી ગઈ તો આપે આનંદ માનવો જોઈએ પણ દુઃખ તો ન જ થવું જોઈએ. યુધિષ્ઠિરે બીજા રાજાઓને પોતાને વશ કર્યા છે તે આપના માટે હર્ષની વાત નથી ? તમને સહાયક કોઈ નથી તે વાત ખોટી છે. કારણ કે આપના ભાઈ પણ પ્રબળ પરાક્રમી છે. દુઃશાસન તો યુદ્ધમાં ઈન્દ્રને પણ જીતી શકે તેમ છે. એટલું જ નહી પણ દુશ્મનોના હૃદયને ફાડી નાખનાર 'કર્ણ' આપના પ્રત્યેના ઉપકારથી બેંધાઈને પોતાના પ્રાણ આપવા તૈયાર છે. તમારા ભાઇઓની સાથે હું પણ આપને સાથ આવવા તૈયાર છું. દુર્યોધને કહ્યું કે પાંડવોને જીતવાથી સંપૂર્ણ પૃથ્વી જીતાઈ ગઈ એમ માનું છું. સૌબલે ફરીથી કહ્યું કે આપની માન્યતા બરાબર નથી કેમકે ઈન્દ્ર પણ યુદ્ધમાં પાંડવોને જીતવામાં અસમર્થ છે.

યુધિષ્ઠિરની શૂરવીરતાથી વીરપુરૂષો પણ કાયર બની જાય છે. તો પછી યુદ્ધમાં યુધિષ્ઠિરની પાસે આવી પણ કોણ શકે ? ભીમનું નામ સાંભળી ગજાસુર જેવા હાથી પણ ભાગી જાય છે, શત્રુઓની છાતીને બાણ વડે ફાડી નાખનાર અર્જુનની સાથે લડવા માટે કોણ તૈયાર

છે, દેખાવમાં યમુના સમાન, કુરતામાં યમરાજ જેવા તલવારને ધારણ કરનાર નકુલ, સહદેવને કોણ જીતી શકે તેમ છે ? કૃષ્ણ વિગેરે પણ તેમના સહાયક છે. માટે શસ્ત્રાસ્ત્રના યુદ્ધમાં તેમને કોઈ જીતી શકે તેમ નથી, પરંતુ તેમને જીતવાનો એક ઉપાય છે.

સૌબલની વાત સાંભળી દુર્યોધનનું ચિત્ત પ્રસન્ન થઈ ગયું, કયો ઉપાય છે ? આપ જલ્દીથી કહો. સૌબલે કહ્યું શ્રીમાન્ દેવતાઓની જેમ મને પણ જુગાર સિદ્ધ-વિદ્યા છે, હસ્તિનાપુરમાં યુધિષ્ઠિર જુગાર રમવામાં ખુબ જ આસકત છે, તેઓને જો જુગાર રમવા માટે બોલાવવામાં આવશે તો તેઓ એકક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય આવશે. વળી તેઓને મારા જેવું રમતા પણ આવડતું નથી માટે કોઇપિણ કારણ નિમિત્તે તેઓને અહીં બોલાવવાની આપ કોશિષ કરો, તેમની તમામ લક્ષ્મી જુગારમાં જીતી લઈ આપના હાથમાં મૂકી દઇશ, પરંતુ આપ આપના પિતાજીને આ વાત કહો, દુર્યોધને કહ્યું કે હું પિતાજીને નહી કહી શકું. તમેજ તેમને કહો.

આ પ્રમાણે રસ્તામાં વિચાર કરીને શકુની અને દુર્યોધન બંને ઈન્દ્રપ્રસ્થ પહોંચ્યા, નગરમાં પ્રવેશ કરતાં જ ધૃતરાષ્ટ્રને પ્રણામ કરીને તેઓની પાસે બેઠા, દુર્યોધનને લાંબા શ્વાસોશ્વાસ લેતો સાંભળી ધતરાષ્ટ્રે પૂછયું કે વત્સ ! તને આજે શું થયું છે. આ પ્રમાણે લાંબા શ્વાસોશ્વાસ

કેમ ચાલે છે ? શું ત્યાં કોઈએ તારૂં અપમાન કર્યું છે ? તારૂં અપમાન કરીને અગ્નિમાં બળી મરવાની ઇચ્છા કોણ કરનાર છે ? ફણીધરનો મણિ લેવાની ઇચ્છા કોણ ધરાવે છે ? શકુનીએ કહ્યું કે રાજન્ ? આપના પુત્રનો તિરસ્કાર ઇન્દ્ર પણ કરી શકે તેમ નથી. પરંતુ આપના પુત્રના અંતરમાં બીજું દુઃખ છે. જેનાથી તે દુઃખી છે. રાજાએ ફરીથી કહ્યું કે હે વત્સ ! મને તારા દુઃખની કલ્પના પણ આવતી નથી કે તને દુઃખ કયા પ્રકારનું છે ? તારા ભાઇઓ, મિત્રો વિગેરે તારા વચનોને ગુરૂવચનની જેમ જ માને છે. તારી આજ્ઞાએ બધા રાજાઓના મુગટમાં મણિનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તારૂં નગર પણ કુબેર નગરને જીતવાવાળું વભવશાલી છે, અપ્સરાઓને જીતવાવાળી તારા અંતઃપુરમાં સ્ત્રીઓ છે. દિગ્ગજોથી પણ મદોન્મત્ત હાથી, હરણની ગતિ કરતા પણ ઝડપી ઘોડાઓ મોજુદ છે. દેવવિમાનથી પણ નિર્મળ તારો મહેલ છે. તો પછી તને શાની ચિંતા છે ? મને કાંઈ જ સમજણ પડતી નથી, જે કંઈ દુઃખ હોય તે તું મને કહે.

દુર્યોધને કહ્યું પિતાજી ! આપના ચરણોની કૃપાથી મારી પાસે ઉત્તમ લક્ષ્મી છે, તો પણ હું મારા માટે તે લક્ષ્મીને તરણાંની જેમ માનું છું; કેમકે યુધિષ્ઠિરની ઝગમગતી લક્ષ્મીને જોઈને મારાં મનમાં શાંતિ નથી, જ્યાં સુધી સાગર જોયો નથી ત્યાં સુધી નદી સુંદર લાગે છે, જ્યાં સુધી સૂર્યનો ઉદય ન થયો હોય ત્યાં સુધી જ

દીપક પ્રકાશ આપે છે, પાંડવોની સંપત્તિની સામે મારી સંપત્તિની કોઈ કિંમત નથી, હું કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ દરરોજ ચિંતાથી ક્ષીણ થતો જાઉં છું. મારા વિરોધી પાંડવો સૂર્યની જેમ પોતાનો પ્રતાપ વધારતા જાય છે. હું તો એક નિર્લજ્જ સમુદ્રની પ્રશંસા કરું છું; જે સમુદ્ર પોતાના દુશ્મન ગ્રિષ્મઋતુની સામે ઉન્નત થઈને ગર્જે છે, નાના રત્નોથી દેદીપ્યમાન યુધિષ્ઠિરની સભાને જોઇ ઇન્દ્ર પણ તેમની સ્પર્ધા કરે છે, યોગી જેવી રીતે બધા જ દેવોને છોડી દઈ, બ્રહ્મની ઉપાસના કરે છે, તેવી રીતે બધા રાજાઓ પણ યુધિષ્ઠિરની ઉપાસના કરે છે, રાજાઓ યુધિષ્ઠિરના દર્શન માટે ઉત્સુક રહે છે. રાજાઓ તરફથી ભેટનાં સ્વરૂપમાં મળેલા હાથી, ઘોડા, રત્નોથી યુધિષ્ઠિરના રાજમહેલના આંગણાંની અધિકતર શોભા વધી ગઇ છે, પિતાજી ! યુધિષ્ઠિરની સંપત્તિ જોઈને મારૂં હૃદય ફાટી જાય છે.

દુર્યોધનની વાત સાંભળીને ક્રોધથી ધમધમતા ધૃતરાષ્ટ્રે કહ્યું કે વત્સ ! તને શા માટે આટલો બધો રોષ યુધિષ્ઠિર પ્રત્યે છે ? સજ્જનોની લક્ષ્મી જોઈને બધા આનંદ પામે છે; જેમ સૂર્યના ઉદયથી કમલ વિકસિત બને છે, તેમ યુધિષ્ઠિરની લક્ષ્મીને તારી માની તું શા માટે આનંદ નથી માનતો ? પોતાના આત્મજનોના અભ્યુદયથી પોતાને આનંદ થવો જોઈએ, ચંદ્રના ઉદયથી સમુદ્રને આનંદ નથી થતો ? વત્સ ! હર્ષના સમયમાં તને

શોક નહિ કરવો જોઇએ, દુર્યોધનને ધૃતરાષ્ટ્ર સમજાવતા હતા, ત્યારે દુર્યોધને કહ્યું કે પિતાજી ! પાંડવોની સંપત્તિ મને પીડા નથી આપતી તેથી વધારે પીડા તો મને તેમનાં મંત્રીઓએ કરેલી મશ્કરી આપે છે. જેનાથી મને માર્મિક પીડા થાય છે. મામાજી બનેલી હકીકત આપને કહેશે.

ત્યારબાદ 'સૌબલે' પાંડવોએ જે રીતે દુર્યોધનનો ઉપહાસ કર્યો હતો, તે બધું ધૃતરાષ્ટ્રને કહી સંભળાવ્યું. તે વારે દુર્યોધને કહ્યું કે પિતાજી ! દ્રૌપદી સહિત તેમની સંપૂર્ણ લક્ષ્મી જ્યાં સુધી હું લઈશ નહિ, ત્યાં સુધી હું જીવિત રહી શકું તેમ નથી, નિવૃત્ત થઇને જીવવું તે શું જીવતર છે ? વાદળોથી ઘેરાયેલા ચંદ્રમાનો ઉદય તે શું ઉદય છે ? ભાગ્યવશાત્ લંગડા બનીને સિંહના વનમાં મરવું સારૂં છે, પરંતુ હાથિઓથી તિરસ્કાર થવું ઠીક નથી. આ પ્રમાણે શ્યામમૂખ, ખિન્નવદને, ઇર્ષ્યાળુ, દુર્યોધન કહેતો હતો ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું કે વત્સ ! પાંડવોની સાથે યુદ્ધ કરવાની વાત કરવાથી આપણી કીર્તિને કલંક લાગશે, તારા ભાઇઓની સાથે યુદ્ધ કરીને કુળને કલંકિત શા માટે કરે છે ? વળી લોકો કહેશે કે 'વૃદ્ધ ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રને યુદ્ધ કરતો રોકયો નહી' આ પ્રમાણે લોકો મારી નિંદા કરશે, લોકોના અપવાદમાંથી તું મને બચાવી લે ? તારા સલાહકારોની સલાહ અને સહાયતાથી અભિમાની બનીશ નહી. પાંડવો તો લાખો શુરવીરોને પણ યુદ્ધમાં પરાજય આપવાવાળા છે.

આ પ્રમાણે ધૃતરાષ્ટ્રના કહેવાથી શકુનિ બોલ્યો હે રાજન્! લોકોમાં આપણી અપકીર્તિ ન થાય તેમ જ યુદ્ધ વિના જ પાંડવોની લક્ષ્મી લઈ લેવાનો ઉપાય હું જાણું હું છું, દ્યુતક્રીડા સર્વ સિદ્ધ છું; યુધિષ્ઠિરને તે સિદ્ધ નથી, પણ દ્યુતક્રીડા રમવાનો તેમને ખૂબ જ શોખ છે. માટે જો આપની આજ્ઞા હોય તો જુગારમાં પાંડવોની લક્ષ્મી જીતી લઉં, દુર્યોધને કહ્યું હે તાત! તમે મામાજીની વાતને માનો, રાજાએ કહ્યું કે હું હસ્તિનાપુરથી વિદુરજીને બોલાવી તેનો નિશ્ચય કરીશ, દુઃખી દુર્યોધને કહ્યું કે પિતાજી! તેઓ આપને જુગાર માટેની વિચારણા આપશે નહિ, મારૂં મૃત્યુ થશે, રાજેન્દ્ર! મારા મરવાથી આપ સુખી થજો, બંને જણા મલીને પૃથ્વીનું રાજ્ય કરજો, ધૃતરાષ્ટ્રે પુત્રો તરફના પ્રેમથી દુર્યોધનનું મુખ પોતાના બંને હાથે ઉંચુ કર્યું. અને મસ્તકે હાથ ફેરવ્યો, રીસાયેલા દુર્યોધનને કહ્યું પુત્ર! તારી સંપત્તિ ઈન્દ્રની સંપત્તિથી અધિક છે. તું ચિંતા કરીશ નહિ, યુધિષ્ઠિરના જેવી જ રાજ્યસભા હું તારા માટે નવી નિર્માણ કરાવું છું; જેનાથી તારૂં મન સદાકાળને માટે આનંદિત રહેશે.

પુત્રને આ પ્રમાણે શાન્તવન આપી ધતરાષ્ટ્રે મોટા મોટા શિલ્પીઓને બોલાવી, સભા બનાવવાનો આદેશ આપ્યો, તે શિલ્પીઓએ હજારો મણિસ્તંભોથી વિભૂષિત 'સો દ્વારવાળી' યુધિષ્ઠિરની સભા જેવી જ સભા બનાવી, રાજાએ માણસ મોકલી, વિદુરજીને હસ્તિનાપુરથી

બોલાવ્યા, વિદુરજી આવ્યા અને નમસ્કાર કરીને બેઠા, ધતરાષ્ટ્રે વિદુરજીને દુર્યોધન અને શકુનીની વાત કરી, વિદુરજીએ કહ્યું કે આપની વાતો અને વિચારણાઓ સાંભળી મારા આંતરડા કપાઈ જાય છે, ખરેખર ! આ દુર્યોધન, કુળમાં દાવાનલ તરીકે ઉત્પન્ન થયો છે, વિદ્વાનોના વચનો નિષ્ફળ જતા જ નથી, શું આપ નથી જાણતા કે વિષવૃક્ષની જેમ નલ–કુબેરને પણ જુગાર અનર્થકારી બન્યો હતો.

કોશલદેશમાં કુબેરને જીતવાવાળા શ્રીમંતોથી અલકા નગરીને પણ તિરસ્કૃત કરનાર 'કોશલા' નામે એક નગરી છે, તે નગરમાં અત્યંત યશસ્વી, પ્રબલ પરાક્રમી, 'નિષધ' નામે એક રાજા હતા, તેમને શત્રુઓનું મર્દન કરનાર, નલ–કુબેર નામના બે પુત્રો હતા, એક દિવસ દ્વારપાલે આવી નમસ્કાર કરીને હાથ જોડી રાજાને કહ્યું કે રાજન્ ! વિદર્ભ દેશથી એક દૂત આવ્યો છે. રાજાની આજ્ઞાથી દૂતે પ્રણામ કર્યા, વિનયથી કહ્યું કે વિદર્ભ દેશમાં પૃથ્વીના કુંડળ સમાન એક કુંડિનપુર નામનું નગર છે. તેમાં દેવ સમાન ભીમરથ નામના એક રાજા છે. જગત રૂપી નેત્ર પુષ્પને આનંદ આપવાવાળી કૌમુદી સમાન અત્યંત રૂપવંત દમયંતી નામની એક કન્યા છે. મનથી જૈનધર્મનું પાલન કરવાવાળી તે કન્યા અત્યંત પાપભીરૂ છે. તેને અનુરૂપ પતિ મેળવવા માટે રાજાએ સ્વયંવરની રચના કરી છે.

બધા રાજાઓની પાસે દૂતોને મોકલવામાં આવ્યા છે અને સ્વયંવરમાં પધારવાની વિનંતી કરવામાં આવી છે. માટે આપશ્રી બંને કુમારોની સાથે સ્વયંવરમાં પધારી ભીમભૂપાલને અવશ્ય આનંદિત કરશો, રાજાએ દૂતના આમંત્રણનો સ્વિકાર કરી, વિદર્ભ જવા માટે સેનાને આજ્ઞા આપી, અને વિદર્ભ જવા માટે પ્રયાણ કર્યું. વિદર્ભરાજે ઉત્સાહથી તેનું સ્વાગત કર્યું. નિષધરાજે છ ખંડ પૃથ્વીના શોભારૂપ કુંડિનપુર નગરમાં પ્રવેશ કર્યો, નલરાજાની અપૂર્વ સુંદરતાને જોઈ વિદર્ભના લોકો બીજા રાજાઓને તુચ્છ માનવા લાગ્યા, ભીમરથ રાજાની આજ્ઞાથી નિષધરાજની સેનાએ નગરની નજીકમાં પડાવ નાખ્યો, ઉન્નત વેશ પરિધાન કરી, સ્વયંવર મંડપના મંચ ઉપર રાજાઓ આવીને બેઠા, કોશલાધિપતિ નિષધ રાજા પણ બંને કુમારોની સાથે માણિકયમય મંચ ઉપર આવીને બેઠા, મંચ પૂર્વાચલ ઉપર નલના બેસવાથી નક્ષત્રોની સમાન ક્ષત્રિઓની કાંતિ ઝાંખી દેખાવા લાગી.

વૈડુર્ય મણિમય અલંકારોથી શોભાયમાન માધવી સદશ, મૂર્તિમંત લક્ષ્મીસમાન, દમયંતીએ સ્વયંવર મંડપમાં પ્રવેશ કર્યો. હર્ષિત દાસીઓએ તેણીનો જયનાદ કર્યો, સ્વયંવર મંડપ ગાજી ઊઠયો, રતિ, શચિ, લક્ષ્મી, પાર્વતી વિગેરેના રૂપને જીતવાવાળી દમયંતીને બ્રહ્માજીએ બનાવી અપયશ પ્રાપ્ત કર્યો છે, કારણ કે કામદેવ, ઇંદ્ર, વિષ્ણુ, શિવ વિગેરેથી પણ અદ્ભુત સુંદર યુવાન દમ-

ચંતીને યોગ્ય મલવો મુશ્કેલ છે, કારણ કે એમ લાગે છે કે બ્રહ્માજીએ આવો કોઈ યુવાન નિર્માણ કર્યો જ નથી.

શૃંગારરસથી ભરપુર દમયંતીની તરફ બધા રાજાઓની અભિલાષા વધવા લાગી, નવયૌવના દમયંતીને જોઈ નલરાજાને પણ વિચાર આવ્યો કે પાર્વતીને જોઈ શંકર તેના પ્રત્યે શા માટે આકર્ષિત બન્યા ?

દાસીએ નામ લઈને દમયંતીને બધા રાજાઓનો પરિચય આપ્યો, દેવી ! આ ઘણા ગુણવંત મગધેશ્વર છે, લાવણ્યથી કામદેવને જીતવાવાળા આ અંગરાજ છે, શત્રુઓના સપ્તાંગનો લોપ કરવાવાળા આ 'બંગ'નરેશ છે, શત્રુ રમણિઓના શૃંગારને નષ્ટ કરવાવાળા કલિંગરાજ છે, શત્રુઓની સ્ત્રીઓના કંકણનો નાશ કરનારા આ 'કુંકણેશ્વર' છે, આ 'લાટ' નાયક છે. આ 'હૂણાધિપતિ' છે. આ 'કુંભોજાધિપતિ' છે, જેમ ભમરી નગોડના ઝાડ તરફ દ્રષ્ટિ પણ કરતી નથી, તેવી રીતે દમયંતીએ પણ તે રાજાઓ તરફ દ્રષ્ટિ પણ કરી નહી, ત્યારે ફરીથી દાસીએ દમયંતીને કહ્યું કે દેવી ! જુઓ આ વિવેક–વિક્રમ–ન્યાય-નિધાન, નિષધા નગરીના તિલકરૂપ નિષધરાજા છે, તેમની આગળ નલ–કુબેર નામના તેઓના બે પુત્રો છે, દમયંતીની નજર નલરાજા ઉપર પડી. નલરાજાની સુંદરતા જોઈ તેણીને અત્યંત આશ્ચર્ય અને આનંદ થયો, તેણીએ વિચાર્યું કે આતો કામદેવ પોતે જ લાગે છે, 'ના, ના', કામદેવ તો હત્યારો છે, કારણ કે અનેક વિરહિણી

સ્ત્રીઓને રીબાવીને મારનારો છે. એ પાપી કામદેવ આવી કોમળમૂર્તિ હોઈ શકે જ નહીં. આ પ્રમાણે વિચારતી દમયંતીએ નલરાજાના ગળામાં વરમાળા નાખી, ભીમ–નિષધ બંને રાજવીઓ સ્વજન પ્રીતિરૂપીગંગા, તથા શત્રુઓની અપ્રીતિરૂપ જમુનાના મિલનથી તે સભા તુરત જ પ્રયાગરૂપ બની ગઈ. કોશલેશ્વર, કુંડિનેશ્વર બંનેએ પોતાના મનોરથો અનુસાર નલ–દમયંતીના લગ્ન કર્યા.

આજથી મારા પ્રાણ પણ આપના જ પ્રાણ છે. તે બતાવવા માટે નળ–દમયંતીએ પોતાના જમણા હાથ એકબીજાની ઉપર મૂક્યા, બંનેના 'મન' એક થયા, અગ્નિ પ્રદક્ષિણા વખતે હસ્તમેળાપમાં ભીમરાજાએ નલરાજાને હાથી–ઘોડા–રત્ન વિગેરે ઘણું આપ્યું. કોશલાધિપતિ પુત્રવધૂ સહિત પુત્રોને લઇ કોશલામાં આવવા નીકળ્યા, તેમની પાછળ ભીમ પણ ચાલ્યો.

થોડે દૂર ગયા બાદ કોશલરાજાએ આગ્રહથી કુંડિનનરેશને પાછા વળવા માટે જણાવ્યું. તે વખતે ભીમરાજાએ દમયંતીને ઉપદેશ આપ્યો કે વત્સે ! સંકટમાં પણ તું તારા પતિનું અનુકરણ કરજે, સ્ત્રીઓને માટે પતિ દેવતુલ્ય માનવામાં આવે છે, માથું નમાવીને દમયંતીએ પિતાના ઉપદેશને ગ્રહણ કર્યો, નલરાજાની સાથે રથ ઉપર બેઠી, દમયંતીના શરીર સ્પર્શના લોભથી નલરાજાએ સારથિને કહી, પથ્થરવાળી ભૂમિમાં રથ હાંકવા માટે સૂચના કરી, પરસ્પર પ્રેમમય વાત કરતાં કરતાં

બંને આગળ વધ્યા, સંધ્યાએ પોતાનું સામ્રાજ્ય આકાશમાં જમાવ્યું, આકાશે ધીમે ધીમે શ્યામલ રંગ ધારણ કર્યો, તોપણ સારથિને રથ આગળ હાંકવાની નલરાજાએ સૂચના કરી, રાસ્તામાં ચાલતાં બંનેએ કાનને પ્રિય લાગે તેવો ભ્રમરનો અવાજ સાંભળ્યો, દમયંતીએ નલરાજાએ કહ્યું કે નાથ! વૃક્ષ જોવામાં આવતું નથી તો પછી ભમરાઓનો ગુંજારવ કયાંથી? નલે કહ્યું પ્રિયે! અંધકાર હોવાથી કંઈ ખબર પડતી નથી, કે ભમરાઓનો અવાજ કયાંથી આવે છે, આ સાંભળીને દમયંતીએ પોતાના કપાળનો સ્પર્શ કર્યો, તે જ વખતે સૂર્યસમાન તેજસ્વી તિલક દમયંતીના કપાળમાં ચમકી ઉઠ્યું. નલરાજાએ આશ્ચર્યથી પૂછ્યું સુંદરી! આ શું! તેણીએ કહ્યું સ્વામિન્! આ તિલક સહસાજ છે. તે તિલકના પ્રકાશમાં દંપતિએ પ્રતિમા ધારણ કરેલ એક મુનિને જોયા, કપાળની ખણજને દૂર કરવા માટે એક હાથી લાકડાનું ઠુંઠુ સમજીને મુનિને કપાળ ઘસતો હતો, મદઝરતા હાથીના કુંભસ્થળ ઉપર ભમરા ગુંજન કરતા હતા, ભમરાઓએ મુનિને ડંખ માર્યા છતાં મુનિરાજ ધ્યાનમાંથી ચલિત થયા નહોતા, આ પ્રમાણે વિચારતા દંપતિએ ભક્તિ-ભાવથી હાથીને દૂર કાઢી મુનિને વંદન કર્યા, વિશિષ્ટજ્ઞાની મુનિએ ધર્મદેશના આપીને કહ્યું કે દમયંતીએ પૂર્વભવમાં ચોવીસ તીર્થંકર નામનો વિશિષ્ટ પ્રકારનો તપ કરીને રત્નમય તિલક તીર્થંકરોને ચઢાવ્યા હતા, તેથી તપના પ્રભાવથી તેને આ ભવમાં કપાળમાં શાશ્વત તિલકની

પ્રાપ્તિ થઈ છે. કુમાર ! તમે પણ પૂર્વજન્મમાં જૈનધર્મનું પાલન, આરાધન, કર્યું છે, તેના પ્રભાવથી આ જન્મમાં પણ જિનધર્મનું પાલન કરીને આપ બંને ભવસાગરને પાર કરશો, આ પ્રમાણે અમૃતમય દેશનાનું શ્રવણ કરી મુનિને વંદન કરી રથમાં બેસી બંને પતિ પત્નીએ પ્રયાણ કર્યું.

કોશલા નગરી નીનજીકમાં આવેલા ઉદ્યાનમાં વિશ્રાંતિ કરવા માટે બંને બેઠા, નલરાજાએ દમયંતીને કહ્યું કે દેવી ! આપણી લક્ષ્મીથી અમરાવતીને જીતવાવાળી તમારા શ્વસુરની રાજધાની કોશલાપુરીને જુઓ, આ બાજુ ક્રીડા સરોવર છે. આ તરફ ક્રીડા પર્વત છે. આ બાજુ હરિયાળા વનની શ્રેણી છે. આ બાજુ વાવ છે. આ પ્રમાણે નવ દંપતીને લઈ મોટા ઉત્સાહથી ઇંદ્ર સમાન પ્રતાપી નિષધરાજાએ કોશલા નગરીમાં પ્રવેશ કર્યો, કોશલા નગરીમાં અનેક સુંદર જિનમંદિરોને જોઈ અને નલ જેવા પતિને પ્રાપ્ત કરી દમયંતીએ પોતાના પુણ્યોદયની પ્રશંસા કરી.

નલરાજાની સાથે અનેક પ્રકારની સ્વચ્છન્દ ક્રીડા કરતી દમયંતીએ દિવસને પ્રહરની જેમ અને રાત્રિને ક્ષણની જેમ પસાર કરી, તે બંનેએ ઘણા દિવસો સુખ પૂર્વક વિલાસોમાં પસાર કર્યા.

એક દિવસ નલરાજાને રાજા, તથા કુબેરને યુવરાજ પદ આપી, રાજાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, નલરાજાના રાજ્યમાં પ્રજા સંપત્તિવાન બની, શત્રુઓ દીનમુખે

નલરાજાની આજ્ઞાનો સ્વિકાર કરવા લાગ્યા, નલરાજાએ પોતાના ભાહુબળથી તેમ જ સેનાની મદદથી ભરતાર્ધ જીતી લીધો, ત્યારબાદ બધા રાજાઓએ નલરાજાનો ભરતાર્ધપતિ તરીકે અભિષેક કર્યો.

ખરાબ ચિત્તવાળો કુબેર નલરાજાનું રાજ્ય લેવાની ઇચ્છાથી શિયાળ જેમ સિંહની ભૂલો શોધે છે. તેમ નલરાજાની ભૂલો કુબેર શોધવા લાગ્યો, નલ પોતાના ભાઇ પ્રત્યેના પ્રેમથી દરરોજ કુબેરની સાથે જુગાર રમતા હતા, જુગારમાં હોંશિયાર નલરાજાના પાસા એક દિવસ અવળા પડવા લાગ્યા, કુબેર નલરાજાની ગોટીઓને વારંવાર મારવા લાગ્યો, નગર, ગામ, ખેતર વિગેરે હારી જવાથી નલરાજા કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ ક્ષીણ થવા લાગ્યા. નલની સ્થિતિ જાણીને પ્રજાજનો દુઃખી થઈ ગયા, જ્યારે કુબેર ખૂબ જ આનંદમાં હતો, લોકોમાં હાહાકાર વ્યાપિ ગયો, કોલાહલ સાંભળીને ભયભીત બનેલી દમયંતી નલની પાસે આવી કહેવા લાગી સ્વામિન્! જુગાર તો કેવળ આનંદને માટે છે. તો પછી આમ કેમ? આપના જેવા ઉત્તમ પુરૂષો આવા ભયંકર વ્યસન સમુદ્રમાં પડયા તો પછી મંદબુદ્ધિવાળા માનવીઓનાં તો શું હાલ થાય? તેમને કોણ જુગાર છોડાવશે? વળી 'જો' પાસા અવળા પડે છે, તો આપ જુગારને કેમ છોડી દેતા નથી? આપ પોતે જ નાનાભાઈ કુબેરને જ રાજા બનાવો તે જ વધારે શ્રેયસ્કર છે. જુગારમાં આપ રાજ્ય હારી જશો તો ખૂબ

જ દુઃખી થશો, પરંતુ ગંભીરવેદી હાથી જેમ અંકુશને માનતો નથી, તેમ દમયંતીની વાત પણ નલરાજાએ માની નહીં. દમયંતીના કહેવાથી આપ્તજનોએ જુગારની રમત છોડી દેવા નલરાજાને ખૂબ જ સમજાવ્યા, પરંતુ માન્યું નહિ, ભાગ્ય જ્યારે પલટાઈ જવાનું હોય છે. ત્યારે માનવીની બુદ્ધિ પણ વિપરીત આવે છે.

પ્રાતઃકાળમાં તારાઓ સહિત ચંદ્રિકા હારી જાય છે તેમ નલરાજા અંતઃપુરની અન્ય સ્ત્રીઓ સહિત દમયંતીને પણ હારી ગયા, વસંતઋતુ પૂર્ણ થાય છે ત્યારે ચંપાનું ઝાડ ફુલ રહિત બની જાય છે તેમ રાજા પણ પોતાના અલંકારોથી રહિત બની ગયો, નલરાજાની લક્ષ્મી પ્રાપ્ત કરીને કુબેર ખૂબ જ અભિમાની બન્યો, નલરાજા રાજ્યપદથી ભ્રષ્ટ થવાથી પ્રજા અત્યંત દુઃખી થઈ.

કુબેરે નલરાજાને કહ્યું કે મારા રાજ્યની હદમાંથી ચાલ્યા જાવ, તે વખતે પિતાજીએ તમને રાજ્ય આપ્યું હતું. હવે જુગારથી મને રાજ્ય મલ્યું છે, કુબેર ! તું ગર્વ ન કરીશ, લક્ષ્મી તો પરાક્રમીને જ મલે છે. આ પ્રમાણે કહી ફક્ત એક વસ્ત્રને લઈ નલરાજાએ ચાલવા માડ્યું. 'મેં તને જીતી લીધી છે, તું મારી પાછળ મારા અંતઃપુરમાં ચાલ ! આ પ્રમાણે નળની પાછળ જવાવાળી દમયંતીને કુબેરે કહ્યું. ત્યારે નાગરિકોએ કહ્યું કે રાજન્ ! આપ મહારાણી દમયંતીને કેમ રોકો છો ? સિંહણનો પતિ બનવાની ઈચ્છા જો મૃગ રાખતો હોય તો મૃગનું

અવશ્ય મૃત્યુ થાય છે. તેમ તમારા ભાઈની પત્ની મહાસતી દમયંતીને પ્રણામ કરી રથમાં બેસાડીને પતિની સાથે વનમાં મોકલો. આ પ્રમાણે નાગરિકોના કહેવાથી કુબેરે નમસ્કાર કરી દમયંતીને બેસવા માટે રથ અર્પણ કર્યો, 'મને તારા રથની શું જરૂર છે ? આ પ્રમાણે કહીને નલરાજાએ કુબેરને રથના માટે 'ના' કહી. પોતાની પ્રિયતમા દમયંતીને આગળ કરી, અતિ ધીર સ્વભાવવાળા નલરાજા રાજમહાલયમાંથી નીકળ્યા, ત્યારે તેઓનો સેવકવર્ગ જોરશોરથી રડવા લાગ્યો હે શૃંગાર ચેષ્ટા કરતા મૃગલાંઓ ? ક્રીડા કરતી મેના ? નાચતા મોરલાઓ ? આંગણામાં રમતા કબુતરો ? ઓ પોપટો ? વાવડીનાં હંસો ? મને મારા પ્રિય પતિની સાથે જવાની આજ્ઞા આપો. આ પ્રમાણે હૃદયને દ્રવિત કરતી દમયંતી બોલવા લાગી, નગરની સ્ત્રીઓની આંખમાંથી આંસુઓ વહેવડાવતી બોલવા લાગી કે નલરાજાને આવી ખરાબ દશામાં મૂકનાર વિધાતાને ધિક્કાર છે. અરે ! વિધાતાનો સ્વભાવ જ એવો છે. ચંદ્રમાની હાલત કૃષ્ણપક્ષમાં કેવી થાય છે ? તો પછી નલરાજાની દયા કયાંથી રાખે ? હે વિધાતા ! તને આ પ્રમાણે કરવાની ઇચ્છા હતી, તો પછી શા માટે નલરાજાને ભરતાર્ધપતિ બનાવીને ભોગ સુખો આપ્યાં ? જે મહાસતીએ સૂર્યના કિરણોનો પણ સ્પર્શ કર્યો નથી, તે દમયંતી સૂર્યના પ્રચંડ તાપને કેવી રીતે સહન કરી શકશે ? કુબેરને પણ ધિક્કાર છે. મહાસતીને દુઃખ આપી પોતે પોતાની સંપત્તિ પણ ક્યાં સ્થિર રાખી શકવાનો

છે ? પોતાના પુત્ર કરતાં પણ કુબેરને પણ અધિક સાચવ્યો તે જ દીયર આવી રીતે ભાઈ ભોજાઈને જંગલની વાટે કાઢે છે તો તે પણ કયાંથી સુખી થવાનો છે ? આ પ્રમાણે નગરજનો બોલવા લાગ્યા.

તે વખતે દમયંતીના ચરણસ્પર્શથી પોતાને પવિત્ર માનતી પૃથ્વી નાગરિકો દ્વારા ઉડતી ધૂળને લઇ આકાશમાં ચાલી ગઈ, નગરજનો, નગર શ્રેષ્ઠિઓ, મંત્રીઓ વિગેરે તરફથી લાવવામાં આવેલા વાહનોનો અસ્વિકાર કરીને નલરાજા દમયંતીની સાથે નગરની બહાર આવ્યો, પાછળ પાછળ આવતા મંત્રીઓને સમજાવી નાગરિકોની સાથે નલરાજાએ પાછા વિદાય કર્યા, દમયંતીના મુખની પ્રસન્નતા જોઇ નગરની સ્ત્રીઓ પણ દમયંતીના સતીત્વની પ્રશંસા કરતી નગરમાં આવી, નગરમાં નલ દમયંતીના જવાથી શોકમય નિરવ શાંતિ હતી. જાણે કે નગરની લક્ષ્મીએ નગરમાંથી વિદાય લીધી, દમયંતીને છત્ર નીચે બેસવાથી જેટલી શાંતિ નહોતી, તેનાથી અધિક શાંતિ તડકામાં તેની ઉપર નલરાજાએ રાખેલા ઉત્તરીય વસ્ત્રથી હતી, રાજા રસ્તામાં થાકેલી દમયંતીને વસ્ત્ર વડે પવન નાંખી શાંતિ આપતા હતા, કોઇ કોઇ વખત રસ્તામાં થાકથી ખિન્ન થયેલી દમયંતીના પગ દબાવી નલરાજા આગળ ચાલવાને માટે વિનંતિ કરતા હતા, કોઈ વખત તૃષાતુર દમયંતીને સરોવરમાંથી કમલપત્રમાં ઠંડુ પાણી લાવીને નલરાજા પીવડાવતા હતા, આ પ્રમાણે પરસ્પર આનંદનો

અનુભવ કરતા કોઈ લતામંડપમાં રાત્રી પસાર કરતા હતા.

એક દિવસ ભયંકર સર્પ, વીંછી વિગેરે જીવોથી વ્યાપ્ત ગાઢ જંગલમાં નલ દમયંતીએ પ્રવેશ કર્યો, સૂર્ય પણ તેમની પરિસ્થિતિ નહિ જોઇ શકવાથી ક્રોધાયમાન (લાલ) બનીને અસ્તાચલ ચાલી ગયો. જંગલમાં ચારે તરફ રજનીનું ભયંકર સામ્રાજ્ય છવાઇ ગયું. એક સુંદર નદી જોઈને ત્યાં બંને ગયા, હાથપગ ધોઇને રાજરાણીએ પાણી પીધું, લતામંડપમાં સુંદર શિલા ઉપર આશો–પાલવના પાંદડાની શૈયા બનાવી તેના ઉપર દમયંતીને પાંદડાનાં ડીંટા વાગે નહી. તેટલા માટે પોતાનું વસ્ત્ર પાથર્યું. ત્યારબાદ પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરીને પરસ્પર વાતચીત કરતાં બંને નિંદ્રાદેવીને આધિન થયા.

ત્યારબાદ દમયંતીના દુર્ભાગ્યથી નલરાજાને વિચાર આવ્યો કે 'જ્યાં સુધી જવાનું છે' તેમાં અંશમાત્ર પણ પહોંચાયું નથી, સમુદ્રને પાર કરનારો એક બિન્દુ જેટલા પાણીને પાર કરી શકયો છે, દમયંતીને સાથે લઈને કેમ કરી જ્યાં જવું ત્યાં કયારે અને કેમ પહોંચાશે ? રસ્તામાં સ્વચ્છન્દતાથી ચાલવામાં દમયંતી બાધક બની રહી છે, માટે તેણીને અહીં સૂતી મૂકીને ચાલ્યો જાઉં, તેણી પણ સવાર થતા પોતાના પિતાને ઘેર અથવા તો કુબેરના ઘેર જતી રહેશે, આ પ્રમાણે વિચારી દમયંતીના શરીર નીચે રહેલા પોતાના હાથને ખબર ન પડે તેવી રીતે ધીમેથી ખેંચી લીધો, તેણીને જગાડયા સિવાય

નલરાજા ધીમે ધીમે બોલવા લાગ્યો, હે પ્રિયે ! આ ચાંડાલને તું છોડી દે, મારા જેવા પાપીના શરીરનો સ્પર્શ તને થશે તો તને પણ પાપ લાગશે, જેના વિશ્વાસે તું ઉંઘે છે. તે તને મધ્યજંગલમાં સૂતેલી મૂકીને ચાલ્યો જાય છે. મુગ્ધે ? તેં ભ્રમથી કલ્પવૃક્ષ માનીને મારો આશ્રય કર્યો છે. પણ હું તો ખરેખર વિષવૃક્ષ સમાન છું; માટે તું તારા કર્મના ફળને ભોગવ, વિધાતાને પણ ધિક્કાર છે કે જેણે માનસરોવરની હંસલીનો કાગડાની સાથે સંબંધ જોડી આપ્યો, ત્યારબાદ જે હાથ હસ્ત-મેળાપમાં દમયંતીના હાથની ઉપર હતો, તે જ હાથ વડે અર્ધ વસ્ત્ર ફાડી નાંખ્યું. ફરીથી નલરાજા બોલ્યો પ્રિયે ! મેં તારો ઘણો અપરાધ કર્યો છે, છતાં તેં મને છોડયો નથી, પરંતુ દુરાત્મા નલરાજા આજે તને વગર અપરાધે છોડી જાય છે. પ્રિયે ! હું માનું છું કે મારી આ ભૂલને તું માફ કરીશ, તારા હૃદયમાં મારી ભૂલને યાદ કરીશ નહી. કારણ કે કાજળનો રંગ ચંદ્રમાને લાગી શકતો નથી. પ્રિયે ! હું તને મારા આ આપત્તિકાળમાં દુઃખી કરવા તૈયાર નથી. માટેજ તને છોડી જાઉં છું; તું સતિવ્રતથી પવિત્ર છે. માટે તને કોઇ ઉપદ્રવ નડશે નહિ, પિતાના અથવા શ્વસુરના ઘરમાં તારી આમન્યા સચવાશે, આ પ્રમાણે કહીને પોતાની આંગળી છેદી તેમાંથી નીકળતા લોહી વડે વસ્ત્ર ઉપર લખ્યું.

આ વડના ઝાડથી જમણા હાથનો જે રસ્તો છે તે વિદર્ભદેશ જાય છે. અને આ વિકસેલા કેસુડાના

ઝાડોથી દક્ષિણ તરફનો રસ્તો કોશલાપુરી જાય છે. દેવી ! તું તારી ઈચ્છાથી એમાંથી કોઈપણ જગ્યાએ જજે, હું મારૂં મુખ તને કયાંય બતાવવા યોગ્ય નથી.

આ પ્રમાણે લખીને સજળનયને નલરાજાએ ચાલવા માંડયું. વચ્ચે વચ્ચે પાછું વાળીને સૂતેલી દમયંતીને જોતો હતો અને આંખમાંથી આંસુ વહાવતો હતો, થોડે જઈને રાજા પાછો આવ્યો, દમયંતીના મુખને જોઈ વિધાતાને ધિક્કારતો બોલતો હતો કે આવી સુંદર દમયંતીને બનાવી આવી ગરીબ અવસ્થામાં શા માટે મૂકી ? મુર્ખ માણસ પણ બોરડી વાવીને કાપતો નથી. તો પછી ઈચ્છિત ફળને આપવાવાળી કલ્પલતાને કોણ કાપે ? હે વિધાતા ! કમલમાં રહેલી તું 'જડ અને નિષ્ઠુર છે' તું જ ચંદ્રમાને રાહુથી પીડા અપાવે છે. તે વખતે નલરાજા કહેવા લાગ્યો કે હે વનદેવતા ! આપ લોકો મારી પ્રાણપ્રિયાના તરફ નિર્દય નહી બનતાં, આપ લોકો જરૂરથી ધ્યાન આપશો, કે તેને કોઈ ઉપદ્રવ ન થાવ, અને સવારના તેણીને સ્વજનના ઘેર જવાનો રસ્તો મળી જાય, આ પ્રમાણે કહી નલદેવે ચાલવા માંડયું. જ્યાં સુધી દમયંતી દેખાતી હતી, ત્યાં સુધી પાછું વળીને જોતો જોતો નલરાજા એક ઝાડમાં ભરાઈ ગયો, મનમાં નિશ્ચય કર્યો કે સૂર્યોદય થયા પછી હું જંગલમાં ચાલ્યો જઈશ, અને દમયંતી પોતાની ઈચ્છા મુજબના માર્ગે ચાલી જશે, આ પ્રમાણે વિચારતાં આખી રાત ચાલી ગઈ, અંધકાર ચાલ્યો ગયો, અને ભૂમંડલને

પ્રકાશિત કરવા માટે સૂર્યે પોતાના પગલાં ઉદયાચલે માંડયા હતા, નળના હૈયામાં સંપૂર્ણ અંધકાર હતો, હજુ સૂર્યોદય થયો નહોતો, નલરાજાએ જંગલની વાટ પકડી, આગળ જતાં ધૂમાડાના ગોટે ગોટા આકાશમાં જતા જોયા, નજદીક જવાથી તેમાંથી નીકળતી ભયંકર જ્વાળાઓ જોઇ, નલના અંતરમાં શોકાગ્નિ હતો તે પ્રમાણે વનમાં દાવાનળ હતો, આગમાં બળતા અને કરૂણ આક્રંદ કરતા પશુપક્ષીઓને સાંભળ્યાં, નલરાજાએ મનુષ્યની બોલી સાંભળી હે ઇક્ષ્વાકુ! નલભૂપાલ ? મહાત્મન્! મને દાવાનલથી બળતો બચાવો. આ શબ્દો સાંભળી નલરાજા આગળ ગયો, ત્યાં સર્પને જોયો. નલરાજાએ પૂછયું કે તમે મારૂં નામ કુલ વિગેરે કયાંથી જાણો છો ? વળી મનુષ્યની ભાષામાં કેવી રીતે બોલો છો ? તેણે કહ્યું કે હું પૂર્વજન્મમાં મનુષ્ય હતો, તે સંસ્કારથી મનુષ્યની ભાષા બોલું છું રાજન્! મને વિશુદ્ધ અવધિજ્ઞાન થયેલ છે, એટલે સંપૂર્ણ જગતને હાથમાં રહેલા બોરની જેમ જાણું છું માટે આપ મારૂં અગ્નિથી રક્ષણ કરો, હું પણ મારાથી બનતું આપનું રક્ષણ કરીશ, સર્પના કહેવાથી દયાળુ નળરાજાએ પોતાનું વસ્ત્ર ઝાડ ઉપર ફેંકયું, તેના આલંબનથી સાપ નીચે ઉતરીને નલરાજાના હાથ ઉપર કરડયો, રાજાને ખૂબ જ દુઃખ થયું. કહ્યું કે હે સાપ! આ તો પ્રત્યુપકાર છેને? અરે! તારી જાતનો સ્વભાવ છે કે તને દૂધ પિવરાવે છે તેને જ તું કરડે છે. આ પ્રમાણે નલરાજા બોલતા હતા તેટલામાં તેના ઝેરના પ્રભાવથી શરીર કુબડુ બની ગયું,

પોતાને કુબડો જોઈ જીવવાની ઇચ્છા છોડી દઈ વ્રત લેવાની નલરાજાને ભાવના થઈ.

એટલામાં નલરાજાએ સર્પના સ્થાન ઉપર એક દિવ્યઆકૃતિવાળા દેવને જોયો, દેવ બોલ્યો હે ભૂપાલ! તમે શા માટે ચિંતા કરો છો? હું તો તમારૂં રક્ષણ કરવાવાળો તમારો પિતા નિષધ છું, હું સંયમ ગ્રહણ કરી, અતિ કઠિન તપશ્ચર્યાપૂર્વક અનશન કરી, જડ શરીરને છોડી બ્રહ્મદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો છું; અવધિજ્ઞાનથી તમારી વિપત્તિને જાણી હું અહીં આવ્યો છું; અને આ બધી માયાજાળ મેં રચી છે. તને પ્રાપ્ત થયેલું કુબડાપણું તારા હિતને માટે છે. આ સ્વરૂપમાં તને કોઈ ઓળખી શકશે નહિ. માટે તને તારા શત્રુઓ વિઘ્નકર્તા નહી બની શકે, હમણાં વ્રત ગ્રહણ કરવાની ઇચ્છા રાખીશ નહીં. તને હજુ ભરતાર્ધનો ઉપભોગ કરવાનો બાકી છે વત્સ! જ્યારે પ્રવ્રજ્યાનો સમય આવશે. ત્યારે તને હું સુચન કરીશ. તું આ શ્રીફળ તથા કરંડી-આને ગ્રહણ કર, તેને સારી રીતે સાચવજે, જ્યારે તને તારૂં રૂપ ધારણ કરવાની ઇચ્છા થાય, ત્યારે આ શ્રીફળને ફોડી તેમાંથી દિવ્યવસ્ત્રને કાઢીને ધારણ કરજે. આ કરંડીઆમાંથી હાર વિગેરે આભૂષણોને પણ કાઢજે, વસ્ત્ર આભૂષણોને ધારણ કરવાથી તને તારૂં અસલ સ્વરૂપ પ્રાપ્ત થશે, આ પ્રમાણે કહીને બંને વસ્તુઓ નલરાજાને આપી તે દેવે કહ્યું કે વત્સ! તું જંગલમાં કેમ ભટકે છે? તને જ્યાં જવું હોય ત્યાં પહોંચાડી દઉં.

નલરાજાએ કહ્યું કે તાત ! આપ મને સુસુમારપુર પહોંચાડી દો, આ પ્રમાણે કહેતાંની સાથે જ નલરાજાને સુંસુમારપુરના દ્વાર પાસે દેવે મૂકયો, રાજા પ્રસન્નતાથી નગર તરફ ચાલ્યો, નલરાજાએ આગળ ચાલતાં ચાલતાં નગરમાં કોલાહલ સાંભળ્યો, 'ભાગો, ભાગો' એ પ્રમાણે ઘોડેસ્વારોનો અવાજ સાંભળી 'આ શું હશે'? એમ વિચારતો નલરાજા આગળ ચાલ્યો, તો તેણે મહાવતોને પછાડતો, મઠ, અટ્ટાલિકા, શાલા, મંદિરો આદિને તોડતો સાક્ષાત્ યમરાજ જેવા પ્રચંડકાય હાથીને જોયો, ઘણા ઉપાયો કરવા છતાં હાથી વશ થયો નહી. ત્યારે દધિપર્ણ રાજાએ ઉદ્ઘોષણા કરાવી કે જે કોઈ આ હાથીને વશ કરશે તેને મારી તમામ લક્ષ્મી આપી દઈશ.

રાજાની ઉદ્ઘોષણા સાંભળી નલરાજા હાથીની તરફ ઝડપી દોડવા લાગ્યા, લોકોએ કુબડાને દોડતો રોકયો, પરંતુ સિંહની જેમ તે કુબડો આગળ વધ્યો, કુબડાએ મોટા પથ્થરનો ટુકડો તેના ઉપર ફેંકીને કહ્યું કે હે માતંગ ! તું સ્ત્રી, બાલક વિગેરેને ઉપદ્રવ કરી રહ્યો છે. તો તું માતંગ જ (ચાંડાળ) છે. તું મારી સામે આવી જાય તો તને ખબર પડશે કે તારી તાકાત કેટલી છે. હાથી નલરાજાના શબ્દો સાંભળી ક્રોધમાં અંધ બની નલની તરફ દોડયો, નલરાજા કદીક દોડતો, તો વળી ચકરડી ફેરવતો, ઘડીકમાં ઢેંફાં ફેંકતો, વળી કઠોર વચનોથી તેને ફટકારતો, વળી પુંછડી પકડીને તેને ચકની જેમ ફેરવતો,

નલરાજા હાથીને ત્રાસ આપતો હતો, હાથી ત્રાસી ગયો તે વખતે લોકોએ હર્ષનાદ કર્યો, જેના શબ્દનો અવાજ ગગનને ભેદી ગયો, રોષે ભરાયેલ હાથી નલરાજાની પાછળ દોડવા લાગ્યો, ત્યારે પોતાનું ઉત્તરીયવસ્ત્ર તેના ઉપર નલરાજાએ ફેંકયું. હાથીએ જ્યાં પોતાનું માથું નમાવ્યું ત્યાં રાજા હાથી ઉપર ચઢી ગયો, તેની ગરદન ઉપર બંને પગને લબડાવી અંકુશોના પ્રહારથી હાથીને શાંત કરી, ધીમે ધીમે તેને હસ્તિશાળામાં લાવી આલાનસ્તંભે બાંધ્યો. શું કોઈ દેવ માયાવી કુબ્જ બનીને જમીન ઉપર આવ્યો છે? કે જેણે આ અલમસ્ત હાથીને શાંત કર્યો છે. તે પ્રમાણે મનમાં આશ્ચર્ય પામતો રાજા કુબડાની પાસે આવી નગરદ્વાર ઉપર ચઢીને કુબડાને રત્નમાળા પહેરાવી, લોકો કુબડાની બહાદુરીનું વર્ણન કરતા જયનાદ પોકારવા લાગ્યા, હાથીને બાંધ્યા પછી જનતાના ચિત્તમાં શાંતિ થઈ, તે કુબડો વિલાસપૂર્વક નીચે ઉતરીને એક મિત્રની જેમ દધિપર્ણ રાજાની પાસે જઈને બેઠો, રાજાએ પણ સંતુષ્ઠ થઈને અલંકારો તથા દિવ્ય વસ્ત્રો આપી મોટા ગૌરવપૂર્વક પોતાની પાસે બેસાડયો, એક દિવસ રાજાએ તેને પૂછયું કે આ પ્રકારના હાથીનું શિક્ષણ કયાંથી મેળવ્યું? તમારૂં કુળ કયું છે? આપ કયાંના રહેવાવાળા છો? તમે કોણ છો? વિગેરે પૂછવાથી કુબડાએ કહ્યું કે મારી જન્મભૂમિ કોશલાનગરી છે, મારો સ્વજનપરિવાર બધો ત્યાં જ રહે છે, હું નલરાજાનો હુંડિક નામનો રસોઈઓ છું. નલરાજાએ પ્રેમથી મને બધી કલાઓ

શીખવી છે. સૂર્યપાક રસોઈ નલરાજા તથા મારા સિવાય કોઈ જાણતું નથી. પોતાના ભાઈ કુબેરની સાથે જુગારમાં પોતાનું રાજ્ય હારી ગયા. પોતાની પત્ની દમયંતીની સાથે વનમાં ચાલ્યા ગયા, વનમાં નલરાજાનું મૃત્યુ થવાથી હું આપની પાસે આવી ગયો છું; દધિપર્ણરાજા નલરાજાના મૃત્યુની વાત સાંભળી રડવા લાગ્યા, અને તેમની મરણોત્તર ક્રિયા કરી, એક દિવસ રાજા દધિપર્ણને સૂર્યપાક રસવતી જમવાની ઈચ્છા થઈ, તેમણે હુંડિકને ચોખા વિગેરે બધી વસ્તુઓ આપી સૂર્યપાક રસોઇ બનાવવા માટે કહ્યું. હુંડિકે વાસણને તડકામાં મૂકી 'વૈવસ્વતિ' વિદ્યાનું સ્મરણ કરીને સુંદર રસવતી રસોઈ તૈયાર કરી, સપરિવાર રાજાએ સૂર્યપાક રસોઇ જમીને ખૂબ જ આનંદ અનુભવ્યો, હુંડિકને વસ્ત્ર, અલંકાર વિગેરેની નવાજેશ કરી, એક લાખ સોનામહોર આપી, તથા પાંચસો ગામ ભેટ આપ્યા, પરંતુ હુંડિકે પાંચસો ગામ લેવાની 'ના' કહી. એક દિવસ રાજાએ ખુશ થઇને હુંડિકને કાંઈપણ માંગવાનું કહ્યું. તેણે કહ્યું કે આપ આપના રાજ્યમાં, જુગાર, શિકાર, દારૂ આ ત્રણે વસ્તુઓનો નિષેધ કરાવો, રાજાએ ત્રણે વસ્તુઓના નિષેધને માટે ઉદ્‌ઘોષણા કરાવી, ત્યારબાદ રાજમહેલમાં રહેતા હુંડિકે ઘણા વર્ષો વ્યતિત કર્યા.

એક દિવસ સરોવરના કિનારે વૃક્ષની છાયામાં બેઠેલા કુબડાની પાસે એક બ્રાહ્મણ આવીને બેઠો, તેણે નલરાજાના

તમામ અંગો જોઈ, તેની જ સામે નિંદા કરવા લાગ્યો.

આ જગતમાં નિર્દય-નિર્લજ્જ-નિઃસત્ત્વશાળી દુરાત્માઓમાં સર્વથી પહેલો નલરાજા છે. જેણે પોતાની સૂતેલી પત્ની દમયંતીને ભરજંગલમાં મધ્યરાત્રિએ નિદ્રાવસ્થામાં છોડી દીધી છે. ખરેખર તે વખતે નલરાજા ભસ્મ કેમ ન થઈ ગયો ?

તે બ્રાહ્મણની વાતો સાંભળી નલરાજાની આંખમાંથી આંસુઓ પડવા લાગ્યા, નલરાજાએ તે બ્રાહ્મણને પૂછયું કે આપ કોણ છો ? અને કયાંથી આવો છો ? દુષ્ટ નલરાજાનો વૃત્તાંત આપે કયાંથી સાંભળ્યો છે, વળી નલરાજાએ પૂછયું કે દમયંતીને છોડી દીધાની વાત તો જુની છે. ત્યારબાદ વિરહિણી દમયંતીએ શું કહ્યું ?

બ્રાહ્મણે કહ્યું કે દમયંતીને છોડી દઈ નલરાજાના ગયા બાદ રાત્રિના છેલ્લા પ્રહરમાં તેણીએ સ્વપ્ન જોયું. જાણે પોતે પાંદડાથી સુશોભિત, મંજરીઓથી વિભૂષિત, ભ્રમરોથી ગુંજીત, ફળોથી ભરપુર, આંબાના ઝાડ ઉપર ફલ લેવાની ઇચ્છાથી ચઢી, એક હાથીએ આવીને તે ઝાડને ઉખાડી નાંખ્યું, હું ઝાડ ઉપરથી નીચે પડી ગઈ, સ્વપ્ન પુરૂં થયું. જાગીને જોયું ત્યારે પોતાના પ્રિયપતિ નલરાજાને જોયા નહી. ત્યારે ભયથી વિહ્વલ બનીને તેણી ચારે તરફ જોવા લાગી, પતિ નહી મલવાથી તેણીએ વિચાર્યું કે આજે મારૂં ભાગ્ય પ્રતિકુલ છે. ત્યારે તો મારા પતિએ મને સર્પથી ભરેલા જંગલમાં એકલી મૂકી દીધી, શું

તેઓ મારા માટે પાણી લેવા ગયા હશે ? શું કોઇ વિદ્યાધરીએ કે વનદેવતાએ તેમનું હરણ કર્યું હશે ? મારા પતિ વિના કારણે મને મૂકીને જાય નહિ, તેણીએ ચારે તરફ જોયું ત્યારે કયાંય પણ નલરાજાને જોયા નહી ત્યારે તેણી જોર જોરથી રડવા લાગી, અત્યંત વિલાપ કરતી દમયંતીએ મનમાં વિચાર્યું કે સ્વપ્નના આધારે મને મારા પતિનો મેળાપ નહી થાય, મારા પતિએ મને જંગલમાં છોડી દઈ જે કાર્ય કર્યું છે તેવું કાર્ય કોઇપણ વિવેકી આત્મા નહી કરે, પરંતુ તેમનો કોઇ દોષ નથી, મારા જ કર્મોનો દોષ છે. નહિતર તેમને આવા પ્રકારની બુદ્ધિ આવે જ નહીં. આ પ્રમાણે બોલીને દમયંતી એવી રીતે રડવા લાગી કે જંગલના શ્વાપદ અને વૃક્ષો પણ અવાજ સાથે રડવા લાગ્યા.

ત્યારબાદ વસ્ત્રના અંતભાગ ઉપર લખેલા અક્ષરો વાંચ્યા, વાંચવાથી તેણીના અંતરમાં આનંદ થયો, કે હજુ સુધી હું મારા પતિના ચિત્તમાં કેતકીના પુષ્પની ભ્રમરી બનીને રહી છું. તેઓએ પોતાના જ હાથે લખીને મને જવાનો આદેશ આપ્યો છે. હું વડના ઝાડથી જમણી-બાજુએ જતા રસ્તે પિતાજીના ઘેર જ જાઉં છું. પતિના વિરહમાં પિતા જ હૃદયની પીડાનું હરણ કરવાવાળા હોય છે. પતિ વિના શ્વસુરના ઘરમાં રહેવા માટે સાધ્વી સ્ત્રીઓને માટે પગલે પગલે મુશ્કેલીઓ ઉભી થાય છે.

આ પ્રમાણે વિચારીને દમયંતી ભયવિહ્વલ બનીને

ચારે તરફ જોતી પિતાના ઘર તરફના રસ્તે ચાલી, મેલાં વસ્ત્રોથી અંગને શોભાવતી, છુટા વાળવાળી, પતિ વિરહથી પીડાયેલી, દરિદ્ર સ્ત્રીની સમાન, દમયંતી માર્ગમાં જલ્દી જલ્દી ચાલવા લાગી, વિષવિદ્યાથી સર્પોની જેમ, સિંહને જોઇ હાથીની જેમ, અગ્નિ જ્વાલા સમાન દમયંતીને જોઇ ઉપદ્રવ કરનારા જીવો ભાગવા લાગ્યા, થોડે દૂર ગયા બાદ તેણીએ એક મોટા સાર્થને જતો જોયો.

દમયંતી તે સાર્થના ભેગી થઇને નિશ્ચિંત મને ચાલવા લાગી, પણ જંગલમાં જતા તે સાર્થને ચોરોએ ઘેરી લીધો, મોટા સાર્થને ચોરોએ લુંટવા માંડયો, તે વખતે દમયંતીએ પોતાના ચારિત્ર બળના પ્રભાવથી જોરથી 'હુંકાર' કર્યો કે જેથી ચોરો ભાગી ગયા, સાર્થપતિએ દમયંતીને કુલદેવતા માની ભક્તિભાવથી નમસ્કાર કર્યા, પૂછયું કે 'આપ એકલા આ નિર્જન વનમાં કેમ ફરો છો' ? દમયંતીએ બાંધવસમાન તે સાર્થપતિને નલરાજાની દ્યુત ક્રીડાથી માંડીને જંગલમાં પોતાનો ત્યાગ કર્યો, ત્યાં સુધીની વાત કહી સંભળાવી, પોતાનું રક્ષણ કરનાર અને નલ-પત્ની દમયંતીને સાર્થવાહ પોતાના તંબુમાં લઇ ગયો, સ્નાન, ભોજન વિગેરેથી સાર્થપતિએ દેવતાની જેમ દમયંતીની આરાધના કરી.

વર્ષાઋતુના આગમનનો શુભ સંદેશો મયૂરોએ પોતાના ટહુકારથી જગતને આપ્યો, જંગલમાં ચારે તરફ નાચતા મયૂરો ટહુકાર કરતા હતા, આકાશ ઘનઘોર

વાદળોથી છવાઈ ગયું. કાળા ડીબાંગ વાદળો પરસ્પર અથડાઈ મોટા અવાજ કરતા હતા, જાણે કે અંબરમાં તુમુલ યુદ્ધના રણશીંગા ફુંકાયા, સૂર્યની હાજરીમાં પણ ભયંકર અંધારૂં હતું, પુષ્કરાવર્તના વરસાદની જેમ આકાશમાંથી મોટી ધારે વાદળાઓ વરસવા લાગ્યા, રસ્તામાં કાદવ થઈ જવાથી ગાડાઓને ચલાવી શકાય તેવી સ્થિતિ રહી નહોતી, સાર્થને અહીં ઘણો વખત રોકાઈ જવું પડશે, તેમ વિચારી દમયંતી કોઈને કહ્યા વિના ત્યાંથી છૂટી પડીને ચાલવા લાગી, તેણીએ રસ્તામાં ભયંકર યમરાજ સદૃશ એક રાક્ષસ જોયો; ભયથી ચંચલ આંખોવાળી દમયંતીને પૂછયું કે તું કયાં જાય છે ? આજે તને ખાઈ, હું મારી ભૂખને શાંત કરીશ, તેણીએ શાંત ભાવથી કહ્યું કે પહેલાં મારી વાત સાંભળો, પછી તમારી ઈચ્છા મુજબ કરજો, પરમાર્હતી હોવાથી મને મૃત્યુનો જરાપણ ભય નથી, પુણ્યવાનોને મૃત્યુનો ભય પણ શા માટે જોઈએ ? પરંતુ પરમેષ્ઠિ નમસ્કારથી પવિત્ર મનવાળી હું પરસ્ત્રી છું. મને અડતાં જ તું ભસ્મ થઈ જઈશ, દમયંતીના વચનને સાંભળી તે રાક્ષસ બોલ્યો હે મહાસતી ! હું તારા ઉપર ખૂબ જ પ્રસન્ન છું; દમયંતી બોલી હે રાક્ષસ ! ખરેખર તું મારા ઉપર પ્રસન્ન હોય તો મને કહે કે મારા પતિનો મેળાપ કયારે થશે, અને કયાં થશે ? જ્ઞાનનો ઉપયોગ મૂકી રાક્ષસે કહ્યું કે જે દિવસે તારો ત્યાગ કર્યો છે ત્યારથી બાર વર્ષે તારા પિતાના ત્યાં જ તારા પતિનો મેળાપ થશે, જો તમારી

આજ્ઞા હોય તો હું તમને તમારા પિતાજીને ત્યાં મૂકી જાઉં. દમયંતીએ કહ્યું કે પતિ સમાગમની વાત કરીને તમે મારી ઉપર મહાન ઉપકાર કર્યો છે. પરપુરૂષની સાથે હું કયાંય જતી નથી, માટે હવે આપ પ્રસ્થાન કરો, તથા ધર્મ ધ્યાનમાં ચિત્તને સ્થિર કરો, ત્યારે તે રાક્ષસે સૂર્યના કિરણોની સમાન પ્રકાશિત મણિ કુંડળથી યુક્ત પોતાનું સ્વરૂપ બતાવીને પ્રસ્થાન કર્યું.

બાર વર્ષ વિત્યા પછી પતિનો સમાગમ થશે એમ જાણીને પતિવ્રતા દમયંતીએ અભિગ્રહ લીધો કે પતિ દર્શન કર્યા સિવાય લાલવસ્ત્ર, પાન, પુષ્પમાળા વિગેરે ગ્રહણ કરીશ નહી, આગળ ચાલતી દમયંતીએ મનને પ્રસન્ન કરનારી, નાના ફળોથી યુક્ત વૃક્ષોવાળી, એક પર્વતમાં કૃત્રિમ ગુફા જોઈ, ત્યાં વર્ષાકાલ વ્યતિત કરવાને માટેનો નિર્ણય કર્યો, અને માટીની શ્રીશાંતિનાથ ભગવાનની પ્રતિમા બનાવીને સ્થાપના કરી, રાત દિવસ શ્રી શાંતિનાથ ભગવાનની આરાધના, ચતુર્થભક્ત, છઠ્ઠ, અઠ્ઠમ, વિગેરે કરતી દમયંતી પરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું સ્મરણ કરતી તેણી સમયવ્યતિત કરવા લાગી.

આ બાજુ દમયંતીને નહિ જોવાથી તેની તપાસ કરતો સાર્થપતિ અહીં આવી પહોંચ્યો, ગુફામાં કુશલિની જિનપૂજા કરતી દમયંતીને જોઈ અત્યંત ખુશી થયો, નમસ્કાર કરીને તે દમયંતીની પાસે બેઠો, તેણીએ પૂજાની પૂર્ણાહૂતી થયા બાદ સાર્થપતિનું સ્વાગત કર્યું. કુશળતા પૂછી,

ત્યારે સાર્થપતિએ પૂછ્યું કે આપ કયા દેવની પૂજા કરો છો ? તેણીએ કહ્યું કે સોલમા તીર્થંકર શ્રીશાંતિનાથ ભગવાનનું નામ બતાવ્યું. તે બંનેનો વાર્તાલાપ સાંભળીને નજીકના આશ્રમમાં રહેતા તાપસો પણ ત્યાં આવ્યા, તે તાપસોની સામે દમયંતીએ સાર્થપતિને અહિંસા પ્રધાન જિનધર્મનો ઉપદેશ આપ્યો, સાર્થપતિએ પણ વિશુદ્ધ ભાવથી કર્મોને તોડનાર દમયંતીને ગુરૂપદે સ્થાપીને જિનધર્મને અંગિકાર કર્યો, એટલામાં એકાએક વરસાદ આવ્યો, તાપસો આકુળ–વ્યાકુળ બની ગયા, દમયંતીએ તે લોકોને શાન્ત્વન આપ્યું. અને બોલી કે 'જો મેં વિશુદ્ધ ભાવથી આર્હતધર્મનું પાલન કર્યું હોય તો આ વરસાદ બંધ થઈ જાય, તરત જ વરસાદ બંધ થઈ ગયો, તે તાપસો દેવી સ્વરૂપ દમયંતીને માનવા લાગ્યા, દયારહિત ધર્મને છોડી, તેઓએ દયામય એવા જિનધર્મને અંગીકાર કર્યો.

સાર્થપતિએ ત્યાં એક સુંદર નગર વસાવીને તે નગરના મધ્યભાગમાં શ્રી શાંતિનાથ ભગવાનનું સુંદર જિનાલય બંધાવ્યું. પાંચસો તાપસો બોધ પામેલા હોવાથી તે નગરનું નામ તાપસપુર પાડવામાં આવ્યું. ઘણા વ્યવહારીઆઓએ બીજા નગરથી આવી ત્રે વસવાટ કર્યો, નગરજનો, તાપસો, સાર્થપતિ વિગેરે આનંદપૂર્વક જૈનધર્મનું આરાધન કરતા રહેવા લાગ્યા.

એક વખત મધ્યરાત્રિમે વિષે દમયંતીએ ચર્વતના

શિખર ઉપર સૂર્યમંડળની કાંતિને જીતનારો વિચિત્ર પ્રકાશ જોયો, પક્ષીઓની જેમ સૂર–અસૂર અને વિદ્યાધરોનો સમૂહ ભૂમંડલ ઉપર આવી રહ્યો હતો. તેમના કોલાહલથી બધા તાપસ તથા નાગરિકો જાગી ગયા, ત્યારે સાર્થપતિ, દમયંતી તથા બધા તાપસો પણ પર્વતના શિખર ઉપર ચઢયા, નવીન કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલા શ્રીકેસરીસિંહ સાધુનો મહિમા કરતાં દેવો અને વિદ્યાધરોને જોયા, આનંદિત બનીને નમસ્કાર કરીને કેવળીની આગળ દમયંતી, સાર્થવાહ તથા નાગરિકો બેઠા, તે જ વખતે શ્રીયશોભદ્ર સૂરીશ્વરજી કેવળીને નમસ્કાર કરીને તેમની પાસે બેઠા, દેવો–મનુષ્યો વિગેરે પોતાના ઉચિત આસને બેઠા, કેવળી ભગવંતે કર્મના મર્મને છેદવાવાળી દેશના આપી, આ સંસારમાં જીવન–યૌવન–લક્ષ્મી વિગેરે બધું જ નશ્વર છે. અનિત્ય છે. છેવટે દુઃખને આપનાર છે, તેમાં આસક્ત મુઢલોકો પોતાના મનુષ્ય જન્મને વ્યર્થ બનાવે છે. મનુષ્ય-રૂપી કલ્પવૃક્ષનું ફળ શાશ્વત મોક્ષસુખ છે, નશ્વર સુખના મૃગજળને છોડી, મોક્ષ સુખના માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. દેશનાના અંતે કેવળી ભગવંતે કહ્યું કે પરમાર્હતી દમયંતીએ ધર્મનું સ્વરૂપ જે કહ્યું છે તે જ યથાર્થ છે. આ બાબતમાં સંદેહ નથી, ચોરોનો નાશ, વરસાદને રોકવો વિગેરે તેના પ્રભાવને તમે શું નથી જાણતા ? ધર્મના પ્રભાવથી તો તેણી નિર્ભય બનીને આવા ઘોર જંગલમાં રહી શકે છે. મુનિની દેશનાથી સંવેગ પામીને વિમલમતિ નામના કુલપતિએ એ વ્રતની યાચના કરી, કેવળીએ કહ્યું કે

મારા ગુરૂમહારાજ શ્રીયશોભદ્રસૂરિ તમોને દીક્ષા આપશે, ત્યારે કુલપતિએ કહ્યું કે ભગવન્! આપે કેવી રીતે અને કેમ દીક્ષા લીધી ?

કેવલીમુનિએ કહ્યું કે કોશલા નગરીમાં નલરાજા નામના રાજા થયા, આ દમયંતી તેમની પતિવ્રતા સ્ત્રી છે. તેમને કુબેર નામનો ભાઈ છે. જે નલરાજાના રાજ્ય ઉપર શાસન કરે છે. હું કુબેરનો પુત્ર સિંહકેશરી છું. શૃંગાપુરીશ કેસરીની પુત્રી બંધુમતીની સાથે લગ્ન કરી નગરમાં આવતો હતો, આ પર્વતની ઉપર આવીને મારા ભાગ્યના બળે શ્રી યશોભદ્રસૂરિ મહારાજને વંદના કરી, દેશના સાંભળી ત્યારબાદ મેં તેમને પૂછયું કે ભગવાન્! મારૂં આયુષ્ય કેટલું છે ? ત્યારે તેઓએ પાંચદિવસનું આયુષ્ય બતાવ્યું. મૃત્યુની બીકથી અત્યંત દુઃખી થયો ત્યારે તેઓએ કહ્યું કે વત્સ ! ગભરાઈશ નહીં. એક દિવસનું ચારિત્ર પણ જન્મ મરણના ભયને દૂર કરે છે. તેઓના વચન ગ્રહણ કરીને પ્રિયા બંધુમતીને છોડી મેં તેઓની પાસે સંયમ અંગિકાર કર્યો, તેઓના આદેશથી પહાડના શિખર ઉપર ચઢી, ઘાતીકર્મોનો ક્ષય કરી, લોકાલોક પ્રકાશ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, આ પ્રમાણે કહીને કેવળી ભગવંત સિંહકેશરી અઘાતી કર્મોનો ક્ષય કરી પરમપદને પામ્યા, દેવતાઓએ તેમના શરીરને પુણ્ય ક્ષેત્રમાં લઈ જઇ અગ્નિસંસ્કાર કર્યો, ત્યારબાદ કુલપતિએ શ્રીયશોભદ્રસૂરિજીની પાસે સંયમ અંગિકાર કર્યો.

દમયંતીએ જ્યારે દીક્ષાની વિનંતી કરી ત્યારે ગુરૂએ કહ્યું કે વત્સે! તું હજુ ભોગોને ભોગવીશ, માટે તારે હમણાં દીક્ષા લેવી યોગ્ય નથી, તારા ભોગાવલી કર્મ બાકી છે.

પૂર્વભવમાં નલરાજા મમ્મણભૂપતિ હતા, તું તેમની પ્રિય પત્ની વીરમતી હતી, ક્રીડાને માટે મૃગયા વનમાં જતા હતા, ત્યારે તમે બંનેએ સાર્થની સાથે આવતા એક મુનિને સામે આવતા જોયા, અપશુકન થયા સમજીને મુનિને સિપાઈ પાસે પકડાવી તમે બંને ઘેર પાછા આવ્યા, ત્યારબાદ કોઈ કારણથી મુનિને બોલાવી આપ કયાંથી આવો છો? અને કયાં જવાના છો? આ પ્રમાણે પૂછવાથી મુનિની અમૃતમય વાણી સાંભળી તેમની પૂજા કરીને તેમને વિદાયગીરી આપી. તે વખતે મુનિને બારઘડી રોકવાથી ઉપાર્જન કરેલું કર્મ આ ભવમાં તમને બંનેને ઉદયમાં આવ્યું છે. અને બારવર્ષનો વિયોગ થયો છે.

બાર વર્ષ વિત્યાબાદ પતિની સાથે પહેલાંની જેમ ભોગોને હે દમયંતી! તું ભોગવીશ, પ્રાતઃકાળમાં યશોભદ્રસૂરિજી પર્વત ઉપરથી ઉતરી તાપસપુરમાં પધાર્યા, શાંતિનાથ ભગવંતની પ્રતિષ્ઠા કરાવી, પોતાની દેશનાથી અનેક આત્માઓને સમ્યકત્વની પ્રાપ્તિ કરાવી, આ પ્રમાણે ગુફામાં જિનારાધના કરતી દમયંતીએ સાત વર્ષ વીતાવ્યા.

એક દિવસ કોઇ મુસાફરે આવી દમયંતીને કહ્યું કે અહીંથી થોડે દૂર મેં તારા પતિને જોયા છે. હું સાર્થની

સાથે જવાની ઉતાવળમાં છું, એમ કહી તે મુસાફર જલ્દીથી ચાલ્યો ગયો, તેનો શબ્દ સાંભળીને દમયંતી ગુફામાંથી નીકળીને હે ભદ્ર ! હે ભદ્ર ! તમે શું કહ્યું ? તમે મારા પતિને કયાં જોયા હતા ? આ પ્રમાણે બોલતી દમયંતી તેની પાછળ દોડતી ગઈ, તેણી વનમાં પડી ગઇ, એટલામાં તે મુસાફર અદશ્ય થઇ ગયો, અને દમયંતી ત્યાંથી પાછી વળી, પરંતુ દમયંતી ગુફાનો રસ્તો ભૂલી ગઈ, તેણી વિલાપ કરવા લાગી, હે દૈવ ! આ શું થયું ? તે મુસાફર પણ મલ્યો નહીં. અને ગુફાનો રસ્તો પણ ભૂલી ગઈ, તેણી જંગલમાં ભટકવા લાગી, એટલામાં એક રાક્ષસીએ આવીને કહ્યું કે 'હું તને ખાઇ જઇશ, તેણીએ ભયભીત બનીને કહ્યું કે 'જો મારૂં મન મારા પતિ નલરાજા સિવાય અન્ય પુરૂષને સ્પર્શ પણ ન કરી ગયું હોય, તીર્થંકર સિવાય મેં બીજાને દેવ ન માન્યા હોય, જૈનતત્ત્વમાં મારી અટલ શ્રદ્ધા હોય, તો આ રાક્ષસી હતાશ થઇ જાય, તેણીના વચન સાંભળી રાક્ષસી ભયભીત બનીને ત્યાંથી ચાલી ગઈ, દમયંતી આગળ ચાલી, પાણીની તરસ લાગવાથી તેણી એક નદી કિનારે ગઇ, તો ત્યાં તેણીએ પાણી જોયું નહી, તેણીએ કહ્યું કે મારૂં મન સમ્યકત્વ સૌરભથી સુરભિત હોય તો તેના પ્રભાવથી આ નદીમાં અમૃત સમાન પાણી આવી જાય, આ કહેતાની સાથે જ નદી પાણીથી છલકાઇ ગઇ, તેણીએ સ્નાન કરીને પોતાના શારીરિક શ્રમને દૂર કર્યો, આગળ ચાલતાં થાકી ગઈ અને વડના ઝાડ નીચે

બેઠી હતી, એટલામાં સાર્થની સાથે નીકળેલા થોડા મુસાફરોએ તેને જોઇ અને પૂછયું કે તમો કોણ છો ? વડના ઝાડ નીચે કેમ બેઠા છો ? શું તમે વડદેવતા છો ? તેણીએ કહ્યું કે હું દેવતા નથી પણ મનુષ્યરૂપી એક સ્ત્રી છું; હું મારા પિતાજીને ત્યાં જઈ રહી હતી. પરંતુ રસ્તો ભૂલી ગઈ છું; માટે તમે મને તાપસપુરનો રસ્તો બતાવો, તે લોકોએ કહ્યું કે હમણાં સૂર્યાસ્ત થવા આવ્યો છે, માટે હમણાં તાપસપુરનો રસ્તો અમે નહી બતાવી શકીએ, પરંતુ આપને વસ્તિ સ્થાનમાં લઈ જઈએ, મુસાફરોની સાથે દમયંતી ધનદેવ સાર્થવાહની પાસે આવી, મુસાફરોએ સાર્થવાહને હકીકત જણાવી, સાર્થવાહે કહ્યું કે 'તું મારી પુત્રી છે' હવે તને કોઈપણ પ્રકારની બીક કે ભય નથી, આ પ્રમાણે કહીને તેને હર્ષોલ્લાસિત બનાવી.

પ્રાતઃકાળમાં દમયંતીને અદ્‌ભુત વાહન ઉપર બેસાડી સાર્થપતિ ત્યાંથી સાર્થ સહિત નીકળ્યો, તેણીને અચલપુરના દ્વાર પાસે મૂકી દીધી, થાકેલી દમયંતી એક વાવમાં ગઈ, જલપાન વિગેરે કરીને બહાર આવી, ચારે તરફ જોતી બોલવા લાગી શું કરૂં ? કયાં જાઉં ? આ પ્રમાણે વિચારતી તેણી વાવના ઓટલા ઉપર બેઠી.

તે નગરમાં ઋતુપર્ણ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને ચંદ્રયશા નામની રાણી હતી, રાણીની દાસીઓ પાણી લેવા માટે વાવમાં આવી હતી, દમયંતીનું સ્વરૂપ

જોઇને મનમાં ક્ષોભ પામેલી દાસીઓએ મહેલમાં આવી રાણીને વાત કરી, રાણીએ દમયંતીને બોલાવવા માટે દાસીને મોકલી, તેઓએ આવી તેણીને કહ્યું કે ચંદ્રયશા રાણી આપને પુત્રી પ્રેમથી બોલાવે છે, માટે આપ ચાલો, દાસીઓના વચન સાંભળી તેમની સાથે દમયંતી ગઈ, રાણી ચંદ્રયશાની સગી બ્હેન પુષ્પદંતીની પુત્રી દમયંતી થતી હતી, પરંતુ બાલ્યકાળમાં જ એક બીજાને જોયેલા હોવાથી એકબીજાને ઓળખી શકયા નહોતા, પરંતુ તેણીને જોઈ રાણીને પ્રેમ ઉભરાયો, પરસ્પર એકબીજાને ભેટી પડયા, અને કહ્યું કે તું મારી પુત્રી ચંદ્રાવતીની પ્રિય બહેન છે, તમે બંને બ્હેનો મારી લક્ષ્મીનો ઉપયોગ કરશો, પરંતુ તું મને તારો પરિચય આપ ! દમયંતીએ સાર્થના પ્રવાસિઓને જે કહ્યું હતું તેમ જ કહ્યું. ગરીબ, અનાથ વિગેરેને માટે નગરની બહાર ચંદ્રયશાદેવી તરફથી દાનશાળા ચાલતી હતી, તેણીએ રાણીને કહ્યું કે હું દાનશાળામાં બેસીને દરરોજ દાન આપવાનું કાર્ય કરીશ, દમયંતીની વાતનો રાણીએ સ્વિકાર કર્યો, ભોજનાર્થીના રૂપમાં પોતાના પતિ નલરાજા કદાચ કોઈ દિવસ જોવા મળશે, તેમ માની યાચકોને દાન આપી ખુશ કરતી હતી.

બીજે દિવસે દમયંતીએ રાજપુરૂષોથી બાંધીને લઈ જવાતા એક ચોરને જોયો, દમયંતીને જોઈ ભારે દિનતા અને ખીન્નતાથી બોલ્યો હે દેવી ! મારૂં રક્ષણ કરો, મને બચાવો, તેણીએ તે રાજસેવકોને પૂછયું કે આ

માણસે શું કર્યું છે? ત્યારે તેઓએ કહ્યું કે ચંદ્રાવતીની રત્ન પેટીની ચોરી કરી છે. તેથી તેને અમે વધ સ્થાને લઈ જઈએ છીએ, તેણીએ ચોરને છોડી દેવા માટે રાજસેવકોને કહ્યું, પરંતુ તેઓએ ચોરને છોડયો નહી. ત્યારે તેણીએ મંત્ર બોલીને ચોરની ઉપર પાણી છાંટયું. ચોરના બંધન તૂટી ગયા, ચોર જ્યારે બંધનથી છૂટી ગયો, ત્યારે નાગરિકોએ હર્ષથી કોલાહલ મચાવી દીધો, તે સાંભળી રાજા પણ ત્યાં આવ્યો, ચમત્કારને જોઈ પ્રસન્ન થયેલા રાજાએ કહ્યું કે અપરાધીને દંડ નહી આપવામાં આવે તો બધી જગ્યાએ અરાજકતા ફેલાઈ જશે, અને હું પાપી કહેવાઈશ, માટે તું તેને છોડાવીશ નહી. ત્યારે તેણીએ કહ્યું કે હે તાત! મારા દેખતાં જ જો તેનો ઘાત થાય તો જિનધર્મનું પાલન કરવાવાળી મારી દયાળુવૃત્તિ જ કયાં રહી! રાજાએ દમયંતીના આગ્રહથી ચોરને છોડયો, જગતમાં મહાસતી દરેકને પૂજય હોય છે. તે ચોરે દમયંતીને નમસ્કાર કરીને કહ્યું કે દેવી! નવો જન્મ આપનાર આપ મારી માતા છો, આ પ્રમાણે કહીને ચોર પોતાના સ્થાને ગયો, અને દરરોજ આવી દમયંતીના ચરણકમલમાં પોતાનું મસ્તક નમાવવા લાગ્યો.

એક દિવસ જ્યારે તેણીએ ચોરનો પરિચય પૂછયો તો તેણે કહ્યું કે તપાસપુરના સ્વામિ વસંત સાર્થવાહનો હું પિંગલ નામનો નોકર છું; એક દિવસ તેમના ઘરમાંથી રત્નોની ચોરી કરીને ભાગી છૂટયો પણ રસ્તામાં ચોરોએ

મને લુંટી લીધો, અહીં આવી રાજાનો નોકર બન્યો, બીજે દિવસે રાજભવનમાં ફરતો હતો તે વખતે મેં રત્નની પેટી જોઈ, તેની ચોરી કરીને ભાગ્યો, પરંતુ રાજ્યના હોંશિયાર સેવકોએ મને પકડી લીધો, રાજાની પાસે લઈ ગયા, દેહાંતદંડની શિક્ષા થઇ, તેઓ જ્યારે મને વધ સ્તંભ લઇ જતા હતા, ત્યારે આપે મને બચાવ્યો, માટે દેવી ! હવે હું આપના ઋણમાંથી કેવી રીતે મુક્ત થઈશ ? વળી આપ જ્યારે તાપસપુરથી ચાલી ગયા ત્યારે સાર્થવાહને ખૂબ જ દુઃખ થયું અને સાત દિવસ સુધી ભોજન પણ લીધું નહિ,જ્યારે પૂ.યશોભદ્રસૂરિજીમહારાજનો ઉપદેશ સાંભળ્યો ત્યારે તેમણે સાત દિવસ પછી ભોજન લીધું. એકદિવસ સાર્થવાહ, સુવર્ણરત્ન વિગેરે લઈને કોશલાનગરીમાં જઈને કુબેરરાજાના દર્શનાર્થે ગયો, રાજાને સોનું તથા રત્નો ભેટ આપ્યા, રાજાએ ખૂશ થઈને તેને છત્ર, ચામર સહિત તાપસપુરનો રાજા બનાવ્યો, અને તેનું નામ 'વસંતશ્રી શેખર' રાખ્યું. હમણાં તે સાર્થવાહ તે નગર ઉપર પોતાનું રાજ્ય ચલાવે છે.

દમયંતીએ કહ્યું કે વત્સ ! ચોરીના પાપથી મુક્ત થવા માટે તું ચારિત્ર અંગિકાર કર, ત્યારે પિંગલે ચારિત્ર ગ્રહણ કરવાની 'હા' કહી, એકદિવસ નગરમાં બે મુનિઓ પધાર્યા, તેમનો શુદ્ધ આહાર અને પાણીથી સત્કાર કરીને કહ્યું કે જો પિંગલમાં યોગ્યતા હોય તો આપ તેને ચારિત્ર આપો, મુનિઓને યોગ્યતા લાગી અને પિંગલની

વિનંતિનો સ્વિકાર કરી તેને પ્રવ્રજ્યા આપી, તેને સાથે લઇને વિહાર કર્યો.

એક દિવસ હરિમિત્ર નામનો પૂર્વ પરિચિત બ્રાહ્મણ રાજાને મલી ચંદ્રયશા રાણીની પાસે ગયો, રાણીએ વિદર્ભરાજ તથા પોતાની બ્હેન પુષ્પદંતીની કુશલતા પૂછી, તેણે કહ્યું કે બધા આનંદમાં છે. પરંતુ નલ–દમયંતીની તેમને ખૂબ જ ચિંતા જ છે, આશ્ચર્યચકિત રાણીએ નલરાજાના સમાચાર પૂછ્યા, ત્યારે તેણે કુબેરની સાથે જુગારથી માંડીને વનમાં દમયંતીના ત્યાગ સુધીની વાતો કહી સંભળાવી, ત્યારબાદ તેણીના કોઈ સમાચાર નથી, તેણીના સમાચાર સાંભળી રાજા ભીમ તથા પુષ્પદંતી રાણી બધા મૂર્ચ્છિત બની ગયા, મૂર્ચ્છા ઉતર્યા પછી ભીમરાજાએ પુત્રી તથા જમાઇને શોધવા માટે મને મોકલ્યો છે. દરેક જંગલ, દરેક ગામ, નગરમાં ફરતાં ફરતાં મને દમયંતી જોવામાં આવી નથી. એટલે હું આ ભૂમિમાં આવ્યો છું. તે બ્રાહ્મણની વાત સાંભળી ચંદ્રયશા રોવા લાગી, તેણીએ નલરાજાની નિંદા અને દમયંતીની પ્રશંસા કરી, એક દિવસ તે બ્રાહ્મણ જ્યારે ભોજન લેવા દાનશાળામાં ગયો, ત્યારે તેણે ત્યાં દમયંતીને જોઇ, ખૂબ જ રાજી થયો, તેણીને પગે લાગ્યો, અને કહ્યું કે દેવી ! બધે ફરતાં ફરતાં આજ મેં આપને જોયા છે. ત્યાંથી તે બ્રાહ્મણ ચંદ્રયશા દેવીની પાસે આવ્યો, રાણીને વધામણી આપી, સાંભળીને રાણી દાનશાળામાં આવી,

દમયંતીને ભેટી પડી, અને બોલી વત્સે ! માસી તો માતા જ કહેવાય છે, તો પછી તેં તારો પરિચય કેમ આપ્યો નહિ ? તેં નલરાજાને છોડી દીધો છે કે તને નલરાજાએ છોડી દીધી છે ? મને લાગે છે કે નલરાજાને તેં નહિ છોડયા હોય, બેટા ! તારા કપાળના તિલકનું શું થયું ? દમયંતીએ પાણીથી પોતાના મુખને તથા હાથને ધોઇ નાખ્યા, કે તરત જ તેણીના ભાલપ્રદેશનું તિલક દેદીપ્યમાન થયું. રાણીએ દમયંતીને ઘેર લઈ જઈ પોતાના હાથે સ્નાન કરાવી દિવ્ય વસ્ત્રો પહેરાવી પ્રેમોપચારથી તેણીને આનંદમગ્ન બનાવી, તેણીનો હાથ પકડી રાણી રાજાની પાસે લઈ ગઇ, રાજાએ જ્યારે પૂછયું ત્યારે દમયંતીએ જુગારથી માંડી બધી વાત કરી, તે જ વખતે સૂર્ય અસ્તાચલે ગયો, પરંતુ સભામાં અપૂર્વ પ્રકાશ હતો, બધા આશ્ચર્યમાં પડયા, ચંદ્રયશાએ હસતાં હસતાં રાજાને દમયંતીના તિલકની વાત કરી, પિતા સદૃશ રાજાએ તેણીના કપાળને હાથથી ઢાંકી દીધું. ત્યારે ચારે તરફ અંધકાર ફેલાઇ ગયો, રાજાએ હાથ ઉઠાવી લીધો, અને પ્રકાશ ફેલાયો.

તે સમયે આકાશથી ઉતરતા એક દેવે આવીને દમયંતીને પ્રણામ કર્યા અને બોલ્યો દેવી ! આપે જે પિંગલ નામના ચોરને છોડાવી ઉપદેશ આપી, ચારિત્ર અપાવ્યું હતું, તે વિહાર કરીને તાપસપુર નગરમાં ગયો, ત્યાં સમાધિપૂર્વક શરીરનો ત્યાગ કરી સૌધર્મ દેવલોકમાં

દેવ બન્યો છે. તમે મને પ્રતિબોધ ન આપ્યો હોત તો હું આજે નરકમાં ભટકતો હોત, આ બધો આપનો ઉપકાર છે. આ પ્રમાણે કહીને સાત ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરીને તે ચાલ્યો ગયો, રાજાએ પણ જિનધર્મના ફળનો સાક્ષાત્કાર કરીને ધર્મની પ્રશંસા કરી.

એકદિવસ હરિમિત્રે રાજાને કહ્યું કે અમને જવાની આજ્ઞા આપો, કારણકે દમયંતીના માતાપિતા તેના વિયોગમાં તરફડે છે, રાજાએ ચંદ્રયશાને વાત કરી, સેના સહિત દમયંતી તથા હરિમિત્રને કુંડિનપુરનગરમાં ભીમરથરાજા પાસે મોકલ્યા.

દમયંતીનું આગમન જાણી ભીમરાજા સામે ગયા, દમયંતી દૂરથી પિતાને જોઈ રથમાંથી ઉતરી ગઇ, દોડતી પિતાજીને ચરણે પડી. માતાને જોઈ ભેટી પડી, જોરથી રડવા લાગી, ભીમરાજાના પૂછવાથી તમામ હકીકત કહી સંભળાવી, રાજાએ આશ્વાસન આપ્યું, હે વત્સે ! તું અહીંઆ શાંતિથી રહે અને ધર્મારાધન કર, હું નલરાજાને શોધવા માટે પ્રયત્ન કરૂં છું. ત્યારબાદ હરિમિત્ર બ્રાહ્મણને રાજાએ પાંચસો ગામ ભેટ આપ્યા, અને કહ્યું કે નલરાજાને શોધી લાવો તો તેમના આવ્યા બાદ મારૂં અર્ધું રાજ્ય તમને આપીશ.

એક વખત દધિપર્ણ રાજાનો દૂત સુંસુમારપુરથી કુંડિનપુરમાં આવ્યો, એક દિવસ વાતચીતમાં ભીમરાજાને કહ્યું કે મારા સ્વામિની પાસે નલરાજાનો રસોઇઓ આવ્યો

છે. તે સૂર્યપાક રસોઈનું વિધાન જાણે છે. કહે છે કે આ વિદ્યા નલરાજાએ જ શિખવાડી છે. કોઈના મુખથી આ વાત જાણી દમયંતીએ પિતાને કહ્યું કે નલરાજા સિવાય સૂર્યપાક રસોઈ કોઈ બનાવી શકતું નથી, માટે આપ કોઈને મોકલાવી તપાસ કરાવો કે તેનું સ્વરૂપ કેવું છે.

મને લાગે છે કે પોતાના ખરા સ્વરૂપને છુપાવી નલરાજા રસોઈઆના સ્વરૂપે રહેલ છે. એક વિશ્વાસુ બ્રાહ્મણને શિખામણ આપી, તપાસ કરવા માટે મોકલ્યો, સુંસુમારપુર આવી તે બ્રાહ્મણ રસોઈઆનું સ્વરૂપ જોઈને ચિંતા કરવા લાગ્યો, ને વિચાર્યું કે કાચના ટુકડામાં રત્નનો ભાસ દમયંતીને કેમ થયો હશે ? કેમકે કયાં દેવ સ્વરૂપ નલરાજા અને કયાં કુબડો ? તોપણ કુબડાની સામે નલરાજાની તેણે નિંદા કરી, તથા દમયંતીની પ્રશંસા કરવા પૂર્વક વાતો કરી, બ્રાહ્મણે કુબડાને કહ્યું કે હવે હું મારા નગરમાં જાઉં છું. દમયંતીને તારૂં સ્વરૂપ કહીશ, દમયંતીનું સ્મરણ કરી કુબડો રડવા લાગ્યો.

બ્રાહ્મણને કુશળતા પૂછી અને કહ્યું કે તમે દમયંતીની કથા કહેવામાં મોટા પુણ્યશાલી છો, આપ મારા નિવાસ સ્થાને પધારો, કાંઈ પુરસ્કાર ગ્રહણ કરો, આ પ્રમાણે કહી 'કુબડો' તે બ્રાહ્મણને પોતાના ઘેર લઈ આવ્યો, સૂર્યપાક રસોઈ બનાવીને ભોજન કરાવ્યું. રાજા દધિપર્ણ પાસેથી પત્ર, સોના મહોર, આભરણ વિગેરે અપાવીને કુબડાએ બ્રાહ્મણને વિદાયગિરિ આપી.

ત્યાંથી નીકળીને બ્રાહ્મણ કુંડિનપુર આવ્યો, દુઃખી હાલતે તેણે બધી વાત દમયંતી તથા રાજાને કહી; કુબડાનું સ્વરૂપ, સૂર્યપાક રસોઇની વાતો, મળેલી સોના મહોરો, અલંકાર વિગેરે બતાવ્યું. હાથીને શાંત કર્યાની વાત તથા રાજાની પ્રસન્નતાની વાતો કહી બતાવી, ત્યારે દમયંતીએ કહ્યું પિતાજી! નક્કી તેઓ આપના જમાઈ છે. સૂર્યપાક રસોઈ, ગજવિદ્યા, ઉદારતા વિગેરે ત્રણે ગુણો તેમના સિવાય બીજાની પાસે નથી. માટે આપ કોઈપણ નિમિત્તે તેમને અહીંઆ બોલાવો કે જેથી હું તેમને અવશ્ય ઓળખી શકું. રાજાએ કહ્યું વત્સે! તારા બીજા સ્વયંવરના બહાને દધિપર્ણ રાજાને આમંત્રિત કરું છું; જો તે કુબડો નલરાજા હશે તો જરૂરથી રાજાની સાથે આવશે, માટે નજદીકનો દિવસ નક્કી કરીને રાજાને આમંત્રણ મોકલાવું છું. જો તારા નિમિત્તે એટલા જ સમયમાં રાજા દધિપર્ણને રથમાં લઈ કુબડો આવે તો જાણવું કે તે જ કુબડો નલરાજા છે. કારણ કે નલરાજા સિવાય બીજો કોઈપણ ઘોડાના હૃદયને જાણતો નથી, આ પ્રમાણે વિચાર કરી, ભીમરાજાએ વિચક્ષણ દૂતને દધિપર્ણરાજા પાસે મોકલ્યો.

દૂત સુંસુમારપુરમાં આવ્યો, કુબડાની સામે દધિપર્ણરાજાને ભીમરાજાનો સંદેશ કહ્યો કે નલરાજાનો પત્તો લાગતો નથી માટે ચૈત્ર સુદ પાંચમના સવારના દમયંતીનો બીજો સ્વયંવર થશે, માટે આપ કોઈપણ પ્રકારે સ્વયંવરમાં

અવશ્ય પધારશો, આ પ્રમાણે કહીને દૂત વિદાય થયો, દૂતના ગયા પછી કુબડાએ મનમાં વિચાર કર્યો કે આ મોટું આશ્ચર્ય છે, કે દમયંતી બીજા લગ્ન કરશે. ખરેખર ! કામદેવ બળવાન છે. માટે આમ બની પણ શકે છે. પરંતુ મારા જીવતા દમયંતીની સાથે લગ્ન કોણ કરનાર છે ? શું જીવતા સિંહની કેશવાળી કોઈ ખેંચી શકે છે ? નાગની ફણાનો મણિ કોણ લેવા તૈયાર થાય ? કુબડાએ રાજાને કહ્યું કે આપ ઉદાસી કેમ છો ? હું જ્યાં સુધી આપની પાસે છું ત્યાં સુધી આપ શું નથી કરી શકવાના ? હજુ તો છ પ્રહર બાકી છે. આપની ઈચ્છા દમયંતીને જોવાની હોય તો એક રથ તૈયાર કરાવી આપો, પ્રાતઃ કાળ સુધીમાં હું આપને કુંડિનપુર પહોંચાડી દઈશ, રાજાએ કુબડાની વાત માનીને તૈયારી કરી, રથના સારથિ તરીકે કુબડાએ દધિપર્ણ રાજાને સૂર્યોદય પહેલાં કુંડિનપુર પહોંચાડયા. દધિપર્ણરાજા આનંદિત બન્યા, તે રાત્રિને વિષે દમયંતી જોયેલા સ્વપ્નની વાત પિતાજીને કહેતી હતી, કે શાસન દેવીએ મને કોશલાનગરીનું ઉપવન બતાવ્યું. તેના કહેવાથી હું ફળ અને પુષ્પોથી ભરપુર આંબાના ઝાડ ઉપર ચઢી, તેણીએ મને વિકસિત કમળ મારા હાથમાં આપ્યું. કોઈ પક્ષી તે વૃક્ષ ઉપરથી નીચે પડયું. ત્યારે ભીમરાજાએ કહ્યું કે વત્સે ! તને તારા પતિનો તત્કાળ સમાગમ થશે. વળી કુબેર સામ્રાજ્ય ઉપરથી પડશે, એટલામાં 'મંગલ' નામના માણસે દધિપર્ણરાજાના આગમનની વાત કરી, રાજાએ દધિપર્ણરાજાનું સ્વાગત કર્યું. કહ્યું કે આપનો

કુબડો રસોઇઓ સૂર્યપાક રસોઇને જાણે છે. એવું મેં સાંભળ્યું છે. આપ તેને બતાવો, અમારે તેને જોવો છે.

દધિપર્ણ રાજાની આજ્ઞાથી કુબડાએ સૂર્યપાક રસોઈ બનાવીને સપરિવાર ભીમરાજાને ભોજન કરાવ્યું. દધિપર્ણ રાજાના કહેવાથી તેના સ્વાદની પરીક્ષા કરવા માટે દમયંતીએ પણ રસોઇનું આસ્વાદન કર્યું. રસોઈનો સ્વાદ ચાખીને હર્ષિત બનેલી દમયંતીએ કહ્યું કે આ કુબ્જ હોય કે બંજ હોય, પરંતુ 'નલરાજા' પોતે જ છે. ઘણા સમય પહેલાં એક વિશિષ્ટ જ્ઞાનીએ કહ્યું હતું કે નલરાજા સિવાય બીજું કોઈ સૂર્યપાક રસોઈ બનાવી શકતું નથી. બીજી પરીક્ષા એ છે કે નલરાજાના સ્પર્શથી મારા શરીરમાં રોમાંચ આવી જશે, રાજાએ કુબ્જને બોલાવી દમયંતીના શરીરને સ્પર્શ કરવા માટે કહ્યું. જ્યાં તેણે શરીરનો સ્પર્શ કર્યો ત્યાં દમયંતીના આખા શરીરમાં રોમાંચ ઉદ્ભવ્યો, તેણી કુબડાને એક બંડમાં લઈ ગઇ, નલરાજાને પ્રેમમય શબ્દોથી તેણીએ કહ્યું દમયંતીના શબ્દોથી કુબડાનું મન પીગળી ગયું. તેણે પોતાની પાસેના કરંડીઆમાંથી આભૂષણો કાઢી, નાળીએર ફોડીને દિવ્ય વસ્ત્રો કાઢી ધારણ કર્યા, પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

ભીમરાજાએ નલને પોતાના સિંહાસન ઉપર બેસાડી બધું જ સમર્પણ કર્યું. દધિપર્ણ રાજવીએ પણ નલરાજાની ક્ષમાયાચના કરી, સાર્થેશ ધનદેવ પણ ભેટણું લઈને રાજાના દર્શને આવ્યો. દમયંતીએ પણ દ્રુત

મોકલી ઋતુપર્ણરાજા, ચંદ્રયશા, ચંદ્રવતી, તથા વસંતશ્રી શેખરને બોલાવ્યા, તે લોકો આનંદથી રહેવા લાગ્યા. દમયંતીથી પ્રતિબોધ પામીને ચારિત્ર અંગિકાર કરી, સમાધિ મરણથી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયેલ એક દેવે આવીને દમયંતીની પ્રશંસા કરી, તથા સાત કોડ સોનૈયાની વૃષ્ટિ કરીને સૌધર્મ દેવલોકમાં ચાલ્યો ગયો. વસંતશ્રી શેખર, દધિપર્ણ, ઋતુપર્ણ, ભીમ વિગેરે રાજાઓએ નલરાજાનો રાજ્યાભિષેક કર્યો, અને નલરાજાની આજ્ઞાથી પોતાની સેનાઓ લાવી નલરાજાને આપી, ત્યાંથી પ્રસ્થાન કરીને કોશલા નગરીના ઉદ્યાનમાં આવી દૂતને મોકલી કૂબેરને દ્યુત (જુગાર)ને માટે આહ્વાન કર્યું. એક ક્ષણમાં કુબેરને જીતી પોતાનું સામ્રાજ્ય લઇ લીધું. દયા લાવીને ફરીથી કુબેરને યુવરાજપદે સ્થાપ્યો, લોકો નલરાજાની પ્રશંસા કરવા લાગ્યા, અને કુબેરની નિંદા કરવા લાગ્યા, ભરતાર્ધના રાજાઓએ આવી નલરાજાને ભેટણાં ધર્યા, નલરાજાએ હજારો વર્ષ સુધી રાજ્ય લક્ષ્મી ભોગવી.

યથાસમયે નિષધ દેવે આવીને નલરાજાને પ્રવ્રજ્યા લેવા માટે કહ્યું, નલરાજાએ પોતાના પુત્ર 'પુષ્કલ'ને રાજ્ય સુપ્રત કરી દમયંતી સાથે શ્રીજિનસેનાચાર્યની પાસે વ્રત ગ્રહણ કર્યું. અંતે અનશન લઇ સમાધિપૂર્વક મૃત્યુ પામી, નલરાજા કુબેર નામે દેવ થયા, અને દમયંતી તેમની પ્રિયા બની.

હે ધૃતરાષ્ટ્ર! આ પ્રમાણે મેં આપને નલકુબેરની કથા કહી. હવે આપ સારી રીતે વિચાર કરજો, કુબેર જુગારથી જીતીને પણ પોતાના રાજ્યને સ્થિર ન બનાવી શકયો. લોકોમાં તેની ખુબ જ નિંદા થઇ, એવી રીતે આપના પુત્રોની પણ લોકોમાં નિંદા થશે. જુગારમાં જીતેલી લક્ષ્મી સ્થિર બની શકતી નથી, આપનો પુત્ર જુગારમાં કદાચ જીતી જશે. પરંતુ જીતેલી પૃથ્વી પણ પાંડવો નહી આપે તો તમે શું કરવાના છો? જો યુદ્ધ થશે તો ભીમ અર્જુન આપના પુત્રોને મારી નાખશે, માટે આપ કોઇ પણ ઉપાયથી પુત્રોને સમજાવી જુગાર રમતા અટકાવો, આ પ્રમાણે વિદુરજીના કહેવા છતાં પણ જેમ કમલ ઉપર પાણી ટકી શકતું નથી તેવી રીતે ધૃતરાષ્ટ્રના હૃદયને કાંઈજ અસર થઇ નહી.

જ્યાં સુધી હૃદયમાં મોહજાલ રહે છે, ત્યાં સુધી આર્યજનોના વચનોની અસર થતી નથી, ધૃતરાષ્ટ્રના સ્વરૂપથી અત્યંત દુઃખી થઈને વિદુરજી ઉઠી પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા.

સભા બતાવવાના બહાને યુધિષ્ઠિરને બોલાવવા માટે દુર્યોધને જયદ્રથને હસ્તિનાપુર મોકલ્યો. તેણે હસ્તિનાપુર પહોંચીને યુધિષ્ઠિરને કહ્યું કે દુર્યોધને કહેવડાવેલ છે કે બધા ભાઈઓમાં આપ અમારૂં જીવન છો, માટે આપ અત્રે પધારીને મારી નવિન નિર્માણ થયેલી દિવ્ય સભાને જોશો તો મને અનહદ આનંદ થશે.

જયદ્રથના વચનો સાંભળી દ્રુપદપુત્રીની સાથે યુધિષ્ઠિર ઇન્દ્રપ્રસ્થ ચાલ્યા, ચારે ભાઈઓ રસ્તામાં મલી ગયા, ઇન્દ્રપ્રસ્થમાં દુર્યોધને ઉચિત સ્વાગત કર્યું. સેનાઓની સાથે હર્ષિત થયેલા યુધિષ્ઠિરે નગરમાં પ્રવેશ કર્યો; ભાઈઓ સહિત યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને પ્રણામ કર્યા, દુર્યોધનના સ્વાગતથી પ્રસન્ન થયેલા યુધિષ્ઠિર દુર્યોધનની કપટકલાને સમજી શકયા નહી. ઇન્દ્રપ્રસ્થમાં પાંડવોને વિલંબ થવાથી સ્નેહના કારણે ભીષ્મ દ્રોણ–વિગેરે વૃદ્ધો પણ ઇન્દ્રપ્રસ્થ પધાર્યા.

દુર્યોધને ખુબ જ પ્રેમથી શોભાયુક્ત તમામ વસ્તુઓથી પરિપૂર્ણ પોતાની સભા બતાવી, તેમાં જ્યાં ત્યાં વૃદ્ધ લોકો પાશા રમતા હતા, દુર્યોધનની સાથે ફરતા યુધિષ્ઠિરને તે વૃદ્ધ લોકોએ કહ્યું કે આપ લોકો જુગાર નહિ રમો. દુર્યોધને કહ્યું કે ભુવનતિલક ! એમની વાત માનીને આપણે પણ દ્યુત ક્રીડા રમીયે, યુધિષ્ઠિરે સ્વિકાર કર્યો, બન્નેજણ રમવા બેઠા, કાંટાવાળા ઝાડથી જેમ વિષ વૃક્ષ ઘેરાયેલું હોય છે. તેમ શકુની વિગેરેથી ઘેરાઈને બેઠેલો દુર્યોધન શોભવા લાગ્યો, આ રમતજ છે, તેમ સમજીને પ્રથમ ફળ વિગેરે મૂકીને દાવ રમવા લાગ્યા. ત્યારબાદ અંગુઠી વિગેરે દાવમાં મૂકવા લાગ્યા, આ પ્રમાણે જુગાર રમત બની ગઈ, તે વખતે બધા ખાવાપીવાનું ભૂલી ગયા, કોક વખત દુર્યોધન તો કોઇ વખત યુધિષ્ઠિરની જીત થતી હતી.

ત્યારબાદ શકુની વિગેરેએ કપટથી ભરેલો જુગાર રમવાની શરૂઆત કરી, યુધિષ્ઠિર મુગટ, મણિ, બાજુબંધ સહિત પોતાના આભૂષણો હારી ગયા, કર્ણ વિગેરે અત્યંત પ્રસન્ન થયા, ધુવડ તો સૂર્યની સ્પૃહા કરે છે ને? આટલું હારવાથી શું? એમ સમજીને પાંડવોના મનમાં જરાપણ દુઃખ નહોતું? અનુક્રમે યુધિષ્ઠિર ખજાનો, રત્નો વિગેરે બધું હારી ગયા, ભીષ્મ વિગેરેએ યુધિષ્ઠિરને કહ્યું કે આ રમત ફક્ત મનોરંજન માટે છે. તો પછી હાર જીતની વાત કેવી? જુગાર રમવાનો તમે બંધ કરો, પરંતુ યુધિષ્ઠિરે ભીષ્મપિતામહની વાતને માન્ય કરી નહી. જ્યારે ભાગ્ય ફરે છે ત્યારે સજ્જનોની બુદ્ધિ પણ મલીન બની જાય છે, ત્યારબાદ યુધિષ્ઠિરે આકર, પુર, ગ્રામ વિગેરે આખા રાજ્યને દાવમાં મૂક્યા. લોકોએ હાહાકાર મચાવ્યો, મર્યાદા બહારનો જુગાર રમવો, અને મોટા દાવ મૂકવા તે ઠીક નથી. કર્ણે કહ્યું કે ભૂમિ ગ્રહણ કરવાની મર્યાદા બાર વર્ષની રાખવી. કર્ણની વાત સાંભળી લોકોએ અનુમતિ આપી, ફરીથી યુધિષ્ઠિર અને દુર્યોધન જુગાર રમવા બેઠા, કપટથી ભરેલા જુગારમાં ભૂમિ યુધિષ્ઠિર હારી ગયા, ત્યારે ચારે ભાઈઓને દાવમાં મૂક્યા, અને કહ્યું કે 'જો હું હારીશ તો મારા ચારે ભાઈઓ નોકરની જેમ દુર્યોધનની સેવા કરશે, લોકોએ હાહાકાર મચાવ્યો, અને દુર્યોધન, કર્ણ, શકુનિ તથા ધૃતરાષ્ટ્રના પુત્રોની નિંદા કરી, ચારે ભાઈઓના હારી જવાથી યુધિષ્ઠિરે પોતાની જાતને દાવ ઉપર

મૂકી, ચારે તરફ કોલાહલ વધી ગયો, પોતે પણ હારી ગયા. ત્યારે પોતે વિચાર કરવા લાગ્યા, કે હવે દાવમાં શું મૂકવું ? એટલામાં સ્વજનની જેમ પ્રેમ બતાવીને શકુનીએ કહ્યું કે આપનો દાવ છે, માટે દાવ ઉપર પાંચાલીને મૂકી તમે છૂટી જાવ, યુધિષ્ઠિરે દ્રૌપદીને દાવ ઉપર મૂકી. તે વખતે દુર્યોધનના પક્ષપાતી પણ રડવા લાગ્યા, ગુણવંતના ગુણ દરેકને પ્રિય હોય છે. દ્યુત વિદ્યાની રચના કરનારને ધિક્કાર છે. કે જેનાથી મોટા મોટા મહાત્માઓ પણ બલાસ થઈ ગયા, લોકો વિચાર કરવા લાગ્યા કે દ્રૌપદીના પતિવ્રતથી કદાચિત્ યુધિષ્ઠિર જીતી જશે.

એટલામાં પાસા રમતો શકુની 'હું જીતી ગયો, હું જીતી ગયો, એમ મોટેથી બુમો પાડવા લાગ્યો, સભામાં બેઠેલા પ્રેક્ષકો સ્થંભિત ચિત્ર જેવા બની ગયા, કૌરવો ચોરોની જેમ અન્યાયોપાર્જીત લક્ષ્મીનો ઉપભોગ કરવા તૈયાર થયા.

દુર્યોધનની આજ્ઞાથી દુઃશાસન હારેલા પાંડવોના વસ્ત્રો ખીંચવા માટે તૈયાર થયો, એટલામાં પાંડવોએ પોતે જ પોતાના વસ્ત્રો ઉતારીને આપી દીધા ફક્ત લજ્જા ઢાંકવા માટેનું એકજ વસ્ત્ર પહેરી રાખ્યું. નીચું મુખ કરીને પાંચે ભાઈઓ બેસી ગયા. ત્યારબાદ દુર્યોધને કહ્યું કે પાંચ પતિવાળી વ્યભિચારિણી દ્રૌપદીને પણ અહીં લઈ આવો, દુઃશાસન હસતો દ્રૌપદી પાસે ગયો, બોલ્યો કે

તારા પતિ જુગારમાં તને હારી ગયા છે. માટે રાજા દુર્યોધન પ્રેમથી તને બોલાવે છે. જો તું સીધી રીતે નહિ આવે તો હું તને પકડીને લઇ જઇશ, દ્રૌપદીએ કહ્યું કે આજે હું રજસ્વલા છું, એક વસ્ત્રી છું. માટે સભામાં કેવી રીતે આવી શકું ? વળી હું પૂછું છું કે રાજા પોતે હારી ગયા બાદ મને દાવ ઉપર મૂકી છે કે પહેલાં મૂકી હતી ? જો પોતે હારી ગયા પછી મને દાવ ઉપર મૂકી હોય તો તે વ્યાજબી નથી. કારણ કે જ્યાં રાજા પોતે જ પરતંત્ર બની ગયા હોય તો પછી મને દાવમાં મૂકવાનો તેમને કોઈ અધિકાર નથી. પ્રાતઃકાળમાં સૂર્યથી પરાજિત થયેલો રજનીનાથ (ચંદ્રમા) રજનીનાથ રહેતો જ નથી.

દ્રૌપદીના પૂછવાથી દુઃશાસને કહ્યું કે વાચાલિ ! તું આવે છે કે નહી ? આ પ્રમાણે બોલીને તેણીના વાળ પકડીને ખેંચી. દ્રૌપદી બોલી કે રે પાપી ! નીચ ! ઘુંઘટથી આચ્છાદિત મારા મુખને આજ સુધી કોઈએ જોયું નથી, તો પણ તું મને આ તરફ ગુરુજનોની સામે કેમ લઇ જાય છે ?

આ પ્રમાણે રડતી દ્રૌપદીને ખેંચીને દુઃશાસન દ્રૌપદીને સભામાં લાવ્યો, તે વખતે બધા સજ્જનો દ્રૌપદીની દશા જોઈ ને લોકો યુધિષ્ઠિરની જ્ઞાન–ધર્મ–ન્યાય–શાન્તિ વિગેરેની અવહેલના કરવા લાગ્યા. તે વખતના લોકોના નેત્રજલથી નવી વર્ષાઋતુનો પ્રારંભ થયો, તે

વખતે પાંચાલીએ એક પછી એક પાંચે પાંડવો તરફ દ્રષ્ટિ કરી, પણ પાંડવો તો પૃથ્વીમાં જવાના હોય તેમ તેમની દ્રષ્ટિ જમીન તરફ હતી.

ભીષ્મ વિગેરેએ લજ્જિત બનીને વસ્ત્રથી પોતાના મુખને ઢાંકી દીધું. તે વખતે દ્રૌપદીની ઉપર સાનુરાગ દ્રષ્ટિ નાખી દુર્યોધને કહ્યું કે કૃશોદરિ! તારા ઉપર મારો અનુરાગ ઘણા વખતથી હતો પરંતુ પાંડવોની સાથે તારા લગ્ન થવાથી તેમાં વિઘ્ન આવી ગયું. હમણાં પણ તું જલ્દીથી આવીને મારી જંઘા ઉપર બેસી જા, એમ બોલી દુર્યોધને પોતાની જંઘા બતાવી.

દ્રૌપદીએ કહ્યું એ કુરૂવંશસમુદ્ર કાલકૂટ વિષધર! આવા વિચારોથી તું ભસ્મ કેમ નથી થઈ જતો? વૃક્ષના પોલાણમાં રહેલી અગ્નિ વૃક્ષને બાળી ભસ્મીભૂત કરી નાખે છે.' જો મારા સ્વામિ બળવાન હોય તો આ બંન્નેના જીવનનો અંત કરી નાખે.

કર્ણે કહ્યું કે જે સંપૂર્ણ રાજ્ય હારી ગયા છે. તેઓ પોતાની સ્ત્રીને પણ હારી ગયા છે. એક વસ્ત્રાને સભામાં લાવવી તે ખરાબ કાર્ય નથી, કારણ કે જગતમાં કોઇપણ સ્ત્રીને એક જ પતિ હોય છે. જ્યારે દ્રૌપદી તો અનેક પતિની વલ્લભા હોવાથી અવશ્ય વ્યભિચારિણી છે. માટે તેણીને વસ્ત્ર રહિત જ લાવવી જોઈએ, કર્ણના વચનો સાંભળી પ્રેક્ષકોને ક્રોધ આવ્યો, તોપણ દુર્યોધનના ભયથી બધા ચુપ થઈ ગયા, દુર્યોધને

ક્રોધમાં આવીને દુઃશાસનને કહ્યું કે સભ્યોના મૌનથી નિશ્ચય થયો છે કે તેણીને મેં જીતી લીધી છે. માટે પોતાની જાતને સતી માનતી દ્રૌપદીના વસ્ત્રને ખેંચી લઈ, જીર્ણ વસ્ત્રને પહેરાવી દાસી બનાવ, દુર્યોધનની આજ્ઞાથી દુઃશાસને દ્રૌપદીના નિતંબ સ્થળ પાસેથી વસ્ત્રને સ્વચ્છન્દતાથી ખેંચ્યું. દ્રૌપદીના વિલાપથી સભામાં બેઠેલા બધાજ રોવા લાગ્યા, અધિષ્ઠાયક દેવતાના પ્રભાવથી તેવું જ બીજું કપડું શરીર ઉપર આવતું હતું. અને દુઃશાસન ખેંચતો હતો. આ પ્રમાણે ખેંચતાં ખેંચતા કપડાના ઢગલા થયા, લોકો હસવા લાગ્યા. દુઃશાસન ખૂબ જ થાકી ગયો અને ક્લાન્ત બનીને બેસી ગયો.

ત્યારબાદ ક્રોધમાં ધમધમતા અને લાલ આંખવાળા ભીમે સભામાં ચારે તરફ દ્રષ્ટિ કરીને પ્રતિજ્ઞા કરી, દ્રૌપદીને ખેંચીને સભામાં લાવનાર, તેના વસ્ત્રને ખેંચનાર, દુઃશાસનના હાથને શરીરથી જુદા કરી, તેના લોહીથી પૃથ્વીને લાલ બનાવીશ અને જે દુર્યોધને દ્રૌપદીને જંઘા બતાવી છે. તેની જંઘાના ગદાથી ચુરેચુરા કરી નાખીશ, જો આ કાર્ય હું નહી કરૂં તો પાંડુપુત્ર ભીમ નહિ. જીવન પર્યંત હું મારા ક્ષત્રિયના કર્તવ્ય છોડી દઈશ, જ્યારે ભીમે પ્રતિજ્ઞાની ઘોષણા કરી ત્યારે સંપૂર્ણ સભા અત્યંત ક્ષુબ્ધ બની ગઇ.

સભાની વચમાં જ ઉઠીને વિદુરજીએ કહ્યું કે જ્યારે દુર્યોધનનો જન્મ થયો હતો ત્યારે મેં કહ્યું કે આ પુત્ર કુરૂકુલનો ધુમકેતુ છે. તેના જેવું કાર્ય ચંડાલ પણ નહી

કરે, તો પછી ભીમ દ્રૌપદીના અપમાનને કેમ સહન કરી શકે. આ ભીમ પૃથ્વીને દુઃશાસન–દ્રોણ–કર્ણ–દુર્યોધન–ભીષ્મ–ધૃતરાષ્ટ્ર વિગેરેથી રહિત બનાવશે, માટે આ ક્રૂર કર્મ કરવાવાળા દુર્યોધનને મારી નાખવો જોઈએ, અથવા જો એમ કરવામાં ન આવે તો આ પાપીને આ કાર્યથી રોકવો જોઈએ. પાંડવો દ્રૌપદીને લઈ વનમાં જાય, વિદુરજીની વાતો સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે ઓ નીચ દુર્યોધન ! આ કાર્યથી તું અટકી જા, નહિતર મારી તલવારથી તારૂં મસ્તક ઉડાવી દઇશ, પિતાના વચનને સાંભળી તથા ભીષ્માદિના મનને દુઃખી જોઈ દુર્યોધને કહ્યું કે આપની વાત માનું છું. પરંતુ આપ લોકો પણ મારી વાતને સાંભળીને માન્ય કરશો, પાંડવો બારવર્ષ સુધી વનમાં રહે. અને એક વર્ષ ગુપ્ત વાસ કરે, જો તેઓ પકડાઈ જાય તો બીજા બારવર્ષ વનમાં જાય, અને તેમનું રાજ્ય હું ભોગવું. પાંડવોએ વડીલોના આદેશથી દુર્યોધનની વાત માની લીધી. ધૃતરાષ્ટ્ર–દ્રોણ–ભીષ્મ વિગેરેના વચનોથી દુર્યોધને પાંડવોના વસ્ત્રો આપી દીધા, તેઓની સાથે વનમાં જવાની દ્રૌપદીને અનુમતિ આપી, દ્રૌપદી સહિત પાંડવો ઇન્દ્રપ્રસ્થથી ચાલ્યા, સ્નેહથી મોહિત બનેલા અને શોકથી મલિન મુખવાળા ભીષ્મ વિગેરે પણ પગપાળા પાંડવોની પાછળ ચાલ્યા, આંખ–માંથી આંસુ સારતા લોકોએ રસ્તામાં દ્રૌપદી સહિત પાંડવોને જતા જોયા, અખંડ તેજસ્વી પાંડવો પોતાની રાજ્ય લક્ષ્મીને હારી જતાં માતાપિતાને મલવા માટે ફરીથી હસ્તિનાપુર આવ્યા.

છઠ્ઠો સર્ગ સંપૂર્ણઃ

સર્ગ : ૭મો

ત્યારબાદ વચનની કિંમતવાળા યુધિષ્ઠિરે વનવાસને માટે હસ્તિનાપુરથી પ્રસ્થાન કર્યું. ભીમ વિગેરે ભાઈઓ પણ પોતપોતાના શસ્ત્રાસ્ત્ર લઈને તેમની સાથે ચાલ્યા, પુત્ર વાત્સલ્યના સ્નેહમાં ડુબેલા પાંડુ, અને ભીષ્મ પણ રડતા રડતા પાછળ ચાલવા લાગ્યા, સત્યવતી વિગેરે માતાઓ પણ બધી સામગ્રીઓને સાથે લઈ ચાલવા લાગી, રડતી દ્રૌપદી પણ કુન્તીની પાછળ ચાલી, નગરના લોકોએ પણ ઘરબાર છોડીને યુધિષ્ઠિરનું અનુકરણ કર્યું. શોકાગ્નિમાં ડુબેલા નાગરિકોની સાથે પુર્ણિમાના ચંદ્રમા જેવા યુધિષ્ઠિર નગરમાંથી નીકળતી વખતે સાક્ષાત્ ધર્મરાજા જેવા લાગતા હતા, વિશાલ રાજમાર્ગ પણ લોકોના ધસારાથી સાંકડો થઇ ગયો હતો, પુરજનો ચાલતાં ચાલતાં પરસ્પર અનેક વાતો કરતા હતા.

પહેલાં નલરાજાએ પોતાના સામ્રાજ્યને જુગારમાં ગુમાવ્યું હતું. હાય! હાય! હમણાં યુધિષ્ઠિરે પણ તેજ પ્રમાણે કર્યું છે. દુર્યોધનને ધિક્કાર છે, જેણે કપટ જુગારથી પાંડવોની આવી સ્થિતિ કરી, ભીમ અને અર્જુનની

હાજરીમાં દુર્યોધનનું રાજ્ય કયાં સુધી સ્થિર રહી શકશે ? દ્રૌપદીના પ્રત્યે દુર્યોધને કરેલો અનુચિત વહેવાર જીભથી બોલવામાં આવે કે મનમાં વિચારવામાં આવે તો ભયંકર પાપ છે. તેનું ફળ તેને મળવાનું છે. પાંડવોના પ્રત્યે અનુરાગી લોકો આ પ્રમાણે બોલવા લાગ્યા. મહાત્માઓના તરફ કોઈને પક્ષપાત હોતોજ નથી.

ત્યારબાદ આકાશમાંથી આવતા ક્રુર ભયંકર રાક્ષસે અસાવધાન દ્રૌપદીને ડરાવી, લાલ આંખોવાળો, અત્યંત શ્યામવર્ણવાળો, સાપના જેવી ચપળ જીભવાળા તે રાક્ષસને જોઇ દ્રૌપદીએ ચીસ પાડી, દ્રૌપદી રડવા બેઠી, દ્રૌપદીનો અવાજ સાંભળી ક્રોધે ભરાયેલ ભીમ તેની તરફ દોડયો, કહ્યું કે નીચ ! તું તારા દુષ્કર્મનું ફળ ભોગવ, એમ કહી ભીમે ગદાનો ઘા મારી રાક્ષસને મારી નાખ્યો, આવી રીતે દુર્યોધનના વધારંભમાં જ ભીમે કિર્મોર નામના રાક્ષસને મારી મુહૂર્ત કર્યું. કિર્મોર વૃત્તાંતને નહિ જાણતાં રાજા યુધિષ્ઠિર લતાઓથી મનોહર કામ્યક નામના વનમાં આવ્યા.

કુકર્મી દુર્યોધનની ઉપર ક્રોધ આવવાથી ભગવાન સૂર્ય અગ્નિની સમાન તાપ આપવા લાગ્યા, માતા પિતા વિગેરે બધા પગપાળા ચાલવાથી અત્યંત દુઃખી થયા, હે રાજન્ ! પાંચ રાત અહીં વિશ્રાંતિ કરીએ. આ પ્રમાણે ભીમના કહેવાથી રાજાએ બધાને વિશ્રામ કરવા માટે આદેશ આપ્યો, ખોરાક વિના ગરમીથી અત્યંત

વ્યાકુલ બનીને લોકો સૂઇ ગયા. વનવાસમાં પણ આશ્રિતોની આજીવિકાની ચિંતા યુધિષ્ઠિરને થવા લાગી. રાજાને દુઃખી જોઇ, પોતાની વિદ્યાનું સ્મરણ કરી, વિદ્યાબળે સુંદર રસવતી તૈયાર કરીને કુંતીની આજ્ઞાથી દ્રૌપદીએ બધાને ભોજન કરાવ્યું. પોતાના ભાઈઓના વિનયથી યુધિષ્ઠિર રાજ્ય સુખને ભૂલી ગયા, અને આનંદપૂર્વક તે દિવસને વિતાવ્યો.

બીજે દિવસે પોતાની આજ્ઞાથી દ્રૌપદીનો બળવાન ભાઈ ધૃષ્ટદ્યુમ્ન આવ્યો. યુધિષ્ઠિર વિગેરેને નમસ્કાર કરીને તેણે પોતાની બ્હેન દ્રૌપદીને કહ્યું કે તારૂં મુખ આટલું બધું શ્યામ અને મલીન કેમ છે ? હસ્તિનાપુરના ચરદુતો પાસેથી તમારા પ્રવાસની વાતો સાંભળી પિતાજીએ મને અહીં મોકલાવેલ છે. હમણાં પણ હું મારા પરાક્રમથી જગતને દુર્યોધનથી મુક્ત કરી શકું છું, પરંતુ રાજા યુધિષ્ઠિરની આજ્ઞા નથી, માટે જ્યાં સુધી પાંડવો વનમાં છે ત્યાં સુધી તું મારી સાથે પિતાજીના ઘેર ચાલ, દ્રૌપદીએ કહ્યું કે રાજાએ 'ના' કીધી એટલે જ 'ભીમ' અને અર્જુને દુર્યોધનને છોડી દીધો, પાંડવોના ચરણથી પવિત્ર એવા વનમાં મને સારૂં લાગે છે, માટે હું તો તેમની સાથે જ રહીશ, તમે બાળકોને તમારી સાથે લઈ જાવ, દ્રૌપદીના કહેવાથી અને રાજાની આજ્ઞાથી બાળકોને લઇ ધૃષ્ટદ્યુમ્ન પોતાના ઘેર ગયો.

એક દિવસ મદમત્ત હાથીઓની સેના લઈને પ્રેમથી

કૃષ્ણ યુધિષ્ઠિરની પાસે આવ્યા, પાંડવોએ તેમને પ્રણામ કર્યા, શ્રી કૃષ્ણે પણ કુંતીને પ્રણામ કર્યા, સુંદર આસન ઉપર બેઠેલા કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે મેં એવું સાંભળ્યું છે કે દુર્યોધન કવિન્દ્રએ દુરોદર પ્રબંધ કર્યો હતો, દુર્યોધન રાજાના જુગારમાં શકુની અને કર્ણ મુખ્ય ઉત્તર-સાધકનું કામ કરતા હતા, પરંતુ આ બધું મારી નજર સમક્ષ બન્યું નથી. તમારી બીકથી અર્જુન અને ભીમે દુર્યોધનને છોડી દીધો છે. હમણાં પણ તમારી પ્રતિજ્ઞા અમને બાધક બને છે, તેણે દ્રૌપદીના વાળ ખેંચ્યા, તેનાથી મારો પણ ક્રોધાગ્નિ ગાન્ધારીના પુત્રોને બાળી નાખવા તૈયાર થયો હતો, સતીના તિરસ્કારનું ફળ તેને અવશ્ય ભોગવવું જ પડશે.

આટલું કહીને કૃષ્ણ અટકી ગયા, યુધિષ્ઠિર બોલ્યા કે તમારા ક્રોધની સામે ઇન્દ્રનું પરાક્રમ પણ વ્યર્થ છે, તો પછી મનુષ્ય એવા દુર્યોધનની શું તાકાત છે ? પરંતુ અસત્યનું આચરણ કરવાથી લોકોમાં આપણી નિંદા થશે, વળી અપયશ પ્રાપ્ત થશે, ભીમ અને અર્જુનને મેં રોકી રાખ્યા હતા, આ પ્રમાણે કૃષ્ણને શાંત પાડી ન્યાય અને સત્ત્વશાળી યુધિષ્ઠિર ભાઈઓની સાથે ભીષ્મની પાસે ગયા, અને તેમને કહ્યું કે આપ તો અમારા વડીલોના પણ વડીલ છો, માટે અમને એવી શિખામણ આપો કે જેથી અમો દુઃખનો મહાસાગર પાર કરી શકીએ. યુધિષ્ઠિરની પ્રશંસા કરતાં ભીષ્મે

કહ્યું કે મને તો એમ લાગે છે કે તમે મિત્રામિત્રની પરીક્ષા કરવા માટે જ જુગાર રમ્યા છો. નહિતર ક્યાં તમે અને ક્યાં જુગાર ? જગતને જીતવાની તમામ કલાઓથી યુક્ત જેના ભાઈઓ છે. તે શું જુગારમાં હારી જાય ખરા કે ? આ તો ભવિતવ્યતા છે. તમારી દ્રષ્ટિ તો દરેકની ઉપર સરખી છે, તો પછી મને છોડી વનમાં કેમ જાઓ છો. શું શંકરજી પોતાના મસ્તકમાં રહેલા ચંદ્રને છોડી જાય છે ખરા કે ? માટે તમો પણ મને સાથે લઈ જવાનો વિચાર કરો, યુધિષ્ઠિરે તેમના ચરણોમાં પોતાના મસ્તકને મૂકી સાથે આવવાની ના કહી ત્યારે તેઓએ કહ્યું કે તમો દાન, ઔચિત્ય, સત્પાત્ર, પુણ્ય, પ્રભુત્વ, આ પાંચ લક્ષ્મીકારી ગુણોનું પાલન કરજો, તથા કામ, ક્રોધ, લોભ, મોહ, માત્સર્ય, પ્રકૃતિ, ચૈાગ્યકર્મ, નય, ધર્મ, પ્રતાપમાં વિમુખતા, અજ્ઞાન, અસત્ય, લંચ સમસ્ત વ્યસન એ રાજ્યનું હરણ કરનાર પંદર ચોરોથી બરાબર સાવધાન રહેશો, એકલા જુગારે તમારા રાજ્યનો નાશ કર્યો છે. માટે ઉપરના પંદરનો ત્યાગ કરી. બાર વર્ષ પછી કુશળતા પૂર્વક રાજ્યને ગ્રહણ કરજો, આ પ્રમાણે ઉપદેશ આપી, ભીષ્મ હસ્તિનાપુર પાછા ગયા, ત્યારબાદ દ્રોણાચાર્ય અને કૃપાચાર્યની પાસે યુધિષ્ઠિર આવ્યા, વનમાં સાથે આવવાની ભાવનાવાળા તે બંન્નેને મધુર વચનથી આશ્વાસન આપી યુધિષ્ઠિરે તેમને વિદાય કર્યા.

ધતરાષ્ટ્રની પાસે આવી તેમના ચરણો ઉપર મસ્તક

મૂકીને કહ્યું કે આપ દુર્યોધનને મારો સંદેશ કહેજો કે પ્રજાનું પાલન એવી રીતે કરજો કે જેનાથી પૂર્વજોની કીર્તિ ઉજ્જવલ બને, યુધિષ્ઠિરનો વિનય અને દુર્યોધનના અવિનયને યાદ કરતા લજ્જિત બનેલા ધૃતરાષ્ટ્ર નગરમાં પાછા આવ્યા.

માતા સત્યવતી વિગેરે રડતા હતા, તેમને યુધિષ્ઠિરે પ્રણામ કરીને વિદાય કર્યા, નગરજનોને પાછા વળવા માટે જણાવ્યું. પરંતુ તે લોકોએ કહ્યું કે જ્યાં આપના ચરણકમલ હશે ત્યાં જ અમારૂં નગર છે. તેમના આગ્રહથી યુધિષ્ઠિરે પોતાની સાથે આવવાની અનુમતિ આપી, ત્યાર બાદ વિદુરજીની પાસે આવીને કહ્યું કે પુત્રવિયોગમાં દુઃખ અનુભવતા માતાપિતાને સાથે લઈને જાઉં કે મૂકીને જાઉં ? હું આ વિષેનો નિશ્ચય કરી શકતો નથી. માટે આપ આપનો વિચાર જણાવશો, વિદુરજીએ કહ્યું કે દુર્યોધન ખૂબ જ દ્વેષી છે. તમે આખા કુટુંબને સાથે લઈને જવાનો વિચાર કરતા જ નહીં. માટે પાંડુરાજા તટસ્થ ભાવે અહીં રહે, વળી કુન્તી તમારા વિના રહી શકશે નહીં. તેથી તેને સાથે લઇ જાવ, વિદુરજીના વિચાર અનુસાર યુધિષ્ઠિરે પાંડુરાજાને વિદુરજીની સાથે મોકલ્યા, તે વખતે કુંતીના અંતરમાં હર્ષ અને વિષાદ બંને પરાકાષ્ઠાએ હતા. વિદુરજીએ યુધિષ્ઠિરને ઉપદેશ તથા આશીર્વાદ આપી, કુંતીને પ્રણામ કરી, રાજા પાંડુની સાથે નગર તરફ પ્રસ્થાન કર્યું.

જતી વખતે પાંડુ રાજાએ રડતાં રડતાં યુધિષ્ઠિરને કહ્યું કે વત્સ ! તમે સહકુટુંબ જંગલમાં કેવી રીતે ભ્રમણ કરશો, તમારા વિના હું કેમ રહીશ ? ચન્દ્ર વિનાના સમુદ્રના જેવી મારી હાલત છે. પરંતુ તારૂં વચન મિથ્યા ન થાય તેટલા માટે જ નગર તરફ જાઉં છું. કુશળતાથી પાછા આવી તારૂં મુખ દર્શન કરાવજે, પાંડુરાજાએ પોતાની આંગળી ઉપરથી વિઘ્નહર રત્નમય વિંટી કાઢીને યુધિષ્ઠિરની આંગળીમાં પહેરાવી દીધી, તેની પ્રાપ્તિ અને પ્રભાવ કહી સંભળાવ્યા, કુંતીને કહ્યું કે દેવી ! પુત્રોની ઉપર ધ્યાન રાખજો, આ પ્રમાણે કહીને વિદુરજીની સાથે પાંડુરાજા નગર તરફ ચાલ્યા.

માતાજી ! દિવસ રાત તમે પિતાજીની સેવા કરજો, એમ કહી યુધિષ્ઠિરે માદ્રીને પાંડુરાજાની સાથે જવા કહ્યું. માદ્રીએ પણ નકુળ, સહદેવને કહ્યું કે તનમનથી ભાઈઓની સેવા કરજો, કહીને પાંડુની સાથે માદ્રીએ ગમન કર્યું.

ત્યારબાદ નાગરિકોને સાથે લઈ ને યુધિષ્ઠિર જ્યારે આગળ ચાલ્યા, ત્યારે કૃષ્ણે તે બધાને પગપાળા ચાલવાને માટે 'ના' કહી, કૃષ્ણનું કહેવું માનીને હાથી–ઘોડા–રથ વિગેરે વાહનોમાં આરૂઢ થઈ ને બધા જ નાસિક નગરમાં આવ્યા, ત્યાં માતા કુન્તી દ્વારા બનાવાયેલી ચંદ્રપ્રભ પ્રભુની માણેકની પ્રતિમાજીની પાંડવોએ સુંદર વિકસિત પુષ્પો વડે પૂજા કરી, આનંદ અનુભવ્યો, શ્રીકૃષ્ણે પણ

પ્રભુભક્તિ કરી, કુન્તી અને શ્રીકૃષ્ણે સુંદર સ્તોત્રોથી ઘણીવાર સુધી પ્રભુની સ્તુતિ કરી, મહેલમાં આવી, લોકોની સાથે ભોજન કર્યું. ત્યાં જિન પ્રભાવનાથી પાપને દૂર કરતા તે લોકોએ આનંદથી ઘણા દિવસો પસાર કર્યા.

એક દિવસ કૃષ્ણની પાસે બેઠેલા યુધિષ્ઠિરને દુર્યોધનના પુરોહિત પુરાચને આવી કહ્યું કે દુર્યોધન મારા મુખ દ્વારા આદરપૂર્વક વિનંતિ કરાવે છે કે આર્ય! આપ આર્યોમાં શ્રેષ્ઠ છો, હું અનાર્યોમાં શિરોમણી છું; આપ સજ્જનોના મુગટમણિ છો, હું દુર્જનોમાં અગ્રગણ્ય છું; આપ સુબુદ્ધિ છો, હું દુર્બુદ્ધિ છું; આપ કૃતજ્ઞ છો, હું કૃતઘ્ન છું; માટે જુગારમાં જે ઉચિત અનુચિત વાતો થઈ છે, તેને આપ ક્ષમા કરો, આપ હસ્તિનાપુર પાછા પધારો, હું આપની આજ્ઞાનો સ્વીકાર કરૂં છું; વળી વચન ભંગની બીકથી હસ્તિનાપુર આવવાની આપની ઇચ્છા ન હોય તો આપ બધા વારણાવતમાં સુખપૂર્વક રહો, હું આપનો આજ્ઞાધારી બનીને રહીશ.

આ પ્રમાણે પુરોચનના વચનો સાંભળીને શ્રી કૃષ્ણે અનુમતિ આપી, યુધિષ્ઠિરે કહ્યું કે દુર્યોધનનું કહ્યું હું માનું છું; ત્યારબાદ પુરોચનની સાથે કૃષ્ણ સહિત બધા જ જનસમુદાયે વાહનોમાં બેસી વારણાવતમાં પ્રવેશ કર્યો, સુંદર મહેલમાં રહેવા લાગ્યા, દુર્યોધન અનેક પ્રકારની વસ્તુઓ મોકલી તેઓ બધાને આનંદપૂર્વક

રાખવા લાગ્યો, પાંડવો પણ વારણાવતમાં સુખ પૂર્વક રહેવા લાગ્યા, કે જેથી પોતે પોતાના ઘરને પણ ભૂલી ગયા, કુન્તીએ ગરીબોને દાન આપવાની શરૂઆત કરી, દ્રૌપદી પતિને સુખી જોઇ આનંદમાં રહેતી હતી, પાંડવોને સુખી જોઈ કૃષ્ણ પણ દ્વારકા ગયા, માતાને મલવાની ભાવનાવાળી, સુભદ્રાને અભિમન્યુની સાથે અર્જુને દ્વારકા મોકલાવી આપી, યુધિષ્ઠિરે નાગરિકોને હસ્તિનાપુર મોકલી દીધા.

એક દિવસ વિદુરજીએ મોકલાવેલ 'પ્રિયંવદ, નામનો દૂત આવ્યો, તેણે ભીમ અર્જુન સહિત રાજાને એકાન્તમાં કહ્યું કે રાજન્! વિદુરજીએ કહેવડાવ્યું છે કે અહીં આવ્યા બાદ હું અને ધૃતરાષ્ટ્ર સાથે રહીએ છીએ, પુરોચન દ્વારા જાણવા મલ્યું કે પાંડવોના જીવતા હું રાજ્ય નહીં કરી શકું, માટે શણ વિગેરે જલ્દીથી સળગી જાય તેવી વસ્તુઓનો તેણે મહેલ તૈયાર કરાવ્યો છે. તેમાં આદરપૂર્વક પાંડવોને રાખવાના છે, અને કૃષ્ણ ચતુર્દશીએ તે મહેલને આગ લગાડી પાંડવોને મારી નાખવા, આ પ્રમાણે દુર્યોધને વિચાર કરેલો છે. માટે દરેક કૃષ્ણ ચૌદશના તમે બધા સાવધ રહેજો.

'પ્રિયંવદ'ના વચનો સાંભળી ક્રોધિત ભાઇઓની સાથે યુધિષ્ઠિરે મહેલની તપાસ કરી, દુર્યોધનના કપટની ખબર પડી, માતા–ભાઈ ઓ તથા દ્રૌપદીની સલાહ લીધી, ભીમે કહ્યું કે હવે વિલંબ કરવાની જરૂરિયાત નથી,

આપ આજ્ઞા આપો, હું શત્રુની છાતી ફાડી નાખીને તરત જ પાછો આવું છું; અર્જુને ભીમના મતનું અનુકરણ કર્યું. બંને ભાઈઓને ક્રોધાયમાન જાણીને યુધિષ્ઠિરે નીતિના વચનો દ્વારા શાંત પાડયા, અને કહ્યું કે આપણે અહીંયાથી સુરંગ ખોદાવવી, અને જ્યાં સુધી સુરંગ તૈયાર ન થાય ત્યાં સુધી સાવધાનીથી અહીંયા રહેવું. જ્યારે આગ લગાડશે ત્યારે સુરંગ દ્વારા બહાર નીકળી જઈશું. લોકો તો એમ જ માનશે કે પાંડવો આગમાં બળીને મરી ગયા, વળી લોકો પણ આપણી શોધખોળ કરતા મટી જશે, દુર્યોધન પણ સમજશે કે મારી પ્રપંચ લીલામાં પાંડવો બળી ગયા, તેથી તે ખૂબ જ આનંદમાં રહેશે, આપણે આગ લાગે ત્યારે દ્વૈતવનમાં નીકળી જઈએ, તેવી સુરંગ તૈયાર કરાવવી જોઈએ, માટે સુરંગ ખોદવાવાળાની શોધખોળ કરવી જોઈએ. યુધિષ્ઠિરના આ પ્રમાણેના વચનો સાંભળી પ્રિયંવદ બોલ્યો, મારી સાથે આપના કાકા વિદુરજીએ આ 'શુકન' નામના સુરંગ ખોદવાવાળાને મોકલાવેલ છે. યુધિષ્ઠિરે વિદુરજીના વિશ્વાસુ માનીને 'શુકન'ને સુરંગ ખોદવાની આજ્ઞા આપી. દિવસે નગરની બહાર કામ કરતો 'શુકન' રાત્રીના યુધિષ્ઠિરના નિવાસ સ્થાનમાં આવી ધીમે ધીમે સુરંગ ખોદતો હતો. ભીમની પથારી નીચે સુરંગનું દ્વાર બનાવી તેણે પોતાનું કાર્ય પૂર્ણ કર્યું. અને રાજાને વાત કરી, હવે પાંડવો સતત સાવધાની પૂર્વક રહેવા લાગ્યા, દરરોજ ભીમ ઘોડા ઉપર બેસીને નગરની ચારે તરફ જોયા કરતો હતો.

કુન્તી–દ્રૌપદી–નકુલ તથા સહદેવને યુધિષ્ઠિર સુરંગમાં લઈ જઈ બતાવતા હતા, પાંચે ભાઈઓ રાત્રિના અગાસી ઉપર બેસીને નક્ષત્રોથી માર્ગનો નિશ્ચય કરતા હતા, કુન્તી પુત્રોના કલ્યાણને માટે સુંદર ભોજનથી ગરીબ અને અનાથોને સંતોષ કરતી હતી, શ્રી શાંતિનાથ ભગવંતની પૂજાભક્તિ કરતી હતી, પંચ પરમેષ્ઠિના જાપમાં પોતાનું સર્વસ્વ માનતી હતી, યુધિષ્ઠિરને ભાઈઓની સાથે નિશ્ચિતતાથી રહેતા જોઈને પુરોચન મનમાં આનંદ પામતો હતો, તે પોતાના મનોરથોની ફળશ્રુતિની કલ્પનાઓમાં રાચતો હતો.

એક કૃષ્ણચતુર્દશીના દિવસે પાંચ પુત્રો, એક પુત્રવધૂ સહિત એક વૃદ્ધા આવી. તે વૃદ્ધાને પોતાની બહેન માની પાંચ પુત્રો તથા પુત્રવધૂ સહિત તે વૃદ્ધાને સુંદર ભોજન કરાવ્યું. મુસાફરીના થાકથી દુઃખી થયેલી તે વૃદ્ધા પુત્રો તથા પુત્રવધૂ સહિત ત્યાં જ સૂઈ ગઇ, દુનિર્મિત્તોથી ભીમે તે રાતને ભયંકર માની કુટુંબ સહિત યુધિષ્ઠિરને સુરંગમાં મોકલ્યા, પોતે દ્વાર ઉપર ઊભો રહ્યો, પુરોચન મકાનને આગ ચાંપવા માટે આવ્યો, ભીમે પુરોચનની કાર્યવાહી નજર સમક્ષ જોઈને તેના વાળ પકડી મુક્કા મારી તેને મારી નાખ્યો, મહેલને સળગતો જોઇ ભીમ સુરંગ દ્વારા પોતાના ભાઇઓને આવી મલ્યો, પાતાલના જેવી તે સુરંગમાંથી બહાર નીકળી પગપાળા ચાલવા લાગ્યા, 'જાણે કે પુરોચન બળી ગયો, આ કહેવા

અગ્નિનો પ્રકાશ સુરંગમાં પાછળ પાછળ આવતો હતો; લોકોના મુખથી પુરોચન અને દુર્યોધનની નિંદા સાંભળતા પાંડવો આગળ વધતા હતા, એટલામાં પ્રકાશ અદૃશ્ય થઈ ગયો. અંધકારનું સામ્રાજ્ય પથરાઈ ગયું. કુંતી અને દ્રૌપદીને ત્રાસ ન થાય તેવી રીતે બધા ભાઇઓએ ધીમે ધીમે ચાલવા માંડયું,

માતા અને પત્નીને પગપાળા ચાલતા જોઈને યુધિષ્ઠિર વિચાર કરવા લાગ્યા કે જેઓએ કોઈ દિવસ દુઃખનો અનુભવ કર્યો નથી, તે માતાને હું દુઃખી કરી રહ્યો છું. પાંડવોની પત્ની દ્રૌપદી એક ગરીબ સ્ત્રીની જેમ કેવી રીતે ચાલી રહી છે? પાંડવોની નજર સમક્ષ દાભના અંકુશ દ્રૌપદીના પગમાં વાગતાં હતા, તેમાંથી લોહી વહેતું હતું. જગતમાં એક સ્વામિવાળી સ્ત્રી પણ સુખનો અનુભવ કરે છે, પરંતુ પાંચ પતિ હોવા છતાં પણ દ્રૌપદી દુઃખનો અનુભવ કરી રહી છે. યુધિષ્ઠિર આ પ્રમાણે મનમાં જ ચિંતન કરી રહ્યા હતા, ત્યાં કુન્તી અને દ્રૌપદી થાકી જવાથી પડી ગયા, પાંડવોની આ સ્થિતિ નિર્માણ કરાવનાર વિધાતાને ધિક્કાર છે, કુન્તી અને દ્રૌપદીના દુઃખથી રાજાને અત્યંત દુઃખી જોઈ ભીમે કહ્યું કે હું તમારી સાથે છું. પછી તમે શા માટે આટલા બધા દુઃખી થાવ છો? આ પ્રમાણે કહીને પોતાના ડાબા–જમણા બાહુ ઉપર માતાને તથા દ્રૌપદીને લઈ જંગલનાં ઝાડોને તોડી નાંખતો ચાલવા લાગ્યો.

ત્યારબાદ ભાઈઓ થાકી જવાથી તેમને પીઠ ઉપર લઈને સમુદ્રમાં નાવની જેમ ભીમ આગળ ચાલવા લાગ્યો, ચાલતાં ચાલતાં રાત્રિ પૂર્ણ થઈ, સૂર્યોદય થયો, પક્ષીઓ કીલરવા કરવા લાગ્યા, સૂર્યના કિરણોએ ભૂમંડલને સ્પર્શ કર્યો, વનના એક ભાગમાં વિશ્રાંતિને માટે રોકાઈ ગયા, યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું કે આવા દુઃખના સમયે તું તારી વિદ્યાનું સ્મરણ કર! અર્જુને વિદ્યાનું સ્મરણ કર્યું. એટલામાં ત્યાં સુંદર સરોવર જોવામાં આવ્યું. ચારે તરફ ફળફૂલથી વૃક્ષ શોભતા હતા. અર્જુને બધાને ફળફુલનો આહાર કરાવ્યો અને પોતે પણ કર્યો.

વિશ્રાંતિ બાદ આગળ ચાલતા બધા તરસથી વ્યાકુલ થઈ ગયા, ત્યારે ભીમ દૂરના કોઈ સરોવરમાંથી પાણી લઈ આવ્યો, બધાને પાણી પીવડાવી શાન્ત કર્યા, આગળ ચાલતાં એક ભયંકર વન આવ્યું. જેની ભૂમિ ત્રાસ આપવાવાળી હતી, જંગલનાં વૃક્ષો રૌદ્ર આકૃતિવાળા હતા, પશુઓ પણ અત્યંત ક્રુર હતા, વનમાં પ્રવેશ કરતાં જ સૂર્યનો અસ્ત થઈ ગયો.

દશે દિશાઓમાં રજનીએ પોતાનું રૌદ્ર સામ્રાજ્ય ધારણ કર્યું હતું. જંગલી જનાવરોની ચીસો સંભળાતી હતી, એવા ભયાનક જંગલમાં રાત્રિ વ્યતિત કરવાનો વિચાર કરીને આસો પાલવના ઝાડના નીચે ભીમે પથારી કરી, તે પથારી ઉપર પરમેષ્ઠિનું ધ્યાન ધરતા તે બધા સૂઈ ગયા.

ભીમ ભાઈઓની રજા લઈને પાણી લેવા માટે ગયેા. બે ગાઉ દૂર ગયા પછી સારસ પક્ષીના અવાજથી સરેાવળની ભાળ મળી, કમળના પાંદડામાં પાણી લઇને જ્યારે ભીમ આવ્યેા, ત્યારે બધા જ ગાઢ નિદ્રામાં સૂઇ રહ્યા હતા, સહકુટુંબ રાજાને આ અવસ્થામાં જોઇ ભીમ શેાકથી વિહ્વલ બની વિલાપ કરવા લાગ્યેા. તેની આંખેામાં આસુ ઉભરાઇ આવ્યા.

જે રાજા પહેલા સુંદર મશરૂના પલંગ ઉપર સૂતા તે યુધિષ્ઠિર આજે જંગલની ઉંચી નીચી જમીન પર સૂતા છે. જેમની શૈયા પાસે બન્દીલેાક સંગીતના આલાપ પૂર્વક ગીતેા ગાતા હતા, તે યુધિષ્ઠિરની પાસે આજે શિયાળવાં બેાલી રહ્યા છે. જેના અંગ ઉપર ચંદનના વિલેપન થતા હતા. આજે તેના શરીર ઉપર ધૂળનું વિલેપન છે. જેમના ચરણેામાં મેાટા મેાટા રાજાઓ નમતા હતા, આજે તે ચરણેાને શિયાળવાં સુંઘે છે. જે અર્જુન આકાશમાં વિમાન દ્વારા ફરતેા હતેા, તે જ અર્જુન એક ગરીબની જેમ જંગલમાં રખડે છે. હંમેશા સુખમય જીવનને વિતાવનારા નકુલ અને સહદેવ આજે એક દરિદ્ર મુસાફરની જેમ સૂઈ રહ્યા છે. હાય ! પાંડવેાની માતા, પાંડુરાજાની પત્ની કુન્તી ભૂમિ ઉપર સૂઈ રહી છે. આ દ્રૌપદી કેવી રીતે દુઃખને સહન કરે છે. જેના પાંચે પતિ વિદ્યમાન છે. હા દેવ ! આજે ભીમ જીવતેા હેાવા છતાં પણ દ્રૌપદી ભૂમિ ઉપર સૂતી છે.

ભીમ આ પ્રમાણે ચિંતવન કરે છે, એટલામાં જોર-જોરથી વિલાપ કરતી ભયંકર આકારવાળી પીળી આંખોવાળી એક યુવતીને આવતી જોઈ, જેમ જેમ નજીક આવતી ગઈ તેમ તેમ તે યુવતીએ પોતાનું સુંદર સ્વરૂપ બતાવ્યું. નજીક આવી ત્યારે ભીમે પૂછયું કે તું કોણ છે ? તેણીએ કહ્યું કે હે સુભગ ! એક હિડંબ નામનો રાક્ષસ છે. જેના નામ ઉપરથી આ જંગલનું નામ હિડંબવન પડેલું છે. આ રસ્તેથી મનુષ્ય જઈ શકતો નથી, કદાચ જો કોઈપણ માણસ આ રસ્તેથી જવા માટે તૈયાર થાય તો રાક્ષસ તેને મારી નાખી ખાઈ જાય છે. હું તે રાક્ષસની બ્હેન હિડંબા છું. અવિવાહિતા છું. ભાઇના ઘરમાં રહું છું. કુલક્રમથી આવેલી તમામ વિદ્યાઓ જાણું છું; હમણાં મારા ભાઈએ મને કહ્યું છે કે બ્હેન ! કયાંકથી મનુષ્યના માંસની ગંધ આવે છે. તો તું જઈને તપાસ કર, અહીં આવી મેં તે લોકોને સૂતેલા જોયા, વળી કામદેવ જેવા આપને પણ જોયા, આપને જોઈ હું કામદેવથી પીડાઈ ગઈ છું. તમને જોઇ મારા ભાઇના આદેશને ભૂલી ગઇ છું. મારી આપને પ્રાર્થના છે કે રાક્ષસના આવતા પહેલાં તમે મારી સાથે લગ્ન કરી, મને આપની સહચરી બનાવો.

ભીમ બોલ્યો હે ભદ્રે ! તારા જેવી સ્ત્રી પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે પરંતુ તું જુએ છે કે મારા ચારે ભાઇઓ સૂઈ રહ્યા છે. આ વૃદ્ધા મારી માતા છે.

આ કોમલાંગી સુખથી સૂઇ રહી છે તે અમારા પાંચેની પત્ની છે. એક પત્નીથી અમે બધા ખુબ જ સુખી છીએ. માટે અમે બીજી પ્રેયસીની ઇચ્છા રાખતા નથી. તેં તારા ભાઇથી બચવા માટે સહાયતા કરવાનો લોભ આપ્યો છે તે તો વીર પુરૂષો માટે લજ્જા સ્વરૂપ છે. વળી હું મોટાભાઇના આશ્રયમાં છું. ભીમ દ્વારા હિડંબાને ના કહેવામાં આવ્યાથી તેણીએ કહ્યું કે આપ મને આપની સહચરી બનાવવાની ઇચ્છા રાખતા નથી, તો પણ હું આપને જીવનભર મારા જીવિતેશ (પતિ) માનીશ, જ્યારે આપની ઇચ્છા થાય ત્યારે આપ મને આપની સહચરી બનાવશો, પરંતુ આપ આ 'ચાક્ષુસી' વિદ્યાનો સ્વિકાર કરો. જેના બળથી અંધારી રાતમાં પણ આપ પ્રકાશનો અનુભવ કરી શકશો, આ પ્રકારે કહીને તેણીએ ભીમને વિદ્યા આપી દીધી, જેનાથી ભીમને ચારે તરફ અજવાળું દેખાવા લાગ્યું.

એટલામાં ભયંકર અવાજ અને અટ્ટહાસ્ય કરતો ને ત્રાસ વર્તાવતો હિડંબ, રાક્ષસ ત્યાં આવીને પોતાની બહેનને શબ્દોથી ફટકારી, હે પાપિન્! તું મને ભૂખ્યો મૂકીને અહીં આવી કામૂક બની છે? પહેલાં તને મારી નાખી પછીથી તારા કામીને મારીશ, આ પ્રમાણે કહીને હિડંબાને મારવા માંડી. ભીમે તેને કહ્યું કે હે નીચ! તું નિરપરાધિની તારી બહેનને કેમ મારે છે? હું મારી સામે સ્ત્રી હત્યાને સહન નહીં કરી શકું. 'ઉઠ શસ્ત્રને

ધારણ કર, પાંડવો નિઃશસ્ત્રની ઉપર પ્રહાર કરતા નથી. ભીમની વાત સાંભળી ક્રોધથી હિડંબ રાક્ષસ એક વૃક્ષ ઉઠાવીને ભીમની ઉપર દોડયો, ભીમે પણ નિર્ભયતાથી એક વૃક્ષને શસ્ત્રનું સાધન બનાવી, ભાઈઓની જગ્યાં જવાની બીકથી ધીરે ધીરે યુદ્ધ કર્યું. બંને પરસ્પર પ્રહાર કરવા લાગ્યા, બંને મૂર્છિત બની ગયા, રાક્ષસે ભાનમાં આવી, જોરથી ગર્જના કરી, જેનાથી યુધિષ્ઠિર વિગેરે ઉંઘમાંથી જાગી ઉઠયા, કુન્તીએ પોતાની સામે ઊભેલી હિડંબાને જોઈ પૂછયું વત્સે ! તું કોણ છે. તે સત્ય કહે ? ત્યારે તેણીએ કહ્યું કે આપનો પુત્ર રાક્ષસથી લડે છે અને રાક્ષસના પ્રહારથી મૂર્ચ્છિત બની જમીન ઉપર પડેલ છે. તેણીના વચનને સાંભળી યુધિષ્ઠિર વિગેરે બધા પાંડવો ભીમની પાસે પહોંચી ગયા, ભીમને જોઈ તે બધા વિલાપ કરવા લાગ્યા.

અર્જુને વસ્ત્રના છેડાથી ભીમને હવા નાંખવા માંડી, ભીમ શુદ્ધિમાં આવ્યો, રાક્ષસની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો, યુધિષ્ઠિરે કહ્યું કે વત્સ ! અર્જુનને લડવા જવા દે, તું શા માટે કષ્ટ કરે છે? ભીમે કહ્યું કે હમણાં મારી ભૂજામાં બળ છે, વળી આપની કૃપાદ્રષ્ટિ છે. તો પછી આ રાક્ષસથી મને ડરવાની જરૂર નથી. સૂર્યની સામે અંધકાર શું કરી શકવાનો છે ? તમારા જોતજોતામાં હું આ રાક્ષસને મૃગલાની જેમ મારી નાખીશ, આ પ્રમાણે બોલતો ભીમ રાક્ષસની તરફ દોડયો. બંને જણા બાહુ

યુદ્ધ કરવા લાગ્યા, હારજીતનો નિર્ણય થઈ શકતો ન હોતો, યુધિષ્ઠિરે મનમાં નિશ્ચય કર્યો કે આજે ભીમ બચી શકશે નહિ. તેથી તેઓએ અર્જુનને તૈયાર થવા માટે કહ્યું. એટલામાં ભીમે પશુની જેમ તે રાક્ષસને મારી નાખ્યો, કુન્તી આનંદિત બનીને વસ્ત્રથી ભીમને હવા નાખવા લાગી, યુધિષ્ઠિરે ભીમના અંગ ઉપરથી ધૂળ ખંખેરી નાંખી, એકાન્ત સ્થાનમાં રોમાંચિત બનીને દ્રૌપદી અને ભીમ આનંદથી વાતો કરવા લાગ્યા, હિડંબાએ શુશ્રષા અને બહુમાનથી કુન્તી અને દ્રૌપદીનો પ્રેમ સંપાદન કર્યો.

પ્રાતઃકાળ થતાં હિડંબા સહિત બધા આગળ ચાલવા લાગ્યા, ભયંકર જંગલમાં પ્રવાસ કરતાં એક દિવસ પાણીની તરસથી કુંતી બેભાન બની ગયા, ભીમ અને અર્જુન બંને ભાઈઓ પાણીને લેવા દોડ્યા, યુધિષ્ઠિર માતાની કારૂણ્ય સ્થિતિ જોઈ ચિંતાતુર બની રડવા લાગ્યા, તેઓ ભાગ્યની નિંદા કરી રહ્યા હતા, એટલામાં નિરાશ બનીને બંને ભાઈઓ પાણી વિના પાછા આવ્યા, વિહ્વલ બની નેત્રજલથી માતાને સિંચવા લાગ્યા, બધા ભાઇઓ નિરાશ બનીને માતાના મુખને જોઇ રહ્યા હતા એટલામાં હિડંબાએ કમલપત્રમાં પાણી લાવીને આપ્યું. આનંદથી બધા ભાઈઓની આંખોમાં આંસુ આવી ગયા, ત્યારથી બધા પાંડવોએ હિડંબાને આત્મિય સ્વરૂપે જોવા માંડી, રસ્તામાં માતાના પગને દબાવતા, યુધિષ્ઠિર ભાઇઓની સાથે આગળ વધ્યા.

એક વખત જંગલની રમણિયતાને જોતી એક વાઘને જોઈ ગભરાઈ ભાગી નીકળી, વાઘ તેની પાછળ પડયો, જ્યારે તે દોડી શકી નહી ત્યારે તેણીએ એક લીટી દોરીને કહ્યું કે 'જો મારા પ્રાણનાથે સત્ય રેખાનું ઉલ્લંઘન ન કર્યું હોય તો તું પણ આ રેખાનું ઉલ્લંઘન કરીશ નહી, આ શ્રવણ કરીને તે વાઘ ત્યાં જ થંભી ગયો, મહાન આત્માઓનો પ્રભાવ અદ્‌ભૂત હોય છે. દ્રૌપદી રસ્તો ભૂલી ગઇ, તેણી સાથીદારોથી છૂટી પડેલી હરિણીની જેમ શૂન્ય વનમાં ફરવા લાગી, એટલામાં એક સાપ તેને ડંખ મારવાની તૈયારી કરતો હતો, તે વખતે દ્રૌપદીએ તેને કહ્યું કે સર્પ ! જો મેં પાંચે પતિને મન–વચન–અને કાયાથી સેવ્યા હોય તો તું વચમાંથી હડીજા, દ્રૌપદીના વચનો સાંભળી સર્પ ચાલ્યો ગયો, અને સૂર્ય પણ અસ્તાચલે પહોંચી ગયો.

ચારે તરફ ઘનઘોર અંધકાર હતો, દ્રૌપદીના અંતરમાં શોક ઉભરાતો હતો, હે દૈવ ! હું રાત્રી કેવી રીતે પસાર કરીશ ! આ પ્રમાણે વિચારતી હતી એટલામાં હાથ જોડીને નમસ્કાર કરતી, હિડંબાને આવતી જોઈ, તેણીએ કહ્યું હે આર્યે ! તમારા માટે પાંડવો ખુબજ દુઃખી થઇ ગયા છે. તેઓએ પ્રાણત્યાગ કરવાનો નિશ્ચય કર્યો છે, જીવનની સ્પૃહા નહી કરતી કુન્તી પણ તેમની સાથે મરવા તૈયાર થઈ છે. તેઓની વ્યથિત દશા જોઈ હું આપને ખોળતી જંગલમાં ફરતી ફરતી અહીં

આવી છું; આ પ્રમાણે કહીને હિડંબાએ આકાશ માર્ગે દ્રૌપદી સહિત ઉડીને પાંડવોને દ્રૌપદીની ભેટ આપી. હિડંબાની સહાયતાથી પાંડવો નદીઓ, પહાડો, જંગલોને વટાવી આનંદપૂર્વક રહેવા લાગ્યા.

પોતાના ઉપર હિડંબાનું ઘણું ઋણ છે તેમ માની દ્રૌપદી તથા કુંતીએ હિડંબાને કહ્યું કે ભદ્રે? તારા ઘણા ઉપકારો છે. આ અવસ્થામાં અમો તારા ઉપર શું ઉપકાર કરી શકીએ? તો પણ તું તારી મનપસંદ વસ્તુની માંગણી કર, કે તે વસ્તુ અમો તને આપીને મનમાં સંતોષ પામીએ.

હિડંબાએ કુંતીને કહ્યું કે હું રાક્ષસી છું જ્યારે આપ પાંડવોના માતા છો, મારાથી આપના ઉપર શું ઉપકાર થઈ શકવાનો છે. માતાજી! દરિદ્ર માણસ ચક્રવર્તિ ઉપર ઉપકાર કરી શકવાના નથી, તો પણ મારા મનનો મનોરથ આપને બતાવું છું કે દેખતાંની સાથે જ આપના પુત્ર ભીમની સાથે મનથી હું વરી ચૂકેલી છું. જેથી આપ એવું કાર્ય કરો કે તેઓ મારો સ્વિકાર કરે, અને હંમેશને માટે હું આપની દાસી બનીને રહું. તેની વિનંતિ સાંભળીને કુંતીએ દ્રૌપદી તરફ દ્રષ્ટિ કરી, પ્રત્યુપકારની ભાવનાવાળી દ્રૌપદીએ પ્રસન્નતાથી કહ્યું કે મારા પ્રાણથી પણ અધિક તેનું પ્રિય કરવાની ઇચ્છા રાખું છું. ત્યારબાદ બંનેના કહેવાથી ભીમે હિડંબાની સાથે લગ્ન કર્યા, તેણીએ વિદ્યાથી

સુંદર ઉદ્યાનનું નિર્માણ કર્યું. તેમાં એક મહેલની રચના કરી, ભીમની સાથે આનંદ કરવા લાગી, નદીઓના કોતરોમાં, પર્વતોના શિખર ઉપર, ભીમને લઇ જઈ સુખપૂર્વક આનંદ કરવા લાગી, અનુક્રમે હિડંબા ગર્ભવતી થઈ.

દરરોજ મુસાફરી કરતા પાંડવો પરિવાર સહિત જંગલમાં આવેલી એકચક્રા નગરીમાં આવ્યા, ત્યાં તેઓએ સુવર્ણ કમલ ઉપર બિરાજમાન ઉત્તમ ધર્મની દેશના આપતા મૂર્તિમાન સૂર્યસમાન, ચારિત્ર ગુણથી દેદીપ્યમાન, એક વિશિષ્ઠ જ્ઞાની મુનિરાજના દર્શન કર્યા, મુનીશ્વરના દર્શન થતાંની સાથે થાક ઉતરી ગયો, પાપને દૂર કરવાની ભાવનાવાળા તે લોકો મુનિને વંદન કરવા માટે ગયા, આનંદાશ્રુને વહાવતા યુધિષ્ઠિર મુનિની સ્તુતિ કરીને ભાઇઓની સાથે બેઠા, ગરીબ મુસાફરોના વેશમાં મનોહર રૂપવંત પાંડવોને જોઈ સભામાં બેઠેલા લોકો આશ્ચર્ય અનુભવવા લાગ્યા, ત્યારબાદ પાંડવોની તરફ દ્રષ્ટિ કરીને મુનિરાજે દેશનાનો પ્રારંભ કર્યો, ધર્મ બધા પુરૂષાર્થોમાં ચૂડામણિ સમાન છે. તેમાં પણ દયા સર્વકલ્યાણકારિણી છે, મુનિનો ઉપદેશ સાંભળી હિંસાઓ નિરપરાધ ત્રસજીવોની હિંસા કરવાનો ત્યાગ કર્યો. દેશનાની અંતે કુંતીએ વિનયથી હાથ જોડીને મુનીશ્વરને પૂછયું કે મારા પુત્રો અનેક પ્રકારની દુઃખી સ્થિતિમાંથી કયારે પાર ઉતરશે ?

હાથમાં રાખેલા બોરની જેમ ત્રણે લોકને જોવાવાળા મુનિએ કહ્યું કે મહાભાગ્યશાલિની ! તારા પુત્રો ભોગ અને મુક્તિ બંનેને પ્રાપ્ત કરનારા છે, તારા મોટો પુત્ર થોડા દિવસોમાં પોતાનું રાજ્ય પ્રાપ્ત કરીને દુષ્ટોનો સંહાર કરશે, ધર્મ પ્રભાવના કરશે, સંયમારાધનાથી આઠે કર્મોનો ક્ષય કરી, સિદ્ધિ ગતિને મેળવશે, અમૃતમય મુનિવરની વાણી સાંભળી બધાને પરમાનંદ પ્રાપ્ત થયો.

જ્ઞાનસુધાકર સમુદ્ર સમાન મુનિના વિહાર કરી ગયા પછી, ધર્માનુરાગિણી હિડંબાને યુધિષ્ઠિરે કહ્યું કે શુભે ! તારા મહાન ઉપકારથી અમે બધા ભયંકર જંગલને વટાવી ગયા છીએ, અમે લોકો હમણાં થોડા દિવસ આ નગરમાં રહીશું, માટે તું થોડા દિવસ તારાભાઈની સંપત્તિને કૃતાર્થ કર, મારા ભાઇના નિધાનરૂપ ગર્ભનું તું વધારે ધ્યાન રાખજે, પાત્રની પાસે રાખેલી સંપત્તિ વધતી જાય છે. જ્યારે અમે તારૂં સ્મરણ કરીએ ત્યારે તું અવશ્ય આવી જજે, મોટા માણસો પોતાની પ્રતિજ્ઞામાં અચલ હોય છે. તેણી યુધિષ્ઠિરના વચનોનો સ્વિકાર કરી વનમાં ગઈ, અને વીતરાગની પૂજામાં લયલીન બનીને રહેવા લાગી.

પાંડવો બ્રાહ્મણવેશ પરિધાન કરી, એકચક્રા નગરીમાં આવ્યા, નગરમાં પ્રવેશ કરતી વખતે તેઓને દેવશર્મા નામના બ્રાહ્મણે જોયા, અને નમસ્કાર કરવા યોગ્ય જાણીને

તેઓને પોતાના ઘેર લાવ્યો, તેઓનું ઉચિત સ્વાગત કર્યું. યુધિષ્ઠિરને કહ્યું કે હે ભૂમિદેવ! આપને એક વિનંતિ છે કે મારા ઘરને, મારી સૌજન્યશાલિની પત્નીને, આ પુત્રને, આ કન્યાને, આપ પોતાના માનીને આ ઘરમાં રહેજો, અને અમારા નગરને પવિત્ર બનાવો, 'લોકોને સમજાશે કે પૃથ્વી બહુ રત્નોથી ભરપુર છે' બ્રાહ્મણની વિનંતિથી અને કુટુંબની સંમતિથી યુધિષ્ઠિરે તેના ઘરમાં નિવાસ કર્યો, બહારથી બ્રાહ્મણવેશમાં રહેતા અને અંતરથી પરમાર્હત પાંડવો બ્રાહ્મણના ઘેર દિવસો વિતાવવા લાગ્યા, કુંતી-દ્રૌપદી અનવરત જિનપૂજા કરવા લાગ્યા, દેવશર્માની સાવિત્રી નામની પત્નીએ પોતાના વિનયથી કુંતીના મનને વશ કરી લીધું: કુંતી-દ્રૌપદીની સમાન તેને ગણવા લાગી, એ પ્રમાણે આનંદથી એક દિવસની જેમ ઘણા મહીનાઓ પાંડવોએ વીતાવ્યા.

એક દિવસ જ્યારે ભીમ ઘરમાં હતો અને બીજા ચારે ભાઇઓ નગરમાં ફરવા ગયા હતા, તે વખતે દેવ-શર્માના કુટુંબનો કરૂણસ્વર સાંભળીને કુંતી ખૂબ જ દુઃખી થયા, તેમણે જઈને દેવશર્માને કહ્યું કે વત્સ! તારી ઉપર શું દુઃખ આવી પડયું છે? દેવશર્માએ કુંતીને દુઃખદ કથા કહી સંભળાવી, કે આ નગરીમાં ભયંકર ઉપદ્રવ થયો હતો, લોકોએ આકાશમાં એક મોટી શિલા જોઈ, અત્યંત ઘોર અંધકારથી લોકો વ્યાકુલ બન્યા, કલ્પાંત કાળના પવનના નાનાભાઇની જેમ વૃક્ષોને ઉખાડી

નાખનાર ભયંકર પવન છૂટયો, બધા લોકો પોતાના કુલદેવતાને મનાવવા લાગ્યા, નગરની વૃદ્ધાઓ અનેક પ્રકારની માનતાઓ માનવા લાગી, નિમિત્તજ્ઞો નિમિત્તને, જ્યોતિષિઓ ગ્રહોને, શકુન જાણવાવાળા શકુનને જોવા લાગ્યા, રાજા સહિત નાગરિકો હાથ જોડીને, ધૂપ કરીને આકાશ તરફ જોવા લાગ્યા કે 'આપ યક્ષ હો' 'રાક્ષસ હો' અમે લોકો આપની આજ્ઞાનો સ્વિકાર કરવા તૈયાર છીએ, આપ અમારી ઉપર પ્રસન્ન થાવ, કાળરાત્રિની જેમ ભયંકર શ્યામ, પીળી આંખોવાળો, પીળા વાળવાળો, કોઈને જોયો, બીકના માર્યા નાગરિકોએ કહ્યું કે મહા-ભાગ ! આપ 'દેવ' કે 'દાનવ' જે હો તે બોલો, આપે આ નગરનો વિનાશ કરવાનો વિચાર શા માટે કર્યો છે ? નિર્દોષ માનવીઓને સતાવવા તે સારૂં નથી, ત્યારે આકાશમાં શિલાની નીચે રહેલા તેણે કહ્યું કે હું 'બક' નામનો વિદ્યાધરાધીશ છું; રત્નશૈલ નામના પર્વત ઉપર મેં રાક્ષસી વિદ્યાની સાધના કરી છે, મારી વિદ્યાની પરીક્ષા કરવા માટે મેં આ નગરીનો સંહાર કરવાનો આરંભ કર્યો છે. હવે તમો લોકો બચવાના નથી, માટે પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરો, તેના વચનોને સાંભળી ફરીથી નગરજનોએ કહ્યું કે 'રાખ માટે કોઇ ચંદનને સળગાવતું નથી, એવી રીતે આપની વિદ્યાની પરીક્ષા કરવા માટે અમારી નગરીનો નાશ કરો નહીં. આપ આપની વિદ્યાનો ઉપયોગ જગતના કલ્યાણ માટે કરો, ત્યારે તે નિર્દયે કહ્યું કે માંસના લોભી રાક્ષસ માંસ

વિના શાંત થતા નથી, તેથી તમે લોકો નગરની પાસે ભૈરવ વનમાં એક મંદિર બનાવો, અને દરરોજ એક માણસને મોકલી આપો, તો તમારી ઉપર કોઇ ઉપદ્રવ નહી થાય, આમ કહીને જ્યારે રાક્ષસ બોલતો બંધ થયો ત્યારે લોકોએ તેના વચનનો સ્વિકાર કર્યો.

ત્યારબાદ ઇન્દ્રજાલિકની જેમ તે રાક્ષસે પોતાની માયાજાળ સંકેલી લીધી, ત્યારે લોકોએ ભેગા થઈને 'બક'ની પ્રતિમા સહિત એક મંદિર બંધાવ્યું. માતાજી ! ત્યારથી દરરોજ એક મનુષ્ય અને અઢીશેર ચોખાનો બલિ દરરોજ જુદા જુદા ઘેરથી મોકલવામાં આવે છે. આજે રાજાની આજ્ઞાથી મને જંગલમાં જવાનું છે. એટલે નિરાશ બનીને કુટુંબ રડે છે, આશ્રયવૃક્ષનો નાશ થવાથી પક્ષીઓ દીનતા ધારણ કરી રડવા લાગે છે. માતાજી ! બીજું દુઃખ એ છે કે આ બ્રાહ્મણી કહે છે કે 'આપના વિના મારૂં જીવન નકામું છે' તેથી તે રાક્ષસની પાસે હું જઈશ, સ્ત્રીઓનું કર્તવ્ય છે કે સ્વામિના સંકટને દૂર કરવું જોઈએ, મેં આપની પાસેથી તમામ પ્રકારના ભોગ ભોગવી લીધા છે. બે સંતાનોના મુખપણ જોઈ લીધા છે. હવે મને મૃત્યુની બીક પણ નથી, એટલું નહિ, પુત્રી પણ અમને બંનેને રોકી રહી છે. અને પોતે જવા ઇચ્છે છે. તમે બંને જણા મને જવાની આજ્ઞા આપો એટલા માટે હે કુંતી ! મને તે લોકો જવા દેતા નથી. હું તેઓને જવા દેવા તૈયાર નથી, રાજાનો આદેશ સર્વથા માન્ય છે. તેથી હું શું કરૂં તે મને સમજાતું નથી.

બ્રાહ્મણ આ પ્રમાણે બોલી રહ્યો હતો એટલામાં એક લાકડીની સામે જોતો તેનો પાંચ વર્ષનો પુત્ર ત્યાં આવ્યો, તેણે કહ્યું કે માતાજી ! પિતાજી ! તમે શા માટે રડો છો, હું આ લાકડીથી તે બક રાક્ષસને જઇ મારી નાખીશ, આ પ્રમાણે વારંવાર બોલતા તે બાળકે માતા પિતાની આંખોના આંસુઓ લુંછી નાખ્યા, બાળક જેમ જેમ આંસુઓ લુંછતો હતો, તેમ તેમ તેઓની આંખોમાંથી આંસુઓ વધારે આવવા લાગ્યા.

કુંતીએ તે બાળકના વચનોને શુકનરૂપ માનીને તે બ્રાહ્મણને કહ્યું કે આપ આ વેશનો ત્યાગ કરો. અને કુટુંબને ખુશ કરો, મારા પાંચ પુત્રો મહાન શૂરવીર છે. તેમાંથી કોઈ એક જઈને તે રાક્ષસને મારી નાખશે, કુંતીના વચનોને સાંભળી તે બ્રાહ્મણ હસતા હસતા બોલ્યો કે માતાજી ! તમે તે રાક્ષસના પરાક્રમને જાણતા નથી, હું ત્યાં જઈશ, આપના પરાક્રમી પુત્રોને ત્યાં જવાની અને મૃત્યુ સ્વિકારવાની જરૂરીઆત નથી.

બ્રાહ્મણ બકરાક્ષસના પરાક્રમો માતા કુંતીને સંભળાવતો હતો, ત્યાં ભીમે આવી કહ્યું કે આપના દુઃખથી મારા માતા ખૂબ જ દુઃખી છે. માટે આપ અહીં જ રહો, અને માતા હૃદયમાં થયેલા દુઃખને દૂર કરવા માટે હું જાઉં છું.

દેવશર્માએ કહ્યું કે મહાભાગ ! હું જીવવાની અપેક્ષાથી આપને મૃત્યુના મુખમાં મોકલવા તૈયાર

નથી, આપની કોઈ વાત સાંભળવા તૈયાર નથી, ઇંદ્ર-નીલમણિને ભાંગી નાખી, કાચનું રક્ષણ કોણ કરે? લાખો વૃક્ષોમાં કલ્પવૃક્ષ જવલ્લે જ મળે છે. તેમ મારા જેવા લાખો માનવીઓમાં આપના જેવા વીર, સત્ત્વશાળી પણ કોઈક જ હોય છે, મારા મૃત્યુથી પાંચ જણ દુઃખી થશે ત્યારે આપના મૃત્યુથી પૃથ્વી દુઃખિત થશે, આપની ભૂજાઓ જોઈ મને કેવળીભગવંતની વાતો યાદ આવે છે.

એકવખત આ નગરમાં કેવળી ભગવંત પધાર્યા હતા, નગરના લોકો વંદન કરવા ગયા, તેમની ધર્મમયી દેશનાનું શ્રવણ કરી નાગરિકોએ પ્રશ્ન પૂછયો કે ભગવન્! આ નગરમાંથી રાક્ષસનો ઉપદ્રવ કયારે દૂર થશે? મુનીશ્વરે કહ્યું કે જુગારમાં હારેલા પાંડવો વનવાસમાં ફરતા ફરતા જ્યારે અહીં આવશે ત્યારે આ ઉપદ્રવ શાંત થશે, આ પ્રમાણે કહીને કેવળી ભગવંત વિહાર કરી ગયા.

જેમ ચંદ્રમાના ઉદયથી ઉદધિ ઉછાળા મારે છે તેમ કેવળી ભગવંતના વચનોથી નાગરિકોનો હૃદયો-મંગ ઉછળવા લાગ્યો, 'પાંડવ, પાંડવ' શબ્દ લોકોમાં અતિપ્રિય થઇ પડયો, તો પછી પાંડવોના મુખદર્શનની વાત જ ક્યાં? પાંડવો આ નગરમાં આવે એટલા માટે લાખો માનતાઓ લોકોએ માની છે. ઉપહાર લઈને લોકો હસ્તિનાપુરના રસ્તે ગયા હતા, પરંતુ તે રસ્તેથી આવતા એક મુસાફરે કહ્યું કે દુર્યોધનની પ્રેરણાથી

વારણાવતમાં પાંચે પાંડવોને બાળી મૂકવામાં આવ્યા છે. આ પ્રમાણે મુસાફરની વાત જાણી લોકો રડવા લાગ્યા, માતાપિતાના મૃત્યુથી જેટલો શોક થતો નથી, તેનાથી અધિક શોક લોકો કરવા લાગ્યા, નિરાશ બનેલા લોકો ત્યારથી રાક્ષસની પૂજા કરવા લાગ્યા, માટે હું કુલદેવતાની પૂજા અને પ્રણામ કરી જલ્દીથી જાઉં છું; આપ લોકો મને આજ્ઞા આપો, આમ કહીને સહકુટુંબ તે બ્રાહ્મણ કુલદેવતાને પ્રણામ કરવા ગયો, તેના ગયા બાદ કુંતીએ ભીમને કહ્યું વત્સ ! મેં એક પણ બ્રાહ્મણને અભયદાન આપ્યું નથી. જગતમાં તેઓ ધન્ય છે કે જે સર્વે જીવોને અભયદાન આપે છે. જે આત્મા ઉપકારીનું દુઃખ દૂર નથી કરી શકતો તેનું જીવન નકામું છે. માટે તું બલિ લઈને જા, અને કેવળી ભગવંતના વચનોને યથાર્થ બનાવ, માતાની આજ્ઞા પ્રાપ્ત કરીને ભીમ બકોદ્યાનમાં ગયો, ઉદ્યાનની શોભા જોતાં ભીમે એક માણસને જોયો કહ્યું, કે ભદ્ર ! આ પ્રાસાદ કોનો છે ? તું કોણ છે ? રાક્ષસનો ભોગ મનુષ્ય કયાં હોય છે ? તેણે કહ્યું કે નાગરિકોએ બકરાક્ષસનો આ પ્રાસાદ બનાવ્યો છે. હું નાગરિકો દ્વારા પ્રાસાદને સાચવવા માટે નિયુક્ત થયેલો છું; બલિ પુરૂષ આ 'વધશિલા'માં હોય છે. હે મહાત્મન્ ! એક વાત હું આપને પૂછું છું; કે આપના જેવો વીર પુરૂષ ત્રણેલોકમાં કોઈ નહી હોય, તમારા મુખ ઉપર ગ્લાનિ નથી, વધનો વેષ નથી, તમારા ગળામાં લિંબોળીની માળા નથી. આમ કેમ ? એટલામાં એકાએક કોલાહલ

ગયો, તેણે ભીમને કહ્યું કે બકરાક્ષસ આવી રહ્યો છે. હું હવે સામેથી હટી જાઉં છું; આ પ્રમાણે કહી તે સંતાઈ ગયો, રાક્ષસ દૂર હતો એટલામાં ભીમ તે વધ શિલામાં ચાલ્યો ગયો.

અનેક પિશાચોની સાથે જ્યારે તે રાક્ષસ આવ્યો, ત્યારે સુખેથી સૂતેલા ભીમને જોયો, રાક્ષસે વિચાર કર્યો કે આજે કોઈ મોટા શરીરવાળો મનુષ્ય આવેલો છે કે જે શિલાતલમાં પણ સમાતો નથી, આજે તો કેવળ મારૂં નહીં પણ આપણા બધાનું પેટ ભરાશે, આમ વિચારીને તે નિર્દયે ભીમના પુષ્ટ શરીરમાં દાંત ભર્યા, પથ્થરમાં ભાલો મારવાથી જેમ ભાલો બુટ્ઠો થઈ જાય છે તેમ ભીમના શરીરમાં મારેલાં દાત બુટ્ઠા થઈ ગયા, તેના નખ પણ તૂટવા લાગ્યા, ત્યારે અનુચરોને બોલાવી રાક્ષસે કહ્યું કે આજ સુધી આવો મનુષ્ય મેં જોયો નથી, માટે આને ઉપાડી આપણા પર્વત ઉપર લઈ લો, ત્યાં તલવારથી તેના ટુકડા કરી આપણે બધા ઉજાણી કરીશું. તે લોકો ભીમને ઉંચકી પર્વત પર લઈ ગયા, રસ્તામાં ભીમના વજનથી ઘણા અનુચરો પડી ગયા અને મૂખમાંથી લોહી નીકળવા માંડયું. થોડા અનુચરો જમીન ઉપર બેભાન બનીને ઢળી પણ પડયા.

આ બાજુ દેવશર્મા કુટુંબ સહિત બધા દેવોને પ્રણામ કરી પોતાના ઘેર ગયો, દૂરથી જ બલિની ગાડી નહી જોતાં દોડતો દોડતો જંગલમાં ગયો, ત્યાં

તેણે એક ગદ્દા, તથા શિલાની પાસે પગલાનાં ચિન્હોને જોઈ નજીક રહેલા પહેરગીરને પૂછયું કે રાક્ષસ આવેલો લાગે છે, પરંતુ કેમ દેખાતો નથી? તેને કહ્યું કે તમારી પહેલાં એક હૃષ્ટપુષ્ટ શરીરવાળો મનુષ્ય આવ્યો હતો. અને શિલામાં સૂઈ ગયો હતો, રાક્ષસ આવીને તેને પહાડ ઉપર લઈ ગયો છે. ભૂખ્યા રાક્ષસો તેના શરીરના ટુકડા કરી ખાઈ ગયા છે. તમને વધના વેશમાં જોઈ મને એમ લાગે છે કે તમારા બદલામાં આવીને કોઈ પુણ્યવાન આત્માએ પ્રાણ છોડયા છે. પહેરગીરના વચનો સાંભળી બ્રાહ્મણ વજ્ર તાડિતની જેમ અત્યંત રોવા લાગ્યો, હે પરોપકાર પ્રવિણ! હે અદ્‌ભૂત સાહસિક? મને ઋણી બનાવી, વિશ્વનું રક્ષણ કરવામાં સમર્થ એવા આપના આત્માથી આપે રાક્ષસને કેમ આનંદિત કર્યો, આપે તૃણમણિના બદલે ચિંતામણિનો ત્યાગ કર્યો, વિલાપ કરતો તે બ્રાહ્મણ કુંતીની પાસે જઈને કહેવા લાગ્યો, કે માતાજી! આપના પુત્રને મારી ખાતર રાક્ષસે મારી નાખ્યો. દ્રૌપદી–યુધિષ્ઠિર વિગેરેની સાથે કુંતી પણ રોતી રોતી આવી, દેવશર્માની સાથે વનમાં બધા એક ઝાડની નીચે એકત્ર થયા.

શોકથી રોતા બ્રાહ્મણે યુધિષ્ઠિરને કહ્યું કે તમારા ભાઈએ વિચિત્ર કાર્ય કર્યું છે. મને તો દુઃખ થાય છે કે હું કુલદેવીને પ્રણામ કરવા શા માટે ગયો? તેજ વખતે આપના ભાઈ જંગલમાં જઈને રાક્ષસના મુખમાં

પડયા, યુધિષ્ઠિરે બ્રાહ્મણને આશ્વાસન આપ્યું કે તમે ચિંતા કરતા નહિ. રાક્ષસ મારા ભાઈને કાંઈપણ કરી શકે તેમ નથી. ભીમના ભૂજપાશમાં પકડાઈને આજે તે બક રાક્ષસ બગલાની જેમજ માર્યો જશે. યુધિષ્ઠિર આ પ્રમાણે બોલી રહ્યા હતા, એટલામાં ત્યાં આકાશથી એક વિશાલ માથું પડયું. ચિન્હોથી તે મસ્તક ભીમનું જ છે તેમ નિર્ણય કરી, બધા ખુબજ રડવા લાગ્યા, યુધિષ્ઠિર વિલાપ કરતા બોલ્યા કે હે વીરરત્ન ! મોટા મોટા રાક્ષસોને મારી નાખનાર તારી આ સ્થિતિ બક રાક્ષસે કેવી રીતે કરી ? અર્જુન ભલે બક રાક્ષસને મારીને બદલો લેશે, પણ તારા વિના અમે કેવી રીતે જીવીશું. આ પ્રમાણે વિલાપ કરતા યુધિષ્ઠિરે કુંતીને મૂર્છિત જોયા, પુત્રોથી ઉપચાર દ્વારા કુંતી શુદ્ધિમાં આવી, અને વિલાપ કરવા લાગી, હે વત્સ ! મુનિઓએ તને વજ્ર-કાય કહ્યા હતો, તો પછી કમળની નાળની જેમ રાક્ષસે તારા માથાનો વધ કેવી રીતે કર્યો ? કુંતી ત મસ્તકને લઇ વિલાપ કરવા લાગી, ત્યારે યુધિષ્ઠિર વિગેરેએ મરી જવાનો નિર્ણય કર્યો, દ્રૌપદીએ ચિતા બનાવી, તે બ્રાહ્મણ પણ વિપત્તિઓમાં પોતાનું નિમિત્ત જાણીને મરવા માટે તૈયાર થઈ ગયો.

એટલામાં તે લોકોએ પર્વતની ગુફામાં વિચિત્ર પ્રકારનો કીલકીલાટ સાંભળ્યો, તે સાંભળી યુધિષ્ઠિરે નિશ્ચય કર્યો કે ભીમને મારી રાક્ષસ અમને મારવા માટે

આવી રહ્યો છે. યુધિષ્ઠિરે અર્જુનને આદેશ આપ્યો કે તે રાક્ષસને મારી નાખી ભીમના મૃત્યુનો બદલો લો, ત્યારે પણ દ્રૌપદી ચિતાની પાસે જ ઉભી હતી. દેવ–શર્માએ ફાંસી બનાવી મારવાનો નિશ્ચય કર્યો, એટલામાં કીકીઆરી કરતો ભીમ બધાની સામે આવીને ઉભો.

ભીમને દેખતાંની સાથે બધા આનંદમાં આવી ગયા, યુધિષ્ઠિરે કહ્યું કે 'પાંચે પાંડવો અજય છે. આવી આકાશવાણી નિષ્ફળ કેમ જાય, તમે પાંચે ભાઈઓ મુક્તિએ જવાના છો, તેવા કેવળીના વચનો ખોટા હોય જ નહી. એટલામાં ભીમે આવી યુધિષ્ઠિર તથા કુંતીને પ્રણામ કર્યા, અને ત્રણે ભાઈઓને ભેટી પડયો, ભીમે ચારે તરફ દ્રૌપદીને જોવા માટે આંખો ફેરવી, ચિતાની પાસે દ્રૌપદીને જોઈ, ત્યાં જઇને ભીમે પોતાના બંને હાથ વડે તેની આંખો બંધ કરી, દ્રૌપદીને રાક્ષસની શંકા આવવાથી ક્રોધમાં આવી ગઈ, ત્યારે ભીમે હાથ લેઇ લીધા, તેણે કહ્યું કે પ્રિયે? તારી સામે રાક્ષસ નથી પણ રાક્ષસઘાતી ભીમ છે, દ્રૌપદીએ બંન્ને આંખોથી ઘડિભર સ્થિર રહીને ભીમનો નિશ્ચય કર્યો, પરસ્પર મલ્યા.

ભીમે અનેક પ્રકારના વાજિંત્રોની સાથે એકચક્રા નગરીના રાજાને આવતા જોયા, ત્યાંથી ઉઠીને ભીમ યુધિષ્ઠિરની પાસે જઈને બેઠો, દ્રૌપદી પણ કુંતીની પાસે આવી બેસી ગઇ, એકચક્રા નગરીના રાજાએ

યુધિષ્ઠિર વિગેરે પાંડવોને વધામણી આપી, બધા આનંદ મનાવવા લાગ્યા, રાજાએ યુધિષ્ઠિરને કહ્યું કે જ્યારથી આપ આ નગરમાં આવ્યા છો, ત્યારથી નાગરિકોનો અભ્યુદય થયો છે. આપે બકરાક્ષસનો વધ કરી, નગરજનોને અભયદાન આપ્યું છે. ત્યારે યુધિષ્ઠિરે ભીમને બતાવ્યો, અને કહ્યું કે આ મારો નાનોભાઈ બકરાક્ષસનો વિનાશકારી છે. તમામ નાગરિકોની નજર ભીમ ઉપર પડી, જ્યારે લોકોએ ભીમને પૂછયું કે કેવી રીતે રાક્ષસની સાથે લડાઈ થઇ, તે વખતે પ્રત્યુત્તર નહીં આપતાં ભીમે મૌન ધારણ કર્યું. મહાન આત્માઓ પોતાની પ્રશંસા કદાપિ પોતે કરતા નથી. એટલામાં આકાશથી એકયુવાન અને એક વૃદ્ધ એમ બે પુરૂષો ઉતરી યુધિષ્ઠિરની પાસે આવ્યા.

વૃદ્ધે વિસ્મિત થઇને યુધિષ્ઠિરને કહ્યું કે હું બકરાક્ષસનો દુર્બુદ્ધિ નામનો મહામંત્રી છું. અને આ મહાબલ નામે તેમનો પુત્ર છે. હમણાં તે લંકામાં હતો, ત્યાંથી આવીને તેણે પૂછયું કે મારા પિતાને કોણે માર્યા ? મેં કહ્યું કે એક વિશાલકાય મનુષ્યરૂપમાં આવ્યો હતો, વધશિલામાં તેને જોઈ સ્વામિ પર્વત ઉપર લાવ્યા હતા, સૂર્યહાસ તલવાર ખેંચીને બકરાક્ષસ તેને કાપવા જાય છે, ત્યાં તો તે ઊઠયો, બંનેનું ભયંકર યુદ્ધ થયું. કોણ હારશે કે જીતશે તેનો નિશ્ચય થઈ શકે તેમ નહોતો, પરંતુ છેવટે તે બળવાન મનુષ્યે સ્વામિને મૂર્છિત કર્યા,

એટલામાં સુમાત્ર નામના અનુચરે મનુષ્યનું મસ્તક બનાવી નીચે નાખ્યું. તે માણસે બકરાક્ષસને મારી નાખ્યા, ત્યાર બાદ મહાબલકુમારે પિતાના વૈરીને મારવાનો નિર્ણય કર્યો, પરંતુ દેવીએ નિષેધ કર્યો, હે કુમાર ! તમે જઇને મહાપુરૂષ પાંડવોની પાસે વાત કરો, તમારો વિનય ગુણ તેમને બતાવો. તેમને પિતા તુલ્ય માનો. તે તને પુત્રતુલ્ય માનશે, એ પ્રમાણે દેવીની આજ્ઞાથી અમે અહીં આવ્યા છીએ.

ભીમે તે રાક્ષસોને કહ્યું કે તમે લોકો મનુષ્ય વધ નહિ કરવાની પ્રતિજ્ઞા કરો, બકપુત્રે મનુષ્યને નહિ મારવાનો નિયમ લીધો, રાજા યુધિષ્ઠિરે 'બક'ના સામ્રાજ્ય ઉપર તેના પુત્રને અભિષિકત કર્યો, એકચક્રા નગરીના રાજાના આમંત્રણથી સબાન્ધવ રાજા યુધિષ્ઠિરે મહાબલના વિમાનમાં બેસીને સુસજ્જિત તે નગરીમાં પ્રવેશ કર્યો, નગરની સ્ત્રીઓ ખૂબ જ અનુરાગથી ભીમની તરફ જોવા લાગી, ત્યાંના રાજાએ વિનયપૂર્વક આગ્રહથી પાંડવોને પોતાના રાજભવનમાં લાવી ખૂબ જ સ્વાગત કર્યું. પાંચ છ દિવસ ત્યાં રહીને યુધિષ્ઠિરે મહાબલનો સત્કાર કરી તેના પિતાની રાજધાનીમાં મોકલી દીધો, તે પ્રમાણે આનંદથી પાંડવોએ એક દિવસની જેમ અનેક મહીનાઓ વિતાવ્યા.

સાતમો સર્ગ સમાપ્ત :

સર્ગ : ૮મો

એકદિવસ મનમાં શંકા લાવીને યુધિષ્ઠિરે એકાંતમાં ભાઈઓની સાથે વિચાર કર્યો કે બકરાક્ષસને ભીમે મારી નાખ્યો છે. તેથી આપણે અહિયાં છીએ તે વાત બધાને ખબર પડી ગઇ છે. વળી દુર્યોધનને જો ખબર પડી ગઈ તો રાજ્યના લોભથી તે અવશ્ય ઉપદ્રવ કરશે. માટે આપણે કોઈને કીધા વિના રાત્રિના અહિંથી ચાલી નીકળીએ. જે માણસ અવસર ઓળખીને ચાલે છે તે કોઇ દિવસ દુઃખી થતો નથી. ભાઈઓની સાથે એકમત થઈને રાત્રિના કુંતી તથા દ્રૌપદીની સાથે પાંડવો એકચક્રા નગરીથી નીકળી ગયા. જંગલના રસ્તામાં તે લોકોને ભીમનું મુખ્ય આલંબન હતું. ભીમે માતાને ખભા ઉપર બેસવાનો આગ્રહ કર્યો. પરંતુ પુત્ર વાત્સલ્યવાળી કુંતીએ જ્યારે સ્વિકાર નહિ કર્યો ત્યારે પગપાળા ચાલતી માતાને જોઇ ભીમને ખુબ જ દુઃખ થવા લાગ્યું. રાત્રિના સમયે રસ્તો બતાવનાર ભીમ બધાનો દીપક બનીને ચાલતો હતો. વળી ભીમને ચાક્ષુસીવિદ્યા દીપકનું કામ કરતી હતી. ઘણો પંથ કાપ્યા પછી કુંતી તથા દ્રૌપદીને થાકેલા જાણી ભીમે આગ્રહથી ડાબા ખભા ઉપર કુંતીને અને જમણા

ખભા ઉપર દ્રૌપદીને બેસાડી ભીમની સહાયતાથી તે બધા રાતદિવસ ચાલતા ચાલતા ઘણા દૂર નીકળી ગયા.

ધૂળથી ભરેલા, મેલા વસ્ત્રવાળા યુધિષ્ઠિર સપરિવાર દ્વૈતવનમાં આવ્યા. તે વન ચક્રવાક, કોયલ, બપૈયાના અવાજોથી મનોહર પણ હતું. તો જંગલ વાઘ, શિયાળ, સાપ વિગેરેથી પણ ભરેલું હતું. જંગલ કયાંક કયાંક ચંપો, પુન્નાગ, નાગકેસર વિગેરે સુગંધિત પુષ્પોથી સુગંધિત પણ હતું. જંગલમાં કોઇ કોઈ જુના ઝાડના કોતરોમાં ઉંદરો રમત રમતા હોવાથી ભયંકર પણ હતું. એકબાજુ મનોરમ્ય આશ્રમ હતો તો બીજી તરફ શિકારીઓનું ટોળું પણ હતું. તે વનમાં પાંડવો રહેવા લાગ્યા. વનનો વેષ ધારણ કર્યો હોવા છતાં પણ અત્યંત શોભાયમાન તેઓ લાગતા હતા. ભીમ દરરોજ જુદી જુદી જાતના ફળો લાવી બધાને ખવડાવતો હતો. સહદેવ સ્નેહથી કોમળ વલ્કલ લાવીને કુટુંબને આપતો હતો. નકુળ બાબરાના સુંદર પાંદડાઓથી ઝુંપડી બનાવી કુટુંબની ભક્તિ કરતો હતો. અર્જુન ઉપદ્રવ કરનારને મારવા માટે દિનરાત ધનુષ્યબાણ તૈયાર કરીને ચોકી કરતો હતો. કુંતી પુત્રોના કલ્યાણને માટે જિનેશ્વરનું સ્મરણ કરતી હતી. પાંડવો પણ પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં લયલીન બનીને રહેતા હતા. દ્રૌપદી ઘરના કામકાજમાં તત્પર બની ગઈ હતી. પાંડવો સપરિવાર આનંદમાં હતા. પાંડવો દ્રૌપદીને નવીન પ્રકારના પુષ્પોથી શણગારતા હતા.

જેનાથી તેણી સાક્ષાત્ ઋતુઓની લક્ષ્મી દેખાતી હતી. હાથીના કુંભસ્થળમાંથી નીકળેલા મોતીઓ પાંડવોને ભીલો આપતા હતા. તેનો હાર બનાવી ભીમ-દ્રૌપદીને પહેરાવતો હતો. દ્રૌપદી અને કુંતીને આનંદિત જોઈને પાંડવો આનંદ માનવા લાગ્યા. વળી પાંડવો અને કુંતીની અનુકુળતા સાચવવાની દ્રૌપદી સતત કાળજી કરતી હતી. ભાઈઓની સેવાથી સંતુષ્ઠ યુધિષ્ઠિર હસ્તિનાપુર કરતાં જંગલને મંગલ માનવા લાગ્યા. યુધિષ્ઠિરની સેવા કરવાનો લ્હાવો મેળવી ચારે ભાઇઓ પોતાના જીવનને કૃતાર્થ માનવા લાગ્યા.

એકદિવસ સવારના યુધિષ્ઠિર વેત્રાસન પર બેઠા હતા. ભીમ તેમના પગ દબાવતો હતો. કુંતી રાજાની પાસે બેસીને કાંઇક બોલતી હતી અને દ્રૌપદી આદરપૂર્વક સાંભળી રહી હતી. નકુલ અને સહદેવ છત્રચામર લઇને રાજાની પાછળ ઉભા હતા. એટલામાં અર્જુને હાથમાં ધનુષ્યબાણ સહિત એક મુસાફરને આવતો જોયો. મુસાફરને નજીક આવ્યા બાદ અર્જુને ઓળખ્યો અને યુધિષ્ઠિરને પ્રિયંવદના આગમનના સમાચાર આપ્યા. પ્રિયંવદે આવી રાજાને નમસ્કાર કર્યા. રાજાએ પ્રેમથી તેને આલિંગન કર્યું. સહદેવે આસન આપ્યું. તે ઉપર તે બેઠો. રાજાએ પૂછ્યું વત્સ ! પિતાજી આનંદમાં છે ને? હંમેશાં અમારા કલ્યાણમાં આનંદમા આનંદ માનતા વિદુરજી કુશળતો છેને? પૂજ્ય દાદાજી, આચાર્ય ગુરૂદ્રોણ

તથા પુત્રપ્રેમી ધૃતરાષ્ટ્ર સુખી છે ને ? બધી માતાઓ આનંદમાં છેને ? દુર્યોધનના મનોરથ પુરા થયા ને ? વારણાવર્તમાં આગ લગાડયા બાદ શું શું થયું ? અમે અહિંઆ છીએ એ વાતની તને કેવી રીતે ખબર પડી ? પ્રિયંવદ ! તું બધી હકીકત મને કહી સંભળાવ !

હે દેવ ! આપના વિના લોકો મનથી દુઃખી છે અને શરીરથી સુખી છે. તે મહેલમાં આગ લગાડયા પછી પાંડવોને બાળી નાખવામાં આવ્યા છે. અમારા જીવનને ધિક્કાર છે એમ લોકોએ હાહાકાર મચાવ્યો. શોકાતુર લોકોએ પોતાના અશ્રુજલથી તે આગને બુઝાવી નાખી. આ આગથી મારૂં કાંઈ બળતું નથી એ પ્રમાણે વિચાર કરીને હું તો મનમાં ખૂબ જ રાજી હતો. નાગરિકો તમારા જેવા આકારવાળા બળેલા સાતજણને ત્યાંથી નગરમાં લાવ્યા. લોકો બોલવા લાગ્યા કે આ યુધિષ્ઠિર છે. મરી ગયા પછી પણ જેનું મુખ પૂર્ણિમાના ચંદ્રમાની શોભાને જીતે છે. સ્થૂળ શરીરવાળા આ ભીમ છે. આ લાંબા હાથવાળા અર્જુન છે. સૌમ્ય આકૃતિવાળા સહદેવ અને નકુળ છે. આ જગન્માતા કુંતી છે. આ એજ દ્રૌપદી છે જે પાંચ પતિવાળી હોવા છતાં મહા સતી કહેવાય છે. આ પ્રમાણે આપના જ શરીર છે. તેમ માની લોકો રડવા લાગ્યા, જેના આક્રંદથી વૃક્ષો પણ રડવા લાગ્યા. આપના ગુણો પ્રત્યે અનુરાગ હોવાથી તે લોકોને રડતા જોઇ હું મનમાં વિચારતો હતો કે પાંડવો તો

સુરંગ દ્વારા કયાંય નીકળી ગયા છે, આ લોકો ખોટો વિલાપ કરી રહ્યા છે.

ત્યારબાદ કૂતુહલ દ્રષ્ટિથી મેં ત્યાં જઈને જોયું તો તે મૃતકો આપના જેવા જ હતા. જોઈને હું ચિંતામાં પડયો. મને લાગ્યું કે ધુમાડાના ફેલાવાથી સુરંગદ્વારને નહિ જોઈ શકવાથી મારા સ્વામિ પાંડવો બળી ગયા તો ગયા નહિ હોય ને! અથવા જંગલના દુઃખોનું સ્મરણ કરીને પોતે જાતે જ બળી તો ગયા નહિ હોય ને ? કારણ કે ભવિતવ્યતા અનુસાર પણ બુદ્ધિ પણ બદલાઈ જાય છે. આ પ્રમાણે પ્રત્યક્ષ આપના મૃતકને જોઇ મેં નિશ્ચય કર્યો અને હું પણ રડવા લાગ્યો.

ત્યાંથી હસ્તિનાપુર જઇને જ્યારે મેં આપના મૃત્યુના સમાચાર આપ્યા તો એક દુર્યોધન સિવાય સંપૂર્ણ નગરને મેં દુઃખી જોયું. જ્યારે એકાંતમાં રાજાપાંડુ તથા વિદુરજીએ મને પૂછયું ત્યારે મેં નજરે જોએલી તમામ હકીકત કહી સંભળાવી. તેઓ સાંભળીને તરત જ બેભાન થઈ ગયા. મારા ઉપચારથી જ્યારે તેઓ ભાનમાં આવ્યા ત્યારે વિલાપ કરવા લાગ્યા કે વત્સ ! તમને દુષ્ટ અગ્નિએ કેવી રીતે બાળી નાખ્યા ? અમારી શિખામણ પણ તમે ભુલી ગયા ! ત્યારબાદ વિદુરજીએ પાંડુરાજાને ખૂબ જ સમજાવ્યા અને કહ્યું કે આર્ય ! આપ શોકને છોડી દો અને ધીરજને ધારણ કરો. એક જ વખતમાં દુષ્ટોના બધા જ મનોરથો પૂરા કેવી રીતે થવાના છે! પ્રિયંવદ

પણ કદાચ ભ્રમમાં પડી ગયો લાગે છે. થોડા દિવસમાં બધી જ ખબર પડી જશે. મહાન આત્માઓની સંપત્તિઓ અને વિપત્તિઓ છુપી રહી શકતી નથી. વિદુરજીના વચનો સાંભળી રાજા ઉપરથી શોક નિવૃત્ત લાગતા હતા પરંતુ મનથી શોકમગ્ન રહેતા હતા. માલતી લતાઓ દાવાનળને સહન કરી શકતી નથી તેવી રીતે સત્યવતી વિગેરે માતાઓ પાંડવોના શોકથી મરી ગઇ. વિદુરજીના આશ્વાસન વચનોથી રાજા હજુ સુધી જીવતા છતાં મૃતક સમાન છે.

દેવ ! બકરાક્ષસને મારવાથી આપની કીર્તિ ગંગાની જેમ ભૂમિને પવિત્ર કરતી હસ્તિનાપુર પહોંચી ગઈ. આપની સુકીર્તિએ એક વખતે શત્રુઓના મુખ કાળા બનાવી દીધા અને મિત્રોના મુખ પુર્ણિમા સમાન ખીલી ઉઠયા. પાંડુરાજાએ શોકરૂપ કાદવ દૂર ફેંકયો અને તે કાદવ દુર્યોધનના મુખ ઉપર જઈને શોકના રૂપમાં પરિણમ્યો. હમણાં દુર્યોધનને ન તો પ્રિયાની પાસે, ન પલંગ પર, ન વનમાં, કે ન ભવનમાં, ન જમીન ઉપર કે ન પાણીમાં કયાંય આનંદ આવતો નથી. ત્યારબાદ શકુનીએ આવી દુર્યોધનને પૂછયું કે મહારાજ ! આપને એકાએક આ આધિવ્યાધિ કયાંથી પ્રાપ્ત થઈ છે. દુર્યોધને કહ્યું કે મામા ! મારા પ્રયાસોને નિષ્ફળ બનાવી પાંડવો હજુ સુધી જીવંત છે. જ્યારે ભાગ્ય પ્રતિકુળ હોય છે ત્યારે મનુષ્યોના પ્રયત્નો નિષ્ફળ જાય છે.

જુઓને મામા ! ઝેરનો પ્રયોગ, લાક્ષાગૃહ દાહ, વિગેરે તમામ પ્રયોગો કેવી રીતે નિષ્ફળ ગયા હશે ? હિડંબ, બક, કિર્મીર વિગેરેને મારવાથી પાંડવોની કીર્તિ ત્રણે લોકમાં નૃત્ય કરવા લાગી છે. આ વ્યાધિ મને સતાવી રહી છે. તમે આ વ્યાધિનો પ્રતિકાર જલ્દીથી દૂર કરવાનો માર્ગ બતાવો !

દુર્યોધનના મનોદુઃખને દૂર કરતા શકુનીએ કહ્યું કે રાજન્ ! આપ પાંડવોને મારવાની ઇચ્છા રાખો છો તો તમે માની લેજો કે તેઓ યમરાજાના મહેમાન બની જ ગયા, ક્યાં આગીઓ અને ક્યાં સૂર્ય. બંનેની તુલના કોણ કરી શકે ? એવી રીતે ક્યાં તમે ? અને ક્યાં પાંડવો ? આપે બાહુબળથી જે સામ્રાજ્યની પ્રાપ્તિ કરી છે. તેનો સોમો ભાગ પણ પાંડવો પાસે કયાં હતો, જે અભિમાની રાજાઓ યુધિષ્ઠિરની આજ્ઞામાં આવ્યા ન હોતા તે રાજાઓએ પણ આપની આજ્ઞાનો સહર્ષ સ્વીકાર કર્યો છે. તમારા ત્યાં અનુપમ હાથી ઘોડા રથ તથા પાયદળ છે. તમારી સેનાની બરાબરી કરી શકે તેવી સેના જગતમાં કોની છે ? અંધકારને દૂર કરનારા કિરણો સૂર્ય સિવાય કોની પાસે હોય છે ? તમારી લક્ષ્મીની સફળતા ત્યારેજ માની શકાય કે જ્યારે પાંડવો તે લક્ષ્મીને જુએ. કારણ કે મિત્ર અને શત્રુ બંનેથી દેખાએલી સંપત્તિ જ સંપત્તિ કહેવાય છે. આપ ગોકુળને જોવાના બહાને દ્વૈત વનમાં જાવ. આપની સંપત્તિ જોઈને

પાંડવો દુઃખી થશે. શત્રુની સંપત્તિ જોઈને દુઃખમાં પડેલા સ્વમાની આત્માઓ મૃત્યુની ઈચ્છા રાખે છે. ત્યાં જવાથી આપની સંપત્તિને જોઈ ક્રોધાયમાન બનીને યુધિષ્ઠિરની આજ્ઞાનું ઉલ્લંઘન કરી ભીમ અને અર્જુન શસ્ત્રોને ધારણ કરશે તો આ પૃથ્વી પાંડવરહિત બની જવાની જ છે કારણ કે તમારી ચતુરંગી સેનાને કોણ રોકી શકે તેમ છે ? શકુનીના આ વિચારને કર્ણ તથા દુઃશાસને અનુમોદન આપ્યું. શકુનીની વાત માનીને દુષ્ટાત્મા દુર્યોધન સેના સહિત અહિંઆં આપની પાસે આવશે. "તમે બધા ખુબજ સાવચેત બનીને રહેજો" આ સંદેશો લઈ ને હું અહીંઆં આવ્યો છું. જ્યારે મેં વિદુરજીને પૂછયું કે પાંડવો કયાં હશે તો તેમણે મને કહ્યું કે "એકચક્રા નગરીથી આવેલા ગુપ્તચરો દ્વારા જાણવામાં આવ્યું છે કે બક રાક્ષસને મારી ત્યાંના નાગરિકોને અભયદાન આપી પાંડવો દ્વૈતવનમાં ગયા છે. તે દૂતોએ જ્યારે પાંડવોની પ્રશંસા કરી ત્યારે દુર્યોધનનું મુખ અત્યંત શ્યામ બની ગયું હતું. અને તે ગુપ્તચરોની સાથે સાથે સભાનું વિસર્જન કર્યું. જ્યારે મનુષ્યના મનમાં દુઃખ ઉત્પન્ન થાય છે ત્યારે તેને કાંઇ જ ગમતું નથી માટે તું દ્વૈતવનમાં જા. આ પ્રમાણે વિદુરજીના કહેવાથી એકચક્રાનગરી થઈને અહિં આવ્યો છું. ત્યારબાદ આનંદ પામતા ભીમે પ્રિયંવદને પૂછયું કે દુર્યોધન કેવી રીતે રાજ્યનું પાલન કરે છે ! ભીષ્મ દ્રોણ વિગેરે સ્નેહથી દુર્યોધનનું અનુકરણ કરે

છે ! પ્રિયંવદે કહ્યું કે દુર્યોધન રાજા થયા બાદ કુરુ દેશમાં ચોરી અનીતિનું નામ નિશાન નથી. તમામ પ્રકારની સંપત્તિઓથી કુરુદેશ ભરપુર છે. દુર્યોધનને ધર્મ, અર્થ, કામ પરસ્પર બાધક બનતો નથી. આપના મૃત્યુના સમાચારથી નિરાશ બનેલા ભીષ્મ વિગેરેને દુર્યોધને એકદમ પોતાના વશવર્તિ બનાવી લીધા છે. વળી તેણે દાન વિનયથી તે લોકોને એટલો સંતોષ આપ્યો છે કે તે લોકો પોતાના પ્રાણના ભોગે પણ દુર્યોધનનું હિત કરવા તૈયાર છે. દુર્યોધન પોતાને છ ખંડનો સ્વામી માને છે તો પણ તમારો ભય તેને સતાવે છે. વાતચીતના પ્રસંગમાં કોઇપણ પ્રકારે ભીમ અર્જુનનું નામ સાંભળવામાં આવે છે તો તરત જ બીકનો માર્યો નિસાસા નાખે છે. સ્વપ્નમાં ભીમ અર્જુનને જોઈ ગભરાઈ ઉઠે છે અને ભાનુમતી પણ ગભરાઈ ઉઠે છે.

પ્રિયંવદના વચનો સાંભળી યુધિષ્ઠિરે તેને કહ્યું કે તું મારા શબ્દો અનુસાર પિતાજી તથા કાકા વિદુરજીને કહેજે કે તમારી આજ્ઞાનું અમે સંપૂર્ણ પાલન કરીએ છીએ. વળી આપ સર્વેને અમે ભક્તિપૂર્વક પ્રણામ કરીએ છીએ. આપના આશીર્વાદથી અમારા શત્રુઓ હજુ સુધી પોતાની દુષ્ટતામાં સફળ બન્યા નથી. આપ સ્નેહ વશાત્ કોઇપણ પ્રકારની શંકા કરતા નહી. આ પ્રમાણે કહીને ફળોથી સત્કાર કરી યુધિષ્ઠિરે પ્રિયંવદને વિદાય કર્યો.

દુર્યોધનની ધૃષ્ટતાથી અતિશય ક્રોધાયમાન બનીને સ્ત્રીમર્યાદાને છોડી દ્રૌપદી બોલી. કપટથી રાજ્યલક્ષ્મીને જીતી લઈ, વનવાસ મોકલ્યા, તો પણ શત્રુ સંતોષ પામતો નથી, વનમાં પણ અમને મારવા તૈયાર થયો છે દેવી ! કુંતી ! તમારે આવી વાતો કરવી નહિ જોઇએ.

અરે ! પાંડુરાજાના આ પુત્રો કેવા વીર છે કે જેમના સામે પોતાની સ્ત્રીના માથાના વાળ પકડીને ખેંચવામાં આવે છે. આર્યપુત્ર ! તમે તો ઠીક જ ધર્મ પુત્ર છો એટલે જ શત્રુદ્વારા તિરસ્કાર થવા છતાં આપ ક્ષમાવંત છો. ધન્ય છે આપની ક્ષમાને ? કુરૂવંશી હોવા છતાં પણ શત્રુનો પરાભવ આ પ્રકારે સહન કરી શકો છો તો પછી માણસાઈ નિર્મૂલ બનીને કયાં જશે. તમને વનમાં દુઃખનો અનુભવ થતો નથી એટલે આપના ભાઈઓને થતા દુઃખથી આપના મનમાં જરાપણ દુઃખ નથી ? રેશમી વસ્ત્રોને ધારણ કરવાવાળા ભાઈઓ આજે વલ્કલ વસ્ત્ર ધારણ કરીને ફરે છે. તો પણ આપને લજ્જા નથી આવતી ? હાથી ઉપર બેસીને ફરવાવાળા ભાઈઓ આજે પગપાળા ચાલે છે તે જોઈને આપને દુઃખ નથી થતું ? વનમાં દુઃખને સહન કરતાં કુંતા-માતાને જોઈ તમને ક્રોધ નથી આવતો ? પ્રતિજ્ઞા ભંગની બીકથી આપ લડવાની ઇચ્છા ન રાખતા હો તો અહિં આવતા શત્રુને મારવા માટે ભીમ તથા અર્જુનને આપ આજ્ઞા આપો, ભીમ અને અર્જુને પણ દ્રૌપદીના વચ-

નોને અનુમોદન આપ્યું. ત્યારે યુધિષ્ઠિરે કહ્યું કે તમારી વાતો ક્ષત્રિયોચિત જરૂર છે. તો પણ મારા કહેવાથી થોડાક વર્ષો સુધી શત્રુ ગમે તેટલા અપરાધ કરે છતાં તમે લોકો તેને ક્ષમા આપજો. વનવાસનો સમય પૂર્ણ થતાંની સાથે જ મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ જશે. ત્યારબાદ ચાર સમુદ્રની સમાન મારા ચાર ભાઈઓને કોણ રોકી શકશે. તે વખતે યુદ્ધમાં ભીમ બાહુબળ વડે દુઃશાસન સહિત દુર્યોધન, દ્રૌપદીના માથાના વાળ ખેંચવાનું મુલ્ય ચુકવશે. માટે આપણે બધા તાત્કાલીક આ સ્થાનને છોડી સ્વર્ગ સમાન અનેક પ્રકારના ફળોની સુગંધિથી સુવાસિત ગંધમાદન પર્વત ઉપર જઈએ. ભીમ વિગેરેએ યુધિષ્ઠિરની આજ્ઞા માની લીધી અને માતા–ભાઈ દ્રૌપદીની સાથે યુધિષ્ઠિર યૂથાધિપ હસ્તિની જેમ ચાલ્યા. અનેક તીર્થોની યાત્રા કરતા, ચારણ મુનિઓને નમસ્કાર કરતા, નાના પ્રકારના આશ્ચર્યોને જોતા પૂર્વોત્તર દિશાએ ચાલ્યા, અનુક્રમે નદી પર્વતવાળી ભૂમિને ઓળંગતા તે બધા ગંધમાદન પર્વત ઉપર આવ્યા. અનેક પ્રકારના સુંદર ફળોથી શોભતા અનેક ઝરણોથી ગુંજારવ કરતા તે પર્વત ઉપર પાંડવોએ સ્થિર થવાનો વિચાર કર્યો. બધી જ ઋતુઓમાં મનોહર લાગતી. ત્યાંની વનરાજી જોઈને પાંડવો શત્રુઓના પરાભવને પણ ભૂલી ગયા. ધાર્મિક ક્રિયાઓમાં દિનરાત લયલીન બનેલા કુંતી પણ હસ્તિનાપુરના સામ્રાજ્યને પણ ભૂલી ગયા.

એક દિવસ અર્જુને યુધિષ્ઠિરને કહ્યું કે અહીં નજદીકમાં જ ઇંદ્રકીલપર્વત છે. જ્યાં શચિની સાથે ઇંદ્ર દરરોજ ક્રીડા કરે છે, એટલે જ તે પહાડનું નામ ઇંદ્ર-કીલ પડયું છે. વળી ચંદ્રકાંત અને સૂર્યકાંત મણિઓથી તે પહાડ શીતળતા અને ગરમી પ્રાપ્ત કરે છે. તે પહાડની ગુફામાં જઈને હું પૂર્વારાધિત વિદ્યાઓનું પુનરાવર્તન કરૂં. યુધિષ્ઠિરના આદેશથી અર્જુન જ્યારે બધાને પ્રણામ કરી જવા લાગ્યો ત્યારે યુધિષ્ઠિરને પાંડુરાજાએ આપેલી વીંટી અર્જુનની આંગળીમાં યુધિષ્ઠિરે પહેરાવી. અર્જુને ત્યાં જઈને મણિમય એક જિનમંદિરને જોયું. તે મંદિરના જમણાભાગમાં ચંદ્રકાંત મણિમય પગથીઆવાળી, કમળોથી સુશોભિત એક વાવ જોઇ. તેમાં સ્નાન કરી વિકસિત કમળના ફુલો લઈને મંદિરમાં જઇ આદિ જિનેશ્વરની પૂજા કરી, અનેક પ્રકારના સ્તોત્રો વડે સ્તુતિ કરી. અર્જુને અટ્ઠમતપની આરાધના કરી. તીર્થસ્થળમાં કરેલો તપ ઇષ્ટફળની સિદ્ધિ આપે છે.

તે મંદિરની નજીકમાં પવિત્ર ભૂમિ ઉપર બેસીને અર્જુને પોતાની વિદ્યાઓની આવૃત્તિ કરી. અર્જુનની સામે દેવતાઓ પ્રગટ થયા. અને કાર્યનો આદેશ માગ્યો. તે વારે અર્જુને કહ્યું કે જ્યારે હું આપનું સ્મરણ કરૂં ત્યારે આપ પ્રગટ થજો. શત્રુઓનો વિનાશ કરવા માટે હું તમારૂં જરૂર સ્મરણ કરીશ. આ પ્રમાણે કહી અર્જુને તે દેવતાઓનો સત્કાર કરીને વિદાય કર્યા.

તે દેવતાઓના ગયા બાદ પર્વતની શોભાને જોવાની ઇચ્છાથી ફરતા ફરતા અર્જુને બાણથી વિંધાએલા એક ભૂંડને પોતાની તરફ આવતો જોયો. આ ક્રુર જનાવર મને મારવાની ઇચ્છાથી આવી રહ્યું છે એ પ્રમાણે વિચાર કરીને અર્જુને તેની ઉપર બાણ છોડયું. બાણ લેવા માટે જ્યારે ભૂંડની પાસે અર્જુન આવ્યો ત્યારે દૂરથી આવતા એક શિકારીને જોયો. હાથમાં ધનુષ્યબાણ સહિત તે શિકારી ભૂંડની પાસે આવ્યો. તેની સામે અર્જુને જ્યારે સુવર્ણ પુંછવાળું પોતાનું બાણ લેવા માંડયું ત્યારે તે શિકારીએ કહ્યું કે હે સૌમ્ય ? આપની પ્રતિભા તો રાજવંશી છે તો પછી આપ મારૂં બાણ કેમ ચોરી રહ્યા છો ? સજ્જન માણસો પ્રાણના ભોગે પણ આવું ચોરીનું કાર્ય કરતા નથી. ભીખ માંગવી સારી છે પણ ચોરીની લક્ષ્મી અતિ બરાબ વસ્તુ છે તો પછી આપ મારા બાણની ચોરી શા માટે કરો છો ? કુરૂવંશરૂપી ચંદ્રમા સમાન આપને મારવા માટે આવતા ભૂંડરૂપી રાહુને મેં બુધની માફક રોકેલ છે. તો પ્રત્યુપકારમાં આપ આ શું કરી રહ્યા છો ? મેં તો આપની સાથે મિત્રતાની આશા રાખીને આ ભૂંડને મેં માર્યો હતો પણ મિત્રતાની વાત તો દૂર રહી પરંતુ આપ તો મારા શત્રુ બની ગયા છો. આપના જેવા મહાન આત્માઓ ઉન્માર્ગનો સ્વિકાર કરશે તો ન્યાયમાર્ગે કોણ ચાલશે ? તોપણ આપને બાણ લેવાની ઇચ્છા છે તો મારા જીવતા આપની ઇચ્છા પૂર્ણ થશે નહિ.

આ પ્રમાણે કહીને કિરાત જ્યારે બોલતો બંધ થયો ત્યારે અર્જુને તેને કહ્યું કે તમો આટલું બધું જુઠું શા માટે બોલો છો ? હું તો મારૂં બાણ લઈ રહ્યો છું. તો પછી બોટું શા માટે બોલો છો ? દુર્જન અને ઝેર બંને સગા ભાઈઓ છે પણ તે બેમાં મોટું કોણ ? તે હું નથી જાણતો, હવે હું મારૂં બાણ લેવા જઇ રહ્યો છું. જેનામાં શક્તિ હોય તે મને રોકે. હું તો મારી શુરવીરતાની સામે દેવેન્દ્ર, નરેન્દ્ર તથા વિદ્યાધરેન્દ્રને પણ કાંઈ વિસાતમાં ગણતો નથી તોપછી તારાથી કોણ ગભરાય છે ?

અર્જુનના વચનો સાંભળી કિરાતે (શિકારી) ક્રોધમાં આવી અર્જુન ઉપર બાણોનો વરસાદ વરસાવ્યો. અર્જુને પણ બાણોનો મારો શરૂ કર્યો, જ્યારે કિરાતના સાથીદારો ભાગવા લાગ્યા ત્યારે કિરાતે પોતાનું કૌશલ્ય બતાવવા માંડયું. તે વખતે તે બંનેના યુદ્ધને જોવા માટે વિદ્યાધરો આકાશમાં શોભતા હતા. અર્જુનના બાણ અર્ધા રસ્તે જ કિરાત કાપી નાખતો હતો ત્યારે અર્જુને તેની ઉપર આગ્નેય બાણનો પ્રયોગ કર્યો. તેના સૈનિકો સહિત પહાડ બળવા લાગ્યો ત્યારે કિરાતે વરૂણાસ્ત્રનો પ્રયોગ કર્યો.

શસ્ત્રાસ્ત્રથી જીતવું મુશ્કેલ છે તેમ સમજીને અર્જુને બાહુયુદ્ધ કરવા માટે કિરાતને કહ્યું ત્યારે બંને બાહુયુદ્ધ કરવા લાગ્યા. બાહુયુદ્ધ કરતા તે બંને હાથી

જેવા દેખાતા હતા. આકાશમાંથી દેવતાઓ યુદ્ધ જોવા લાગ્યા. અર્જુને એકાએક કિરાતનો પગ પકડી લીધો અને આકાશમાં ચારે તરફ ભમાવીને જ્યાં પથ્થરની શિલા ઉપર પછાડવા જાય છે ત્યાં એક દિવ્ય પુરૂષને જોયો. અર્જુન આશ્ચર્ય પામ્યો. તે દિવ્ય પુરૂષે કહ્યું કે મેં તમારી વીરતાની પરીક્ષા કરવાને માટે આ માયા કરી હતી. તમારી વીરતાથી હું ખુશી થયો છું. તમારે જે જોઈએ તે માગી લો ! હું વિશાલાક્ષ પુત્ર ચંદ્રશેખર નામે વિદ્યાધર છું. મેં પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાઓ સિદ્ધ કરેલી છે. હું મારા મિત્રના કાર્યને માટે આપની પાસે આવ્યો છું. વરદાનની વાત પછીથી કરીશું. પહેલાં તમે તમારૂં કાર્ય બતાવો ત્યારે તેણે કહ્યું કે—

આ વૈતાઢય પર્વત ઉપર રથનુપુર નામે એક નગર છે. ત્યાં નમી રાજાના વંશમાં વિદ્યુત્પ્રભ નામના એક રાજા થયા. તેમને પ્રબળ પરાક્રમી બે પુત્રો થયા. મોટાનું નામ ઇંદ્ર. નાનાનું નામ વિદ્યુન્માલી. વિદ્યુત્પ્રભરાજાએ ઇંદ્રને રાજા બનાવી તથા વિદ્યુન્માલીને યુવરાજપદે સ્થાપી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ઇન્દ્રરાજા ફક્ત નામથી જ ઇન્દ્ર નહોતા પણ સંપતિ અને વૈભવથી પણ ઇન્દ્ર હતા.

યુવરાજ અત્યંત અવિનયી બની ગયો. તેણે પ્રજાની સંપત્તિઓ તથા સ્ત્રીઓના અપહરણ કરીને ખુબ જ દુઃખી કર્યા. નાગરિકોએ રાજાને વિનંતી કરી. રાજાએ એકાંતમાં નાનાભાઈને ખુબજ સમજાવ્યો. પરંતુ

તે શિખામણ દ્વેષમાં પરિણમી, ત્યારબાદ તે દુષ્ટ પોતાની નગરીને છોડી બહાર રહેવા લાગ્યો અને મોટાભાઈ ઇન્દ્રનો નાશ કરવાની ઇચ્છા કરવા લાગ્યો. સુવર્ણપુર–નિવાસી ખરદુષણનો **"નિવાતકવચ"** નામનો રાક્ષસ તેનો મિત્ર છે. તે રાક્ષસ બહુજ બળવાન છે. યમરાજથી પણ ડરતો નથી, એટલે લોકો તેને કાલકેતુ કહે છે, એક સાથે તાળવું તથા હાથ બંને વિંધાય તોજ તેનું મૃત્યુ થાય એમ છે એટલે લોકો તેને 'તલતાળુ' પણ કહે છે. તેની સહાયતાથી વિદ્યુન્માલી પોતાના મોટાભાઈ ઇન્દ્રને ત્રાસ આપે છે તેના ભયથી દુઃખી બનીને ઇંદ્ર નગરના દરવાજા બંધ કરાવીને નગરમાં રહે છે.... ઇન્દ્રે રાજ્યમાં ઉપદ્રવ થતો જોઈ એકબંધુ નામના નમિત્તિકને પૂછયું કે આ મારો શત્રુ કેવી રીતે માર્યો જશે? આપ કૃપા કરીને બતાવશો. તે નિમિત્તજ્ઞે વિચાર કરીને જણાવ્યું કે આપના શત્રુને ફક્ત અર્જુન મારી શકે તેમ છે. કેમકે આ જગતમાં અર્જુન સમાન ધનુર્ધારી બીજો કોઈ નથી. તે હમણાં ઇન્દ્રકીલ પર્વત ઉપર વિદ્યાઓની આવૃત્તિ કરી રહેલ છે. આપ તેને વિનંતી કરો. નિમિત્તજ્ઞના વચન સાંભળી ઇન્દ્રે મને કહ્યું કે મિત્ર? તું જઇને અર્જુનને લઇ આવ જેથી શત્રુને મારી નાખે. બીજી વાત અર્જુનની સાથે જુનો પણ સંબંધ છે. પહેલાં પાંડુરાજાએ વિશાલાક્ષને મુક્ત કર્યા હતા એ માટે પાર્થ? હું મારાં મિત્રના કાર્ય માટે અહિંઆ આવ્યો છું. માટે આપ ચાલો. અને ઇન્દ્રને પિતાનું રાજ્ય સુરક્ષિત બનાવીને

આપો. આપના હાથની આંગળીમાં જે વીંટી ચમકે છે તે વીંટી વિશાલાક્ષ તથા પાંડુરાજાના પ્રેમની નિશાની છે. આ પ્રમાણે કહીને જ્યારે ચંદ્રશેખરે મૌન ધારણ કર્યું ત્યારે અર્જુને મોટાભાઇની સમાન તેને આલિંગન કર્યું અને કહ્યું કે યુધિષ્ઠિરની આજ્ઞાસમાન હું આપની આજ્ઞા માનવાને માટે તૈયાર છું. આ વીંટીની વાત હું જાણું છું. અહિં આવતાં પહેલાં આર્ય યુધિષ્ઠિરે મારી આંગળીમાં આ વીંટી પહેરાવી દીધી હતી. વિશાલાક્ષ તથા પાંડુરાજાનો પ્રેમ તેમના સંતાનમાં પણ વધે. આ પ્રમાણે કહીને અર્જુન જ્યારે શાંત થયો ત્યારે ચંદ્રશેખરે અર્જુનને પોતાના રથ ઉપર બેસાડયો.

આકાશમાર્ગે સુખપૂર્વક જતા ચંદ્રશેખરે અર્જુનને કહ્યું કે ભરતભૂમિની સીમાના અંતરૂપ આ વૈતાઢયપર્વત છે. એમ કહી વૈતાઢયપર્વત બતાવ્યો. જે પર્વત ઉપર વિદ્યાધરીઓ તમારા યશને ગીતના સ્વરૂપમાં ગાય છે. આપણે ખૂબ જ ઝડપથી દક્ષિણશ્રેણીમાં આવી પહોંચ્યા છીએ. અર્જુન ! આ રસ્તો રથનૂપુર જાય છે. જ્યાં ઇન્દ્ર આપના દર્શનને માટે ઉત્સુક બનીને ઉભો છે અને આ રસ્તો શત્રુનગર સુવર્ણપુર જાય છે. જ્યાં તલતાળુ લડવા માટે તૈયાર થઈને ઉભો છે. અર્જુને કહ્યું કે હમણાં મારૂં મન શત્રુવિનાશના કાર્યમાં લીન બન્યું છે. માટે પહેલાં શત્રુનગર ચાલો. તેનું મ્હોં જોયા સિવાય હું ઇન્દ્રનું મુખ જોઇશ નહિ. માટે ચંદ્રશેખર ! જ્યાં શત્રુ

છે ત્યાં જ રથને લઈ ચાલો. એટલે હું જાણી શકું કે શત્રુ કેટલા છે ? ચંદ્રશેખરે કહ્યું કે ત્યાં એકલા જઈને શું કરશો માટે પહેલાં રથનૂપુર ચાલીએ. પછી સેના લઇને શત્રુઓનો વિનાશ કરવા સુવર્ણપુર જઈએ. અર્જુને કહ્યું કે સેનાની શું જરુરીઆત છે ? શું સિંહ કોઇની સહાયતાથી હાથીના કુંભસ્થળને ફાડે છે ?

અર્જુનના આગ્રહથી ચંદ્રશેખરે રથને સુવર્ણપુર તરફ ચલાવ્યો. અનેક પ્રકારના શસ્ત્રોથી સુસજ્જિત તે રાક્ષસો અર્જુનને આવતો જોઇ પરસ્પર વાતો કરવા લાગ્યા કે આ રથ ઈન્દ્રનો આવી રહ્યો છે. આ રથમાં બેસી ચંદ્રશેખર અર્જુનને લાવી રહ્યો છે. નમિત્તિકે અર્જુનથી આપનું મૃત્યુ બતાવેલ છે, માટે અસ્ત્રોથી, શસ્ત્રોથી તથા કપટજાળથી શત્રુને જલ્દી મારી નાખો. આ પ્રમાણે વિચારીને ગરૂડની ઉપર સર્પોની જેમ અર્જુન ઉપર તે રાક્ષસો તુટી પડયા. ચારે તરફ યુદ્ધના વાજાં વાગવા લાગ્યાં. તેમણે બાણોથી અર્જુનને ઘેરી લીધો. અર્જુને પોતાના બાણોથી તેમના બાણો કાપી નાખ્યા. રાક્ષક્ષોએ જુદા જુદા પ્રકારે યુદ્ધ કર્યું તે સર્વ પ્રકારે અર્જુને તેઓનો પ્રતિકાર કર્યો. તે વખતના યુદ્ધને જોઈ ખેચર પણ ક્ષોભ પામી ગયા. ઈન્દ્રને પોતાની રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરાવવામાં ઉત્સુક અર્જુને રથમાંથી ઉતરીને રવૈયાની જેમ યુદ્ધભૂમિને વલોવી નાખી. અર્જુનની મધુર અવસ્થા અને શત્રુઓ પ્રત્યેના ઉત્કૃષ્ટ પુરૂષાર્થને જોઈ ચંદ્રશેખર

ખુશી થયેા. રાક્ષસેાના બાણેાને છેદતેા અર્જુન એકને બદલે હજારેા અર્જુન સમાન દેખાવા લાગ્યેા. અર્જુનના બાણેાથી જ્યારે શત્રુઓનેા નાશ થયેા નહિ. અને તે બધા એક સમુહ બનીને યુદ્ધ કરવા લાગ્યા ત્યારે અર્જુને ઉત્સુકતાથી ચંદ્રશેખરને પેાતાનેા રથ પાછેા હઠાવવા માટે કહ્યું ત્યારે ચંદ્રશેખરે કહ્યું કે કૌન્તેય ! ઈન્દ્રનેા આ રથ પાછળ હઠતેા નથી, હું માનું છું કે શત્રુઓનું ભાગ્ય પ્રબળ છે. માટે આપ યુદ્ધમાંથી રથને પાછેા હઠાવવાની ઈચ્છા રાખેા છેા ! અર્જુને કહ્યું કે વખત ન લગાડેા હું હાથ જોડીને કહું છું કે રથને જલ્દીથી પાછેા હઠાવેા.

અર્જુનની વાત સાંભળી દુઃખી બનેલા ચંદ્રશેખરે રથને પાછેા હઠાવ્યેા. અર્જુનને પાછેા હઠતેા જોઈને શત્રુઓએ ગર્જના કરી. અર્જુને દ્રોણાચાર્ય પાસેથી આપવામાં આવેલ મંત્રનું સ્મરણ કરીને તે લેાકેાના પ્રાણ લેનાર બાણેાને છેાડયા. વજ્રથી જેમ પર્વત તૂટી પડે છે. તેમ અર્જુનના બાણેાથી બધા શત્રુઓ એક સાથે મરી ગયા. અર્જુનના મસ્તક ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. ચંદ્રશેખરે અર્જુનની પ્રશંસા કરી.

સારથિએ આકાશમાર્ગથી નજીક આવતા ઈન્દ્રને જોઇ અર્જુનને કહ્યું કે ઈન્દ્ર આવી રહ્યા છે. રથમાં બેઠા બેઠા જ અર્જુને ઇન્દ્રને અભિવાદન કર્યું. ઈન્દ્રે પેાતાનું વિમાન નીચે ઉતારી અર્જુનને બેસાડયેા. સ્નેહપૂર્વક અર્જુનને ભેટી પડયેા. અને અર્ધા આસને બેસાડી ઈન્દ્રે

હાથ જોડીને કહ્યું કે તમારા ઉપકારનું વર્ણન હું કરી શકું તેમ નથી. પરંતુ એટલું તો જરૂર કહું છું કે આ મારૂં રાજ્ય અને મારા પ્રાણ આપના ચરણમાં છે. આપ રથનુપુર પધારો. ત્યાંના પ્રજાજનોને ખૂબ જ આનંદ થશે. અર્જુને સિદ્ધકૂટ જવાની ઇચ્છા જણાવી. ત્યાંથી તેઓ સિદ્ધકૂટ આવ્યા. ત્યાં શાશ્વતતીર્થંકરભગવાન વર્ધમાન સ્વામીને વંદના કરી, સ્નાન કરીને પૂજા કરી. અર્જુન અત્યંત હર્ષિત થયો. ત્યારબાદ તેઓ સુંદર સુશોભિત બનાવેલ રથનુપુર નગરમાં આવ્યા. મહેલમાં પ્રવેશ કરતી વખતે ઇન્દ્રાણીએ પ્રવેશમંગળ આચાર કર્યો. ઇન્દ્રે અર્જુનને સિંહાસન ઉપર બેસાડી સંગીતનૃત્ય વિગેરેનાં કાર્યક્રમ બધા સાંભળવા તથા જોવા લાગ્યા. ઇન્દ્ર અર્જુનને ખેચરસ્ત્રો, કિરિટ તથા કવચ આપી પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. ઇન્દ્રે ઘોષણા કરાવી કે અર્જુન મારો સહુથી મોટો પુત્ર છે. અર્જુનને પોતાના નગરમાં રહી રાજ્યલક્ષ્મીના ઉપભોગને માટે ઇન્દ્રે કહ્યું, અર્જુન આજ્ઞા માનીને ઇન્દ્રના પુત્રોની સાથે આનંદપૂર્વક નગરમાં વિહરવા લાગ્યો.

નગરની સ્ત્રીઓ અર્જુનના પ્રત્યે અત્યંત કામાતુર બની. પરંતુ સ્વદારાસંતોષવ્રતને અનુસરનાર અર્જુને તેમના તમામ પ્રયાસો નિષ્ફળ બનાવ્યા. એકદા ચિત્રાંગદ, વિચિત્રવીર્ય, ચિત્રસેન વિગેરે વિદ્યાધરો અર્જુનને જોવા માટે ત્યાં આવ્યા. અર્જુને તે લોકોને ધનુર્વેદ વિગેરેનું

શિક્ષણ આપ્યું. થોડા વખતમાં તે બધા પારંગત થઇ ગયા, તે લોકો ગુરૂદક્ષિણામાં પોતાનું સર્વસ્વ આપવા તૈયાર થયા પરંતુ અર્જુને ના કહી.

તે લોકોએ સમય આવે ગુરૂદક્ષિણામાં પોતાના પ્રાણ આપવાનો સંકલ્પ કર્યો, ચિત્રાંગદે ગીતોથી અર્જુનની સેવા કરી. અર્જુનની પણ બધા કરતાં અધિકપ્રીતિ ચિત્રાંગદ ઉપર થઇ. તે લોકોએ અર્જુનની સાથે ત્યાંથી પ્રયાણ કરવાનો નિશ્ચય કર્યો. ઇન્દ્રના વાત્સલ્યથી તથા શિષ્યોની ભક્તિથી અર્જુને સુખપૂર્વક ઘણા દિવસો પસાર કર્યા.

ભાઈઓને મળવાની ઇચ્છાથી અર્જુને ઇન્દ્રની રજા માંગી. ઈન્દ્રે દિવ્યરથ, વિમાન તથા ચંદ્રચૂડ સારથિ આપીને અશ્રુભીની આંખે અર્જુનને વિદાયગિરિ આપી, વિમાનમાં બેસી ચિત્રાંગદ વિગેરે વિદ્યાધરોની સાથે અર્જુને ત્યાંથી પ્રયાણ કર્યું. ઇન્દ્ર પણ અર્જુનની સાથે જવા માટે તૈયાર થયા પણ બળજબરીથી તેમને પાછા વાળ્યા, ચિત્રાંગદ અને અર્જુન એક વિમાનમાં બેસીને અનેક પ્રકારની વાર્તાઓ કરતાં આકાશમાર્ગે ચાલ્યા, બધા વિદ્યાધરોની સાથે સમેતશિખર વિગેરે તીર્થોની યાત્રા કરીને અર્જુન ગંધમાદનપર્વત પર આવ્યા. એક ખેચરે આગળ જઇને અર્જુનના આગમનની વાત કરી. કુંતી દ્રૌપદી સહીત બધા જ પાંડવો અર્જુનને જોવા માટે અધીરા થઈ ગયા હતા. વિદ્યાધરોની સાથે આવી અર્જુને

માતાના ચરણોમાં મસ્તક નમાવ્યું, ત્યારબાદ યુધિષ્ઠિર અને ભીમને નમસ્કાર કર્યા. નકુલ અને સહદેવે અર્જુનને પ્રણામ કર્યા. અર્જુને બધાનો પરિચય કરાવ્યો. વિદ્યાધરોએ યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. "તમે બધા સમય આવેથી જરૂર પધારશો" આ પ્રમાણે કહીને યુધિષ્ઠિરે વિદ્યાધરોને વિદાય કર્યા.

વિનયી અર્જુને ભાઇઓને પૂછયું કે મારી ગેર-હાજરીમાં આપ સર્વેએ કેવી રીતે સમય વિતાવ્યો. યુધિષ્ઠિરે કહ્યું કે તીર્થોને નમસ્કાર તથા દરેક જગાએ તારી કીર્તિકથાઓને સાંભળી અમે સમય વ્યતિત કર્યો છે, કામવ્યાપારમાં નિપુણ દ્રૌપદીએ અર્જુનની સાથે વિષયજનિત સુખનું સેવન કર્યું. એક વખત પવનથી ઉડીને એક વિલક્ષણ કમલ દ્રૌપદીના ખોળામાં આવીને પડયું. દ્રૌપદીએ ભીમની પાસે આ પ્રકારના બીજા કમળની માંગણી કરી. ભાઇની આજ્ઞા લઇને ભીમ કમળ લેવા માટે નીકળ્યો. તેણે નદી પહાડ વિગેરે દુર્ગમ રસ્તાઓ પાર કર્યા છતાં પણ તે કમળવાળું સરોવર મળ્યું નહિ. અહિંઆં યુધિષ્ઠિર વિગેરેને અનિષ્ટસૂચક અપશુકન થવા લાગ્યા. ભાઇઓને યુધિષ્ઠિરે કહ્યું કે આપણે પણ ભીમની પાસે જઈએ. એમ કહી યુધિષ્ઠિરે ભાઈઓની સાથે જે માર્ગે ભીમ ગયો હતો તે રસ્તે પ્રયાણ કર્યું. રસ્તામાં ભયંકર નદી આવી, યુધિષ્ઠિરે કહ્યું કે ભીમ સિવાય નદી પાર કોણ કરાવશે? તે બધાને ચિંતાતુર

જોઈને અર્જુને કહ્યું કે આજ્ઞા આપો તો વિદ્યાઓનો ઉપયોગ કરું. યુધિષ્ઠિરે કહ્યું કે સામાન્ય કાર્ય માટે વિદ્યાઓનો ઉપયોગ કરવો તે ઉચિત નથી. યુધિષ્ઠિરે હિડંબાનું સ્મરણ કર્યું. એટલામાં યુધિષ્ઠિરે સહકુટુંબ સાથે ભીમને જોયો. યુધિષ્ઠિરે બાળક સહિત આવેલી હિડંબાને પૂછયું કે વત્સે! ભીમની આકૃતિવાળો આ બાળક કોણ છે? તેણીએ કહ્યું કે જ્યારે હું ગર્ભવતી હતી ત્યારે એકચક્રા નગરીથી આપની આજ્ઞા અનુસાર હું વનમાં ગઈ હતી. ઘેર ગયા બાદ પુત્રનો જન્મ થયો. જન્મ પછી જ્યોતિષિઓએ કહ્યું કે આ બાળક તેના પિતાના શત્રુઓનો ઉચ્છેદ કરશે. સંબંધીઓએ તેનું નામ ઘટોત્કચ રાખ્યું છે. થોડી કલાઓ શીખ્યો છે. બાકીની કલાઓ હવે શીખશે. પાંડવોએ પ્રેમથી તે બાળકને આલિંગન કર્યું. ત્યારબાદ તેણીએ કુંતી–દ્રૌપદીની સાથે સ્નેહપૂર્વક વાતો કરી. ત્યારબાદ વિલક્ષણ કમળવાળા સરોવરને જોઈ યુધિષ્ઠિરે હિડંબાને પોતાના સ્થાનમાં જવા માટે કહ્યું.

ભીમે સરોવરમાં પ્રવેશ કર્યો, તેમાંથી કમળના ફુલો લઈને દ્રૌપદીને આપ્યા. ફુલની પ્રાપ્તિથી દ્રૌપદીને આનંદ થયો. પણ જમણી આંખના ફરકવાથી તેનું મન ખૂબ જ દુઃખી થયું. યુધિષ્ઠિર પુન્નાગવૃક્ષની નીચે માતાની સેવા કરતા હતા. બીજા ત્રણ ભાઈઓ વનરાજી જોતા હતા. ભીમે સરોવરમાંથી કમળો લાવીને કિનારે ઊભેલી દ્રૌપદીને

આપતો હતો અને દ્રૌપદી લેતી હતી. ભીમ તરતાં તરતાં સરોવરની વચમાં પહોંચી ગયા અને ડુબકી મારીને સંતાઇ ગયા, ભીમ તો પાણીમાં ઘણા સમય સુધી ડુબકી મારીને પડી રહેતો હતો. પણ અત્યારે અધિક સમય થવાથી પાંડવો ઉદાસીન બન્યા, એટલામાં દ્રૌપદી રોવા લાગી. કુંતીએ જોરથી કહ્યું અર્જુન ! અર્જુન ! કોઈ ગ્રાહે (ઝુંડે) ભીમને પકડયો છે. કુંતીના વચનો સાંભળી અર્જુને પાણીમાં ડુબકી મારી, તે પણ ડુબી ગયો. એ પ્રમાણે નકુળ અને સહદેવ પણ ડુબી ગયાં. હાય ! વિધાતાએ આ શું કર્યું. આ પ્રમાણે ચિંતા કરતા યુધિષ્ઠિર કુંતીની સાથે દ્રૌપદીની પાસે આવ્યા. યુધિષ્ઠિરે કહ્યું કે માતાજી ! મારા ભાઈઓ એકાએક કેમ ડુબી ગયા છે ? મારા ભાઈઓ તો સમુદ્રને તરી જવાવાળા હતા. મને એમ લાગે છે કે કોઇ શત્રુએ તેમને રોકી રાખ્યા છે માટે હું જાઉં છુ અને શત્રુઓની પાસેથી મારા ભાઈ-ઓને છોડાવી લાવું છું. કુંતીએ પણ કહ્યું કે વત્સ ! તમે જઈને ભાઈઓને છોડાવી લાવો. અમારી પાસે પંચપરમેષ્ઠિનું સાધન છે, તમે અમારી ચિંતા કરશો નહિ. વત્સ ! પરમેષ્ઠિ નમસ્કાર કરીને જાઓ અને વિજયી બનીને ભાઇઓની સાથે અહિંઆ સુખરૂપ પાછા આવો. જ્યાં સુધી સૂર્યાસ્ત નહિ થાય ત્યાં સુધી તારા વિના અમે જીવતા રહી શકીશું.

ત્યારબાદ પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરીને યુધિ-

ફિરે સરોવરમાં પ્રવેશ કર્યો. પરંતુ તેઓ જલમાં જ રહી ગયા. ધીમે ધીમે સૂર્ય અસ્તાચળે પહોંચી ગયો. પાંડવો વિના માતા તથા પત્નીનું મુખ દુઃખથી મલીન થઇ ગયું. તે બંને મૂર્ચ્છિત બની ગઈ. જ્યારે દ્રૌપદી અત્યંત વિલાપ કરવા લાગી, ત્યારે કુંતીએ તેને આશ્વાસન આપવા માંડયું. અને કહ્યું કે કેવળી ભગવંતે કહ્યું છે કે તારા પુત્રો ફરીથી રાજ્ય કરશે.' મને લાગે છે કે મારા પુત્રો કોઇપણ આપત્તિમાં આવી ગયા છે, માટે આપણે તેમના રક્ષણ માટે ધ્યાનમાં બેસી જઇએ. કુંતીએ કહ્યું કે જો તીર્થંકર મારા દેવ હોય અને સુસાધુ મારા ગુરૂ હોય તો દેવતાઓ મારા પુત્રોના વિઘ્નો દૂર કરે. દ્રૌપદીએ પણ કહ્યું કે જો મન વચન અને કાયાથી મેં મારા શિયળનું રક્ષણ કર્યું હોય તો દેવતાઓ મારા પતિદેવોનું રક્ષણ કરે. આ પ્રમાણે કહીને બંને જણા કાયોત્સર્ગમાં પંચ પરમેષ્ઠિનું ધ્યાન ધરવા લાગ્યા.

તેઓનું ધ્યાન જોઈને વૃક્ષો તથા શ્વાપદ પણ સ્થિર બની ગયા. ધ્યાન અને તપના માહાત્મ્યથી રાક્ષસોએ પણ પ્રાણીઓનો સંહાર છોડી દીધો. રાત્રિ વિતિ ગઈ. અંધકારની સાથે તેઓના દુષ્કર્મ પણ નષ્ટ થઇ ગયા અને પુણ્યપ્રકાશ પ્રગટ થયો. કુંતી અને દ્રૌપદીના ધ્યાનની અડગતા જોવાને માટે સૂર્ય ઉદયાચલે આવી ગયો.

ત્યારબાદ એક પ્રહર દિવસ વ્યતિત થયા પછી આકાશમાંથી એક સુંદર વિમાન આવ્યું, તેમાંથી પાંડવોએ ઉતરીને હાથ જોડીને માતાને નમસ્કાર કર્યા. દિવ્યમૂર્તિધારી એક મનુષ્યે હાથ જોડીને કુંતીને કહ્યું કે કુંતી ! આપને ધર્મ ફળ્યો છે. આપના પુત્રો આપના ચરણમાં મસ્તક મુકીને ઉભા છે. કાયોત્સર્ગને છોડી કુંતીએ પુત્રોના અંગને સ્પર્શ કર્યો. કુંતીએ દ્રૌપદીનો હાથ પકડી કાઉસગ્ગ છોડાવ્યો. કુંતી પ્રસન્ન થઈ અને નાગકેશરના ઝાડ પાસે સપરિવાર જઈને બેઠી. કુંતીએ તે દેવ સ્વરૂપ મનુષ્યને પુત્રની વાત પુછી, તેણે આનંદથી બધો વૃત્તાંત કહ્યો.

હમણાં કોઈ મહર્ષિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. ત્યાં ઉત્સવ કરવા માટે ઇન્દ્ર આ રસ્તેથી જતો હતો; અહિંયા આવ્યા પછી તેમનું વિમાન સ્થંભિત થઈ ગયું. વિમાન થંભી જવાથી તેમને ખુબજ આશ્ચય થયું. આપ બંનેને કાઉસગ્ગમાં લીન બનેલા જોઇ ઈન્દ્રે મને કહ્યું કે પુત્ર તથા પતિના વિયોગથી દુઃખી બનીને આ બંને કાઉસગ્ગમાં બેઠા છે એટલે મારા વિમાનની ગતિ રોકાઇ ગઈ છે. "ગમેષિન્ ! આમાં એક પાંડવોની માતા છે. બીજી પાંડવોની પત્ની છે, આ બંનેનું માહાત્મ્ય જગતમાં પ્રસિદ્ધ છે. માટે તમો જઈને પાંડવોને છોડાવો, જેથી તેમના મનોરથો પૂર્ણ થાય, આ નાગરાજનું સરોવર છે. તેમાં કોઈ પ્રવેશ કરી શકતા નથી. ભીમે

પ્રવેશ કર્યો ને સર્પોએ પકડી લીધા છે. ત્યારબાદ એક પછી એણે ચારે ભાઈઓને નાગપાશથી બાંધી નાગપતિની સામે હાજર કર્યા, માટે સેનાપતિ! તમે જઈ પાંડવોને છોડાવો. પાંડવોનો પરિચય જાણીને નાગરાજ પણ પોતાના સેવકોની કાર્યવાહી ઉપર પશ્ચાતાપ કરશે.

ઇન્દ્રની આજ્ઞાથી હું નાગરાજની સામે હાજર થયો, પાંડવોનું નામ લેતાંની સાથે જ નાગપતિએ પોતે જઈને નાગપાશ છોડી નાંખ્યો, પોતાના આસનની સમાન આસન ઉપર આપના પુત્રોને બેસાડી નાગપતિએ કહ્યું કે આપ મારી ઉપર ક્રોધ કરશો નહિ, નાગપતિએ એક મણિમાળા આપી, અને દ્રૌપદીના માટે કર્ણભૂષણ તરીકે બે લીલા કમળ આપ્યા, ત્યારબાદ તમારા પુત્રોની પ્રશંસા કરી, નાગરાજે પાતાલમાં રહેવા માટે પાંચે ભાઇઓને આગ્રહ કર્યો, પરંતુ પાંડવોએ માતા તથા પત્નીની ચિંતાથી તેમના આગ્રહને માન્ય કર્યો નહિ, નાગરાજે આપના પુત્રોને વિદાયગિરિ આપીને કહ્યું કે અર્જુન અને કર્ણનું યુદ્ધ જ્યારે થશે, ત્યારે શંખચૂડ વિગેરે અર્જુનની સેવા કરશે. ત્યારબાદ આપના પુત્રો ત્યાંથી નીકળ્યા કુંતી! આપના તપથી પ્રસન્ન થયેલા ઇન્દ્રની આજ્ઞાથી મેં આપના પાંચે પુત્રો આપને સુપ્રત કર્યા છે, હવે આપને જ્યાં જવાની ઇચ્છા હોય તે મને કહેો, કુંતીએ તે દેવને ફરીથી દ્વતવનમાં મૂકી જવા માટે કહ્યું તેઓને દ્વતવનમાં મુકી કુંતીની રજા લઈ

નગમેષિ દેવ ચાલ્યેા ગયેા, યુધિષ્ઠિર પાંચ વર્ષ પછી ફરીથી દ્વૈતવનમાં આવ્યા, મણિમાળા યુધિષ્ઠિરે પહેરી અને લીલા કમલ દ્રૌપદીને પહેરાવ્યા. માતા તથા પત્ની સહિત ભાઇઓની સાથે યુધિષ્ઠિર આનંદપૂર્વક દ્વૈતવનમાં રહેવા લાગ્યા.

આઠમેા સર્ગ સંપૂર્ણ :

સર્ગ : ૯મો

પાંડવો દ્વૈતવનમાં અનેક પ્રકારે ધર્મારાધન દ્વારા પુણ્યોપાર્જન કરી રહ્યા હતા, એક દિવસ દુર્યોધનની સ્ત્રી ભાનુમતી ત્યાં આવી પહોંચી, દૂરથી જોઈ દ્રૌપદી તેણીને લેવા માટે ગઇ, અત્યંત દુઃખી હાલતમાં આવેલી ભાનુમતીએ કુંતી અને યુધિષ્ઠિરને પ્રણામ કર્યા, ભીમ વિગેરેની સાથે ઉચિત વહેવાર કર્યો, દ્રૌપદીએ બેસવા માટે આસન આપ્યું. આસન ઉપર બેસીને ભાનુમતી રાજ્ઞની સામે પોતાની સાડીના પાલવને બે હાથે પકડીને ખોળો ધરી, મુખ નીચુ કરીને બેઠી, તેણી બોલવાનો પ્રયત્ન કરતી હતી, પરંતુ નયનો ઉપર આંસુઓના તોરણ બંધાતા હતા, ગળુ રૂંધાતું હતું, તેથી તે બોલી શકતી નહોતી, સતત રડવાથી મુક્તામણિ કણીઆની જેમ અશ્રુબિંદુઓથી ખોળો ભરાઈ ગયો હતો, યુધિષ્ઠિરે પૂછયું વત્સે ! તારી ઉપર શું દુઃખ આવી પડયું છે ? તેણી જોરથી રડવા લાગી, જ્યારે કુંતીએ તેણીને ખૂબ જ આશ્વાસન આપ્યું, ત્યારે તે ધીરે ધીરે શાંત થઈ, દ્રૌપદીએ વલ્કલથી તેણીના આંસુઓ લુછી નાખ્યા,

યુધિષ્ઠિરે કહ્યું કે વત્સે ! મારી સામે ખોળો કેમ પાથર્યો છે, ત્યારે તેણીએ કહ્યું કે--

દેવ ! તમારી પાસે મારા પતિની ભીક્ષા માગવા માટે મેં ખોળો પાથર્યો છે. યુધિષ્ઠિરે પૂછ્યું કે દુર્યોધન ઉપર વિપત્તિ આવી છે કે શું ? ત્યારે તેણીએ કહ્યું કે દેવ ! ગોકુળોને જોવા માટે આપના ભાઈ દ્વૈતવનની ભૂમિમાં આવ્યા હતા, તેમણે રહેવા માટે સ્થાન મેળવવા લોકોને કહ્યું ત્યારે લોકોએ કહ્યું કે દેવ ! નંદનવન સમાન આ સુંદર વન છે, તેની અંદર દેવભવન સમાન મહેલ પણ છે. પરંતુ ત્યાંના રક્ષકો કોઇને પ્રવેશ કરવા દેતા નથી, ત્યારે આપના ભાઈ એ કહ્યું કે જે કોઈ રોકે તેને મારી નાખો, ત્યારે સૈનિકોએ તે વનરક્ષકોને પકડી તે ભૂમિ ઉપર અધિકાર જમાવી તમારા ભાઇ તે મહેલમાં રહેવા લાગ્યા, તે મહેલની આજુબાજુમાં કર્ણ, દુઃશાસન વિગેરે ચંદ્રની ફરતા જેમ ગ્રહો રહે છે તેમ રહેવા લાગ્યા.

ત્યારબાદ નંદનવનમાં ઈન્દ્રની સમાન વૃક્ષની શ્રેણીઓથી મનોરમ્ય તે વનમાં આપના ભાઈ સ્વેચ્છાએ વિહાર કરવા લાગ્યા, કમલિની વનને હાથી જેવી રીતે ખેદાનમેદાન કરી નાખે છે તેવી રીતે તે સનિકો પણ 'કવચ, કવચ' તરકસ, તરકસ,'ધનુષ્ય, ધનુષ્ય બોલવા લાગ્યા, હાથી ઘોડા ઉપર સ્વાર થઇને વિદ્યાધરોની સાથે યુદ્ધ કરવા તૈયાર થઇ ગયા, તેઓએ વિદ્યાધરોને પડકાર કરી, તેઓની ઉપર શસ્ત્રોનો મારો ચલાવ્યો, જ્યારે વિદ્યાધરોએ

બાણોનો વરસાદ વરસાવ્યો ત્યારે અમારી સેનાનું નામ નિશાન રહ્યું નહીં.

ત્યારબાદ સોમદત્ત, કલિંગેશ, ભગદત્ત, જયદ્રથ, વિશલ્ય, ભૂરિશ્રવા, ચિત્રસેન, બૃહદ્બલ, સુશર્મા, કૃતવર્મા તથા બીજા પણ રાજાઓએ વિદ્યાધરોથી યુદ્ધ કર્યું.

વિદ્યાધરોએ મોહાસ્ત્રનો પ્રયોગ કર્યો, જેનાથી બધા રાજાઓએ મોહિત થઈને પોતાના અસ્ત્રોને હાથમાંથી નીચે ફેંકી દીધા, તે રાજાઓનો પરાજય સાંભળી ઉન્મત્ત બનેલો કર્ણ લડવા માટે તૈયાર થયો, વિદ્યાધરાધીશે કહ્યું કે હે કર્ણ ! તું ગાંડીવધારી, અર્જુનની સાથે સ્પર્ધા કરે છે. તો હું આજે તારૂં પરાક્રમ જોવા તૈયાર છું. ત્યારબાદ કર્ણના શસ્ત્રસંધાનને જોઈ વિદ્યાધરાધીશ થોડીવાર સુધી આશ્ચર્ય અનુભવવા લાગ્યા. પરંતુ વિદ્યાધરાધીશે પોતાનું કૌશલ્ય બતાવી કર્ણને આશ્ચર્યચકિત કરી નાખ્યો. તે બંનેનું મહાયુદ્ધ જોવાલાયક હતું. ત્યારબાદ વિદ્યાધરાધીશના બાણથી ઘાયલ થએલો કર્ણ યુદ્ધભૂમિ છોડીને ભાગી ગયો.

કર્ણના ભાગવાથી આપના ભાઈઓએ બધા ભાઇઓ તથા મામાની સાથે વિદ્યાધરોને યુદ્ધનું આહ્વાન કર્યું. વિદ્યાધરોએ હસીને કહ્યું કે હે દુર્યોધન ! આ તારૂં કેવું અભિમાન છે ? જેનાથી તેં મારા ઉદ્યાન અને મહેલ ઉપર તારો અધિકાર જમાવ્યો છે, તારા આ મદની દવા મારા બાણોથી હમણાં કરૂં છું, ત્યારબાદ તમારા ભાઇએ કહ્યું

કે નીચ વિદ્યાધર આ પ્રમાણે બોલવાથી શું ? જેનામાં શક્તિ છે તેનું રાજ્ય છે, તે વાતને તું નથી જાણતો ? હમણાં તો મેં તારૂં ઉદ્યાન અને મહેલ લીધાં છે, તમે અહિં ઉભા રહેશો તો તમારૂં જીવન પણ લઇ લઇશ. આ પ્રમાણે કહીને તમારા ભાઇએ તે વિદ્યાધર ઉપર બાણોનો પ્રહાર શરૂ કર્યો. તમારી કુલ મર્યાદા છે કે વિદ્યાધરોની ઉપેક્ષા નહિ કરવી જોઇએ, તે વિદ્યાધર પણ તમામ પ્રકારના શસ્ત્રોથી યુદ્ધ કરવા લાગ્યો. તમારા ભાઇના બાણોના પ્રહારથી વિદ્યાધરની સેના ભયભીત બનીને ભાગી ગઇ. જ્યારે તે વિદ્યાધરાધીશ એકલો રહ્યો ત્યારે બંધુઓ સહિત તમારા ભાઈએ તેની ઉપર આક્રમણ કર્યું. ત્યારપછી વિદ્યાધરની બીજી સેના આવી ગઈ અને તમારા ભાઈઓને ચારે તરફથી ઘેરી લઇને પકડી લીધા, અને એક જ સાંકળમાં બધાને બાંધ્યા, પાયદળની સાથે આપના બધા ભાઈઓને લઇને વિદ્યાધરેન્દ્ર પોતાના મહેલમાં ચાલ્યો ગયો, રાજાઓની સાથે પોતે લક્ષ્મીનો ઉપભોગ કરતો આનંદમાં રહે છે. જ્યારે તમારા ભાઈ-ઓને તેણે તડકામાં ઊભા રાખ્યા છે.

પતિ અને મારા દિયરોની દશા જોઈને હું યુદ્ધ સ્થળમાં ગઈ અને દુઃખી બનેલા તે રાજાઓને પૂછયું કે તમારી વીરતા કયાં ચાલી ગઇ, બીજાની તો શું વાત કરવી ? ખુદ કર્ણે મૌન ધારણ કર્યું, આ સમાચાર જાણીને ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય પણ ધતરાષ્ટ્રની ઉપર રાજ્યભાર

સુપ્રત કરીને જલ્દીથી અહિં આવી ગયા, તેમના પગ પકડીને હું રોવા લાગી. ત્યારે ભીષ્મે મને કહ્યું કે વત્સે! તું રડીશ નહિ, આ પ્રમાણે ભવિતવ્યતાનો યોગ હશે નહિતર મારા ના કહેવા છતાં પણ દુર્યોધન અહિં શા માટે આવે? હમણાં પણ તારા પતિને કોઈ છોડાવી શકે તેમ નથી, તું યુધિષ્ઠિરની પાસે જા. તે દુર્યોધનના અપકારોને ભુલી જઇ અવશ્ય ઉપકાર કરશે, તેમની વાત સાંભળીને હું સીધી અહિં આવી છું, હવે તે વિદ્યાધર પણ પોતાના નગરમાં જવાના છે, હવે આપને જેમ ઠીક લાગે તેમ કરો, આ નુકસાન તો આપને જ થવાનું છે.

ભાનુમતીના વચનોને સાંભળી ભીમે ધીરેથી દ્રૌપદીને કહ્યું કે તારા વાળ ખેંચવાનું ફળ તેના ભાગ્યથી દુર્યોધનને મળી ગયું છે. હજુપણ રાજા તેના પ્રત્યે લાગણી બતાવે નહિ તો અમારૂં કાર્ય સફળ બની જાય, પ્રિયંવદની વાતોને રાજા કેમ ભૂલી જાય છે? ત્યારબાદ યુધિષ્ઠિરે ભાનુમતીને કહ્યું કે વત્સે! મારા ભાઇની ઉપર આ કેવી આપત્તિ આવી ગઈ? મારા ભાઈને અવશ્ય છોડાવીશ, તે બંધનમાં હોવાથી મને ખુબ જ દુઃખ થાય છે. આ પ્રમાણે ભાનુમતીને આશ્વાસન આપી ભીમ અને દ્રૌપદીની સામે યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું કે કોઈ પાપી વિદ્યાધરે દુર્યોધનને બાંધી રાખ્યો છે માટે વત્સ! તું જઈને દુર્યોધનને છોડાવી દે. ભીમે કહ્યું રાજન્! આપ દુર્યોધને કરેલા અપકારને કેમ ભુલી ગયા! ભાગ્યથી

આપણું ભલું થાય છે તેને પણ આપ થવા દેતા નથી. ઝેર પાણીમાં ફેંકવું, જુગાર, વાળ ખેંચવા, આ બનાવોને આપ એકી સાથે ભુલી ગયા !

યુધિષ્ઠિરે ભીમને સમજાવીને કહ્યું કે ભાઇઓને આપત્તિના સમયમાં બચાવવા તે આપણું કાર્ય છે. સજ્જન પુરૂષો પોતાના આત્મિયજનોના સંકટને સહન નથી કરી શકતા. સૂર્ય પણ પગલેપગલે કમળની પણ વિપત્તિને દૂર કરે છે. પોતાના કુળનું રક્ષણ પણ કુલીનોને માટે આવશ્યક છે, જ્યાં સુધી વેરભાવ છે ત્યાં સુધી. તે 'સો' ભાઈ છે જ્યારે આપણે પાંચ ભાઈ છીએ, પરંતુ બીજાની સાથે વિરોધમાં આપણે એકસોને પાંચ ભાઈઓ છીએ. માટે અર્જુને જઈ દુર્યોધન વિગેરેને છોડાવી દેવા જોઈએ. ભાઇઓ ઉપર ઉપકાર કરવાનો ફરીથી આવો અવસર પ્રાપ્ત નહિ થાય.

ભાઇની આજ્ઞા મેળવી અર્જુને ઇન્દ્રનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાંની સાથે ઇંદ્રે પોતાની વૈમાનીકી સેના સહિત ચંદ્રશેખરને મોકલી આપ્યો. મોટાઓને પ્રણામ કરી વિમાનમાં બેસી વિદ્યાધરોને સાથે લઈ અર્જુને પ્રસ્થાન કર્યું. અર્જુનના સૈનિકોએ દૂરથી યોદ્ધાથી અલંકૃત વિમાનોને ઉપર જતાં જોયા. તેઓની વચમાં દુર્યોધનને બંધન અવસ્થામાં જોઈને અર્જુન દોડયો. અર્જુનના સૈનિકોએ તે વિદ્યાધરોને પડકાર્યા અને કહ્યું કે ઉભા રહો, ઉભા રહો. દુર્યોધનનો ભાઈ તમારી પાછળ આવી રહ્યો છે

તેના વચનો વિદ્યાધરોને ઝેરની સમાન અને દુર્યોધનને અમૃત સમાન લાગ્યા. ત્યારબાદ બંન્ને સેનાઓનું ભયંકર યુદ્ધ થયું. અર્જુને જ્યારે દુર્યોધનને જોયો ત્યારે તે ખુબ જ લજ્જાળુ બની ગયો, તે પોતાના ભાગ્યની પાસે મૃત્યુની માંગણી કરવા લાગ્યો. દુર્યોધન જ્યારે મનમાં મૃત્યુની માંગણી કરતો હતો ત્યારે વિદ્યાધરે અર્જુનને જોયો. યુદ્ધને રોકી દુર્યોધનની સામે તે વિદ્યાધર અર્જુનના પગે પડ્યો. અર્જુને તેને આલિંગન કર્યું. નીચે આસન ઉપર બેઠેલા તે વિદ્યાધરને દુર્યોધનની સામે અર્જુને જોરથી પૂછયું કે ચિત્રાંગદ ! આ શું વાત છે ?

કુમાર ! આપની વિદાય લઈને જ્યારે હું મારા નગરમાં જતો હતો ત્યારે રસ્તામાં નારદજી મળ્યા. તેમને મેં પ્રણામ કર્યા. તેઓએ મને પૂછયું, કે ચિત્રાંગદ ! આજે ઘણા દિવસ પછી મળ્યો. અને મને મળવાને માટે તારૂ મન આટલું ઉત્કંઠ કેમ છે ? મેં તેમને કહ્યું કે ભગવાન ! આદિનાથ પ્રભુની પૂજા કરવાના માટે હું ઈન્દ્રકીલપર્વત ઉપર ગયો હતો ત્યાં કિરાતવિજયથી ફેલાએલી અર્જુનની ગુણગાથાઓને સાંભળી તેમના દર્શન કરવાને માટે રથનુપુર નગરમાં ગયો ત્યાં તેમને જોઈ મારા ભાઈઓને ભુલી ગયો. તેઓએ મને ધનુર્વિદ્યા શીખવાડી, એ પ્રમાણે સેંકડો વિદ્યાધર તેમના શિષ્ય બની ગયા. તેમના શિષ્યોમાં મારા ઉપર તેમનો અધિક પ્રેમ હતો. હમણાં તેઓ પોતાના ભાઈઓને મળવા ગયા

અને હું તેમની આજ્ઞા લઈને મારા નગરમાં જઇ રહ્યો છું. નારદજી હસતાં હસતાં મને કહ્યું કે ચિત્રાંગદ! બંધુઓ સહિત તારા ગુરૂને મારવા માટે દુર્યોધન જઈ રહ્યો છે. હમણાં તેનો પ્રતિકાર નહિ કરે તો પછીથી તારે શોક કરવો પડશે એટલામાં મારા અનુચરોએ આવી મને કહ્યું કે દુર્યોધને આપના ક્રીડાવનને નષ્ટ કરી નાંખ્યું છે, ક્રોધથી મેં તેની સાથે યુદ્ધ કરી તેને પકડી બાંધી રાખ્યો છે.

અર્જુને કહ્યું કે ચિત્રાંગદ! ભાનુમતીના વિલાપથી દુઃખી થઇને રાજાએ દુર્યોધનને છોડાવાનો આદેશ આપ્યો છે, તે બંનેની વાતો સાંભળી દુર્યોધન ખુબ જ દુઃખી થયો. ચિત્રાંગદ પાસેથી દુર્યોધનને છોડાવી ચિત્રાંગદની સાથે અર્જુન યુધિષ્ઠિરની પાસે આવ્યો, વિમાનમાંથી ઉતરીને બધાએ યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. દુર્યોધન યુધિષ્ઠિરને પ્રણામ કરવાની ઇચ્છા રાખતો નહતો પણ વિદ્યાધર દુર્યોધનને ખેંચી યુધિષ્ઠિરની પાસે લઈ આવ્યો.

રાજાએ પ્રેમથી દુર્યોધનને આલિંગન કરીને કહ્યું કે ચિંતા કરવાની વાત નથી. શું તેજસ્વીઓને પણ બંધન નથી હોતા? સૂર્યચંદ્રને પણ રાહુનું ગ્રહણ હોય છે. રાજાએ સત્કાર કરીને ભાઈઓ સહિત દુર્યોધનને વિદાય કર્યો. દુર્યોધન મનમાં દુઃખી થતો હતો, રાજાએ ચિત્રાંગદ તથા ચંદ્રશેખરને સત્કાર કરીને વિદાયગીરી આપી. ત્યારબાદ પોતાના ભાઇઓની સાથે યુધિષ્ઠિર સુખપૂર્વક રહેવા લાગ્યા.

એકદિવસ સેના સહિત દ્વૈતવનમાંથી જતા જયદ્રથે પાંડવોને જોયા, તેણે આવી કુંતીને પ્રણામ કર્યા. જમાઈ સમજીને કુંતીએ આદરમાનથી જયદ્રથને થોડા દિવસ રહેવાને માટે કહ્યું. અર્જુને માતાની આજ્ઞાથી વિદ્યાનો ઉપયોગ કરી જયદ્રથનો સુંદર રસવતીથી સત્કાર કર્યો.

એકદિવસ બધા પાંડવો બહાર ગયા હતા, એટલામાં એકાન્ત જોઈને રાવણે જેમ સીતાજીનું હરણ કર્યું હતું, તેવી રીતે જયદ્રથે દ્રૌપદીનું હરણ કર્યું, દુરાત્માઓનો સત્કાર ગમે તેટલો કરવામાં આવે તો પણ તેઓ પોતાનો સ્વભાવ છોડતા નથી, અમૃત પીવડાવવા છતાં સાપ કરડવાની ટેવ છોડતો નથી, પાંચે પાંડવોના નામ દઈને દ્રૌપદી જોરથી રડવા લાગી, રડવાનો અવાજ સાંભળી નજીકમાં રહેલા ભીમ અને અર્જુન દોડયા. કુંતીએ બંને ભાઈઓને કહ્યું કે દુઃશલ્યાને વૈધવ્ય પ્રાપ્ત ન થાય એટલા માટે જયદ્રથને મારતા નહિ, તે બન્નેને આવતા જોઈને જયદ્રથ યુદ્ધને માટે તૈયાર થઈ ગયો, ભીમે ગદાથી તેના હાથીને મારી નાખ્યો, સેના ભાગી ગઈ, અર્જુને પોતાના ઉત્તરીય વસ્ત્રથી ચોરની જેમ જયદ્રથને બાંધી લીધો, ભીમે અર્જુનના બાણમાંથી ભાલો લઈને જયદ્રથના મસ્તકને પાંચ વાળ રાખીને મુંડી નાખ્યું, દ્રૌપદીને છોડાવી ભીમે તેને કહ્યું કે નીચ! માતાની આજ્ઞાથી તને જીવતો છોડું છું, લજ્જાને ધારણ કરતા જયદ્રથે કહ્યું કે વૃકોદર! આ પાંચ શિખાઓ તમારા

પાંચે માટે ધૂમકેતુ બનશે. આ પ્રમાણે કહીને જયદ્રથ ચાલ્યો ગયો, અને ભીમ અર્જુન પણ દ્રૌપદીને લઈ યુધિષ્ઠિરની પાસે આવ્યા.

એક દિવસ પાંડવોની પાસે નારદજી આવ્યા, પાંડવોએ ભક્તિભાવથી તેમને પ્રણામ કર્યા. ભીમે નારદજીને પૂછયું કે આપ હમણાં કયાંથી પધારો છો ? ખુશી થઈને નારદજીએ કહ્યું કે અહિંથી ગયા બાદ દુર્યોધને શું કર્યું છે તે કહેવા માટે હું હમણાં અહિં આવ્યો છું. ભીમે હસીને કહ્યું કે મુનિરાજ ! દુર્યોધન અહિંથી કેવી રીતે ગયો ? અને ત્યાં જઇને તેણે શું કર્યું ? નારદજીએ કહ્યું કે દુઃશાસનના બંને હાથ રાખીને દુર્યોધન જ્યારે અહિંથી ગયો ત્યારે રસ્તામાં ભાઈ ઓના શરીરમાં સાંકળની શૃંખલાઓના ઘા જોઈ ખુબ જ દુઃખી થયો. અર્ધા રસ્તે એક ઝાડ નીચે દુઃશાસને દુર્યોધનને બેસાડયો એટલામાં કર્ણ પણ ત્યાં આવ્યો, અને દુર્યોધનને ખુબ જ આશ્વાસન આપતા કહેવા લાગ્યો કે ચિત્રાંગદના પંજામાંથી છુટવું તે સામાન્ય બાબત નથી. દુર્યોધને કહ્યું કે સુતપુત્ર ! તને તો જન્મથી જ અપમાન સહન કરવાની ટેવ પડી ગઇ છે. માટે તારા માટે નવી કોઈ વાત નથી પરંતુ જીવનમાં પ્રથમવાર અપમાનિત થવાથી મને તો જીવવું પણ નકામું થઈ પડયું છે. વળી તેણે કહ્યું કે ચિત્રાંગદના બંધન કરતાં પણ અર્જુન દ્વારા થયેલા છુટકારાનું દુઃખ મને વધારે છે. કર્ણે કહ્યું કે આટલા માટે દુઃખી થવાની

જરૂર નથી. પાંડવો તો આપના રાજ્યમાં વસે છે. સ્વામિનું રક્ષણ કરવું એ તો સેવકની ફરજ છે, માટે આપ તે દુઃખને ભુલી જાવ. એટલામાં શિબીરના બધા રાજાઓ પણ ત્યાં આવી ગયાં. અને તેઓએ નગરમાં દુર્યોધનનો પ્રવેશ કરાવ્યો. ત્યાર બાદ ઉદાસ બનીને દુર્યોધને ઘણા દિવસો વ્યતિત કર્યા.

એક દિવસ ઉત્સાહમાં આવી મંત્રિઓ દ્વારા દુર્યોધને હસ્તિનાપુરમાં ઘોષણા કરાવી કે જે શુરવીર શસ્ત્રાશસ્ત્રથી, મંત્રતંત્રથી સાત દિવસની અંદર મારા શત્રુ પાંડવોને મારશે તેને રાજા દુર્યોધન હાથીઓ સહિત મનોરમ્ય અર્ધું રાજ્ય આપશે, એટલામાં પુરોચનનો સહોદરભાઈ કુર સુરોચન દુર્યોધનની પાસે આવ્યો અને પોતાની શક્તિનો પરિચય આપ્યો, અને કહ્યું કે મેં પહેલાં કૃત્યા રાક્ષસની આરાધના કરી હતી. ક્રોધિત બનીને તે કૃત્યા રાક્ષસી છ ખંડ પૃથ્વીનો નાશ કરવાની તાકાત ધરાવે છે તો પાંડવોની તો વાત જ શું કરવી ? દુર્યોધન તેની ઉપર ખુબ જ પ્રસન્ન થયો. તે સુરોચન કૃત્યાની આરાધના કરવા પોતાના ઘેર ગયો તે કૃત્યા ભંયકર છે. તેનો પ્રભાવ ત્રણે લોકમાં વિખ્યાત છે. અને સુરોચને પણ વિદ્યાઓની સાધના કરી છે. માટે આપ લોકોને સાવચેત કરવા માટે હું અહિંયા આવ્યો છું. આપ સર્વે સાવધાન થઇને રહેજો.

આ પ્રમાણે કહીને નારદજી ચાલ્યા ગયા, ત્યારે ભીમે મોટાભાઇને કહ્યું કે કૃત્યાને આવવા દો! મારી ગદાથી

હું તેના ચુરેચુરા કરી નાખીશ. યુધિષ્ઠિરે કહ્યું કે તે વાત તો ઠીક છે પરંતુ કૃત્યા આવશે ત્યારે તું તેને મારીશ ને? રાક્ષસજાતિ ભયંકર ખરાબ અને નીચ હોય છે. અનેક પ્રકારના કપટો કરવાવાળી જાત છે, માટે હું જે કહું છું તે તમે બધા સાવચેતીથી સાંભળો, વિપત્તિઓ કર્મોથી આવે છે? માટે કર્મોનું નિર્મૂલન કરવાને માટે આપણે ધર્મારાધના કરવી જોઇએ.

યુધિષ્ઠિરના ઉપદેશને માની બધા ધર્મારાધન કરવામાં લીન બન્યા. સાત દિવસને માટે તેઓએ અશન, સ્વાદિમ, ખાદિમ, વગેરે ત્રણે પ્રકારના ઉત્તમ આહારનો ત્યાગ કર્યો. ઝુંપડીની બહાર નિર્જન ભૂમિમાં તે બધાએ પંચ પરમેષ્ઠિનું ધ્યાન પૂર્વક સ્મરણ ચાલુ કર્યું, ઉત્કટિકા, ગોદોહાસને બેસીને ઇન્દ્રિઓનું દમન કરવા પૂર્વક તેઓએ કર્મોનો ક્ષયોપશમ કર્યો. એ પ્રમાણે તેમના છ દિવસ વ્યતિત થયા.

એક દિવસ પાંડવોએ ચારે તરફ ધૂળ ઉડાડતા હાથી ઘોડાને આવતા જોયા, હાથમાં વેણુલતાને ધારણ કરેલ કુર દેખાવવાળાઓએ ઝુંપડીના દ્વાર ઉપર આવીને કહ્યું કે વનેચરગણ! તમે લોકો જલ્દીથી આ સ્થાનને છોડી બીજે ચાલ્યા જાઓ, અહિંઆ ધર્માવતંસ રાજાનો નિવાસ થશે, ભીમે ક્રોધમાં આવી તેને કહ્યું કે અમોને અહીંથી જવાનું કહેનાર કોણ છે? કોની ઉપર કાલચક્ર ફરી રહ્યું છે? આ પ્રમાણે કહેતા ભીમે ગળે હાથ

ભીડાવીને તેને બહાર કાઢી મૂકયેા. ત્યારબાદ તે લેાકેાએ સેનાની સાથે આવી પાંડવેાને ચારે તરફથી ઘેરી લીધા. પાંડવેાએ પણ શસ્ત્રાશસ્ત્ર ધારણ કર્યા, થેાડીવારમાં તેમની સેના ભાગી નીકળી.

પાંડવેા જ્યારે લડવાને માટે ગયા હતા ત્યારે પાછળથી રાજચિન્હેાથી યુક્ત એક પુરૂષે ઝુંપડીમાં પ્રવેશ કર્યેા, કુન્તીદ્રૌપદી તેમને જોઈને ગભરાઈ ગઈ, પાંડવેા નહિ હેાવાથી ભયભીત બનેલ બન્ને જણાં આંખેા બંધ કરીને હૃદયમાં જિનેશ્વરનું સ્મરણ કરવા લાગ્યા.

તે રાજાએ બલાત્કારથી દ્રૌપદીને પકડીને ઘેાડા ઉપર બેસાડી દીધી અને પેાતે બીજા ઘેાડા ઉપર બેસી દ્રૌપદીને લઇને ચાલ્યેા, દ્રૌપદીનું કરૂણ આક્રંદ પાંડવેાએ સાંભળી સેનાને છેાડી. પાંડવેા પેાતાની સ્ત્રીનું હરણ કરનાર તે રાજાની તરફ દેાડયા, તે રાજા જલ્દીથી સેનામાં ભળી ગયેા. અર્જુને તેની ઉપર બાણનેા મારેા ચલાવ્યેા, તેણે ચાબુકથી દ્રૌપદીને મારવા માંડી, એટલામાં ભાગ્યવશાત્ પાંડવેાને અતિશય તરસ લાગી, યુધિષ્ઠિર અત્યંત કલાન્ત બની ગયા, તેમણે ભાઈઓને કહ્યું કે મને ખુબ જ તરસ લાગી છે, અહિંથી થેાડે દૂર એક સરેાવર દેખાય છે, ત્યાંથી પાણી લાવી આપેા, ત્યાં સુધી તે રાજાપણ આપણને જોઈ વિલંબ કરશે, પાણી પીધા પછી હું શત્રુઓને મારી પ્રિયાને લઈ આવીશ, આ પ્રમાણે કહીને યુધિષ્ઠિરે નકુલ અને સહદેવને પાણી લાવવા માટે સરેાવરે મેાકલ્યા, ત્યાં

જઈને તે બન્ને જણાએ પાણી પીધું અને કમળપત્રમાં લઈને આવતા તે બન્ને મુર્ચ્છિત થઈને પડી ગયા, આવી સ્થિતિ જ્યારે ભીમ તથા અર્જુનની થઈ ત્યારે યુધિષ્ઠિર પોતે ગયા, ત્યાં જઇને જુએ છે તો તે બધાને બેભાન અવસ્થામાં જોયા અને બધાનું નામ લઈને વિલાપ કરવા લાગ્યા, એટલામાં એક ભીલે આવી યુધિષ્ઠિરને કહ્યું કે હે કાયર પુરૂષ! કોઈ તમારી સ્ત્રીને ચાબુકથી મારી રહેલ છે, તેણી આર્યપુત્ર! આર્યપુત્ર! કહીને બોલાવી રહી છે. સરોવરના પવનનો સ્પર્શ થતાંની સાથે તારા ભાઇઓ સ્વસ્થતા મેળવશે માટે તું શત્રુને મારી તારી પત્નીને બચાવી લે, કારણ કે સ્ત્રીનું રક્ષણ નહિ કરનાર પુરૂષને માટે મોટું કલંક છે. તેના વચનથી યુધિષ્ઠિરને ઘણો ક્રોધ આવ્યો, પાણી પીને દોડતા યુધિષ્ઠિર ભાઈની પાસે પડી ગયા, તેમની મુર્છા એટલી બધી ખરાબ હતી કે વ્યોમ–વિહારીઓએ પણ તેમનું મૃત્યુ થયાનો નિશ્ચય કર્યો. તેમને મુર્ચ્છિત જોઇને જંગલી પ્રાણીઓએ પણ ખાવા પીવાનું છોડી દીધું, થોડીવારમાં ચારે ભાઈ ઓની આંખો ખૂલી ગઈ અને શુદ્ધિમાં આવ્યા.

તે લોકોએ કમલિની પત્રમાં પાણીને લઈ રત્નમાળાથી પવિત્ર બનાવી તે પાણી છાંટતી દ્રૌપદીને જોઈ. વસ્ત્રના છેડાથી હવા નાખતી અને અશ્રુજલથી સીંચતી કુન્તી માતાને જોઈ, તે લોકોએ દ્રૌપદીએ પૂછયું કે જેણે તારૂં અપહરણ કર્યું હતું તે રાજા કયાં ગયા? દ્રૌપદીએ

બધાની સમક્ષ તે રાજાને કહ્યું કે જ્યારે આપ પાણી પીવા માટે સરોવર આવ્યા ત્યાર બાદ તે રાજા કે તેની સેના જોવામાં આવી નથી. જંગલમાં ફક્ત હું એકલી હતી અને ગભરાતી જંગલમાં ભટકતી હતી, એટલામાં હાથમાં પાંચ છ બાણ તથા એક જીર્ણ ધનુષ્યને ધારણ કરેલ એક ભીલે આવી મને કહ્યું કે ભદ્ર ! તું આ નિર્જન વનમાં એકલી કેમ ફરે છે ? ભદ્રંકર આકૃતિવાળા તારા પતિ અહિંઆ છે, તેણે આપ લોકોની પાસે મને તથા કુન્તીમાતાને લાવી મુકયા, અમે બન્ને જણે તમોને મૂર્ચ્છિત જોઈને વિલાપ કર્યો. એટલામાં કિલકારી શબ્દ સાંભળવામાં આવ્યો.

ત્યાર બાદ ભયંકર દાંતવાળી, પીળી આંખો, પીળા વાળવાળી, અત્યંત કાળા રંગવાળી, ભયંકર શબ્દોથી કાનના પડદાને ચીરતી આકાશ માર્ગેથી આવતી એક રાક્ષસીને અમે બન્ને જણાએ જોઈ, તે ભીલ પણ અમને બન્નેને ભયભીત જોઈ રાક્ષસીના ભયથી આજુબાજુમાં છુપાઇ ગયો, અમે બન્નેએ નિશ્ચય કર્યો કે આ તે કૃત્યા રાક્ષસી છે, તે રાક્ષસેશ્વરીએ આવી આપ લોકોને મરેલા જોઈ દુઃખી બનીને બીજી રાક્ષસીને કહ્યું પીંગલે ! તે દુષ્ટ બ્રાહ્મણે તો મરેલા પાંડવોને મારવા માટે મને મોકલી છે, તું જઈને બરાબર જોઇલે કે એ લોકો વાસ્તવિક મરેલા છે કે કપટથી મરેલા દેખાય છે ? સ્વામિનીના વચનને માની જ્યારે તે પીંગલા આપ લોકોને ઉલટા

સુલટા કરીને જોઈ રહી હતી ત્યારે ભીલે કહ્યું કે પીંગલે! તારે મૃતકનો સ્પર્શ કરવો ઠીક નથી, આ લોકો તો સરોવરમાં ઝેર પીને મરી ગયા છે, આ પાંડવો જો જીવતા હોત તો શત્રુઓનો અવશ્ય તેઓએ નાશ કર્યો હોત, પીંગલાએ રાક્ષસીને કહ્યું કે આપણને ઠગનાર તે બ્રાહ્મણને જઇને મારી નાખો નહિતર મંત્ર પ્રયોગ નિષ્ફળ જશે, પીંગલાના વચનો સાંભળી તે રાક્ષસી આકાશ માર્ગે પાછી ચાલી ગઈ.

તેણીના ગયા બાદ માતાજીની સાથે આપની પાસે આવી અને જોરથી રડવા લાગી, એટલામાં તે ભીલે આવીને કહ્યું કે રાજાના ગળામાંથી રત્નમાળા કાઢી પાણીમાં નાખી તે પાણીનો તેમને છંટકાવ કરો, તેના કહેવા મુજબ મેં આપ લોકોની ઉપર પાણીનો છંટકાવ કર્યો, એટલામાં મારો મનોરથ ફળીભૂત થયો, યુધિષ્ઠિરે પૂછયું કે તે પરમોપકારી ભીલ કયાં છે? દ્રૌપદીએ કહ્યું કે અહિં જ હશે. રાજાએ ચારે તરફ જોયું તો ભીલ પણ ન હોતો અને સરોવર પણ નહોતું, રાજાએ ઝુંપડાની પાસે ભાઇઓ સહિત તપસ્યા કરતા ફક્ત પોતાને જ જોયા.

ત્યારબાદ યુધિષ્ઠિરે પોતાની આગળ એક સુવર્ણ કાંતિવાળા મણિમય તાટંક પહેરેલ એક દિવ્ય પુરૂષને જોયો, યુધિષ્ઠિરને વિસ્મિત બનેલા જોઇને તે દિવ્યપુરૂષે કહ્યું કે રાજન્! આપ સાવધાનીથી સાંભળો! આપે જે ધર્મની આરાધના કરી છે તે જ ધર્મનો આ બધો ચમત્કાર

છે, હું સૌધર્મવાસી ઈન્દ્રનો પ્રિયધર્માવતંસ નામનો દેવ છું, મેં અવધિજ્ઞાનથી જોયું કે આપ લોકો ધર્મારાધનમાં સ્થિર હોવા છતાં પણ આપની ઉપર કૃત્યા રાક્ષસીનો ઉપસર્ગ આવવાનો છે, તે ઉપસર્ગને દૂર કરવા માટે હું અહિં આવ્યો છું, મેં માયા વડે સેના બનાવી હતી, મેં આપની પત્નીનું હરણ કર્યું હતું, ચાણુક મારવાના બહાને મેં મંદારમાલાથી દ્રૌપદીની પૂજા કરી છે, સરોવરના પાણીને મેં ઝેરમય બનાવ્યું હતું, ત્યાદબાદ ભીલ પણ હું જ બન્યો હતો, હવે આપના દુષ્કર્મ પુરા થયા છે નિકાચિત કર્મોમાં પણ તપ પોતાનો પ્રભાવ બતાવે છે, હવે આપ મને આજ્ઞા આપો, આ પ્રમાણે કહીને તે દેવ ચાલ્યો ગયો, એટલામાં સૂર્યઅસ્ત થઈ ગયો, દુર્યોધનના દ્વેષને, બ્રાહ્મણની કુરતા, કૃત્યાની તીવ્રતા, દેવનું સૌજન્ય એ બધી બાબતો ઉપર ચિંતન કરતાં રાત્રી વીતી ગઇ, પ્રાતઃકાળે પારણા માટે દ્રૌપદીએ સુંદર રસવતી તૈયાર કરી, પાંચે ભાઈ પોત-પોતાના આસન પર બેઠા, માતાએ તે લોકોને જમવાનું પીરસ્યું, તે વખતે તે ભાઇઓએ વિચાર કર્યો કે કોઈ તપસ્વી પાત્ર મળે તો આપણે આપણી જાતને ભાગ્યશાળી માનીએ. જગતમાં તેઓ ધન્ય છે કે જેમના ત્યાં આવા સમયમાં તપોમય પાત્ર આવી મળે છે. તે લોક મનમાં વિચારી રહ્યા હતા, એટલામાં સુચરિતાચાર્યના અત્યંત સંયમી મુનિ આવી પહોંચ્યા, આવીને પાંડવોની સામે ધર્મલાભ કહીને ઉભા રહ્યા, તેમને માસ ક્ષમણનું પારણું હતું, મુનિને જોઈ તે લોકોએ વિચાર કર્યો કે ભગવન્!

આજનો દિવસ અમારે માટે ભાગ્યશાળી છે, આજે અમારા પુણ્યોએ અમોને ફળ આપ્યું છે. અમારા આંગણે સાક્ષાત્ કલ્પવૃક્ષ આવીને ઉભું છે, આપે આપના ચરણોથી આ ઝુંપડીને પાવન કરી છે માટે આપ શુદ્ધ આહારને ગ્રહણ કરો, અમારી ઉપર કૃપા કરો, ભાગ્યયોગે આપનાં દર્શનથી નિર્ધન પણ નિધિને પ્રાપ્ત કરે છે, શુદ્ધ આહાર જાણીને મુનિએ ગ્રહણ કર્યો.

તે વખતે દેવતાઓએ દુંદુભિના નાદ ગજાવ્યા, વસુધારા આકાશમાંથી વરસી, સુગંધિજલની વૃષ્ટિ થઈ. આકાશમાંથી એક દેવતાએ પાંડવોને કહ્યું કે આ દાનના પ્રભાવથી આપની પાસે ધનવૃષ્ટિ થઈ છે. આપ લોકો નવીન વેષભૂષાથી અને નવીન કાર્યથી તેરમું વર્ષ ગુપ્ત રીતિથી વિરાટનગરમાં પસાર કરો. આ પ્રમાણે કરીને તે દેવતા અદૃશ્ય થઈ ગયો. મુનિ પણ ચાલ્યા ગયા. પાંડવોએ પ્રથમ પુણ્યમય ત્યારબાદ શરીર રક્ષા માટે અન્નમય પારણું કર્યું. ધનવૃષ્ટિથી યાચકોને ખુશ કર્યા. સજ્જનો તથા વાદળાઓની સંપત્તિ સર્વના માટે કલ્યાણકારી બને છે.

નવમો સર્ગ સંપૂર્ણ :

સર્ગ : ૧૦મો

ત્યારબાદ દેવતાના વચનને ગ્રહણ કરી પાંડવો ગુપ્ત વેશમાં દ્વૈતવનથી વિરાટનગર તરફ ચાલ્યા. પાંડવો સાક્ષાત્ નીતિરૂપી માતાને આગળ કરીને સાક્ષાત્ લક્ષ્મી સમાન દ્રૌપદીની સાથે શોભતા હતા. પર્વત–નગર–ગામ–વિશ્રાંતિ-ગૃહ વિગેરે મનોહર ભૂમિને પસાર કરતા તે બધા ધીમે ધીમે વિરાટનગરના બહારના ભાગમાં આવ્યા, ઉદ્યાન–સરોવર–પુષ્કરિણીની રમણીયતાને જોતા તે પાંડવોએ હાથપગ ધોઈને પાણી પીને થાકને દૂર કર્યો, સરોવરના કિનારે નવપલ્લવથી શોભતા આંબાના ઝાડની નીચે વિશ્રાંતિ લેવા બેઠા.

શત્રુઓથી પરાજિત થએલા યુધિષ્ઠિર પરાભવના વિચારમાં હૃદયમાં ખૂબ જ દુઃખી થતા હતા. તેઓએ ભાઈઓને કહ્યું કે વત્સ ! મારાથી તમને કેટલું બધું દુઃખ સહન કરવું પડયું છે ? તેમાં પણ હવે ગુપ્ત રીતે વિરાટરાજાની સેવામાં રહીને તેરમું વર્ષ વિતાવવું પડશે, તમને વધારે કહેવાની જરૂરીઆત નથી. રાજાની સેવા

તલવારની ધાર જેવી હોય છે, સત્યવાદી સેવક રાજાને હંમેશાં પ્રિય હોય છે, માટે આપણામાંથી જેઓને જે કામ સારી રીતે આવડતું હોય તે કામને લઈ રાજાની પાસે જાય, કોઈ ખાસ જરૂરીઆત હોય તો ગુપ્ત રીતે બોલાવવા માટે જય, જયન્ત, વિજય, જયસેન, જયદ્રબલ, આ પ્રમાણે આપણા નામથી પરસ્પર બોલાવવા. મોટા-ભાઈની આજ્ઞાનો સ્વિકાર કરી અદ્વિતીય ધનુર્ધારી અર્જુને પોતાના શસ્ત્રોને ભયંકર પ્રેતવનમાં સમીવૃક્ષ ઉપર મૂકયા, ત્યારબાદ પાંચે પાંડવોએ વિરાટરાજાના નગરમાં પ્રવેશ કર્યો.

બાર અંગે તિલક, હાથમાં દર્ભ અને જનોઈ ધારણ કરીને સફેદ વસ્ત્રધારી યુધિષ્ઠિરે રાજ્યસભામાં જઈને દ્વારપાલને કહ્યું કે રાજાને નિવેદન કરો કે એક બ્રાહ્મણ આપના દર્શન કરવાની ઈચ્છા રાખે છે, દ્વારપાલે રાજાને કહ્યું ત્યારે રાજાએ સત્કાર પૂર્વક બ્રાહ્મણનો રાજ્યસભામાં પ્રવેશ કરાવ્યો, યુધિષ્ઠિરને આવતા જોઈ રાજાએ મનમાં વિચાર કર્યો કે સાક્ષાત્‌ધર્મને પૃથ્વી ઉપર અવતાર લીધો લાગે છે, આજસુધી કોઈ બ્રાહ્મણની આકૃતિ મેં આવી જોઈ નથી, આખી પૃથ્વી ઉપર રાજ્ય કરવા યોગ્ય તેમની પ્રતિભા અને શરીર દેખાય છે, રાજાએ મસ્તક નમાવીને બ્રાહ્મણને પ્રણામ કર્યા, બ્રાહ્મણે આશિર્વાદ આપ્યા. ત્યારબાદ રાજાએ ખુબ પ્રેમથી તેમને ઉંચા આસને બેસાડયા, રાજાએ તેમને પૂછયું હે ભૂદેવ ! આપ કયાંથી પધારો છો ? અને આ ભુવનને પવિત્ર કરનાર આપ કોણ છો ? ત્યારબાદ યુધિષ્ઠિરે કહ્યું

કે હું કંક નામે બ્રાહ્મણ છું, તથા રાજા યુધિષ્ઠિરનો પ્રિય પુરોહિત છું, યુધિષ્ઠિરની સભામાં હું જુગાર રમવામાં કુશળ હતો, હું જ્યારે બહાર ગામ ગયો હતો તે વખતે દુર્યોધને તેઓને પોતાના નગરમાં બોલાવી જુગાર રમાડી તેમને હરાવી તેમનું રાજ્ય પડાવી લીધું, ત્યારથી પાંડવો વનવાસી થયા. ફરીથી તેઓ રાજા બનશે તેવી આશામાં મેં આટલા વર્ષો પસાર કર્યા, દુર્યોધન કપટી છે તેમ સમજીને તેની પાસે હું ગયો નહિ, હમણાં પાંડવો કયાં છે તે ખબર પણ મળતી નથી માટે ધર્મ, ન્યાય, સદાચાર, વિવેક, વિનય વિગેરે ગુણોથી અલંકૃત આપના આશ્રયે આવ્યો છું. રાજાએ કહ્યું કે કંક! આપના જેવા મિત્ર પણ ભાગ્ય યોગેજ મળે છે. માટે આપશ્રી અહીં સુખપૂર્વક રહો, યુધિષ્ઠિર ખૂબ જ પુણ્યવાન હતા કે જેમને તમે મિત્રરૂપે મળ્યા હતા. રાજ્યલક્ષ્મી સહેલાઇથી મળી શકે છે, પણ સજ્જન મિત્રો મળવા દુર્લભ છે. આ પ્રમાણે કહી હાથજોડી સુવર્ણથી સત્કાર કરીને વિરાટ રાજાએ બ્રાહ્મણ પુરોહિતના વેશમાં રહેલા યુધિષ્ઠિરને સભામાં નિયમિત આવવા માટે સભાજન બનાવ્યા.

શરીર શોભાથી સંપન્ન, હાથમાં ચમચો તથા કડછો લઈને પહાડ સમા પડછંદ કાયાવાળો 'ભીમ' રાજભવનની પાસેથી જઈ રહ્યો હતો, રાજાએ દૂરથી હૃષ્ટપુષ્ટ શરીરવાળા, વિચિત્ર સ્વરૂપવાળા, ભીમને દ્વારપાળ દ્વારા બોલાવ્યો, રાજાના પૂછવાથી ભીમે કહ્યું કે

હું યુધિષ્ઠિર રાજાનો 'વલ્લવ' નામે રસોઇઓ છું. વળી ભીમે કહ્યું કે હું ફક્ત રસોઇશાળાનો અધ્યક્ષ નહિ પરંતુ ત્યાંના બધા મલ્લોમાં પણ શ્રેષ્ઠ હતો, પરંતુ તેઓના રાજ્યનો નાશ થવાથી દુઃખી થઈને આમતેમ ફરતો ફરતો આપને ત્યાં આવ્યો છું. રાજાએ સુવર્ણથી સત્કાર કરી ભીમને પાકશાલાધ્યક્ષ બનાવ્યો.

કંચુક પહેરીને વાળ બાંધી બંને કાનમાં કુંડળોને પહેરી આંખોમાં અંજનને આંજી બીજી રીતે પણ સ્ત્રીનો વેષ ધારણ કરીને અર્જુને રાજ મહાલયમાં પ્રવેશ કર્યો. લોકો તેને આશ્ચર્યથી જોવા લાગ્યા. ઝરૂખામાં ઉભા રહેલા રાજાએ અર્જુનનું સ્વરૂપ જોઇને ખુશી થઇ દ્વારપાલ દ્વારા તેને બોલાવ્યો. કહ્યું કે ભદ્ર ! તું સ્ત્રી છો તો સ્ત્રીનું લક્ષણ સ્તન કેમ નથી ? અથવા પુરૂષ છે તો સ્ત્રીવેશ શા માટે ? તારી આકૃતિ સ્ત્રી પુરૂષની આકૃતિ કરતાં જુદી છે, અહિં આવીને તારૂં સ્થાન કયાં છે ? અર્જુને કહ્યું કે હું સ્ત્રી પણ નથી અને પુરૂષ પણ નથી. મારૂં નામ હે રાજન્ 'બૃહન્નટ' છે અને હું નપુંસક છું. હું સ્ત્રી વેષમાં પૃથ્વી ઉપર ફરૂં છું, એક સમયે હું યુધિષ્ઠિરને ત્યાં રાજ્યભૂષણ નાટયાચાર્ય હતો. હું સંગીત શાસ્ત્રમાં રહસ્યજ્ઞ વિદ્વાન છું. રાજાએ સુવર્ણથી સત્કાર કરી પોતાની પુત્રી ઉત્તરાને શિક્ષણ આપવા માટે અર્જુનને નિયુક્ત કર્યો, અભ્યાસને માટે રાજાએ એક નવીન નાટયશાળા બનાવી.

બીજે દિવસે સૂર્યના ઘોડા જેવા તેજસ્વી ઘોડા ઉપર બેસીને હાથમાં ચાબુક રાખીને ફરતા હૃષ્ટપુષ્ટ બલાવાળા નકુળને રાજાએ જોયો. દ્વારપાલ દ્વારા રાજાએ તેને બોલાવ્યો. રાજાના પૂછવાથી નકુલે કહ્યું કે હું રાજા યુધિષ્ઠિરનો તંત્રિપાલ નામનો અશ્વસેનાધીશ હતો. હું અશ્વશાસ્ત્રનો જ્ઞાતા છું. માટે હું ઘોડાના લક્ષણ, ચિકિત્સા, દેશ, દોડાવવાના ક્રમને જાણું છું. રાજાએ કહ્યું કે આકૃતિથી તમારું જ્ઞાન દેખાય છે. ઘડાના ભીંજાવાથી જ ઘડામાં પાણી કેટલું છે તેની ખબર પડે છે. આ પ્રમાણે કહીને નકુળને ઘોડેસ્વારી કરવા જણાવ્યું, રાજાએ પરીક્ષા કરીને નકુળને અશ્વશાળાનો મુખ્ય સંરક્ષક બનાવ્યો.

એક દિવસ ગાયોના સમૂહમાં (ગોકુળમાં) ફરતા રાજાએ વસ્ત્રના ટુકડાથી માથાને બાંધી હાથમાં એક લાંબી લાઠી રાખીને લાંબા હાથવાળા, સશક્ત શરીરવાળા સહદેવને જોયો. રાજાએ બોલાવીને કહ્યું કે ભદ્ર ! તું કોણ છે ? કયાંથી આવેલ છે ? સહદેવે કહ્યું કે હું રાજા યુધિષ્ઠિરને ત્યાં ગ્રન્થિક નામનો ગોપાળાધિશ હતો. હું ગાયોના ગર્ભાધાનનો કાળ પણ જાણું છું. લક્ષણ, ચિકિત્સા વિગેરેની તો વાત જ શું કરવી ? સહદેવના વચનને સાંભળી રાજાએ તેને પોતાનો ગોકુલાધિપતિ બનાવ્યો.

ત્યારબાદ રૂપલાવણ્ય સૌભાગ્યાદિથી રતિને વિસ્મિત કરવાવાળી વિચિત્ર પ્રકારની વેષભૂષા ધારણ કરનારી

દ્રૌપદીએ મહારાણી સુદેષ્ણાના મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાંની દાસીઓએ તેને જોઈ, આશ્ચર્યચકિત બનીને દાસીઓએ જઈને સુદેષ્ણાને કહ્યું, રાણીએ પણ કૌતુકથી દાસીઓ દ્વારા દ્રૌપદીને બોલાવી સુંદર આસન પર તેને બેસાડી આદરપૂર્વક માન આપતી રાણીએ કહ્યું કે ભદ્રે! તું આટલી બધી સુંદર છે કે તારા પગ ભૂમિ ઉપર રાખવા યોગ્ય નથી તો પછી પગપાળા ફરવું તે તારા માટે યોગ્ય નથી, માટે સત્ય કહે કે કયા રાજાની તું પત્ની છે? અને પગે ચાલીને તું અહિંઆં શા માટે આવી છે? ત્યારે પાંડુરાજાની પુત્રવધૂ દ્રૌપદીએ કહ્યું કે હું માલિની નામે સૈરન્ધ્રીની દાસી છું. રાજપત્ની નથી. દ્રૌપદી તથા સત્યભામાની સાથે પણ હું રહેલી છું, તે બંને મને ખુબ ચાહતી હતી. વિરાટરાજાની પત્નીએ ફરીથી દ્રૌપદીને કહ્યું સૈરંધ્રિ! તું જે કહીશ તે હું કરીશ. પરંતુ રાજા કદાચ તને જોઈ જશે 'તો' મનથી પણ તેઓ મારી ઇચ્છા રાખશે નહિ, દ્રૌપદીએ કહ્યું કે તમારે શંકા કરવાનું કારણ નથી. મારા પાંચ પતિ ગંધર્વ છે, તેઓ ગુપ્ત રીતે રહે છે. જો કોઈ ખરાબ દ્રષ્ટિથી મને જુએ છે તો તરત જ મારા પતિ તેને મારી નાખે છે. તેઓ વિદ્યાબળથી દરેક જગાએ ફરતા જ રહે છે, તેઓની સામે રાજા પણ કોઈ કરી શકે તેમ નથી, દ્રૌપદીની વાત સાંભળી રાણી સુદેષ્ણાએ કહ્યું માલિની! મારી લક્ષ્મી તારી છે. તું તારી ઇચ્છા અનુસાર તેનો ઉપભોગ કરી શકે છે. આ પ્રમાણે કહીને રાણીએ રેશમીવસ્ત્ર

તથા સુવર્ણમય આભુષણો પહેરાવીને પોતાની પાસે રાખી લીધી અને ધીમે ધીમે રાણીની અત્યંત પ્રિય બની ગઇ.

પાંડવોએ પણ પોતાના કામથી રાજાનો ખુબ જ પ્રેમ સંપાદન કર્યો, રાતના પાંડવો કોઈ મકાનમાં રાખવામાં આવેલ કુંતી પાસે જતા હતા, તેમની સેવા કરતા હતા, કામના કરતાં પણ વધારે પુરસ્કાર રાજા તરફથી મળતો હતો. વિરાટરાજાના નગરમાં પાંડવોને તેરમા વર્ષના અગિયાર માસ વ્યતિત થઈ ગયા.

ત્યારબાદ રાણી સુદેષ્ણાનો સહોદરભાઈ કીચક સૈરંધ્રીના તરફ અતિશય કામી બન્યો. તેણે એક દૂતિને સમજાવી સરંધ્રીની પાસે મોકલી. દૂતિએ દ્રૌપદીની પાસે આવીને કહ્યું કે આપનું પતિવ્રતાવ્રત જગતમાં પ્રસિદ્ધ છે. હું આપની પાસે એટલા માટે આવી છું કે આપ મહારાણીના ભાઈ કીચકને તો જાણતા હશો ? આજે તેમનું શરીર કોઈ કારણવશાત્ ખુબ જ અસ્વસ્થ છે. ઉપાયો કરવા છતાંપણ તેમને ઠીક નથી, કદાચિત્ આપના હાથનો સ્પર્શ થવાથી તેમનું સ્વાસ્થ્ય સુધરી જાય, કારણ કે સતી સ્ત્રીઓના સ્પર્શથી તમામ પ્રકારના દુઃખ અને દર્દ મટી જાય છે. માટે આપ જલ્દીથી ત્યાં જઈને તમારા સ્પર્શથી તેના દુઃખને મટાડવાની કોશિષ કરો, કેમકે તમારા જેવી સતી સ્ત્રીઓ મહાપ્રભાવિક હોય છે. ઉપરથી સુંદર અને અંદરથી વિષમય ભાવનાવાળી દુતીના વચનો

સાંભળી દ્રૌપદીને ખુબ જ ક્રોધ થયો, તેણીએ કહ્યું કે નીચ દૂતી ! તારી વાત હું સમજું છું, કીચક મરવા માટે જ મારા હાથનો સ્પર્શ ઈચ્છી રહ્યો છે, શું સિંહણના સ્પર્શથી શિઆળ જીવતું રહી શકે છે ? મારા પતિને કીચકની વાતની માહિતી મળી જશે તો કીચક જીવતો પણ નહિ રહી શકે. આ પ્રમાણે કહીને જ્યારે દ્રોપદીએ તે દૂતીને ધક્કા મારીને બહાર કાઢી ત્યારે ઉદાસ બનીને કીચકની પાસે આવી બધી વાત કહી સંભળાવી. જ્યારે શામ, દામ વિગેરે અનેક ઉપાયોથી પણ દ્રૌપદી માની નહિ ત્યારે તે દુષ્ટ કીચકે એક દિવસ એકાન્તમાં બળજબરીથી તેનો હાથ પકડયો, ક્રોધથી દ્રૌપદીનું મુખ લાલઘુમ જેવું થઈ ગયું. તેની નિંદા કરતી દ્રૌપદી ભાગી ગઈ. ચાલી જતી દ્રૌપદીને કીચકે પાછળથી લાત મારી.

રડતી દ્રૌપદી સીધી રાજસભામાં ગઇ, તેણીએ રાજાને કહ્યું કે હવે હું કોનું શરણ ગ્રહણ કરૂં ? રાજન્! જ્યારે તમારા જ સંબંધી આ પ્રમાણે અન્યાય કરે છે તો સાધારણ લોકો તો કાંઈપણ કરવું હોય તે કરી શકે છે.

સત્યવાદી અતિશય પરાક્રમી પાંચ ગાંધર્વ જેના પતિ છે. મને અનાથ માની મારી પીઠમાં કીચકે પગનો પ્રહાર કર્યો છે, મારા પતિ અહિઆં નથી, જો તેઓ હોત તો મારો સ્પર્શ કરનાર કીચકને મારી નાખ્યો હોત.

ક્રોધથી કીચકને મારવાને માટે ભીમ ઉઠવા લાગ્યો. તે જ વખતે યુધિષ્ઠિરે ઈશારો કરીને અટકાવ્યો. સંબંધી

હોવાથી, કીચકની બાબતમાં વિરાટરાજા કશું બોલી શકતા નથી ત્યારે અપરિચિતની જેમ સભામાંથી ઊઠીને યુધિષ્ઠિરે સૈરંધ્રિને કહ્યું કે જો તારો પતિ બળવાન છે તો પછી કીચકના અવિનયને સહન નહિ કરી શકે માટે સરંધ્રિ ! તું તારા સ્થાનમાં જા. કીચક અવશ્ય આ પાપના ફળને ભોગવશે, યુધિષ્ઠિરની વાત સાંભળી દ્રૌપદી પોતાના સ્થાનમાં ચાલી ગઈ. કીચકના ખરાબ વ્યવહાર પ્રત્યે ધ્યાન નહિ આપતા રાજાએ સભાનું વિસર્જન કર્યું.

તે રાતના ધીમેથી રસોઈ ઘરમાં જઈ ભીમના પગનો અંગુઠો દબાવી ભીમને જગાડયો. ભીમે કહ્યું દેવી ! તું શા માટે રડે છે ? શા માટે ગભરાએલી દેખાય છે ? લાંબા શ્વાસોશ્વાસ શા માટે ? દ્રૌપદીએ કહ્યું નાથ ! શું તમે જાણતા નથી કે નીચ કીચકે મારા પ્રત્યે કેવો અવિનય કર્યો છે ? શું હજુપણ તમે બધા તમારી જાતને જીવંત માનો છો ? જ્યારે આપની સામે જ મારી આવી દુર્દશા થઇ રહી છે, મને તો લાગે છે કે લક્ષ્મીની સાથે શૂરવીરતા પણ આપની ચાલી ગઈ છે. પક્ષી પણ પોતાની સ્ત્રીનો પરાભવ સહન નથી કરી શકતા તો પછી માનવીઓની વાત શું કરવી ? દ્રૌપદીના વચનો સાંભળી ભીમે કહ્યું કે રાજાએ જો સંકેતથી મને રોકયો ન હોત તો મેં તે દુરાત્માને મારી નાખ્યો હોત.

જો આવતી કાલે તે દુષ્ટને હું યમરાજનો દાસ નહિ બનાવું તો તું મને પુરૂષ માનીશ નહિ, તે દુષ્ટ ફરીથી

કાલે તારી પાસે આવશે. તું તેને અર્જુનની નાટયશાળામાં આવવા માટેનો સંકેત કરજે. હું તારો વેશ પહેરીને પહેલેથી જ ત્યાં પહોંચી જઈશ, અને આલિંગનના બહાના નીચે તેને દબાવીને મારી નાખીશ. આ પ્રમાણે કહીને ભીમે તેને વિદાય કરી અને તેણી પોતાને સ્થાને ચાલી ગઈ.

બીજે દિવસે અત્યંત સુંદર વેષને ધારણ કરી દ્રૌપદી કીચકની પ્રતીક્ષા કરતી રાજભવનના પાસે ઉભી હતી. જાણે કે દ્રૌપદીને લાત મારવાથી લાગેલું જે પાપ તેનાથી બંધાએલા હોય તેવી રીતે તેણીને જોઈ કીચક એક ડગલું પણ આગળ વધી શકયો નહિ. દ્રૌપદીએ પોતાની પ્રેમભરી દૃષ્ટિ કીચક ઉપર નાખી જેથી કીચકે ધીમે ધીમે તેની પાસે આવી વિનંતી કરી. દ્રૌપદીએ તેના વચનને માની લઇ કહ્યું કે અર્ધી રાતે હું નાટય-શાળામાં હોઇશ. તમે ત્યાં અવશ્ય આવજો, આ પ્રમાણે કીચકને કહી દ્રૌપદી અંતઃપુરમાં ચાલી ગઇ. કીચક આનંદિત બનીને રાજા પાસે ગયો.

કીચકની ઉપર આવનાર આપત્તિને નહિ જોઈ શક-વાની સ્થિતિમાં સૂર્યપણ અસ્તાચળે ગયો. ભૂમંડળ ઉપર કાળમીંઢ જેવી રાત્રીનું સામ્રાજ્ય હતું. કીચકના અંત-રમાં ખુબ જ આનંદ ઉભરાતો હતો. ભીમે માલિનીનો વેષ ધારણ કરી અંધકારમાં નાટય ગૃહમાં પ્રવેશ કર્યો. અનેક પ્રકારના સુગંધી દ્રવ્યોથી શરીરને સુગંધિત બનાવી

કીચક પણ ત્યાં આવી પહોંચ્યો. કીચકે દ્વાર પર આંગળીના ટકોરા મારી પોતાના આગમનનું સૂચન કર્યું. ભીમે અંદરથી હું હું કરીને જવાબ આપ્યો. કીચકે પ્રવેશ કરીને સૈરંધ્રિ વેષધારી ભીમને કહ્યું કે પ્રિયે! હિમ જેવા શીતળ બાહુથી મને આલિંગન કરીને મારા અંગમાં શીતળતા નિર્માણ કર. આ પ્રમાણે બોલીને કીચક બાહુ પાશમાં જકડાયો. ભીમે ખૂબ જ મજબુત રીતે આલિંગન કર્યું કે તે કીચક મરી ગયો. ભીમે માંસપિંડ સમાન તે શરીરને ઝરૂખામાંથી નાટ્યગૃહની બહાર રસ્તા ઉપર ફેંકી દીધું અને ભીમ શત્રુનો બદલો લઇ હર્ષોલ્લાસિત બની રસોઇ ઘરમાં જઇને સૂઈ રહ્યો.

પ્રાતઃકાલે લોકોના મુખથી કીચકના મૃત્યુના સમાચાર જાણી વ્યાકુળ બનીને કીચકના એકસો ભાઈઓ દોડીને ત્યાં આવ્યા. જમીન ઉપર પડેલા કીચકના મૃત શરીરને જોઈ તે બધા જોરશોરથી રડવા લાગ્યા. તે લોકોએ ભાઇને મારનારની ખુબ શોધ કરી પણ તે શોધી શકયા નહિ. ત્યારે તે લોકોએ નક્કી કર્યું કે પ્રથમ માલિની ઉપર ભાઈને રાગ હતો માટે નિશ્ચય માલિની તેમના મૃત્યુની કારણ છે. તેના પતિ કયાંય દેખાતા જ નથી, માટે ભાઇની સાથે તેને પણ ચિતામાં બાળી નાખી આપણે ક્રોધ શાંત કરવો.

આ પ્રમાણે વિચાર કરીને માલિનીને કીચકની સાથે અગ્નિમાં બાળવા માટે તે લોકોએ આવી તેણીનો હાથ પકડયો. જ્યારે તે લોકો બળજબરીથી ખેંચીને લઈ જતા

હતા, તે વખતે માલિની, જય, વિજય, જયંત, જયસેન, જયદ્રબલનું નામ દઈને પોકાર પાડવા લાગી કે તમે જ્યાં હો ત્યાંથી મારૂં રક્ષણ કરો, દ્રૌપદીનો અવાજ સાંભળી ભીમ ક્રોધિત બનીને રસોઈ ઘરમાંથી બહાર આવ્યો. અને તે લોકોને કહ્યું કે તમે તેણીને ખેંચીને કેમ લઈ જાવ છો ? શું તેને બચાવવાવાળું કોઈ જ નથી ? તે લોકોએ કહ્યું કે વલ્લવ ! મારા ભાઈના મૃત્યુમાં માલિની નિમિત્ત બનેલી છે. માટે આ વ્યભિચારિણીને ચિતામાં ફેંકી અમે હમારા ક્રોધને શાંત કરીશું. ભીમે કહ્યું કે તમારા ભાઈ કીચકે પરસ્ત્રીની સાથે રમણ કરવાની ઇચ્છા કરવાથી પોતે કરેલા અન્યાયનું ફળ તેને મળ્યું છે. સ્ત્રી હત્યાના પાપથી પણ તમે ડરતા નથી ? શા માટે બીજો અન્યાય કરો છો ? શું તમને તેનું ફળ મળશે નહિ ? ભીમના વચનને સાંભળી ક્રોધમાં આવી તે લોકોએ કહ્યું કે અમે લોકો તેને ચિતામાં ફેંકીએ છીએ. જેની ભૂજામાં તાકાત હોય તે તેને બચાવે. ભીમે બાજુમાંથી વૃક્ષને ઉપાડી કીચકના સો ભાઈઓને મારી નાખ્યા. વલ્લવે સુદેષ્ણાના અન્યાયી સો ભાઇઓને મારી નાખ્યા, આ વાત લોકોમાં ફેલાઈ ગઇ. માલિનીને પોતાના સ્થાનમાં મોકલી ભીમ નિર્ભયતાએ રસોઈ ઘરમાં ચાલ્યો ગયો.

ભાઈઓના મરવાથી ક્રોધિત થઈને સુદેષ્ણાએ રાજાને કહ્યું કે આર્યપુત્ર ! આપનો મહેલ ભયંકર છે. નિશ્ચય વલ્લવે જ કીચકને પણ માર્યો લાગે છે. માટે

આપ સેનાની સહાયતાથી વલ્લવને મારી નાખશો નહિ તો હું ગળામાં ફાંસો નાખી મરી જઈશ. રાજાએ રાણીને સમજાવીને કહ્યું કે દેવી! આ વલ્લવ ખુબ જ બળવાન દેખાય છે. તેની સાથે વિરોધ કરવાથી તે સેનાને પણ મારી નાખશે. તેને મારી નાખવાનો ઉપાય મેં શોધી કાઢયો છે. હસ્તિનાપુરથી દુર્યોધનનો મહામલ્લ વૃષકર્પર અહિં આવ્યો છે. તે તેના અભિમાનને સહન નહિ કરી શકે. તે અવશ્ય તેને મારી નાખશે. આ પ્રમાણે કોમળ વચનોથી રાણીને સમજાવી અંતઃપુરમાં મોકલી આપી.

બધા મલ્લોનો તિરસ્કાર કરતા વૃષકર્પરને એક દિવસ ભીમે રાજાની સામે પડકાર્યો. રાજાએ તે બન્નેની પરીક્ષા કરવા માટે એક મોટો વિશાલ અખાડો તૈયાર કરાવ્યો. તેની ચારે તરફ દેવ વિમાનની સમાન ઉંચા ઉંચા મંચ બનાવ્યા. એક મણિમય મંચ ઉપર રાજા પોતે બેઠા. રાજાના આદેશથી બધા સામન્ત, મહંત, મંચ ઉપર આવીને બેઠા પરંતુ ભીમના વિજયમાં જરાપણ શંકા નહિ હોવા છતાં પણ યુધિષ્ઠિર વગેરે પાંડવ પણ ત્યાં આવી ગયા.

આખા શરીરને ચંદનથી વિલેપન કરેલા સહ્યાદ્રિ વિંધ્યાચળ સમાન બન્ને પડછંડ પહાડ સમાન દેખાતા તે મલ્લોએ અખાડામાં પ્રવેશ કર્યો. લોકો તો રાજાની નિંદા કરવા લાગ્યા કે રાજાએ જાણી બુઝીને કીચકનો બદલો લેવા માટે આ બન્નેને લડાવ્યા છે. નહિતર વર્ષકર્પરની બરાબરી કરી શકે તેવો વલ્લવ નથી જ્યારે તે

બન્નેએ તાલ ઠોકયા ત્યારે તેના અવાજથી સંપૂર્ણ જગતની શ્રવણેન્દ્રિય નષ્ટ થઈ ગઈ. ભીમ તો તેને મારવામાં સમર્થ હતો છતાં પણ લોકોની આંખોને આનંદ આપવાના હેતુથી જાણી બુઝીને સમય પસાર કરવા લાગ્યો. વિંધ્યાચળની ભૂમિમાં બે મદમસ્ત હાથીઓની જેમ બન્નેનો એકસો વખત જય અને પરાજય થયો. ભીમે બંધનમાં લાવી વૃષકર્પરને દબાવી જ્યારે મારી નાખ્યો ત્યારે લોકો આનંદથી જયનાદ બોલવા લાગ્યા. રાજાએ સુદેષ્ણાને કહ્યું દેવી! આવો સહાયક બીજો કોઈ નહિ મળે માટે આપ તેની ઉપરથી રોષ કાઢી નાખો. આ પ્રમાણે કહીને રાજાએ રાણીને શાન્ત પમાડી.

ગુપ્તચરો દ્વારા જ્યારે દુર્યોધનને ખબર પડી કે વિરાટરાજાના શૂર્પકારે વૃષકર્પરને મારી નાખ્યો છે ત્યારે તેણે કર્ણ દુઃશાસન દ્રોણ ભીષ્મ શકુની વિગેરેની સાથે મંત્રણા કરી, દુર્યોધનને કહ્યું કે પાંડવોને મારવાને માટે કૃત્યા રાક્ષસીનો પ્રયોગ કર્યો, તેનો ઉલટાનો સુરોચન ઉપર પ્રયોગ થયો. તેરમા વર્ષે ગુપ્ત રહેવાની પ્રતિજ્ઞા-વાળા પાંડવોની શોધ કરવા માટે વૃષકર્પરને મોકલ્યો. તે પણ મરણને શરણ થયો.

ભીમ શિવાય બીજો કોઈ વૃષકર્પરને જીતવા-વાળો જગતમાં નથી માટે વૃષકર્પરને મારવાવાળો ભીમ પોતે જ છે, કેમકે જગતમાં નિયમ છે કે શ્લેષ્મ, શ્વાસ, શરદી શિવાય ક્ષયરોગ થાય જ નહિ, માટે અમે લોકો

સેનાઓની સાથે બે તરફથી ધસારો કરીને વિરાટરાજાના ગોધનને લુંટી લઇએ. એક તરફ આક્રમણ કરવાથી વિરાટરાજા સેનાને લઈ લડવા આવશે, તેજ વખતે બીજી તરફથી આક્રમણ કરવાથી પાંડવો જે ત્યાં હશે તો છુપા રહેશે નહિ. જે પાંડવો આવશે તો મારી સેના તરત જ તેમને મારી નાખશે. આ પ્રમાણે વિચારીને દુર્યોધને ચતુરંગી સેના સહિત પ્રસ્થાન કર્યું. તેજ વખતે અન્યાયને જોવા માટે અસમર્થ એવો સૂર્ય પણ અસ્તાચળે પહોંચી ગયો.

દુર્યોધનની સેનાઓથી ઉડતી ધૂળ વડે નદીઓના નીર ખરાબ થઇ ગયા. પ્રતિકુળ પવન ચાલતો હતો. શીઆળવાં વિચિત્ર અવાજ કરવા લાગ્યા.

જ્યારે દ્રોણ કર્ણ વિગેરેની સાથે દુર્યોધન વિરાટ નગરની પાસે આવી પહોંચ્યો, ત્યારે વિરાટરાજા સેના લઇને દુર્યોધનની સામે લડવા આવી પહોંચ્યા, તેજ વખતે ગોવાળોએ આવીને પોકાર કર્યો કે દુર્યોધનનો સહાયક સુશર્મા રાજા ગાયોનું હરણ કરીને દક્ષિણ તરફ લઇ જાય છે, માટે આપ લોકો ગાયોનું રક્ષણ કરવા માટે દોડો. ગાયોનું રક્ષણ સૌથી પ્રથમ કરવું જોઇએ. આ પ્રમાણે વિચારીને વિરાટરાજા સેના લઈને દક્ષિણ દિશામાં ચાલ્યા. અર્જુન સિવાય ચાર પાંડવો પણ વિરાટરાજાની સાથે ચાલ્યા. સહદેવે શમીવૃક્ષ ઉપરથી શસ્ત્રોને લાવી ભાઈઓને આપ્યા, જ્યારે વિરાટરાજા ચાલ્યા ત્યારે તેમની સેના દ્વારા ઉડતી ધૂળથી ચારે દિશાઓ અંધકાર સમાન

દેખાવા લાગી. વિરાટરાજાના આગલી હરોળના સૈનિકોએ સુશર્માને પડકાર કર્યો, તે પણ વિરાટ સેનાની સામે લડવા તૈયાર થઈ ગયો.

નાના પ્રકારના શસ્ત્રાશસ્ત્રો વડે બન્ને સેનાઓમાં ઘણીવાર સુધી યુદ્ધ ચાલ્યા બાદ જ્યારે વિરાટરાજાની સેનાએ પીછે હઠ કરી ત્યારે વિરાટ રાજા આગળ વધ્યા અને સુશર્માની સાથે લડવા લાગ્યા. તેઓ બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યું, જ્યારે બન્નેની પાસે શસ્ત્રાશસ્ત્ર ખુટી ગયા ત્યારે બન્ને જણા રથમાંથી ઉતરી મલ્લ યુદ્ધ કરવા લાગ્યા. સુશર્માએ વિરાટરાજાને પકડી પોતાના રથમાં બેસાડયો. યુધિષ્ઠિરે વિરાટરાજાની પરિસ્થિતિ જોઈને ભીમને કહ્યું કે વિરાટરાજાની સહાયતાથી આપણે તેરમું વર્ષ વિતાવ્યું છે, માટે તેમની ઉપેક્ષા કરવી ઠીક નથી, યુધિષ્ઠિરની આજ્ઞા મેળવી ભીમ સુશર્માની તરફ દોડયો. પહાડ સમાન પોતાના ભાઈ સહિત ભીમને આવતો જોઈ સુશર્માની સેના ચારે તરફ ભાગવા લાગી, ભીમે ગદા મારીને સુશર્માના રથને તોડી નાખ્યો, અને મૃત્યુની બીકથી સુશર્મા પોતાના મુખમાં આંગળી નાખીને ઉભો રહ્યો, એટલે ભીમે તેને જીવતો છોડી દીધો. ભીમે વિરાટરાજાના બંધનો છોડી નાખી પોતાના રથ ઉપર બેસાડી દીધા. રાજા વિરાટે પાંડવોની ખૂબ જ પ્રશંસા કરી અને કહ્યું કે જો આજે વલ્લવ ના હોત તો ક્રૂર સુશર્મા મારૂં નામ પણ રહેવા દેત નહિ. આ પ્રમાણે કહીને

આનંદાશ્રુ વહાવતા વિરાટ રાજાએ કંક, વલ્લવ, તંત્રિપાલ, ગ્રન્થિક નામથી પ્રસિદ્ધ પાંડવોને વિનય ભાવથી કહ્યું કે આજથી મારૂં રાજ્ય, જીવન આ બધું આપનું જ છે. આપ લોકોની સહાયતાથી મેં દુઃખનો સમુદ્ર પાર કર્યો છે.

વિરાટ રાજાએ જ્યારે પાંડવોની પ્રશંસા કરી ત્યારે લજ્જિત બનીને પાંડવોએ તેમને કહ્યું કે આ બધો પ્રભાવ આપનો જ છે કે જેનાથી અમોએ શત્રુઓની ઉપર જીત મેળવી છે, આ પ્રમાણે કહીને પાંડવો ગાયોને હાંકી સેના સહિત રાજાને સાથે લઈને નગરની તરફ ચાલ્યા. નગરમાં આવીને રાજમંદિરમાં પ્રવેશ કર્યો, કંક વિગેરેને બહાર ઉભા રાખી રાજા જ્યારે અંતઃપુરમાં ગયો ત્યારે સુદેષ્ણાના મુખારવિંદ ઉપર અત્યંત દુઃખ જોઈ રાજાએ પૂછયું કે તારૂં ચંદ્રમુખ કેમ મલિન દેખાય છે ? મારા પ્રાણથી પણ અધિક પ્રિય ઉત્તરકુમાર કયાં છે ? રાણીએ કહ્યું કે આપના ગયા પછી ગોવાળોએ પોકાર કર્યો. જ્યારે કુમારે પૂછયું ત્યારે તે લોકોએ કહ્યું કે ઉત્તરદિશામાં ભીષ્મ, દ્રોણ, કર્ણ વિગેરેની સાથે દુર્યોધન રાજા પોતે જ ગાયોને લઈ જાય છે. તે સાંભળી કુમાર ક્રોધમાં આવી ગયો. તેણે કહ્યું કે જેમ અગસ્ત્યમુનિએ બલિ મુકુંદ સહિત સમુદ્રનું પાન કર્યું હતું તેમ મારી સામે દ્રોણ, કર્ણ વિગેરેની સાથે દુર્યોધન કોણ છે ? પરંતુ ચતુર સારથિ વિના યુદ્ધમાં જીત મેળવી શકાતી નથી. ગમે તેટલો પ્રબળ અગ્નિ હોય છતાં પવન વિના તે અગ્નિ

કાંઇ જ બાળી શકતો નથી એટલામાં માલિનીએ કહ્યું કે આપની બહેનને સંગિતનું શિક્ષણ જે આપે છે તે વ્યક્તિ ઉત્તમજાતિનો સારથિ છે. મેં તેને ઘણી વખત રથ હાંકતો જોયો છે. તે નપુંસક છે તેમ જાણીને તે શંકાશીલ હોવા છતાં પણ આપના પુત્રે તેને બોલાવી તેને પોતાનો સારથિ બનાવ્યો. નાના શસ્ત્રોથી સુસજ્જિત બનીને રથમાં આરૂઢ થઇને આપનો પુત્ર શત્રુઓની સાથે લડવાને માટે એકલો(સેનાવગર)ગયો છે.

સુદેષ્ણાના વચનને સાંભળી પુત્રને એકલો યુદ્ધમાં ગએલો જાણી વિરાટરાજા ખુબ જ ચિંતાતુર બની ગયા. તેઓએ કહ્યું કે કયાં દુર્યોધનની ચતુરંગી સેના ? અને કયાં એકલો મારો પુત્ર ? તે લોકોના યુદ્ધ યજ્ઞમાં મારો પુત્ર પ્રથમ આહુતિના રૂપમાં હશે.

આ પ્રમાણે રાજા જ્યારે ચિંતાતુર હતા ત્યારે માલિનીએ કહ્યું કે ગરૂડની પાસે રહેનારને સાપની બીક હોતી નથી, તેવી જ રીતે જેને બૃહન્નટની સહાયતા છે તેને ચિંતા કરવાની જરૂર નથી, માલિનીએ બૃહન્નટની કરેલી પ્રશંસાથી રાજા ક્રોધાયમાન બનીને કાંઇક કહેવા તૈયાર થયા એટલામાં રાજભવનમાં રહેવાવાળા લોકોએ રાજાને ઉત્તરકુમારના આગમનની વાત કરી. પ્રસન્ન બનીને રાજાએ પુત્રની સામે જવાની ઇચ્છા દર્શાવી, ત્યાં જ ઉત્તરકુમાર આવીને રાજાના ચરણોમાં પડયો. રાજાએ પુત્રને ઉઠાડી ગાઢ આલિંગન કરીને યુદ્ધમાં વિજયનો

વૃત્તાંત પૂછયો, ત્યારે હાથજોડીને બધાની સમક્ષ કુમારે કહ્યું કે જે યુદ્ધમાં બનાવટી સ્ત્રી વેષધારી આ બૃહન્નટ હોય ત્યાં યુદ્ધમાં જીતની શંકા હોય જ કયાંથી ?

કુમાર પાસેથી બૃહન્નટની પ્રશંસા સાંભળીને આશ્ચર્ય અનુભવતા રાજાએ વિશિષ્ટ પ્રકારે યુદ્ધનો વૃત્તાંત પૂછયો. કુમારે કહ્યું કે બીજો સારથિ નહિ મળવાથી મેં બૃહન્નટને સારથિ બનાવ્યો. જ્યારે અમે આગળ વધ્યા ત્યારે સમુદ્ર સમાન દુર્યોધનની સેનાને જોઈ, ત્યાર બાદ આ ભીષ્મ, દ્રોણ, કર્ણ, શકુની, દુર્યોધન વિગેરે છે. તેની ઓળખાણ મને બૃહન્નટે આપી, આ પ્રમાણે તેઓને ઓળખીને તેમ જ જોઈને કુળની મર્યાદા છોડીને મને ત્યાંથી ભાગી છુટવાની ઈચ્છા થઇ, મેં બૃહન્નટને રથ પાછો વાળવા માટે કહ્યું પરંતુ તેણે મને રોકીને કહ્યું કે કુમાર ! વિરાટપુત્ર એવા આપને માટે આ ઉચિત નથી. શત્રુસેનાને જોઇ ભાગવાવાળો વીર લોકોમાં કલંકિત બને છે. ભાગવું તેના કરતાં મરવું વધારે સારૂં છે. તમારે યુદ્ધ ન કરવું હોય તો પણ તમે અહિંથી ભાગશો નહિ. હું તે શત્રુઓની સાથે લડવામાં સમર્થ છું, માટે આપ અહિં રહો, જ્યાં સુધી આ શત્રુઓને હું મારતો રહું, ત્યાં સુધી તમે મારા સારથિ બનો. ત્યારે હું સારથિ બન્યો. અને બૃહન્નટ યુદ્ધ કરવાને તૈયાર થયો.

ત્યારબાદ સ્ત્રી વેષનો ત્યાગ કરી હાથમાં ધનુષ્ય લીધું, ત્યારે તેની દિવ્ય પ્રતિભા જોઇને હું વિચારવા

લાગ્યો કે આ કોઇ વિદ્યાધર છે કે સાક્ષાત્ ધનુર્વેદ છે? શું સાક્ષાત્ વીરરસ છે? આ પ્રમાણે ઘણા સમય સુધી હું બૃહન્નટને જોતો જ રહ્યો, જ્યારે તેના ધનુષનો ટંકાર સાંભળી દુશ્મનો કોલાહલ કરવા લાગ્યા કે આ અર્જુન છે. આ અર્જુન છે. આ પ્રમાણે વાતો કરતા તે લોકોએ કહ્યું કે અર્જુનના બાણોને જુઓ, ત્યારે મેં મનમાં વિચાર કર્યો કે જે જગતમાં મોટા ધનુર્ધારી તરીકે પ્રસિદ્ધ છે એવો પાંડવ અર્જુન તો નહિ હોયને? ત્યાં જ મને વિચાર આવ્યો કે જેમ સૂર્ય સમુદ્રમાં જઈને પોતાની રાત્રી પસાર કરે છે તેમ નટના રૂપને ધારણ કરી કદાચ અર્જુન પોતાનો બરાબ સમય પસાર કરતો હશે. ખરેખર જો અર્જુન હોય તો તેના સારથિ બનવામાં મને શત્રુઓનો ડર શા માટે હોવો જોઈએ? આ પ્રમાણે વિચારીને નિર્ભય બનીને હું સારથિ બની રથને દોડાવવા લાગ્યો, દીપકની સમાન જ્યાં ત્યાં તેનો રથ દોડતો હતો ત્યાં ત્યાંથી અંધકારની જેમ દુશ્મનો ભાગી છૂટતા હતા.

એક તરફ અર્જુન એકલા હતા બીજી તરફ લાખોની સંખ્યામાં શત્રુઓની સેના હતી. પરંતુ સૂર્યની સામે તારાગણની કાંઈ કિંમત નથી તેમ બૃહન્નટની સામે તે લોકો ટકી શકયા નહિ. અર્જુનના બાણોથી એક સાથે હજારોને મૃત્યુ પામતા મેં જોયા. જેટલી સંખ્યામાં શત્રુઓ હતા તેટલી સંખ્યામાં મને અર્જુન દરેકની સાથે લડતો જોવામાં આવતો હતો.

તે વખતે યુદ્ધમાં લોહીની નદીઓ વહેવા લાગી. વીરપુરૂષોના ધડ અને મસ્તકો જ્યાં ત્યાં રખડતા હતા. ત્યારબાદ અર્જુનના બાણોથી વ્યાકુળ બનીને ભીષ્મ, દ્રોણ રણભૂમિમાંથી હઠી ગયા. બીજા મહારથીઓએ પણ રણભૂમિમાંથી પોતાના રથો પાછા ફેરવ્યા. ત્યારબાદ કર્ણને યુદ્ધમાંથી નિયુક્ત કરીને દુર્યોધન લુંટારાની જેમ ગાયોને લઈ હસ્તિનાપુરના માર્ગે ચાલ્યો.

કર્ણ–અર્જુનનું યુદ્ધ શરૂ થયું. વિજયલક્ષ્મીએ કોઇને તત્કાળ પસંદ કર્યા નહિ. લોકો તે બન્નેનું યુદ્ધ જોવા લાગ્યા. બંને જણા સામસામા એકબીજાના બાણોને કાપી નાખતા હતા. એટલામાં અર્જુને ક્રોધમાં આવી અમણાન્નેરથી બાણોનો પ્રયોગ કર્યો. અર્જુનના બાણથી કર્ણને ઘવાયેલ જોઈને તેના સારથિએ કહ્યું કે આપના મિત્ર દુર્યોધન ગાયોને લઇ ઘણા દૂર નીકળી ગયા છે. હવે આપને લડવાની જરૂર નથી. આ પ્રમાણે કહીને સારથિએ રથને રણભૂમિથી પાછો ફેરવ્યો. કર્ણને ભાગતો જોઈને રથને આગળ ચલાવવા માટે મને ઉત્સાહિત કરતા અર્જુને કહ્યું કે દુષ્ટ દુર્યોધન મારી નજર સામે ગાયોને લઈ જાય છે. આ પ્રમાણે કહીને દુષ્ટ દુર્યોધનનો પીછો કર્યો. અર્જુનને જોઈ દુર્યોધનની સેના ભાગવા લાગી. ગાયોને છોડી દઈ અર્જુનની સાથે દુર્યોધન લડવા લાગ્યો. અર્જુને દયાથી સામાન્ય પ્રકારના બાણો ચલાવ્યા. જ્યારે દુર્યોધને અર્જુનને મારી નાખવા માટે બાણો ફેંકવા

માંડયા પરંતુ તે બાણોથી અર્જુનને કાંઈ થયું નહિ. અર્જુને દુર્યોધનના રથની ધજા કાપી નાખી તો પણ દુર્યોધનનો અભિમાન ઓછો નહિ થવાથી અર્જુને વિદ્યાનું સ્મરણ કરીને સૈન્ય સહિત દુર્યોધનને મોહનાસ્ત્રથી ભૂમિ ઉપર સુવાડી દીધો. પછી અર્જુને મારા વડે તેઓના વસ્ત્રનું હરણ કરાવ્યું. જ્યારે તે લોકો વસ્ત્ર રહિત બની ગયા ત્યારે અર્જુને એક એવા બાણનો પ્રયોગ કર્યો કે જેનાથી તે લોકો શુદ્ધિમાં આવ્યા અને લજ્જાળુ બનીને ભાગી છુટયા. અર્જુને નાગરિકોને ગાયો અર્પણ કરી. તેઓએ મને સોગંદ આપીને કહ્યું કે તમે રાજાને મારા વિષયમાં કોઇ વાત કરશો જ નહિ, તમે એમ કહેજો કે દુર્યોધનની સેનાને જીતી ગાયો હું લાવ્યો છું. પરંતુ મેં આપને બધી સાચી વાત કરી છે, અર્જુને કહ્યા મુજબ મેં વાત કરી હોત તો આપ સત્ય કયાંથી માનવાના હતા ? ત્યારબાદ અર્જુન સ્ત્રીનો વેશ પહેરીને નાટયશાળામાં ચાલ્યા ગયા છે. ઉત્તરકુમારના વચનો શ્રવણ કરી રાજા ખુબ જ આનંદિત થયો.

રાજાએ દ્વારપાલ મોકલાવી નાટયશાળામાંથી મૂર્તિમાન પરાક્રમી અર્જુનને બોલાવ્યો. અર્જુનને આવતો જોઇ હર્ષથી રોમાંચિત બનેલા રાજાએ સ્વાગત કર્યું. રાજાએ અર્જુનને આલિંગન કરી સ્ત્રી વેશને કઢાવી નાખી રેશમી વસ્ત્રો પહેરાવી રત્નાલંકારોથી વિભૂષિત કરી ઉંચા આસન ઉપર બેસાડયો. રાજાએ કહ્યું કે આજનો દિવસ શ્રેષ્ટ

છે. તેમાં પણ વિશેષ કરીને હમણાંનું મુહૂર્ત પણ શ્રેષ્ઠ છે. કારણ કે આપ અર્જુનનારૂપે પ્રગટ થયા છો, જેના ઘરને આપે આપના ચરણકમળથી પવિત્ર કર્યા છે. તેથી જગતમાં હું અધિક પુણ્યવાન છું. આપની કૃપાથી આ નગર શત્રુરહિત બન્યું છે. મારી પુત્રી ઉત્તરા પણ ભાગ્યશાલિની છે. જેને આપ શિક્ષક રૂપે મલ્યા છો. મારા પુત્રનું રક્ષણ કરવાથી આપ મારા જીવનના પણ જીવન છો એટલું જ નહિ પણ કંક, વલ્લવ, તંત્રિપાલ, ગ્રંથિક એ બધાનો પણ ઉપકાર હું ભુલી શકું તેમ નથી. કેમકે તેઓએ સુશર્માની સાથે યુદ્ધમાં મારા જીવનને તથા યશને તેઓએ બચાવ્યો છે.

અર્જુને હસતાં હસતાં કહ્યું કે પાંડવોનો સ્વભાવ છે કે સહુ કોઈના દુઃખમાં ભાગ લેવો. ત્યારે રાજાએ હસીને પૂછયું કે શું કહો છો? તમે! અર્જુન બોલ્યો કે જેને તમે કંક કહો છો તે રાજા યુધિષ્ઠિર છે. અને વલ્લવ એ જ આર્ય વૃકોદર (ભીમ) છે. તંત્રિપાળ નકુળ અને ગ્રંથિક સહદેવ છે. અને રાણી સુદેષ્ણાને જે આનંદ આપવાવાળી સૈરંધ્રી માલિની છે. તે દ્રુપદનંદિની દ્રૌપદી છે. અર્જુનના વચનો સાંભળી વિરાટેન્દ્રનો આનંદ પરિસીમા ઓળંગી ગયો.

ત્યારબાદ અર્જુનની સાથે જઈ વિરાટરાજાએ યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. રેશમીવસ્ત્રો તથા સુવર્ણમય અલંકારોથી વિભૂષિત કરી યુધિષ્ઠિરને સિંહાસન પર

બેસાડયા. હાથ જોડીને વિરાટેન્દ્રે કહ્યું કે મેં આપને કોઈ દિવસ અનુચિત વચનો કહ્યા હોય તો આપ મને ક્ષમા કરજો. વળી વિરાટેન્દ્રે કહ્યું કે આપ આપના રાજવંશી વેષમાં પધાર્યા હોત તો પણ હું આપની સેવા કરત. અને આપને કોઇ ઓળખી પણ શકત નહિ. પરંતુ મારૂં ભાગ્ય નહિ હોય. તેથી જ અહિંઆં આપ રહ્યા છતાં પણ આપની ઓળખાણ ન કરી શકયો તેમજ આપની સેવા પણ ન કરી શકયો. હવે આપ આ રાજ્યલક્ષ્મીનો સ્વિકાર કરીને મારા ઉપર કૃપા કરો. આપના ચારે પરાક્રમી ભાઈઓ તથા અમારી બધાની સહાયતાથી આપના માટે હસ્તિનાપુરનું રાજ્ય પણ દૂર નથી. આપના ઉપકારનો બદલો શું આપીને સંતોષ માનું ? અર્જુને મારી પુત્રીને શિક્ષણ આપ્યું છે. માટે આપની આજ્ઞા હોય તો મારી તે પુત્રી ઉપહારના સ્વરૂપે અર્જુનને સમર્પણ કરૂં. યુધિષ્ઠિરે જ્યારે અર્જુનના મુખ સામે જોયું ત્યારે અર્જુને કહ્યું કે ઉત્તરા તો મારી પુત્રીની બરાબર છે. માટે વિરાટેન્દ્ર જો પાંડવોની સાથે સૌજન્યની ભાવના રાખતા હોય તો અભિમન્યુના વિવાહ ઉત્તરાની સાથે કરે. અર્જુનના વચન સાંભળી વિરાટરાજા ખુબ જ આનંદ પામ્યા.

યુધિષ્ઠિરે સુભદ્રા, અભિમન્યુ અને કૃષ્ણને બોલાવવા માટે એક દૂત દ્વારિકા મોકલી પાંચ પાંચાલોની સાથે દ્રુપદરાજાને બોલાવવા માટે બીજા એક દૂતને કાંપિલ્યપુર

ઓકળ્યો. દૂતના વચનથી પાંડવોને સુખરૂપ જાણી કૃષ્ણ તથા દ્રુપદરાજા ખુબ જ આનંદિત બન્યા. તે બંને જણા પોતપોતાની સેનાઓ લઇને વિરાટનગર આવ્યા. સેના સહિત પાંડવો તથા વિરાટરાજાએ કૃષ્ણ તથા દ્રુપદનું સ્વાગત કર્યું. વિરાટરાજાના કહેવાથી કૃષ્ણ અને દ્રુપદરાજાએ પોતાના લશ્કરને ઉદ્યાનમાં તંબુઓ નાખી રાખ્યું. સુભદ્રા અભિમન્યુ તથા પાંચપાંચાલોએ આવી કુન્તામાતાને પ્રણામ કર્યા. પાંચાલોએ માતા દ્રૌપદીને નમસ્કાર કરી પાંડવોને નમસ્કાર કર્યા. ઘણા દિવસો પછી સુભદ્રા તથા દ્રૌપદી એકબીજાને મળ્યા. તેના આનંદમાં પરસ્પર બંને જણ ભેટયા. અભિમન્યુએ પણ દ્રૌપદીને નમસ્કાર કરી પાંડવોને નમસ્કાર કર્યા. કુટુંબસહિત કૃષ્ણની અર્ચના કરીને યુધિષ્ઠિર કૃષ્ણના નિવાસસ્થાને ઘણા દિવસો બાદ મિલન થવાથી કૃષ્ણ અને પાંડવો ખુબ જ આનંદ કરવા લાગ્યા.

પાંડવ તથા વિરાટ રાજાએ વિવાહિક કાર્યનું આયોજન કર્યું. યાદવ સ્ત્રીઓએ માંગલિક ગીતો ગાવાની શરૂઆત કરી. વિવાહ સંબંધી કામમાં ઓતપ્રોત બનેલી વિરાટનગરની સ્ત્રીઓ આનંદ વિભોરમાં મહાલવા લાગી. માંગલિક વાજાં વાગવા લાગ્યાં. દ્રુપદ, કૃષ્ણ તથા પાંડવોથી પરિવરેલો અભિમન્યુ હાથી ઉપર બેસીને લગ્ન કરવા માટે ચાલ્યો. નગરમાં અનેક પ્રકારના તોરણો તથા કેળના પાંદડાનો શણગાર કરવામાં આવ્યો હતો. વિરાટ-

રાજાના મહેલમાં પ્રવેશ કરી અભિમન્યુએ ચોરીના માયરામાં ઉત્તરા સાથે હસ્તમેળાપ કરીને ઉત્તરા તથા અભિમન્યુએ અગ્નિની પ્રદક્ષિણા કરી. હસ્તમેલાપના સમયે વિરાટરાજાએ અભિમન્યુને હાથી, ઘોડા, રત્ન વિગેરે આપ્યું. એકબીજાના સ્થાનમાં આવવા જવાથી યાદવ–સ્ત્રીઓ તથા વિરાટનગરની સ્ત્રીઓએ નગરજનોને આનંદ કરાવ્યો.

દસમો સર્ગ સંપૂર્ણ :

સર્ગ : ૧૧મો

વિરાટનગરમાં અભિમન્યુની સાથે ઉત્તરાના લગ્ન થયા પછી કૃષ્ણ ખૂબ જ આગ્રહપૂર્વક સગાન્ધવ યુધિષ્ઠિરને પરિવાર સહિત દ્વારકા લઇ ગયા. રસ્તામાં સ્નેહથી એક જ રથમાં બેઠેલી દ્રૌપદી અને સત્યભામા વાતો કરવા લાગી. સત્યભામાએ હસીને દ્રૌપદીને કહ્યું કે મને એક વાતનું ખૂબ જ આશ્ચર્ય થાય છે. માટે હું આપને પુછું છું. અમે લોકો એક પતિની પણ પૂરેપૂરી સેવા કરી શકતા નથી તો પછી આપ પાંચ પતિની પ્રકૃતિને અનુકુળ કેવી રીતે રહી શકો છો. ? દ્રૌપદીએ કહ્યું સખી ! હું પતિને અનુકુળ થવાનો મંત્ર કહું છું. હું મન વચન અને કાયાથી પતિમાં જ લીન રહી છું. તેમને જે ગમે છે તેજ હું કરૂં છું. હું દરરોજ તેમના જમ્યા પછી જ જમું છું. તેમના સૂતા પછી સૂઇ રહું છું. તેમના ઉઠતા પહેલાં ઉઠું છું. તેઓ જ્યારે બહારથી આવે છે ત્યારે તેમની સામે જઇને તેમનું સ્વાગત કરૂં છું. હું જાતે જ તેમના શરીરની શુશ્રુષા કરૂં છું. પરિવારની તરફ સંતાનના જેમ જ પ્રેમ રાખું છું. પાંચે તરફ એક સરખો પ્રેમ રાખુ છું એટલા

માટે જ મારા પાંચ પતિ મને પોતાના પ્રાણથી પણ અધિક માને છે. આ પ્રમાણે બન્નેની વાતો ચાલતી હતી. ત્યાં દ્વારકા નગરી આવી પહોંચ્યાં. શ્રીસમુદ્રવિજયાદિ દશે દશાર્હોએ હર્ષોલ્લાસિત બનીને કુન્તીને પ્રણામ કર્યા. આનંદાશ્રુને વહાવતાં પાંડવોએ મામાને પ્રણામ કર્યા.

ત્યાર બાદ દશાર્હોએ કહ્યું કે પહેલાં તીર્થયાત્રાના પ્રસંગે જ્યારે અર્જુન અહિં આવ્યા હતા ત્યારે અમે તેને સુભદ્રા આપી હતી. અત્યારે અમો તમો ચારે જણાને લક્ષ્મીવતી, વેગવતી, વિજયા, રતિ એ ચાર કન્યાઓ આપીએ છીએ. એ પ્રમાણે કહીને પાંડવોને પોતાની ચાર કન્યાઓ આપી. ચારે નાના ભાઇઓ સહિત, યુધિષ્ઠિરનું સ્વાગત કર્યું અને દ્વારામતીની શોભા બતાવી. પાંડવોના પુત્રો પાંચાલ વિગેરે પ્રદ્યુમ્ન વિગેરે કુમારોની સાથે નગરના ઉદ્યાનોમાં અનેક પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યા. કૃષ્ણને ભીમ અને દ્રૌપદીએ વિલાપ કરતાં કરતાં દુર્યોધનના અપરાધોનું વર્ણન કર્યું. ક્રોધમાં આવેલા કૃષ્ણ મહારાજાએ બોલવામાં ચતુર એવા દ્રુપદ રાજાના પુરોહિતને દુર્યોધનની પાસે મોકલ્યો. તે દૂત ઉચિત પરિવાર સહિત હસ્તિનાપુર પહોંચ્યો. સેવા માટે આવેલા નાના રાજાઓથી શોભાયમાન દુર્યોધનની સભામાં દૂતે પ્રવેશ કર્યો. દ્રોણાચાર્ય, અશ્વત્થામા, ભીષ્મ, શલ્ય, જયદ્રથ, કૃપાચાર્ય, કૃતવર્મા, ભગદત્ત, કર્ણ, વિકર્ણ, સુશર્મા, શકુની, ભૂરિશ્રવા, શિશુપાલ, દુઃશાસન, વિગેરે ભાઈઓ તથા લક્ષ્મણ વિગેરે પુત્રોથી તે સભા શોભતી હતી.

ફૂલે હાથ જોડી દુર્યોધનને કહ્યું કે હે રાજન્! કૃષ્ણ રાજાએ મને આપની પાસે મોકલાવેલ છે. પોતાની કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવામાં સમર્થ એવા પાંડવોએ વિરાટનગરમાં ગુપ્તવેશે તેરમું વર્ષ પસાર કર્યું છે. જ્યારે આપ લોકો ગાયોને લેવા માટે વિરાટનગર ગયા હતા ત્યારે પાંડવો તમારી સામે પ્રગટ થયા હતા. વિરાટરાજાએ પ્રાણથી પણ અધિક માનીને તેમની સેવા કરી છે. દ્રુપદ વિગેરે રાજાઓએ તેમની આજ્ઞા સ્વિકારી છે. વિરાટરાજાની પુત્રી ઉત્તરાની સાથે અભિમન્યુના લગ્ન પ્રસંગે પણ હું ત્યાં હાજર હતો. ત્યાં પાંચાલ વિગેરે પાંડવોના પુત્રો તથા બીજા મિત્રગણ પણ હાજર હતા. પરંતુ ભાઈઓ સહિત આપના મુખ કમળને નહિ જોવાથી યુધિષ્ઠિરના ચિત્તમાં આનંદ નહોતો. તો પણ ભાગ્યદેવીનો દોષ છે કે તેર વર્ષ સંપૂર્ણ થવા છતાં આપે તેમને બોલાવ્યા નહિ, તેઓ પણ આમંત્રણ વિના હસ્તિનાપુર આવવા માટે તૈયાર નહિ હોવા છતાં પણ હું તેઓને આગ્રહથી હસ્તિનાપુર લઇ આવ્યો છું. હજુપણ સમય છે કે આપ આપના ભાઇને બોલાવવા માટે જાઓ. ભાઈઓએ પરસ્પર વિરોધ કરવો તે ઉચિત નથી. જો આપ પોતે જ તેમને નહિ બોલાવો તોપણ યુધિષ્ઠિર પોતાના પરાક્રમી ભાઈઓના બળથી પોતાનો રાજ્યભાગ લેવાના જ છે. અથવા આપ તેઓને નહિ બોલાવો તો પણ પાંડવો અહિ આવીને કદાચિત્ આપનું રાજ્ય પણ પડાવી લેશે. તે વખતે કાં તો આપ યુદ્ધમાં મરી જશો અથવા રાજ્ય છોડીને તેમની

જેમ વનવાસમાં રહેવું પડશે. વળી તેઓને મારા જેવા ઘણા સહાયકો છે. મોટાઓની સહાયતાથી નાનાઓ પણ વિજયને પ્રાપ્ત કરી શકે છે. વાદળથી પ્રતિબંધિત પાણી પણ દુર્લભ નથી, સમુદ્રમાં રત્નોનો દુષ્કાળ નથી. જેવી રીતે ગાંડો માણસ સૂર્યનો વિરોધ કરે છે તેવી રીતે આપ તેમને નહિ બોલાવીને વિરોધ વધારી રહ્યા છો.

દૂતના વચનો સાંભળી અત્યંત ક્રોધાયમાન થઈને દુર્યોધન બોલ્યો હે બ્રાહ્મણ ! તમારા વચનો બોરની જેમ ઉપરથી કોમળ દેખાય છે પરંતુ અંદરથી કઠોર છે. મારા બાહુબળના આધારે રહેલી પૃથ્વીને કોણ ઉપાડી શકનાર છે. હાથીના મુખમાં ગએલા ઘાસને કોણ બહાર કાઢી શકે ? મારી સામે કૃષ્ણ કોણ છે ? અરે પાંડવોની તાકાત શું છે ? સૂર્યની સામે ચંદ્રમા અને તારાગણની કિંમત શું છે ? જ્યારે યુદ્ધમાં મારા બાણોથી દુઃખી થઈને શીઆળની જેમ બૂમો મારતો ભાગશે ત્યારે જ કૃષ્ણને સમજાશે કે દુર્યોધનની તાકાત કેટલી છે ? દુર્યોધનના કઠોર વચનો સાંભળી ક્રોધાયમાન થએલા દૂતે કહ્યું કે સૂર્યની સાથે પતંગીયાનો સંઘર્ષ સંભવી શકતો નથી તેવી રીતે કૃષ્ણની સાથે આપનો સંઘર્ષ અસંભવિત છે. જે કૃષ્ણે બાલ્યાવસ્થામાં અરિષ્ટ, કેશી, ચાણૂરની આહુતિ આપી પોતાના પ્રતાપાગ્નિમાં કંસની પણ પૂર્ણાહૂતિ આપી. અરે રાજન્ ! કૃષ્ણની વાત છોડી દો. યુદ્ધમાં પાંડવોને પણ કોણ જીતી શકે તેમ છે.

યુધિષ્ઠિરનો ક્રોધાગ્નિ શત્રુઓની સ્ત્રીઓના આંસુઓથી પણ બુઝાવાનો નથી હે રાજન્! કિર્મીર હિડંબ, બક, કીચક, વૃષકર્પર વિગેરેને મારનાર ભીમનો પણ આપે આપના મનમાં કંઈ વિચાર કર્યો લાગતો નથી. વિરાટ-નગરમાંથી ગાયોનું હરણ કરનાર સુશર્માની દુર્દશાથી આપ ચિંતાતુર કેમ બનતા નથી ? વળી અર્જુનના બાણ વડે શત્રુઓની કીર્તિરૂપ કૌમુદીવન મલિન બની ગયું છે. જે અર્જુને વિપક્ષને જીતી ઈન્દ્રને ફરીથી રાજ્ય સુપ્રત કર્યું છે. ભાનુમતી જ્યારે રડવા લાગી ત્યારે મોટાભાઈની આજ્ઞાથી અર્જુને આપને ગંધર્વથી છોડાવ્યા હતા, વિરાટનગરમાં ગાયોના હરણ વખતે જે અર્જુને આપના વસ્ત્રોનું હરણ કર્યું હતું તે અર્જુનની પણ બીક નથી લાગતી ! નકુળ અને સહદેવ બંને ભાઈઓ પણ શત્રુ-ઓના પ્રાણ લેવાવાળા છે. આ પ્રમાણે ચારે ભાઈઓ નિશ્ચયથી તમારા પ્રાણ સહિત રાજ્યને લેવાના છે.

આ પ્રમાણે દૂતના વચનોને સાંભળી દુર્યોધને ક્રોધથી કહ્યું કે નીચ બ્રાહ્મણ! તું દૂત છે એટલે તારો વધ થઇ શકે તેમ નથી. માટે તને જેમ ઠીક લાગે તેમ તું બોલી શકે છે. પરંતુ જો તારી જીભમાં તાકાત છે તો તું જઈને તેઓને કહેજે કે કૃષ્ણ સહિત પાંડવો કુરૂક્ષેત્રના મેદાનમાં આવે. આ પ્રમાણે કહીને દૂર્યોધને ધક્કા મારી તે દૂતને કાઢી મૂકયો, દૂતને ધક્કો મારતા દુર્યોધનને જોઈ વિદુરજી વિગેરેએ માની લીધું કે હવે ભીમ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરશે.

દૂતે દ્વારકામાં આવી પાંડવો સહિત કૃષ્ણને જોઇ વિનય પૂર્વક કૃષ્ણને કહ્યું કે દેવ! દુર્યોધન એટલો બધો ગર્વિષ્ઠ છે કે તેના પ્રત્યે ચારની નીતિ (શામ દામ દંડ ભેદ) માં શામથી સમજે તેમ નથી. ઉલટું તેનાથી તો વધારે ઉદ્દંડ બને તેમ છે કેમકે ઘીથી અગ્નિ વધારે પ્રજ્વલિત બને છે. દુર્યોધનના ચરણ બધા રાજાઓ પૂજે છે. વળી ઇન્દ્રની લક્ષ્મીને પોતે તરણા સમાન માને છે. સન્માન અને દાનાદિ ગુણો વડે રાજાઓને એટલા બધા ખુશ કર્યા છે કે જેથી તે રાજાઓ દુર્યોધનના માટે પોતાના પ્રાણોને પણ આપવા તૈયાર છે. ભીષ્મ દ્રોણ વિગેરેને પણ પોતાના તરફ આકર્ષ્યા છે કે સમાન સંબંધ હોવા છતાં પણ તે બધા દુર્યોધનનો વિજય ઇચ્છી રહ્યા છે. પોતાની ચતુરંગી સેનાના બળથી ઇન્દ્રને પણ જીતી લેવાની ઇચ્છા રાખે છે. દિનરાત તેની સેના તૈયારી કરી રહી છે. તેના સૈનિકો બોલી રહ્યા છે કે હું કૃષ્ણને, હું અર્જુનને, હું ભીમને, હું નકુલને, હું સહદેવને, હું યુધિષ્ઠિરને મારીશ.

પૂરોહિત દૂતના વચનો સાંભળી કૃષ્ણે કહ્યું કે હું તો પહેલેથી જ જાણતો હતો કે દુર્યોધન દંડથી સમજે તેમ છે. પરંતુ લોકાપવાદથી બચવા માટે જ મેં શામનો ઉપયોગ કર્યો હતો. દુર્યોધનની આપેલી રાજ્ય લક્ષ્મી લેવામાં પણ મશકરી થવાની હતી. ભીમ અર્જુન નકુલ સહદેવ ચારે ભાઇઓએ પણ કહ્યું કે દુર્યોધને અમારૂં રાજ્ય પાછું આપવાની ના કહી તેજ સારૂ થયું છે નહિતર

અમારી પ્રતિજ્ઞા પૂર્ણ થાત નહિ. યુધિષ્ઠિરે પણ કહ્યું કે ભાઇઓનો વધ કરવા માટે મારૂ મન ના કહે છે. પરંતુ હવે યુદ્ધ કર્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. હવે તમે બધા યુદ્ધની તૈયારી કરો. યુધિષ્ઠિર અને કૃષ્ણના આદેશથી પાંડવ પક્ષમાં રહેલા રાજાઓએ પોતાની સેનાઓને તૈયાર થવાની આજ્ઞા કરી.

એક દિવસ ધૃતરાષ્ટ્રનો સારથિ સંજય દૂત બનીને યુધિષ્ઠિરની પાસે આવ્યો. તેણે સુંદર શબ્દો વડે યુધિષ્ઠિરને કહ્યું કે ધૃતરાષ્ટ્રે કહેવડાવ્યું છે કે આપ એક જ એવા આત્મા છો કે જેમાં વિવેક, ધર્મન્યાય, વિનય વિગેરેનો ખજાનો છે માટે વત્સ! હું હાથ જોડીને કહું છું કે દુર્યોધનને ખૂબ જ સમજાવ્યો પણ મારી મહેનત નિષ્ફળ ગઈ છે. તે મારૂં બીલકુલ સાંભળવા તૈયાર નથી માટે તમોને મારી પ્રાર્થના છે કે ભાઇઓમાં વિગ્રહ ન થાય તેવું કાર્ય કરો.

સંજયના વચનને સાંભળી યુધિષ્ઠિર હસવા લાગ્યા. અને બોલ્યા કે આર્ય સંજય! કાકાએ જે વાતો કરી છે તે સુંદર પરિણામ લાવનારી અને ન્યાયથી ભરેલી છે. પરંતુ જ્યાં સુધી શત્રુનો પરાભવ ન થાય ત્યાં સુધી જ ક્ષમા અલંકારરૂપ હોય છે. પરંતુ શત્રુઓ દ્વારા પોતાનો પરાભવ થવાનો હોય ત્યાં પરાક્રમ અલંકાર ગણાય છે. હું મારા ભાઈઓને મારી નાખવાની ઈચ્છા રાખતો નથી તેજ રીતે હું મારા રાજ્યને પણ છોડવા તૈયાર નથી

અથવા શાંતિનો માર્ગ પકડીને હું મારા રાજ્યનો ત્યાગ કરૂં તોપણ મારા ચારે ભાઈઓ રાજ્યને છોડવા તૈયાર નથી. આ પરિસ્થિતિમાં તેઓ જ પોતાનો માર્ગ નક્કી કરીને જણાવે.

ત્યારબાદ ભીમે કહ્યું કે દુર્યોધન અમારૂં રાજ્ય પાછું આપવા તૈયાર થાય તો પણ અમે સંધિ કરવા તૈયાર નથી. ઘણા દિવસો પછી રણોત્સવ પ્રાપ્ત થયો છે. તમે તેમાં શત્રુઓના ધડને નાચતા જોશો. દુર્યોધનની જાંઘ તોડીશ અને દુઃશાસનની ભુજાને કાપી નાખી મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરીશ, અર્જુને પણ કહ્યું કે યુદ્ધ કરવાના જ છીએ. જો યુદ્ધ ન કરીએ તો મારા બાણોનું શું થશે ? નકુળ અને સહદેવે પણ એ જ પ્રમાણે યુદ્ધનું સમર્થન કર્યું.

આ પ્રકારે પોતાના વિચારો બતાવી પાંડવોએ સંજયને વિદાય કર્યો, સંજયે હસ્તિનાપુર આવી એકાંતમાં દુર્યોધન વિગેરેની સામે ધૃતરાષ્ટ્રને કહ્યું કે આપ તો રાજ્ય આપ્યા વિના સંધિ કરવાની ઈચ્છા રાખો છો પણ પાંડવો રાજ્ય ગ્રહણ કરીને પણ સંધિ કરવા તૈયાર નથી. દ્રૌપદીના કેશાકર્ષણથી ક્રોધિત બનીને તેઓ આપના પુત્રોના પ્રાણ સહિત રાજ્યલક્ષ્મી લેવાની ઈચ્છા રાખે છે. હે કુરૂરાજ ! પાંડવો જંગલમાં જઈને બળહીન બની ગયા છે તેમ માનીને તેમનું અપમાન કરવું ઠીક નથી. જેમ વરસાદની પછીથી સૂર્યનું તેજ અધિક તીવ્ર બને છે તેમ

તેઓ પહેલાં કરતાં અધિક તેજસ્વી દેખાય છે. માટે હું આપને કહું છું કે આપ તેમનું રાજ્ય તેમને સુપ્રત કરી દો નહિતર આપના કુટુંબનું કલ્યાણ નથી.

સંજયના વચનોથી અતિશય ક્રોધાયમાન બનેલા દુર્યોધને કહ્યું કે નિશ્ચય આ સંજય શત્રુઓનો પક્ષપાતી બની ગયો છે. એટલા માટે તો તેમના પરાક્રમને બતાવી આપણને ડરાવે છે. સંજય એટલું પણ નથી જાણતો કે પાંચે પાંડવો મારા અસ્ત્રરૂપ રાક્ષસનો પહેલો કોળીઓ બની જવાના છે. મારી પાસેથી રાજ્યલક્ષ્મી કોની તાકાત છે કે ખેંચી શકે ? સિંહના દાંતમાંથી માંસને કોણ ખેંચી શકે છે ? મેં બધા રાજાઓને મારા વશમાં રાખ્યા છે જ્યારે પાંડવોના પક્ષમાં કેવળ વિરાટેન્દ્ર, દ્રુપદ અને કૃષ્ણ છે, આ પ્રમાણે હોવા છતાં પણ અમારી નિંદા કરવાવાળા સંજયની જીભ કેમ બળી જતી નથી ?

ત્યારબાદ કર્ણ, દુઃશાસન વિગેરેએ દુર્યોધનની વાતોનું સમર્થન કર્યું. સંજયને આ પ્રમાણે ઠપકો આપી દુર્યોધન ચાલ્યો ગયો ત્યારે વિદુરજી આદિએ મનમાં વિચાર કર્યો કે હવે જલ્દીથી કુળનો વિનાશ થવાનો છે. ત્યારબાદ દુર્યોધને કુરૂક્ષેત્રને માટે પોતાની સેનાઓને તૈયાર કરી, હસ્તિનાપુરના નગરજનો કુરૂકુલવિનાશની શંકાથી મનમાં બહુ જ દુઃખી થયા.

બીજે દિવસે ધૃતરાષ્ટ્રે, વિદુરજીને બોલાવી એકાંતમાં

પૂછયું કે કુલનું કલ્યાણ કેવી રીતે થાય ? વિદુરજીએ કહ્યું કે આપ તો આ અનર્થનું કારણ છો, કારણ કે જન્મતાની સાથે જ દુર્યોધનને છોડી દેવાનો હતો. તે વખતે મારી વાતો આપને સારી લાગતી નહોતી તો હવે હું આપને શું કહું ? જે પોતાના આંગણામાં ઉત્પન્ન થએલ વિષવૃક્ષને કાપી નાખતા નથી ત્યારે તે મોટું થયા બાદ અનેકના પ્રાણ હરે છે. ઘરમાં જ્યારે આગ લાગવાની શરૂઆત થાય છે ત્યારે બુઝાવતા નથી અને જ્યારે આખા ઘરને આગ ઘેરી લે છે ત્યારે બુઝાવવા તૈયારી કરવાથી તે આગ બુઝે ખરી કે ? માટે રાજન્ ! તમે લોભને છોડી ધર્મનો વિચાર કરો. તમારા પુત્રને દુરાગ્રહથી દૂર કરો નહિતર આખો વંશ મૃત્યુનો મહેમાન બનશે.

શુદ્ધબુદ્ધિ વિદુરજીની ધૃતરાષ્ટ્રે ખુબ જ પ્રશંસા કરી અને કહ્યું કે તમારા વિના આવા હિતકર વચન મને કોણ કહેશે ? તમારી વાણી કડવી હોવા છતાં સારૂં પરિણામ આપવાવાળી છે, હું શું કરૂં ? મેં દુર્યોધનને ઘણો સમજાવ્યો પરંતુ તે દુર્ભાગ્યવશે કશું સાંભળતો નથી. માટે આપણે બંને તેની પાસે જઇને એકવાર તેને સમજાવવાનો પ્રયાસ કરીએ. કોઇપણ સંજોગોમાં આવનારી આફત બચી જાય તો કુરૂવંશનું કલ્યાણ થાય.

આ પ્રમાણે વિચારીને બંને જણા દુર્યોધનની પાસે ગયા, બુબ પ્રેમથી દુર્યોધનને સમજાવતા કહેવા લાગ્યા

કે વત્સ ! જે ન્યાયમાર્ગને ચૂકી જાય છે તે માનવ જીવતો હોવા છતાં પણ મરેલા સમાન માનવામાં આવે છે. ત્યાર બાદ સ્વજન પણ તેને છોડી જાય છે. જ્યારે સ્વજનો તેને છોડી દે છે ત્યારે તે મનુષ્ય તુચ્છ બની જાય છે, લોકોનો અનુરાગ જેના પર હોય છે તેની પાસે લક્ષ્મી જાય છે. માટે હજુપણ હે દુર્યોધન ! તું ન્યાયમાર્ગને નહિ સ્વિકારે તો લક્ષ્મી તને છોડી યુધિષ્ઠિરની પાસે ચાલી જશે, અથવા તું કર્ણ, ભીષ્મ, દ્રોણ વિગેરે ધનુર્ધારીઓના બળ ઉપર પાંડવોથી લડવાની ઈચ્છા રાખતો હોય તો તે પણ ઠીક નથી, કેમકે ગંધર્વરાજની સાથે અથવા વિરાટરાજાની સાથે લડાઇમાં તેં તેમનું પરાક્રમ જોએલું છે. વળી યુધિષ્ઠિરની આજ્ઞાથી અર્જુને તને ગંધર્વરાજના બંધનમાંથી મુક્ત ન કર્યો હોત તો તું કેવી રીતે છુટી શકવાનો હતો, તને યાદ હશે કે વિરાટનગરમાં દયાથી અર્જુને તારી કીર્તિને લઇ લીધી અને તને જીવતો જવા દીધો માટે વત્સ ! દ્વેષ છોડીને પાંડવોની ભૂમિ તેઓને આપી કુરૂવંશનું રક્ષણ કર.

તે બંનેના વચનોને સાંભળી પોતાના બાહુબળનું અભિમાન કરતો દુર્યોધન બોલ્યો કે પિતાજી ! તમે લોકો ક્ષત્રિયધર્મને જાણતા નથી. હાથમાં આવેલું રાજ્ય ક્ષત્રિય થઈને કોણ મુકવા તૈયાર થાય છે ? વળી છોડી દેવાથી લોકોમાં કીર્તિને લાંછન લાગે છે, ન્યાય પણ તે જ ન્યાય છે કે જે તેજસ્વીઓને માન્ય હોય. તમે લોકો

ગભરાવ નહિ. પાંડવો તો હમણાં જ મારા પ્રતાપાગ્નિમાં બળીને ભસ્મીભૂત થવાના છે. તમે મારી પાસે નકામી વાતો કરી મારા મનને દુઃખી શા માટે કરો છો ?

આ પ્રકારે દુર્યોધનના વચનો સાંભળી દુઃખી બનેલા ધૃતરાષ્ટ્ર અને વિદુરજી બન્ને ત્યાંથી નીકળીને પોત-પોતાના સ્થાને ગયા.

ત્યારબાદ કુલક્ષયની બીકથી વિદુરજીનું ચિત્ત વિરક્ત બની ગયું, તેઓએ સંપત્તિની, વિષયસુખની ખુબ નિંદા કરી, તેઓએ યુદ્ધમાં કુરૂવંશના ભાઈઓને મરતા જોવા નહિ ઠીક લાગવાથી પ્રવ્રજ્યા લેવાનો વિચાર કર્યો.

આ પ્રમાણે મનમાં વિચારતા વિદુરજીએ સાંભળ્યું કે ઉદ્યાનમાં વિશિષ્ઠજ્ઞાની વિશ્વકીર્તિમુનિ આવ્યા છે ત્યાં જઈને મુનિને વંદન કરી તેમની સામે વિદુરજી બેઠા. ત્યારબાદ મુનિએ અમૃતમય દેશના આપી કહ્યું કે મેં જ્ઞાન દ્વારા આપના મનને સંસારથી વિરક્ત સમજી ઘણા દૂરથી અહિં વિહાર કરીને આવવાનો વિચાર કર્યો છે. માટે તમે તમારી ઈચ્છિનીય વસ્તુને પ્રાપ્ત કરો. આ ભવિતવ્યતા રોકી શકાય તેમ નથી, પરંતુ આપના કુળનો વિનાશ નિશ્ચિત થવાનો જ છે.

વિદુરજીએ ઉઠી મુનીશ્વરની સ્તુતિ કરી અને વ્રત આપવા માટે આગ્રહ કર્યો. મુનીશ્વરે વ્રત આપવા માટે વિદુરજીની વિનંતીનો સ્વિકાર કર્યો, ત્યારબાદ મુનીશ્વરને

પ્રણામ કરી વિદુરજી નગરમાં આવ્યા. બંને ભાઈઓની સંમતિ લઈ વિદુરજી મુનીશ્વરની પાસે આવ્યા અને સર્વ સાવદ્યત્યાગરૂપ સર્વવિરતિ વ્રત ગ્રહણ કર્યું અને મુનીશ્વરની સાથે વિહાર કરી ગયા.

બીજે દિવસે થોડાક સામંતોને સાથે લઇને કૃષ્ણ હસ્તિનાપુર આવ્યા. રાજાએ તેમનું સ્વાગત કર્યું. મોટા સમારંભ સહિત શ્રીકૃષ્ણે નગરમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ રાજ્યભવનમાં લાવીને દિવ્ય આસન પર રાજાએ તેમને બેસાડયા. તે સભામાં ધૃતરાષ્ટ્ર સહિત ભીષ્મ, દ્રોણ, કર્ણ, દુર્યોધન, દુઃશાસન વિગેરેની વચમાં બેઠેલા કૃષ્ણ ચંદ્રમાની જેમ શોભવા લાગ્યા. ત્યારબાદ ધૃતરાષ્ટ્રે વિનયપૂર્વક કૃષ્ણને કહ્યું કે તમારા આગમનથી મારૂં ભવન તો પવિત્ર બની ગયું છે પણ તમારા વચનોથી મારા કાનને પવિત્ર બનાવો.

ધૃતરાષ્ટ્રના વચનોને સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે રાજન્! આપનો સંદેશ લઈને સંજય દ્વારકા આવ્યો હતો. તેની વાતો સાંભળીને યુધિષ્ઠિરે સંધિનો સ્વીકાર કર્યો હતો. પરંતુ બીજા રાજાઓ સહિત ભીમ, અર્જુન, નકુળ અને સહદેવે સંધિ કરવાની ના કહી ત્યારે કોઇપણ જાતની વાતચીત કર્યા સિવાય સંજય યુદ્ધનો આદેશ લઈને હસ્તિનાપુર આવ્યો. યુધિષ્ઠિરે બધી વાત મને કહી ત્યારબાદ તે ચારે ભાઈઓને પૂછ્યા સિવાય હું અહિં

આવ્યો છું. જો તમે બધા મને તમારો આપ્તજન માનતા હો તો મારી વાત સાંભળો. મદમત્ત માણસોને સજ્જનની શિખામણ અસર કરતી નથી. લક્ષ્મીના મદમાં આંખો હોવા છતાં પણ લોકો અંધ બને છે. કાન હોવા છતાં પણ બહેરા છે. કારણ કે દુષ્ટલક્ષ્મી હિતોપદેશને સાંભળવા દેતી જ નથી, એટલા માટે જ દુર્યોધન અભિમાન છોડીને સાંભળવા ઇચ્છતો હોય તો હું કાંઈક કહું છું. જ્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું કે ગોવિંદ ! તમે શાંતિપૂર્વક જે કંઈ કહેવું હોય તે કહો, ત્યારે ગરૂડધ્વજે (કૃષ્ણે) કહ્યું કે તમે પાંડવોને રાજ્યનો ટુકડો આપવા માટે પણ તૈયાર નથી, પરંતુ તે લોકો તમારા પ્રાણ સહિત રાજ્ય લેવાની ઇચ્છા ધરાવે છે. અથવા પાંડવોને મારી તમે સામ્રાજ્ય લેવાની તૈયારી કરો છો તો પણ સ્વજન વિના સુખ કયાં છે ? યુધિષ્ઠિર બધી જ રીતે સમર્થ છે કેમ કે ચારેભાઈ એ યુધિષ્ઠિરને સંપૂર્ણ સહાયક છે. પરંતુ હું આપને કહું છું કે આપ ફક્ત પાંચ ગામ તેમને આપો. કુશસ્થળ, વૃકસ્થળ, માકંદી, વારણાવત, ચારભાઇઓના માટે ચાર તથા યુધિષ્ઠિરને માટે તમોને જે ઠીક લાગે તે એક ગ્રામ આપો, આટલું આપવાથી હું તેમને સમજાવીશ, અને સંધિ થઈ જશે, કુલનો નાશ થતો બચાવવા માટે સજ્જન પુરૂષો થોડામાં પણ શાંતિ માને છે અથવા આપ આટલું પણ નહિ આપો તો યુદ્ધ અનિવાર્ય થવાનું છે.

આ પ્રમાણે કૃષ્ણના કહેવાથી દુર્યોધન ક્રોધમાં આવીને બોલ્યો કે ગોવિંદ ! મેં પાંડવોને જીવતા સોયના

છે તે જ ઘણું છે, હવે જો એકપણ ગામની વાત કરશો તો તેઓને મારી નાખીશ, અથવા તેમને પરાક્રમનો ગર્વ હોય તો તેમને સાથે લઈને કુરૂક્ષેત્રના મેદાને આવે, મારૂં સૈન્ય તેમનું સ્વાગત કરશે. આ પ્રમાણે કહીને કર્ણની સાથે ઉઠીને દુર્યોધન સભાની બહાર જઈને કૃષ્ણને કેદ કરવાનો નિશ્ચય કરી સભામાં આવીને બેઠો. સાત્યકીએ દુર્યોધન અને કર્ણની વાતો સાંભળી લીધી હોવાથી કૃષ્ણને સંકેત કર્યો, કૃષ્ણ ક્રોધાયમાન થઈને બોલ્યા કે, દુષ્ટ લોકો ઉપકારીનો પણ અપકાર કરવાની ઇચ્છા રાખે છે. તમને બચાવવા માટે હું અહિં સુધી દોડીને આવ્યો છું. અને તેજ મને કેદ કરવાની ઇચ્છા ધરાવે છે. શિઆળવાના આક્રમણથી સિંહને શું થવાનું છે? તમોને મારી નાખવા જોઈએ, પણ દયાભાવ અંતરમાં ભરેલો હોવાથી તમને કંઈ જ કરતો નથી. વળી પાંડવોની પ્રતિજ્ઞા નિષ્ફળ ન જાય એટલા માટે જ તમને છોડી દઉં છું. દુર્યોધન અવશ્ય કુરૂક્ષેત્રમાં પાંડવોના બાહુપરાક્રમને જોશે. હવે તો પાંડવો આવી જ ગયા છે, કારણ કે વીરપુરૂષોને માટે યુદ્ધ ઉત્સવ છે.

આ પ્રમાણે કહીને કૃષ્ણ બહાર નીકળી ગયા. તેમને શાંત પાડવા માટે ભીષ્મ, ધતરાષ્ટ્ર તેમની પાછળ ચાલ્યા. તેઓએ કૃષ્ણને કહ્યું કે મહાત્મા પુરૂષો દુર્જનના વચનો શ્રવણ કરી ક્રોધાયમાન થતા જ નથી, માટે આપ દુર્યોધનની ઉપર ક્રોધ કરતા નહિ. તમારી સામે કોઈ

યુદ્ધ કરવાની તાકાત ધરાવતું નથી. તો પછી પાંડવોની તો વાત જ શું કરવી ? પાડવો તો તમારી સહાયતા વિના પણ વિજય પ્રાપ્ત કરી શકે છે માટે પાંડવો તમને સહાયતા માટે આમંત્રણ કરે તો પણ આપ યુદ્ધમાં આવતા નહિ.

તેમના વચનો સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે પાંડવો સમર્થ છે માટે હું યુદ્ધમાં શસ્ત્રાસ્ત્ર ગ્રહણ નહિ કરૂં. પરંતુ અર્જુનના રથનો સારથિ બનીને આવીશ એટલે આપના વચનનું પાલન થશે. આ પ્રમાણે કહીને કૃષ્ણે તે બધાને વિદાય કરી કર્ણનો હાથ પકડી રથમાં બેસાડી બન્ને ચાલ્યા. પાંડુને મળવા વિદુરજીના ઘેર જતાં શ્રી કૃષ્ણે રસ્તામાં કર્ણને કહ્યું કે તમારા બળથી જ દુર્યોધન મદમત્ત બન્યો છે. ઇન્દ્ર વજ્રથી જ ઇન્દ્ર કહેવાય છે. દુર્યોધન દુરાત્મા છે, તેને મિત્ર બનાવ્યો છે તે ઠીક નથી. તમારી તો યુધિષ્ઠિરની સાથે મિત્રતા હોવી જોઇએ. બીજી વાત એ છે કે એકાંતમાં કુંતીએ મને કહ્યું છે કે તેઓએ તારો ત્યાગ કર્યો ત્યારે જ તું રાધાનો પુત્ર બન્યો છે. માટે આપ તો પાંડવોના સહોદર બંધુ છો માટે તમારે પાંડવ પક્ષમાં રહીને યુદ્ધ કરવું જોઈએ.

કર્ણે કહ્યું કે દુર્યોધનની સાથે મિત્રતા સારી નથી પરંતુ દુર્યોધને મને રાજા બનાવેલ છે. માટે હું દુર્યોધનના માટે જ મારૂં આ શરીર યુદ્ધમાં છોડીશ. તમારી સહાયતાથી યુધિષ્ઠિર જીતી જવાના છે, વળી જો હું

દુર્યોધનને છોડીશ તો નિરાશ થઇ જશે, માટે મને યુધિષ્ઠિરના પક્ષમાં આવવા માટે આગ્રહ કરશો નહિ. પરંતુ આપ માતાને કહેશો કે હું અર્જુન સિવાય ચારે પાંડવોને નહિ મારું. આ યુદ્ધમાં હું મરીશ અથવા અર્જુનને મારીશ. તેને તો બેમાંથી એકના મૃત્યુ બાદ પણ પાંચ પુત્રો રહેવાના છે.

ત્યારબાદ કર્ણને વિદાય કરી પોતે પાંડુરાજા પાસે આવી પોતાના આગમનનું પ્રયોજન તથા દુર્યોધનની નિર્લજ્જતા વિગેરે કહ્યું, પાંડુરાજાએ કહ્યું કે પાંડવોને કહેજો કે તમે લોકો કાતરનું કામ નહિ કરતા, વિરોધીઓ સંબંધી હોય તોપણ તેમનો વિનાશ કરવો આવશ્યક છે, ફરીથી કૃષ્ણને કહ્યું કે તમારી સહાયતાથી પાંડવો અવશ્ય વિજય પ્રાપ્ત કરશે.

કૃષ્ણે કહ્યું કે રાજન્! આપના પુત્રોનો જ વિજય થવાનો છે તેમાં કોઈ શંકા નથી, તમારા પુત્રની ક્ષમાએ શત્રુઓને બચાવી લીધા છે. મારી સાથે તમો પણ દ્વારકા ચાલો, કારણ કે આપના વિયોગથી પાંડવો દુઃખી થાય છે. પાંડુરાજાએ કહ્યું કે જ્યારે તેઓ વિજય પ્રાપ્ત કરશે ત્યારે જ હું તેમનું મુખ જોઇશ માટે તમો દ્વારકા જાઓ, શ્રીકૃષ્ણ દ્વારકામાં આવી યુધિષ્ઠિરને બધી વાતો કહી, કૃષ્ણના વચનો સાંભળી પાંડવો આનંદમાં આવી ગયા, અને સેનાની તૈયારી કરવા લાગ્યા.

અગીઆરમો સર્ગ સંપૂર્ણ :

સર્ગ : ૧૨મો

એક દિવસ જરાસંધનો સોમક નામનો દૂત દ્વારકા નગરીમાં આવ્યો, ચારે તરફ ખાઈની જેમ સમુદ્રથી વીંટળાએલી સુવર્ણમય મહેલોથી સુશોભિત દ્વારકાનગરીને જોઈ તેણે ઇંદ્રની નગરી અમરાવતીને પણ તૃણ સમાન તુચ્છ માની હતી, બજારમાં મોટા મોટા સુવર્ણ અને રત્નના ઢગલા જોઈને તેણે વિચાર કર્યો કે સમુદ્રને રત્નાકરની ઉપમા લોકોએ ખોટી આપી છે ખરેખર! રત્નાકર તો દ્વારકાનગરી જ છે. ત્યારબાદ અક્ષોભ્ય આદિ ભાઇઓથી નેમિ, મહાનેમિ, કૃષ્ણ વિગેરે પુત્રોથી પરિવરેલા, રાજાઓના મુકુટમણિઓથી, ચમકતી વેશ્યાઓથી ઢળાતા ચામરોથી સુશોભિત રત્ન સિંહાસન ઉપર બેઠેલા બીજા ઇંદ્રની સમાન સભામાં સમુદ્રવિજય રાજાને જોયા. જરાસંધરૂપ સૂર્યના મૂર્તિમંત પ્રતાપ જેવો તે દૂત રાજાની આગળ જઈને બેઠો, યાદવવંશમાં કૌસ્તુભમણિની સમાન રાજા સમુદ્રવિજયને કહ્યું કે રાજન્! અખંડ કીર્તિશાળી જગતના અદ્વિતીય પરાક્રમી મગધેશ્વર જરાસંધે કહ્યું છે કે ગાયનું દુધ પીને હૃષ્ટપુષ્ટ આપના બન્ને કુમારોએ ઘણી નિર્દયતાથી મારા જમાઈ કંસરાજાનો

વધ કર્યો છે, તેનાથી મારા અંતરમાં યદુવંશનો સંહાર કરવા માટે ક્રોધાગ્નિ પ્રગટ થયો છે, મારી પુત્રી જીવયશાના આંસુઓએ ઘીના ઘડાનું કામ કર્યું છે જ્યારે હું પોતે યુદ્ધ કરવા માટે આવતો હતો ત્યારે મારા પુત્ર કાલકુમારે કહ્યું કે સિંહની ગર્જનાથી મૃગલાઓ મરી જાય છે, પણ સિંહ ભાગતો નથી, માટે મારા જીવતાં આપને યુદ્ધમાં જવું ઉચિત નથી, વસંતઋતુના આગમનથી શિશિર-ઋતુનો પત્તો પણ લાગતો નથી તેવી રીતે મારા પુત્રનું આગમન જાણીને તમો ભાગી છુટયા હતા, તમારી પાછળ પાછળ તે આવ્યા ત્યારે કેટલાય દિવસો પછી દૂતોએ આવીને કહ્યું કે પાછળ પાછળ ફરતા કુમારે મનુષ્યોથી રહિત એક શિબિર જોઇ, તેની પાસે ભીષણ જ્વાળાઓથી સળગતી અનેક ચિતાઓ જોઈ, યાદવોનું નામ લઈને કરૂણ સ્વરે રડતી એક દુઃખિત વૃદ્ધાને જોઇ, કાલકુમારે તે વૃદ્ધાને પૂછયું કે ભદ્રે! તું કેમ રડે છે? રડતી વૃદ્ધાએ જુદી જુદી ચિતાઓ બતાવતાં કહ્યું કે મહાભાગ સાંભળ! કાલકુમારના ભયથી આ ચિતામાં સમુદ્રવિજય, આ ચિતામાં વસુદેવ, આ ચિતામાં બળરામ તથા કૃષ્ણ તથા આ ચિતાઓમાં બીજા યાદવો બળે છે. હું કૃષ્ણની બહેન છું, હું પણ આ ચિતામાં પ્રવેશ કરવાની છું. કુમારે કહ્યું કે મેં મારા પિતાજીની સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી કે શત્રુ ગમે ત્યાં જશે ત્યાંથી હું તેને ખેંચી લાવીશ માટે હું ચિતામાં પ્રવેશ કરીને તેઓને ખેંચી લાવીશ. આ પ્રમાણે વિચારી તે અવિચારી કુમારે

ક્રોધમાં આવીને મૃત્યુનો વિચાર કર્યા સિવાય લોકોના રોકવા છતાં પણ બળરામ તથા શ્રીકૃષ્ણની ચિતામાં પ્રવેશ કર્યો અને એક ક્ષણવારમાં બળીને ભસ્મીભૂત થઇ ગયો. આપની બીકથી પણ શોક વિહ્વળ સેના પણ ચિતામાં પ્રવેશ કરીને બળી ગઇ. આ સાંભળી હું પણ તત્કાળ અત્યંત દુઃખી થયો, પરંતુ શત્રુઓ પણ બળી ગયા. આ વિચારીને હું પણ શાંત થયો. ત્યારબાદ મારી પુત્રી જીવયશા પતિને, ભાઇને અને તમને બધાને જલાંજલી આપી શત્રુઓનો બદલો લઈને શાંતિપૂર્વક રહેવા લાગી.

ઘણા દિવસો બાદ રત્નકંબળ વિગેરે વસ્તુઓને લઈને વેપારી અમારા નગરમાં આવ્યા. તેણે જીવયશાને રત્નકંબળ વિગેરે બતાવીને કિંમત કહી. જીવયશાએ કિંમત ઓછી કરવાને કહ્યું ત્યારે તે વેપારીએ કહ્યું કે રાજપુત્રી ! દ્વારકામાં લોકો મેં કહી તેનાથી આઠ ઘણી કિંમત આપીને લેવા માટે આગ્રહ રાખે છે. માટે પ્રતિવાસુદેવની આ નગરી કરતાં તે ફક્ત રાજાની નગરી સર્વ શ્રેષ્ઠ છે. તેની વાતો સાંભળી જીવયશાએ પૂછયું કે જેનું તમે વર્ણન કરો છો તે નગરી કયાં છે ? વેપારીએ કહ્યું કે દેવિ ! લવણસમુદ્રના કિનારે દેવોએ નિર્માણ કરેલી દ્વારકા નામની નગરી છે. નગરીમાંથી રત્નોને લેવા માટે રત્નાકર દરરોજ તેની સેવામાં રહે છે. ઈન્દ્રના અભિમાનને તોડનાર સમુદ્રવિજય નામના રાજા છે. તેમના નાનાભાઈનું નામ વસુદેવ છે. જેઓના ગુણો પ્રત્યે વિદ્યાધરી સ્ત્રીઓ

આકર્ષાઈને રહેલી છે. તેમને અનેક પુત્રો છે. તેમાં બળરામ તથા કૃષ્ણ બન્ને સૂર્યચંદ્રની સમાન તેજસ્વી છે. કૃષ્ણે કેશી, ચાણૂર, કંસ વિગેરેને યમરાજાના અતિથિ બનાવ્યા છે. કૃષ્ણને તમામ પ્રકારનો રાજ્યભાર સુપ્રત કરીને સમુદ્રવિજય નિવૃત્ત જીવન ગાળે છે. ઈન્દ્રની લક્ષ્મીને જીતનાર યાદવો જે નગરીમાં રહે છે તે દ્વારકાનગરીને આપ જાણતા નથી ?

વેપારીના અતિ દુઃખદાયક વચનો સાંભળીને જીવયશા નિસાસા નાખતી બોલી "હાય ! તે પાપીઓ હજુ પણ જીવે છે." આ પ્રમાણે બોલતી અને રડતી સીધી રાજ્ય સભામાં આવીને તેણીએ મને બધી વાત કરી અને કહ્યું કે પિતાજી ! આપ તે ક્રૂર માણસોનો સંહાર નહિ કરી શકો તો હું આગમાં બળીને મરી જઇશ. તેના વચન સાંભળીને મારા મનમાં ચિંતા થઈ કે, ધિક્કાર છે તે દૂતોને કે જેઓએ આવીને મને કહ્યું કે 'બધા યાદવ મરી ગયા.' આજે પણ તેઓ જીવે છે તે આશ્ચર્યની વાત નથી ? અથવા યાદવોની તે વૃદ્ધાએ મારા પુત્રને ઠગી ચિતામાં પ્રવેશ કરાવીને મારી નાખ્યો. પરંતુ આપ મારા જમાઇને મારવાવાળા તે બે ગોપાલ બાલકોને સમર્પણ કરી દેશો તો આપના કુળનું કલ્યાણ છે માટે રાજન્ ! તમે તમારા કુળના રક્ષણ માટે તે બન્ને કુમારોને સમર્પણ કરો ! જેમ મુનિ મહાત્માઓ મહાનંદને માટે વિષયાનંદને છોડે છે તેમ બુદ્ધિમાન માણસોએ પણ ઘણાને બચાવવા માટે થોડાનો ત્યાગ કરવો જોઈએ.

દૂતનાં કડવાં વચનો સાંભળી ક્રોધાયમાન થએલા સમુદ્રવિજય રાજાએ કહ્યું કે આપના રાજાની વાત ખૂબ જ સુંદર છે. તમે પણ કાંઇ અનુચિત કીધું નથી. પરંતુ જરાસંધ મિત્રતાથી પ્રાણ માગે તો પણ આપવા તૈયાર છું. કારણ કે મિત્રને માટે અમો બધું જ છોડવા તૈયાર છીએ. પરંતુ સૌજન્યતાને છોડી બળજબરીથી બળરામ અને કૃષ્ણની માંગણી અનુચિત છે. બીજી વાત એ છે કે રાજધર્મના સંબંધથી બળવાન કૃષ્ણે કોમળ ગર્ભના ઘાતી ક્રૂર કંસને માર્યો છે તો તે કાર્યથી તમારા સ્વામીએ તો ખુશ થવું જોઈએ તેના બદલે ગોપાળ બાલક કહીને નિંદા કરતા તમારા સ્વામી તે બન્નેને મારવા ઇચ્છા રાખે છે તો શું તે બન્નેના બળને તેઓ જાણતા નથી ? જે રીતે કંસ અને કાલકુમારને યમરાજના ઘરના મહેમાન બનાવ્યા છે તે રીતે જરાસંધ પણ યમરાજ અતિથિ બનવાની ભાવના રાખે છે ?

ક્રોધના આવેશમાં આવેલા સમુદ્રવિજયના કહેવાથી જરાસંધના દૂતે ફરીથી કહ્યું કે રાજન્ ! શું આજસુધી આપ જરાસંધની આજ્ઞા નહોતા માનતા ? તો પછી આજે આપને આ કયા પ્રકારનો નવો અહંકાર ઉત્પન્ન થયો છે. જેમ અંધકારમાં આગીઓ વધારે પ્રકાશ આપે છે, તેમ તમો આ બે બાળકોના બળ ઉપર અભિમાન શા માટે કરો છો ?

કાલકુમારની બીકથી મથુરાપુરીને છોડી ભાગતી વખતે આ બન્ને ગોપાળકુમાર નહોતા ? જરાસંધરાજાની

સામે તમે કોણ છો ? તમારા ગોપાળકુમાર કોણ છે ? અને યાદવોની પણ શું તાકાત છે ? પોતાના શત્રુઓનો વિનાશ કરવા માટે દશ અક્ષૌહિણી સેનાને લઈ કૌરવેન્દ્ર દુર્યોધન પણ તેમની પાસે આવી ગયા છે. કેમકે ગ્રીષ્મ-ઋતુના આગમનની સાથે સમુદ્ર પણ તરી શકાતો નથી તેવી રીતે જરાસંધરાજાની સામે ઇન્દ્રની પણ યુદ્ધ કરવાની તાકાત નથી. બીજી વાત એ છે કે મારા સ્વામીના પરમમિત્ર દુર્યોધનના શત્રુ પાંડવોને આશ્રય આપી તમે બીજો ભયંકર અપરાધ કર્યો છે. એ માટે જ્યાં સુધી આપનો અપકાર મારા સ્વામી જાણતા નથી તે પહેલાં જ આપ બંને ગોપકુમારોને આપી મારા સ્વામીને ખુશ કરો. આપ હજુપણ યાદવકુળના શ્રેય માટે વિચાર કરો. રાજ્યદ્રોહી તે બન્ને કુમારોને સુપ્રત કરી યાદવકુળનું કલ્યાણ કરો.

અતિ વાચાળ તે દૂતના વચનોને સાંભળી ક્રોધથી લાલલાલ આંખોવાળા કૃષ્ણે કહ્યું કે દૂત ! તારી આ વાતો નવાઈની લાગે છે. તારા વિના બીજો કોઈપણ આટલા હિતકર વચનો બોલી શકતો નથી. તારા સ્વામી મને ગોપ ગોપ કહે છે તે વ્યાજબી છે, કેમકે હમણાં હું દુર્જનનો નાશ કરી ગો (પૃથ્વી)નું પાલન કરવાવાળો છું. અર્ધ ભરતેશ પણ મારી સામે શું વિસાતમાં છે ? વિજય મેળવવા માટે બળની જ જરૂરીઆત હોય છે. અગ્નિની સામે જેમ ઘાસનો ઢગલો બળી જાય છે તેમ

અધિક સેનાથી વિજય મેળવી શકાતો નથી. કારણ કે વંટોળીઓ મોટા મોટા ઘાસના ઢગલાઓને પણ ઉડાડી મૂકે છે. શું ટાંકણાથી મોટા મોટા પથ્થરોના ટુકડા નથી થતા ? કુહાડી મોટા મોટા વૃક્ષોને કાપી શકતી નથી ?

કોમળ ગર્ભઘાતી કંસના પક્ષપાતી દુર્યોધનને મારવો પણ આવશ્યક છે. વળી બીજી વાત એ છે કે અન્યાયી દુર્યોધનનો પક્ષપાત કરનાર તારા સ્વામીને મારવો તે પાંડવનો પક્ષપાત કરનાર મારા માટે ઉચિત છે. અમે તો કૌરવોનો નાશ કરવા ચાલ્યા છીએ. તારો સ્વામી પણ યુદ્ધમાં આવી જાય કે જેથી અમારૂં કાર્ય સંપૂર્ણ થાય. માટે તું જઈને તેને કહેજે કે ભૂજામાં તાકાત હોય તો અથવા પુત્ર તથા જમાઈના મૃત્યુનો ક્રોધ હોય તો સેના સહિત યુદ્ધભૂમિમાં આવી જાય કે જેથી ઘણા દિવસની મારી ભૂખી તલવાર લોહીથી પારણું કરી શકે.

આ પ્રમાણે કહીને તે દૂતને વિદાય કરી કૃષ્ણે પાંડવોને બોલાવી તેઓને બધી વાત કરી. કૃષ્ણના મુખથી બધી વાતો સાંભળી પાંડવો અત્યંત ખુશી થયા. ત્યારબાદ અનુકૂળ ગ્રહબળોથી યુક્ત પ્રસ્થાન કરવાને માટે યોગ્ય શુભ લગ્નમાં કુંતીના આશીર્વાદ ગ્રહણ કરી પાંડવોએ કુરૂક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું. વિરાટ, દ્રુપદ વિગેરે બીજા રાજાઓ પણ તેમની પાછળ ચાલ્યા. સેનાઓ સહિત પાંડવો રાજ્ય દ્વાર પાસે ઉભા રહ્યા. દેવકીજીના મંગળ આશીર્વાદ લઈને અનેક રાજાઓથી પરિવરેલા કંસવિધ્વંસી

કૃષ્ણ મહારાજાએ પણ પ્રસ્થાન કર્યું. પુત્ર બાંધવો, વસુદેવ તથા સેનાઓ સહિત સમુદ્રવિજય રાજા પણ કૃષ્ણની સાથે ચાલ્યા. સમાન ઉંમરવાળા કામદેવ સમાન સુંદર કુમારોની સાથે દિવ્ય અલંકારોને પરિધાન કરી નાના પ્રકારના શસ્ત્રાસ્ત્રથી સુસજ્જિત રથમાં બેસીને નેમિકુમાર પણ ચાલ્યા. તે વખતે પવન અનુકુળ હતો. હાથી ગર્જના કરતા હતા. ઘોડાઓ હર્ષમાં આવી હણહણતા હતા. તે વખતે કૃષ્ણ તથા યુધિષ્ઠિરની સેના ગંગાજમનાની જેમ ભેગી થઈને યુદ્ધસાગરને મળવા માટે જઈ રહી હતી. એક સાથે ચાલતી બન્ને સેનાઓ વીરતા અને નીતિની જેમ શોભવા લાગી.

ચારે તરફ શંખ, ભેરી વિગેરે વાદ્યો વાગવા લાગ્યા. રાજાઓના રથની ધ્વજાઓ અનુકુળ પવનથી પ્રેરાઈને વિજયલક્ષ્મીને ખેંચતી ફરકતી રમણીય લાગતી હતી. ઠેકાણે ઠેકાણે નગરીની સ્ત્રીઓ અબીલગુલાલ કંકુ પુષ્પોથી વધાવતી હતી. યુધિષ્ઠિર તથા કૃષ્ણ નગરના ગોપુરદ્વાર પાસે આવ્યા ત્યાંથી નીકળીને સેના લવલી, સુપારી, પુન્નાગ, નાગવલ્લીના વનથી શોભતા કેતકી, કેળ, તાડ, નારીએળીથી વિભૂષિત અનેક રત્નોથી ભરપુર લવણસમુદ્રને કિનારે આવી. સમુદ્રના કિનારા ઉપર સેના આનંદથી વિહાર કરવા લાગી. મોટા મોટા વેપારીઓએ અનેક દેશમાંથી લાવેલી વસ્તુઓ ભેટ તરીકે કૃષ્ણ તથા યુધિષ્ઠિરને આપી. સેનાની સાથે સમુદ્રના મોજા પણ જોરથી ઉછળતા

હતા. સૈનિકોએ મેઘ સમાન રૈવતકાચળને જોયેા. વિકસિત મેાગરાના વૃક્ષેા, આસેાપાલવના વૃક્ષેા, ચંપાના વૃક્ષેા, આંબાના વૃક્ષેાથી મનેારમ્ય તે રૈવતકાચળની ઉપરના વનેાને જોઇ સેના સમુદ્રકિનારાની વનરાજીને ભુલી ગઇ. આ પ્રમાણે આકાશમાં ધૂળની ડમરીઓ ચઢાવતી તે સેનાએ લાંબેા પંથ કાપીને ધીમેધીમે દશાર્ણદેશમાં આવી પહેાંચી. ત્યાંના કર્મચારીઓએ કૃષ્ણ તથા યુધિષ્ઠિરને સુંદર વિશાળ આવાસેા આપ્યા. તેમના નિવાસસ્થાનેાની ચારે તરફ અંતઃપુરની સ્ત્રીઓને માટે તંબુઓ બનાવવામાં આવ્યા હતા. પેાતાના બાહુબળથી શત્રુઓને નમાવવાવાળા સામંતેાને માટે પણ યેાગ્ય સ્થાન પર નિવાસ બનાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ મધ્યાહ્ન સમય વિત્યા પછી વિશ્રાંતિ કરીને યુધિષ્ઠિર બેઠા હતા. તે વખતે દ્વારપાલે આવીને કહ્યું કે દેવ ! માદ્રીમાતાના સહેાદર ભાઈ મદ્ર દેશાધિપતિ પરાક્રમી 'શલ્યરાજા દ્વાર પાસે ઉભા છે. જલ્દીથી આવવા દેા' આ પ્રમાણે કહીને ભાઈઓ સહિત યુધિષ્ઠિરે તેમનું સ્વાગત કર્યું. દ્વારપાલના હાથનું આલંબન લઇને ચાલતા શલ્યરાજાને યુધિષ્ઠિરે પ્રેમથી આલિંગન કર્યું. બીજા ભાઈઓએ ઉચિત નમસ્કાર કર્યા. આનંદપૂર્વક યુધિષ્ઠિરે પેાતાના આસનની બરેાબર આસન ઉપર રાજાને બેસાડયા. યુધિષ્ઠિરે બધાની કુશળતાના સમાચાર પૂછયા. ત્યારબાદ મદ્રરાજ શલ્યરાજાએ કહ્યું કે રાજન્ ! વિશ્વકલ્યાણકારી

આપના જેવા ભાણેજ જેને છે તેને શાશ્વત કલ્યાણ છે. જગતને પવિત્ર કરનારી કુંતી અને માદ્રી જેને બહેન છે તેને હંમેશાં કલ્યાણ છે. મને કહેતાં શરમ આવે છે છતાં આવશ્યકતા સમજીને કહું છું કે તમે સૌજન્યપુર્ણ પ્રેમથી મને પોતાનો માનીને યુદ્ધમાં આવવા માટે આમંત્રણ આપવા માટે દૂતને મોકલ્યો હતો. પરંતુ આપના દૂત આવે તે પહેલાં જ દુર્યોધને દૂત મોકલાવી મને યુદ્ધનું આમંત્રણ આપ્યું હતું. અને મેં યુદ્ધનું આમંત્રણ તેમનું સ્વીકારી લીધું હતું. હવે આપેલા વચનને બદલવા માટે હું સર્વથા અસમર્થ છું. જે પુરૂષ આપેલા વચનનું પાલન નથી કરતો તે પુરૂષ નથી પણ પશુ છે. માટે રાજન્ ! નજીકમાં જ મારી સેનાનો પડાવ નંખાવીને આ વાત કહેવા માટે હું આવ્યો છું. હવે આપની જેવી આજ્ઞા ! યુધિષ્ઠિરે કહ્યું મામાજી ! આમાં કાંઈ અનુચિત વાત નથી. કેમકે દુર્યોધન પણ આપનો જમાઈ છે. માટે આપને સંકોચ કરવાની આવશ્યકતા નથી. આપ જલ્દીથી પ્રયાણ કરો. દુર્યોધન આપની સહાયતા મેળવીને સંતોષ પામશે. યુધિષ્ઠિરની વિદાય લઈને કુંતીને પ્રણામ કરી જ્યારે શલ્યરાજા ચાલ્યા ત્યારે તેમની પાછળ પાછળ નકુળ અને સહદેવે ચાલતાં ચાલતાં કહ્યું કે મામાજી ! કોઈ વખત વિદ્વાનોની બુદ્ધિ ખરાબ થઈ જાય છે તેમ આપે પણ બહુ જ અનુચિત કાર્ય કર્યું છે. માદ્રીમાતા પણ આ વાતને સાંભળી લજ્જાને ધારણ કરશે. અમે બન્ને ભાઈઓ પણ આર્ય યુધિષ્ઠિરને અમારૂં મુખ કેવી રીતે બતાવી શકીશું. શલ્યરાજાએ કહ્યું વત્સ ! તમને જે ગમતું હોય

તે તમે માગી લો. મારા વચનનું પાલન કરીને તમારું પણ કાર્ય કરીશ. નકુલ અને સહદેવ બન્ને ભાઈઓએ કહ્યું કે મામાજી ! આપ યુદ્ધના સમયે પગલે પગલે કર્ણના ઉત્સાહને મંદ કરવાનું કાર્ય કરશો. નકુળ અને સહદેવના વચનોનો સ્વિકાર કરીને આનંદિત બનીને મદ્રપતિ રાજા શલ્ય અત્યંત લજ્જાળુપણાને ધારણ કરીને ચાલ્યા ગયા.

પ્રાતઃકાળમાં જ્યારે યુદ્ધના વાદ્યો વાગવા લાગ્યા, ત્યારે કૃષ્ણ યુધિષ્ઠિરની સેનાએ કુરૂક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું. કુરૂક્ષેત્રની પાસે પહોંચતાની સાથે સરસ્વતી નદીના કિનારે કૃષ્ણ યુધિષ્ઠિરે પોતાના સૈન્યને મુકામ કરવાની આજ્ઞા કરી. સેના પહોંચતા પહેલાં જ વ્યાપારી લોકો ત્યાં પહોંચી ગયા. અને અધિક લાભના લોભથી તે લોકોએ ઠેકઠેકાણે દુકાનો માંડી દીધી. હાથી, ઘોડા, રથ અને પાયદળથી સરસ્વતીનો કિનારો ગાજી ઉઠયો હતો. મહાવતોએ જલક્રીડાના માટે હાથીઓને સરસ્વતી નદીમાં છૂટા મુકી દીધા. અશ્વપાલોના અશ્વોને નદીકિનારે લીલું ઘાસ ખાવા માટે છૂટા મુકી દીધા. તે ઘોડા પરસ્પર લડવાથી લોકોને આનંદ કરાવતા હતા. નદીની અંદર હાથી કમળના પરાગથી પીળા દેખાવા લાગ્યા. સૈનિકોએ સરસ્વતી નદીના કિનારા ઉપર રહેલા વૃક્ષોના ફલફુલોથી કૃષ્ણ અને યુધિષ્ઠિરનો સત્કાર કર્યો. સાંજના સમયે કૃષ્ણ યુધિષ્ઠિર બન્ને જણા ખજુર, નાગરંગ,

આમ્ર, નંબુ, સંતરાના વૃક્ષોથી સુશોભિત સપ્તલા, માલતી, મલ્લી, ચંપા, આસોપાલવ આદિ વૃક્ષોથી વિભુષિત સરસ્વતી નદીના કિનારે ફરવા નીકળ્યા. ત્યારબાદ કૃષ્ણ અને યુધિષ્ઠિરે પોતાની પાસે રાખેલ તીર્થંકર પ્રતિમાજીના દર્શન કર્યા. અનેક પ્રકારના સંગીત દ્વારા ભક્તિ કરીને આનંદ પ્રાપ્ત કર્યો. વૈડુર્ય મણિમય એક સુંદર આસન ઉપર બેસીને સરસ્વતી નદીના કમળની તરફ દ્રષ્ટિ કરી અનેક પ્રકારની તે બંન્નેએ પરસ્પર વાતો કરી.

એટલામાં એક દ્વારપાલે આવી હાથ જોડીને કહ્યું કે દેવ! રાજગ્રહથી શેખરક નામનો દૂત આવ્યો છે. તે આપના દર્શન કરાવાની ઇચ્છા રાખે છે. કૃષ્ણની આજ્ઞાથી દ્વારપાલે તે દૂતને અંદર મોકલાવ્યો. તેણે પણ પ્રણામ કરીને ઉચિત આસનપર બેસીને કહ્યું 'કે દેવ! જરાસંધ રાજાનો સોમક નામનો દૂત દ્વારકાથી રાજગ્રહ આપનાથી તિરસ્કાર પામીને પાછો આવ્યો. તેણે ક્રોધાયમાન બનીને મગધેશ્વરને રહ્યું કે દેવ! દ્વારકા જઈને મેં સમુદ્રવિજય રાજા પાસે બન્ને ગોપાળ બાળકોની માંગણી કરી પરંતુ રાજન્! વૃદ્ધ થવા છતાં પણ બાલકબુદ્ધિ સમુદ્રવિજય રાજા તે બન્ને ગોપાલોના બળ ઉપર એટલા બધા અભિમાની બની ગયા છે કે જમીન ઉપર પગ પણ મુકતા નથી. તે કહે છે કે હું તમારા સ્વામીનો સેવક છું કે નોકર છું? કે જેથી તેઓ કુમારોની માંગણી કરી રહ્યા છે.? તે બન્ને ગોપાળ કુમાર પણ પોતાના બળની સામે બીજાઓને

તુચ્છ માને છે. તેઓ ઈન્દ્રોની શક્તિને તરણા સમાન માને છે. તો પછી રાજાઓની તો વાત શું કરવી.? તે લોકો કહે છે કે જરાસંધ કોણ છે.! તેને અમે ઓળખતા પણ નથી. નાનો ગોપ કુમાર કંસને મારી ખૂબ જ અભિમાની બની ગયો છે. તેના બળ ઉપર બીજા યાદવો પણ અત્યંત મદમત્ત બની ગયા છે. વળી બીજી વાત એ છે કે પાંડવોની સહાયતા મેળવીને તે લોકો એવા પ્રચંડ બની ગયા છે કે બધા શત્રુઓને પોતાના પ્રતાપાગ્નિમાં બાળવા માંગે છે. ફરીથી તે ગોપાળ બાલકે મને કહ્યું કે તારામાં દૂતત્વ હોય તો તારા શબ્દોથી ઉત્તેજિત કરીને જરાસંધને યુદ્ધના મેદાનમાં લઈ આવજે ગમે તેવો તારો રાજા મહાન હશે પણ મારી સાથે તેની કાંઈજ કિંમત નથી. કેમકે મોટો પર્વત પણ વજ્રની સામે ટકી શકતો નથી. મારી તલવારની ધાર જરાસંધની ભુજાની ગરમીને શાંત કરશે. મારી વાત તો છોડી દે પણ અર્જુનના બાણ પણ કૌરવસેનાની સાથે જરાસંધનો શિરચ્છેદ કરશે. તું જઈને જરાસંધને કહેજે કે અસંખ્ય પ્રમાણમાં યાદવી સેના તથા સાત અક્ષૌહિણી પાંડવોની સેના સાથે હું કુરૂક્ષેત્રમાં આવી જાઉ છું. અને તારા સ્વામીમાં તાકાત હોય તો તે પણ ત્યાં આવી જાય.

કાનને કડવા લાગે તેવા દૂતના વચનોને સાંભળી સાક્ષાત્ કાલાગ્નિ સમાન જરાસંધ ક્રોધથી બળવા લાગ્યો. ત્યારબાદ નજીકમાં જ બેઠેલા કૌરવોએ કહ્યું કે રાજન્!

હરણની સામે સિંહનું યુદ્ધ કેવું ? જેમ સૂર્યની શક્તિથી તેના કિરણો દ્વારા અંધકારનો નાશ થાય છે. તેવી રીતે આપ અમારી પાછળ રહો અમે લોકો તેને મારી નાખીશું. અમારા તરફથી પાંડવ વધ નાટક થવાનો છે. તેમાં શ્રીકૃષ્ણ-વધ સૂત્રધારનું કામ કરશે. કેમકે પ્રલય કાળનો સમુદ્ર પર્વતો ડુબાડતી વખતે મેરૂને પણ જેમ છોડતો નથી તેવી રીતે પાંડવોનો નાશ કરતી વખતે અમે લોકો કૃષ્ણને પણ છોડવાના નથી.

છીંક વિગેરે અનેક પ્રકારના અપશુકન થવા છતાં પણ જરાસંધે પ્રસ્થાન કરવા માટે સેનાને આદેશ આપ્યો. તે વખતે સેનાનું વજન સહન ન થવાથી રાજગૃહી નગરીની ભૂમિ કંપવા લાગી. દિશાઓ શ્યામ બની ગઈ. આકાશમાં ચારે તરફ ઉલ્કાપાત થવા લાગ્યા. રાત દિવસ નગરીની ચારે દિશાઓમાં આગ લાગવા માંડી. સમય નહિ હોવા છતાં પણ નિર્ઘાત શબ્દ સંભળાવવા લાગ્યા. ક્રોધમાં જરાસંધે અપશુકનોને નહિ માનતા કૌરવોની સાથે પ્રયાણ કર્યું.

હવે ! જરાસંધનો હાથી હરિ નામથી ડરતો ન હોય તેવી રીતે જરાસંધ જ્યારે હાથી ઉપર બેસવા માટે ચઢતો હતો ત્યારે હાથીએ મદ છોડી દીધો. પ્રસ્થાન કરવાના સમયે સેનાના હાથી ઘોડા પણ મલમુત્ર કરવા લાગ્યા. જ્યારે તેમની વિજયદુદુંભી વાગી ત્યારે ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય વિગેરે પરસ્પર વાતો કરવા લાગ્યા કે ઉદ્ધત શિરોમણી

જરાસંધ અને અભિમાની દુર્યોધન બન્ને જણા વૃદ્ધોનો ઉપદેશ સાંભળવાના નથી. જરાસંધ દુર્યોધનનો સંયોગ ગ્રીષ્મનો તાપ અને કાલકૂટના સમાગમની જેમ છે નિશ્ચયથી આ બન્ને દાવાનળની સમાન કુલને બાળી નાખી પોતે પણ નાશ પામવાના છે.

ત્યારબાદ ચંદ્ર કિરણોની સમાન કૌરવ સૈનિકોથી મજબુત બનેલ જરાસંધનું સૈન્ય સમુદ્રની જેમ ચાલ્યું. બીજા હજારો રાજાઓ પણ તે સેનામાં સામેલ થયા હતા. તે વખતે શેષનાગે બીજા સર્પોને સાવધાન રહેવા માટે જણાવ્યું. ઘોડાની ખરીના ઘાતથી પૃથિવી વ્યાકુળ બની ગઈ. આ પ્રમાણે કૌરવોની સેના સહિત જરાસંધની સેના કોટરાવણની પાસે પહોંચી ગઈ. કાલે પ્રાતઃકાળે જરૂરથી જરાસંધ કુરૂક્ષેત્ર પહોંચી જશે. કેમકે યુદ્ધના રસીયા વીર પુરૂષો યુદ્ધ ભૂમિમાં જવા માટે વિલંબ કરતા નથી. દૂત પાસેથી જરાસંધની વાત સાંભળી પાંડવોની સાથે કૃષ્ણ અત્યંત રાજી થયા. કારણ કે સ્નેહિ કે શત્રુના સમાગમમાં સ્ત્રીઓ તથા વીરપુરૂષો ખૂબ જ આનંદિત બને છે.

સેવક પ્રત્યે અતિ પ્રેમ ધરાવતા સ્વામી ઉચિત ભેટ આપે છે. તેવી રીતે તે દૂતને ઉચિત પારિતોષિક અપાવ્યું. સૂર્યોદય થતાંની સાથે જ જરાસંધના સૈનિકોનો ઓજસ્વી કોલાહળ સંભળાયો. ધીમે ધીમે આકાશમાં ધૂળની ડમરીઓ ચઢવા લાગી. જ્યાં કૃષ્ણ યુધિષ્ઠિરે પડાવ નાખ્યો છે ત્યાંથી થોડે દૂર સરસ્વતી નદીના કિનારે નિર્ભય બનેલા

જરાસંધના સૈનિકોએ પોતાનો નિવાસ બનાવ્યો. જેમ પર્વતોમાં હિમાલય શોભે છે તેમ બધા તંબુઓમાં જરાસંધનો ઉત્તંગ તંબુ શોભતો હતો. નજીકમાં કર્ણ, શલ્ય, ભીષ્મ, દ્રોણ વિગેરે વીરપુરૂષોનું નિવાસસ્થાન હતું. તે બધાના નિવાસસ્થાનો કરતાં દુર્યોધનનું નિવાસસ્થાન વધારે શોભાયમાન હતું. જે રીતે ગ્રહોથી સૂર્ય શોભે છે. તેવી રીતે દુર્યોધન શોભતો હતો. તે સમયે સરસ્વતી નદીનો કિનારો ગીચવસ્તીથી ભરાઇ ગયો હતો.

સંધ્યા વખતે સભામાં જરાસંધે બધા રાજાઓની સમક્ષ ઘોષણા કરી કે મારી સેના પાંડવો તથા કૃષ્ણને મારશે. ચંદ્રના રાજત્વથી રાજાઓનું રાજત્વ નિરાળું હોય છે. કારણ કે રાજાઓનું રાજત્વ મિત્રનો ઉપકાર કરે છે. જે મિત્રને ઉપકાર નથી કરતા તેઓને રાજા કહેવાય કેવી રીતે ? એટલું તો નહિ પણ પુરૂષોમાં તેમની ગણતરી પણ કેમ થઈ શકે ? કાલે જ આ પૃથ્વીને પાંડવો વગરની બનાવીને, દુર્યોધનના રાજ્યને અખંડ બનાવી દઇશ.

જરાસંધની ઘોષણા સાંભળી હાથ જોડીને દુર્યોધને કહ્યું કે રાજેન્દ્ર ! આપ મારી વાત સાંભળવાની કૃપા કરશો. હું જાણું છું કે તમારી સામે ઈન્દ્ર પણ તુચ્છ છે. તમારી સહાયતાથી રાજાઓ શત્રુઓનો નાશ કરવામાં સમર્થ બની શકયા છે માટે હે વીરોત્તંસ ! પાંડવ સંહારનો યશ મને જ લેવા દેશો. તેમાં તમે કૃપા કરીને

ભાગીદાર બનતા નહિ. અને જ્યાં સુધી કૌરવ–પાંડવોનું યુદ્ધ ચાલતું હોય ત્યાં સુધી આપ પ્રેક્ષક બનવાની કૃપા કરશો. પાંડવોની સાથે સાથે કૃષ્ણને પણ મારૂં તો આપનો યશ ત્રણે લોકમાં પ્રસરી જશે. સેવકના હાથે વિજય પ્રાપ્ત થવાથી સ્વામી અધિક યશસ્વી બને છે તે ન્યાયે આપ સ્વામી છો જ્યારે હું સેવક છું. જરાસંધે પણ દુર્યોધનની વાત માની લીધી. સપરિવાર દુર્યોધન પોતાના તંબુમાં પાછો આવ્યો.

તે વખતે દુર્યોધને ભીષ્મ, દ્રોણ, કર્ણ વિગેરે મોટા મોટા શુરવીરોને કહ્યું કે કાલે પ્રાતઃ સમયે અગાધ યુદ્ધ સાગર આવી રહ્યો છે. તેને રોકવા માટે આપની જ ભુજાઓ સેતુ બની રહેશે. જ્યારે સાથીદારો બધા એકમત થઈને કાર્ય કરે છે ત્યારે ગમે તેવું કાર્ય પણ સહેલાઈથી થઈ શકે છે. પક્ષીરાજ પણ પાંખોની સહાયતાથી ગગનસાગરનું ઉલ્લંઘન કરે છે. તેવી રીતે આપ લોકોના ભૂજાબળથી, સહકારથી, ઉત્સાહથી હું શત્રુઓને જીતી લઈશ. આપ લોકોના અપાર પરાક્રમથી મારી કીર્તિ અવશ્ય વિકસિત બનશે. પાંડવોને મારવાની ઈચ્છાથી જ મેં જરાસંધને યુદ્ધની વિનંતી કરી હતી. માટે આપ કૃપા કરીને બતાવો કે આપના શૂરવીરોમાં કેટલા અતિરથી છે ? કેટલા મહારથી છે. અને કેટલા અર્ધરથી છે ? અને હું કોને સેનાપતિ બનાવું ? ત્યારબાદ ભીષ્મે કહ્યું કે રાજન્ ? તમે પોતે જ ધનુર્ધારીના રહસ્યોને જાણો છો,

યુદ્ધભૂમિમાં પ્રમાદ તથા દયાળુપણું એ અર્થરથી છે એમ મને લાગે છે.

ભીષ્મના વચનો સાંભળી ક્રોધાયમાન કર્ણે કહ્યું કે જ્યાં સુધી ભીષ્મ લડાઇમાં લડતા હશે ત્યાં સુધી અતિરથી બનીને પાંડવોની સાથે હું યુદ્ધ નહિ કરૂં. આ પ્રમાણે કહી પોતાના બાહુબલની સામે જગતને તુચ્છ માનતો કર્ણ ક્રોધથી અંધ બનીને સભા છોડીને પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો.

આ પ્રમાણે કર્ણના ચાલ્યા જવાથી રાજા દુર્યોધન ખુબ જ દુઃખી થયા ત્યારે ભીષ્મે કહ્યું કે રાજન ! શા માટે તમો દુઃખી થાવ છો ? હું યુદ્ધમાં ધનુષ્ય ધારણ કરૂં કે ન કરૂં તેમાં કર્ણને શું ? તેમના વચનો સાંભળી દુર્યોધને કહ્યું કે તાત ! તમે જો મારી ઉપર કૃપા કરો તો હું આપને એક વિનંતી કરૂં છું કે આપ કૃપા કરીને સેનાપતિપદનો સ્વિકાર કરો. કેમકે શેષનાગ સિવાય પૃથ્વીનો ભાર ઉપાડનાર કોણ છે ? કૌરવેન્દ્રના વચનનો ભીષ્મે સ્વિકાર કર્યો અને દુર્યોધને સેનાપતિપદ ઉપર ભીષ્મનો અભિષેક કર્યો. ત્યારબાદ દુર્યોધને મોકલાવેલ બુદ્ધિમાન માગધે આવીને યુધિષ્ઠિરને કહ્યું કે રાજન્ ! કૌરવેન્દ્ર આપને કહેવડાવે છે કે આપનો વિનાશ કરી યશની ઇચ્છાથી મેં જરાસંધને પ્રથમ યુદ્ધની યાચના કરી છે. માટે કાલે પ્રાતઃકાળે સેનાપતિ ભીષ્મને આગળ કરીને યુદ્ધભૂમિમાં રહેલા મને આપ અવશ્ય જોશો. એટલા

માટે આપના ભાઈઓને થોડો પણ પોતાની ભૂજાબળનો અભિમાન હોય તો કૃષ્ણની સેના સહિત આપ આપની સેના લઈને કાલે કુરૂક્ષેત્રના મેદાનમાં મારી સામે જરૂરથી પધારશો. દુર્યોધનની વીરતાને સંભળાવતા માગધના વચનો સાંભળી યુધિષ્ઠિરે પ્રેમથી કહ્યું કે વન્દિરાજ ! આપ મારા શબ્દો દુર્યોધનને કહેજો કે કાલ તમારી પહેલાં કુરૂક્ષેત્રના મેદાનમાં જો હું હાજર ન થાઉં તો મારૂં સત્યવ્રત નષ્ટ થઈ જાય. આ પ્રમાણે કહીને સુવર્ણથી તેનો સત્કાર કરીને વિદાય કર્યો.

યુધિષ્ઠિરે કૃષ્ણની પાસે જઈને 'માગધે' કહેલી દુર્યોધનની વાતો કહી બતાવી અને યુધિષ્ઠિરે કૃષ્ણને પ્રથમ યુદ્ધ કરવા માટેની વિનંતી કરી. કૃષ્ણે હસીને કહ્યું કે આપ હમણાં મારી યુદ્ધમાં ભાગ લેવાની ઈચ્છા રાખતા નહિ. કારણ કે પાંડુરાજાના દેદીપ્યમાન તેજથી યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવા માટે આપને સહાયકની જરૂર પણ નથી, તોપણ સારથિ બનીને અર્જુનના ધનુષ્યની નવીન પ્રકારની કલાઓને જોઇ હું મારી આંખને આનંદ આપીશ. યુધિષ્ઠિરે કૃષ્ણના વચનોનો સ્વિકાર કરીને પોતાની સેનાને તૈયાર થવાની આજ્ઞા આપી દીધી. બુદ્ધિમાન યુધિષ્ઠિરે સર્વની સંમતિથી દ્રુપદ રાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને સેનાપતિ બનાવ્યો.

છાવણીમાં સૈનિકો કવચ ધારણ કરીને તૈયાર થયા તે વખતે બધાના ગળામાં યુદ્ધોત્સવ જોવાને માટે નવા

પ્રકારની માળાઓની રચના કરવામાં આવી. વીર પુરૂષોના શરીર ઉપર લગાડવો માટે ચંદન કેસર વિગેરે લોકો ઘસવા લાગ્યા. ચારે તરફ શસ્ત્રોનું પૂજન થવા લાગ્યું. વીર સ્ત્રીઓ પોતાના પતિના વિજયની ઇચ્છાથી અનેક પ્રકારે માનતાઓ માનવા લાગી. વીરાંગનાઓ પ્રેમથી એકાન્તમાં પોતાના પતિની સાથે વીરત્વની વાતો કરવા લાગી. કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને પ્રાર્થના કરવા લાગી કે હું વીરમાતા તથા વીર સ્નુષા છું. આપ મને વીર પત્નીત્વ પ્રદાન કરશો. યુદ્ધમાં આપના ઉપર શત્રુઓની ભયભીત તથા પોતાના સ્વામીની આનંદિત દ્રષ્ટિ એક જ સમયમાં પડશે. આપ આપની તલવારથી શત્રુઓના હાથીના કુંભસ્થળથી કાઢેલ મોતીઓથી મને તથા રાજકીર્તિને ભૂષિત કરજો. આપ યુદ્ધમાં એવું સામર્થ્ય બતાવજો કે જેમાંથી હું બધી વીરાંગનાઓમાં આદરણીય બનું. આપ જ્યારે શત્રુઓને જીતીને આવશો ત્યારે હું આપની સેવા દ્વારા આપને પડેલા ઘા રૂઝાવીશ. આ પ્રમાણે સ્ત્રીઓ પોતપોતાના પતિને કહેવા લાગી.

આ પ્રમાણે વીરાંગનાઓથી પ્રશંસા પામેલા વીરો કહેવા લાગ્યા. કે મારા હાથે મારવામાં આવેલા શત્રુઓ સ્વર્ગમાં જશે. ત્યાં પણ જ્યારે તેઓ મરી જશે તો પછી તેઓ કયાં જશે? મારી તલવારથી જ્યારે શત્રુઓના હાથીના કુંભસ્થળો ફાડવામાં આવશે ત્યારે મોતીઓથી શત્રુઓ એકાએક આકાશના તારાઓ ગણવા માંડશે.

મારા બાણુ શત્રુઓના હાથીઓના મદજળથી પોતાની તરસ છીપાવશે. આ પ્રમાણે તે વખતે વીરો અનેક વાતો કહેવા લાગ્યા.

બીજે દિવસે વીર સૈનિકોના આનંદની સાથે સાથે સૂર્યનો પણ ઉદય થયો. ચારે તરફ શંખ વાગવા લાગ્યા. શંખનો અવાજ સાંભળી રોમાંચ અનુભવતા વીર સૈનિકો બહાર નીકળ્યા. હાથી, ઘોડા, રથ, પાયદળ તૈયાર થઈને ચાલવા લાગ્યા. શત્રુઓને મારવાને માટે કવચ ધારણ કરી તેજસ્વી સૂર્યની જેમ ભાઈઓ સહિત યુધિષ્ઠિર દેખાવા લાગ્યા. શસ્ત્રોને ધારણ કરેલા પાંચે પાંડવો પ્રલયકાળના મેઘની જેમ શોભવા લાગ્યા.

યુદ્ધસાગરને ઓળંગવા માટે નૌકાસમાન રથ ઉપર પાંડવો ચઢયા. બીજા રાજાઓ પણ રથારૂઢ થઈને તેમની પાછળ ચાલ્યા. તે વખતે દેવતાઓથી પરિવરેલા અનેક ઇન્દ્રની સમાન પાંડવો સુશોભિત દેખાવા લાગ્યા. તે વખતે ઉત્તર દિશામાંથી આકાશમાર્ગે આવતાં અનેક વિમાનો જોયાં. વિમાનમાંથી ઉતરીને મણિચૂડ સહસ્ત્રાક્ષ, ચંદ્રાપીડ, મહાબલ, ચિત્રાંગદ વિગેરે વિદ્યાધરેન્દ્રાએ ઉતરીને યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. કહ્યું કે દેવ! આપના ભાઈ અર્જુને અમારૂં રક્ષણ કરીને અમારૂં જીવન ખરીદી લીધું છે. આજે જ્યારે વિદ્યાધરો દ્વારા અમને આપના યુદ્ધની ખબર મલી કે તુરત જ અમે લોકો ત્યાંથી નીકળીને અહિં આવ્યા છીએ. અમારી નજર સામે આપ યુદ્ધમાં

શા માટે જાઓ છો ? આ પ્રમાણે કહીને ભીમ તિગેરેને પ્રણામ કરીને યુધિષ્ઠિરની આજ્ઞા લઈને તે લોકો પણ કવચ ધારણ કરીને તૈયાર થઈ ગયા. વિદ્યાબળથી યુદ્ધના સમાચાર જાણીને ઘટોત્કચ પણ આવી ગયો. યુધિષ્ઠિર વિગેરે પાંચે પાંડવોને પ્રણામ કરી તેમની આજ્ઞા લઈને યુદ્ધને માટે તે પણ તૈયાર થયો. તે વખતે અંબરને ગજાવતી દુંદુભિ વાગવા લાગી ધૃષ્ટદ્યુમ્નને આગળ કરી પાંડવોનું સૈન્ય આગળ વધ્યું. અર્જુનના રથમાં સારથિનો વેષ ધારણ કરીને કૃષ્ણને લોકો આશ્ચર્યથી જોવા લાગ્યા. આ પ્રમાણે ચતુરંગી સેનાની સાથે યુદ્ધભૂમિમાં આવી યુધિષ્ઠિરની આજ્ઞાથી વ્યુહરચના કરી પાંડવપક્ષના રાજાઓ તૈયાર થઈને મેદાનમાં ઉભા હતા.

જે વખતે યુધિષ્ઠિરની સેના તૈયાર થઇ તે જ વખતે દુર્યોધનની સેનામાં પણ શંખનાદ થવા લાગ્યા. આ યુદ્ધમાં શું થશે ? આ પ્રમાણે વિચારતાં સૈનિકોએ રાત્રીને જાગ્રત અવસ્થામાં જ પસાર કરી હતી. ભયંકર દ્વેષ અને યુદ્ધમાં વિજયની શ્રદ્ધા ધરાવતો મહાબાહુ દુર્યોધન અનેક પ્રકારના અપશુકનો થવા છતાં પણ પાંડવોને જીતવા માટે રથ ઉપર ચઢયો.

દુર્યોધનની પાછળ પાછળ સાક્ષાત્ ધનુર્વેદ સમાન પોતપોતાના રથમાં કવચને ધારણ કરી દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, દુઃશાસન વિગેરે નવ્વાણું ભાઈ. શલ્ય, ભગદત્ત, જયદ્રથ વિગેરે રાજગણ ચાલવા લાગ્યા. તે વખતે ગૃહોથી

ગૃહાધીશની જેમ તે રાજાઓથી દુર્યોધન શોભવા લાગ્યો.

દુંદુભિનાનાદ દિશાઓમાં ફેલાવા લાગ્યા. ધનુષ્ય કાર્યમાં ભયંકર ભીષ્મને આગળ કરી દુર્યોધનની સેના ચાલી. પ્રતિકૂળ પવનથી પાછળ ઉડતી ધજાઓ જાણે કે પાંડવસેનાની બીકથી ભાગતી લાગતી હતી. ધીમે ધીમે દુર્યોધનની સેના કુરૂક્ષેત્રમાં આવી વ્યુહરચના કરીને પાંડવ સેનાની સામે ઉભી રહી.

બન્ને બાજુ યુદ્ધના વાજાં વાગવા લાગ્યા. ધ્વજાઓ ફરકવા લાગી. પરસ્પર વેરભાવ રાખતી બન્ને સેનાઓથી ઉડેલી ધૂળ આકાશમાં પથરાઈ ગઇ. બન્ને બાજુના વીરોએ બન્દીઓને (ચારણ જેવી વ્યક્તિઓને) વસ્ત્રો આપ્યા. બન્ને તરફના ધનુર્ધારી પોતપોતાના સ્વામીની આજ્ઞા મુજબ પ્રથમ યુદ્ધ કરવા લાગ્યા.

બારમો સર્ગ સંપૂર્ણ :

સર્ગ : ૧૩મો

ત્યારબાદ બન્ને પક્ષના સૈનિકોએ સમજી નિયમ કર્યો કે શાવણીમાં રહેલાઓ, શસ્ત્રવગરનાઓ, તથા સ્ત્રીઓ ઉપર કોઈએ પ્રહાર કરવો નહિ. ત્યારબાદ સુંદર રથમાં બેઠેલા ભીમ અને અર્જુન સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નના રક્ષણ માટે તૈયાર થયા. અર્જુને પોતાના સારથિ કૃષ્ણને દરેક સેનાના વીરોનો પરિચય પૂછ્યો. કૃષ્ણે ઘોડા તથા ધ્વજાના પરિચય આપી વીરોના નામ બતાવ્યાં.

આ તાલધ્વજવાળા યુદ્ધભૂમિમાં કાળ જેવા અને સફેદ ઘોડાવાળા ગાંગેય (ભીષ્મ) છે. આ કળશકેતુ લાલ ઘોડાવાળા ધનુર્ધારીઓમાં અગ્રગણ્ય દ્રોણાચાર્ય છે. આ કમંડલુધ્વજ ચંદનવર્ણ ઘોડાવાળા ધનુર્વિદ્યારૂપી વેલના મૂળરૂપ કૃપાચાર્ય છે. આ નાગકેતુ ધ્વજવાળા નીલવર્ણના ઘોડાવાળા ધનુર્ધારી દુર્યોધન છે. આ મીનકેતુધ્વજવાળા પીળાઘોડાવાળા રથમાં શત્રુઓનો વિનાશકારી દુઃશાસન છે. જગતમાં સર્વાધિકકુર મહિષધ્વજધારી સફેદ કેશરી ઘોડાવાળા શકુની છે. રક્તવર્ણ ઘોડાવાળા સિંહપુચ્છ ચિન્હથી શોભતા ધ્વજવાળા શત્રુઓને ભય આપનારા અશ્વત્થામા છે. બન્ધુક પુષ્પવર્ણ ઘોડાવાળા હલધ્વજ

શત્રુઓને માટે ધુમકેતુ સમાન આ શલ્ય છે. શૂકરધ્વજ શત્રુઓના જીવિતવ્યનું હરણ કરનાર લાલઘોડાવાળા આ જયદ્રથ છે. પંચભદ્ર ઘોડાવાળા યૂપધ્વજ આ ભૂરિશ્રવા છે. પ્રૌઢ હાથીના ધ્વજવાળા સુપ્રતિકહાથી ઉપર બેઠેલ આ ભગદત્ત છે. અને આ સુશર્મા વિગેરે નાના પ્રકારની ધ્વજાઓવાળા તથા જુદા જુદા રંગના ઘોડાઓવાળા અનેક રાજાઓ દેખાય છે. વિજયદ્વીપમાં જવાવાળા યુધિષ્ઠિર રાજાને માટે આ મધ્યવર્તી સમુદ્ર છે અને તમારૂં ધનુષ્ય જ આ સમુદ્રને પાર કરવામાં વહાણરૂપ છે.

કૃષ્ણની વાણી સાંભળી અર્જુન ધનુષ્યને છોડી રથના એકખુણામાં બેસી ગયો. અને અર્જુને કૃષ્ણને કહ્યું કે આ ગુરૂજનો ! સંબંધીઓ તથા ભાઈઓને મારવા માટે મારા અંતરમાં જરાપણ ઉત્સાહ આવતો નથી. ગુરૂજનો તથા વડિલો અને બંધુઓના વધનું કારણ બને તેવા મને આ રાજ્યનો, લક્ષ્મીનો, પુરૂષાર્થ કરવાનું પ્રયોજન શું ? હું ભીષ્મ પિતામહના ખોળામાં રમ્યો છું. તેમની ઉપર મારાથી બાણ કેમ છોડાય ? જે દ્રોણગુરૂએ વાત્સલ્યભાવથી મને અશ્વત્થામાથી પણ અધિક ધનુર્વિદ્યાનું જ્ઞાન આપ્યું છે. તેમને હું યુદ્ધમાં કેમ મારૂં ? ગમે તેટલો અપકાર કરે તોપણ ભાઈ તે ભાઇજ છે. તેમની ઉપર મારાથી બાણ કેમ છોડાય ? મારૂં ધનુષ્ય પણ લજ્જા અનુભવે છે.

અર્જુનના વચનોને સાંભળી કૃષ્ણે કહ્યું કે વીરા-વતંસ ! ક્ષત્રિયધર્મ વિરૂદ્ધ તમારો આ કયા પ્રકારનો

ક્ષમાનો અંકુરો છે ? તમારી સામે જ શસ્ત્રોને ધારણ કરીને ઉભેલા ગુરૂ, પિતા, પુત્રની ઉપર નિઃશંક બનીને પ્રહાર કરવો એ તો ક્ષત્રિયોનો ધર્મ છે. જ્યાં સુધી પરાભવકારી ન બને ત્યાં સુધી જ ભાઈઓ પણ ભાઇઓ જ કહેવાય છે. પણ જ્યારે ભાઈઓ પરાભવકારી બને ત્યારે તો તેમનો શિરચ્છેદ કરવો તે તો વીરપુરૂષનું કામ છે. જેમ અગ્નિ હાથનો સ્પર્શ કદાપિ કરી શકતી નથી. સિંહ શ્વાપદોના અવાજને સહન કરી શકતો નથી. પીતરાઈ ભાઈ પણ જો શત્રુપક્ષમાં આવે તો તે પણ અવશ્ય મારવા યોગ્ય છે. તમારા જેવા સણર્થ ધનુર્ધારી હોવા છતાં પણ શત્રુ યુધિષ્ઠિરની રાજ્યલક્ષ્મીનું હરણ કરે છે. તે શું તમારા માટે લજ્જાસ્પદ નથી ? માટે આપ કૃપા કરીને અંતરમાંથી દયાભાવ કાઢી નાખી ધનુષ્યને ધારણ કરી તમારા ભાઈને ફરીથી રાજ્ય અપાવવા માટે તમો સહાય-ભૂત થાઓ. વળી, બીજી વાત એ છે કે તેઓનો વિનાશ તેમના કર્મોથી જ થવાનો છે. તમો તો ફક્ત નિમિત્ત જ બનવાના છો.

નિરપરાધીનો વધ કરવાથી અવશ્ય પાપ બંધાય છે, જ્યારે શત્રૂઓને મારવા એ તો વીરપુરૂષનું કામ છે. એ માટે આપ હાથમાં બાણને ધારણ કરી ધનુષ્ય ઉપર ચઢાવો. જુઓ આપની સામે આપના ભાઇઓ આપના શત્રુઓને મારશે. કૃષ્ણના વચનો સાંભળી અર્જુન હાથમાં ધનુષ્ય લઈને ધીમે ધીમે ઉઠયો.

બન્ને સેનાઓના ધનુર્ધારી પોતપોતાના ધનુષ્યનો ટંકાર કરવા લાગ્યા, બધા પોતપોતાના શંખ વગાડવા લાગ્યા. ત્યારબાદ યુદ્ધના રણશીંગા ફુંકાવા લાગ્યા.

ત્યારબાદ રથમાંથી ઉતરી પગપાળા જઇને યુધિષ્ઠિરે ભીષ્મ,દ્રોણ, કૃપાચાર્યને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. ત્યારબાદ લજ્જાથી પોતાના મુખને નીચું નમાવી તે લોકોએ યુધિષ્ઠિરને વિજય માટે આશિર્વાદ આપ્યા. તેઓએ કહ્યું કે વત્સ ! અમારી ઉપર તારી ભક્તિ હજુસુધી સ્થિર છે તેનાથી અમે ખુબ જ ખુશ છીએ. દુર્યોધને ભક્તિથી અમોને એવા વશ કર્યા છે કે અમે લોકો તેને છોડી શકીએ તેમ નથી. યુદ્ધમાં જીત તમારી થશે તેમાં કાંઈ શંસય નથી. કારણ કે તમોએ ન્યાય અને નીતિનો આશ્રય લીધો છે. સાક્ષાત્ વિજયસ્વરૂપ ગુરૂજનોના આશીર્વચનો ગ્રહણ કરીને ત્યાંથી આવી યુધિષ્ઠિર ફરીથી પોતાના રથ ઉપર આવી ગયા.

ત્યારબાદ બન્ને સેનાઓના વીરપુરૂષોએ પોતપોતાના ધનુષ્ય ખેંચ્યા. અર્જુનના ગાંડીવ ધનુષ્યનો અવાજ બધાથી અધિક ફેલાતો હતો. ભયંકર યુદ્ધને જોવા માટે વિદ્યાધરોની સ્ત્રીઓ આશ્ચર્ય અનુભવતી હતી, બન્ને પક્ષોના ઘોડેસ્વારો ઘોડેસ્વારોની સાથે, રથારોહીઓ રથારોહીઓની સાથે, હાથી ઉપર બેઠેલાઓ હાથી ઉપર બેઠેલાઓની સાથે લડવા લાગ્યા. ઘણા સૈનિકો પોતાની ઇચ્છાથી મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ધૂળ ઉડવાથી સૂર્ય

આંખો દેખાતો હતો. યુદ્ધથી ભયભીત થએલી યુદ્ધભૂમિની ધૂળ વિદ્યાધરોના વિમાનમાં જઈને પેઠી. હાથીઓએ મદજળથી યુદ્ધની ધૂળને શાંત કરી. હાથીઓની સામે દોડતા હાથીઓ ઉત્પાતના પવન જેવા ભયંકર પહાડસમા પડછંદ લાગતા હતા. ક્રોધથી લાલ આંખોવાળા સૈનિકો યમના સેવકોની સમાન પરસ્પર બોલવા લાગ્યા.

એક બાજુ ધૃષ્ટદ્યુમ્ન અને બીજી તરફ ગાંગેય પોતાના યોદ્ધાઓને લડવામાં ઉત્સાહિત બનાવી રહ્યા હતા. એટલામાં એકી સાથે ઉત્તરકુમાર, અભિમન્યુ, પાંચ પાંચાલો યુદ્ધભૂમિમાં આવી પહોંચ્યા. તેમના બાણના પ્રહારોથી જર્જરિત બનીને કૌરવપક્ષના સૈનિકો યુદ્ધભૂમિને છોડી ભાગવા લાગ્યા. ત્યારબાદ રથમાં ઉભા રહેલા મદ્રરાજ શલ્ય તથા હાથી ઉપર બેસેલા વિરાટપુત્ર ઉત્તરનું ભયંકર યુદ્ધ થવા લાગ્યું. વાદળમાં વીજળીઓની જેમ તે બંને કાનને ફોડી નાખે તેવા ધનુષ્ય ટંકારના અવાજો કરવા લાગ્યા, ચમકતા બાણોનો મારો એક બીજા ઉપર ચલાવવા લાગ્યા. જેમ વાદળથી સૂર્ય ઢંકાઈ જાય છે તેવી રીતે ઉત્તરકુમારના બાણોથી શલ્ય ઢંકાઇ ગયા પરંતુ ઈન્દ્રના વજ્રથી પર્વત જેમ તૂટી જાય છે તેવી રીતે અનેક યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરનાર મદ્રરાજ શલ્યે શક્તિ મારીને ઉત્તરને પાડી નાખ્યો. તે વખતે યુધિષ્ઠિરની સેનામાં એકાએક હાહાકાર મચી ગયો. ત્યારબાદ ક્રોધાયમાન થયેલ યુધિષ્ઠિરના ધનુર્ધારીઓએ બાણોથી

ભીષ્મની ઉપર પ્રહાર કરવા માંડયેા, પરંતુ ભીષ્મે પેાતાના બાણેાથી દિશાઓને ઢાંકી દીધી.

ત્યારપછી કેાઇના અભિમાનની સાથે સાથે રથના પડા તૂટી ગયા હતા, કેટલાકના હાથની સાથે સાથે રથની ધ્વજાઓ પણ કપાઇ ગઈ. કેટલાકની દેારી તૂટી ગઇ. કેટલાકની ધનુષ્યની દેારી કાપી નાખવામાં આવી હતી, કેટલાકના ઘેાડા જીવ બચાવવા યુદ્ધભૂમિમાંથી ભાગી ગયા. કેટલાકના રથની ધુસરીઓ ભાગી ગઈ, કેટલાકના કવચ કાપી નાખવામાં આવ્યા. કેટલાકના રથના સારથિઓ જમીન ઉપર પડી ગયા. કેટલાકના છત્ર નીચે ફેંકાઈ ગયા. કેટલાક રથમાં સારથિના બેસવાના સ્થાનેા ભાંગી ગયા. કેટલાક સૈનિકેાના હાથમાંથી ધનુષ્ય પડી ગયા. આ પ્રમાણે ભીષ્મે પાંડવ સેનાને આકુળ વ્યાકુળ કરી દીધી. ધૃષ્ટદ્યુમ્ને પણ ક્રોધમાં આવીને કૌરવપક્ષના ઘણા રાજાઓને મારી નાખ્યા. તે વખતે યુદ્ધભૂમિમાં કયાંક ધ્વજદંડ, કયાંક ધનુષ્યદંડ, કયાંક વાંસની લાકડી, કયાંક છત્રદંડ, કયાંક ઘેાડાના અંગ તેા કયાંક હાથીના અંગ, કયાંક સનિકેાના અંગ દેખાવા લાગ્યા. સૂર્યાસ્ત થવાની પહેલાં જ ભીષ્મે પેાતાના તીવ્રબાણેાથી સેંકડેા રાજાઓને મારી નાખ્યા, સૂર્યાસ્ત થવાથી બન્ને સેનાના સૈનિકેા યુદ્ધ બંધ કરીને પેાતપેાતાની છાવણીમાં ચાલ્યા ગયા. ઉત્તરકુમારનેા વધ થવાથી ખિન્ન થએલા પાંડવેા અને આનંદિત થએલા ધાર્તરાષ્ટ્રો બન્ને પેાત પેાતાની છાવણીમાં ગયા.

રાત્રિના સમયે છાવણીમાં પુત્ર શેાકથી વિહ્વળ બનેલ વિરાટપત્ની સુદેષ્ણાને યુધિષ્ઠિરે સાન્ત્વન આપ્યું.

કહ્યું કે કલ્યાણિ ! તમે વીરપત્ની હતા પણ આજે પુત્રના મૃત્યુએ તમને વીરમાતા બનાવ્યા છે. પરંતુ હું પાપી મદ્રરાજના પેટમાંથી બાણો દ્વારા આપના પુત્રને ખેંચી ન લાવું તો મારૂં આ યુદ્ધ સફળ નહિ બને અને આપ પણ મને સત્યવ્રતના પાલક તરીકે માનશો નહિ. આ પ્રમાણે યુધિષ્ઠિરના તરફથી આશ્વાસન આપવામાં આવ્યું. અને વિરાટપત્નીએ શોક છોડી દીધો. કેમકે ઉદારપ્રકૃતિના માનવીઓનો શોક થોડો સમય જ રહે છે. આ પ્રમાણે બાણો વડે સૈનિકોને મારતા ભીષ્મે નિર્દયતાથી સાત દિવસ સુધી યુદ્ધ કર્યું. આઠમા દિવસે ભીષ્મ એજ પ્રકારનું યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે પાંડવોની સેનાએ સાવચેતીપૂર્વક યુદ્ધ કર્યું. કૌરવોની સેનાને પાંડવોએ અસ્તોવ્યસ્ત કરી નાખી. બાણોથી અસંખ્યાત કૌરવસૈનિકો ઘાયલ થયા. સૂર્યાસ્ત થવાની પહેલાં જ ભીષ્મે અનેક રાજાઓને મારી નાખ્યા. પરંતુ તેથી અધિક રાજાઓને પાંડવોએ મારી નાખ્યા. આનંદ પામતા પાંડવો અને ચિંતાતુર બનેલા કૌરવો પોતપોતાની છાવણીમાં ચાલ્યા ગયા.

ત્યારબાદ રાત્રિને વિષે ભીષ્મની પાસે જઈને ઓલંભા આપતો દુર્યોધન બોલ્યો કે તાત ! આપની શક્તિથી અને બળથી પાંડવોનો વધ કરવા માટે મેં આ મહા-યુદ્ધનો આરંભ કર્યો છે. જેમ સૂર્ય પણ વસંતઋતુ સિવાય હિમનો નાશ કરી શકતો નથી. તેમ આપના

સિવાય પાંડવોનો વધ કરનાર કોઇ નથી, જ્યારે આપ તો પાંડવોને મારવામાં ઉપેક્ષાવૃત્તિ ધારણ કરીને રહ્યા છો. કદાચ અમારા શત્રુઓને રાજ્ય આપવાની ઇચ્છા હોય તો આપ આપના હાથથી જ મારા પ્રાણ લઈ શકો છો. ભીષ્મે કહ્યું કે વત્સ! બન્નેની સાથે સરખો સંબંધ હોવા છતાં પણ મેં મારૂં જીવન તારા હાથમાં વેચી નાખ્યું છે. તારા માટે તો હું મારી ઇચ્છા અનુસાર વર્તવાનું છોડીને પાંડવોની સાથે યુદ્ધ કરી રહ્યો છું. પરંતુ અર્જુન જ્યાં સુધી હાથમાં ધનુષ્ય ધારણ કરે છે ત્યાં સુધી વિજયની શકયતા ઓછી છે. તો પણ હું આવતીકાલે પૃથ્વીને વીરપુરૂષો વિનાની બનાવી દઇશ. આ પ્રમાણે ભીષ્મના આશ્વાસનથી ખુશ થઇને દુર્યોધન પોતાની છાવણીમાં આવેલા નિવાસસ્થાને ચાલી ગયો.

નવમા દિવસે સૂર્યના કિરણો જેમ અંધકારનો નાશ કરે છે તેવી રીતે ભીષ્મે બાણો વડે પાંડવ સૈનિકોનો નાશ કર્યો તે વખતે પાંડવોની સેનામાં કેટલાય વીરપુરૂષો હાથમાં ધનુષ રાખવામાં અસમર્થ બની ગયા હતા. તો પછી ધનુષ્યના અગ્રભાગમાં દોરી ચઢાવવાની તો વાત જ શું કરવી? ઘણા વીરપુરૂષો ધ્વજદંડના મધ્યભાગમાં છુપાઇ ગયા. ઘણા વીરપુરૂષોએ સારથિઓએ વચમાં બેસાડી પોતાનું રક્ષણ કર્યું. કેટલાક વીરપુરૂષોએ પોતાની કીર્તિને મલીન બનાવી યુદ્ધભૂમિમાંથી વિદાયગીરી લીધી. તે વખતે પાંડવપક્ષની સેના મેદાન છોડીને ભાગવા લાગી.

સંધ્યા સમયે ચંદ્રના ઉદયકાળથી જેમ ચંદ્ર વિકસિત કમળ ખીલવા લાગે છે તેવી રીતે કૌરવો ખુશ થતા હતા. અને દિવસનો નાથ સૂર્ય અસ્ત થવાથી સૂર્યકમળ નિસ્તેજ બની જાય છે તેવી રીતે પાંડવો નિસ્તેજ બન્યા. અને દુઃખ અનુભવવા લાગ્યા. બન્ને પક્ષના સનિકો પોતપોતાના નિવાસસ્થાને ચાલ્યા ગયા.

રાત્રિના યુધિષ્ઠિરે કૃષ્ણ વિગેરે સભ્યોને બોલાવી વિચાર કર્યો કે જ્યાં સુધી ભીષ્મ હાથમાં બાણ લઈને યુદ્ધ કરતા રહેશે ત્યાંસુધી જીતવાની આશા તો નથી પરંતુ જીવવાની આશા પણ લાગતી નથી. માટે હવે શું કરવું. તેનો વિચાર કરીને મને કહો. કૃષ્ણે કહ્યું કે યુદ્ધમાં સૈનિકોને મારનાર ભીષ્મને મારવાની ઈચ્છા થાય છે. પરંતુ અનેક પ્રકારના સોગંદ આપીને અર્જુન મને રોકી રહ્યો છે. હજુપણ આપ મને આજ્ઞા આપો તો કાલે હું આ પૃથ્વીને ભીષ્મ વગરની બનાવી દઉં. યુધિષ્ઠિરે કહ્યું કે અરે ! હાથમાં ધનુષ્ય ધારણ કરવાથી તમારી સામે ઇંદ્ર કાંઇ વિસાતમાં નથી તો પછી ભીષ્મની તો વાત જ શું કરવી ? ગાંધારી પુત્રોને મારી યશ અમોને લેવા દેજો એ વાત તો આપણે પહેલી કરી છે. ગાંગેયની ગોદમાં રમેલા ભીમ અને અર્જુન તેમને કેવી રીતે મારશે ? એટલા માટે ગોવિંદ ! તમે બીજો કોઈ ઉપાય બતાવો કે જેનાથી જગતમાં અદ્વિતીય મહારથી ભીષ્મ જીવતા રહે, ત્યારે કૃષ્ણે કહ્યું કે તમે લોકો મારા વચનને સાંભળો !

એક વાત તો બધા જ જાણે છે કે સ્ત્રી, ગરીબ, બીકણ, ષણ્ઢ, શસ્ત્ર વિનાનાની ઉપર યુદ્ધમાં ભીષ્મ બાણ ચલાવતા નથી, માટે કાલે સવારના દ્રુપદ રાજપુત્ર ષણ્ઢ શિખંડીને આગળ કરી આપ લોકો યુદ્ધમાં હાજર થજો. શિખંડી ઉપર ભીષ્મ બાણ ચલાવશે નહિ. જ્યારે શિખંડી બાણ મારીને ભીષ્મને મારી નાખશે. કૃષ્ણે બતાવેલા ઉપાયથી બધા આનંદમાં આવી ગયા ને પોતપોતાના સ્થાને ચાલી ગયા.

પ્રાતઃકાળમાં ભીષ્મ વધની ઇચ્છાથી શિખંડી આગળ કરી પાંડવો યુદ્ધમાં આવ્યા. જેમ સૂર્ય ચંદ્રની વચમાં બુધ શોભાયમાન થાય છે. તેવી રીતે રથના ચક્રની જેમ ભીમ અને અર્જુનની વચમાં શિખંડી શોભવા લાગ્યો. પરસ્પર બાણોના છુટવાથી બન્ને સેનાઓએ ભયંકર યુદ્ધ કર્યું. જ્યારે સેનાઓ સામ સામે ભયંકર યુદ્ધ કરી રહી હતી ત્યારે ભીષ્મ પિતામહે કેટલાકને જર્જરિત કર્યા. કેટલાકને યુદ્ધ ભૂમિમાંથી ભગાડયા. કેટલાકને બાણોથી મારી નાખતા ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. ભીષ્મના બાણોથી આકુળ વ્યાકુળ બનીને બચવા માટે કેટલાક યોદ્ધા પોતાના રથને મરેલા હાથીઓની વચમાં લઈ જતા હતા. એટલામાં આકાશમાં જેમ સૂર્ય મંડળની સામે ચંદ્ર મંડળ આવે તેવી રીતે તે ભીષ્મના રથની સામે શિખંડીનો રથ આવ્યો. શિખંડીની ઉપર બાણોના મા૨ ચલાવતા યોદ્ધાઓનો ભીમ અર્જુન પોતાના તીવ્ર બાણોથી પ્રતિકાર કરતા હતા. શિખંડીના હાથમાં ધનુષ્ય જોઇને ભીષ્મ પિતામહે યુદ્ધ કરવાનું છોડી દીધું.

લાખો યોદ્ધાનો સંહાર કરનાર ધનુષને ભીષ્મે છોડી દીધું. તે વખતે ભીષ્મ હેમંત ઋતુના સૂર્ય સમાન, મંત્રશિથિલ, અગ્નિ સમાન; વૃદ્ધ સિંહની જેમ દેખાવા લાગ્યા. શિખંડીએ ભીષ્મની ઉપર બાણોનો મારો ચલાવ્યો. પરંતુ ગંભીર અને ધીર હાથી સમાન ભીષ્મને કાંઈ જ ખબર પડી નહિ. ત્યાં આનંદ પામતા ધૃષ્ટદ્યુમ્ન વિગેરે પાંડવની સેનાના મોટા મોટા યોદ્ધાઓ દરેક પ્રકારોથી ભીષ્મની ઉપર બાણ છોડવા લાગ્યા. તે લોકોને પ્રહાર કરતા જોઈને ક્રોધાયમાન બની ભીષ્મે ફરીથી ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું. ભીષ્મના રથનું રક્ષણ કરતા દુર્યોધન અને દુઃશાસન પણ શત્રુઓ ઉપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા તે વખતે બાણોથી દશે દિશાઓ ભરાઈ ગઈ હતી. એટલામાં કૃષ્ણે અર્જુનને કહ્યું કે શા માટે તમે સેનાનો વિનાશ કરાવો છો? થોડીક શરમ રાખી શિખંડીને સારથિ અને તમારી વચમાં રાખી કુરૂશ્રી લતાના મૂળરૂપ ભીષ્મનું ઉન્મૂલન કરી નાખો. કૃષ્ણના વચનોનો સ્વિકાર કરીને અર્જુન શિખંડીના રથ ઉપર ચઢી ગયો. શિખંડીને આગળ કરીને અર્જુને ભીષ્મ ઉપર બાણોનો મારા ચલાવ્યો. દુર્યોધન વિગેરે મોટા મોટા યોદ્ધાઓએ ચારે તરફથી ભીષ્મના રથને બચાવવા માટે પ્રયાસ કર્યો. પરંતુ ભીમે ગદાઓ મારીને તે લોકોને દૂર ભગાડી મૂક્યા જેથી અર્જુન ભીષ્મના રથને જોઇ શકતો હતો. અર્જુનના બાણ ભીષ્મના શરીરમાં વાગવા લાગ્યા પરંતુ ભીષ્મે અર્જુનને કયાંય જોયો નહિ. ત્યારે ભીષ્મે સારથિને કહ્યું કે દેવોની સમાન સુંદર ફળવાળા આ બાણ શિખંડીના

નથી પણ અર્જુનના છે. આજે હું વત્સ અર્જુનની ધનુર્વિદ્યાથી ખૂબ જ પ્રસન્ન છું. આ પ્રમાણે જ્યારે ભીષ્મ અર્જુનની પ્રશંસા કરી રહ્યા હતા. એટલામાં આકાશવાણી થઇ કે ગાંગેય ! તમે તમારા ગુરૂના વચનો ભુલી જતા નહિ.

ભીષ્મની પાસે આવીને આશ્ચર્ય અનુભવતા દુર્યોધને ભીષ્મને પૂછયું કે હે તાત ! આ વિદ્યાધર આપને કયા ગુરૂ વચનનું સ્મરણ કરાવે છે. ભીષ્મે કહ્યું કે વત્સ ! જ્યારે હું મારા માતામહ (માતાના પિતા) ના ઘેર હતો ત્યારે એક દિવસ માતાની સાથે મેં ચારણ શ્રમણોને વંદન કર્યું હતું હે કુરૂ રાજેન્દ્ર ! કૃપાલુમુનિઓએ વિશુદ્ધ સાધુધર્મ અને શ્રાવક ધર્મની દેશના આપી જેનાથી મેં ધર્મના રહસ્યોને જાણી લીધા. ત્યારથી અર્થ કામ તરફ મારી પ્રવૃત્તિ અંધ થઇ ગઈ છે ત્યારથી હું તમામ જીવોને મારા આત્માની જેમ જ માનું છું. મુનિઓની જેમ હું સત્ય વચનો બોલુ છું. મારૂ મન બીજાની લક્ષ્મીથી પણ નિવૃત્ત થએલું છે. અને બ્રહ્મચર્યનું પાલન કરી રહ્યો છું. સ્ત્રીઓને હું તૃણ સમાન માનું છું. આ પ્રમાણે હું પ્રાયઃઅપરિગ્રહધારી બન્યો છું. જૈનત્વના સંસ્કારવાળાઓને કોઈ વસ્તુ કઠીન નથી. તમામ પ્રકારના અનાચારોથી વિમુખ બનીને બધા આશ્રવસ્થાનોથી અટકયો હતો. અર્હત્પૂજા–તપ–સ્વાધ્યાય, સંયમથી મારા ઘણા કર્મ તૂટી ગયા છે. હું તો તમામ પ્રકારની આસક્તિઓનો ત્યાગ કરવાનો હતો પણ અતિ આગ્રહથી મારા મામા પવનવેગે મને તમામ કલાઓનો અભ્યાસ કરાવ્યો છે.

એક વખત માતામહની સાથે કેવળીભગવંત મુનિચંદ્ર મુનિને વંદના કરવાને માટે હું ગયો હતો. અવસર પામીને હર્ષથી રોમાંચિત બનીને મેં બધાની સામે હાથ જોડી ગુરૂને પૂછયું કે મુનીન્દ્ર ! પરમાનંદ કન્દમૂળ મોહાન્ધકારને વિનાશ કરનાર સર્વવિરતિ ચરિત્ર મને ક્યારે મળશે ? મુનિએ કહ્યું કે ગુણોથી નવિન ચંદ્રની જેમ ઉલ્લસતી સત્યવતી જે તમારી નાની માતા થશે તેમના પુત્રના કહેવાથી તમે ઘણા વર્ષો સુધી ઘરમાં રહેશો. પરોપકાર મહાત્માઓનું ભૂષણ છે. વિશિષ્ટ મહિમા સંપન્ન અનુક્રમે તમે પિતામહ બનીને જ્યારે ધાર્તરાષ્ટ્રના ઋણથી મુક્ત થશો ત્યારે મારા શિષ્ય ભદ્રગુપ્તાચાર્યની પાસે શ્રદ્ધા ગુણોથી ભાવશલ્યને દૂર કરી એક વર્ષ આયુષ્ય બાકી રહેશે ત્યારે આપ પ્રવ્રજ્યા ગ્રહણ કરશો. સમતા પૂર્વક એક વર્ષની આરાધના કર્યા બાદ આપ અચ્યુત નામના દેવલોકમાં જશો. દેશના આપી મુનિ અન્યત્ર ચાલ્યા ગયા. મેં પણ તેમની કહેલી વાતોનો આદિથી અંતસુધી અનુભવ કર્યો એટલા માટે વત્સ ! મારો વિદ્યાધર મિત્ર અત્યારે મને દીક્ષા સમયની યાદ આપે છે. આ પ્રમાણે કહેતા ભીષ્મ પિતામહ અર્જુનના બાણોથી મૂર્છિત બનીને રથમાં પડી ગયા.

ભીષ્મની આવી સ્થિતિ જોવા માટે અસમર્થ એવો સૂર્ય પણ તેજ વખતે અસ્તાચલે ચાલ્યો ગયો. તે વખતે બધા કૌરવ પાંડવો તથા સૈનિકો તાત, તાત, પિતામહ,

કહેતા શોકરૂપી અંધકારમાં ડૂબી ગયા. અને યુદ્ધને બંધ કર્યું. વિનયવંત પાંડવ કૌરવો નજીકમાં જ પર્વતની ગુફામાં રહેલા ભદ્રગુપ્તાચાર્યની પાસે ભીષ્મ પિતામહને લઇ ગયા. સંજય દ્વારા ભીષ્મનો વૃત્તાંત સાંભળી સંજયની સહાયતાથી ધૃતરાષ્ટ્ર પણ ત્યાં પહોંચી ગયા. કરૂણ કલ્પાંત કરતા કૌરવપાંડવો દ્વારા ઉપચાર કરવામાં આવ– વાથી ભીષ્મ શુદ્ધિમાં આવ્યા. ભીષ્મે પોતાની દ્રષ્ટિ તમામ પૌત્રો ઉપર નાખી. ભીષ્મને શુદ્ધિમાં આવેલા જાણી કૌરવપાંડવ ખૂબ જ આનંદિત બન્યા. ભીષ્મે ધીમે ધીમે પૌત્રોને કહ્યું કે કોઇ જાતનો આધાર નહિ હોવાથી મારી ગરદન દુઃખે છે. ત્યારે તેઓએ સુંદર તકીઓ લાવીને આપ્યો. તકીઆ ઉપર માથું મુકવાની ના કહી. ભીષ્મે અર્જુન અર્જુન કહીને અર્જુનની તરફ દ્રષ્ટિપાત કર્યો. તેમના અભિપ્રાયને જાણી અર્જુને પણ બાણનો તકીઓ બનાવ્યો. સાધુ, સાધુ, બોલતા ભીષ્મે પોતાના હાથથી અર્જુનના શરીરને સ્પર્શ કર્યો. ભીષ્મને નમસ્કાર કરી યુધિષ્ઠિરે કહ્યું કે તાત ! જો આપની આજ્ઞા હોય તો હું મારી અંગુઠીના પ્રભાવથી આપના 'ઘા'ને મટાડી આપું. ભીષ્મે કહ્યું કે આ 'ઘા'નું મને જરાપણ દુઃખ નથી પણ ભાવશલ્ય મને અતિશય પીડા આપે છે. હવે ગુરૂમહારાજની કૃપાથી મારા ભાવશલ્યના 'ઘા' મટી જશે. જે માનવીઓ પોતાના શરીરને આત્મા માનીને બેઠા છે. તેઓને દ્રવ્યશલ્ય પીડા કરે છે.

થોડીવાર પછી ભીષ્મે કૃષ્ણની સામે આંખનો ઇશારો કરીને કૌરવો પાંડવોને કહ્યું કે મને તરસ ઘણી લાગી છે. માટે પાણી લાવી મારી તરસ મટાડી મારા આત્માને શાંતિ આપો. તે લોકોએ સ્વચ્છ અને સુગંધિત પાણી લાવી આપ્યું. દૂરથી જ ભીષ્મે તે પાણી લાવનારને રોકીને કહ્યું કે જે પાણી તીર્યંચોના સ્પર્શથી રહિત હોય અને સૂર્યના કીરણોનો જે પાણીને સ્પર્શ ન થયો હોય તેવું પાણી પીવા માટે મારૂં મન તલસી રહ્યું છે ત્યારે તે લોકોએ કહ્યું કે એવું પાણી તો માનસરોવરમાં પણ દુર્લભ છે. આ પ્રમાણે તે બધાને કર્તવ્ય વિમુખ જોઈને ભીષ્મે ફરીથી અર્જુનની તરફ દ્રષ્ટિપાત કર્યો. ત્યારે ભીષ્મ માતામહનો અભિપ્રાય જાણીને અર્જુને વરૂણાસ્ત્રનો પ્રયોગ મુખ નીચે કરીને કર્યો. લોકોએ અર્જુનની કીર્તિ સમાન સ્વચ્છ પાણી જમીનમાંથી નીકળતું જોયું. પાંડવ કૌરવોની અનુક્રમે સફેદ તથા શ્યામ દ્રષ્ટિ-ઓથી તે પાણી ગંગાજમનાના સંગમનું પાણી બની ગયું. તે પાણી લઈને અર્જુન ભીષ્મની પાસે ગયો. ભીષ્મે જોઈને ખુશ થઇ કહ્યું કે વત્સ! આ પાણીને જોઈ તરત જ મારૂં મન પ્રસન્ન બની ગયું છે. તું યુધિષ્ઠિરની પાસે જઈને બેસ. અને આ અલૌકિક જગતમાં વિજયને મેળવ.

પાંડવાની કીર્તિથી મલીન દુર્યોધનના મુખને ઉંચું કરતા પિતામહે હિતોપદેશ આપ્યો વત્સ! મોટા પુણ્યથી જ આ કુરૂકુલમાં કોઈ આત્મા જન્મ લે છે. કુરૂવંશીઓના

તમામ ગુણો તારામાં વિકસિત થઈ રહ્યા છે. દેવ નદીના કમલોમાં સુગંધી તો હોય છે. તો પણ વત્સ ! વાત્સલ્ય ભાવથી તને કહું છું કે વિનય અને ન્યાય એ બન્ને ગુણોને તું અનુસર. વિનય કરવા યોગ્ય વડિલોનો વિનય કરવાથી લોકોમાં કીર્તિનો વધારો થાય છે. જો આજે પણ રામના પ્રત્યેનો વિનયી લક્ષ્મણનો યશ કેવો છે ? વિનય કોનો અભ્યુદય નથી કરતો ? એટલા માટે યુધિષ્ઠિરને રાજ્ય આપી પહેલાંની જેમ ઈન્દ્રપ્રસ્થમાં જઈ તું આનંદ કર. બીજાઓને ઉઠાડી મુકી એકાંતમાં ભીષ્મે દુર્યોધનને કહ્યું કે ખુબ જ વિચાર કરતાં મને તો આ વસ્તુ ખુબ જ ઉચિત લાગે છે કે તું બુદ્ધિમાન છે તો બળવાન પાંડવોની સાથે સંધિ કરી લે. એટલા માટે જ મેં તને અર્જુનની ધનુષ્યકલા દેખાડી છે. નહિતર મને હવે તકીઆની કે પાણીની જરૂરીઆત જ નહોતી. કારણ કે હવે તો હું શરીરને છોડી રહ્યો છું માટે હું કહું છું કે તું યુધિષ્ઠિરને રાજ્ય આપી બીજા ક્ષત્રિઓને બચાવી લે. પોતાની મર્યાદા છોડીને દુઃખી થએલા દુર્યોધને કહ્યું કે તાત ? યુદ્ધ કર્યા સિવાય હું પાંડવોને નખના અગ્રભાગ જેટલી ભૂમિ આપવા તયાર નથી. અવિનીત દુર્યોધનના વચનોથી ભીષ્મ અત્યંત દુઃખી થયા.

ત્યારબાદ ભવિતવ્યતાનો વિચાર કરીને લાંબો શ્વાસ લેતા ભીષ્મે, ધૃતરાષ્ટ્ર વિગેરે બધા જ્ઞાતિ કુલવર્ગને જુદા જુદા મલીને કૃષ્ણને કહ્યું કે તમો ભરતાર્ધપતિ બનીને

જૈનધર્મની અભિવૃદ્ધિ કરજો. ત્યારબાદ પાપકર્મોની આલોચના કરીને સમતામૃતનું આસ્વાદન લેતા ભીષ્મે શ્રી ભદ્રગુપ્તાચાર્યની પાસે વ્રત ગ્રહણ કર્યું. ત્યારબાદ નિર્ભય બનીને ભીષ્મ (ગાંગેયમુનિ) જ્ઞાનરૂપી ચક્રથી, સમતારૂપશક્તિથી, ધ્યાનરૂપ ભાલાથી, શમદમાદિબાણોથી મિથ્યાત્વાદિરૂપ સૈનિકોનો સંહાર કરતા મોહરાજાની સાથે યુદ્ધ કરવા લાગ્યા.

ત્યારબાદ તત્ત્વચિંતનમાં લીન ગાંગેયમુનિને પ્રણામ કરી કૌરવ પાંડવ રડતાં રડતાં પોતપોતાના નિવાસસ્થાનમાં ચાલ્યા ગયા.

દુર્યોધનના મુખ ઉપર દુઃખને જોઈ તેની પાસે જઈને દ્રોણાચાર્યે કહ્યું કે રાજન્! આપ ભીષ્મને માટે આટલી બધી ચિંતા શા માટે કરો છો? તેઓએ તો બાહ્ય અને અભ્યંતર શત્રુઓને જીતી લીધા છે. જ્યાં સુધી હું છું ત્યાં સુધી તમારે યુદ્ધની ચિંતા કરવાની નથી. અર્જુનની ગેરહાજરીમાં હું યુધિષ્ઠિરને બાંધી તમને સમર્પણ કરીશ. દ્રોણાચાર્યના વચનથી ચિંતા છોડીને દુર્યોધન આનંદિત બન્યો. તેણે તે જ વખતે દ્રોણાચાર્યને સેનાપતિ બનાવ્યા. સવારના દ્રોણાચાર્યે વિચિત્ર વ્યુહરચના કરી. દુર્યોધનની સેના યુદ્ધમાં ઉતરી પડી. ગાંગેયની સ્થિતિથી ચિંતાતુર હોવા છતાં પણ વિજયની આશાથી પ્રસન્ન થએલા પાંડવો પણ યુદ્ધના મેદાનમાં આવી પહોંચ્યા.

ત્યારબાદ બંને સેનાઓમાં હસ્તિદળ અને અશ્વદળની

ઘનઘોર અને ભયાનક લડાઇ જામી. બન્ને સેનાના સૈનિકો એકબીજાની ઉપર બાણ વરસાવવા લાગ્યા. બન્નેના બાણોથી બન્નેના મસ્તક છેદાવા છતાં પણ બન્નેના ધડ લડવા લાગ્યા. તલવારથી કપાએલા બે હાથીઓના મસ્તકો ઉડીને આકાશમાં પણ દન્તા દન્તીથી યુદ્ધ કરવા લાગ્યા. દ્રોણાચાર્ય અને અર્જુન બન્ને જણા એકબીજાની ધનુર્વિદ્યાને પોતાનાથી ઉત્તમ માનતા શંકાને ધારણ કરવા લાગ્યા. લોહીથી લાલરંગવાળા બન્ને જણા વિકસિત અશોકવૃક્ષની જેમ દેખાવા લાગ્યા. સંધ્યા થવાથી બન્ને સેનાઓ પોતપોતાની છાવણીમાં ચાલી ગઇ. કૌરવ પાંડવ બન્ને વિજયની ઇચ્છાથી ખુશ હતા.

રાત્રીએ દુર્યોધનની આજ્ઞાથી ત્રિગત દેશાધિપતિ સંસપ્તકે યુધિષ્ઠિરની સભામાં આવી અર્જુનને કહ્યું કે પાર્થ ! તમે સામાન્ય સૈનિકની જેમ સમુહમાં કેમ લડો છો ? સમુહમાં લડવાથી તમારૂં ભુજબળ પ્રકાશમાં આવતું નથી, હજારો દીવાઓની જ્યોતમાં કૌસ્તુભમણીનો મહિમા પ્રગટ થતો નથી. માટે આવતીકાલે તમને ભુજબળનું અભિમાન હોય તો કુરૂક્ષેત્રની બહાર મારી સાથે યુદ્ધ કરો. અર્જુને તેના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરીને કહ્યું કે કાલે હું એકલો કુરૂક્ષેત્રની બહાર આવીશ અને તમે એકઠા થઈને જલ્દીથી સવારના ત્યાં આવી જશો. અર્જુનના વચનથી ખુશ થઈને સંસપ્તક રાજા પોતાના નિવાસસ્થાને ગયો.

યુધિષ્ઠિરને બાંધવાની દ્રોણાચાર્યની પ્રતિજ્ઞાથી ભયભીત બનેલા અર્જુને તેમના રક્ષણ માટે ધૃષ્ટદ્યુમ્ન, ભીમ, નકુલ વિગેરે મોટા મોટા મહારથીઓને નિયુક્ત કરીને બારમા દિવસે અર્જુન સંસપ્તકને જીતવા માટે ચાલ્યો. તે વખતે બન્ને બાજુની સેનાઓ યુદ્ધના મેદાનમાં આવી પહોંચી. પ્રિયાની જેમ વિજયલક્ષ્મીને ખુશ કરવા માટે અહંભાવથી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન વિગેરે વીરપુરૂષોના બાણોને કાપી નાખતા દ્રોણાચાર્યના બાણોથી પાંડવસેના આકુળ વ્યાકુળ બની ગઇ. જે રીતે દાવાનળ વનવૃક્ષોને બાળવા માટે પ્રગટે છે તેવી રીતે શસ્ત્રોથી ભયંકર દ્રોણાચાર્યે તે વખતે પાંડવસેનામાં પ્રવેશ કર્યો. સુપ્રતિક હાથી ઉપર બેઠેલ ભગદત્ત દ્રોણાચાર્યની પાછળ પાછળ પાંડવદળનો વિનાશ કરવા લાગ્યો. ચારે તરફ બાણને ફેંકતા દ્રોણાચાર્ય મધ્યાહ્નકાળમાં આકાશમાં પોતાના કિરણોને ફેલાવતા સૂર્યની જેમ શોભવા લાગ્યા.

ભગદત્તના હાથીથી આક્રાન્ત પાંડવોની સેના અત્યંત વ્યાકુળ બની ગઈ. હાથીએ પોતાની સુંઢથી કેટલાક વીરોને જીવતા જ ઉઠાવીને અપ્સરાઓને માટે આકાશમાં ઉછાળીને મારી નાખ્યા. તે હાથીએ પોતાની સુંઢ વડે રથોને ઉછાળી ઉછાળીને દૂર ફેંકી દીધા. તે હાથીની ગર્જના સાંભળી પાંડવપક્ષના હાથીઓનો મદ ઉતરી ગયો. તે હાથીના દાંત વડે ઉપાડીને ફેંકવામાં આવતા હાથીઓ પર્વતના શિખર ઉપર બિરાજમાન

વાદળાઓની જેમ શોભતા હતા. ભગદત્તના સુપ્રતિક હાથીએ દાંતો વડે પાંડવપક્ષના ઘણા હાથીઓને મારીને ફેંકી દીધા.

આ પ્રકારે ભગદત્તના હાથીથી વ્યાકુળ બનેલી પાંડવસેનાનું આક્રંદ સાંભળીને સંસપ્તકને જીવતો છોડીને ક્રોધાયમાન બનેલો અર્જુન કુરૂક્ષેત્ર તરફ આવ્યો. અર્જુને હાથી સહિત ભગદત્ત ઉપર તીવ્ર બાણોનો પ્રહાર કર્યો. તે હાથીના મદજળને પીવાની ઈચ્છાવાળા અર્જુનના બાણ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા. ભગદત્ત પણ અર્જુનની તરફ પોતાના હાથીને લઇ જતો હતો. પોતાની તરફ આવતા ભગદત્તના હાથીને જોઇ અર્જુને બાણો વડે હાથીના બે ટુકડા કરી નાખ્યા. ત્યારબાદ પોતાની મહાવતકલા બતાવવા માટે ભગદત્તે ઉરૂના બળથી રોકીને હાથીને પડવા દીધો નહિ. હાથીને એવી રીતે જોડી દીધો કે તે હાથી અર્જુનની તરફ દોડવા લાગ્યો. ભગદત્તની કલાથી સંતોષ પામેલા દેવોએ તેની ઉપર ફુલની વૃષ્ટિ કરી. ભગદત્તની ઉપર ફુલના પડતાં પહેલાં જ અર્જુનના બાણથી ભગદત્તનું મસ્તક છેદાઈને જમીન ઉપર પડયું. હાથી સહિત ભગદત્તના મૃત્યુથી કૌરવદલમાં હાહાકાર મચી ગયો. દયાળુ દિશાઓએ જીવોના વધને રોકવા માટે સૂર્યને અસ્તાચળ ઉપર મોકલી દીધો. ત્યારબાદ બંને સેનાઓ પોતપોતાની છાવણીમાં ચાલી ગઈ. બે પ્રહરરાત્રી વીતી ગયા બાદ પાંડવોના ગુપ્તચરોએ આવી

કૌરવસેનાની બાતમી આપી કે ભગદત્તના મૃત્યુથી ક્રોધાયમાન થએલા દ્રોણાચાર્યે કાલે યુધિષ્ઠિરને પકડવા માટે ચક્રવ્યુહ રચવાનો વિચાર કર્યો છે.

ગુપ્તચરના વચનો સાંભળી પાંડવોએ ચક્રવ્યુહ તોડવાના માટે સલ્યેાની સાથે વિચાર વિનિમય કર્યો. ત્યારબાદ પરાક્રમી અર્જુન પુત્ર અભિમન્યુએ કહ્યું કે જ્યારે હું દ્વારકા હતો ત્યારે કૃષ્ણના ઘરમાં કોઈના મુખમાંથી ચક્રવ્યુહમાં પ્રવેશ કરવાની વાતો મેં સાંભળી હતી. પરંતુ તેમાંથી નીકળવાનું હું જાણતો નથી. ભીમે કહ્યું કે સપ્તકને જીતવા માટે અર્જુન જશે તો પણ અમે લોકો ચક્રવ્યુહને તોડીને નીકળી જઈશું. આ પ્રમાણે વિચાર કરીને યુદ્ધથી થાકેલા બધા પોતપોતાના નિવાસ સ્થાનમાં ચાલ્યા ગયા. સવારના યુધિષ્ઠિર તથા અભિમન્યુના રક્ષણને માટે ભીમ વિગેરેને મુકી સંપ્તકને જીતવા માટે અર્જુને પ્રસ્થાન કર્યું.

દ્રોણાચાર્યે યુદ્ધક્ષેત્રમાં આવી યુધિષ્ઠિરને પકડવા માટે સંસાર ચક્રની જેમ દુસ્તર ચક્રવ્યુહની રચના કરી. અભિમન્યુને આગળ કરી બધા પાંડવો પણ ધનુર્ધારીઓની સાથે કુરૂક્ષેત્રના મેદાનમાં આવ્યા. બન્ને સેનાઓનું તુમુલયુદ્ધ થવા લાગ્યું. ત્યારે અભિમન્યુને આગળ રાખી પાંડવોએ દ્રોણને જીતી લઇ દુર્ભેદ્ય ચક્રવ્યુહનું ભેદન કર્યું: જેમ ક્ષમાથી કષાયને રોકી શકાય છે તેવી રીતે જયદ્રથે બારે પાંડવોને રોકી રાખ્યા. એકલા અભિમન્યુએ ચક્ર–

વ્યુહમાં પ્રવેશ કર્યો. એકલા અભિમન્યુએ લાખો સૈનિકોને મારી નાખ્યા. અભિમન્યુના બાણોથી ઘણા શત્રુ સૈનિકો વ્યથા અનુભવવા લાગ્યા. શલ્ય, કૃપાચાર્ય, દ્રોણપુત્ર, કૃતવર્મા, દુર્યોધન વિગેરે વીરપુરૂષો અભિમન્યુના બાણોને સહન કરી શકયા નહિ. તેઓની ઉપર બાણ ચલાવતા અભિમન્યુએ તીવ્રબાણોથી લક્ષ્મણ વિગેરે ઘણા કુમારોને મારી નાખ્યા. ત્યારબાદ કૌરવસેનાના નાયકોએ અભિમન્યુને દુર્જય સમજીને જેમ ઘણા કુતરાઓ ભૂંડની ઉપર તૂટી પડે છે તેવી રીતે અભિમન્યુની ઉપર એક સાથે તે બધાએ બાણની વૃષ્ટિ કરી, તો પણ તેઓ અભિમન્યુને જીતી શકયા નહિ. ત્યારબાદ કર્ણે અભિમન્યુના ધનુષ્યને તોડી નાખ્યું. કૃપાચાર્યે તેના સારથિને મારી નાખ્યો. કૃતવર્માએ તેના રથને ભાંગી નાખ્યો. તો પણ અભિમન્યુ તલવાર લઈને પહેલાંની માફક યુદ્ધ કરવા લાગ્યો. પરંતુ અશ્વત્થામાએ બાણથી તેની તલવારને ભાંગી નાખી. ચક્રથી યુદ્ધ કરતા અભિમન્યુએ ગદા વડે દુઃશાસનના પુત્રનો રથ ભાંગી નાખ્યો. દુઃશાસનના પુત્ર સાથે જ્યારે અભિમન્યુ યુદ્ધ કરી રહ્યો હતો ત્યારે બધા યોદ્ધાઓ એક સાથે બાણ વરસાવી રહ્યા હતા. સૈનિકોના બાણોથી જર્જરિત શરીરવાળો અભિમન્યુ જ્યારે જમીન ઉપર ઢળી પડયો. ત્યારે નિર્લજ્જ દુઃશાસનના પુત્રે તેનું માથું તલવારથી કાપી નાખ્યું. તે વખતે આકાશમાં દેવતાઓ એક સાથે અભિમન્યુની પ્રશંસા કરવા લાગ્યા. અને કૌરવપક્ષની નિંદા કરવા લાગ્યા. તે વખતે અર્જુનપુત્ર

અભિમન્યુની શૂરવીરતાથી પ્રસન્ન થએલ સૂર્ય પુષ્પવૃષ્ટિ કરવાના માટે પુષ્પોને વીણવા માટે અસ્તાચળરૂપી વનમાં ચાલ્યો ગયો. ત્યારબાદ બન્ને પક્ષના સનિકો પોતપોતાની છાવણીમાં ચાલ્યા ગયા.

સંસપ્તકને જીતી હર્ષ પુત્રના માટે ઉત્સુક અર્જુને જ્યાં શિબિરમાં પ્રવેશ કર્યો ત્યાં બધા લોકોને શોકસાગરમાં ડુબેલા જોયા તથા અંતઃપુરમાં સ્ત્રીઓનો કરૂણ કલ્પાંત કરતો અવાજ સાંભળી, કયાંય પણ વીરોના યુદ્ધની કથા સાંભળવામાં આવતી નહોતી. ઘોડા હાથી પણ તેમની આગળ રાખવામાં આવેલા ઘાસને ખાતા નહોતા. સંસપ્તકને જીતવાનો આનંદ ઉડી ગયો તેને બદલે પુત્રવધના શોકથી અર્જુનનું ચિત્ત વ્યાકુળ બની ગયું. યુધિષ્ઠિરની પાસે જઈ અર્જુને પૂછયું ત્યારે તેઓએ ચક્રવ્યુહની તમામ હકીકત કહી સંભળાવી. ત્યારબાદ અંતઃપુરમાં જઈને અર્જુને અનેક વચનોથી સુભદ્રાને સાંત્વન આપી કહ્યું કે દેવી ! પુત્રવધુ ઉત્તરા ગર્ભવતી છે તેનો પુત્ર આપણી આંખોને આનંદ આપનારો થશે. અર્જુને પ્રતિજ્ઞા કરી કે જો કાલે સૂર્યાસ્તની પહેલાં જયદ્રથને મારૂં નહિ તો હું અગ્નિપ્રવેશ કરીને મરી જઈશ, ત્યારબાદ પુત્રનો અગ્નિ-સંસ્કાર કરી પાંડવોએ વિશ્રાંતિ લીધી.

સવારના અર્જુનની પ્રતિજ્ઞા સાંભળી દ્રોણાચાર્યે યુદ્ધભૂમિમાં આવી પ્રાણના રક્ષણને માટે શકટવ્યુહન રચના કરી. અનેક ક્ષત્રીય વીરોની વચમાં જયદ્રથને

રાખ્યો. ધનુષ્ય ટંકારોથી શત્રુઓને ક્ષોભ પમાડતા પાંડવો પણ યુદ્ધભૂમિમાં આવ્યા. પૂર્વમાંથી આવતો પવન પશ્ચિમમાં જેમ ચાલ્યો જાય છે તેવી રીતે બન્ને તરફથી છૂટતા બાણો સામસામા જવા લાગ્યા. ત્યારબાદ દ્રોણ અને અર્જુનના હાથમાંથી છૂટતા બાણો વડે બન્ને પક્ષના સૈનિકો ત્રાસી ગયા. દ્રોણાચાર્યની પ્રદક્ષિણા કરીને અર્જુને વ્યુહમાં પ્રવેશ કર્યો. જેમ પવનના પ્રચંડવેગને વૃક્ષો સહન નથી કરી શકતા તેવી રીતે અર્જુનના બાણોના પ્રચંડવેગને કૌરવપક્ષના રાજાઓ સહન ન કરી શકયા. પુત્રના શોકાગ્નિને શાંત કરવા અર્જુનના બાણોથી શત્રુઓના પ્રાણરૂપ જલને ગ્રહણ કર્યું. જેમ જેમ અર્જુન પોતાના દેવદત્તશંખને વગાડતો હતો તેમ તેમ યુધિષ્ઠિરને વિજયની આશા વધવા લાગી.

ત્યારબાદ અર્જુનના બાણોથી પિડાતી પોતાની સેનાને જોઈ સાક્ષાત્ ઉત્પાતની સમાન કુરૂરાજ દુર્યોધન યુદ્ધ કરવા માટે તૈયાર થયો. જંગલમાં ગજેન્દ્રની સાથે ગંધ હસ્તિનું યુદ્ધ થાય તેવી રીતે અર્જુન અને દુર્યોધન વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યું. દુર્યોધનનું ઉલ્લંઘન કરીને અર્જુન આગળ વધ્યો. અર્જુને કૌરવ પક્ષના મોટા મોટા યોદ્ધાનો વિનાશ કર્યો. અર્જુન દેવદત્ત શંખને વગાડતો આગળ વધતો હતો. ઘણે દૂર નીકળી જવાથી શંખનો અવાજ યુધિષ્ઠિર સાંભળી શકતા ન હોતા. તેથી યુધિષ્ઠિર ચિંતાતુર થયા. અર્જુનની ખબર લેવા માટે યુધિષ્ઠિરે

પ્રબળ પરાક્રમી સાત્યકીને મોકલ્યા. તેણે દૂરથી દ્રોણાચાર્યને નમસ્કાર કરીને સમુદ્રમાં જેમ વહાણ માર્ગ કાપે છે તેવી રીતે સાત્યકીએ વ્યુહમાં પ્રવેશ કર્યો. અનેક રાજાઓને બાણથી વધ કરતા સાત્યકીને ભૂરિશ્રવાએ રોકયો. અને બન્નેનું ભયંકર યુદ્ધ ચાલ્યું. બન્નેના રથ ભાંગી ગયા. ધનુષ્ય ભાંગી ગયા. ત્યારે બન્ને જણા તલવારથી યુદ્ધ કરવા લાગ્યા. બીજી બાજુ દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને પકડવા માટે પાંડવ સેનાનો વિનાશ કરવા માંડયો. પાંડવ સેના ભયભીત બનીને ભયંકર કોલાહલ કરવા લાગી. આ બાજુ સાત્યકીના વાળ પકડી ભૂરિશ્રવા જયાં તેનો શિરચ્છેદ કરવા જાય છે. ત્યાં કૃષ્ણે અર્જુનને કહ્યું કે અર્જુન ! અર્જુન ! તારી સામે સાત્યકી મરવાની તૈયારીમાં છે. તમે જલ્દીથી ભૂરિશ્રવાનો તલવારવાળો હાથ કાપી નાખો. કોઇપણ પ્રકારે આત્મિય જનનું રક્ષણ કરવું જ જોઇએ. બરાબર તેજ વખતે સૂર્ય અસ્તાચળે જવા માટે તૈયારી કરતો હતો. તે જોઇને પાંડવસેના દુઃખનો અનુભવ કરતી હતી. જ્યારે કૌરવસેના સૂર્યાસ્ત થવાની તૈયારી થવાથી આનંદમાં હતી. તે વખતે અર્જુનના હૈયામાં ધમશાણ મચી ગયું. કારણ કે એક સાથે તેની સામે ઘણા કાર્યો આવી પડયા હતા. અર્જુન વિચારતો હતો કે ક્ષત્રિઓને મારી આગળ વધવું અને જયદ્રથનો વધ કરવો. બીજી બાજુ સાત્યકીને બચાવવો. જ્યારે ત્રીજી બાજુ સૂર્યાસ્ત થવાની તૈયારી હોવાથી યુદ્ધબંધી થવાની રાહ કૌરવસેના જોતી હતી. શ્રીકૃષ્ણની પ્રેરણાથી અર્જુને તલવાર સહિત ભૂરિશ્રવાનો

હાથ કાપી નાખ્યેા. ભૂરિશ્રવા ક્રોધથી અર્જુનની તરફ જોતેા હતેા એટલામાં સાત્યકીએ ભૂરિશ્રવાનેા શિરચ્છેદ કર્યો.

ભૂરિશ્રવાના મૃત્યુથી અર્જુને પેાતાનેા દેવદત્ત શંખ જોરથી વગાડયેા યુધિષ્ઠિરે અર્જુનની ખબર લેવા માટે ભીમને મેાકલ્યેા. ભીમે દ્રોણાચાર્યના રથને ઉઠાવીને દૂર ફેંકી દીધેા. અને મુખ્ય દ્વારથી વ્યુહમાં પ્રવેશ કર્યો. નવીન મેઘની જેમ આવતા ભીમને જોઈ પ્રતિકુળ પવનની જેમ કર્ણે બાણેા વડે આક્રમણ કર્યું તે વખતે યુદ્ધ કરતા કર્ણ અને ભીમ સાક્ષાત્ સહ્યાદ્રિ અને વિન્ધ્યાચળ પર્વત સમાન દેખાતા હતા. ભીમે ગદાથી કર્ણના રથને તેાડી નાખ્યેા. બીજા રથ પર બેસીને કર્ણે પણ ભીમનેા રથ તેાડી નાખ્યેા. કર્ણના બાણેાથી ભીમ નિરાશ થઈ ગયેા. પરંતુ હું અર્જુનને જ મારીશ. બીજા ચાર પાંડવેાને મારીશ નહિ. એ પ્રમાણે પેાતાની પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને કર્ણે ભીમને છેાડી દીધેા. સૂર્યાસ્ત થવાની તૈયારી હતી તેજ વખતે અર્જુને જયદ્રથને જોયેા અને એક જ બાણથી જયદ્રથનેા શિરચ્છેદ કર્યો અરે! અર્જુન હજુ પણ વીર યેાદ્ધાઓનેા વિનાશ કરે છે. આ પ્રમાણે વિચાર કરી સૂર્ય અસ્તાચળે પહેાંચી ગયેા.

ચૌદમા દિવસે અર્જુન દ્વારા જયદ્રથના મૃત્યુથી લજ્જા પામેલા દ્રોણાચાર્યે રાત્રીના યુદ્ધને માટે પેાતાની સેનાને આદેશ આપ્યેા. તે વખતે તે રાત્રિ ક્ષત્રિઓને માટે સાક્ષાત્ કાલ રાત્રી દેખાવા લાગી. પરસ્પર અથડાતા શસ્ત્રોથી

અગ્નિ પ્રગટ થતાં અંધકારની સાથે વીર પુરૂષોનો પણ નાશ થવા લાગ્યો. તે વખતે સૈનિકો પોતાના સ્વામીનું નામ બોલતા હોવાથી પોતાના અને શત્રુઓના સૈનિકોની ખબર પડતી હતી. અંધકારમાં કાંઈ જ દેખાતું ન હતું. ઘણા સૈનિકો રસ્તામાં પડેલા મડદાની સાથે અથડાઈને નીચે પડી જતી વખતે પોતાની જ તલવારથી મરણને શરણ થતા હતા. હિડંબાની કુક્ષીથી ઉત્પન્ન થએલ ભીમપુત્ર ઘટોત્કચ રાક્ષસી સેના લઈને કૌરવોની સેનાને વ્યાકુળ કરવા લાગ્યો. અનેક પ્રકારે માયા યુદ્ધને રચતા ઘટોત્કચે પત્થરોના વરસાદથી રથોને ભાંગી નાખ્યા. વૃક્ષોથી હાથીઓનો નાશ કર્યો. ગદાઓ મારીને ઘણા સૈનિકોને મારી નાખ્યા. એકલા ઘટોત્કચે તે વખતે પાંડવોને આનંદ, કૌરવોને મૃત્યુની બીક તથા જોનારાઓને કૌતુકદર્શન કરાવ્યું.

કૌરવરૂપી વનને ઉખાડી નાખવા માટે જંગલી હાથી સમાન ઘટોત્કચે કર્ણને રોકયો. બન્નેનું ભયંકર યુદ્ધ જોવા માટે દેવતાઓ પણ આકાશમાં ભેગા થયા. ઘટોત્કચે પત્થરોનો મારો ચલાવ્યો. જ્યારે કર્ણે તે પત્થરોના પોતાના બાણોથી ચુરા કરી નાખ્યા. જેનાથી ઉડેલી ધૂળ દશે દિશાઓમાં ફેલાઈ ગઈ. કૌરવસેનાને મોહિત બનાવતો ઘટોત્કચ ઘડીકમાં આકાશમાં તો ઘડીકમાં રથ ઉપર ઘડીકમાં ભૂમિ ઉપરથી બાણોનો મારો કૌરવસેના ઉપર ચલાવવા લાગ્યો. કર્ણના કાલપૃષ્ઠ ધનુષ્યે જેટલા બાણો છોડયા તેનાથી હજાર ઘણા બાણોને છોડયા. ઘટોત્કચના બાણોથી

જ્યારે કર્ણના ધ્વજ, ધનુષ્ય, સારથિ, ઘોડા વિગેરે ખલાસ થઇ ગયું. ત્યારે વ્યાકુલ બનેલા કર્ણે દેવોથી અર્જુનને મારવા માટે આપવામાં આવેલી એકાઘ્નીની વિદ્યાનું સ્મરણ કરીને ઘટોત્કચને બાણ મારી મારી નાખ્યો. તે વખતે પાંડવસેના દુઃખને અનુભવતી હતી અને કૌરવસેના આનંદ પામતી હતી.

ત્યારબાદ પોતાનો અને પારકો ભેદભાવ ભૂલીને ક્રોધમાં આવેલી બન્ને સેનાઓએ તુમુલયુદ્ધ કર્યું. સનિકોની સામે સૈનિક, ઘોડેશ્વારોની સામે ઘોડેસ્વારો– હાથીઓની સામે હાથી અને રથની સામે રથ લડવા લાગ્યા. તે સમયે અરૂણોદયની સાથે સાથે દ્રોણાચાર્યનું પરાક્રમ પણ વિકસી ઉઠયું. તેણે વિરાટ તથા દ્રુપદને મારી નાખ્યા. રાત્રિ પસાર થઈ ગઈ અને સૂર્યનો ઉદય પૂર્વ દિશામાંથી થયો. તેની સાથે સાથે સેનાઓ પણ ઉત્સાહિત બની. દ્રોણાચાર્ય પોતાના ધનુષ્યમાંથી બાણ છોડીને પાંડવસેનાનો સંહાર કરી રહ્યા હતા તેટલામાં એકાએક ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યની ઉપર બાણો છોડયા. દ્રોણાચાર્યના ધનુષ્યમાંથી છૂટતા બાણોને ભાંગી નાખી કૌરવસેનાને અસ્તોવ્યસ્ત કરી નાખી. ધૃષ્ટદ્યુમ્નના પ્રભાવથી આશ્ચર્ય અનુભવતા તથા ક્રોધિત બનીને આચાર્યે મંત્ર સ્મરણ કરીને પાંડવસેના ઉપર અગ્નાસ્ત્રનો પ્રયોગ કર્યો. તે વખતે અગ્નિજ્વાળાઓથી દિશાઓ પીળારંગની બની ગઇ. પાંડવપક્ષના હાથી, ઘોડા, રથ, પાયદળ વિગેરે

બળવા લાગ્યા. તે વખતે અર્જુને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરીને અગ્નાસ્ત્રના પ્રભાવને શાંત કર્યો તે જ વખતે ભીમે માલવાધિપતિના અશ્વત્થામા નામના હાથીને મારી નાખ્યો. અશ્વત્થામા મરી ગયો. અશ્વત્થામા મરી ગયો. આ પ્રમાણે સેનાઓએ શોરબકોર કરી મૂકયો.

લોકોના વચનો સાંભળીને દ્રોણાચાર્યના મનમાં પોતાના પુત્ર અશ્વત્થામાના મૃત્યુની શંકા થઇ. અર્જુન સિવાય ભીમ તથા કૃષ્ણે તે વાતનો ખૂબ જોરથી પ્રચાર કર્યો, પરંતુ દ્રોણાચાર્યને તેમની ઉપર વિશ્વાસ આવ્યો નહિ. પરંતુ જ્યારે યુધિષ્ઠિરે પણ અસ્પષ્ટતાથી 'હાય અશ્વત્થામા મરાયો. આ પ્રમાણે કહ્યું ત્યારે દ્રોણાચાર્યને વિશ્વાસ પડયો. પુત્રના શોકમાં દ્રોણાચાર્યે શસ્ત્રોનો તરત જ ત્યાગ કર્યો. તે વખતે કૃષ્ણના કહેવાથી ધૃષ્ટદ્યુમ્ને બાણોના પ્રહારથી દ્રોણાચાર્યને રથમાંથી નીચે ફેંકી દીધા. તે વખતે અશ્વત્થામા નામનો હાથી મરાયો છે. આપનો પુત્ર મરાયો નથી. આ પ્રમાણે રાજાના કહેવાથી ક્રોધિત બનેલા દ્રોણાચાર્યે કહ્યું રાજન્! તમે વૃદ્ધ બ્રાહ્મણ ગુરૂને મારવા માટે જ આજન્મ સત્યવ્રત ગ્રહણ કર્યું છે? એટલામાં આકાશવાણી થઇ કે બ્રાહ્મણ! આપ ક્રોધ કરશો નહિ અને શમામૃત સાગરમાં સ્નાન કરો. અત્યારે આપનું આ પ્રકારનું રૌદ્રધ્યાન સારૂં નથી! ધીમન્! આપ ધર્મ ધ્યાનમાં આરૂઢ થાવ. આયુષ્યનો ક્ષય થવાની તયારી છે. આજે જ આપનું મૃત્યુ છે. સ્વર્ગલોકનું સુખ અને લક્ષ્મી

આપની પ્રતીક્ષા કરે છે. આ વચનને સાંભળી ભવદાવા-નળની ભીષણતાનું ચિંતન કરતાં રોષાદિ દોષોથી મુક્ત બનીને પંચપરમેષ્ટિ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા દ્રોણાચાર્યે વિશ્વ બંધુ સમાન અરિહંત પરમાત્માનું શરણું સ્વિકાર્યું. બ્રહ્મદ્વારથી ગુરૂનો આત્મા નીકળી બ્રહ્મલોક (સ્વર્ગ) માં ચાલ્યો ગયો. તે જ વખતે તેમના માથાના વાળ પકડીને ધૃષ્ટદ્યુમ્ને તલવારથી તેમનો શિરચ્છેદ કર્યો.

દ્રોણાચાર્યના સ્વર્ગગમન બાદ કૌરવસેના આક્રંદ કરવા લાગી. તેના પ્રતિઘોષથી જાણે કે ધનુર્વિદ્યાઓ પણ રડવા બેઠી. તે વખતે મધ્યાહ્નકાળમાં પણ કૌરવસેના માટે કાળરાત્રી સમાન અંધકાર હતો. જેમ સૂર્ય ચંદ્ર સિવાય આકાશ શૂન્ય દેખાય છે. તેવી રીતે ભીષ્મ અને દ્રોણ વિનાની કૌરવસેના શૂન્યમય દેખાવા લાગી, પાંડવ-સેના ખુશમાં હતી. દ્રોણ રૂપ શલ્યના નીકળવાથી પાંડવોના વિગ્રહ શત્રુની લક્ષ્મીને લેવા માટે પહેલાથી અધિક પ્રચંડ ઉત્સાહમાં આવી ગઈ.

એટલામાં પાંડવોની પ્રસન્નતાને દુઃખમાં પરિવર્તન કરનાર પિતાના મૃત્યુથી શોકાતુર અશ્વત્થામાએ યુદ્ધમાં પ્રવેશ કર્યો.

ત્યારબાદ આકાશને પીવાની ભાવનાવાળા દેવતા-ઓને પછાડવાની શક્તિવાળા, પૃથ્વીને કંપાવતા, સમુદ્રોને

સુકવી નાખવાની તાકાત ધરાવતા અશ્વત્થામાએ પાંડવ-સેનાને કહ્યું કે જેઓએ મારા પિતાનું મૃત્યુ નિપજાવવા માટે આ કાર્ય કર્યું છે. જેઓએ કરાવ્યું છે, જેઓએ અનુમોદન કર્યું છે, જેઓએ જોયું છે, સાંભળ્યું છે, તે બધાનો મારા ક્રોધાગ્નિમાં હોમ કરીને મારા આ બાણ પાંડવોને મારી તે યજ્ઞની પૂર્ણાહુતિ કરશે. આ પ્રમાણે પાંડવસેનાને ધમકી આપીને અશ્વત્થામાએ બાણોનો વરસાદ વરસાવ્યો. આખી યુદ્ધભૂમિમાં બાણો સિવાય કાંઈ જ દેખાતું નહોતું. જ્યારે અર્જુને તેના બાણોને પોતાના બાણ દ્વારા ભાગી નાખ્યા. ત્યારે અશ્વત્થામાએ નારાયણા-સ્ત્રનો પ્રયોગ કર્યો. તે બાણથી આકાશ તથા દિશાઓ બળવા લાગી. તે શસ્ત્રને લોકો જોઈને વિચારવા લાગ્યા કે શું ભૂમિનું ભેદન કરીને પાતાળમાંથી કાલાગ્નિ રૌદ્ર સ્વરૂપે આકાશમાં આવ્યો છે ? શું સમુદ્રના પાણીનું શોષણ કરીને વડવાનળ ઉપર આવ્યો છે ? શું પ્રલયકાળનો અગ્નિ પ્રગટ થયો છે ? શું પ્રલયકાળના સૂર્યના કિરણો બળી રહ્યા છે ? પાંડવસેનાને બાળવા માટે તે શસ્ત્ર પોતાની લીલા બતાવતું હતું. પાંડવસેના ભાગવા લાગી. ભાગતી સેનાના પગ દ્વારા ઉડતી ધૂળથી તે વખતે સૂર્ય પણ ઢંકાઈ ગયો.

કૃષ્ણે પોતાનો હાથ ઊંચો કરીને જોરથી પાંડવસેનાને સંબોધન કર્યું કે તમે લોકો શસ્ત્રોને છોડી દો. રથમાંથી નીચે ઉતરી જાવ અને ભક્તિભાવથી તે શસ્ત્રને નમસ્કાર

કરો જેથી કરીને તે શસ્ત્ર શાંત થઈ જશે. કૃષ્ણના વચનોને સાંભળી બધા સૈનિકોએ પોતાના શસ્ત્રો વિગેરે છોડીને મસ્તક નમાવી તે શસ્ત્રને નમસ્કાર કર્યો. પરંતુ અભિમાની ભીમે કોઇપણ પ્રકારે શસ્ત્રાસ્ત્રનો ત્યાગ કર્યો નહિ. અને કહ્યું કે હું જગતને તરણા સમાન માનું છું. સૂર્યચંદ્રને પણ પીગાળી શકું છું. અગાધ સમુદ્રને પણ સુકવી નાખવાની શક્તિ મારામાં છે. પર્વતોને પણ હલાવી શકું છું. તો પછી હું આ શસ્ત્રને શા માટે નમસ્કાર કરૂં ? તે નારાયણાસ્ત્રે સેનાને છોડી દઈ, ભીમને બાળી નાખવા માટેની ઇચ્છા કરી એટલામાં કૃષ્ણ અને અર્જુને દોડી ભીમને રથમાંથી ઉતારીને ઢાંકી દીધો. (સંતાડી દીધો) અને બધા શસ્ત્રોનો ત્યાગ કરાવ્યો. બધા સૈનિકો આનંદમાં આવી ગયા. તે શસ્ત્ર પણ શાંત થઇ ગયું. અશ્વત્થામા ક્રોધથી બળવા લાગ્યો અને તેણે અગ્નાસ્ત્રનો પ્રયોગ કર્યો. અર્જુને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરીને તેની શક્તિ નકામી બનાવી દીધી. એટલે અશ્વત્થામા અધિક ક્રોધાયમાન બન્યો ત્યારે આકાશમાંથી દેવવાણી થઈ કે હે દ્વિજોત્તમ ! તમે ક્રોધથી કેમ અંધ બનો છો ? કૃષ્ણ અને અર્જુનને જીતવામાં દેવતાઓ પણ સમર્થ નથી. કારણકે, તેઓએ પૂર્વભવમાં તીવ્ર તપ કરેલ છે કે જેના પ્રભાવથી એ બંને જગતને જીતવાવાળા છે. તે દેવતાના વચનોને શ્રવણ કરી કાપેલી સુંઢના હાથીની જેમ અશ્વત્થામા શાંત થયો. ત્યારબાદ અશ્વત્થામાની ખિન્નતાથી ખિન્ન બનીને સૂર્ય અસ્તાચળે ચાલ્યો ગયો. ત્યારબાદ

બાર પ્રહરના ભયંકર યુદ્ધથી થાકેલી બન્ને સેનાઓ પોતપોતાની છાવણીમાં ચાલી ગઈ.

દ્રોણાચાર્યનું સ્વર્ગગમન થવાથી કૌરવેન્દ્ર દુર્યોધને આશાવૃક્ષરૂપી કર્ણને સેનાપતિ બનાવ્યો. દુર્યોધને તેનો અભિષેક કર્યો. જેનાથી કર્ણ પ્રભાવશાળી–તેજસ્વી લાગતો હતો. યુદ્ધના માટે પ્રસ્થાન કરતા વીરમુકુટ કર્ણે યાચકોની ઇચ્છા મુજબ દાન આપ્યું. કર્ણના આપેલા દાનથી યાચકો સંપત્તિવાળા બની ગયા. કર્ણને દાન આપતો જોઈ શત્રુઓ આશ્ચર્યમાં પડયા. કર્ણને આગળ કરી દુર્યોધનની સેના કુરૂક્ષેત્રના મેદાનમાં આવી. પાંડવો પોતાના સૈનિકો તથા મસ્તકાલંકાર સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન સહિત યુદ્ધમાં આવી પહોંચ્યા.

બન્ને સેનાઓમાં યુદ્ધના વાજાં વાગવા લાગ્યા, પૂર્વપશ્ચિમના પવનથી પ્રેરિત સમુદ્રના મોજાઓની સમાન બન્ને પક્ષોના સનિકો એકબીજાના સૈન્યોમાં પેસીને ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. ચારે તરફ વીરોના હાથમાં તલવારો ચમકવા લાગી. થોડા વીરપુરૂષોની ઉપર અપ્સરાઓએ પુષ્પવૃષ્ટિ કરી. તલવારના ઘાથી હાથીઓના કુંભસ્થળના ઉપરથી ઉછળતા મોતીઓને ગ્રહણ કરવા માટે વિદ્યાધરસ્ત્રીઓ આકાશમાં તૈયાર થઈને ઉભી હતી.

બાણો વડે પાંડવોની સેનાનો વિનાશ કરતા સાક્ષાત્ ધનુર્વેદ સમાન કર્ણે યુદ્ધ કર્યું. કર્ણ શત્રુઓનો વિનાશ

કરી રહ્યો હતો એટલામાં પ્રલયકાળના મેઘસમાન વજ્રની જેમ બીજી બાજુથી દુઃશાસન પણ આવી ગયો. ઐરાવણ હાથી જેવી રીતે માનસરોવરના પાણીને ખરાબ કરી નાખે છે તેવી રીતે મદોદ્ધત દુઃશાસન પાંડવસેનાને મારવા લાગ્યો. દુઃશાસનના બાણોથી શૂરવીરતા અને બાણ એવી રીતે નબળા બની ગયા કે ફરીથી યુદ્ધમાં તેઓના ધનુષ્યની સાથે મેળાપ ન થઈ શકે. આશ્ચર્યની વાત તો એ બની કે શત્રુઓને મારનાર વીરપુરૂષોને પણ તેનાં બાણનો ભય લાગવા માંડયો. એક જ ક્ષણમાં ઝેરના વેગને જેમ જાંગુલીક વિદ્યા રોકે છે તેવી રીતે ભીમે દુઃશાસનને આગળ વધતો રોકયો. ત્યારબાદ ભીમ અને દુઃશાસનનું એટલું બધું ભયંકર યુદ્ધ થયું કે તે બંનેના ધનુષ્ય ટંકારના અવાજમાં સૈનિકોના અવાજ પણ સંભળાતા નહોતા. તે બન્નેનું યુદ્ધ જોઈને યુધિષ્ઠિર અને દુર્યોધન પણ ચિંતા કરવા લાગ્યા. એટલામાં એકા-એક દ્રૌપદીના વાળ ખેંચવાનો પ્રસંગ યાદ આવ્યો. અને ક્રોધાયમાન થએલા ભીમે બાણથી સારથિને મારી નાખ્યો. તેના મનોરથોની સાથે સાથે તેના રથને પણ તોડી નાખ્યો. દુઃશાસનની ઉપર તલવારના ઘા કરીને રથમાંથી નીચે ફેંકયો. તેનો હાથ પકડીને ભીમે કહ્યું કે કર્મચંડાલ ! મલિનાશય ! દુષ્ટ ! કૌરવકુળ કલંક ! રજસ્વલા દ્રૌપદીના વાળને ખેંચવાવાળો તારો હાથ કયો હતો ? આ પ્રમાણે કહીને ભીમે દુઃશાસનનો હાથ જોરથી ખેંચીને શરીરથી છૂટો પાડી નાખ્યો. શરીરમાંથી નીકળતા લોહીથી ભીમનું

શરીર રક્તચંદનનો લેપ કર્યો હોય તેવું દેખાતું હતું. તે વખતે ભીમનું વિકરાળ સ્વરૂપ જોઈને કૌરવસેના ભાગવા લાગી. દુઃશાસનની સ્થિતિ જોઈને દુઃખી બનેલો સૂર્ય લોકાન્તરમાં ચાલ્યો ગયો. બન્ને સેનાઓ પણ પોતપોતાની શિબિરમાં ચાલી ગઇ.

દુઃશાસનનો વધ કરીને તેના હાથને ઉખાડી નાખી પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી અત્યંત ખુશ થએલા ભીમને દૂરથી દ્રૌપદીએ પોતાની બંને આંખોથી જોયો. ભીમે દ્રૌપદી પાસે આવીને તેના માથાના વાળ ઉપર સ્પર્શ કરીને આનંદપૂર્વક દુઃશાસન વધનો વૃત્તાંત કહી સંભળાવ્યો. ભીમના મુખથી તે વૃત્તાંત સાંભળીને દ્રૌપદી અત્યંત આનંદિત બની.

કર્ણે રાત્રિના વિષે છાવણીમાં નાનાભાઈ દુઃશાસનના મૃત્યુથી દુઃખિત દુર્યોધનની પાસે આવી કહ્યું કે રાજન્! એકલા અર્જુનને મારવામાં આવે તો પાંડવપક્ષ મૃતપ્રાયઃ બની જશે. તે અર્જુનને હું મારા બાણની પ્રથમ આહુતિ બનાવીશ, પરંતુ અર્જુનના સારથિની જેમ મારે સારથિ નથી. માટે આપ ઈન્દ્રના સારથિની જેમ શલ્યને મારા સારથિ બનાવો તો હું કાલે જ અર્જુનને મારી તમારો ભ્રાતૃશોક મટાડી આપું. દુર્યોધને આદરભાવથી મદ્રેન્દ્રશલ્ય રાજાને બોલાવી હાથ જોડીને કર્ણના સારથિ બનવા માટે પ્રાર્થના કરી. શલ્યરાજાએ કહ્યું રાજન્! તમે આવું અનુચિત કેમ બોલી રહ્યા છો! ક્યાં હું ક્ષત્રિયકુળનો

અને કયાં તે સારથિકુળનો ? હું તેનો સારથિ બનીને લોકોમાં કલંકિત બનવાની ઇચ્છા રાખતો નથી. તેના સારથિ બનવામાં શું મને શરમ નહિ આવે ? તો પણ ફરીથી દુર્યોધને કહ્યું કે મદ્રેશ ! આપ આવું બોલશો નહિ. આપત્તિના સમયમાં મિત્રના વચનમાં ઉચિતાનુચિતનો વિચાર નહિ કરવો જોઈએ. ધીર લોકો મિત્રને માટે અકાર્ય કરવા પણ તૈયાર થાય છે. મિત્ર કાર્યની ફરજ અને વિચાર તે બન્ને વિરૂદ્ધ વાતો છે. આ યુદ્ધમાં જો તમે મારો વિજય ઇચ્છતા હો તો આપ યુદ્ધમાં કર્ણના સારથિ બનો. દુર્યોધનના કહેવાથી તથા નકુલ સહદેવની સાથેના વચનબંધની સ્મૃતિથી શલ્યરાજાએ કહ્યું કે યુદ્ધમાં મારી ઇચ્છાથી હું જે કાંઈ બોલું તે સહન કરવા કર્ણ તૈયાર થાય તો જ હું સારથિ બનવા તયાર છું. દુર્યોધનના કહેવાથી કર્ણે શલ્યરાજાની વાતનો સ્વિકાર કર્યો. અને કર્ણે તે જ વખતે પ્રતિજ્ઞા કરી કે આવતીકાલે હું અર્જુનને ન મારૂં તો મારે અગ્નિપ્રવેશ કરીને મરણને શરણ થવું.

અંધકારની સેનાનો વિનાશ કરતો સૂર્ય પૂર્વ દિશામાંથી પોતાના તેજસ્વી કિરણોનો પ્રકાશ ભૂમંડળ ઉપર નાખતો અભિમાનથી આગળ વધવાની તયારી કરતો હતો. શલ્ય સારથિ વડે તેજસ્વી દેખાતા કર્ણને આગળ રાખી કૌરવસેના યુદ્ધના મેદાનમાં આવી ગઈ. અનેક વીરોથી સુસજ્જિત પાંડવોની સેના પણ યુદ્ધભૂમિ ઉપર આવી ગઈ.

બન્ને સેનાઓમાં ભયંકર યુદ્ધની શરૂઆત થઈ. જેમ મનુષ્યમાંથી બાણ છૂટતા ગયા તેમ વીરપુરૂષોના પ્રાણ નીકળતા ગયા. કોઇકે પોતાની તલવારથી હાથીઓના દાંત કાપી નાખ્યા. અને તલવારના તૂટવાથી તે હાથીદાંતને શસ્ત્ર બનાવી લડવા લાગ્યા. કેટલાક સૈનિકો પ્રહારથી મુર્ચ્છિત બનીને જમીન ઉપર પડયા પડયા પીડાથી હુંકાર કરતા હતા.

અર્જુન કયાં છે? અર્જુન કયાં છે? આ પ્રમાણે જોરથી બોલતા કર્ણને ધીરતા પૂર્વક શલ્ય રાજાએ કહ્યું કે કોઇથી પણ ન જીતી શકાય તેવા અજય યોદ્ધા અર્જુનને જીતવાની અને મારવાની તેં પ્રતિજ્ઞા કરી છે તેથી મને એમ લાગે છે કે તારા માથામાં કાન નથી. હૃદયમાં વિવેક નથી. આત્મામાં ચૈતન્ય નથી. તને ખબર નહિ હોય કે વિરાટનગરમાં તથા ગંધર્વોની સામે મેં તારા પરાક્રમને જોએલું છે. દુર્યોધનને બંધનાવસ્થામાં નાખવા વિદ્યાધર પણ આ યુદ્ધમાં હાજર છે. તો પણ અર્જુનને બોલાવવામાં તને લજ્જા આવતી નથી ! અરે તારૂં મૃત્યુ નજીક આવ્યું લાગે છે. એટલે તારી બુદ્ધિ પણ બગડી ગઈ છે.

શલ્યના વચનો સાંભળી ક્રોધથી શરીરને ધ્રુજાવતા કર્ણે કહ્યું કે મ્લેચ્છવૃત્તિ મદ્રોને અનુરૂપ તમારા વચનો છે. પરંતુ મારી સામે અર્જુન હમણાં આવે તો હું મારો ચમત્કાર તને બતાવું. શલ્યે કહ્યું કે કર્ણ ! જ્યાં સુધી

અર્જુન તારો શિરચ્છેદ ના કરે ત્યાં સુધી તારી સામે જરા દૂર રથારૂઢ સેનાઓનો સંહાર કરતા અર્જુનને આવતો તું જોઈ શકે છે. આ પ્રમાણે અપમાનજનક મદ્રપતિ શલ્યના વચનો સાંભળી ક્રોધથી મલિનચિત્તવાળો કર્ણ ઘણા સમય સુધી મૌન રહ્યો.

ત્યારબાદ બાણોનો વરસાદ વરસાવતો કર્ણ ભૂમંડળને સળગાવવા માટે કલ્પાંત કાળના સૂર્યની જેમ અર્જુન તરફ પોતાના રથમાં આગળ વધ્યો. વરસાદના સમયમાં સરિતાના વેગથી જેમ વૃક્ષોનો ઘાણ નીકળી જાય છે તેમ કર્ણના આવેશથી છૂટતા બાણોમાં પાંડવ પક્ષના અનેક શૂરવીરો વીંધાઈને મરણને શરણ થયા. કર્ણને આવતો જોઈને યુધિષ્ઠિર દોડ્યો. તે વખતે તે બન્નેનું ભયંકર યુદ્ધ આકાશમાં રહેલી વિદ્યાધરીઓને ખૂબ જ આનંદદાયક બન્યું. તે બન્નેની વચમાં ભાંગેલાં બાણોનો ઢગલો પર્વત સમાન શોભતો હતો. વળી તે બન્ને એક બીજાને જોઈ પણ શકતા ન હોતા. પરંતુ ક્રોધમાં આવીને કર્ણે તીવ્રતાથી બાણો ચલાવીને યુધિષ્ઠિરને ભયંકર રીતે ઘાયલ કર્યા કે તેઓ પોતાના હાથમાં ધનુષ ધારણ પણ કરી શકતા ન હોતા. પરંતુ તેમનું શરીર લોહીથી કેશુડાના ફુલથી લચી પડેલા વૃક્ષની જેમ શોભતું હતું.

કર્ણે કરેલી યુધિષ્ઠિરની દુર્દશા જોઈને ક્રોધમાં આવેલ કૃષ્ણે અર્જુનને કઠોર શબ્દોમાં કહ્યું કે તમારી ધનુર્વિદ્યાને, ભૂજાઓની પ્રચંડતાને, શૂરવીરતા અને તમારા

પુરૂષાર્થને ધિક્કાર છે કે તમારી સામે કર્ણે તમારા મોટાભાઇ યુધિષ્ઠિરને મૃત્યુ સમીપ લાવીને મૂકી દીધા છે. પોતાની ધનુર્વિદ્યા તમને આપીને આજે દ્રોણગુરૂ પણ ઇન્દ્રની સભામાં લજ્જાળુ બન્યા હશે. એક સો પાંચ પૌત્રોમાં સહુથી વધારે તમારી ઉપર પ્રેમ રાખતા ભીષ્મપિતામહ સંયમ અવસ્થામાં પણ આજે શરમ અનુભવતા હશે. કુન્તીએ તમારી જગાએ પુત્રીને જન્મ આપ્યો હોત તો તેનો પતિ પણ આજે યુધિષ્ઠિરને જરૂર બચાવી લેત. આ પ્રમાણે કૃષ્ણના કઠોર શબ્દોથી સાક્ષાત્ ક્રોધસમાન અર્જુન કર્ણની તરફ દોડયો. દોડતા અર્જુનને કર્ણ પુત્ર વૃષસેને રોકયો. પરંતુ અભિમન્યુ વધનું સ્મરણ કરીને અત્યંત ક્રોધાગ્નિને પ્રદીપ્ત કરતા અર્જુને ઘાસના પર્વતની જેમ તેને મારી નાખ્યો. પુત્રના મૃત્યુથી શોકાતુર કર્ણ યુધિષ્ઠિરને છોડી અર્જુનની તરફ દોડયો. તેને સામે આવતો જોઈ કૃષ્ણે અર્જુનને કહ્યું. સાક્ષાત્ વીરરસને છલકાવતો શલ્ય રાજાને સારથિ બનાવી કર્ણ આવી રહ્યો છે. ઘણા દિવસથી રહેલો શંસય આજે દૂર થઈ જશે.

આ પ્રમાણે કહીને કૃષ્ણે પોતાના રથને કર્ણના રથની સામે પહોંચાડયો. રોષથી લાલ વર્ણવાળા અર્જુન અને કર્ણ પ્રાતઃકાળના સૂર્ય ચંદ્રની જેમ દેખાવા લાગ્યા. તે ચખતે તેમના રથના પૈડાની ઘુઘરીઓનો અવાજ બન્ને વચ્ચે થનાર યુદ્ધને આમંત્રણ આપી રહ્યો હતો. અતિ ઉત્સાહમાં આવેલા બન્ને જણાઓના કવચ તૂટવા લાગ્યા.

ક્રોધથી લાલ લાલ આંખોવાળા કર્ણે અર્જુનને કહ્યું કે અર્જુન! મોડું ન કર. જલ્દીથી આગળ વધ. વીર પુરૂષો તથા કવિઓનો પદક્રમ તો મહાન અને મોટો હોય છે. ઓજસ્વી હોય છે. જગતમાં અદ્વિતીય પરાક્રમી માનવાવાળા તને હું આજે મારા પરાક્રમનો પરિચય કરાવું છું. માટે જો તારામાં શક્તિ હોય તો મારી સામે લડવા માટે આવીજા. આજે મારા પ્રતાપરૂપ પ્રલયકાળનો સૂર્ય તારા ભુજબળ સાગરનું પાન કરી પાંડુરાજાના કુળને બાળવા માટે ઈચ્છા રાખે છે. આજે હું પાંડવોનો સંહાર કરી દુર્યોધનના સામ્રાજ્યને નિષ્કંટક બનાવીશ.

અહંકાર ગર્ભિત કર્ણના વચનો સાંભળી ધીરતાથી અર્જુને કહ્યું કે રાધેય! તારા જેવો પરાક્રમી જગતમાં તો કોઇ નથી. તારા જેવો તેજસ્વી જગતમાં સૂર્ય સિવાય કોઈ નથી. પરંતુ સજ્જન પુરૂષો પોતાના મુખથી પોતાની પ્રશંસા કરતા નથી. જેમ અંધકારનો નાશ તો સૂર્યોદય બતાવી આપે છે. તેમ સજ્જન પુરૂષોએ કરેલા કાર્યથી જ તેની પ્રશંસા થાય છે. શબ્દોથી બોલવામાં શૂરવીરો ઘણા હોય છે. પરંતુ આચરણમાં શૂરવીરો જવલ્લેજ હોય છે.

અર્જુનના આ પ્રકારના બોલવાથી કર્ણે કાલપૃષ્ટ ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું. અર્જુને પણ પોતાના ગાંડીવ ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું. બન્ને વીરો બાણની વર્ષા કરવા લાગ્યા. બન્નેના ધનુષ્ય ટંકારના અવાજથી દેવતાઓને કર્ણાર્જુન યુદ્ધ જોવા માટે આમંત્રણ મળ્યું. કર્ણના

બાણોથી અર્જુનનો રથ ઘોડા સારથિ ધ્વજ વિગેરે ઢંકાઈ ગયા. પરંતુ સૂર્યના કિરણો અંધકારનો નાશ કરે છે તેવી રીતે અર્જુનના બાણોથી કર્ણના બાણોનો વિનાશ થવા લાગ્યો. કર્ણે અર્જુનની ઉપર નાગાસ્ત્ર બાણોનો પ્રયોગ કર્યો પરંતુ અર્જુને તરત જ ગરૂડાસ્ત્રનો પ્રયોગ કરીને કર્ણના પ્રયોગને નિષ્ફળ બનાવ્યો.

કર્ણનું નાગાસ્ત્ર જ્યારે નિષ્ફળ બન્યું ત્યારે તે ખૂબ જ ચિંતાતુર બન્યો કેમકે એકાઘ્ની અસ્ત્રનો પ્રયોગ તો તેણે ઘટોત્કચને મારવા માટે કર્યો હતો. કર્ણે મનમાં જ પોતાના મૃત્યુનો તથા દુર્યોધનના રાજ્યના નાશનો નિશ્ચય કરી લીધો.

પોતે મૃત્યુ સમીપ ઉભો છે તેમ માનીને જ કર્ણ યુદ્ધ કરવા લાગ્યો. તે વખતે બંને વીરો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. બંનેના બાણોના પ્રહારથી બન્ને પક્ષના હાથી, ઘોડા, રથ, પાયદળ તથા મહાન યોદ્ધાઓ ભાગવા લાગ્યા. કૃષ્ણ અને શલ્યે પોતાની સારથિકલાથી ઘણા પ્રયત્નો દ્વારા પોતપોતાના રથોને સ્થિર રાખ્યા. તે વખતે જંગલમાં લડતા મદઝરતા બે હાથીઓની જેમ તે બન્ને શોભવા લાગ્યા.

એટલામાં એકાએક કર્ણના રથના પૈડા જમીનમાં અર્ધા સુધી પેસી ગયા. કલાકુશળ શલ્યરાજાએ ઘોડાઓને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું. પરંતુ ઘોડા રથને ખેંચીને બહાર

લાવવામાં નિષ્ફળ બની ગયા. કર્ણનો ચહેરો ખિન્ન થઈ ગયો અને પોતે જ રથમાંથી નીચે ઉતરીને ખેંચવા લાગ્યો પણ રથ જમીનમાંથી બહાર નીકળ્યો નહિ.

ભયંકર બાણ વૃષ્ટિ કરતા અર્જુનને દીનતાપૂર્વક કર્ણે કહ્યું કે અર્જુન ! ક્ષત્રિઓએ નિષેધ કરેલા કાર્ય તું કરીશ નહિ. યુદ્ધ નહિ કરનારની ઉપર સાચો ક્ષત્રિય પ્રહાર કરતો નથી અથવા જો તું ક્ષાત્રધર્મનો ત્યાગ કરીશ તો બિચારો ક્ષાત્રધર્મ રહેશે કયાં ? હું મારા રથને જમીનમાંથી બહાર કાઢું ત્યાં સુધી તું બે ઘડી માટે બાણવર્ષા કરીશ નહિ.

દીનતાપૂર્વક બોલતા કર્ણને શલ્યે કહ્યું કે સુથારના કુળમાં જન્મ લેનારને માટે આવી વાત કલંકરૂપ નથી. ક્ષત્રીય તો પ્રાણાન્તે પણ શત્રુઓની સામે આ પ્રમાણે આજીજી કરતા નથી. શીઆળવાને સિંહનું સ્થાન આપીને દુર્યોધને મૂર્ખતા બતાવી છે. તમે દુર્યોધનના મિત્ર બનવાને માટે યોગ્ય નથી. કારણ કે તે સ્વમાની કદાપિ કાળે આવા શબ્દો બોલે જ નહી. આ પ્રમાણે શલ્યની કડવી માર્મિકવાણીથી નિસ્તેજ બનેલા કર્ણને કૃષ્ણે કહ્યું કે કર્ણ ! તારા જેવો ધર્મના રહસ્યને જાણવાવાળો બીજો કોઇ જ નથી. પરંતુ અભિમન્યુ વધના સમયે આ ધર્મ-શીલતા કયાં ચાલી ગઇ હતી ? કે તે વખતે બધાએ મળીને એક અભિમન્યુને માર્યો. દુઃખના સમયમાં ધર્મનું સ્મરણ કરવું અને બીજાના વખતે ધર્મને ભુલી જવો

એ તો નીચ પુરૂષોનું કામ છે. આ પ્રમાણે કર્ણને શબ્દ બાણ મારતા કૃષ્ણે અર્જુનને કહ્યું કે અર્જુન! પુત્ર દ્રોહી આ દુષ્ટના પ્રત્યે દયા શા માટે! જંગલમાં ફરતા સિંહને મારી શકાય છે. પરંતુ યુદ્ધમાં ગયા પછી સિંહને મારવો મુશ્કેલ છે. તેવી રીતે તું કર્ણને હમણાં જ મારી નાખ. નહિતર રથારૂઢ થયા પછી તેને મારવો મુશ્કેલ છે. આ કાર્ય ક્ષત્રિયોના માટે અનુચિત નથી કેમકે બળવાન શત્રુઓનો વિનાશ કોઇપણ પ્રકારે કરવો તે યોગ્ય જ છે. આ પ્રમાણે કૃષ્ણના શબ્દો સાંભળી ધનુષ્ય ધારણ કરીને ક્ષુરપ્ર બાણથી કર્ણનો શિરચ્છેદ કર્યો.

કુંડળની જ્યોતિથી ચમકતું કર્ણનું મસ્તક પૃથ્વી ઉપર પડયું તે વખતે પાંડવસેનામાં આનંદરૂપી ચંદ્રમા અત્યંત પ્રકાશિત થયો. અને કૌરવરૂપી કમળવનમાં એકદમ મલિનતા આવી ગઈ. સંધ્યા થવાથી બન્ને સેનાઓ પોતપોતાની છાવણીમાં ચાલી ગઈ. જમીન ઉપર પડેલા કર્ણના કાનના કુંડળોને ભીમે લઈ લીધા. આનંદિત પાંડવો પણ પોતાના સ્થાનમાં આવ્યા.

તે કુંડલો વડે માતાના ચરણોની પૂજા કરી. કર્ણ વધથી પ્રસન્ન થયેલા પાંડવોએ માતાને પ્રણામ કર્યા. તે કુંડળોને ઓળખી કુંતીની આંખમાંથી આંસુઓ નીકળી પડયા. આશ્ચર્ય અનુભવતા યુધિષ્ઠિરે પૂછયું કે માતા! આનંદના સમયે શોક શા માટે? આજે તો અર્જુને

કર્ણનો વધ કર્યો છે તેથી તમારા પુત્રોને માટે જયલક્ષ્મી સુલભ બની ગઈ છે. તો પછી તમે શા માટે રડો છો ?

ત્યારબાદ અત્યંત દુઃખને અનુભવતા કુંતીએ કહ્યું કે હું કમનશિબ તમને શું કહું ? પાંડુરાજાના પ્રથમ તેજનો અંકુર હતો. એ તમારો સહોદરભાઈ હતો પરંતુ કારણવશાત્ જન્મ થતાની સાથે જ કુંડલો સહિત મેં તેનો ત્યાગ કર્યો હતો. ત્યારે પુત્રોએ પૂછયું કે તેનો ત્યાગ શા માટે કર્યો ? ત્યારે તેણી સ્ત્રી સ્વભાવથી લજ્જિત બનીને શાંત બેસી રહી ત્યારે કર્ણના ત્યાગની વાત કૃષ્ણે તેમના કાનમાં કહી સંભળાવી. તે લોકોએ કૃષ્ણને કહ્યું કે જ્યારે તમને આ વાતની ખબર હતી તો પછી અમારા હાથે ભાઇની હત્યા શા માટે કરાવી ? આ પાપથી અમે કેવી રીતે છુટીશું ? કૃષ્ણે કહ્યું કે તેમાં તમારો દોષ નથી. કેમકે મારવાની ઇચ્છાવાળાને મારવો તે ધર્મ છે. બીજીવાત તો એ છે કે જ્યારે હું દૂત બનીને હસ્તિનાપુર ગયો હતો ત્યારે મેં કર્ણને એ વાત કરી હતી. કે તું તારા સહોદરભાઈ પાંડવોને છોડી દુર્યોધનનો પક્ષ શા માટે કરી રહ્યો છે ત્યારે કર્ણે મને કહ્યું કે દુર્યોધનની તાકાતથી હું કર્ણ તરીકે પ્રખ્યાત થયો છું. તે દુર્યોધનને હું કેમ છોડું ? માટે હું દુર્યોધનને માટે મારા પ્રાણ સમર્પણ કરીશ અને અર્જુન સિવાય હું પાંડવોમાંથી કોઇને મારીશ નહિ. આ પ્રમાણે અર્જુન તરફ શત્રુતા કર્ણ રાખતો હતો. એટલે મેં તમને વાત કરી ન હતી.

માનો કે કર્ણે અર્જુનને માર્યો હોત તો શું થાત ! કૃષ્ણના વચનો સાંભળી પાંડવોએ કર્ણને ઉદ્દેશી પિંડા-દિદાન કર્યું.

જ્યારે પાંડવો સ્વસ્થ બન્યા ત્યારે તેઓએ દિવ્ય સ્વરૂપ સર્પોને જોયા. તે સર્પોએ કહ્યું કે અમે પન્નગેન્દ્ર સરોવરમાં તમને પીડા આપવાવાળા સર્પો છીએ. અમે લોકોએ યુદ્ધમાં કર્ણના રથને જમીનમાં ઉતારી નાખ્યો હતો. તમે કાલે જ યુદ્ધસાગરથી પાર ઉતરી જશો. હવે આપ અમને આજ્ઞા આપો કે જેમાંથી પન્નગેશ્વરના અમો દર્શન કરીએ. યુધિષ્ઠિર વિગેરે પાંડવોએ આદરપૂર્વક તેમને વિદાય કર્યા.

દુર્યોધન કર્ણના મૃત્યુથી શોકસાગરમાં ડુબી ગયો. શિબિરમાં જઇને મુખ નીચું કરીને પલંગ ઉપર પડયો. મૂર્ચ્છિત નિષ્પ્રાણની જેમ તે કાંઈ જ સાંભળતો નહોતો. અને કાંઈ જાણતો પણ નહોતો તેમજ બોલતો પણ નહોતો. રાહુની સાથે સૂર્યનું ગ્રહણ થાય છે ત્યારે ભૂમંડળ પર અંધકાર છવાઇ જાય છે. તેવી રીતે દુર્યોધન શોકસાગરમાં ડુબી જવાથી તેની સેના પણ ચિંતાતુર બની ગઇ હતી. છાતી કૂટતો જોર જોરથી દુર્યોધન રોવા લાગ્યો હે કર્ણ ! હે કર્ણ ! કહીને વિલાપ કરવા લાગ્યો. ત્યારબાદ તે રડતો બંધ થઈ ગયો. એટલામાં અશ્વત્થામાએ આવી દુર્યોધનને ખૂબ આશ્વાસન આપીને કહ્યું કે આપ શલ્યરાજાને સેનાપતિ બનાવી પાંડવો સાથે યુદ્ધ કરો.

અવશ્ય જયલક્ષ્મી તમને વરમાળા પહેરાવશે. અશ્વત્થામાના વચનોથી શોકને છોડી વિજયની ઇચ્છાથી શલ્યને સેનાપતિ બનાવ્યો. હંમેશાં આશા બળવાન હોય છે.

ત્યારબાદ કૃતવર્મા, કૃપાચાર્ય, અશ્વત્થામા, શકુની વિગેરેની સાથે શલ્યરાજાને આગળ કરી પ્રાતઃકાળમાં દુર્યોધન મેદાનમાં આવ્યો. વિજયની ઇચ્છાથી મહાબાહુ યુધિષ્ઠિર પણ યુદ્ધક્ષેત્રમાં આવ્યા. તે વખતે માથા વગરના ધડના નૃત્ય વડે ભયંકર યુદ્ધ થયું. નશ્વર એવા શરીરથી મેં ઉજ્વળ યશ પ્રાપ્ત કર્યો છે. આ પ્રમાણે વિચારીને ધડ તલવાર લઈને નાચતા હતા. નકુલે બાણોથી કૌરવ-સેનાને વ્યાકુળ બનાવી દીધી, નકુલના બાણોએ શત્રુસેનાના સૈનિકોના હૃદયમાં પેસીને શત્રુઓના મુખ મલીન બનાવી દીધા. નકુળના બાણોથી આકુળવ્યાકુળ બનેલી કૌરવસેનાને જોઈ ક્રોધિત બનેલા શલ્યરાજા નકુલની તરફ દોડ્યા. અને તેમણે પોતાના બાણોથી પાંડવસેનાને જર્જરિત બનાવી દીધી. જેથી પાંડવસેના યુદ્ધ છોડીને ભાગવા લાગી.

પાંડવસેનાને ભાગતી જોઈ કૃષ્ણે યુધિષ્ઠિરને હાક મારી અને કહ્યું કે શત્રુથી મરાતી સેનાની ઉપેક્ષા કેમ કરો છો ? સુદેષ્ણાની સામે શલ્યરાજાને મારવાની પ્રતિજ્ઞા કેમ ભૂલો છો ? તમારી પ્રતિજ્ઞા પુરી કરવાને માટે તો અર્જુન શલ્યરાજાની ઉપેક્ષા કરે છે. તમે જલ્દીથી ઉત્સાહમાં આવી શલ્ય રાજાને યમરાજના ઘરનો અતિથિ બનાવો.

કૃષ્ણના વચન શ્રવણ કરી ક્રોધાવેશમાં આવેલા યુધિષ્ઠિરે મધ્યાહ્ન પહેલાં શલ્ય રાજાને મારવાની પ્રતિજ્ઞા કરી, યુધિષ્ઠિરે પોતાના બાહુબળથી શલ્યને આગળ વધતો અટકાવ્યો. શલ્ય રાજાની મદદમાં આવતા બીજા રાજાઓને અર્જુન વિગેરે યોદ્ધાઓએ મારી નાખ્યા. યુધિષ્ઠિરે મધ્યાહ્નની પહેલાં અમોઘ શક્તિથી શલ્યનો વધ કરીને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. ભીમ વગેરેએ ક્રોધાવેશમાં આવીને બીજા ઘણા રાજાઓને મારી નાંખ્યા. તે વખતે લોહીની નદી વહેવા લાગી.

ત્યારબાદ શકુની સહિત બધા રાજાઓને સાથે લઈને દુર્યોધન યુદ્ધ કરવા તૈયાર થયો. પાંડવસેના દુર્યોધનના વેગને સહન કરી શકી નહીં. બંને સેનાઓમાં ભયંકર યુદ્ધ થવા લાગ્યું.

તે વખતે કૌરવેન્દ્રના કપટનાટકના સૂત્રધાર શકુનીએ સહદેવને ઘેરી લીધો. અને તેની ઉપર ચારે તરફથી બાણ વર્ષા ચલાવી. તેજસ્વી સહદેવે પોતાના બાણોથી તેના તમામ બાણો ભાંગી નાંખ્યા. જુગારમાં રમતી વખતે કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને સહદેવે ક્ષુરપ્ર બાણથી શકુનીનો શિરચ્છેદ કર્યો. સાક્ષાત્ પોતાના હૃદય સમાન શકુનીના મૃત્યુથી દુર્યોધન ચૈતન્યરહિત જેવો બની ગયો.

પોતાની સેનાને ક્ષીણ જોઈને દુર્યોધન અત્યંત ચિંતાતુર બની ગયો અને અંધકારની સમાન ફેલાયેલી

ધૂળના ગોટાઓમાં પોતે ભાગી છૂટયો. કૃપાચાર્ય, કૃતવર્મા, અશ્વત્થામા વિગેરે દુર્યોધન નહિ દેખાવાથી ચિંતાતુર બન્યા. અને આમ તેમ તેને શોધવા લાગ્યા. રસ્તામાં દુર્યોધનના પગની રેખાઓના આધારે તેઓ બધા વ્યાસ સરોવરના કિનારે આવ્યા અને તેઓએ નિશ્ચય કર્યો કે સંસ્તંભની વિદ્યાથી દુર્યોધન સરોવરમાં સંતાઈ ગયો છે. પાંડવ સેનાની બીકથી તેઓ થોડીવાર ત્યાં રોકાઈને ત્રણે જણા આજુબાજુમાં છુપાઈ ગયા. જંગલના માણસો દ્વારા તપાસ કરાવીને એક અક્ષૌહિણી સેના સહિત પાંડવો ત્યાં આવ્યા. ચારે તરફથી સરોવરને ઘેરી ઘણા સમય સુધી ત્યાં રહ્યા.

સરોવરના કિનારા પર જઈને માર્મિક શબ્દોથી ઉત્તેજિત કરવા યુધિષ્ઠિર બોલવા લાગ્યા. દુર્યોધન ! અમે તને વીર માનવામાં ભયંકર ભૂલ કરી છે. અમે લોકો તને સિંહ માનતા હતા પણ તે અમારી બુદ્ધિનો દોષ છે. ખરેખરા અર્થમાં તું શિયાળ હતો. અમારા નિષ્કલંક કુળમાં તું કલંકિત ઉત્પન્ન થયો. તેં પિતા ધૃતરાષ્ટ્રના તેજને મલિન બનાવ્યું છે. જેનાથી બધા મિત્રો, સંબંધી તથા ભાઈઓનો વધ કરાવીને પોતાનો પ્રાણ બચાવવા માટે તું સરોવરમાં આવીને છુપાઈ ગયો છે ! અરે ! શું તું સરોવરમાં છુપાવાથી બચી જવાનો છે ? એક મુહૂર્તમાં જ અમે સરોવરને સુકાવી શકીએ છીએ. જો તારે સરોવરમાં સંતાઈ જવું હતું તો તેં યુદ્ધ શા માટે કર્યું ?

તે વખતે તો તેં દ્રૌપદીના વાળ ખેંચ્યા હતા. હવે ચોરની જેમ સંતાઈ જાય છે શા માટે ? જો તું નહિ નીકળે તો અર્જુન અગ્નાસ્ત્ર બાણથી સરોવરને સુકાવી નાંખશે. અમારા પાંચમાંથી જેની સાથે તારે યુદ્ધ કરવું હોય તેની સાથે તું કર. અમારા પાંચમાંથી એકને પણ તું જીતીશ તો અમે અમારો પરાજય માનીશું અને તું રાજા બની જઈશ. યુધિષ્ઠિરના કડવા વચનો સાંભળી ક્રોધાવેશમાં દુર્યોધન સરોવરમાંથી બહાર નીકળી આવ્યો. અને ભીમની સાથે ગદાયુદ્ધ કરવાનો નિર્ણય કર્યો.

આ પ્રમાણે પાંડવો દુર્યોધનને યુદ્ધ ભૂમિમાં લઈ આવ્યા. ભીમની સાથે ગદાયુદ્ધ થવા લાગ્યું. દેવતાઓ પણ ગદાયુદ્ધ જોવા માટે આકાશમાં એકઠા થયા. ગદા–યુદ્ધ વિશારદ બલભદ્ર પણ ત્યાં આવી ગયા. થોડા લોકો ભીમની તો થોડા લોકો દુર્યોધનની પ્રશંસા કરવા લાગ્યા. કોઇક લોકો તો એટલા માટે દુર્યોધનની પ્રશંસા કરતા હતા કે એકલો હોવા છતાં પણ દુર્યોધન યુદ્ધ કરી રહ્યો છે. કેટલાક એટલા માટે નિંદા કરતા હતા કે દુર્યોધને જ કુરૂકુળનો વિનાશ કર્યો.

દુર્યોધન અને ભીમ પોતપોતાની ગદાઓને ફેરવવા લાગ્યા. ગદાયુદ્ધના અભ્યાસી પોતપોતાની કલાઓનું પ્રદર્શન કરતા લોકોને આનંદ આપવા લાગ્યા. દુર્યોધને દૃષ્ટિ ફેરવીને ભીમના માથામાં ગદાનો પ્રહાર કર્યો. તે વખતે ભીમના માટે જગત ફરતું લાગતું હતું. ભીમે

પણ ક્રોધમાં આવીને દુર્યોધનની છાતીમાં ભયંકર પ્રહાર કર્યો. દુઃખનો અનુભવ કરતા દુર્યોધને ફરીથી ભીમના માથામાં ગદાનો પ્રહાર કર્યો. જેથી ભીમ મુર્ચ્છિત સમાન બની ગયો.

ભીમની પરિસ્થિતિથી ચિંતાતુર બની અર્જુને કહ્યું કે કૃષ્ણ ! કૃષ્ણ ! અમારૂં જીવવું શા કામનું ! ભીષ્મ, દ્રોણ, કર્ણ વિગેરેને મારીને પણ દુર્યોધનના હાથથી અમે પરાજીત થઇ રહ્યા છીએ. કૃષ્ણે કહ્યું અર્જુન! આ સત્ય વાત છે કે ગદાયુદ્ધમાં ભીમ દુર્યોધનને જીતી નહિ શકે. કાયમ માટે લોહમય ભીમને દુર્યોધન ગદાયુદ્ધમાં ભસ્મ કરતો આવ્યો છે. ભીમ જ્યાં સુધી દુર્યોધનની જંઘામાં પ્રહાર નહિ કરે ત્યાં સુધી તે મરવાનો નથી. કૃષ્ણના વચનને સાંભળી અર્જુને ભીમને સંકેત કર્યો. દુર્યોધન સંકેતને સમજી ગયો પણ ભીમ ન સમજી શકયો. દુર્યોધન પોતાની બંને જંઘાને સંભાળીને ગદાયુદ્ધ કરવા લાગ્યો પણ સંજોગવશાત્ ભીમે તેની બન્ને જંઘાઓ તોડી નાંખી. દુર્યોધન પૃથ્વી ઉપર પડી ગયો. દેવતાઓએ ભીમની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. દુર્યોધનની આંખે અંધારા આવ્યા. ધીમે ધીમે બેહોશ બની ગયો.

ત્યારબાદ નજીકમાં જઈને વજ્ર જેવા કઠોર ચરણથી ભીમે દુર્યોધનને લાત મારી તેના મુગટને ભાંગી ભુક્કો કરી નાંખ્યો. આ જોઇને બળરામ અત્યંત ક્રોધાયમાન થઈ ગયા અને કહ્યું કે આવું કામ તો મ્લેચ્છ પણ નથી

કરતો. મારૂં મુશલ શસ્ત્ર પાંડવોને આ નીચ કાર્યનું ફળ જરૂર આપત. પણ તેમાં પરસ્પરના સંબંધો આડા આવે છે. તો પણ હું પ્રતિજ્ઞા કરૂં છું હવે પછી કદાપિ પાંડવોનું મુખ જોઇશ નહિ. આ પ્રમાણે કહીને ક્રોધમાં આવેલા બલભદ્ર પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા.

દુર્યોધન મહામુશ્કેલીએ શ્વાસોશ્વાસ લઈ શકતો હતો. કૃષ્ણે પાંડવોને બોલાવી મોટાભાઈ બળરામને સમજાવવાને માટે સાથે આવવા જણાવ્યું. ધૃષ્ટદ્યુમ્ન અને શીખંડીને છાવણીના રક્ષણનો ભાર સોંપી કૃષ્ણની સાથે પાંડવો બળરામને મનાવવા માટે ચાલ્યા અને પાંચ પાંચાલોને લઇ ધૃષ્ટદ્યુમ્ન અને શીખંડી છાવણીમાં આવ્યા.

રાત્રીનો અંધકાર પછેડો, ભૂમંડળ ઉપર સંપૂર્ણ છવાયો નહોતો તે વખતે કૃપાચાર્ય, કૃતવર્મા, અશ્વત્થામા ત્રણે જણાએ દુર્યોધનની પાસે આવી દુઃખિત હૃદયે કહ્યું કે મહારાજ ! મહાન માનવીઓમાં અગ્રગણ્ય આપ છો. જો કે આ અવસ્થામાં પણ આપે શત્રુની સામે દીનતા બતાવી નથી. અમે લોકો તો કૃતઘ્ન નીકળ્યા કે જેનાથી આપ આ દશાને પ્રાપ્ત થયા છો. તો પણ અમારી ભાવના છે કે રાત્રિના યુદ્ધ કરીને પાંચે પાંડવોના મસ્તકો કાપીને આપની સામે મૂકી આપના ઋણમાંથી મુક્ત થઇએ.

તેમના વચન સાંભળી થયેલી પીડાને ભૂલી દુર્યોધને તે ત્રણે જણાને આલિંગન કરીને કહ્યું કે જો તમારી ઇચ્છા

હોય તો આ કામ કઠીન નથી માટે આપ લોક જલ્દીથી જઈને પાંડવોના મસ્તક કાપી મને બતાવો. કેમકે મારા પ્રાણ હવે વધારે સમય સુધી ટકી શકે તેમ નથી. એકલો અશ્વત્થામા આ કામ કરી શકે તેમ છે. તો પછી તમે ત્રણે જણા મળી આ કાર્ય અવશ્ય કરવાના છો. આ પ્રમાણે કહી દુર્યોધને તેમને વિદાય કર્યા.

તે ત્રણે જણા પાંડવોની છાવણીમાં આવ્યા. યુદ્ધ કરવાને માટે તેઓએ પડકાર કર્યો કે આજે અશ્વત્થામા તમારે માટે યમરાજ બનીને આવ્યો છે. તેના વચનોને સાંભળી તરત જ ધૃષ્ટદ્યુમ્ન અને શીખંડી બહાર નીકળી પડયા. અશ્વત્થામાએ ભીષ્મ અને દ્રોણનો બદલો લેવા માટે અમોઘ શસ્ત્રોથી તે બંનેના મસ્તકો કાપી નાંખ્યા. બંનેના મૃત્યુથી પાંડવોની સેના ભાગી છૂટી. ત્યારબાદ પાંચ પાંડવો ક્રોધાવેશમાં આવીને યુદ્ધ મેદાનમાં આવ્યા. ભયંકર યુદ્ધ ચાલ્યા બાદ અશ્વત્થામાએ પાંચ બાણોથી પાંચ પાંચાલોનો શિરચ્છેદ કર્યો. ત્યાંથી તે ત્રણે જણા ખુશ થતા દુર્યોધનની પાસે આવ્યા અને પાંચે પાંચાલોના મસ્તકો દુર્યોધનની સામે મૂકી અગ્નિ સળગાવ્યો.

દુર્યોધન તેઓના મસ્તક જોઈને ઓળખી ગયો. દુઃખી થઈને બોલ્યો કે! આપ લોકોએ આ શું પરાક્રમ કર્યું ? કે પાંચાલોની હત્યા કરી ? મારા જીવતા હું પાંડવોના મસ્તકો જોઈ ન શકયો. એ પ્રમાણે નિઃસાસા મુકતો દુર્યોધન મરણને શરણ થયો. ત્યારબાદ તે ત્રણે જણા

પાંડવોની બીકથી જુદા જુદા માર્ગે ભાગી છૂટયા. અહિંઆ સંજયે ગાંધારી તથા ધૃતરાષ્ટ્રને યુદ્ધની બધી વાત કરી. તે બન્ને મૂર્ચ્છિત થઈ ગયા. ભાનમાં આવ્યા પછી તે બન્ને જણાએ ખુબજ કલ્પાંત કર્યો. છાતી કૂટવા લાગ્યા. પુત્રના શોકથી તે બન્નેને જગત વિષમય, અગ્નિમય, મૃત્યુમય દેખાવા લાગ્યું.

બળરામને શાંત પાડી પાંડવો શિબિરમાં આવવાનો વિચાર કરતા હતા એટલામાં ભયથી કંપતા સાત્યકીએ આવીને પાંડવોને છાવણીમાં બનેલી તમામ વાત કહી સંભળાવી.

પાંડવોને અત્યંત શોકાતુર જોઈને કૃષ્ણે તેમને સંસારની અનિત્યતા બતાવતાં કહ્યું કે હું સમજીને જ તમને બધાને અહિં બળરામને મનાવવા માટે લાવ્યો હતો. અશ્વત્થામા આજે રાત્રિના આપ લોકોને અવશ્ય મારી નાખત તો કરેલા તમામ પ્રયત્નો તથા યુદ્ધ નિષ્ફળ જાત. તમો જીવતા છો તો પુત્ર પણ પ્રાપ્ત થશે. માટે તમો શાંત થાવ. અહિંથી જઈને પુત્ર તથા ભાઈના શોકથી અત્યંત દુઃખી દ્રૌપદીને સાંત્વન આપો. કૃષ્ણના વચનોથી શોકને હળવો કરી પાંડવો શિબિરમાં આવ્યા.

આવતાની સાથે પાંડવોએ જમીન ઉપર આળોટતી વીખરાએલા વાળવાળી, જોર જોરથી રડતી દ્રૌપદીને જોઈ. કૃષ્ણે દ્રૌપદીને સમજાવતાં કહ્યું કે કલ્યાણી! શોકથી

રડવું એ તો સાધરણ સ્ત્રીઓનું કામ છે. જ્યારે વીરાંગનાઓ તો પુત્રને યુદ્ધમાંથી ભાગતા જોઈને લજ્જા પામે છે. યુદ્ધમાં મૃત્યુકાળ પ્રાપ્ત કરવાથી કદાપિ પણ શોક કરતી નથી. આપના ભાઈ અને પુત્ર સદ્ગતિને પામેલા છે. આ પ્રાણ (જીવ) તો કોક દિવસ જવાનો તો હતો જ તો પછી સારા નિમિત્તે ગયેા છે. તો તમારે તેમના જન્મને સફળ માનવો જોઇએ. ભાઈ અથવા પુત્રના મૃત્યુ થવા છતાં પોતાના પતિની કુશળતા જોઈને સતી સ્ત્રીઓ આનંદ માને છે. દ્રુપદરાજ પુત્રી, પાંડુરાજ પુત્રવધુ. બનીને રડવું આપના માટે સારૂ નથી. આ પ્રમાણે કૃષ્ણના વચનથી દ્રૌપદીએ શોકનો ત્યાગ કર્યો.

પ્રાતઃકાળમાં કૃષ્ણની સાથે પાંડવો ધૃતરાષ્ટ્રને સાંત્વન આપવા માટે ચાલ્યા. પાંડવોએ ગાંધારી તથા ધૃતરાષ્ટ્રને પ્રણામ કર્યા. તેમને અત્યંત શોકાતુર જોઈને કૃષ્ણે કહ્યું રાજન્! શું પાંડુ પુત્ર આપના પુત્ર નથી! પાંડુ કરતાં આપના પ્રત્યે તેમની ભક્તિ ઓછી છે? તે લોકો કુન્તી કરતાં પણ અધિક પૂજ્ય ગાંધારીને માને છે. યુધિષ્ઠિર ભીમ કરતાં કૌરવોને અધિક માનતા હતા. પરંતુ જે કંઈ અમંગળ થયું છે. તેમાં ફક્ત વિધાતાનો દોષ છે. પાંચ ગામથી પણ સંધિની વાત દુર્યોધને સ્વીકારી નહિ. તેમાં પણ ભાગ્યનો દોષ છે. આપની હિતશિક્ષા નહિ માનવી તેમાં પણ દુર્યોધનના ભાગ્યનો દોષ હતો. આપ નિશ્ચિત માનજો કે કૌરવોથી અધિક સેવા પાંડવો આપની કરશે.

માટે આપ બન્ને શોક મુક્ત બનીને ક્રોધથી અલિપ્ત બની તેમની પીઠ ઉપર હાથ ફેરવો. આ પ્રમાણે કૃષ્ણના કહેવાથી ગાંધારી તથા ધૃતરાષ્ટ્રે પાંડવોની પીઠ ઉપર હાથ ફેરવ્યો. ભાગ્યનો દોષ છે. તમારો દોષ નથી. મારા પુત્રોનો પણ દોષ નથી. આ પ્રમાણે કહીને તે બન્ને જણાએ પાંડવોને આલિંગન કર્યું.

ત્યારબાદ ગાંધારીએ કહ્યું કે જો તમે મારા પુત્ર છો તો મને યુદ્ધ ક્ષેત્રમાં લઈ જાઓ. જ્યાં હું મારા પુત્રોના મુખનું અંતિમ દર્શન કરી લઉં. ધૃતરાષ્ટ્રને ત્યાં મુકી ભક્તિથી પાંડવો પોતાના હાથનું અવલંબન આપી રોતી ગાંધારીને યુદ્ધ ક્ષેત્રમાં લઈ આવ્યા. દેરાણીઓ તથા બીજી ક્ષત્રીઆણીઓની સાથે ભાનુમતી પણ ગાંધારીની પાછળ પાછળ યુદ્ધ ભૂમિમાં આવી. ત્યાં દુર્યોધન, દુઃશાસન વિગેરે સો ભાઈઓના શબને જોઇ ગાંધારી બેભાન બની ગઈ. ભાનમાં આવ્યા બાદ પણ પુત્રોના નામ દઇને વિલાપ કરવા લાગી. ભાનુમતી તથા બીજી બધી ક્ષત્રીઆણીઓએ પોત-પોતાના પતિદેવોના વર્ણન કરીને અંતિમ આલિંગન કર્યું. તે વખતે સ્ત્રીઓના વિલાપથી કુરૂક્ષેત્રનું મેદાન નહિ પણ સંપૂર્ણ જગત રડતું હતું તેવો ભાસ થતો હતો.

ભાનુમતી વિગેરે કૌરવ સ્ત્રીઓ જ્યારે રડી રહી હતી તેજ વખતે ગાંધારી, ધૃતરાષ્ટ્રની પુત્રી દુઃશલ્યા પણ ત્યાં આવી પહોંચી. પ્રાણપ્રિય યુદ્ધમાં મરેલા પોતાના પતિ જયદ્રથને જોઈ તે પણ અત્યંત વિલાપ કરવા લાગી.

ભુરિશ્વાની પત્ની પણ ભુરિશ્વાના શરીરને જોઈ ખોળામાં લઈ રોવા બેઠી.

આ પ્રમાણે બધી ક્ષત્રિયાણીઓ પોતપોતાના પ્રાણનાથને પ્રાપ્ત કરીને વિલાપ કરવા લાગી, સંસારની અનિત્યતાનું સુચન કરનાર અમૃતસમાન મધુર વચનોથી યુધિષ્ઠિરે તેમને સાન્ત્વન આપ્યું.

ત્યારબાદ અજાત શત્રુ યુધિષ્ઠિરની આજ્ઞાથી અર્જુને અગ્નાસ્ત્ર વડે બધા રાજાઓનો અગ્નિ સંસ્કાર કર્યો, ત્યારબાદ છાવણીમાં ધૃતરાષ્ટ્રની સાથે પાંડવોએ ભાઈઓનું પિંડાદી વિગેરે દાન આપ્યું. તે બધી ક્રિયાઓથી શોક મુક્ત બની સાત્યકીની સાથે યુધિષ્ઠિરે તે બધી સ્ત્રીઓ સહિત ધૃતરાષ્ટ્રને હસ્તિનાપુર મોકલી આપ્યા.

જરાસંધનો વધ કર્યા પછી કૃષ્ણની આજ્ઞા લઈને હું હસ્તિનાપુર ન આવું ત્યાં સુધી તમો પ્રજાનું પાલન કરજો આ પ્રમાણે પાંડુ રાજાને સાત્યકીની સાથે સમાચાર મોકલાવ્યા, પોતાના વિજયથી પ્રસન્ન થયેલા યુધિષ્ઠિર ભાઇઓ સહિત જરાસંધની સામે યુદ્ધમાં ભાગ લેવા માટે યાદવોની છાવણીમાં આવ્યા.

તેરમો સર્ગ સંપૂર્ણ

સર્ગ : ૧૪મો

દુર્યોધનના મૃત્યુથી ક્રોધાયમાન જરાસંધની આજ્ઞાથી દૂત આવીને કૃષ્ણને કહ્યું કે જ્યાં સુધી ત્રણે ખંડના અધિપતિ જરાસંધ વિજયી બનીને તૈયાર છે ત્યાં સુધી કૌરવોને મારી નાખીને હે કૃષ્ણ! અભિમાન શા કારણે કરે છે? મારા જમાઈ કંસ અને મિત્ર દુર્યોધનને તારા પેટમાંથી ખેંચીને બહાર કાઢવાની ઇચ્છા રાખું છું, પરંતુ જરાસંધે આપને કહ્યું છે કે કુરૂક્ષેત્રનું મેદાન લોહીથી ભીનું થઇ ગયું છે. વળી સેનાઓના હલનચલનથી ખાડા ટેકરાવાળુ બની ગયું છે. માટે કુરૂક્ષેત્રના મેદાનને છોડી સરસ્વતી નદીના કિનારે સનપલ્લી ગામમાં આપણા બન્નેનું યુદ્ધ થવું જોઇએ, આ પ્રમાણે કહી દૂત શાંતિથી ઉભો રહ્યો, કૃષ્ણે કહ્યું કે અમે જેના માટે ભૂખ્યા છીએ તેનું જ આ આમંત્રણ છે, વળી કંસ–કૌરવોના વધથી મારા હાથ તૃપ્તિ પામ્યા ન હોતા, પણ જરાસંધના વધથી મારા હાથ જરૂર તૃપ્તિ પામશે, અમે ત્યાં આવીએ છીએ, તે પણ ત્યાં આવી જાય, આ પ્રમાણે કહીને દૂતને વિદાય કર્યો, દૂતે આવી જરાસંધને કહ્યું કે આપના આદેશાનુસાર મેં કૃષ્ણને બધી વાત કરી છે.

ત્યારબાદ જરાસંધે કહ્યું કે સોમક! હું તને કાંઈક પુછવાની ઈચ્છા રાખું છું. તું કહે કે તે ગોપાલ કેવો છે? કેટલો બળવાન છે? તેની નીતિરીતિ કેવી છે? તેણે કહ્યું કે દેવ! આપ જો નારાજ ન થાવ તો હું કાંઈક કહું દેવ! તે ગોપાળ સાક્ષાત્ શૂરતા, શરીરધારી, ઉત્સાહ તથા નવીન કામદેવ સમાન સુંદર છે. તેને જોવાથી ડગલે ને પગલે સ્ત્રીઓ તથા શત્રુઓના શરીર કંપાયમાન થાય છે. તમારા સમાન તો ત્યાં કોઈ નથી. પરંતુ મોટા મોટા વીર પુરૂષોથી શોભતી તેની ચતુરંગી સેના ખુબ જ પ્રતાપી છે, તે ગોપાળના નાનાભાઇ સમુદ્રવિજયના પુત્ર નેમિકુમાર તો શત્રુઓના કાલ જેવા છે. તેના પરાક્રમની તો વાત શું કરવી! પોતાની ભૂજા ઉપર પૃથ્વીને ઉચકવાની તાકાત ધરાવે છે, વળી તે ગોપાળના મોટા ભાઈ બલદેવ નામથી પ્રસિદ્ધ છે. તે તો યુદ્ધમાં શત્રુઓને માટે વિનાશકારી છે, આ પ્રકારે શત્રુસેનામાં ત્રણ જણ તો અતિરથી છે. વળી તેમના પુત્રો મહારથી છે, કૃતજ્ઞ પાંડવો પણ પોતાના પ્રાણથી તેમને મદદ કરવાને માટે તૈયાર છે. નભમંડળમાં તારાઓની સમાન આપના સૈનિકો સૂર્યચન્દ્ર સમાન ભીમ અર્જુનને યુદ્ધમાં કેમ સહન કરી શકશે! ઉત્પાતના પવન જેવા ભીમને ધૂળની સમાન કૌરવોને ઉડાડતા કોણે નથી જોયા? આપણી સેનામાં તો ફક્ત આપ જ અતિરથી છો, બીજા રાજાઓ જે આપના સહાયક છે તે પણ સમય પર કામમાં આવે તેમ નથી.

વિષ્ણુ (કૃષ્ણ)ની નીતિથી તો આપ પોતે જ પરિચિત

છો કેમકે આપના જમાઈ કંસને મારી નાખી તે વખતે તેઓ ત્યાંથી ભાગી છૂટયાં હતા. તે વખતે તેઓ આપની સેના સાથે યુદ્ધ કરતા તો તેમનું નામનિશાન પણ રહેત નહિ. તે વખતે આપને બળવાન અને પોતે નિર્બળ છે તેમ સમજીને ભાગી જવામાં જ તેણે પોતાનું કલ્યાણ માન્યું હતું. હમણાં તેઓ સમુદ્રની નજીકમાં દેવ નિર્મિત દ્વારકા નગરીમાં બિરાજમાન છે.

અનેક સુભટ પુત્રો તથા નેમિકુમારની સહાયતાથી તમારી સાથે યુદ્ધ કરવાની યોગ્યતાવાળા છે. તેઓ બળથી, નીતિથી આપણાથી અધિક છે. માટે તેમની સાથે યુદ્ધ કરવું તે સારૂં નથી. આપ યુદ્ધના વિચારનો ત્યાગ કરો નહિતર વિજય તેમનો છે. અને પરાજય આપનો છે.

સોમકના વચન સાંભળીને ક્રોધથી લાલ આંખોવાળા જરાસંધે કહ્યું કે સોમક! તું સમજ્યા વિના શા કારણે શત્રુનું વર્ણન કરે છે? કયાં હું અર્ધ ભરતાધિપતિ? અને કયાં સમુદ્રના કાચબા જેવો તે ગોપ? શું સિંહની સામે શિયાળના ગુણ ગાન ગાતાં તને શરમ નથી આવતી? હમણાં હું ગોપાળને મારી નાખી પૃથ્વીને નિષ્કંટક બનાવી દઉ છું. આ પ્રમાણે સોમકની નિંદા કરતો જરાસંધ પોતાની સેનાને સનપલ્લી મેદાનમાં જવા માટે આજ્ઞા કરતો હતો.

જરાસંધની સેનામાંથી આવીને ગુપ્તચરોએ કૃષ્ણને કહ્યું કે દેવ! આપનો શત્રુ સેનાઓથી સજ્જ બનીને સનપલ્લી ગામની પાસે સરસ્વતી નદીના કિનારે આવી ગયો છે. હમણાં તેની બુદ્ધિ બુબ જ વિપરીત બની ગઈ છે. જેથી તે મોટાઓનું પણ અપમાન કરે છે. દૂર્ભાગ્યથી આપનો શત્રુ જરાસંધ પોતાના હિતને અહિત અને મિત્રને શત્રુ સમજે છે. એટલા માટે દેવ? આપ સનપલ્લી જઈને ધનુષ્ય ધારણ કરી મગધેશને તેના જમાઈ કંસની પાસે મોકલી આપો. દૂતના વચનો સાંભળી ખુશ થએલા કૃષ્ણે યુદ્ધને માટે પ્રસ્થાન કર્યું. દેવકીજીએ પ્રસ્થાન મંગળ કર્યું. હવે અમારે કૃષ્ણના દુશ્મન જરાસંધની સાથે યુદ્ધ કરવું જોઇએ. આ પ્રમાણે વિચારી ઉત્સાહિ બની પાંડવો પણ યુદ્ધ કરવા માટે ચાલ્યા. કૌરવ સાથેના યુદ્ધમાં પોતે યુદ્ધ કરેલું નહિ હોવાથી કૃષ્ણના કુમારો પણ આગળ ચાલવા લાગ્યા. આ પ્રમાણે કૃષ્ણની સેના પણ સનપલ્લીની નજીક આવી ગઈ, જરાસંધે ચક્ર વ્યુહની રચના કરી અને કૃષ્ણે વિશાળ ગરૂડવ્યુહની રચના કરી.

ઘણા સમય પહેલાં ઘણા પ્રકારે ઉપકાર કરવાથી ઘણા વિદ્યાધરો વસુદેવના મિત્રો બન્યા હતા. તેઓએ કૃષ્ણને સહાયતા કરવા માટે આવી સમુદ્રવિજયને કહ્યું કે ઘણા વિદ્યાધરો જરાસંધના પક્ષમાં છે. તેઓ તેમને સહાયતા કરવા માટે પોતાના સ્થાનમાંથી નીકળ્યા છે. જેથી જરાસંધ દુર્જય બનશે. માટે આપ તે વિદ્યાધરોને

રોકવા માટે વસુદેવને ત્યાં મોકલી આપ્યો. શત્રુપક્ષને દુર્બળ બનાવવો તે યુદ્ધનીતિ છે. સમુદ્રવિજયે પ્રદ્યુમ્ન, શાંબ તથા તે વિદ્યાધરોની સાથે વસુદેવને વિજયને માટે મોકલ્યા.

જન્માભિષેક મહોત્સવના વખતે દેવતાઓએ શત્રુઓના શસ્ત્રોના નાશ કરવાવાળી મહૌષધિ નેમિકુમારના હાથે બાંધી હતી તે મહૌષધિ નેમિકુમારે પોતાના હાથમાંથી છોડી વસુદેવના હાથમાં બાંધી દીધી.

વિજય યાત્રાના માટે વસુદેવના ગયા પછી ઈન્દ્રના સારથિએ આવી નેમિકુમારને કહ્યું કે સ્વામિન્! ઈન્દ્રે મને બોલાવીને કહ્યું કે હે સારથિ! બાવીસમા તીર્થંકર નેમિકુમાર, ભાઈના માટે યુદ્ધમાં જવાની ઇચ્છા રાખે છે. માટે દિવ્યશસ્ત્રોથી પૂર્ણ વજ્રકવચ સહિત રથ લઇને જલ્દી જા, માટે આપ આ રથ ઉપર ચઢીને મને કૃતાર્થ કરો, નેમિકુમારે તેની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

ત્યારબાદ બંને વ્યુહોના સૈનિકો યુદ્ધ કરવા તૈયાર થયા, હાથીઓ ગર્જના કરવા લાગ્યા, વીરપુરૂષો તાલ ઠોકવા લાગ્યા, આ પ્રમાણે હાથી–ઘોડા–રથ–પાયદળના અવાજથી આકાશ શબ્દમય બની ગયું. કૃષ્ણે પાંચજન્ય તથા અર્જુને દેવદત્ત શંખને વગાડયા, બંને સેનાઓના સૈનિકોનું ભયંકર યુદ્ધ શરૂ થયું. જરાસંધના સૈનિકોએ કૃષ્ણની સેનાની મોખરે રહેલા સનિકોને ભગાડી મૂક્યા,

તેઓ ભાગીને કૃષ્ણના શરણે ગયા, કૃષ્ણે તેમને આશ્વાસન આપ્યું.

ત્યારબાદ બલરામે કૃષ્ણને કહ્યું કે આ વ્યુહ ચક્રને કોઈ તોડી શકશે નહિ. માટે દક્ષિણથી નેમિકુમાર, જમણી બાજુથી અર્જુન, સામેથી અનાધૃષ્ટિ, તે ચક્રવ્યુહને તોડી શકશે, કૃષ્ણે તે ત્રણ જણાને તેમાં નિયુક્ત કર્યા, તે ત્રણે જણાએ ચક્રવ્યુહના દ્વારને તોડી નાંખ્યું. તેમની સાથે બધા સૈનિકોએ પ્રવેશ કર્યો, કૃષ્ણના સૈનિકોએ જરાસંધના સૈનિકોને વ્યાકુળ બનાવી દીધા.

ત્યારબાદ સિંહની સાથે હરણની જેમ, હાથીની સાથે કુતરાની જેમ, નેમિકુમારની સાથે રકમી, લડવાને માટે આગળ વધ્યો, નેમિકુમારની સામે તેનું પરાક્રમ નિષ્ફળ ગયું. નેમિકુમારના ધનુષ્ય ટંકારના અવાજથી ગભરાઇને રકમી ભાગી ગયો, બીજા પણ ઘણા રાજાઓએ નેમિકુમારની ઉપર આક્રમણ કર્યું. પરંતુ દયાસાગર નેમિકુમારે પોતાનો શંખ જોરથી ફૂંકયો. જેના અવાજથી દુશ્મન દળના બધા રાજાઓ તથા સૈનિકોના શસ્ત્રો હાથમાંથી નીચે પડી ગયા, અને ચિત્રમાં ચિત્રેલા ચિત્રની જેમ નેમિકુમારની સામે હાથ જોડીને ઊભા રહ્યા.

બીજી તરફ હિરણ્યનાભ વિગેરે વિરોધી રાજાઓને મારી નાખવા માટે જેમ હાથી પર સિંહ તૂટી પડે છે તેવી રીતે અનાધૃષ્ટિ તૂટી પડયો, તે રાજાઓએ પણ એવું ભયંકર યુદ્ધ કર્યું કે અનાધૃષ્ટિના શરીરમાંથી

પરસેવો છૂટી ગયો, અર્જુનના બાણોથી જરાસંધના સૈનિકો મેદાનમાંથી ભાગી છૂટયા, જેમ ઈન્દ્રના વજ્રથી પર્વતોના ચૂરેચૂરા થઇ જાય છે તેવી રીતે ભીમની ગદાથી શત્રુદળના રાજાઓના ચૂરેચૂરા થઈ ગયા, યુદ્ધાકાશમાં સૂર્ય-સમાન યુધિષ્ઠિરનો ઉદય થવાથી શત્રુદળમાં ઘણાં અંધકાર સમા બની ગયા, થોડા ઘણા તારા જેવા નિસ્તેજ બની ગયા, નકુલ અને સહદેવે પણ પોતાના પરાક્રમથી વિપક્ષ સેનાનો સંહાર કર્યો, મોટા ભાગના સૈનિકો યુદ્ધમાંથી ભાગી છૂટયા હતા, થોડા ઘણા જે બચ્યા તેઓએ પોતાના પ્રાણ બચાવવા માટે સેનાપતિ હિરણ્યનાભનું શરણું ગ્રહણ કર્યું. તેઓને સાંત્વન આપી હિરણ્યનાભે પોતાના વિચિત્ર પરાક્રમથી યાદવ સેનાનું મર્દન કર્યું. ભયભીત યાદવ સૈનિકોમાંથી ઘણાંએ નેમિકુમારનું તો થોડા ઘણાએ અનાધષ્ટિનું શરણ ગ્રહણ કર્યું. યાદવ સેનાને વ્યાકુલ જોઈને ભીમે હિરણ્યનાભને કહ્યું કે સેનાનો સંહાર શા માટે? તમારામાં તાકાત છે તો મારી સાથે યુદ્ધ કરો. બંને વચ્ચે ભયાનક યુદ્ધ થયું. કૃષ્ણ અને બલરામે જેવી રીતે ચાણૂર અને મૌષ્ટિકને યમના કિંકર બનાવ્યા હતા તેવી રીતે ભીમે હિરણ્યનાભને યમના દ્વારે પહોંચાડી દીધો, જરાસંધના સેનાપતિ હિરણ્યનાભના મૃત્યુથી યાદવોએ મગધેશ્વરની સેનાને જંગલના દાવાનળની જેમ સળગાવી દીધી, તે વખતે ભીમના સમાન બીજા વીરની તપાસમાં સૂર્ય-લોકાન્તરમાં ચાલ્યો ગયો, બંને પક્ષના સૈનિકો તથા

રાજાઓ યુદ્ધ બંધ કરીને પોતપોતાની છાવણીમાં ચાલ્યા ગયા.

તે વખતે કૃષ્ણની છાવણીમાં એકચ્છત્ર આનંદનું સામ્રાજ્ય હતું. જ્યારે જરાસંધની છાવણીમાં શોકનું આધિપત્ય હતું. અનાધૃષ્ટિએ પાંડવોની વીરતાની વાત સમુદ્રવિજય રાજાને કહી, પ્રેમથી તેઓ પાંડવોને ભેટી પડયા, હિરણ્યનાભના મૃત્યુથી જરાસંધ શોકાતૂર બન્યો, કારણ કે સાચો સહાયક જગતમાં દુર્લભ હોય છે.

બીજે દિવસે પ્રભાતમાં જરાસંધે શિશુપાલને સેનાપતિ બનાવ્યો, અનેક પ્રકારના શસ્ત્રાસ્ત્રથી સુસજ્જિત શિશુપાલ રથ ઉપર ચઢયો, ! આજે ભૂમંડળમાંથી જરાસંધ અથવા કૃષ્ણ બંનેમાંથી એક યમદ્વાર જશે, આ પ્રમાણે વિચારતો જરાસંધ કૃષ્ણ કયાં છે? કૃષ્ણ કયાં છે ? બોલતો યુદ્ધભૂમિમાં આવ્યો, ફરીથી ચક્રવ્યુહની રચના કરીને મદાન્ધ શિશુપાલે યાદવોઘાન રૂપી યાદવ સેનાને મારી નાંખવા માંડી, ત્યારબાદ યાદવ સેનાપતિ અનાધૃષ્ટિ શિશુપાલની સેના ઉપર તૂટી પડયો, શિશુપાલની સહાયક દશ હજારની સેના સામે તે એકલો યુદ્ધ કરવા લાગ્યો, તે સેનાની સાથે લડાઈમાં વ્યસ્ત અનાધૃષ્ટિને છોડી શિશુપાલ ખૂબ જ જોરથી કૃષ્ણની સામે આવ્યો, અને તેને જોરથી કહ્યું કૃષ્ણ ! તું લડાઈમાં તારી જાતને વધારે હોંશિયાર માનતો હોય તો શસ્ત્ર ગ્રહણ કરી મારી સાથે યુદ્ધ કર, કૃષ્ણે હસીને કહ્યું- શિશુપાલ તારે જેટલું

બોલવું હોય તેટલું બોલ, તારા કડવા શબ્દો હું સહન કરી લઈશ, તારા 'સો, અપરાધ પૂરા થયા પછી મને કોઇનો ઠપકો મલશે નહિ કારણ કે મેં કોઈને કહ્યું છે કે દેવી ! તમારા પુત્રના 'સો, અપરાધ હું સહન કરીશ.

કૃષ્ણના આ પ્રમાણે બોલવાથી નિર્લજ્જ શિશુપાલે કૃષ્ણની ઉપર બાણો છોડવા માંડયા, તેના બાણોને કૃષ્ણે ભાંગી નાખી શિશુપાલના ધનુષ્યની 'પણછ, (દોરી) તોડી નાખી, બીજુ ધનુષ્ય લઈને જ્યારે તે યુદ્ધ કરવા લાગ્યો, ત્યારે તેના રથની દોરી કૃષ્ણે કાપી નાખી, ત્યાર-બાદ તેના સારથી–રથ–અને ઘોડાનો નાશ કર્યો, બલવાનની સાથે વિરોધ કરવાવાળાનો તિરસ્કાર ડગલે ને પગલે થાય છે જ, જ્યારે તે તલવાર લઈને યુદ્ધ કરવા લાગ્યો, ત્યારે કૃષ્ણે પણ નન્દક નામનું ખડ્ગ લીધું–બન્ને જણા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા, એકબીજાના પ્રહારને નિષ્ફળ બનાવવા લાગ્યા, તે વખતે દેવતાઓ પણ આશ્ચર્યથી જોતા હતા, શિશુપાલ, ક્રૂરતાથી કૃષ્ણની ઉપર તલવારના ઘા મારતો હતો, પરંતુ સંબંધની અપેક્ષાથી કૃષ્ણ ધીમે ધીમે યુદ્ધ કરી રહ્યા હતા, જ્યારે શિશુપાલે કૃષ્ણનો શિરચ્છેદ કરવા પ્રયત્ન કર્યો, ત્યારે કૃષ્ણે, હવે તેનો શિરચ્છેદ કરવામાં દોષ નથી ' એમ વિચારીને શિશુપાલનો વધ કર્યો.

શિશુપાલના વધથી અત્યંત શોકાતુર બની પ્રતિવા-સુદેવ જરાસંધ યુદ્ધ રૂપી સાગરને બલાસ કરવા માટે અગસ્ત્ય બનીને આવ્યો. જરાસંધે સોમકને પૂછયું કે તું

દૂત બનીને દ્વારકા ગયો હતો માટે બધા વીરોના નામ મને બતાવ. ત્યારબાદ સોમકે કહ્યું કે રાજન્! સુવર્ણ ઘોડાવાળા તથા લીલા ધ્વજવાળા સમુદ્રવિજય છે. મહાપરાક્રમી શુકવર્ણા અને વૃષધ્વજવાળા અરિષ્ટનેમિ છે. સફેદ ઘોડાવાળા અને ગરૂડ ધ્વજવાળા કૃષ્ણ છે. તેમના દક્ષિણ ભાગમાં જંગમ હિમાલય સમાન અરિષ્ટવર્ણ ઘોડાવાળા બળરામ છે. નીલવર્ણ ઘોડાવાળા રથ ઉપર યુધિષ્ઠિર, સફેદ ઘોડાવાળા રથ ઉપર અર્જુન, નીલકમલ વર્ણના ઘોડાવાળા રથ ઉપર ભીમ અને કાળા ઘોડાવાળા રથ ઉપર ગજધ્વજવાળા અનાધૃષ્ટિ છે. આ પ્રમાણે મહા નેમિકુમાર, ઉગ્રસેન, સાત્યકિ, જરાકુમાર, મેરૂ, સિંહલ, તથા પદ્મરથ વિહુરથ અને આંગળીથી જરાસંધને બતાવતા સોમકે કહ્યું કે આ સારણ છે.

સોમક દ્વારા બધાને ઓળખી જરાસંધે ક્રોધમાં આવી યાદવી સેનાને આકુળવ્યાકુળ બનાવી દીધી. અને ભયાનક દૃષ્ટિથી અરિષ્ટનેમિને જોયા. સારથિએ હાથ જોડી નેમિનાથને કહ્યું કે દેવ! આપના સૌભાગ્યથી આપની ઉપર બાણ ચલાવ્યા નથી જ્યારે આપના સૈન્યને વેર વિખેર કરી નાખ્યું છે. જો કે આ સાવદ્યકર્મ છે છતાં પણ આપ હવે ઉપેક્ષા કર્યા વિના ઈન્દ્રના રથને સાર્થક કરો. નેમિકુમારે ધનુષ્ય ઉપર પણછ ચઢાવી અને શંખ ફુંકયો. ત્યાં તો વિપક્ષી રાજાઓ સ્તંભિત બની ગયા. સારથિએ કહ્યું કે દેવ! આપે તો એકાએક શત્રુસેનાની ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે.

આપ ઇચ્છા કરો તો મદાન્ધ જરાસંધને પણ શાંત કરી શકો છો તો પછી શા માટે તેને છોડી દો છો ? નેમિનાથે કહ્યું કે હે સારથિ ? આ રાજાઓની સાથે યુદ્ધ કરવાનું કાર્ય મારૂં નથી પરંતુ ભાઇઓના કહેવાથી મેં આટલું પણ કર્યું છે. શું આ કાર્ય મોહનું નથી ? બીજી વાત એ છે કે પ્રતિવાસુદેવનું મૃત્યુ વાસુદેવના હાથેજ થાય છે તે શાશ્વત નિયમ છે. તે પણ હમણાંજ તારી સામે થશે આ પ્રમાણે કહીને નેમિનાથે પોતાની સેનાને આશ્વાસન આપ્યું.

ત્યારબાદ પવનસુત વિગેરેનાં વધને જોઇ ક્રોધાયમાન બની જરાસંધે કૃષ્ણની ઉપર આક્રમણ કર્યું. જરાસંધના એકોતેર પુત્રોએ મદાન્ધ બનીને કૃષ્ણની ઉપર આક્રમણ કર્યું પરંતુ તેમાંથી અઠ્ઠાવીશને તો બલરામે હાથ મુસલથી મારી નાખ્યા. તેના વધથી કોપાયમાન જરાસંધે બળરામની છાતીમાં ગદાનો પ્રહાર કર્યો તેથી બળરામના મુખમાંથી લોહી નીકળવા લાગ્યું. અને યાદવસેનામાં હાહાકાર વ્યાપી ગયો. જરાસંધ ફરીથી બળરામ ઉપર ગદાપ્રહાર કરવાની તૈયારીમાં હતો ત્યાં અર્જુને જરાસંધને તીવ્ર બાણોથી ઘેરી લીધો. બળરામને દુઃખી જોઈ ક્રોધાવેશમાં કૃષ્ણે જરાસંધના બધા પુત્રોને મારી નાખ્યા.

પોતાના બધા પુત્રોના મૃત્યુથી સાક્ષાત્ યમનું સ્વરૂપ ધારણ કરીને જરાસંધ કૃષ્ણની પાસે આવ્યો અને બોલ્યો કે ગોપાળ ! આજ જરાસંધ તારા પેટમાંથી

કંસ તથા કાલકુમાર વિગેરેને બહાર કાઢશે. તું શસ્ત્ર ધારણ કર. કારણ કે નિઃશસ્ત્રને હું મારતો નથી. આજે તારૂં મૃત્યુ જોઇને જીવયશા પણ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરશે.

કૃષ્ણે ધીરતાથી કહ્યું કે રાજન્! તમારી વાત સાચી છે. પરંતુ આપની પુત્રીની પ્રતિજ્ઞા અગ્નિપ્રવેશ કરીને અવશ્ય પુર્ણ થશે. આ પ્રમાણે કરીને શુભ શુકનથી ખુશી થતા કૃષ્ણે તેની ઉપર બાણોનો વરસાદ વરસાવ્યો. જરાસંધે તીવ્ર બાણોથી યાદવસેનાને અસ્તોવ્યસ્ત કરી નાખી. સૂર્યને પણ બાણો વડે ઢાંકી દીધો. શત્રુઓના મનોરથ સમાન વિચિત્ર બાણોને કૃષ્ણે ભાંગી નાખ્યા. રામ–રાવણના યુદ્ધને જોવાવાળા દેવોને આ બન્નેના યુદ્ધ જોવામાં એટલોજ આનંદ આવ્યો. જરાસંધે જે જે બાણો ફેંકયા તે બધા બાણોને કૃષ્ણે રસ્તામાં જ ભાંગી નાખ્યા. આ પ્રકારનું અપૂર્ણ યુદ્ધ જોઈને આકાશમાં દેવતાઓ પણ કોલાહલ કરવા લાગ્યા. જેમ સૂર્યના કિરણો અંધકારનો નાશ કરે છે તેવી રીતે કૃષ્ણના બાણોએ જરાસંધના શસ્ત્રો નકામા કરી નાખ્યા. ધનુદંડ, શસ્ત્ર, ધનુષ્યની દોરી વિગેરે કપાઈ જવાથી દુઃખી બની જરાસંધે શત્રુ સંહારકારી ચક્રનું સ્મરણ કર્યું. ક્રોધથી લાલ આંખોવાળા જરાસંધના હાથમાં દેવતાધિષ્ઠિત ચક્ર આવી ગયું.

રે ગોપ! આજે તું બચવાનો નથી. આ પ્રમાણે વારંવાર બોલતા માગધેશ્વર જરાસંધે ચક્ર ફેંકયું. તે ચક્રને આવતું જોઇને સમુદ્રવિજય વિગેરે યાદવોએ હાહાકાર

મચાવી દીધો. વિદ્યાધરોએ પણ ભયથી ગભરાઇને તે ચક્રના માર્ગમાંથી પોતાના વિમાનોને પણ પાછા હઠાવી લીધા. તે ચક્રને કૃષ્ણે બાણોથી, બળરામે હળમુશળથી, અનાધૃષ્ટિએ પરિઘ નામના શસ્ત્રથી, અને સમુદ્રવિજયે શસ્ત્રોથી તોડી નાખવાની ઇચ્છા કરી. યુધિષ્ઠિરે શક્તિથી, ભીમે, ગદાથી, અર્જુને બાણોથી, નકુલે અને સહદેવે શસ્ત્રોથી ત્યાં બીજા બધા યાદવોએ પોતપોતાના શસ્ત્રોથી તે ચક્રને તોડવાનો પ્રયત્ન કર્યો પણ તે ચક્ર તો સૂર્યમંડળની સમાન આકાશમાં વેગથી આગળ વધવા લાગ્યું.

ત્યારબાદ આજે કૃષ્ણ બચી નહી શકે આ પ્રમાણે નિશ્ચય કરીને યાદવો અત્યંત દુઃખી થયા. જરાસંધની સેના આનંદિત બનીને જોવા લાગી. સમુદ્રવિજય વિગેરે અત્યંત દીન બની ગયા એટલામાં ચક્રે શિષ્યની જેમ કૃષ્ણના ચરણનો સ્પર્શ કર્યો.

યાદવસેના આનંદમાં આવી ગઇ. જરાસંધની સેના દુઃખિત બનીને બનેલા બનાવોનું નિરીક્ષણ કરવા લાગી. શ્રીકૃષ્ણે નીચા નમીને ચક્ર લઈ લીધું. ચક્રથી ઇન્દ્રની જેમ કૃષ્ણ શોભવા લાગ્યા. કમળની જેમ તે ચક્રને હાથમાં લઈ કૃષ્ણે જરાસંધને કહ્યું કે રાજન્! તમારૂં શસ્ત્ર પણ હવે તમારા કહ્યા મુજબ કરવા તૈયાર નથી માટે તમે યુદ્ધનો વિચાર છોડી દો. કારણ કે તમારૂં ભાગ્ય પલટાયું છે. જીવતો માણસ હજારો કલ્યાણના કાર્યો કરી શકે છે. હજુ પણ બગડયું નથી. આપ મગધમાં જઇને મારી

આજ્ઞાથી રાજ્ય કરો. કૃષ્ણના વચનો સાંભળી ક્રોધાવેશમાં જરાસંધે કહ્યું કે અરે ગોપાળ! હમણાં તું ખુબજ બટકબોલો બન્યો છે. અરે નીચ! કુતરાને પણ હાડકાના ટુકડાથી ખુબજ અભિમાન આવે છે. એવી રીતે એક લોખંડના ટુકડાથી શા માટે આટલો બધો અભિમાન કરે છે? આ પ્રમાણે ઉગ્ર વચનોથી નિંદા કરતા જરાસંધે કૃષ્ણની ઉપર બાણોનો વરસાદ વરસાવ્યો. પોતાના જ ચક્રથી પ્રતિવાસુદેવનું મૃત્યુ થાય છે આ પ્રમાણેના આગમ વચનોને સત્ય કરવાને માટે કૃષ્ણે તેની ઉપર ચક્ર ચલાવ્યું. તે ચક્ર જરાસંધનો શિરચ્છેદ કરીને વાસુદેવ કૃષ્ણના હાથમાં પાછું આવ્યું. કૃષ્ણના અપૂર્વ બળને જોઇ દેવતાઓએ કૃષ્ણની ખુબ પ્રશંસા કરી અને તેમની ઉપર પુષ્પ વૃષ્ટિ કરી. ત્રણે લોકમાં કૃષ્ણના અભ્યુદયની જાહેરાત કરતા દેવોએ દુંદુભિના વાજીંત્રોથી જગતને શબ્દમય બનાવી દીધું.

ત્યારબાદ નેમિનાથે જે રાજાઓને રોકી રાખ્યા હતા તેઓને છોડી મૂકયા. તે બધા રાજાઓએ નેમિનાથને વિનંતિ કરી કે કૃષ્ણ અમારો વધ કરી નાખશે. આપે અમને રોકી રાખ્યા હતા એટલે જ અમે જીવતા રહી ગયા છીએ પરંતુ કૃષ્ણ અમારી ઉપર ક્રોધ કરીને અમોને મારી નાખશે માટે આપ અમને બચાવી લેવાનો ઉપાય કરજો. તેઓને બચાવવાની પ્રતિજ્ઞા કરીને, તે રાજાઓને સાથે લઇને નેમિનાથ કૃષ્ણની પાસે આવ્યા. કૃષ્ણ અને નેમિ-

કુમાર એક બીજાને ભેટી પડયા. તે બન્નેની આંખો પરસ્પર મળી. બન્ને ભાઇઓએ યુદ્ધ સંબંધી વાતો કરીને કૃષ્ણને ખુશ કર્યા. નેમિકુમારે સાથે લાવેલા રાજાઓને કૃષ્ણ પાસેથી અભયદાન અપાવ્યું.

વચમાંજ મહામંત્રીએ જરાસંધના પુત્ર સહદેવને કૃષ્ણની પાસે લાવી મૂકયો. કૃષ્ણે તેને મગધનો નવો રાજા બનાવ્યો. અનાધૃષ્ટિએ યુદ્ધમાં ઘાયલ સુભટોની ચિકિત્સા કરી સમુદ્રવિજયની આજ્ઞાથી યુદ્ધમાં મરેલા સૈનિકોના આગ્નેયાસ્ત્રથી અનાધૃષ્ટિએ અગ્નિસંસ્કાર કર્યા. કૃષ્ણે સહદેવ વિગેરે રાજાઓને વિદાય કરી કુલવૃદ્ધાથી મંગળ કરેલી શિબિરમાં પ્રવેશ કર્યો. તે વખતે પુત્રો, ભાઇઓ, પૌત્રોથી પરિવરેલા સમુદ્રવિજય અધિક શોભાયુક્ત દેખાતા હતા. યાદવો, બળદેવ, કૃષ્ણ અને નેમિકુમારને ઉત્તરોત્તર અધિક બળવાન માનવા લાગ્યા. અનુક્રમે માતાઓએ તેમને આશિર્વાદ આપ્યા. નેમિકુમારની આજ્ઞા લઇ ઇન્દ્રના રથનો સારથિ સ્વર્ગલોકમાં ગયો. હર્ષથી રોમાંચિત બનેલા સારથિએ ઇન્દ્રને બધી વાત કરી.

એક દિવસ સમુદ્રવિજય રાજા જ્યારે સભામાં બેઠેલા હતા તે વખતે યાદવોએ તુરી નામના વાજીંત્રનો અવાજ સાંભળ્યો. તે લોકોએ લાખો વિમાનોને આકાશમાં જોયા. શાંબપ્રદ્યુમ્ન સહિત વસુદેવે વિમાનમાંથી ઉતરીને સમુદ્ર-વિજયને નમસ્કાર કર્યો. બળદેવ વિગેરે બધા રાજકુમારોએ વસુદેવને નમસ્કાર કર્યા. શાંબ પ્રદ્યુમ્ને બીજા વૃદ્ધોને નમસ્કાર

કર્યો. પ્રદ્યુમ્ને બધા વિદ્યાધરોની ઓળખાણ કરાવી અને વિદ્યાધરોએ સમુદ્રવિજયને નમસ્કાર કર્યો. ઉગતા સૂર્યસમાન તેજસ્વી કૃષ્ણના કૌસ્તુભરત્નને લજ્જા પમાડે તેવા અણમોલ રત્નો ભેટ આપ્યા. કૃષ્ણે તેમનો વચન તથા ક્રિયાદ્વારા ઉચિત સત્કાર કર્યો. ક્રિયાકુશળ કૃષ્ણે યુદ્ધમાં મરી ગએલાં પોતાના વીર સૈનિકોનું પ્રેતકાર્ય કર્યું. બીજા લોકોએ પોતપોતાના સંબંધીઓના પ્રેતકાર્ય કર્યા. જીવયશાએ પણ કુલના ક્ષયને જોઈ પિતા તથા પતિને સાથે જ જલાંજલિ અર્પણ કરી.

ત્યાર બાદ ઈન્દ્રસમાન કૃષ્ણે ભરતના ત્રણ ખંડ જીતવાને માટે પ્રસ્થાન કર્યું. કારણ કે વાસુદેવોનો આ પ્રમાણે ક્રમ હોય છે. વાસુદેવે ત્રણે ખંડના રાજાઓને જીતી લઈ પોતાના ખંડિઆ બનાવ્યા. વિજય યાત્રા કરતાં કરતાં વાસુદેવ કૃષ્ણ એક યોજન લાંબી, એક યોજન પહોળી, એક યોજન જાડી એવી કોટીશિલા પાસે આવ્યા. કારણ કે તે શિલાથી વાસુદેવના બળની પરીક્ષા થાય છે. બધા રાજાઓની સામે વાસુદેવ કૃષ્ણે તે કોટીશિલાને ઉચકી લીધી. ત્યાર બાદ જયજયનાદપૂર્વક દેવોએ અને વિદ્યાધરોએ કૃષ્ણની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. છ મહિનામાં ત્રિખંડ ભૂમિ ઉપર વિજય મેળવીને બધા રાજાઓની સાથે કૃષ્ણે દ્વારિકા તરફ પ્રયાણ કર્યું. અનેક પ્રકારની ધ્વજા ફરકાવતા કમાનોથી આજે દ્વારિકા શોભતી હતી. મંગળ વાદ્યો જગાએ જગાએ વાગી રહ્યા હતા. દરેક સ્થળે

નગરની સ્ત્રીઓ પુષ્પવૃષ્ટિ કરતી હતી. શ્રીકૃષ્ણે બધા રાજાઓ સહિત દ્વારિકા નગરીમાં પ્રવેશ કર્યો. વાસુદેવ શ્રીકૃષ્ણના રાજ્યાભિષેકને માટે દેવતાઓએ માગધ, વરદામ, પ્રભાસ, તીર્થોના પવિત્ર જળ લાવીને આપ્યા.

ત્યાર બાદ સમુદ્રવિજય, વસુદેવ, બલભદ્ર, યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન નકુલ, સહદેવ, અનાધૃષ્ટિ તથા અન્ય કુમારો સહિત આવેલા સોળ હજાર રાજાઓ, અર્ધભરત વાત્સલ્ય દેવતાઓ, વિદ્યાધરો વિગેરેએ સુવર્ણના, રત્નના જલ સહિત કળશોથી ઉંચા આસન ઉપર બેઠેલા વાસુદેવ કૃષ્ણનો અભિષેક કર્યો. શિવાદેવી, રોહિણી, દેવકી, કુન્તી, વિગેરે દેવીઓએ માંગલિક ગીત ગાયાં. તે વખતે રાજાઓએ કૃષ્ણને હાથી, ઘોડા, રત્નો તથા કન્યાઓ ભેટણામાં આપી. અભિષેક મહોત્સવની પૂર્ણાહુતિ બાદ વિષ્ણુએ બધા રાજાઓ તથા પધારેલ વિદ્યાધરોને સત્કાર કરીને વિદાય કર્યા.

યુધિષ્ઠિરના પ્રત્યેનું બહુમાન બતાવવા માટે ઘણા રાજાઓએ હાથી, ઘોડા વિગેરે લઈને હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું. પાંડવોના આગ્રહથી બળરામ, નેમિકુમાર, અનાધૃષ્ટિ, પ્રદ્યુમ્ન વિગેરે કુમારો પણ તેમની સાથે ચાલ્યા. ચિત્રાંગદ વિગેરે વિદ્યાધરો પણ અર્જુનની સાથે ચાલ્યા. કુન્તીની સાથે શિવાદેવી, રોહિણી, દેવકી વિગેરે પણ ચાલ્યા. કૃષ્ણની આજ્ઞાથી વિદ્યાધરોએ આગળ જઈને પાંડુરાજાને પાંડવોના આગમનના સમાચાર આપ્યા. નાગરિકોની સાથે પાંડુરાજા પુત્રોનું સ્વાગત કરવા નગર

બહાર આવ્યા. પુત્રોને જોઈ માદ્રી ખૂબ જ હર્ષિત બની અશ્રુ વહાવવા લાગી. વાહનોમાંથી નીચે ઉતરીને માતા પિતાને પાંડવો પગે લાગ્યા. માદ્રીએ કુન્તીને નમસ્કાર કર્યા. નગરને અલકાપુરી સમાન શોભાયમાન શણગારેલ હતું. યુધિષ્ઠિરને સ્નાન કરાવી સુંદર વસ્ત્રાલંકારોથી વિભૂષિત કરી કુન્તીએ તેમના મસ્તક ઉપરથી લવણ ઉતારીને ચારે દિશામાં થોડું થોડું નાખ્યું.

ત્યાર બાદ ઐરાવત સમાન હાથી ઉપર ઈન્દ્રની જેમ યુધિષ્ઠિર બેઠા. યુધિષ્ઠિરની સાથે પાંડુરાજા, બાજુમાં કૃષ્ણ, ભીમ વિગેરે ભાઇઓ જુદાં જુદાં હાથી ઉપર બેસીને પાછળ ચાલવા લાગ્યા. નગરના દરેક ચોકમાં, ઝરૂખાઓમાં, ઘરે ઘરમાં માંગલિક ઉપચાર કરતા નગરજનો યુધિષ્ઠિર વિગેરેની ઉપર કંકુ, અબિલ, ગુલાલ અને પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. આ પ્રમાણે યુધિષ્ઠિર વિગેરેએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

મહેલમાં પ્રવેશ કરતી વખતે કુન્તીએ દહીં, દુર્વા, અક્ષત વિગેરેથી મંગળ કર્યું. ત્યાર બાદ પાંડુરાજા તથા કૃષ્ણે યુધિષ્ઠિરને રાજ્ય સિંહાસન ઉપર સ્થાપિત કર્યા. રાજાઓએ ભેટમાં આપેલા હાથીઓની ગર્જનાથી મંગળ-મય વાદ્યોના અવાજથી હસ્તિનાપુર શબ્દમય બની ગયું. કૃષ્ણે યુધિષ્ઠિરના મસ્તક ઉપર મુગટ પહેરાવ્યો. પ્રજા યુધિષ્ઠિર ઉપર અનુરાગવાળી બની. કૃષ્ણે યુધિષ્ઠિર જેવા પુત્રરત્નને જન્મ આપવા કુન્તીની ખૂબ જ પ્રશંસા કરી.

યુધિષ્ઠિરે જેવી રીતે પાંડુ કુન્તીની ભક્તિ કરી તેવી જ રીતે ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીની પણ ભક્તિ કરી.

બીજે દિવસે કૃષ્ણ જ્યારે દ્વારકા જવાને તૈયાર થયા ત્યારે યુધિષ્ઠિરે સભામાં હાથ જોડીને કૃષ્ણને વિનંતિ કરી કે આપની સહાયતાથી અમે ફરીથી હસ્તિનાપુરનું સામ્રાજ્ય પ્રાપ્ત કરી શકયા છીએ. આ બધું આપનું જ છે. હું આપની કઈ વસ્તુથી ભક્તિ કરૂં ? એમ કહીને યુધિષ્ઠિરે સુવર્ણ રત્ન હાથી ઘોડા વિગેરે કૃષ્ણને ભેટમાં આપ્યું. અને કહ્યું કે આપ અમને કદાપિ ભુલશો નહિ. કૃષ્ણે કહ્યું કે તમે મને બધું જ આપ્યું છે. જીવનભર આપ વિજયને પ્રાપ્ત કરો. આ પ્રમાણે યુધિષ્ઠિરને કહી કૃષ્ણે દ્વારકા તરફ પ્રયાણ કર્યું.

કૃષ્ણને ઘણે દૂર સુધી મૂકી આવી દુઃખિત હૃદયે યુધિષ્ઠિર પાછા ફર્યા. પાંડવોની વાતો કરતા કૃષ્ણ વિગેરે દ્વારકામાં આવી પહોંચ્યા. પાંડવોએ ચિત્રાંગદ વિગેરેનો સત્કાર કરી વિદાયગિરિ આપી. ત્યાર બાદ યુધિષ્ઠિરે નગરમાંથી સાતે વ્યસનોને દૂર કરાવ્યાં. અમારીની ઘોષણા કરાવી. ધર્મનું જીવન જીવદયા પાળવા માટે ઢંઢેરો બહાર પાડયો. ગરીબ અનાથો માટે ભોજનાલયો ખોલાવ્યાં. તમામ જિનમંદિરોમાં જિનેશ્વર પ્રભુના બિંબના દર્શન કર્યા. હસ્તિનાપુરથી આવી નાસીકમાં ચંદ્રપ્રભુજીના જિનાલયમાં પૂજા મહોત્સવ કરાવ્યો.

ચૌદમો સર્ગ સમાપ્ત :

સર્ગ : ૧૫મો

બીજે દિવસે દીક્ષિત પિતામહને નમસ્કાર કરવાની ભાવનાથી ભાઇઓ સહિત રાજા યુધિષ્ઠિરે નાગરિકોને જવા માટે આદેશ આપ્યો. હાથી ઘોડા રથ વિગેરે વાહનો ઉપર બેસીને નાગરિકો રાજદ્વાર પાસે આવ્યા. દેવમણિ વગેરે અનેક લક્ષણોથી શોભતા પંચકલ્યાણ અશ્વ ઉપર રાજા યુધિષ્ઠિર બેઠા. જેમ ચંદ્રની પાછળ નક્ષત્રો હોય છે તેમ ગાંગેયનિ મુનિને વંદન કરવા માટે જતા યુધિષ્ઠિર રાજાની પાછળ નાગરિકો ચાલ્યા. મુનીશ્વર જે પહાડ ઉપર સમવસર્યા છે તે પહાડની તળેટીમાં પોતાની સેનાનો પડાવ નાખ્યો. ત્યાંથી પગપાળા ચાલતા રાજાએ પર્વતની ઉપર જઈને આત્મધ્યાનમાં લીન, બાણશૈયા ઉપર સૂતેલા ગાંગેય મુનિને જોયા. તે વખતે કમળના જેવા કોમળ હાથ વડે ગ્લાન મુનિવરની સેવામાં કુશળ બીજા મુનિઓ ભીષ્મમુનિના અંગોનું સંવાહન કરી રહ્યા હતા. આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિજીના ઉપદેશથી આત્મા અને શરીરના ભેદને જાણવાવાળા ગાંગેયમુનિને જોયા. તેમના શરીરના ડાબા ભાગમાં ભવભ્રમણ અટકાવવામાં પ્રધાન મુદ્ગર સમાન સુંદર રજોહરણ શોભતું

હતું. દેવતા તથા ગંધર્વોની મંડલી શ્રદ્ધાથી તેઓને પ્રણામ કરી રહી હતી, તે વખતે ગાંગેયમુનિ આનંદમગ્ન હતા. તેમની આંખો નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર હતી.

પિતામહને આ અવસ્થામાં જોઈને પાંડવોની આંખો આનંદ અને શોકથી શીતળ અને ગરમ પાણીથી ભરાઈ આવી. રાજાએ મુકુટ, પાદુકા, છત્ર, ચામર, કીરપાણુને દૂર કરી દૂરથી પાંચ અભિગમ સાચવ્યા. હાથ જોડી રાજાએ નૈષેધિકી પૂર્વક અવગ્રહ કર્યો. ત્રણ પ્રદક્ષિણા દેઈ યુધિષ્ઠિર મુનીશ્વરના ચરણમાં પડયા. તેમના વાત્સલ્યનું સ્મરણ કરીને બીજા ચાર ભાઈઓએ પણ તેમના ચરણો ઉપર પોતાનાં મસ્તક મૂકયાં. તે લોકોએ પોતાના આંસુઓથી ગાંગેયમુનિને પ્રક્ષાલન કર્યું. ભક્તિ ભાવથી વિશુદ્ધ પાંડવોને મુનીશ્વરે ભવતારક ધર્મલાભ આપ્યો.

પાંડવો પણ હર્ષથી તેમની સામે બેસી ગયા. મુનીશ્વરે નાસિકાના અગ્રભાગથી પોતાના નયનોને ખેંચી પાંડવો તરફ દૃષ્ટિપાત કર્યો. મહાન આત્માઓ પરમાર્થમાંજ પોતાના મનને ઉદ્યમી રાખે છે. મુનિપુંગવે જન્મભર મનુષ્યના સંપર્કથી કર્કશ બનેલા હાથને વારંવાર પાંડવોની પીઠ ઉપર ફેરવ્યો.

ગાંગેયમુનિની અમૃતમયી દૃષ્ટિથી શાંતિ અનુભવતા રાજા યુધિષ્ઠિરે વિનંતિ કરી કે પ્રભુ આપના ઉપાસનામય અમૃત સાગરમાં અનેક પાપોથી કાદવમાં પડેલો મારો આત્મા પવિત્ર બને, તાત ! મારી તૃષ્ણાએ વિવેક નામના

બજાનાને લુંટી લઈ રાજ્યની ખાતર મારા ભાઇઓનો મેં નાશ કર્યો છે. બંધુવધના પાપથી મેળવેલા આ રાજ્યને ધિક્કાર છે. યશ અને ધર્મનો નાશ કરીને મેળવેલી સંપત્તિ તે સંપત્તિ નથી. હાય ! ગાંધારી, ધૃતરાષ્ટ્રને મેં આપેલ દુઃખનું વર્ણન શબ્દથી થઈ શકે તેમ નથી. માટે આપ કાંઈક ઉપદેશ આપી અમને કૃતાર્થ કરો, જેનાથી બાંધવધ્વંસથી પ્રાપ્ત થનાર નરકાવાસથી હું મુક્ત બની જાઉં. પ્રથમ આપે રાજ્યધર્મોચિત ઉપદેશ આપ્યો હતો તે આજે પણ મારા અંતરમાં વિદ્યમાન છે. માટે આપ કૃપા કરીને હમણાં પણ એવી જ રીતે ધર્મોપદેશ આપો કે જેથી મારૂં કલ્યાણ થઈ જાય.

રાજાની વિનંતિ સાંભળી ગાંગેયનિ મુનિએ તેમની તરફ દૃષ્ટિ કરીને કહ્યું કે પહેલાં તો મેં રાજ્યોચિત ઉપદેશ આપ્યો હતો. ઋષિઓને રાજ્યોચિત ઉપદેશ આપવો અનુચિત છે. માટે હમણાં ધર્મ મોક્ષનો ઉપાય બતાવું છું

દાન, શીલ, તપ, ભાવ એ ચાર ધર્મ છે. ચારે વર્ણને માટે કલ્યાણકારી છે. સ્વર્ગ અને મુક્તિના હેતુરૂપ દાન છે. જેના બળથી ગૃહસ્થો પણ ભવસાગર પાર ઉતરી જાય છે. જેમાં પ્રથમ સુપાત્રદાન છે. જે દાન સદ્‌ગુરૂઓનો સમાગમ કરાવે છે. બોધિબીજની પ્રાપ્તિ કરાવે છે. યોગ્ય સમયે સુપાત્રને દાન આપવું જોઈએ. જે દાન કર્મથી મુક્ત બનાવીને મોક્ષ અપાવનારૂં છે.

બીજું અભયદાન છે. ઉદારતાપૂર્વક આપેલા રત્નના ઢગલા કરતાં પણ એક જીવને મૃત્યુ ભયમાંથી બચાવવાથી આ આત્માને મુક્તિ સુખના હેતુરૂપ થાય છે. તેને અભયદાન કહેવામાં આવે છે. સાધુઓને આગમાર્થ પ્રાપ્ત કરાવવામાં સહાયતા કરવાથી જે લાભ થાય છે તેને જ્ઞાનદાન કહેવાય છે. કર્મક્ષયના માટે મનની પ્રસન્નતાથી દાન આપવું જોઈએ. દેશવિરતિ અથવા સર્વવિરતિદ્વારા બ્રહ્મચર્યનું પાલન કરવું તેને શીલ કહે છે. જેના બળથી અનેક સ્ત્રી તથા પુરૂષો ભવસાગર પાર ઉતરી ગયા છે. દાન તો પામર આત્મા પણ આપી શકે છે. જ્યારે શીયળનું પાલન તો બધાને માટે કઠણ છે. છ પ્રકારના બાહ્ય તથા છ પ્રકારના અભ્યંતર તપ શાસ્ત્ર પ્રસિદ્ધ છે. તપ આ ભવમાં પણ ઇષ્ટસિદ્ધિ આપે છે તેમાં દૃષ્ટાંતરૂપ જયદ્રથને જુઓ.

દ્રૌપદીહરણના સમયે આપ લોકોથી પરાભવ પામીને આપ સર્વને મારવા માટે તે દુષ્ટે ભયંકર તપ કર્યો. તેના તપથી સંતોષ પામીને કોઈ દેવતાએ તેની પાસે આવી વરદાન માગવા માટે કહ્યું ત્યારે જયદ્રથે કહ્યું કે આ તપનું જો કોઈ પણ ફળ હોય તો પાંડવોને મારવાની મને શક્તિ પ્રાપ્ત થાય, ત્યારે દેવતાએ કહ્યું કે વત્સ! તારી વાત બરાબર નથી. કેમકે ખુદ ઈન્દ્ર પણ પાંડવોને જીતવામાં સમર્થ નથી. પાંડવો તો વ્રત ગ્રહણ કરીને ભગવાન નેમિનાથના તીર્થમાં મુક્તિએ જવાના છે. માટે

તમે પાંડવોને મારી શકવાના નથી. પરંતુ ચક્રવ્યુહ જ્યારે રચાશે ત્યારે એક દિવસને માટે તમો પાંડવોને રોકી શકશો. આ પ્રમાણે કહી તે દેવતા પોતાના સ્થાને ચાલ્યો ગયો. યુદ્ધના સમયે જયદ્રથે જે કંઈ કર્યું તે વાત તમો સારી રીતે જાણો છો.

હે કુન્તીના પુત્રો! મેં તમોને તપનું માહાત્મ્ય બતાવ્યું. હવે બધા ધર્મોમાં શ્રેષ્ટ ભાવધર્મને સાંભળો, સિદ્ધરસની સમાન ભાવ અત્યંત દુર્લભ છે. દાન વિગેરે પણ ભાવસહકારથીજ કલ્યાણકારી બને છે, તેજ ભાવના બળથી ચારિત્રનો પરિપાક થાય છે. તેમાંથીજ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ચારિત્ર લીધા પછી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ બાદ મેં તમને ધર્મ અને મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે. હે કૌન્તેય! તમે પણ અવશ્ય વિધિપૂર્વક ધર્મ મોક્ષની આરાધના કરશો, કે જેનાથી તમે યુદ્ધમાં લાગેલા પાપથી મુક્ત બની શકશો.

ગાંગેયનિ મુનિની ધર્મ મોક્ષમય દેશનાને સાંભળી મેઘની ગર્જનાથી મોરલાઓ નાચી ઉઠે તેવી રીતે હૈયામાં અત્યંત ભાવોલ્લાસથી યુધિષ્ઠિર નાચી ઉઠયા. તેઓએ કહ્યું કે પ્રભુ! આપે મને સુંદર ઉપદેશ આપ્યો છે. હવે હું આપની કૃપાથી કૃતકૃત્ય બન્યો છું.

એટલામાં ભદ્રગુપ્તાચાર્યે ભીષ્મમુનિને કહ્યું કે મહાભાગ! હવે આપનો અંતિમ સમય આવી ગયો છે.

માટે કુરૂશ્રેષ્ટ! ફરીથી તમે તમારી આરાધનામાં સ્થિર બનો. કેમકે સતત અભ્યાસથી યોગમાં સ્થિર બની શકાય. ગુરૂ મહારાજના આદેશને પ્રાપ્ત કરી પ્રસન્ન બનેલા ગાંગેયમુનિએ મુનીશ્વરની સ્તુતિ કરી અને ફરીથી વિધિપૂર્વક પોતાની આરાધનામાં લીન બન્યા.

આઠ પ્રકારના જ્ઞાનાચારમાં કોઇ પણ કારણથી કે કોઈ પ્રકારથી અતિચાર લાગ્યા હોય તો શુદ્ધ મનથી હું ત્રણ વખત તેની નિંદા કરૂં છું. આઠ પ્રકારના દર્શનાચારમાં જે કોઈ અતિચાર લાગ્યા હોય તેની હું નિંદા કરૂં છું. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ જે અષ્ટ પ્રવચનમાતા કહેવાય છે. તદ્રુપ ચારિત્રાચારમાં જે કોઇ અતિચાર લાગ્યો હોય તેની હું નિંદા કરૂ છું. છ બાહ્ય અને છ અભ્યંતર તપમાં લાગેલા અતિચારની હું નિંદા કરૂં છું. છતી શક્તિએ અનુષ્ઠાન કરવામાં ઢીલાશ કરી હોય તો હું તે વીર્યાચાર સંબંધી જે કોઇ અતિચાર લાગ્યો હોય તેની નિંદા કરૂં છું. સુક્ષ્મ, બાદર, સ્થાવર, ત્રસ, જીવોનો મેં ઘાત કર્યો હોય તો તેની હું નિંદા કરૂં છું. હાસ્ય, લોભ, ભય, ક્રોધથી મેં જે કંઈ પરપીડાકારી કાર્ય કર્યું હોય તેને મિચ્છામિ દુક્કડં આપું છું. થોડું અથવા વધારે અદત્તાદાન મેં ભોગવ્યું હોય તેની હું વારંવાર નિંદા કરૂં છું. તિર્યંચ, મનુષ્ય આદિ ભવોમાં મેં જે કંઈ મૈથુન સેવ્યું હોય તેની હું નિંદા કરૂં છું. મેં વસ્તુ, ધાન્ય, દ્વિપદ ચતુષ્પદ ઉપર જે મમત્વ સેવ્યું હોય તેની હું નિંદા કરૂં છું. મેં રાત્રિના

સમયે ચારે પ્રકારના આહાર લીધા હોય તેની નિંદા કરૂં છું. ખરાબ વચન, અપકાર, દ્રવ્યાપહાર, વિગેરેથી મેં જેને પીડા આપી હોય તે બધા મને ક્ષમા કરો. ચારે ગતિમાં ભમતાં બીજા જીવોને મેં ત્રાસ આપ્યો હોય તો તે જીવોને હું મિચ્છામિ દુક્કડં આપું છું. કોઈ પણ પ્રાણીઓને રોગ, જન્મ, જરા અને મૃત્યુના મુખમાંથી જૈનધર્મ સિવાય કોઈ બચાવી શકે તેમ નથી. સંસારના તમામ પદાર્થો આત્માથી ભિન્ન છે, કોઈ પણ વિવેકી આત્માએ તેમાં મમત્વ રાખવો નહિ. લોહી, માંસ, હાડ, વિષ્ટા અને મુત્રથી ભરેલા આ અશુચિના ભંડારમાં કોણ વિદ્વાન આત્મા મોહ રાખે ! અર્હત્ ધર્મ મારૂં શરણ છે. પંચપરમેષ્ઠિને જ હું મારા નમસ્કાર કરૂં છું. બાહ્ય અને અભ્યંતર તમામ પ્રકારની કર્મબંધના હેતુરૂપ ઉપાધિઓને હું છોડું છું. ચાર પ્રકારના આહારને હું છોડું છું. સમાધિના અંતિમશ્વાસે હું આ શરીરને છોડું છું.

આ પ્રમાણે આરાધના કરીને ગાંગેયનિ મુનિએ પોતાના ગુરૂ, સાધુ સાધ્વીઓને મિચ્છામિ દુક્કડં આપ્યા. અશ્રુ સારતા પાંડવોએ ચરણો પર પડીને મુનિરાજને વિનંતી કરી કે તાત ! બાલ્યાવસ્થાથી તમે અમોને પાલનપોષણ કરી મોટા કર્યા. આપની કૃપાથી અમે વૃદ્ધિ પામ્યા. આપેજ અમને તમામ કલાઓ દ્રોણાચાર્યની પાસેથી અપાવી. યુદ્ધમાં અમોએ જે અપ્રિયકાર્ય કર્યું તે આપ અમને ક્ષમા કરશો. અર્જુને ખેદ પ્રગટ કર્યો.

મુનિરાજે તેમની પીઠ ઉપર પોતાનો હાથ રાખીને તેમની ઉપર પોતાની પ્રસન્નતા બતલાવી. શુકલધ્યાનને ધરતા પંચપરમેષ્ઠિના ધ્યાનમાં લીન થએલા ગાંગેયમુનિ માસ ક્ષમણના તપથી તપતાં કાળધર્મ પામીને અચ્યુત દેવ-લોકમાં ગયા. દેવો, વિદ્યાધરો તથા પાંડુપુત્રોએ ગોશીર્ષ-ચંદન વિગેરેથી તેમનો અગ્નિ સંસ્કાર કર્યો. પાંડવોને ઉપદેશ આપી ભદ્રગુપ્તાચાર્ય વિહાર કરી ગયા. દેવો, ગાંધર્વો, વિદ્યાધરો પોતપોતાના સ્થાને ગયા.

પંદરમો સર્ગ સંપૂર્ણ :

સર્ગ : ૧૬મો

એક વખત કૃષ્ણ મહારાજાનો કૌરક નામનો દૂત સભામાં સિંહાસન ઉપર બીરાજમાન યુધિષ્ઠિરની પાસે આવ્યો. પ્રણામ કરીને બાજુના આસન ઉપર બેઠો. પૂર્વ પરિચિત કૌરકને રાજાએ પ્રિયવચનો દ્વારા આવવાનું કારણ પૂછયું તેણે કહ્યું દેવ! આપલોકની પૂજા પ્રાપ્ત કરીને અહિંથી પ્રયાણ કરીને અલકા–અમરાવતીને જીતવાવાળી પોતાની દ્વારકા નગરીમાં વાસુદેવ શ્રીકૃષ્ણે પ્રવેશ કર્યો. બંદીલોગ, કંસધ્વંસી, જરાસંધદંડદાયી, પાંડવપ્રિય વિગેરે બિરૂદાવલીઓથી તેમની પ્રસંસા કરવા લાગ્યા. શત્રુસંહારકારી કૃષ્ણ દ્વારા રાજધંતી બનાવવામાં આવેલી દ્વારકા–નગરીમાં નિર્ભય બનીને યાદવગણ અનેક પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યા. નવવધુ પ્રિયાની સાથે ઘણા લોકો ઉદ્યાનોમાં વિચરવા લાગ્યા. ઘણા લોકો ક્રીડાપર્વતોમાં વિહરવા લાગ્યા. અત્યંત ગુણશાળી શ્રીમાન નેમિકુમાર શાંત ચિત્તવાળા હોવાથી અન્યકુમારોની જેમ ક્યાંય પણ જતા નથી.

નેમિકુમારને વિષયવિમુખ તથા અલૌકિક જોઈને દુઃખી થતી શિવાદેવીએ સમુદ્રવિજય રાજાને કહ્યું કે

દુનિયામાં એ માતાઓ ધન્ય છે કે જે વધુઓની સાથે ક્રીડાઓ કરતા પુત્રોને જોઇ આનંદ પામે છે. આ જગતમાં હું એકલી અભાગણી છું કે હજુસુધી મેં પુત્રવધુનું મુખ પણ જોયું નથી. માટે આર્યપુત્ર ! આપ પુત્રને સમજાવી તેના લગ્ન જલ્દીથી કરાવી નાખો. ત્યારબાદ સમુદ્રવિજયે પુત્રને બોલાવી એકાન્તમાં શિવાદેવીની સમક્ષ પ્રેમથી કહ્યું કે વત્સ ! તું તો અમારા બન્નેનું સર્વસ્વ છે. તું તો અમારૂં જીવન છો. ભાગ્ય, સૌભાગ્ય, સૌંદર્યથી તું ત્રણે લોકમાં અલૌકિક છો. તું અમને બન્નેને આનંદ આપનારો છે, પરંતુ પુત્રવધૂની સાથે તને જોવાથી અમને ખૂબજ આનંદ થશે. કુમારે પણ હસીને કહ્યું કે હું લગ્નનો વિરોધી નથી. પરંતુ આજસુધી મેં મારા યોગ્ય સ્ત્રી જોઈ નથી. કુમારની વાત સાંભળી શિવાદેવીએ કહ્યું કે વત્સ ! સુંદરતામાં અપ્સરાઓને જીતનારી ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી ગુણોથી પણ તારા માટે સર્વથા યોગ્ય છે. માટે તું તેની સાથે તારા લગ્ન કર. નેમિકુમારે કહ્યું કે માયા ચતુર સ્ત્રીઓ તો ઘણી છે પરંતુ હું શુદ્ધ હૃદયવાળી હંમેશાં આનંદ સુધા નદીરૂપ અનેક સ્ત્રીઓની સાથે આપની આજ્ઞાથી વિવાહ કરીશ. હમણાં થોડા સમય સુધી તમો લગ્નની પ્રતીક્ષા કરો. આ પ્રમાણે માતાપિતાને સંતોષ આપીને નેમિકુમાર સદાચારથી પોતાનો સમય વ્યતિત કરવા લાગ્યા.

એક દિવસ કૃષ્ણ જ્યારે રાજાઓથી ભરેલી સભામાં બિરાજમાન હતા એટલામાં એક મોટો અવાજ થયો. જેનાથી મોટા મોટા મહેલો તૂટવા લાગ્યા. આલાનસ્તંભથી હાથીઓ ભાગવા લાગ્યા, અશ્વશાળામાંથી ઘોડાઓ પણ ભાગવા લાગ્યા.

બળરામ અને કૃષ્ણ પણ આશ્ચર્યમાં પડી ગયા, સભાજનો પણ મૂર્ચ્છિત બનીને પડી ગયા. ક્ષોભ અને વિસ્મયતાથી કૃષ્ણે વિચાર કર્યો કે આ વજ્રનો અવાજ છે ? શું પ્રલય કાળના મેઘની ગર્જના છે. અરે ! આ તો પંચજન્ય શંખનો ગંગનભેદી અવાજ છે. પરંતુ મારા સિવાય પાંચજન્ય શંખને કોઇ વગાડી શકે તેમ નથી જ્યારે કૃષ્ણ અનેક તર્ક વિતર્ક કરતા હતા. એટલામાં ચારૂકૃષ્ણ આયુધાગાર રક્ષકે આવી પ્રણામ કરીને કૃષ્ણને કહ્યું કે દેવ ! કુમારોની સાથે નેમિકુમારે આપની જેમ આયુધાગારમાં પ્રવેશ કર્યો છે અને તેઓએ સુદર્શન સારંગ ગદા નંદકની તરફ જોઈને પાંચજન્ય શંખની તરફ વારંવાર જોયું અને તેને ફૂંકવાને માટે હાથમાં લીધેા. ત્યારે મેં કહ્યું કે કુમાર ! આપ ફોગટ શા માટે પ્રયત્ન કરેા છેા ? વજ્રન પણ એવું ઊંચકવું જોઈએ કે કોઇ આપણી મશ્કરી પણ ન કરે ! વાસુદેવ સિવાય કોઇપણ બીજો માણસ પાંચજન્યને ઊચકી શકતેા નથી, તેા પછી ફુંક મારીને વગાડવાની તેા વાત શું કરવી ! મેં આ પ્રમાણે ના કહી તેા પણ નેમિકુમારે સફેદ કમળની જેમ તે શંખને હાથથી ઉપાડયેા. નેમિકુમારના હાથમાં તે શંખ રક્તકમળની પાંખડીઓની ઉપર કલહંસની જેમ શેાભવા લાગ્યેા. જ્યારે તેઓએ શંખને ફૂંકયેા ત્યારે અમે બધા આશ્ચર્ય ચકિત બનીને મૂર્છાવસ્થામાં આવી પડયા. જ્યારે ભાનમાં આવ્યેા ત્યારે હું આપની પાસે આવ્યેા. આ પ્રમાણે

કહીને તેના ગયા પછી કૃષ્ણને આનંદની સાથે ચિંતા થવા લાગી.

અમારા કુળમાં નેમિકુમાર ચક્રવર્તિ ઉત્પન્ન થયા છે. પાંચજન્યને જ્યારે હું વગાડતો હતો ત્યારે પણ આવો અવાજ આવતો નહોતો. ભૂમંડલ ઉપરના તમામ કુળોમાં, વંશમાં હરિવંશ અલંકાર રૂપ છે. તેમાં પણ આવા નરરત્નોથી હરિવંશ શણગારાએલ છે. એટલામાં ઉત્સુકતારહિત તથા નિરભિમાન નેમિકુમાર પણ સભામાં આવી પહોંચ્યા.

ભાઈ ઉપરના અપૂર્વ પ્રેમથી કૃષ્ણે નેમિકુમારને પૂછયું કે ભાઇ ! તમે પાંચજન્ય શંખ વગાડયો તેથી બલરામ જેવા વીરપુરૂષ ક્ષોભ પામ્યા તો પછી બીજા રાજાઓની વાત શું કરવી ! એટલા માટે તમારા બાહુ-બળની પરીક્ષા કરવાની મને ઈચ્છા થઇ છે. થોડીવાર માટે આપણે બંને આપણા બળની કસોટી કરી લઇએ. નિર્વિકાર નેમિકુમારે કૃષ્ણની વાતનો સ્વીકાર કર્યો.

બળરામને મધ્યસ્થ બનાવીને નેમિકુમારનો હાથ પકડી કૃષ્ણ અખાડા તરફ ચાલવા લાગ્યા. કૃષ્ણના નિશ્ચયને જાણી અપરિમિત ભુજા બળવાળા નેમિકુમારે ગંભીરતાથી કહ્યું કે ભરતાર્ધપતિ ! આ યુદ્ધ તો પામ-રોનું છે. ફોગટ શરીરને ધૂળથી શા માટે બગાડવું ? માટે મોરારિ ! ફક્ત ભુજબળથી જ આપણા બંનેના બળની પરીક્ષા કરી લઈ એ. નેમિકુમારની વાતનો સ્વીકાર

કરીને કૃષ્ણે લક્ષ્મીરૂપ હાથણીના સુંદર આલાનરૂપ ત્રિખંડ રક્ષા સમર્થ પોતાની ભુજા પકડવાને માટે લાંબી કરી. નેમિકુમારે કૃષ્ણની ભુજાને કમળની નાળની માફક વાળી નાખી. નેમિકુમારે પર્વતેન્દ્રની સમાન પોતાનો હાથ લાંબો કર્યો. પ્રથમ તો કૃષ્ણ અવહેલનાથી નેમિકુમારના હાથને પોતાના સ્થાનથી ચલાયમાન કરવા તૈયાર થયા. પરંતુ પોતાનું સમગ્ર બળ એકત્રિત કરીને જેવી રીતે વાનર વૃક્ષ ઉપર લબડે છે. તેવી રીતે નેમિકુમારના હાથ ઉપર લબડી ગયા. તો પણ નેમિકુમારનો હાથ જરા પણ કૃષ્ણ વાળી શકયા નહિ. ભાઈના ગુણાતિશયથી અત્યંત પ્રસન્ન, ગુણપક્ષપાતી, કૃષ્ણે નેમિકુમારના હાથને છોડી સ્નેહથી વારંવાર આલિંગન કર્યું અને કહ્યું કે ભાઈ! આપણા કુળમાં અસાધારણ પરાક્રમવાળા આપ ઉત્પન્ન થયા છો, એ મારૂં કુળ જગતમાં બધાથી અધિક પ્રશંસનીય છે. જેવી રીતે બલરામ મારી શક્તિથી આનંદ પામે છે તેવી જ રીતે આપના બાહુબળથી હું અત્યંત આનંદ પામું છું.

નેમિકુમારની ખૂબ જ પ્રશંસા કરીને કૃષ્ણ પોતાના મહેલમાં આવીને કૃષ્ણે બળરામને પૂછયું કે આર્ય! શું તમે મારા કાકાના પુત્ર નેમિકુમારનું ભુજાબળ જોયું છે! શક્રેન્દ્ર તથા ચક્રવર્તિથી પણ અધિક બળવાન તેઓ છે. તો પછી નેમિકુમાર પોતાના અનુપમ શૌર્ય વડે છ ખંડ પૃથ્વી શા માટે જીતી લેતા નથી! બલરામે કહ્યું કે

મોરારિ ! મને આજે પણ એક વાતની યાદ આવે છે કે જ્યારે શિવાદેવીના ગર્ભમાં નેમિકુમારનો જીવ આવ્યો ત્યારે તે વખતે શિવાદેવીએ ચૌદ મહાસ્વપ્ન દેખ્યાં હતાં. નિમિત્તજ્ઞોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આ બાળક બાહ્ય અભ્યંતર શત્રુઓને જીતનારો ચક્રવર્તિ અથવા ધર્મચક્રવર્તી થશે. નેમિકુમારની ઉદાત્ત મૂર્તિ (અસાધારણ પ્રતિભા) તથા નિર્વિકારતાથી હું માનું છું કે તેઓ તીર્થંકર થશે.

વચમાં જ આકાશવાણી થઇ કે રામ ! કૃષ્ણ ! તમે આ બધા તર્ક કરશો નહિ. નેમિકુમાર આ ભરતક્ષેત્રમાં બાવીસમા તીર્થંકર થશે. બધી સ્ત્રીઓને તે તૃણ સમાન માનશે. અનુપમ બળવાન હોવા છતાં પણ તેઓ રાજ્ય ગ્રહણ નહિ કરે. આ વાત એકવીશમા તીર્થંકર નમિનાથે પહેલેથી કહેલી છે. આકાશવાણી સાંભળી ખુશ થયેલા કૃષ્ણે નેમિકુમારના ગુણોની પ્રશંસા કરી.

બળરામ પાસેથી નીકળીને કૃષ્ણ તરત જ અંતઃપુરમાં આવ્યા. અંતઃપુરની સુનયનાઓની સામે કૃષ્ણે નેમિકુમારનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

ત્યારબાદ રત્નાસન પર બેસીને કૃષ્ણે નેમિકુમારની સાથે સ્નાન કર્યું. કપૂરઅગર મિશ્રિત ચંદનનો લેપ બંનેના શરીર ઉપર સેવકોએ કર્યો, બન્નેએ સ્વાદિષ્ટ ભોજનો કર્યા. અનેક પ્રકારની વાતો કરતા કરતા મધ્યાહ્ન સમય વ્યતિત થયો. ત્યારે અંતઃપુરની સ્ત્રીઓ સહિત નેમિકુમારને લઈ કૃષ્ણ ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં, વાવડીઓમાં, અને પહાડો ઉપર ગયા. અનેક પ્રકારની ક્રીડાઓ દરરોજ

નેમિકુમારની સાથે કૃષ્ણ કરતા હતા. નેમિકુમારને મૂકી કોઈ કાર્ય કરતા નહોતા.

એક દિવસ કૃષ્ણે અંતઃપુરના રક્ષકો, દ્વારપાલો અને બધા અંગરક્ષકોને આદેશ આપ્યો કે નેમિકુમાર મને પ્રાણથી પણ અધિક પ્રિય છે. કોઈ પણ જગ્યાએ ગમે તે વખતે તેમને જવા આવવા માટે પ્રતિબંધ નથી. ત્યારબાદ ફરીથી કૃષ્ણે સત્યભામા આદિ પોતાની સ્ત્રીઓને પણ આજ્ઞા કરી કે તમે તમારા દિયર નેમિકુમારની સાથે નિઃશંકપણે ક્રીડાઓ કરજો. ત્યારબાદ નેમિકુમાર એકલા પણ અંતઃપુરમાં જવા લાગ્યા. ધીરપુરૂષોને વૈભવ અને વાસનાના તત્ત્વો સ્પર્શ કરતા નથી. નિર્વિકારપણે રમતા નેમિકુમાર ભાભીઓની સાથે આનંદપ્રમોદની વાતો કરતા હતા.

ત્યારબાદ શિવાદેવી, સમુદ્રવિજય વિગેરેએ કૃષ્ણને પ્રેરણા આપી કે તમે નેમિકુમારને લગ્ન કરવા માટે સમજાવો. કૃષ્ણે સત્યભામા રૂકિમણી વિગેરેને કહ્યું કે નેમિકુમારને લગ્ન કરવા માટે સમજાવવાના છે. અને તેમાં સ્ત્રીઓ ઘણી ચતુર હોય છે. ત્યારબાદ સત્યભામા રુકિમણી વિગેરેએ નેમિકુમારને લગ્ન કરવા માટે ઘણી વિનંતીઓ કરી. નેમિકુમાર પણ ઉચિત શબ્દોથી ઉત્તરોત્તર તે લોકોને છેતરતા હતા. નેમિકુમારના વચનોથી ખિન્ન થયેલી તે સ્ત્રીઓની સહાયતાને વસંત ઋતુનું આગમન થયું. તે વખતે આંબાની મંજરીઓ ઉપર

ભ્રમરો ગુંજારવ કરવા લાગ્યા, દક્ષિણનો પવન તે મંજરીઓને સ્પર્શ કરી નેમિકુમારને લગ્નનું આમંત્રણ આપતો હતો. વસંતના આગમનની સાથે જ દિવસ વધવા લાગ્યો. તેમ તેમ વનરાજી પણ વિકસ્વર થવા લાગી. ઠંડીની સાથે સાથે રાત પણ ઓછી થવા લાગી. એકદા નાગરિકો તથા અંતઃપુરને લઈને નેમિકુમારની સાથે ક્રીડા કરવા માટે કૃષ્ણ વાસુદેવ રૈવતક (ગિરનાર) પર્વત ઉપર ગયા. ત્યાં મદ્યપાન કરીને યાદવો સ્વચ્છંદતાથી ક્રીડાઓ કરવા લાગ્યા. કેટલાક યાદવો તો નવીન પુષ્પોથી પોતાની સ્ત્રીને સજ્જવટ કરવા લાગ્યા. કેટલાક યાદવો કુંપળોથી પોતાની સ્ત્રીઓને આનંદ પમાડવા લાગ્યા. કેટલાક યાદવો તો નવીન પુષ્પોના ગુચ્છાથી પોતાની સ્ત્રીઓને લલચાવવા લાગ્યા. રેવતી, સત્યભામા વિગેરે બળરામ કૃષ્ણની રાણીઓ અલંકારોને ધારણ કરી નેમિકુમારની સાથે રમવા લાગી. કેટલીક સ્ત્રીઓ તો નેમિકુમારની પાછળ ઊભા રહીને તેમના વાળ બાંધવા લાગી, કોઈ સ્ત્રીએ તો કદંબપુષ્પની માળા નેમિકુમારના ગળામાં નાંખી પોતાની બગલને બતાવી. ઊંચા સ્તનવાળી કોઈ સ્ત્રી નેત્રના કટાક્ષ કરવા લાગી, પરંતુ નિર્વિકાર હોવા છતાં નેમિકુમારે પોતાના લગ્નને માટે ઇચ્છા રાખતી ભાભીઓની ઇચ્છાને તોડી નહિ. કારણ કે જીતેન્દ્રિયની ઉપર વિષયવાસના પોતાનું પ્રભુત્વ મેળવી શકતી નથી. આ પ્રમાણે નેમિકુમારની સાથે કૃષ્ણ તથા નાગરિકો અંતઃપુર સહિત નવા નવા ઉદ્યાનોમાં અનેક પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યા. નેમિ-

કુમારમાં વિકાર લાવવાના માટે અશક્તિમાન હોવાથી લજ્જા પામીને વસંત ઋતુ ભાગી ગઇ.

ત્યારબાદ શિરિષ પુષ્પના નિમિત્તે કામદેવ નેમિકુમારને જીતવા માટે શસ્ત્રાધ્યક્ષની જેમ ગ્રીષ્મ ઋતુને લઈ આવ્યો. ગ્રીષ્મ ઋતુએ ક્રોધથી લાલ નેત્રથી એવી રીતે જોયું કે જેનાથી અભિમાની સ્ત્રીઓના અભિમાન તૂટી ગયા. સૂર્યના તેજસ્વી પ્રતાપથી સંતપ્ત બનીને વાસુદેવ કૃષ્ણ બધાની સાથે રૈવતક પર્વતના ઉદ્યાન, વાવડીઓમાં જલક્રીડા કરવા માટે ચાલ્યા ગયા. મહાન આત્માઓ પોતાની મર્યાદાને તોડતા નથી અને બધાની વાતને માન્ય કરે છે. તેવી રીતે ભાભીઓ પણ પ્રેમથી નેમિકુમારને ખેંચીને લઈ ગઈ. કૃષ્ણ પોતાના અંતઃપુર સહિત વાપીના કિનારા ઉપર આવ્યા અને વાવડીમાં રહેલા કમળ અને પાણીના તરંગોએ તેમનું સ્વાગત કર્યું. કમળવનમાં ભમતા ભ્રમરોના ગુંજારવથી વાવડીએ સ્વાગત સંગિત વહેતું મૂક્યું. ઉદ્યાનપાલોએ સુંદર પુષ્પ ગુચ્છોથી શ્રી કૃષ્ણ વાસુદેવનું સ્વાગત કર્યું. કૃષ્ણની રૂકિમણી આદિ સ્ત્રીઓ દેવ જેવા અંગોવાળા પોતાના દિયર નેમિકુમારની પાછળ પાછળ ચાલવા લાગી. કૃષ્ણે આપેલા પુષ્પ ગુચ્છોને તે બધી રાણીઓ પોતાના શરીર ઉપર લગાડવા લાગી. નેમિકુમારનો હાથ પકડી તે સ્ત્રીઓની સાથે કૃષ્ણ કલ-હંસની જેમ વાવડીમાં જલક્રીડા માટે ગયા. ત્યાં રત્નમય પીચકારીઓ દ્વારા બધા પરસ્પર જલક્રીડા કરવા લાગ્યા.

કૃષ્ણે પીચકારીથી સત્યભામાને ખૂબ જ હેરાન કરી અને બીજી બધી સ્ત્રીઓ પણ ખૂબ જ હેરાન થઈ ગઈ. કૃષ્ણે રૂકિમણીના સ્તન પ્રદેશ ઉપર પીચકારીના પાણીનો મારો ચલાવ્યો. રૂકિમણી ખૂબ જ હેરાન થઈ ગઈ. પરંતુ બીજી સ્ત્રીઓએ પોતાના કટાક્ષથી કૃષ્ણને હેરાન કર્યા. કૃષ્ણના ઈશારાથી બધી સ્ત્રીઓ શૃંગાર પૂર્વક નેમિકુમારને પીચકારીના પાણી મારવા લાગી. કામદેવને જીતવાવાળા નેમિકુમારે તેમના દ્વારા કરવામાં આવેલ જલઘાતનો સ્વીકાર કર્યો. જ્યારે નેમિકુમાર દ્વારા કરવામાં આવેલ પાણીનો મારો તે બધા સહન નહિ કરી શકવાથી પાણીમાં સરકી ગયા. નેમિકુમારના પાણીના મારાથી, કંચુકના બંધન તૂટવાથી લજ્જા પામેલી રૂકિમણી ત્યાંથી ભાગીને બીજા સ્થાનમાં ચાલી ગઈ. નેમિકુમારના અંતરમાં કામનો દીપક પ્રગટાવવા માટે કૃષ્ણની સ્ત્રીઓએ અનેક પ્રકારના વિલાસો કર્યા પરંતુ નેમિકુમારના હૃદયમાં કામદેવનો જરા પણ સંચાર થયો નહિ. કારણ કે નેમિકુમારના અંતરમાં પ્રવેશ કરવાથી પોતાનો નાશ થવાનો છે તેમ કામદેવ જાણતો હતો.

ત્યાર બાદ જાંબુવતીના હાથનું આલંબન લઈને નેમિકુમાર ધીમે ધીમે વાવના કિનારે આવ્યા. કુમારની પાછળ પાછળ વસ્ત્ર બદલાવવાના બહાનાથી પોતાના લાવણ્યને પ્રકાશ કરતી ભીના વસ્ત્રે તે બધી સ્ત્રીઓ પણ કિનારે આવી. રૂકિમણીએ ચંદ્રકિરણ જેવા ઉજ્જવળ રેશમી વસ્ત્રો લાવી નેમિકુમારને આપ્યા.

ત્યાર બાદ સિંહાસન પર બેસાડીને એક ભાભી નેમિકુમારના વાળને બાંધવા લાગી. સુવર્ણ સદૃશ અંગવાળી કોઈ રમણીએ પાણીથી ભીંજાએલા વસ્ત્રના છેડાથી હવા નાંખવા માંડી. ત્યાર બાદ ઘણી સ્ત્રીઓ તેમના પગ દબાવવા લાગી, તે વખતે સત્યભામા બોલી કે કુમાર ! આ સંસાર સ્ત્રીથી શોભે છે. લક્ષ્મીવાન પુરૂષ પણ અર્ધાંગના સિવાય ધૂળ સમાન અસાર છે. મહેન્દ્ર, ચંદ્ર વિગેરેને ઈન્દ્રાણી રોહિણી વિગેરે સ્ત્રીઓ પ્રખ્યાત છે. એવો કોણ હશે કે જે સ્ત્રી સિવાય સુખી હશે ! ઉદાર ગુણો વિના આપના પણ આ રૂપ સૌભાગ્ય યુવાવસ્થા વિગેરે નકામું છે—દેવ ! ધર્મ, અર્થ, કામ આ ત્રણ પુરૂષાર્થ પણ સધર્મીણીના બળ ઉપર વ્યવસ્થિત છે. પુણ્યવાન પુત્ર રત્નની પ્રાપ્તિ પણ સ્ત્રી દ્વારા થાય છે. જે આપની જેમ ત્રણે લોકમાં પિતાની પ્રતિષ્ઠા વધારે છે. આપના લગ્ન કરવાથી મોટો લોભ તો એ છે કે આપના માતાપિતા ભાઈ વિગેરે આનંદ પામશે એટલા માટે હે દિયરજી ! આપ આપનો વિવાહોત્સવ અમને બતાવવાનું વચન આપો અને શિવાદેવીના મનોરથ રૂપી રથની ઉપર આપના લગ્નથી ધ્વજાનું આરોપણ થાય. આ પ્રમાણે તે બધી વિનંતી કરતી હતી તે વખતે ત્યાં કૃષ્ણ આવી પહોંચ્યા અને બોલ્યા કે ભાઈ, તમે તમારી ભાભીઓને ખુશ કરો ! હું તીર્થંકર છું, એમ સમજીને તમે હજારો અનાદર કરતા નહિ. કેમકે ઋષભદેવ વિગેરે તીર્થંકરે પણ લગ્ન તો કર્યા જ હતા.

તેમના વચનથી નેમિકુમાર થોડા નરમ થયા તે વખતે પણ શિવાદેવી–સમુદ્રવિજય પણ ત્યાં આવી પહોંચ્યા. શિવાદેવીએ હાથ પકડીને કહ્યું કે પુત્ર ! બધી કલાઓમાં, જ્ઞાનમાં, નયમાં તારા જેવો જગતમાં કોઈ નથી. તારી માતાની વિનંતીનો અસ્વીકાર કર નહિ. માતાના વચન સાંભળી વિચાર કર્યો કે મારા ઉપર આ કેવું ધર્મસંકટ આવી પડયું !

એક તરફ માતા લગ્નનું દબાણ કરે છે જ્યારે બીજી તરફ કૌમાર્યાવસ્થામાં મારે તીર્થસ્થાપના કરવાની છે–આ પ્રમાણે નેમિકુમારે વિચાર કરીને માતાના વચનને માન્ય કર્યું. સાનંદ, સપરિવાર કૃષ્ણે નગરમાં પ્રવેશ કર્યો.

ત્યારબાદ બધાની સંમતિથી રાજીમતી નેમિકુમારને યોગ્ય જાણી કૃષ્ણે ચતુર મંત્રી મોકલાવી ઉગ્રસેનની કન્યાની માંગણી કરી–પૂર્વ જન્મના સંબંધથી, ગુણશ્રવણથી, તથા કોઈ કોઇ વખત નેમિકુમાર તરફ રાજીમતીના અનુરાગને જોઈ ઉગ્રસેન રાજાએ નેમિકુમારની સાથે રાજીમતીના લગ્ન કરવાની વાતનો સ્વિકાર કર્યો. કોષ્ટુકીને બોલાવી કૃષ્ણે વિવાહ લગ્નનું મુહૂર્ત પુછયું. ત્યારે કોષ્ટુકીએ કહ્યું કે દેવ ! હવે પ્રચંડ વર્ષાકાળ શરૂ થએલ છે. વર્ષાકાળમાં કોઇ સામાન્ય કામ પણ ન થઈ શકે તો પછી વિવાહોત્સવ જેવું મહાન કાર્ય તો કેમ થઈ શકે ! માટે વર્ષાકાળ વ્યતિત કર્યા બાદજ શુભ મુહૂર્તે લગ્નોત્સવ કરવો તેજ વધારે શ્રેષ્ઠ છે. આ સાંભળી ખુબજ ઉત્સુકતાથી સમુદ્ર-

વિજયે કહ્યું કે વિલંબ કરવો કોઈ રીતે ઉચિત નથી કેમકે ખુબ જ મુશ્કેલીએ અમે બધાએ નેમિકુમારને સમજાવેલ છે. તેમની ઉત્સુકતા જોઇ કોષ્ટુકીએ શ્રાવણ સુદ ૬ નો દિવસ બતાવ્યો. દિવસ નજદીક હોવાથી આપની પાસે મને મોકલાવેલ છે. આ પ્રમાણે કહીને કોરકે યુધિષ્ઠિરના હાથમાં કુંકુમ પત્રિકા આપી દીધી, કપુરથી સુવાસિત તે કુંકુમ પત્રિકાને લઈ યુધિષ્ઠિરે સભામાં તે પત્રિકા વાંચી.

" દ્વારકા નગરીથી કૃષ્ણ હસ્તિનાપુરમાં વિરાજમાન ધર્મનંદન યુધિષ્ઠિરને આલિંગન કરીને વાર્તાઓથી અભિનંદિત કરે છે. અમે બધા કુશળ છીએ તે જાણીને તમો આનંદ પામશો. અને આપના અભ્યુદયના સમાચાર જાણીને અમો આનંદ પામીશું. કાર્ય એ છે કે અમારા આગ્રહથી મુમુક્ષુ જિતેન્દ્રિય નેમિકુમારે લગ્નનો સ્વિકાર કરેલ છે. માટે અસાધારણ સૌજન્યવાળા આપ પત્ની તથા ભાઇઓ સહિત લગ્નના વખતે જરૂરથી પધારશો. વધારામાં ભત્રિજાના લગ્નકાર્યમાં જેનો અધિકાર છે તેવા કુન્તી દેવીને અવશ્ય સાથે લેતા આવશો.

ચંદ્ર સમાન શીતળ નારાયણ (કૃષ્ણ)ના આમંત્રણથી પાંડવોના મન કુમુદની સમાન વિકસિત બની ગયા. કોરકનો સત્કાર કરી વિદાય કર્યો. ત્યારબાદ પિતાજીને રાજ્ય કારભાર સુપ્રત કરીને તોરણોથી સુશોભિત, મંચોથી યુક્ત, ઉદ્યાનોવાળી કૃષ્ણથી આમંત્રિત સેંકડો રાજાઓ–

ચાળી મોટા મોટા કેળના સ્થંભોથી સુરક્ષિત દ્વારકા નગરીમાં સહુકુટુંબ યુધિષ્ઠિર પધાર્યા : સેના સહિત કૃષ્ણે યુધિષ્ઠિરનું સ્વાગત કર્યું. વિવાહની ક્રિયાઓમાં ફરતી રમણીઓથી યુક્ત, શરણાઈના સૂરોથી શબ્દાયમાન, અનેક પ્રકારના આભૂષણોથી દેદીપ્યમાન, શિવાદેવીની આજ્ઞાથી કાર્યમાં મશગુલ પરિવારવાળા, સુંદર મંડપથી શોભાયમાન પોતાના મહેલમાં યુધિષ્ઠિર વિગેરે પરિવારનો પ્રવેશ કરાવ્યો.

બધાએ પોતપોતાની ઉચિતતા પૂર્વક પ્રણામા–શિર્વાદ વ્યવહાર અરસપરસ કર્યો. ત્યારબાદ શિવાદેવી, કુન્તીના પગે પડીને બોલવા લાગ્યા કે, દેવિ ! આ આપના આશીર્વાદનું ફળ છે કે હું આવા પુત્રની માતા બની છું. આ કાર્ય આપનું જ છે. માટે આપને જે ઉચિત હોય તે કાર્ય આપેજ કરવાનું છે. શિવાદેવીના વચનોથી અમૃતજલથી જેમ લતા વિકસિત બને છે, તેમ કુન્તી અત્યંત આનંદિત બની, લગ્નનો સમય નજીક હોવાથી સમુદ્રવિજય વિગેરે દશાર્હોની આજ્ઞાથી કુન્તીદેવી, શિવાદેવી, દેવકી, રોહિણી, વિગેરે માતાઓ તથા રેવતી, રૂકિમણી, સત્યભામા, વિગેરે હસતી ભાભીઓએ વિવાહને માટે વરરાજાને પૂર્વદિશા સન્મુખ બેસાડી માંગલિકગીતો ગાતાં ગાતાં સ્નાન કરાવ્યું. સુંદર વસ્ત્રાભૂષણ પહેરાવ્યા બાદ નેમિકુમારને જોઈ શિવાદેવીની આંખો વારંવાર નેમિકુમારને જોવા લાગી, પુત્રવધુ રાજીમતીને શણગારવા

માટે શિવાદેવી, કુન્તીદેવી વિગેરે માતાઓ ઉગ્રસેનના ઘેર ગયા. ત્યાં દાસીઓએ વિધિપૂર્વક સ્નાન કરાવી અલંકારો પહેરાવીને રાજીમતીને ચોરસ બાજોઠ ઉપર બેસાડી. શિવાદેવીએ કુન્તીદેવીને રાજીમતીના સ્વાભાવિક સૌંદર્યનું વર્ણન કર્યું અને કહ્યું કે દેવી! આના માથાના વાળ ભમરાઓથી પણ અધિક શ્યામ છે. કપાળ આઠમના ચંદ્રમાને પણ જીતે તેવું છે. તેના નેત્રો કાન સુધી આવેલા છે. તેની પાંપણો અત્યંત અદ્ભૂત છે તેના કાન જગતની દૃષ્ટિરૂપ મૃગીના જેવા છે. નયનકમળની નાળની શોભાને ધારણ કરવાવાળું તો તેનું નાક છે. આ પ્રમાણે તેના બન્ને કપોળ તથા કામદેવની વિજયયાત્રા કાલિક શંખ સમાન તેની ગરદન છે. કમળની નાળ જેવા કોમળ તો તેના હાથ છે. તેના વક્ષઃસ્થળ જગતમાં અજોડ છે. મુઠ્ઠીથી પણ પાતળી તેની કમ્મર છે. તેની જંઘાઓ જગતમાં અદ્વિતીય છે. તેના બન્ને ચરણોના નખના પ્રકાશથી કમળમાં વાસ કરવાવાળી લક્ષ્મી પણ લજ્જા પામે છે. મને તો વિશ્વાસજ નથી આવતો કે આ પુત્રવધૂ મારા ઘરમાં પધારશે. ત્યારબાદ શિવાદેવીની આજ્ઞાથી, દાસીઓ રાજીમતીને આભૂષણોથી, પુષ્પોથી, માલતીની જેમ સજાવવા લાગી. તમામ અંગોમાં અલંકારોથી અલંકૃત રાજીમતી નવા, વિકસેલા પુષ્પોથી સુશોભિત સરોવરની જેમ દેખાવા લાગી. સુંદર વસ્ત્રાલંકાર પરિધાન કરીને પોતાના મુખને આરિસામાં જોઈ રાજીમતી મનમાં જ

નેમિકુમારને યોગ્ય પોતે છે એમ સમજવા લાગી. ત્યારબાદ શિવાદેવી વિગેરે નેમિકુમારની પાસે આવ્યા.

ત્યારબાદ ચંદનથી લિપ્ત અંગોવાળા મુક્તામય અલંકારોથી વિભૂષિત નેમિકુમારે આંખોને આનંદ આપે તેવા લગ્નના વસ્ત્રો ધારણ કર્યા હતા. તેમના મસ્તક ઉપર સફેદ છત્ર ધારણ કરવામાં આવ્યું હતું. વેશ્યાઓ ચામર ઢાળતી હતી, રથમાં બેસીને નેમિકુમાર લગ્ન કરવા ચાલ્યા. બીજા કુમારો પણ હાથી ઘોડા રથ વિગેરે વાહનો ઉપર બેસીને આગળ ચાલ્યા. સુંદર વસ્ત્રો ધારણ કરી પહાડ જેવા પડછંદ હાથીઓ ઉપર સવારી કરીને બીજા રાજાઓ પણ જાનમાં ચાલ્યા.

બળરામ, કૃષ્ણ, તથા વૃદ્ધ દશાર્હો હાથી ઉપર બેસીને કુમારની પાછળ પાછળ ચાલ્યા. મોતીઓથી વિભૂષિત પાલખી ઉપર બેસીને–કુન્તી–શિવાદેવી વિગેરે સ્ત્રીઓ દશાર્હોની પાછળ ચાલી. તે સ્ત્રીઓના માંગલિક ગીતોનો અવાજ, હાથી ઘોડા સૂર્યના અવાજોમાં મિશ્રિત થઈ ને મધુર લાગતો હતો. પ્રભાતમાં ગીત ગાનારા વૈતાલિક લોકો નેમિકુમારની આગળ ગુણોથી ચંદ્રમાને જીતવાવાળા નેમિકુમારના અપૂર્વયશનું વર્ણન કરવા લાગ્યા. નગરમાં દરેક જગાએ. નાગરિક સ્ત્રીઓ દ્વારા પુષ્પો ફેંકવામાં આવ્યા તથા સ્નેહ પૂર્વક જોવા લાગી. રસ્તામાં મંગળવસ્તુઓને ગ્રહણ કરતા નેમિકુમાર ઉગ્રસેનના મહેલ પાસે આવ્યા.

મેઘ ગાજે ને મોરલા નાચી ઉઠે તેમ નેમિકુમારની

જનમાં આવેલા જનયાનો અવાજ સાંભળી રાજીમતી અત્યંત ખુશી થઈ. હે રાજીમતી! તું તારી આંખોથી કુમારને જોઇ આનંદ પ્રાપ્ત કરી લે. એ પ્રમાણે તેની સખીઓના કહેવાથી પોતાના આઠ ભવોના ભર્તારને –કુમારને જોઈ રાજીમતીએ અદ્‌ભૂત આનંદ પ્રાપ્ત કર્યો. એટલામાં રાજીમતીના મુખકમળથી એકાએક નિઃશ્વાસ નીકળી ગયો. અણધાર્યા ઉત્પાતથી ચિંતાતુર સખીઓ રાજીમતીને પૂછવા લાગી કે સખી! આવા સુંદર આનંદના પ્રસંગે વિષાદ કેમ! તેણીએ કહ્યું કે હું શું કહું? હું અભાગણી છું. મારી ડાબી આંખ ફરકે છે. ડાબો ઉરૂ પણ ફરકે છે. સખીઓએ આશ્વાસન આપી કહ્યું કે કુલદેવતાઓ દરેક રીતે તારૂં કલ્યાણ કરશે. સ્વામિના દર્શનામૃતથી તું તારા મનને શાંત કર જેથી તારા બધા સંતાપ દૂર થશે.

સખિઓના કહેવાથી રાજીમતી કુમારને જોવા જાય છે એટલામાં નેમિકુમાર તેની આંખની સામે આવ્યા. નેમિકુમારે વિચિત્ર અવાજ સાંભળી સારથિને પૂછયું કે આર્તધ્વનિ કોનો છે! સારથિએ કહ્યું કે તમારા લગ્નમાં માંસના ભોજનથી યાદવોનો સત્કાર કરવા માટે ઉગ્રસેન રાજાએ તમામ પ્રકારના પશુઓ મંગાવ્યા છે. સારથિની વાત સાંભળી દયાથી રોમાંચિત બનેલા નેમિકુમારે કહ્યું કે સઘળા પાપોના કારણરૂપ આ સંસારને ધિક્કાર છે. માટે હે સારથિ! જ્યાં તે પશુઓ છે ત્યાં મારા રથને લઈ જા.

અને આ પશુઓ પણ સ્વચ્છંદતાનો અનુભવ કરે. સારથિએ રથ ત્યાં લઇ લીધો. નેમિકુમારે તે પશુઓ તરફ દયામય પોતાની દૃષ્ટિથી જોયું. કોઇના ગળામાં દોરડા બાંધેલા હતા, કોઇના પગ દોરડાથી બાંધેલા હતા. ઘણા પશુઓ પિંજરામાં પુરેલા હતા, આ પ્રમાણે બધા પશુઓને બંધનમાં જોઈ કરૂણામૂર્તિ નેમિકુમાર ત્યાંજ ઉભા રહ્યા. જગત્કલ્યણકારી નેમિકુમારને જોઈ તે પશુઓ પોતપોતાની ભાષામાં રક્ષણ કરવા માટે કહેવા લાગ્યા. દયાળુ નેમિકુમારે તે પશુઓને બંધન મુક્ત કર્યા. અને સંસારથી વિમુખ બનેલા નેમિકુમારે રથને ઘર તરફ પાછો ફેરવાવ્યો.

સમુદ્રવિજય, કૃષ્ણ, બળભદ્ર, બીજા યાદવો, શિવાદેવી વિગેરે રાણીઓ પોતપોતાના વાહનો છોડીને આગળ વધ્યા. શિવાદેવીની સાથે સાથે સમુદ્રવિજયે કહ્યું કે એકા-એક આ ઉત્સવથી તમે વિમુખ શા માટે થયા છો ? નેમિકુમારે કહ્યું પિતાજી ! આ પ્રાણીઓને બંધનમાં જોઈ ને મને પોતાને પણ હું શત્રુઓથી બંધાએલો માનું છું. તે દ્વારા મેં કેટલી વખત નરકની યાતનાઓનો અનુભવ કરેલો છે. કેટલીવાર તિર્યંચયોનીમાં પરિભ્રમણ કરી ચુકેલો છું. ઠંડી-તાપ વિગેરે અનેક કષ્ટોને ભોગવી ચુકેલો છું વળી કેટલી વખત મનુષ્યગતિમાં જન્મીને દરિદ્રતાનો અનુભવ કરી લીધો છે. આ ક્રૂરકર્મોએ મારી સામેજ મારા બચ્ચા-ઓને મારી નાખ્યા છે. આ પ્રમાણે તે કર્મોએ શું નથી કર્યું ! તેણે જ કુદેવની સેવના કરાવીને હજારો પરાભવ

પ્રાપ્ત કરાવ્યા છે. એટલે હું તે કર્મોનો સર્વથા નાશ કરવાની ઇચ્છા રાખું છું. પાંચ સમિતિથી પ્રશંસનીય સંયમ રૂપ ઘોડા ઉપર બેસીને તીક્ષ્ણ તપ શસ્ત્ર દ્વારા તે શત્રુઓનો નાશ કરીશ. આ પ્રમાણે નેમિકુમારના ઓજસ્વી વચન સાંભળી શિવાદેવી-સમુદ્રવિજય મૂર્ચ્છિત થઈ ગયા. કૃષ્ણે તેમને આશ્વાસન આપી નેમિકુમારને કહ્યું કે કુમાર ! તમારા જેવા દયાળુ–કૃપાળુ તો જગતમાં બીજા કોઇ નથી. તમે દયાથી આ તિર્યંચ જીવોને છોડાવ્યા પરંતુ માતાપિતાને શા માટે દુઃખ સાગરમાં ડુબાડી રહ્યા છો ? માતા પિતાને શાંતિ આપવી તે સત્પુત્રનું કર્તવ્ય–ફરજ છે. અમારી–માતાપિતાની તથા રાજીમતીની સ્થિતિ જોઇ તમે જરૂરથી લગ્નોત્સવ કરવા પધારો. નેમિકુમારે હસીને કહ્યું. આવા કાર્યમાં માતાપિતાએ દુઃખી થવું નહિ જોઈએ. ભયંકર જ્વાલાઓથી બળતા ઘરમાંથી બહાર જતા પુત્રને જોઇ કયા માતાપિતાને આનંદ નહિ થતો હોય ? શું માતાપિતા મારા સુખને જોઇ નહિ શકે ? અથવા માતાપિતા મારા કર્મોમાં ભાગ પડાવે તો તેમના આદેશથી હું લગ્નોત્સવનો સ્વિકાર કરૂં. પરંતુ કોઈ કોઇના કર્મમાં ભાગ પડાવી શકતા નથી. ગરીબથી માંડીને દેવેન્દ્ર સુધીના તમામ જીવો પોતપોતાના કર્મના ફળને ભોગવે છે. કષાય વિષયના બોલાવેલા તે કર્મોથી હું ગભરાઈને તપનો આશ્રય લેવા જાઉં છું. જેમ સૂર્યથી અંધકારનો નાશ થાય છે તેમ તપથી આ કર્મનો નાશ થાય છે.

ત્યારબાદ માતા શિવાદેવીએ આંખમાંથી આંસુને વરસાવતાં કહ્યું કે પુત્ર ! છત્ર વિના તારા શરીર ઉપર ઠંડી–ગરમી તથા વર્ષા કેટલું કષ્ટ પડશે ! વસ્ત્ર વિનાના તારા દેહને હેમંત ઋતુની ઠંડી તને પીડા કરશે ! જંગલમાં ઘર વિના તું વર્ષાકાળ કેવી રીતે વીતાવીશ. પરિષહરૂપી મહાસેનાને તું કેવી રીતે સહન કરીશ ? મારા હાથથી વધારેલા કાળા ભમ્મર જેવા તારા સુંદરવાળને તું કેવી રીતે ઉખાડીશ ? ત્યારબાદ નેમિકુમારે કહ્યું કે માતાજી ! મારી ઉપર આપનો સ્નેહજ દુઃખનું કારણ છે. સંતોષી મનવાળા સંયમીઓને જે સુખ મળે છે તે સુખ માનવેન્દ્ર, સુરેન્દ્રને પણ મળતું નથી. ચિંતારૂપ અગ્નિજ્વાળા સરખા ગ્રહવાસરૂપી દાવાનળમાંથી નીકળીને નિઃસંગતારૂપી વાવડીમાં આત્માને શાંત કરવો છે. સમતારૂપી નદીના પુરમાં તમામ વિષયો નષ્ટ બની જાય છે. હમેશાં અનુકુળ સમતા જેની પ્રિયા છે તેને પરમાણંદનો અનુભવ સર્વથા સુલભ છે. માતાજી ! હું તે સમતાને મારી પ્રિયા બનાવવાની ઈચ્છા રાખું છું. ઉનાળામાં અત્યંત આનંદ આપવાવાળી ચંદ્રિકાને કોણ સેવતું નથી. આ પ્રમાણે નેમિકુમારના વચનો સાંભળી બધાએ તેમના ચિત્ત–મનને જાણી લીધું. નગરનો રસ્તો છોડીને બધા રડવા લાગ્યા. દુઃખથી બેભાન બન્યા. સારથિએ રથને આગળ ચલાવ્યો અને મોહરાજાની સેનાને મારવા માટે ચારિત્રરાજાના ભટ્ટ નેમિકુમાર પોતાના ઘેર આવ્યા.

ત્યારબાદ દીક્ષા અવસરને જણાવવા માટે સારસ્વત

આદિત્ય વિગેરે નવ લોકાંતિક દેવો નેમિકુમારની પાસે આવ્યા. તેઓએ નેમિકુમારને વિનંતી કરી કે જગતના સર્વ જીવોના કલ્યાણને માટે આપ તીર્થની સ્થાપના કરો. સાંવત્સરિક દાન આપવા માટે દેવતાઓએ તેમના મહેલમાં-ચોકમાં વિગેરે સ્થળે સુવર્ણના ઢગલા કર્યા. તીર્થંકર ભગવંતનો વાર્ષિક દાનનો કાર્યક્રમ લોકોત્તર માર્ગ છે. શિવાદેવીના દુઃખને જોઈ કુન્તીએ પોતાના આગમનને અપશુકનીઆળ ગણ્યું, રાજીમતી ભાગ્યહીન છે તેમ જાણી દ્રૌપદી પણ દુઃખી થઇ. જગતમાં ઘણા દુઃખોનો અનુભવ કરી ચુકેલા પાંડવો નેમિકુમારનો ગૃહ-ત્યાગ તથા પ્રવ્રજ્યા અંગિકારની ભાવના જાણી આનંદિત બન્યા.

મનપસંદ પતિના પાછા વળવાથી કુહાડાથી વેલડી કપાઇ જાય તેવી રીતે રાજીમતી મુર્ચ્છિત બનીને જમીન ઉપર પડી ગઈ. સખિઓએ અનેક પ્રકારના શીતોપચારથી જ્યારે તે ભાનમાં આવી ત્યારે હે દૈવ! તેં આ શું કર્યું? આ પ્રમાણે બોલતી અનેક પ્રકારે વિલાપો કરવા લાગી. મને તો પ્રથમથી જ લાગતું હતું કે "આ મારા પતિ થવાના જ નથી" કડવી તુંબડી કલ્પવૃક્ષ ઉપર આવતી હશે કે? સ્વામિન્! આપના શરણમાં આવેલી મને આપે શા માટે છોડી દીધી? બોળામાં બેઠેલા સસલાને ચંદ્રમા પણ છોડતો નથી. ત્રણે લોકમાં આપ કલ્પવૃક્ષ સમાન છો તો પછી મારા માટે આપ દુઃખકારક શા માટે બન્યા?

નાથ! આપના વિના મારા આ બધા આભૂષણો સર્વથા નકામા છે. આ પ્રમાણે બોલતી રાજીમતીએ પોતાના બધા આભૂષણો કાઢી નાખ્યા. અને નેમિકુમારના વિયોગમાં જમીન ઉપર આળોટવા લાગી, છાતી કૂટતી રડવા લાગી. તેની સખીઓએ તેને ખુબ જ સમજાવી અને કહ્યું કે લગ્ન થયા પહેલાં બીજા કોઈપણ પુરૂષની સાથે વિવાહ થઈ શકે છે. સખિઓના વચનો સાંભળી રાજીમતીએ કહ્યું કે આપ લોકોના આ વચનો અવિવેકના સમુદ્ર સમાન છે. મેં દેવતાઓને પણ અધિક પ્રિય એવા નેમિકુમારની યાચના કરી હતી. પિતાજીના કહેવાથી તેઓએ મારી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. કન્યા તો એકજવાર આપવામાં આવે છે. નેમિકુમાર સિવાય બીજાની સાથે લગ્ન કરવા તે તો કુળમાં કલંક લગાડવા જેવી વાત છે. નેમિકુમાર મારા પતિ ન બન્યા તેમાં હું શું કરૂં? પણ મારો પુણ્યોદય જાગ્રત હશે તો તેઓ જરૂરથી મારા વ્રતાચાર્ય તો બનશે જ? જે હાથ લગ્નની ચોરીમાં ન આવ્યો તે હાથ જરૂર મારા મસ્તક ઉપર તો આવશે જ. આ પ્રમાણે રાજીમતી મનમાં વિચાર કરી દીક્ષા કાળની પ્રતીક્ષા કરવા લાગી.

વાર્ષિક દાન આપીને નેમિકુમાર ભવસાગર પાર ઉતરવાને માટે વહાણરૂપ ચારિત્રને માટે તૈયાર થયા. દેવતાઓએ આવીને વિધિપૂર્વક અભિષેક વિગેરે કરીને 'ઉત્તરકુરૂ' નામની પાલખી ઉપર નેમિકુમારને બેસાડયા.

ઈશાનેન્દ્રે ચામર ધારણ કર્યા. સનત્કુમારે છત્ર અને માહેન્દ્રે ખડ્ગ ધારણ કર્યા. બ્રહ્મેન્દ્રે દર્પણ તથા લાંતકેશ્વરે પૂર્ણકળશ ગ્રહણ કર્યો, શક્રેન્દ્રે સુંદર સ્વસ્તિક તથા સહસ્રારે ધનુષ ધારણ કર્યું. પ્રાણતાધીશે શ્રીવત્સ, તથા અચ્યુતેન્દ્રે નંદ્યાવર્ત લીધા. તે સિવાય ચમરેન્દ્રેન્દ્રાદિએ શસ્ત્રોને ધારણ કર્યા, જિનેશ્વરની શિબિકાની પાછળ પાછળ સમુદ્રવિજય, બલભદ્ર, કૃષ્ણ, પાંડવ, શિવાદેવી, કુંતી વિગેરે બધા ચાલવા લાગ્યા. પરંતુ નયનાશ્રુજલથી ચાલતા તે બધાએ માંગલિક ગીતો ગાયા નહિ. ખરેખર! જગતમાં મોહનું સામ્રાજ્ય અતિ બળવાન છે. ઘરની પાસેથી જતા નેમિકુમારને જોઈ રાજીમતી અત્યંત શોકાતુર બની ગઈ. રાજીમતીના દુઃખને જ્ઞાનથી તથા લોકોના મુખથી જાણીને પણ નેમિકુમાર મોહરૂપી શત્રુને આધીન બન્યા નહિ. રૈવતક (ગિરનાર)ના સહસ્રામ્ર વનમાં પ્રભુ શિબિકાથી ઉતર્યા. પ્રભુએ અલંકારો ઉતારીને ઈન્દ્રને આપ્યા. ઇન્દ્રે તે અલંકારો કૃષ્ણને આપ્યા. ત્યારબાદ ત્રણસો વર્ષની ઉંમરવાળા નેમિકુમાર ચિત્રા નક્ષત્રમાં ચંદ્ર આવ્યો હતો ત્યારે શ્રાવણ સુદ છઠને દિવસે છઠ્ઠ તપથી યુક્ત પ્રભુએ પંચમુષ્ઠિ લોચ કર્યો. ઈન્દ્રે તે વાળ ગ્રહણ કર્યા અને પ્રભુના બભા ઉપર દેવદુષ્ય વસ્ત્ર મુકયું. વાળને ક્ષીર સાગરમાં ફેંકીને તરત જ ઇન્દ્રે પાછા આવી કોલાહલ શાંત કર્યો. ત્યારબાદ પ્રભુએ સામાયિક-વ્રત ગ્રહણ કર્યું એજ વખતે તેઓને મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થઈ. એક ક્ષણને માટે નારકીના જીવોને પણ

અપૂર્વ સુખ ઉત્પન્ન થયું. હજારો રાજાઓએ તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. નેમિનાથને નમસ્કાર કરીને ઈન્દ્ર, કૃષ્ણ, પાંડવો પોતપોતાના સ્થાને ગયા.

બીજે દિવસે પ્રભુએ વરદત્તના ત્યાં પરમાન્નથી પારણું કર્યું. વરદત્તના ત્યાં દેવતાઓએ પુષ્પ, ગંધ, જલ, રત્નની વૃષ્ટિ કરી. દુંદુભિના નાદ કર્યા. વસ્ત્રોનો વરસાદ વરસાવ્યો. ત્યારબાદ ઘાતી કર્મોનો નાશ કરવાને માટે ગામ–નગરમાં પ્રભુ વિહાર કરવા લાગ્યા, દ્વારકામાં આવેલા પાંડવોએ કૃષ્ણની સાથે ઘણા દિવસો એક ક્ષણની જેમ વ્યતિત કર્યા.

ચોપન દિવસ વિહાર કર્યા બાદ નેમિનાથ ફરીથી તે સહસ્રામ્ર વનમાં પધાર્યા. ત્યાં અટ્ઠમ તપથી યુક્ત પ્રભુને વેતસ વૃક્ષની નીચે આસો સુદ દશમના ચિત્રા નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ થયો ત્યારે લોકાલોક–પ્રકાશક કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ઈન્દ્રનું આસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનથી તીર્થંકર ભગવાનના કેવળજ્ઞાનને જાણી દેવોથી પરિવરેલો ઈન્દ્ર ત્યાં આવ્યો. દેવતાઓએ સમવસરણની રચના કરી, ત્યારબાદ પૂર્વ–દ્વારથી પ્રભુએ પ્રવેશ કરી વીશ ધનુષની ઉંચાઇવાળા અશોકવૃક્ષની પ્રદક્ષિણા કરી નમઃતીર્થાયઃ આ પ્રમાણે બોલી પૂર્વ સન્મુખ મુખ રાખી સિંહાસન ઉપર બીરાજમાન થયા. દેવતાઓએ બીજી ત્રણ બાજુ પણ સિંહાસન બનાવી પ્રભુના પ્રતિબિંબની સ્થાપના કરી. ત્યારબાદ

સમવસરણમાં દેવ, દેવેન્દ્ર, દેવીઓ, પુરૂષો, સ્ત્રીઓ, તિર્યંચો વેરઝેર ભુલી જઈને પોતાના સ્થાન ઉપર બેસી ગયા.

તે વખતે રૈવતક પર્વતના ઉદ્યાનપાલકોએ આવી કૃષ્ણને પ્રભુના કેવળજ્ઞાન મહોત્સવનો વૃત્તાંત કહી સંભળાવ્યો. સાડાબાર કરોડ રૂપૈયા કૃષ્ણે ઉદ્યાન-પાલકોને વધામણીમાં આપ્યા. પટ્ટ હાથી ઉપર બેસીને ભક્તિથી કૃષ્ણ સહસ્રામ્ર વનમાં ચાલ્યા. તેમની સાથે તે વખતે પિતા, પિતૃવ્ય, માતા, ભાઈ, પુત્ર, પાંડવ તથા અંતઃપુરની તમામ સ્ત્રીઓ અને નાગરીકો પણ ચાલ્યા, રાજીમતી પણ ત્યાં આવી પહોંચી. હાથી ઉપરથી ઉતરીને રાજચિન્હોને છોડી દઇ ઉત્તર દ્વારથી કૃષ્ણે પ્રભુની ધર્મસભામાં પ્રવેશ કર્યો. ત્રણ પ્રદક્ષિણા દઈને નમ્રતાપૂર્વક પ્રભુને નમસ્કાર કર્યો અને ઈન્દ્રની પાછળ બેસી ગયા. બીજા લોકો પણ ઉચિત સ્થાને જઈને બેઠા.

ત્યારબાદ જગતના જીવોને ભવસાગરથી પાર ઉતારવાને માટે પ્રભુએ દેશના દીધી કે આયુષ્ય કમળના પાંદડા ઉપર રહેલા પાણીની જેમ અત્યંત ચંચળ છે. લક્ષ્મી પર્વતની જેમ વહેતી છે, સ્થિર નથી. યૌવનાવસ્થા સંધ્યા સમયે વાદળાની લાલી જેવી છે. તથા પ્રિય વસ્તુનો સંગમ અત્યંત કલેશમય છે. જીવોનું શરીર દુઃખનું ઘર છે. તથા પુત્ર મિત્ર કલત્રાદિ અનેક પ્રકારની આંધીઓને

આપવાવાળી છે. આ સંસાર સાર વસ્તુઓથી એકદમ શૂન્ય છે. સંસારમાં જો કાંઈપણ સારભૂત હોય તો તે કેવળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. જીવાજીવાદિ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરી હેયને છોડી જ્ઞેયને જાણી ઉપાદેયને ગ્રહણ કરી વિકાસ પામેલા જીવો કર્મથી મુક્ત બને છે. પ્રાણીઓને ઈન્દ્રની સંપત્તિ સુલભ છે. પરંતુ સિદ્ધિ–સંપત્તિના નિધાનરૂપ સમ્યક્ત્વ અતિ દુર્લભ છે. ઘણા કર્મ ક્ષીણ થવાથી જીવ ચારિત્રની પ્રાપ્તિ કરી શકે છે. જે ચારિત્રરત્નની સામે ચિંતામણીની કોઇ કિંમત નથી. સર્વવિરતિ ચારિત્ર ભવદાવાનળ જ્વાલાઓને શાન્ત કરવામાં નવીન મેઘ સમાન છે. અને વિવેકી આત્માઓને પોતાનો મનરૂપી મોરલો આનંદ આપે છે.

પ્રભુની પાપનિવારિણી દેશના સાંભળી વરદત્ત રાજાએ સંયમ અંગીકાર કરવા માટે વિનંતી કરી. કરૂણાસાગર પ્રભુએ તેને દીક્ષા આપી. વરદત્ત રાજાની પાછળ બીજા બે હજાર રાજાઓએ દીક્ષા લીધી. પ્રભુએ વરદત્ત પ્રમુખ અગિયારને ગણધર પદ આપ્યું. પ્રભુના મુખથી ઉત્પાદ,વ્યય, ધ્રૌવ્યરૂપ ત્રિપદીને સાંભળી ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી.

અનેક કન્યાઓની સાથે રાજપુત્રી યક્ષિણીને દીક્ષા આપી, ધર્મચક્રવર્તિ નેમિનાથ ભગવંતે યક્ષિણીને પ્રવર્તિની પદે સ્થાપન કર્યા. પ્રભુની તરફ એકીટસે જોઇ રહેલી વ્રતને માટે ઉત્સુક, રાજીમતીને જોઈ કૃષ્ણે પ્રભુને

પૂછયું કે પ્રભુ! આપની ઉપર બધાને પ્રેમ છે. પરંતુ રાજીમતીનો પ્રેમ તો અલૌકિક છે. પ્રભુએ આઠ ભવોથી ચાલી આવતા તેના સ્નેહને કહી બતાવ્યો. પ્રભુએ તેણીને દીક્ષા આપી તેના આઠ ભવના પ્રેમનું મૂલ્ય ચૂકવ્યું. મહાત્માઓ પ્રત્યે અનુરાગ પણ શુભ ફળને આપવાવાળો હોય છે. દશાર્હ, ઉગ્રસેન વિગેરે રાજાઓએ કૃષ્ણ, પ્રદ્યુમ્ન વિગેરેએ શ્રાવકત્વનો સ્વીકાર કર્યો. આ પ્રમાણે પ્રથમ દેશનામાં ચતુર્વિધ સંઘની સ્થાપના થઇ. પ્રભુને વંદન કરી ઇન્દ્ર પોતાના સ્થાને ગયો. પાંડવોની સાથે કૃષ્ણ વાસુદેવ દ્વારકામાં આવ્યા. વર્ષાકાળ તથા શરદ ઋતુ વિતાવીને ભગવાને પણ વિહાર કર્યો.

ત્યાર બાદ પાંડવો કૃષ્ણની પાસેથી વિદાયગિરિ લઈને જિનેશ્વરના વચનોનું ચિંતન કરતા પોતાના નગર હસ્તિનાપુરમાં આવ્યા.

સોળમો સર્ગ સંપૂર્ણ

સર્ગ : ૧૭ મો

હસ્તિનાપુર સામ્રાજ્યરૂપ કમલવનમાં ક્રીડા કરનારા રાજહંસ જેવા પાંડવોએ ઘણા દિવસો આનંદમાં વ્યતિત કર્યા, ન્યાય અને ચિંતાથી પ્રાપ્ત કરવામાં આવતા અર્થ, કામને માટે તેઓએ પ્રયત્ન છોડી દીધા હતા, કલ્પવૃક્ષ વિગેરેને જીતવાવાળા ધર્મમાં તેઓ પ્રભુવચનનું સ્મરણ કરતા હતા, તેઓએ ન્યાય જલથી ધર્મવૃક્ષને ખૂબ જ સિંચન કર્યું હતું, જેનાથી તેમનું રાજ્ય ધાર્મિક ગણાતું હતું, ધર્મશાળી ક્ષેત્રને એટલું બધું વિકસાવ્યું કે જેમાં કામ અને અર્થ કમલની જેમ ખીલવા લાગ્યા, દરરોજ નવીન પ્રકારે ધર્મ પ્રભાવનાઓને કરતા પાંડવોએ જગતમાં એકચ્છત્ર ધર્મનું સામ્રાજ્ય સ્થાપ્યું. જેમ મોરલાઓ વરસાદની પ્રતીક્ષા કરી રહ્યા હોય છે તેવી રીતે જગતના જીવોને આનંદ આપનાર નેમિપ્રભુના આગમનની પાંડવો રાહ જોવા લાગ્યા.

તેઓના મનોભાવને જાણતા ભગવાન નેમિનાથ પણ ભૂતલ ઉપર વિચરતા અનુક્રમે હસ્તિનાપુર પધાર્યા, તેઓના પધારતાં પહેલાં જ વાયુકુમારે એક યોજન

પ્રમાણ બાહ્ય ઉદ્યાનને સ્વચ્છ બનાવી દીધું. પુણ્યરૂપી બીજને આત્મામાં વાવવા માટે મેઘકુમારોએ સુગંધી જલને એક યોજન પ્રમાણ ભૂમિ ઉપર છાંટયું. પોતાના કર્મબંધનને દૂર કરવા માટે વ્યંતર દેવોએ તે ભૂમિ ઉપર રત્નની શિલાઓની રચના કરી, તેને ધ્વજ–છત્ર વિગેરેથી અલંકૃત ચાર દિશાઓમાં તોરણો બાંધ્યા, વૈમાનિક દેવોએ રત્નમય પ્રાકારોની રચના કરી, જ્યોતિષ્ક દેવોએ સુવર્ણમય મધ્યમ પ્રાકારની રચના કરી, ભવનપતિ દેવોએ સુંદર પ્રકાશિત સુવર્ણમય બહારના પ્રાકારની (સમવસરણની) રચના કરી, દરેક પ્રાકારમાં (ગઢમાં) માણિક્ય રત્નથી જડેલા ચાર ચાર દરવાજાઓ હતા, ગઢ દરવાજાની બહાર કમલોથી સુશોભિત ચાર વાવડીઓ હતી, વચ્ચેના ગઢમાં જીનેશ્વરને વિશ્રાંતિ માટે દેવછંદ બનાવ્યો હતો, માણેકગઢમાં અશોકવૃક્ષથી શોભતું પૂર્વાભિમુખ રત્નનું સિંહાસન વ્યન્તર દેવોએ ત્રણે લોકના સામ્રાજ્યનું સૂચન કરતા ત્રણ છત્રો સિંહાસનના ઉપરના ભાગમાં શોભતા હતા, તેની સામે ધર્મચક્ર તથા ધર્મધ્વજ બનાવ્યા હતા, દેશનાભૂમિમાં દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી હતી.

પ્રભુ સુવર્ણકમલ ઉપર પોતાના ચરણકમલ મૂકીને અશોકવૃક્ષને પ્રદક્ષિણા કરીને 'નમઃ તીર્થાય' મોઢેથી બોલી ભગવાન નેમિનાથ તે સિંહાસન ઉપર બેઠા. તેમના મસ્તકની પાછળ સૂર્યમંડલની જ્યોતને તિરસ્કાર કરનાર ભામંડલની પ્રભા પ્રગટ થઈ.

નગરમાં આવીને ઉદ્યાનપાલે રાજા યુધિષ્ઠિરને પ્રભુના આગમનના સમાચાર આપ્યા, યુધિષ્ઠિરે ઉદ્યાનપાલકને સાડાબાર લાખ સોનામહોરો વધામણીની આપી. ભીમ વિગેરે ભાઇઓ તથા સામંતોથી પરિવરેલા વડિલોને આગળ કરી, સુંદર રાજહસ્તિ ઉપર બેસીને ત્રણ જગતના નાથને વંદન કરવા રાજા યુધિષ્ઠિર નીકળ્યા, અનેક નાગરિકો સહિત રાજા યુધિષ્ઠિરે સમવસરણમાં પ્રવેશ કર્યો, રાજાએ તે વખતે છત્ર, ચામર, વિગેરે રાજચિન્હોને મૂકી પાંચ અભિગમ સાચવી, સુરાસુર નરથી સેવિત, દેશનામૃતથી જગતના ઉપકારી, ભવરૂપી તાપના દુઃખને દૂર કરવામાં નવીન મેઘ સમાન, ભગવાન નેમિનાથને યુધિષ્ઠિરે જોયા, ત્રણ પ્રદક્ષિણા દઇને હર્ષના આંસુઓ વહાવતા યુધિષ્ઠિરે હાથ જોડી પ્રભુની સ્તુતિ કરી.

ભયંકર સંસારરૂપ ઉજ્જડ પ્રદેશમાં વૃક્ષરૂપ ! અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્યસમાન ભગવાન ! આપ જયવંતા વર્તો, આપના ચરણ કમલની સેવના, કલ્પલતાની જેમ તમામ સંપત્તિઓને આપવાવાળી છે. આપના ચરણરૂપ વૃક્ષની શીતળ છાયામાં વિશ્રામ કરવાવાળા પ્રાણીઓના આધિ–વ્યાધિ અને ઉપાધિરૂપ ભવરૂપી તાપ નષ્ટ થઈ જાય છે. ભવદાવાનલરૂપી જ્વાલાથી સંતપ્ત પ્રાણીઓને આપનું સ્વરૂપ અમૃત જલ સમાન છે. આપના નામરૂપી મંત્રનું સ્મરણ કરવાવાળા જીવોને અનેક પ્રકારની સંપત્તિઓની પ્રાપ્તિ થાય છે. પ્રભો ! હું ઇચ્છા રાખું

છું કે મારૂં મન આપના ચરણકમલની સેવનામાં હંમેશાં સ્થિર રહે. તમોને મેળવ્યા પછી મને કોઈ વસ્તુની ઈચ્છા નથી, કલ્પવૃક્ષને છોડી કેરડાની સેવા કોણ કરે ? આપના ચરણની રજ જે આત્મા પોતાના મસ્તક ઉપર મૂકે છે તેને નરેન્દ્ર, નાગેન્દ્ર અને દેવેન્દ્રની સંપત્તિઓની પ્રાપ્તિ થાય છે. આપની ગંભીરતા પણ અલૌકિક છે. રાજીમતીને છોડી દેવાથી આપને સ્ત્રીઓથી પરાઙ્મુખ જાણીને પણ મોક્ષશ્રી આપની ઈચ્છા રાખે છે. તે આપનું સૌભાગ્ય છે. હું આપના ગુણોની સ્તુતિ કરવામાં અસમર્થ છું. કલ્પવૃક્ષ સમાન આપના ચરણ મારા માટે કલ્યાણરૂપી ફળની પ્રાપ્તિ કરાવનારા છે. આ પ્રમાણે સ્તુતિ કરીને યુધિષ્ઠિરે નેમિપ્રભુને નમસ્કાર કર્યા. રોમાંચિત બનેલા યુધિષ્ઠિર પોતાના પિતા તથા ભાઈઓ સહિત ઈન્દ્રની પાછળ બેઠા, ભગવાન નેમિનાથે સંસાર તાપને દૂર કરનાર, ત્રણે લોકનું કલ્યાણ કરનારી, ધર્મ દેશના આપી. અહો ! આ સંસાર નામની ભયંકર અટવીનો પાર નથી, જેને જીવાત્માઓ અનંતકાળમાં પણ પાર કરી શકવાના નથી, તે ભવાટવીમાં સદાગમ એ જ અમૃતરૂપી કૂપ છે, જે કોઈ આત્મા આ અમૃતનું પાન કરે છે, તે જ આત્માઓ ભવાટવી પાર કરીને શિવપુર પ્રાપ્ત કરે છે. તે અમૃતનો કૂવો સમ્યકત્વ નામનો છે. તે કૂવો અનેક પ્રકારના પ્રમાદ–આળસ–અભિમાનરૂપી વિષ વેલડીઓથી ઘેરાયેલો છે. તે અમૃતકૂપ ભાગ્યહીન આત્માઓ જોઈ પણ શકતા નથી. થોડાક પુણ્યશાળી જીવો આત્મોપદેશથી મહાકૂપને પ્રાપ્ત

કરી અમૃત જલનું પાન કરી, સંધ્યાનરૂપ સરળમાર્ગથી થોડા જ વખતમાં મુક્તિપુરીને પ્રાપ્ત કરે છે. વળી તે જ ભવાટવીમાં મહાકૂપથી થોડે દૂર અજ્ઞાનાદિ પરિવારવાળું મિથ્યાત્વ નામનું સરોવર છે. તે સરોવરમાં કષાયોના મોજાઓ ઉછળે છે. દરેકની દૃષ્ટિ તે તરફ ખેંચાય છે. તેની નજદીકમાં જ સમસ્ત જગતના જીવોનું ચિત્ત હરનાર વિષવૃક્ષોથી આચ્છાદિત ભયાનક જંગલ છે. જેને પ્રાપ્ત કરી મૂઢ બુદ્ધિવાળા આત્માઓ મુક્તિપુરીના મુસાફરો હોવા છતાં પણ આગળ વધી શકતા નથી. તે જંગલમાં અત્યંત વિકસિત કામિનીનલિની ઉદ્યાન છે, તેનું વર્ણન શું કરવું ? તે વનમાં કામાદિ જલપક્ષીઓ ક્રીડાઓ કરે છે. દરેકના ચિત્તનું હરણ કરે છે. તે સરોવરમાં સ્નાન કરીને સ્વેચ્છાપૂર્વક પાણી પીને જે જે મૂઢાત્મા વિષય નામના તીરવૃક્ષોનું આશ્રયણ કરે છે તેમના મનમાં અસાધ્ય 'પ્રેમ, નામનો મહાભૂત પ્રવેશ કરે છે, તે ભૂત દ્વારા હેરાન થવા છતાં પણ લજ્જારૂપ વસ્ત્રનો ત્યાગ કરે છે. પોતાના હિતેચ્છુઓ પ્રત્યે પણ દ્વેષ કરે છે. ગુરૂજનોનું અપમાન કરે છે. અસંગત વાતો કરે છે. દીનતા બતાવે છે. અને સતત રીતે ભવાટવીમાં પરિભ્રમણ કરે છે. કષાયાદિ ચોર તેના સર્વસ્વ ધર્મનું હરણ કરે છે, તે ભૂત તેને અનેક પ્રકારે પ્રહાર કરે છે. રાગરૂપી સિંહ તથા દ્વેષરૂપી હાથી પગલે પગલે તેને હેરાન કરે છે. આ પ્રકારે તે મહાટવીમાં પરિભ્રમણ કરતો જીવ અનેક પ્રકારની આપત્તિઓને પ્રાપ્ત કરે છે.

એટલા માટે જ મિથ્યાત્વરૂપી સરોવરના પાણીને છોડી દઈ અમૃતનું પાણી પીવું જોઈએ, કે જેથી અનેક પ્રકારના સુખોને આપનારી શાશ્વત જ્યોતવાળી શિવપુરી મેળવી શકાય.

આ પ્રકારે ભગવાનની અમૃતમયી દેશનાનું શ્રવણ કરીને તદ્ભવ મુક્તિગામી આત્માઓએ સંયમ માર્ગનો સ્વિકાર કર્યો, યુદ્ધમાં જે સ્ત્રીઓએ વૈધવ્ય પ્રાપ્ત કર્યું હતું તે બધી સ્ત્રીઓએ પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી, ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીએ સમ્યકત્વ સહિત બાર વ્રતોનો સ્વિકાર કર્યો, બીજા પણ કેટલાક આત્માઓએ દેશવિરતિ-પણું તથા સર્વવિરતિપણું સ્વિકાર્યું. ઉચિત સમયે પ્રભુએ દેશના પૂર્ણ કરી. ઈન્દ્ર, યુધિષ્ઠિર, વિગેરે પોત-પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા, ત્યારબાદ દેવો સહિત પ્રભુએ અનેક સ્થળે વિહાર કરી, દેશનાથી અનેક આત્માઓને પ્રતિબોધ કર્યા, પાંડવો પણ પ્રભુના વચનોને ગ્રહણ કરી દરરોજ આર્હત્ ધર્મની પ્રભાવના કરવા લાગ્યા.

એક દિવસ જગતમાં કૌતુક જોવાની ઇચ્છાવાળા નારદજી આકાશ માર્ગે દ્રૌપદીના મહેલમાં આવ્યા, દ્રૌપદીએ તેમનો સત્કાર કર્યો નહીં. તેથી નારદજી ક્રોધાયમાન બનીને વિચારવા લાગ્યા કે દ્રૌપદીને કોઈ પણ ઉપાયે દુઃખી કરવી જોઇએ, આ પ્રમાણે વિચાર કરીને પક્ષીની જેમ નારદજી તરતજ ઉડી ગયા, મહેલમાં

યુધિષ્ઠિરની સાથે રહેતી દ્રૌપદીને કોઈ ઉપાડી ગયું. સવારના દ્રૌપદીને પલંગ ઉપર નહિ જોવાથી ભાઇઓ સહિત યુધિષ્ઠિર આશ્ચર્યમાં પડી ગયા, ત્યારબાદ રાજાએ પોતાના સેવકો દ્વારા ઘણી જગાએ શોધખોળ કરાવી, પરંતુ દ્રૌપદીનો મેળાપ થયો નહિ. દુઃખી થયેલા પાંડવોએ કુન્તા માતાને કૃષ્ણની પાસે મોકલાવ્યા, કુન્તીએ દ્વારકામાં આવી કૃષ્ણને દ્રૌપદીના હરણના સમાચાર આપ્યા, સમાચાર સાંભળીને થોડીવાર માટે કૃષ્ણ મૂઢ જેવા બની ગયા.

એક દિવસ નારદજી જ્યારે દ્વારકામાં આવ્યા ત્યારે કૃષ્ણે સત્કાર કરીને દ્રૌપદીના સમાચાર પૂછ્યા, નારદજીએ કહ્યું કે ધાતકીખંડ નામના દ્વીપમાં અમરકંકા નામની નગરી છે. તે નગરીમાં પદ્મનાભ નામે રાજા રાજ્ય કરે છે. તેના ઘરમાં દ્રૌપદીના જેવી જ કોઇ મૃગાક્ષીને મેં જોઇ છે. આ પ્રમાણે કહીને નારદજી આકાશ માર્ગે ચાલ્યા ગયા, "આ કામ નારદજીનું જ છે" અને દ્રૌપદી પણ ત્યાં જ છે" એવો નિશ્ચય કરીને કૃષ્ણે કુન્તીને કહ્યું! કુન્તી દ્વારા પાંડવોને કહેવડાવ્યું કે 'લવણસમુદ્રના પૂર્વ કિનારે તમો આવી જજો,' કુન્તીને વિદાયગિરિ આપી, હસ્તિનાપુર આવીને કુન્તીએ બધી વાત પાંડવોને કહી સંભળાવી.

ત્યારબાદ દ્રૌપદીના વિયોગથી પીડાએલા પાંડવો લવણ-

સમુદ્રના પૂર્વકિનારે આવી કૃષ્ણને મલ્યા, સુસ્થિત નામના લવણસમુદ્રના અધિષ્ઠાયકની આરાધના અટ્ઠમતપથી કૃષ્ણે કરી, સુસ્થિતદેવે કૃષ્ણની પાસે આવી હાથજોડીને કહ્યું કે હે મોરારિ ! આપ આજ્ઞા આપો, હું આપનું શું કાર્ય કરૂં ? કૃષ્ણે કહ્યું કે ભદ્ર ! કોઈએ દ્રૌપદીનું હરણ કર્યું છે, 'તેણી ધાતકી ખંડમાં છે' એ પ્રમાણે સાંભળ્યું છે. તમે એવું કાર્ય કરો કે જેથી દ્રૌપદીની પ્રાપ્તિ થાય, કૃષ્ણના વચનો સાંભળીને સુસ્થિતદેવે કહ્યું કે સૈન્ય સહિત શત્રુને મારી નાખી સમુદ્રમાં ફેંકી દઈશ, અને ધાતકી ખંડમાંથી દ્રૌપદીને લાવી હું તમને સમર્પણ કરૂં છું; આપ આવા સામાન્ય કાર્ય માટે આટલો બધો પરિશ્રમ શા માટે કરો છો ? કૃષ્ણે કહ્યું કે તમો આ બધું કાર્ય કરી શકો તેમ છો, પરંતુ મારા માટે તે અપયશ કર્તા છે. માટે તમો એવો કોઈ પણ ઉપાય કરી બતાવો કે જેથી અમારા છ રથ સમુદ્ર પાર કરીને ધાતકી ખંડમાં ચાલ્યા જાય, સુસ્થિતદેવની સહાયતાથી પાંડવો સહિત કૃષ્ણના છ રથ લવણસમુદ્રનું ઉલ્લંઘન કરીને ધાતકી ખંડની અમરકંકા નગરીના ઉદ્યાનમાં આવી પહોંચ્યા, દારૂકને પદ્મનાભ પાસે મોકલાવ્યો, પદ્મનાભની સભામાં જઈને પાદપીઠ ઉપર પગ રાખીને ભાલાની અણી ઉપરથી પત્ર આપ્યો, અને બોલ્યો કે નીચ અભિમાની ભૂપાલ ! જંબુદ્વીપના ભરતાર્ધપતિ કૃષ્ણ વાસુદેવે કહેવડાવ્યું છે કે મારા ભાઈઓ પાંડવોની પત્ની દ્રૌપદીનું હરણ કરતી વખતે તને મારી ભુજાબલનો પણ વિચાર આવ્યો નહી ?

એટલા માટે આજે તારૂં ભાગ્ય પ્રતિકૂલ છે, તને તારી ભુજાબલનું અભિમાન હોય તો, સામે યુદ્ધ કરવા તૈયાર થઈ જા, હું તો તારી સાથે યુદ્ધ કરવા પાંડવો સહિત નગરની બહાર તૈયાર છું; દારૂકના વચનો સાંભળી ક્રોધથી પત્ર ફાડી નાખી તેણે કહ્યું કે હે દૂત ! કૃષ્ણ તો જંબુદ્વીપમાં બળવાન ગણાય છે. પરંતુ મારી સામે સેનાસહિત પણ યુદ્ધ કરવાની તેની તાકાત નથી, માટે તું જા, હું તારી પાછળ આવી રહ્યો છું. પાંડવોની સાથે કૃષ્ણને યુદ્ધના માટે તૈયાર કરજે, દૂત ! એક જ સપાટામાં તે બધાને હું મારી નાખું નહીં તો મારૂં નામ જ પદ્મનાભ નહીં.

દૂતે આવી કૃષ્ણને પદ્મનાભની વાત કહી. પાંડવો સહિત કૃષ્ણ યુદ્ધના માટે તયાર થઈ ગયા, પદ્મનાભ પણ કૃષ્ણ પાંડવોની સાથે યુદ્ધ કરવાને માટે સેનાઓથી દિશાઓને ગજાવતો ત્યાં આવી પહોંચ્યો, પદ્મનાભના આવ્યા બાદ કૃષ્ણે પાંડવોને કહ્યું કે પદ્મનાભની સાથે તમો યુદ્ધ કરો છો કે હું કરૂં ? ત્યારે પાંડવોએ કહ્યું કે પાંદડા બાળવા માટે વડવાનલની જરૂરીઆત નથી માટે અમો તેની સાથે યુદ્ધ કરીશું. આજે કાં તો જીત હશે કે હાર, આ પ્રમાણે કહીને પાંડવો લડવા ચાલ્યા, કૃષ્ણ પ્રેક્ષક બનીને ઉભા રહ્યા, પદ્મનાભની સેના સાથે ઘણા સમય સુધી પાંડવોનું યુદ્ધ ચાલ્યું. જ્યારે તેની સેનાએ પીછેહઠ કરી, ત્યારે તે પદ્મનાભ પોતે જ મોટા

શૂરવીરો સહિત મેદાનમાં આવ્યો. પદ્મનાભના શસ્ત્રોથી જર્જરીત બનેલા પાંડવો યુદ્ધભૂમિમાંથી ભાગીને કૃષ્ણના શરણે ગયા, હે ગોવિંદ ! અમે આને જીતી શકીએ તેમ નથી, માટે આપ જ તેની સાથે યુદ્ધ કરો, કૃષ્ણે કહ્યું કે તમો લોકો શત્રુથી પરાજય પામ્યા છો તો આજે 'હું જીતીશ અથવા તે જીતશે' તમે પ્રેક્ષક બનીને જોજો, તે મને જીતી શકવાનો નથી, યુદ્ધના અંતે વિજય મહારો છે.

આ પ્રમાણે કહીને કૃષ્ણે ખૂબ જ જોરથી પાંચજન્ય શંખ ફુંકયો. જેનાથી તેનું ત્રીજા ભાગનું બલ બલાસ થઈ ગયું. કૃષ્ણે શાંર્ગ ધનુષ્યને ખેંચી ટંકાર કર્યો, જેનાથી તેનું બીજી વખત ત્રીજા ભાગનું બળ બલાસ થઈ ગયું. પદ્મનાભ ભાગીને નગરીમાં ચાલ્યો ગયો, બહારથી દરવાજા બંધ કરી નાખ્યા, કૃષ્ણે રથમાંથી ઉતરી પોતાનું આકાશવ્યાપી નૃસિંહનું રૂપ પ્રગટ કર્યું. સમુદ્ર અને પર્વત સહિત પૃથ્વી કંપી ઉઠી, નગરના કિલ્લાઓ, શિખરો, ગોપુર, મહેલ વિગેરે તૂટી પડવા લાગ્યા, કેટલાક લોકો ભોંયરામાં છૂપાઇ ગયા, કેટલાક વૃક્ષો ઉપર ચઢીને છૂપાઈ ગયા, કેટલાક પાણીમાં સંતાઈ ગયા, પદ્મનાભ પણ ગભરાઈને દ્રૌપદીના ચરણમાં જઈને પડયો, બચાવવાની માંગણી કરી, દ્રૌપદીએ કહ્યું કે સ્ત્રીવેષ ધારણ કરી મારી પાછળ પાછળ તમો આવી તેમનું શરણું સ્વીકારશો તો તમે બચી શકશો, તે સિવાય બચવાનો

તમારા માટે કોઈ ઉપાય નથી. ભયભીત પદ્મનાભે તે જ પ્રમાણે કર્યું. ખરેખર જગતમાં પ્રાણ બચાવવા માટે જીવ શું નથી કરતો ? નૃસિંહરૂપ છોડીને ખુશ થતા કૃષ્ણે કહ્યું કે પદ્મનાભ ! 'તું ગભરાઇશ નહીં' આ પ્રમાણે આશ્વાસન આપી પદ્મનાભને પૂછયું કે 'તેં શા માટે દ્રૌપદીનું હરણ કર્યું છે ? તે મને કહે.

પદ્મનાભે કહ્યું કે દેવ ! એક દિવસ મુનિપુંગવ નારદજી મારી પાસે અંતઃપુરમાં આવ્યા, મેં તેમની પૂજા કરી પૂછયું કે મારી પ્રેયસી સમાન સ્ત્રી તમે કયાંય જોઈ છે ? તેઓએ મને કહ્યું કે તું કુવાના દેડકા જેવી વાત શા માટે કરે છે ? પાંચાલીની સામે તારી સ્ત્રીઓ ગણત્રીમાં નથી. આશ્ચર્યચકિત બની મેં ફરીથી પૂછયું હે ભગવાન્ ! જેની આપ પ્રશંસા કરો છો તે દ્રૌપદી કોણ છે ? તેઓએ મને કહ્યું કે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં અલંકારરૂપ હસ્તિનાપુર નામે સ્વર્ગની તુલના કરી શકાય, તેવું નગર છે. શૂરવીરના શિરતાજ સમાન યશસ્વી પાંડવો તે નગર ઉપર રાજ્ય ચલાવે છે. કૃષ્ણ તેના સામ્રાજ્ય રૂપી વૃક્ષના મૂળ સમાન છે. દેવાંગનાઓના રૂપને જીતવા-વાળી તે દ્રૌપદી પાંચ પાંડવોની એક જ પ્રિયતમા છે, આ પ્રમાણે કહીને નારદજી આકાશમાર્ગે ચાલ્યા ગયા, ત્યારે પાંચાલીના ગુણોનું સ્મરણ કરીને હું ખૂબ જ કામાતૂર બન્યો. ભવનપતિ નિકાયમાં રહેલા દેવ જે મારા મિત્ર છે તેમનું સ્મરણ કરીને પાંચાલીનું હરણ કરવા

માટે મેં તેને વિનંતી કરી, તેણે મને કહ્યું કે પાંચાલી મહાન પતિવ્રતા છે. તે બીજાની સાથે કોઇપણ દિવસ પ્રેમ નહી કરે, પરંતુ હું આપનું વચન માનીને લઈ આવું છું. આ પ્રમાણે કહી તે દેવ મારી આજ્ઞાથી મહેલમાં સુતેલી દ્રૌપદીને અવસ્વાપિની વિદ્યાથી વશ કરીને તેણીને અહીં લઈ આવ્યો. જ્યારે તેણી નિદ્રામુક્ત બની ત્યારે પોતાના આવાસને નહી જોવાથી ખૂબ જ ચિંતાતુર બની, મેં તેને બધી વાત સમજાવી, કહ્યું કે 'હું તારો દાસ છું' મારૂં નામ પદ્મનાભ છે અને અહીંનો રાજા છું. તું મને તારો વલ્લભ માનજે, થોડીવાર વિચાર કરીને દ્રૌપદીએ કહ્યું કે એક મહિના સુધી કોઈ નહી આવે તો હું વચન માન્ય કરીશ, સમુદ્રની પાર જંબુદ્વીપમાંથી કોણ આવશે ? આ પ્રમાણે વિચારીને મેં પણ તેના વચનને માન્ય કર્યું. પરંતુ અલૌકિક મહિમાસંપન્ન આપ લોકો તો તેની પાછળ જ આવી ગયા, આ પ્રમાણે કહીને કૃષ્ણની રજા લઈ પદ્મનાભ પોતાની નગરીમાં પાછો આવ્યો, કૃષ્ણ પાંડવો સહિત દ્રૌપદીને લઇ પાછા ફર્યા.

તે વખતે ચંપાનગરીમાં 'પૂર્ણભદ્રક' નામના ઉદ્યાનમાં મુનિસુવ્રત તીર્થંકર પરમાત્મા પધાર્યા, તે વખતે પાંચજન્ય શંખના અવાજને સાંભળી સમવસરણમાં બેઠેલા 'કપિલ' નામના વાસુદેવે મુનિસુવ્રત સ્વામિને પૂછયું કે ભગવાન્ ! મારા જેવો બીજો કોણ છે ? જેનાથી શંખનો અવાજ થઈ રહ્યો છે ? તીર્થંકર પરમાત્માએ કપિલને પદ્મનાભની

બધી વાત કહી સંભળાવી, ત્યારે કપિલવાસુદેવે કહ્યું કે કૃષ્ણનું સ્વાગત કરવાની ભાવના રાખું છું. ભગવાને કહ્યું કે ત્રણે કાળમાં સંભવિત નથી કે બે તીર્થંકર, બે વાસુદેવ, એકબીજાને મળે, તમે ફક્ત તેમના રથની ધજાને જોઈ શકશો, આ પ્રમાણે પ્રભુના વચનો સાંભળી કપિલવાસુદેવ કૃષ્ણની પાછળ દોડયા, લવણસમુદ્રના કિનારે આવી તેમના રથની ધજા જોઈ 'આપ મારા સ્વાગતને તમારી સાથે લેતા જજો' કહીને કપિલ વાસુદેવે શંખ ફુંકયો, 'મેં તમારૂં સ્વાગત પ્રાપ્ત કર્યું છે.' આ પ્રમાણે કહીને કૃષ્ણે પણ પોતાનો શંખ ફુંકયો. શંખનો પ્રતિધ્વનિ સાંભળીને કપિલ પાછો ફર્યો, અપરકંકામાં આવી પદ્મનાભને અન્યાયી, અત્યાચારી કહીનેં તેને નગરની બહાર કાઢી મૂકયો, તેના સ્થાને તેના પુત્રને રાજ્યાસન ઉપર બેસાડયો.

સમુદ્ર પાર કરીને કૃષ્ણે પાંડવોને કહ્યું કે હું સમુદ્રાધીશ સુસ્થિતને મળીને પાછો આવું છું. ત્યાં સુધી આપ 'ગંગાનદીની સામે પાર પહોંચી જાઓ' કૃષ્ણની આજ્ઞાથી નાવમાં બેસી સાડા બાસઠ યોજન પહોળાપટ–વાળી ગંગાનદીની સામે પાર પાંડવો પહોંચી ગયા.

પાંડવોને તે વખતે વિચાર આવ્યો કે 'કૃષ્ણની તાકાતનું માપ કાઢીએ' એમ વિચારી તેઓએ નાવને પાછી સામા કિનારે મોકલાવી નહીં. ત્યારબાદ સુસ્થિત દેવને મળી રથને ડાબા હાથમાં પકડી જમણા હાથની તાકાતથી શ્રીકૃષ્ણ ગંગાનદી પાર કરવા લાગ્યા, તે વખતે

મનમાં કૃષ્ણે વિચાર કર્યો કે પાંડવો અવશ્ય પ્રશંસનીય છે. જેઓ પોતાની તાકાતથી ગંગાનદી પાર ઉતરી ગયા, નદી ઉતરતાં કૃષ્ણ થાકી ગયા, દેવતાએ વાસુદેવને વિશ્રાંતિ કરવા માટે નદી વચ્ચે બેટ બનાવ્યો, થોડીવાર વિશ્રાંતિ કરીને કૃષ્ણ નદીને સામે કિનારે પહોંચ્યા, કૃષ્ણે પૂછયું કે તમો લોકો કેવી રીતે નદી ઉતર્યા પાંડવોએ 'નાવથી નદી પાર કરી છે' એમ કહ્યું તો પછી તમે નાવ પાછી કેમ ન મોકલાવી ? કૃષ્ણે કહ્યું. ત્યારે પાંડવોએ કહ્યું કે આપની ભુજાનું બળ જોવાની ઇચ્છા હોવાથી નાવ પાછી ન મોકલાવી. કૃષ્ણે ક્રોધમાં આવીને કહ્યું કે કંસ–ચાણૂર–કેશી–જરાસંધ વિગેરેને મારતી વખતે તથા હમણાં જ પદ્મનાભને જીતવા છતાં, પણ તમોને મારી ભુજાબલની શક્તિ જોવાની ઇચ્છા થઈ છે ? તો હમણાં જ તમો જોઈ લો ? આ પ્રમાણે કહીને લોહદંડથી કૃષ્ણે પાંડવોના રથો ભાંગી નાખ્યા, અને કહ્યું કે તમો મારી ભૂમિમાં રહેશો તો પુત્ર–ભાઈઓ તથા સેનાસહિત તમને બધાને મારી નાખીશ, આ પ્રમાણે કહીને કૃષ્ણ દ્વારિકા નગરીમાં આવ્યા, જ્યારે દુઃખી બનેલા પાંડવો હસ્તિનાપુર આવ્યા. ત્યાં આવીને પાંડવોએ બનેલી હકીકત માતા–પિતાને કહી સંભળાવી. ખરેખર જગતમાં સુખદુઃખની વાતો માતા–પિતાને જ કહેવાય છે.

ત્યારબાદ કૃષ્ણને સમજાવવા માટે પાંડુરાજાએ કુંતીને દ્વારિકા કૃષ્ણની પાસે મોકલાવ્યા, હાથી ઉપર

બેસીને કુંતી જ્યારે દ્વારિકાના ઉદ્યાનમાં આવ્યા, ત્યારે પ્રભુના સમવસરણને હાથી ઉપરથી જોઈને પગે ચાલી ઉદ્યાનમાં આવ્યા, પ્રભુને નમસ્કાર કરી કુંતી બેઠા, ત્યારે દેવકીજીએ પૂછયું કે ભગવાન્! કાલે મારા ત્યાં સાધુ મહારાજ પધાર્યા હતાં, તે બધા એક સરખા રૂપ-વાળા, તથા એકસરખા મુખવાળા હતા, તેઓને જોઈ મને અત્યંત સ્નેહ ઉત્પન્ન થયો, તેનું કારણ શું? પ્રભુએ કહ્યું કે ભદ્દિલપુરનગરમાં નાગશ્રેષ્ઠિની પ્રિયા સુલ-સા છે. નગમેષિદેવે તમારી કુક્ષિમાંથી લઈને તેની કુક્ષિમાં મૂકી દીધા, આ છએ જણા શ્રીકૃષ્ણના મોટાભાઇ છે, સુલસાની કુક્ષિમાં રહેલા છ મૃતગર્ભોને લાવી તમારી કુક્ષિમાં મૂક્યા હતા, મેં તે બધાને દીક્ષા આપી છે. તેઓ મોક્ષગામી છે. એટલા માટે જ તેઓ કૃષ્ણના જેવા જ દેખાય છે. અને તેઓને જોઈ તમારા મનમાં સ્નેહ ઉત્પન્ન થાય છે. ભગવાનના વચનો સાંભળી કૃષ્ણ વિગેરે સહિત દેવકીજીએ તે છ મુનિઓને વંદન કર્યું. દેશનાની પુર્ણાહૂતી થયા બાદ ખુશ થયેલા કૃષ્ણ કુંતીને લઇ મહેલમાં આવ્યા.

બીજે દિવસે કુંતીની સાથે કૃષ્ણે સમવસરણમાં આવી ભગવાનને પૂછયું કે ભગવન્! સમૃદ્ધિવાળી આ નગરીનો ક્ષય કોનાથી થશે? મારૂં મૃત્યુ કોનાથી થશે? આપ કૃપા કરીને જણાવશો, ભગવાને કહ્યું કે આ નગરીનો વિનાશ દ્વિપાયન મુનિથી થશે, આ જરાકુમારથી તમારો

વધ થશે, યદુવંશના નાશનું કારણ મદ્ય (દારૂ) પાનથી થશે. પ્રભુના વચનો સાંભળી આખી સભા શોકમાં ડુબી ગઈ, 'આ જરાકુમારને ધિક્કાર છે કે જે ભાઇના વધનું કારણ બને છે' આ પ્રમાણે વિચારીને બધા જરાકુમારની તરફ જોવા લાગ્યા, 'હું ભાઈના વધને માટે નિમિત્ત ન બનું' આ પ્રમાણે વિચાર કરી તીરસહિત ધનુષ્યને લઈ જંગલમાં ચાલ્યો ગયો, કૃષ્ણ પણ દ્વારિકામાં આવ્યા, યાદવો પ્રત્યેના સ્નેહથી બંધાયેલા દ્વિપાયનમુનિ પણ દ્વારકામાં રહ્યા હતા, તેમણે લોકોના મુખથી પ્રભુના વચન સાંભળ્યાં, ત્યારબાદ છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ કરતા બ્રહ્મચારી દ્વિપાયનમુનિ નગરદાહની બીકથી દ્વારિકા છોડીને જંગલમાં ચાલ્યા ગયા, દ્વારિકાનો દાહ, અને કુલ વિચ્છેદ જાણીને કૃષ્ણે મદ્યનિષેધ કરાવ્યો, દ્વારિકામાં જેટલો દારૂ હતો તે બધો એકત્ર કરાવીને કદમ્બનામના જંગલમાં કાદમ્બરી નામની ગુફામાં ફેંકાવી દીધો.

તે વખતે સિદ્ધાર્થ નામના સારથિએ બલરામને કહ્યું કે આપની આજ્ઞા હોય તો હું ભગવાન નેમિનાથની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરૂં. બલરામે કહ્યું કે તારા જેવા સહાયકને હું કેવી રીતે છોડી શકું ? પરંતુ એક શરતે હું તને દીક્ષા લેવાની અનુમતિ આપું છું કે જ્યારે હું અત્યંત મોહાંધ બન્યો હોઉં ત્યારે તારે દેવલોકમાંથી આવીને મને પ્રતિબોધ કરવો, બલરામની વાતનો સ્વિકાર કરીને તેમની આજ્ઞાથી દીક્ષા ગ્રહણ કરી. સિદ્ધાર્થમુનિ પ્રભુની સાથે વિહાર કરી અન્યત્ર ચાલી ગયા.

ઘણા દિવસો પછી અવસર પામીને કુંતીએ કૃષ્ણને કહ્યું કે વત્સ ! તમારા તરફથી નિર્વાસિત બનેલા પાંડવો કયાં જઈને રહે ? કેમકે આ ભરતાર્ધભૂમિ તમારી છે. માટે તમો ખુશી થઈને તમારા ભાઇઓને માટે કોઈ સ્થાન બતાવો, કૃષ્ણે કહ્યું કે દક્ષિણસમુદ્રના કિનારે નવીન પાંડુમથુરા નગરી બનાવીને પાંડવો સ્થિરવાસ કરે. હસ્તિનાપુર આવી કુંતીએ પોતાના પુત્રોને કૃષ્ણનો આદેશ કહી સંભળાવ્યો, પાંડવો પાંડુદેશમાં નગરી વસાવીને કૃષ્ણની આજ્ઞાનું પાલન કરવા લાગ્યા, કૃષ્ણે અભિમન્યુ ઉત્તરાના પુત્ર અને સુભદ્રાના પૌત્ર પરિક્ષિતને હસ્તિનાપુરનો રાજા બનાવ્યો.

રાતદિવસ દ્વારિકાના દાહનો વિચાર કરતા પાંડવોને પાંડુ મથુરાના રાજ્યમાં જરાપણ શાંતિ પ્રાપ્ત થતી નહોતી, દરેક વસ્તુઓમાં તેઓ અનિત્યતાની ભાવના ભાવતા પાંડવો દીનોદ્ધાર, દયા વિગેરે ધર્મકાર્ય કરવા લાગ્યા, સંસારને અસાર માનતા કુંતી તથા પાંડુરાજાએ વ્રત લેવાની ઇચ્છાથી ભગવાન નેમિનાથનું સ્મરણ કર્યું. તેમના મનોભાવ જાણીને પ્રભુ પણ ત્યાં પધાર્યા, ખરેખર ! જગતમાં તીર્થંકર અદ્વિતીય ઉપકારી છે, યુધિષ્ઠિરે પોતાના માતા પિતાને સાથે લઈને દુઃખનો વિનાશ કરનારા ભગવાનને નમસ્કાર કર્યા. ભગવાનની અમૃતમયી દેશના સાંભળી સંવેગ પ્રાપ્ત કરી. પાંડુરાજા તથા કુંતીએ દીક્ષા ગ્રહણ કરી. પ્રભુની સાથે વિહાર કર્યો, પ્રભુ તથા

માતાપિતાના વિયોગથી દુઃખી પાંડવોએ દિનરાત ધર્મમાં પોતાનું ચિત્ત સ્થિર કર્યું. પાંડવોએ સુંદર જિનાલય બનાવી તેમાં ભગવાન નેમિનાથના બિંબને પ્રતિષ્ઠાપિત કરી, પ્રભુના વિયોગથી અશાંત બનેલા મનને શાંત કર્યું તો પણ માતાપિતાના વિયોગથી તેમનું મન અશાંત રહેવા લાગ્યું. દ્રૌપદીએ તેમની ખૂબ જ સેવા શુશ્રૂષા કરી, જગતમાં સ્ત્રી, પુરૂષોને માટે તમામ પ્રકારના મનોદ્વેગને દૂર કરનાર છે.

વારંવાર તેઓની સાથે વિષયસુખ ભોગવતી દ્રૌપદીએ પૃથિવીના નિધાનની જેમ ગર્ભ ધારણ કર્યો, પૂર્ણ સમયે પૂર્વ દિશામાંથી આવતા સૂર્યની જેમ દ્રૌપદીએ અત્યંત તેજસ્વી પુત્રને જન્મ આપ્યો, પુત્ર જન્મના ઉત્સવમાં યુધિષ્ઠિરે ખૂબ જ દાન આપ્યું. કારાગૃહના કેદીઓને મુક્ત કર્યા, પાંડવોએ પુત્રનું નામ પાંડુસેન રાખ્યું. બાલ્યાવસ્થામાંથી જ પાંડુસેને તમામ વિદ્યાઓ ગ્રહણ કરી લીધી, ગુણગ્રાહી પાંડવોએ તેને યુવરાજ બનાવ્યો. તમામ પ્રકારે જિનધર્મની પ્રભાવના કરતા પાંડવોએ ઘણો સમય વ્યતિત કર્યો.

એક દિવસ શાહી જેવા કાળા મુખવાળો અને હાથમાં કૌત્સુભ મણિવાળો જરાપુત્ર યુધિષ્ઠિરની સભામાં આવ્યો, ઉચિત વિવેક કર્યા પછી આસન પર બેસાડયો, તેના હાથમાં કૌત્સુભ મણી જોઈને આશ્ચર્યચકિત થયેલા યુધિષ્ઠિરે પૂછયું કે મને ખૂબ જ ચિંતા થાય છે ભાઈ!

તું જલ્દી કહે કે પ્રભુનું વચન સત્ય થયું ? ત્યારે જરાકુમારે કહ્યું કે પ્રભુનું વચન અક્ષરશઃ સત્ય થયું છે. દુઃખી બનેલા યુધિષ્ઠિરે કહ્યું કે શું થયું ? તે તમે મને કહો.

તેણે કહ્યું કે હું જ્યારે દ્વારકાથી નીકળીને જંગલમાં ચાલ્યો ગયો, અને શિકારી પ્રવૃત્તિ કરતો હતો, એકદિવસ મૃગલાની ઉપર બાણ છોડયું. જ્યારે બાણ લેવા માટે ગયો ત્યારે વૃક્ષની છાયામાં સૂતેલા માનવીની ચીસ *સાંભળી 'અરે ! શાંતિથી સૂતેલા નિરપરાધી એવા મારા* પગ ઉપર નામ ગોત્ર બતાવ્યા સિવાય બાણ માર્યું છે.' મેં તો આજસુધીમાં નામ, ગોત્ર જાણ્યા સિવાય અને નિરપરાધી ઉપર કોઈપણ દિવસ પણ બાણ છોડયું નથી.

આ પ્રમાણે કોઈના શબ્દો સાંભળી મેં નિશ્ચય કર્યો કે આ મૃગ નથી પણ કોઇ મહાત્મા પુરૂષ હશે, મને ખૂબ જ દુઃખ થયું. દૂરથી મેં કહ્યું કે દશમા દશાર્હ વસુદેવની જરાદેવીથી ઉત્પન્ન થયેલ જરાકુમાર છું. કોઇ કારણથી મનુષ્ય વિનાના આ જંગલમાં રહું છું; આપ કોણ છો ? ત્યારે તેઓએ કહ્યું કે હું તારો મોટોભાઇ કૃષ્ણ છું; તારો જંગલમાં રહેવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો છે. તેમના વચનોને સાંભળી વ્યાકુલ બનીને હું તેમની પાસે ગયો. કૃષ્ણને જોઈ હું મૂર્ચ્છિત બની ગયો, ભાનમાં આવ્યા પછી મેં તેઓને પૂછયું કે આપ આ ભયંકર દ્વૈપાયનવનમાં કેવી રીતે આવ્યા ?

ત્યારબાદ કૃષ્ણે કહ્યું કે પ્રભુ વચન સાંભળીને નાગરિકો દ્વારા મદ્યપાન ઉપર પ્રતિબંધ કર્યો, છ મહિના સુખપૂર્વક વિત્યા, વૈશાખ મહીનો આવ્યો ત્યારે કદંબ વનના પાલકે આવી મને કહ્યું કે દેવ! ઘણા વખત પહેલાં કાદંબરી ગુફામાં મૂકવામાં આવેલ મદ્ય કોઈએ પીધું. અને સુસ્વાદિષ્ટ લાગવાથી ભેટ રૂપે લાવી શાંબ-કુમારને પીવડાવ્યું. મદ્યના લોભથી બધા કુમારોની સાથે શાંબકુમાર પણ ત્યાં પહોંચી ગયા, ઇચ્છાનુસાર મદ્યપાન કરીને તેઓ ઉન્માદી બન્યા. એક નિર્જન સ્થાનમાં તપસ્યા કરતા પાપ વિનાશકારી દ્વૈપાયનમુનિને જોઇ કુમારો ક્રોધમાં આવી ગયા, શાંબકુમારે કહ્યું કે દુષ્ટ અને નીચ એવા આ મુનિને મારી નાખો નહિતર આપણા નગરને સળગાવી મૂકશે, શાંબકુમારના વચન સાંભળીને લાતો, મૂઠીઓ, પત્થરો વિગેરેથી મુનિને મારવા લાગ્યા, મુનિ બેહોશ થઈ ગયા, 'મુનિ મરી ગયા છે' તેમ સમજી બધા કુમારો પોતાના ઘેર આવ્યા. ભાનમાં આવ્યા બાદ તે મુનિને અત્યંત ક્રોધાયમાન અવસ્થામાં જોઈને હું ત્યાં ગયો. હે મહામુનીશ્વર! હવે આવો અનર્થ નહી થાય, આ પ્રમાણે મુનિને સાન્ત્વન આપતો હતો, ત્યારે તેઓ ક્રોધથી ધમધમતા રૌદ્ર સ્વરૂપથી લાલ દેખાતા હતા. મેં તે મુનિને વિનયથી હાથ જોડીને કહ્યું કે ભગવન્! કયાં આપનું દુસ્તરતપ! અને કયાં આ પ્રચંડ ક્રોધ? મુક્તિફલદાયી આપના તપોબીજને આ ક્રોધાગ્નિ બાળીને ખલાસ કરી નાખશે, મદ્યપાન કરીને અજ્ઞાનાવસ્થામાં

આવેલા તે કુમારો દ્વારા કરવામાં આવેલ વિંટબણાને આપ ક્ષમા કરો, મુનિએ કહ્યું કે વાસુદેવ ! તમે મને હવે સાન્ત્વન આપો નહિ, કારણ કે હમણાં જ મેં ક્રોધાન્ધ બનીને નિયાણું બાંધ્યું છે કે હું દ્વારિકાનો તથા યદુવંશનો વિનાશ કરૂં, માટે હે કૃષ્ણ ! તમે બંને ભાઈઓ સિવાય બધાનો વિનાશ થવાનો છે. તોપણ હું મુનિને શાંત કરવાનો પ્રયત્ન કરતો હતો, એટલામાં બલદેવે કહ્યું કે શાંત પાડવાનો પ્રયાસ સદંતર નિષ્ફળ છે કારણ કે વાંકાહાથ, પગ, અને નાકવાળા, મોટા હોઠ–વાળા, હીન અંગોવાળા, બેડોળ સ્વરૂપવાળા, કદાપિ શાંત થઈ શકતા જ નથી.

ત્યાંથી ખિન્ન બનીને નગરમાં આવ્યો, મારા આવતા પહેલાં જ દ્વૈપાયન મુનિના નિયાણાની વાત નગરમાં ફેલાઇ ગઇ હતી, એક તો સ્વભાવથી, વળી મારી આજ્ઞાથી અને પ્રભુના ઉપદેશથી દ્વારકાના પ્રજાજનો ધર્મકાર્યમાં લીન બની ગયા, તે વખતે કૃપાળુ ભગવાન નેમિનાથે દ્વારિકાનગરીમાં પધારી પોતાના માતાપિતા તથા પ્રદ્યુમ્નાદિ કુમારોને દીક્ષા આપી, રૂકિમણી આદિ મારી પટરાણીઓને તથા અનેક દ્વારિકા વાસીઓને પ્રભુએ સંયમ માર્ગ આપ્યો, મારા પૂછવાથી પ્રભુએ કહ્યું કે 'આજથી બાર વર્ષે દ્વારિકાનો નાશ થશે' આ પ્રમાણે કહીને નેમિનાથ પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા, આયંબિલ, ચતુર્થભક્ત, છટ્ઠ, અટ્ઠમ વિગેરે તપ નગરવાસીઓ કરતા

હતા, તપોબળથી નિર્વિઘ્ને અગ્યાર વર્ષ પસાર થઇ ગયા, બારમું વર્ષ ચાલતું હતું. તે વખતે નગરજનોને એક સાથે એક જ વિચાર આવ્યો કે 'અમારા તપથી દ્વૈપાયન મુનિ હારી ગયા છે.' 'દ્વપાયન મુનિનો નાશ થયો છે.' આ પ્રમાણે નિશ્ચય કરીને નગરના લોકો ફરીથી પ્રમાદ વશ પડીને મદ્યપાન કરવા લાગ્યા, 'ભવિતવ્યતાને કોણ રોકી શકયું છે.'

ત્યારબાદ ધરતીકંપ–નિર્ઘાત–ઉલ્કાપાત–વિગેરે અનેક ઉત્પાત થવા લાગ્યા, સૂર્ય પ્રચંડ ગરમી વરસાવવા લાગ્યો, પુત્તલીઓ હસવા લાગી, સમય વિના રાહુ સૂર્ય ચંદ્રને ગ્રસવા લાગ્યો, લોકો રાત્રિના અનેક પ્રકારે દુઃસ્વપ્નો જોવા લાગ્યા, મારા ચક્રાદિરત્નો ચાલ્યા ગયા, ચારે તરફ મહાવાયુ ફુંકાવા લાગ્યો, બહારથી મોટા મોટા વૃક્ષોને ઉખાડી તે પવન નગરમાં ફેંકવા લાગ્યો, એટલામાં મારી તથા બલરામની સામે કોઇએ દ્વારિકામાં આગ લગાડી, મારા મનમાં શોક અને આકાશમાં ધૂમાડાથી અંધકાર ફેલાઇ ગયો, મોટી મોટી જ્વાળાઓથી ધૂમાડો શાંત પડયો, પરંતુ મારા મનનો અંધકાર ઉત્તરોત્તર વધતો ચાલ્યો, બળદેવની સાથે હું એક રથ ઉપર વસુદેવ, દેવકીજી–તથા રોહિણીને બેસાડી નગરમાંથી બહાર નીકળવા લાગ્યા, પરંતુ તે રથને ઘોડા તથા બળદો પણ ન ખેંચી શકયા ત્યારે મેં તથા બલદેવે ધુસરાને પકડી રથને ખેંચવા માંડયો, ધૂસરૂં તૂટી જવા છતાં પણ અમે બન્ને જણા મહામુશ્કેલીએ તે રથને ગોપુર સુધી લઇ આવ્યા, પરંતુ

ગોપુરના દ્વરવાજા બંધ હોવાથી બલરામે પગના પ્રહારથી કમાડને તોડી નાખ્યા, રથ જમીનમાં ઉતરી ગયો, ખેંચવા છતાં પણ જ્યારે રથ ચાલ્યો નહી. ત્યારે ખૂબજ દુઃખ થયું. એટલામાં મને ખૂબજ દુઃખી જોઈને કોઈ દેવે કહ્યું કે કૃષ્ણ ! તમારો શ્રમ નિષ્ફળ છે. કારણ કે હું જ તે દ્વૈપાયન મુનિ છું. મરીને અગ્નિકુમાર નિકાયમાં ઉત્પન્ન થઇને પ્રથમનું વેર યાદ કરીને આ બધું કરી રહ્યો છું. પરંતુ અગ્યાર વર્ષ સુધી ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા લોકોની સાવધાનીથી મને દ્વારિકાનગરી બાળવાનો સમય મલ્યો નહિ પરંતુ મારા કરેલા નિયાણા દ્વારા તમારા માતા પિતા સહિત સમસ્ત દ્વારિકાવાસિઓને બાળી નાખીશ, માટે જાવીને કોઈ રોકી શકતું નથી, તેમના વચનો સાંભળીને પણ રથને ખીંચતા બન્ને ભાઈઓને માતા પિતાએ કહ્યું કે તમે લોકોએ ઉચિત વાત્સલ્ય બતાવ્યું છે. પરંતુ ભવિતવ્યતા બનીને જ રહે છે. તમે બન્ને અહીંથી ચાલ્યા જાઓ, તમારો માર્ગ કલ્યાણકારી બનો. ચિરકાલ સુધી તમે વિજય પ્રાપ્ત કરો, અમે લોકો તો ભગવાન નેમિનાથનું શરણું સ્વિકારીએ છીએ, મન-વચન અને કાયાથી કરેલા દુષ્કાર્ય અમારા મિથ્યા થાઓ, સર્વ જીવોને અમો ખમાવીએ છીએ, તમામ જીવો અમોને ક્ષમા કરો, તમામ જીવો ઉપર અમોને મૈત્રીભાવ છે. અમને કોઇની ઉપર વેર નથી. અમો ચારે પ્રકારના આહારનું પચ્ચક્ખાણ કરીએ છીએ, અરિહંતાદિ પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરીએ છીએ, અમે હવે કોઈના નથી અને અમારૂં કોઈ નથી. આ પ્રમાણે આત્માને વશ કરતા

માતા પિતા વડે વિદાયગિરિ લઈને અમે બંને ભાઈઓ ત્યાંથી ચાલ્યા.

તે અધમદેવે થોડાક સમયમાં દ્વારિકા નગરીને બાળી નાખી રાખ બનાવી દીધી. માતા પિતા પણ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં દેવલોક ગયા, લોકોના કરૂણ આક્રંદ સાંભળતા અમે બન્ને જણા જીર્ણોદ્યાનમાં આવ્યા, દ્વારિકા બળી જવાથી ગરીબની જેમ દુઃખી બની મેં બલરામને કહ્યું આર્ય ! કયાં દ્વારિકાની લક્ષ્મી ? કયાં આ આગ ? કયાં મારી અમોઘ શક્તિ ? કયાં આજની નિર્બળતા ? આર્ય ! હવે શું કરૂં ? કયાં જઈશું ? બધા રાજાઓ આપણા વિરોધી છે.

બલરામે મને ધીરજ રાખવા જણાવ્યું. તેઓએ કહ્યું કે પ્રભુએ કહેલ સંસાર નાટક તમે ન હોતું સાંભળ્યું ?

કર્મ પરિણામ સૂત્રધાર છે. અનેક પ્રકારના વેશને ધારણ કરનાર પ્રાણી નાટકનું મુખ્ય પાત્ર છે. હર્ષ શોકાદિભાવો દ્વારા પ્રાણીએ નાચે છે. તમે ખેદ કરશો નહિ. આપણે બન્ને પાંડવોની પાસે જઈએ, તેઓ ઉપકારને યાદ કરવાવાળા છે. તેઓ કદાપિ અપકારનો બદલો લેવાવાળા નથી. તેમજ અપકારને યાદ પણ કરવાવાળા નથી. જેમ બળતું કપૂર પણ સુગંધ આપે છે. તેમ સજ્જન આત્માઓ અપકારના બદલામાં ઉપકાર કરે છે.

ત્યારબાદ અમે બન્ને ભાઈઓ પાંડવોની નગરીમાં જવા માટે નીકળ્યા, રસ્તામાં હસ્તિકલ્પ નગરમાં આવ્યા,

મને ભૂખ લાગવાથી ભોજન લાવવાની ઇચ્છાથી જ્યારે બલરામ નગરમાં ગયા, ત્યારે મેં તેઓને કહ્યું કે આ નગરમાં ધૃતરાષ્ટ્ર પુત્ર અચ્છદંત નામનો રાજા રાજ્ય કરે છે. પાંડવોના પ્રત્યે આપણે પક્ષપાતી હોવાથી તે મારી ઉપર ખૂબ જ વિદ્વેષ રાખે છે. તે જો કોઈ પ્રકારે અનુચિત આચરણ આપના પ્રત્યે કરે તો આપ તરત જ શંખનાદ કરજો, બલરામ જ્યાં નગરમાં ગયા, ત્યાંજ તરત જ શંખનો અવાજ મારા કાનમાં પડયો, ત્યારે અતિશય ક્રોધમાં આવી હું નગર તરફ દોડયો, નગરમાં પ્રવેશ કરતાં જ તેની ચતુરંગી સેના સામે બલરામને હાથી બાંધવાના ખીલા વડે લડતા જોયા, હાથમાં પરિઘ લઈને મેં તેઓને કહ્યું કે નીચ! કૌરવોને મૃત્યુ સન્મુખ પહોંચાડનાર હું આવી પહોંચ્યો છું; મને જોઈ તરત જ મૃત્યુના ભયથી હાથ જોડી દુર્યોધનના ભાઈએ કહ્યું કે સિંહની સામે મૃગલા કોઈ દિવસ લડી શકતા હશે? દેવ! સેવકના અપરાધની આપ ક્ષમા આપો, તેને છોડી મૂકી, ભોજનને લઈ બલરામની સાથે ફરીથી તે વનમાં અમો બંને જણા આવ્યા, મેં તેમને પૂછયું કે આટલું સુંદર ભોજન કેવી રીતે મલ્યું? શત્રુની નજર આપની ઉપર કેવી રીતે પડી?

બલરામે કહ્યું કે ગોવિંદ! હાથના સુવર્ણવલયને વેચી ભોજનને ખરીદી આવતો હતો, તે વારે મને તેઓએ ઓળખી લીધો, સેનાઓથી મને ઘેરી લઈ કહ્યું કે રોહિણી પુત્ર! પાંડવના બાંધવ! શસ્ત્ર લઈને મારી સાથે

ફરીથી યુદ્ધ કર, ભોજનપાત્રને બાજુ પર મૂકી મેં શંખનાદ કર્યો, ત્યારબાદ તમે ત્યાં તરત જ આવી ગયા.

ત્યારબાદ અમો બંને ભાઇઓ ભોજન કરીને ચાલ્યા. અનુક્રમે નિર્જલ કૌશાંબ વનમાં આવ્યા. પુન્નાગ વૃક્ષની છાયામાં બેસી મેં બલરામને પાણી માટે કહ્યું. 'આ ભયંકર વનમાં સાવધાનીથી રહેજો' હું જલદીથી પાણી લઈને આવું છું; આ પ્રમાણે વારંવાર મને કહીને વનદેવતાઓને મારી સહાયતા માટે વિનંતિ કરી બલરામ ગયા, હું રેશમી વસ્ત્રને ઓઢી આ વૃક્ષની નીચે સૂઇ ગયો, ત્યારબાદ મૃગલાની ભ્રમણાથી તેં મારેલું બાણ મારા પગમાં વાગ્યું. જરાકુમાર? આ પ્રમાણે આદિથી અંત સુધીની મારી કથા છે. કૃષ્ણના મુખથી દ્વારકાના નાશની વાત સાંભળી મેં ભાગ્યની નિંદા કરી, સુખ પૂર્વક સૂતેલા ભાઈની હત્યા કરનાર જેવા તને ધિક્કાર છે, હું શોક કરતો હતો ત્યારે કૃષ્ણે કહ્યું કે વિલાપ કરશો નહિ. તમે એક કામ કરો, એક મુહૂર્ત પછી મારૂં મૃત્યુ છે. માટે હવે હું ભગવાન નેમિનાથના ચરણને ભજીશ, તું આ કૌત્સુભ મણિને હાથમાં લઈ જલદીથી પાંડવોની પાસે ચાલ્યો જા, નહિતર બલરામ આવતાની સાથે જ તને મારી નાખશે, થોડે દૂર સુધી તું પાછું વાળીને જોતો રહેજે, કદાચ બલરામ તારી પાછળ આવતા ન હોય? કૃષ્ણના પગમાંથી બાણ ખેંચી તથા કૌત્સુભમણિને લઈને મહારાજા યુધિષ્ઠિર? હું અહિંઆ આવ્યો છું.

આ પ્રમાણે જરાકુમારના મુખથી દ્વારિકાની કથા સાંભળી પાંચે પાંડવો શોકાતૂર બની ગયા પરંતુ વિવેકે તેમના શોકને દૂર કર્યો, પાંડવો પોતાને મોહસામ્રાજ્યમાં ડુબેલા માનવા લાગ્યા, મોહરાજાનો મોટો પુત્ર રાગ, જેણે અમને અસાર વસ્તુઓમાં સાર રૂપ મનાવીને મુગ્ધ બનાવી રાખ્યા છે,

અને તેજ મહારાજાનો નાનો પુત્ર જે 'દ્વેષ' છે તેણે અમોને બંધુઓના પ્રાણવિયોગ કરવા માટે પ્રવૃત્તિમય બનાવ્યા છે, આ પ્રમાણેનું ચિંતન કર્યું. અને તેઓએ વિચાર કર્યો કે મોહનો તિરસ્કાર કરીને જગત્પ્રભુ ભગવાન નેમિનાથને સાક્ષી રાખી આત્માને ચારિત્ર ક્ષમાધીશ બનાવીએ, પરંતુ બબર નથી કે ભગવાન પોતાના વિહાર અને દેશનાથી કયા દેશને પાવન કરી રહ્યા છે ?

'અથવા અમારા ઉપર ઉપકાર કરીને અમોને મુમુક્ષુ જાણી સ્વયં ભગવાન કૃપા કરશે' આ પ્રમાણે વિશ્વાસ રાખીને ભગવાનના આગમનની પ્રતીક્ષા કરીએ છીએ.

સત્તરમો સર્ગ સંપૂર્ણ

સર્ગ : ૧૮મો

ત્યારબાદ નેમિનાથ ભગવાનનાં આજ્ઞાથી દેશના–ક્ષીરસાગર ધર્મઘોષમુનિ પાંડુ મથુરોદ્યાનમાં પધાર્યા, ઉદ્યાનપાલ દ્વારા મુનિનું આગમન જાણી આનંદિત બનેલા યુધિષ્ઠિર ભાઇઓ સહિત ઉદ્યાનમાં મુનીશ્વરને વંદન કરવા પધાર્યા. સુરેન્દ્ર, અમરેન્દ્ર, નરેન્દ્રોથી ધર્મ સભા શોભતી હતી, દેવતાઓએ બનાવેલ વિકસિત સુવર્ણ કમલ ઉપર ત્રણે લોકને ધર્મમય બનાવવા માટે વિરાજમાન નવિન પ્રજાપતિ સમાન પાંચસો મહામુનિઓથી પરિવરેલા તપ–દાન વિગેરેથી શોભતા સાક્ષાત્ ધર્મસમાન અત્યંત સ્વરૂપવાન મહામુનીશ્વરને રાજાએ જોયા, ભક્તિથી મહામુનીશ્વરને વંદન કરી જરાકુમારની સાથે જમીન પર રાજા બેસી ગયા, ત્યારબાદ અમૃતવાણીથી મુનીશ્વરે વૈરાગ્યમય દેશનાનો પ્રારંભ કર્યો.

જેઓ સંસારની અસારતાને જાણતા નથી તેવા લોકોને ધિક્કાર છે. સંસારની અસારતા જાણતા હોવા છતાં પણ દારૂડીઆની જેમ તેમાં મુગ્ધ બને છે. અનુત્તર વિમાનના દેવતાઓની લક્ષ્મી પણ વિરસ છે તો પછી

મનુષ્યની તો વાત જ શું કરવી ? જેમના આયુષ્ય–લક્ષ્મી–સ્ત્રીના નયનોની જેમ ચંચળ છે. મોટા મોટા ચક્રવર્તી પણ હીનદશાને પામેલા છે, માટે જ ધીર–વીર પુરૂષો એકાન્ત દુઃખમય સંસારને છોડી મુક્તિ સુખની પ્રાપ્તિ માટે સંયમ માર્ગનો સ્વિકાર કરે છે.

આ પ્રકારે સંવેગીની વાણી સાંભળીને હાથ જોડી રાજાએ કહ્યું કે ' સંસારના સ્વરૂપને તો આપજ જાણો છો ' પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારના અનુભવોવી સંસારની અસુંદરતા જાણીને વૈરાગ્યવાસિત મારૂં અંતર પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ભાવનાવાળું છે. અમે શ્રી નેમિનાથ સ્વામિના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા, એટલામાં ભગવાને અમારી મનોવૃત્તિને જાણી અમારા ઉપર ઉપકાર કરવાને માટે આપને અહિંઆ મોકલાવેલ છે. માટે પ્રભુના સાક્ષાત્ પ્રતિનિધિરૂપ આપ કૃપા કરીને અમને લોકોને સંસાર સમુદ્રમાંથી બહાર કાઢવાની કૃપા કરો, ભગવન્ ? અતિન્દ્રિય જ્ઞાનના ભંડાર એવા આપના માટે દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવ વિગેરે કોઈ વસ્તુ દૂર તથા અપ્રત્યક્ષ નથી. તે વનમાં કૃષ્ણનું મૃત્યુ થયું તે વાત અમોને જરાકુમારે કહી છે. તે વખતે તેમના માટે પાણી લેવા માટે ગયેલા બલરામનું શું થયું ? તે વાત અમોને સંભળાવવા કૃપા કરશો.

ત્યારબાદ વિશિષ્ટજ્ઞાની મુનીશ્વરે કહ્યું કે બલરામ પાણી લઈને કૃષ્ણની પાસે આવ્યા, અને કૃષ્ણને કહ્યું કે ભાઈ ! જલ્દીથી ઊઠો, તમારા માટે અત્યંત સુગંધિત

અને શીતળ પાણી લાવ્યો છું, એટલા માટે મુખને ધોઈ નાખી ઇચ્છા હોય તેટલું પાણી પીને થાક દૂર કરો. કૃષ્ણ બોલ્યા નહિ, ત્યારે બલરામે ફરીથી કહ્યું કે હે અરિષ્ટહારિ! મને શેઠું મોડું થવાથી આપ શા માટે રીસાઇ ગયા છો? આ રીતે રીસાવું તમારા માટે ઉચિત નથી. પાણી બહુ દૂર હોવાથી મને આવતા મોડું થઈ ગયું છે. તોપણ કૃષ્ણ બોલ્યા નહિ ત્યારે બલરામે વિચાર્યું કે ખૂબ થાક લાગવાથી ઉંઘી ગયા છે. માટે ભલે તેઓ ઉંઘતા, આ પ્રમાણે વિચાર કરીને બલરામ શાંતિથી કૃષ્ણની બાજુમાં વૃક્ષની નીચે બેઠા, ત્યારે કૃષ્ણના શરીરની ચારે તરફ કાળી માખીઓ ઉડતી જોઈ આશ્ચર્યચકિત બનેલા બલદેવે કૃષ્ણની ઉપર ઢાંકેલું વસ્ત્ર લઈ લીધું. તોપણ કૃષ્ણને મરી ગયેલા જોયા, તેમના પગમાં બાણોનો ઘા જોયો, ક્રોધથી બલરામે ભયંકર સિંહનાદ કર્યો, અવાજ સાંભળી જંગલના પશુઓ બીકના માર્યા આમતેમ દોડવા લાગ્યા, પૃથ્વી કંપવા લાગી, મદોન્મત્ત બનેલા બલરામે કહ્યું કે સૂતેલા મારા ભાઈને કોણે મારી નાખ્યા છે? ચંડાલ પણ સૂતેલા ઉપર મત્ત, પ્રમત્ત, બાળક, સ્ત્રી, મુનિ તથા ગાયની ઉપર પ્રહાર કરતો નથી. તો પછી મારા ભાઈને કોણે માર્યો? કદાચ ભુજબલનું અભિમાન હોય તો મારી સામે આવી જાય! હું તેના બાહુબળને શાંત કરી નાખું. આ પ્રમાણે ક્રોધાયમાન બલરામ મોટેથી બૂમો પાડતા મૂર્ચ્છિત બની ગયા, જ્યારે તેઓ ભાનમાં

આવ્યા, ત્યારે મોટેથી વિલાપ કરવા લાગ્યા, તેમના વિલાપથી જંગલ ભયાનક લાગતું હતું.

હે જગતના અદ્વિતીય પુરૂષ ! હે ગુણવાનોમાં અગ્રગણ્ય ! હે ગુરૂજનોને વાત્સલ્ય કરનાર ! હે રામ–નયનોત્સવ ! પહેલાં તો શત્રુઓના મોટા મોટા શસ્ત્રોના ઘાથી તમોને કાંઈ થતું નહોતું. તો પછી આજે પગમાં વાગેલા ઘાથી તમારા મૃત્યુનો વિશ્વાસ કેવી રીતે કરૂં ? ઘેટતા માટે લાઈ ! ઉઠો, સૂર્યોદય થવાની તૈયારી છે. વધારે તડકો થશે તો ચાલી શકાશે નહીં. વળી જો પગમાં પડેલા ઘાથી તમોને દુઃખ થવાથી ચાલી શકાતું ન હોય તો મારા ખભા ઉપર બેસી જાઓ, હું આટલું બધું આક્રંદ કરૂં છું; તોપણ તમે જવાબ કેમ આપતા નથી ? તમારા વચનો શ્રવણ કરવા માટે મારા કાન ખૂબ જ આતુર છે. પહેલાં તો જ્યારે હું ભૂલ કરતો હતો તોપણ તમે ક્રોધ કરતા નહોતા, જ્યારે અત્યારે મારો કોઈ અપરાધ નથી. તોપણ શા માટે ક્રોધ કરો છો ? હે ભાઇ ! તમોને ખૂબ જ થાકથી ઉંઘ આવતી હોય તો આજે આપણે જંગલમાં રાત્રિ રહીએ, આ પ્રમાણે બલરામે અનેક વચનો બોલીને રાત્રિ દિવસ જંગલમાં વિતાવ્યા, પ્રાતઃકાળમાં કૃષ્ણને જીવતા માનીને બલરામ પોતાના ખભા ઉપર મૂકી સ્નેહથી વ્યામોહવાળા બલરામ–નદી–પર્વત અને જંગલમાં કૃષ્ણના મૃતકને લઈ ફરવા લાગ્યા, વનવૃક્ષના ફૂલોથી દરરોજ કૃષ્ણની પૂજા કરવા લાગ્યા, આ પ્રમાણે છ મહિના

વ્યતિત થયા બાદ વાદળોથી દિશાઓને અને અંકુરોથી જમીનને નીલવર્ણ બનાવનારી વર્ષાઋતુ આવી.

એકદા પર્વતથી નીચે ઉતરીને જમીન ઉપર તુટેલા એક રથને બલરામે જોયો, રથને વ્યવસ્થિત કરતા સારથિને બલરામે કહ્યું કે મૂઢ ? તદ્દન ભાંગેલા રથને વ્યવસ્થિત કરવા માટે ફોગટનો પરિશ્રમ શા માટે કરે છે ? તે સારથિએ કહ્યું કે અનેક યુદ્ધમાં શત્રુઓના શસ્ત્રથી નહી મરનાર આપના ભાઈ હમણાં પગમાં ઘા વાગવાથી મરી ગયા છે, તે જો જીવતા થવાના હોય તો, રથ કેમ સારો થાય નહી ? મારો ભાઇ કયાં મર્યો છે ? આ પ્રમાણે કહીને ક્રોધાવેશમાં સારથિ તરફ જોતા બલરામ આગળ વધ્યા, થોડેક દૂર ગયા બાદ પત્થર ઉપર કમલને વાવતા એક માણસને જોઈ બલરામે હસીને કહ્યું કે મૂઢ ! ગમે તેટલો પ્રયત્ન કરીશ તો પણ પત્થર ઉપર કમલ ઉગતું હશે ખરૂં કે ? તેણે પણ કહ્યું કે મરી ગયેલા આપના ભાઈ જો જીવતા થાય તો પત્થર ઉપર કમલ પણ ઉગશે, તેના વચન સાંભળીને મોહાંધ બનેલા બલરામ આગળ વધ્યા, આગળ ગયા બાદ દાવાનળથી બળી ગયેલા ઝાડને પાણી વડે સીંચતા માલીને જોયો, બલરામે કહ્યું કે તું મૂર્ખતાનું કામ શા માટે કરી રહ્યો છે ? તેણે કહ્યું કે જો બખા ઉપર રાખેલા ભાઇના મૃતકને આપ સજીવન કરવાની ઈચ્છા રાખો છો, તો આ વૃક્ષને પણ અંકુરા ફૂટવાના જ છે. તેની વાતને ન સાંભળતા બલરામ આગળ વધ્યા, આગળ જતાં મરી

ગયેલી ગાયના મુખમાં ઘાસ નાખતા એક માણસને જોયો, અને કહ્યું કે મરી ગયેલી ગાય ઘાસ કેવી રીતે ખાશે ? ત્યારે તે માણસે કહ્યું કે આપના બલે રહેલું આપના ભાઈનું મુંડદુ જીવિત બનીને ચાલવાનું છે તો પછી મરેલી ગાય પણ જરૂર ઘાસ ખાવાની છે.

ત્યારબાદ બલરામે વિચાર કર્યો કે ખરેખર ! મારો ભાઈ મરી ગયો લાગે છે, કારણ કે બધાજ એક વાત કરી રહ્યા છે. આ પ્રમાણે બલરામ મોહાન્ધ દશામાંથી કાંઇક મુક્ત થયા ત્યારે દિશાઓને પ્રકાશિત કરતો એક દેવ બલરામની આગળ આવીને ઉભો રહ્યો અને બોલ્યો કે હું આપનો સારથિ સિધ્ધાર્થ છુ; તપના પ્રભાવથી અને ચારિત્રના સંયોગથી મરીને હું દેવ થયો છુ; આપને યાદ છે ? આપે મને દીક્ષા વખતે કહ્યું હતું કે જ્યારે હું મોહાન્ધ બનું ત્યારે તું મને બચાવજે" એટલા માટે જ હમણાં આપને મોહાન્ધ જાણી આપની પાસે આવ્યો છુ. શ્રી નેમિનાથ ભગવાને પ્રથમ કહ્યું હતું કે જરાકુમારથી શ્રી કૃષ્ણનું મૃત્યુ થશે. અને તે જ વાત બની છે, તીર્થંકરનું વચન કદાપિ અસત્ય થતું નથી. રથ વિગેરે બધુ મેં જ તમોને બતાવેલ છે. તમે મોહથી મુક્ત થાવ, આત્મકલ્યાણ કરવા તૈયાર થાઓ, દરેક જન્મોમાં ભાઈ અને કુટુંબને મેળવે છે. પરંતુ ભાઈઓ તથા કુટુંબીઓ ભવવૃધ્ધિના હેતુરૂપ મોહની વૃધ્ધિ કરનારા છે, રાગના હેતુથી કર્મ બંધાય છે. અને પરિણામ દુઃખદાયી છે.

સિધ્ધાર્થ દેવના વચનો સાંભળી બલરામે કહ્યું કે ભાઈ! તમે મને ખૂબજ બોધ આપ્યો છે. પરંતુ મને બતાવો કે કૃષ્ણના મૃત્યુથી દુઃખમાં પડેલો હું કેવી રીતે આત્મકલ્યાણ કરૂં ? તે વખતે દેવે કહ્યું કે આપ ત્રૈલોકયનાથ, કલ્પવૃક્ષ સમાન ભગવાન નેમિનાથની પાસે દીક્ષા ગ્રહણ કરો, દેવની વાતનો સ્વીકાર કરીને બલરામ તથા દેવ બન્ને જણાએ મલીને શ્રીકૃષ્ણનો અગ્નિસંસ્કાર કર્યો.

ત્યારબાદ બલરામ જ્યારે સંયમના માટે ઉત્સુક બન્યા, ત્યાં તેમણે પોતાની સામે એક વિદ્યાધર મુનિને જોયા, તેમનું સ્વાગત તથા પ્રણામ કરીને હર્ષિત બનેલા બલરામે તેમના આગમનનું કારણ પૂછયું. તેઓએ કહ્યું કે આપના સંયમી બનવાના વિચાર જાણી ભગવાન નેમિનાથે મને અહીંઆ તમારી પાસે મોકલાવેલ છે. માટે આજનો સમય અત્યુત્તમ છે. આપ આપની પુણ્યસંપત્તિ વૃધ્ધિના હેતુરૂપ મનમાં ઇચ્છિત સર્વવિરતિ વ્રત ગ્રહણ કરો, વિદ્યાધર મુનિના વચનોથી ઉત્સાહિત બની બલરામે સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગરૂપ સર્વવિરતિપણાનો સ્વીકાર કર્યો, થોડા વખતમાં તેઓ સુક્ષ્મમાં સુક્ષ્મ સિધ્ધાંતના રહસ્યોના જાણકાર બની ગયા.

છઠ્ઠ અઠ્ઠમ વિગેરે અનેક તપોની આરાધના કરતા બલરામ દરેક વસ્તુમાં સમાન ચિત્તવાળા બન્યા, તેઓ દેવતાઓને પણ દુઃખી માનવા લાગ્યા, પોતાના શરીર ઉપરથી રાગ ઉઠી ગયો હતો, શહેરમાં કે જંગલમાં સમાન-

વૃત્તિવાળા હતા, ધર્મામૃતમય શાન્ત વચનોથી દરેક જગ્યાએ ઉપદેશ આપી ઉપકાર કરતા હતા. પવનની જેમ સ્વતંત્ર ગામ, નગર, જંગલમાં વિહાર કરવા લાગ્યા, તેમની સેવા કરીને પોતાના જીવનને ધન્ય માનતો સિદ્ધાર્થદેવ પડછાયાની જેમ સાથે રહેતો હતો, એક તરફ ભગવાન નેમિનાથ, અને બીજી તરફ મહામુનિ બલભદ્ર જગતમાં સૂર્ય–ચંદ્રની સમાન ઉપકાર કરવા લાગ્યા.

માટે આપ લોકો પણ નિર્વેદ પ્રાપ્ત કરીને તેમની જેમ સંયમ પ્રાપ્ત કરો, દીપક વિના અંધકારનો નાશ થતો નથી. આપ લોકોએ શત્રુઓનો વિનાશ કર્યો છે, રાજ્ય પણ ભોગવ્યું છે, અનુપમ પૌદ્ગલિક સુખની પ્રાપ્તિ પણ કરી છે. હવે તમારા માટે જગતમાં બાકી પણ શું છે? હવે તો તમારે ફક્ત મુક્તિ સુખ ભોગવવાનું બાકી છે. માટે તમો મુક્તિ સુખને આપવાવાળા ચારિત્ર્યધર્મને અંગિકાર કરો.

આ પ્રમાણે ધર્મઘોષ મુનિના વચનોથી ઉત્સાહિત બનેલા પાંડવોએ તરત જ સંસાર છોડવાની ભાવના પ્રગટ કરી, એકાએક ત્યાંથી ઉઠીને નગરમાં આવ્યા, શુભમુહૂર્તમાં કૃષ્ણ પ્રતિના ઋણમાંથી મુક્ત થવાને માટે તેઓએ જરા-કુમારને સામ્રાજ્યનો અધિકારી બનાવ્યો, તેઓએ કારાગાર-માંથી કેદીઓને છોડી મૂકયા, દુષ્કર્મ પરમાણુઓથી યુક્ત આત્માને શુધ્ધ સંવેગમય બનાવ્યો, સુવર્ણ દાનથી ગરીબોની ગરિબાઈ તથા ઉંડા મૂળવાળા સંસાર વૃક્ષનો વિનાશ

કર્યો, જીર્ણ જિનમંદિરોના ઉદ્ધારથી તથા દુર્ગતિરૂપ અન્ધકાર કૂપથી આત્માનો પાંડવોએ ઉદ્ધાર કર્યો, જેના ફળસ્વરૂપે મુક્તિરૂપ ફળની પ્રાપ્તિ થવાની છે એવા પોતાના ધનનો સદુપયોગ સાત ક્ષેત્રમાં કર્યો. તેઓએ આ પ્રમાણે સુવર્ણ દાન આપ્યું. જેથી લોકોમાં મહાજન અને દેવાદાર શબ્દનો નાશ થયો.

ઐરાવત સમાન મોટા મોટા હાથીઓ ઉપર બેસીને તમ જ ઉચિત મુકતામય વેશથી સુશોભિત, ચામર વિંઝતી વારાંગનાઓથી વિંટાએલા નાગરિકો, પરિવાર, સામંત, અમાત્ય, મંત્રી વિગેરે દેવો સહિત સામાનિક દેવોથી પરિવરેલા લોકપાલની જેમ પાંચ પાંડવો યાચકોને રત્નો વડે સંતોષતા હતા, તેમના માર્ગનું અનુસરણ કરવાની તીવ્ર ઇચ્છાવાળી દ્રૌપદીની સાથે દીક્ષા લેવાને માટે ચાલ્યા, નગરની સ્ત્રીઓના અશ્રુજલકણ સહિત લાજકણને ગ્રહણ કરતાં પાંડવો બહારના ઉદ્યાનમાં આવ્યા, ત્યાં હાથી ઉપરથી ઉતરીને રાજચિન્હો છોડી, દ્રૌપદી સહિત પાંચે પાંડવો ધર્મઘોષ મુનિની પાસે આવી ઉભા રહ્યા, મુનિના પગ પકડીને 'આપ આપના હાથે દીક્ષા આપી અમારા મસ્તકને પવિત્ર બનાવો,' આ પ્રમાણે પાંડવોએ મુનિને વિનંતી કરી, ભગવાન નેમિનાથના પ્રતિનિધિ બનીને દ્રૌપદી સહિત પાંડવોને દીક્ષા આપી, તે વખતે પાંડવોના હર્ષોન્માદથી પાપ નષ્ટ થવા લાગ્યા, તેમના અંતરમાં ભાવ રહેંટ એવી રીતે ફરવા લાગ્યો કે જેનાથી આનંદા-

ઝની નહેરો વહેવા લાગી- કે જેથી તેમના પુણ્ય વૃક્ષને પોષણ મલ્યું. વ્રત ગ્રહણ કરેલ સાધ્વી દ્રૌપદી પાંડવોની પાછળ સાક્ષાત્ મહાવ્રતોની પાછળ જેમ ક્રિયા હોય છે તેવી રીતે શોભવા લાગ્યા, નવદીક્ષિતોને વંદન કરી નાગરિકો તથા મહામંત્રી નગરમાં ગયા.

ગુરૂમહારાજ પાસે જ્ઞાનાભ્યાસ કરતા અને પોતાની કાયા પ્રત્યે નિર્મમત્વભાવ રાખતા પાંડવોએ ત્યાંથી વિહાર કર્યો.

ત્યારબાદ શુભમનોભાવ–પરિચારકથી અમૃતપાન કરતા, ઈન્દ્રિઓનો નિગ્રહ કરતા, આળસ આદિ આત્મ-શત્રુઓનો ત્યાગ કરી, નિદ્રારૂપી મૃગનયનાનું મુખ પણ જોયા સિવાય તેઓ નિરાબાધ અપ્રમત્તભાવે વિચરતા રહ્યા, દ્વાદશાંગીનું અધ્યયન કર્યું. લોખંડને પણ સુવર્ણ બનાવનાર પારસમણિની જેમ પાંડવોએ ગીતાર્થતા પ્રાપ્ત કરી. પ્રવર્તિનીના ચરણકમલની સેવના કરતાં સાધ્વીજી દ્રૌપદીએ તપઃ જ્ઞાન અને વિવેકની પરાકાષ્ઠા પ્રાપ્ત કરી.

એક સમયે ધર્મઘોષ મુનીશ્વરની આજ્ઞા લઈને પાંડવોએ ઉત્કૃષ્ટ અભિગ્રહ લઈને વિહાર કર્યો, જુદાજુદા પ્રકારના તપથી આત્માને તપાવી કર્મમલને દૂર કરવા લાગ્યા, આત્માના પ્રબલ શત્રુ મોહરાજાને જીતવા માટે ધર્મરાજે અનુપમ પ્રકારનો પ્રયાસ કર્યો, ધર્મરાજની શાંતિએ જગતના ગ્રિષ્મઋતુના તાપ જેવી આતાપનાનો

નાશ કર્યો, ધર્મરાજની શાંતિરૂપી જલની ખાઈમાં બધા જ આત્મશત્રુઓ ડુબી ગયા, ભીમના બળથી દુર્યોધન વિગેરે શત્રુઓ જેમ નાશ પામ્યા હતા. તેવી રીતે કામાદિ શત્રુઓનો પણ નાશ કર્યો, ભીમે ક્ષમારૂપી ગદાથી આંતર શત્રુઓને મારી નાખ્યા, અર્જુન મુનિએ તપરૂપી ગાંડીવનું તાંડવ એવી રીતે વિજયી બનાવ્યું કે જેનાથી જૈનાગમ ઉપદ્રવ રહિત બનીને વ્યવસ્થિત બની ગયું. પ્રશમરૂપી બાણથી સમતારૂપ રાધાનો વેષ કરી પરમાનંદ સંપત્તિને પોતાના હાથમાં રાખી, અર્જુન મુનિના ધ્યાનાગ્નિએ ક્રોધાગ્નિને બાળી નાખ્યો, નકુલમુનિના તપસમુદ્રમાંથી નીકળેલ શમામૃતનું પાન કરીને અનુપમ આસ્વાદથી દેવતાઓ આનંદ પામ્યા, બધા મુનિઓમાં સહદેવ અધિક આગળ વધ્યા, જેમના તપઃસૂર્યથી જ્ઞાનરૂપી ચંદ્રમા અધિક પ્રકાશમાન થયો, પહેલાં પાંડવોએ દુર્યોધન વિગેરે સૌ શત્રુઓને જીત્યા હતા. હવે તેઓને આઠ કર્મો જીતવાની પ્રબળ ભાવના હતી, ત્યારબાદ ભીમ મુનિએ ભીષણ અભિગ્રહ ધારણ કર્યો કે ઉચ્છવૃત્તિથી છ મહિના સુધી મારૂં જીવન ચલાવું. છ મહિનાનો અભિગ્રહ પૂર્ણ થયો, ત્યારબાદ પ્રત્યેક સ્થાનમાં, ગામમાં, નગરમાં, માર્ગમાં કે જંગલમાં જૈનધર્મનો વિજયધ્વજ ફરકાવતા હતા, કાયાની શુશ્રુષા તજી દઈ પાંડવો વિહાર કરવા લાગ્યા.

દરરોજ વિહાર કરનારા પાંડવો વિચરતા વિચરતા એક દિવસ તુંગીપર્વતની પાસે આવ્યા, તે પર્વતના વનમાં ધર્મઘોષમુનિનું આગમન સાંભળી આનંદ પામેલા પાંડવો

ત્યાં ગયા, પાકેલી દ્રાક્ષ જેમ મીઠી લાગે છે તેવી રીતે મધુરવાણીથી તિર્યંચોને, દેવતાઓને અને માનવોને ધર્મોપદેશ આપતા ધર્મઘોષ મુનીશ્વરને પાંડવોએ જોયા, ગુરૂએ પણ દૂરથી તે મુનિઓને આવતા જોઇ ખુશ થઈ આસન પરથી ઉભા થઈ તેઓને આવકાર આપ્યો, પાંડવોએ તેમના ચરણમાં મસ્તક નમાવી નમસ્કાર પૂર્વક વંદના કરી, હાથ પકડીને ધર્મઘોષસૂરિજીએ મુનિઓને ઉભા કર્યા, વિકસિત નેત્ર અને ભાલપ્રદેશવાળા સૂરિજીએ પ્રેમાળવાણીથી તેમના ખબર પૂછ્યા, ગુરૂમહારાજ આસન ઉપર બેઠા, ત્યારબાદ સભામાં બેઠેલા–મનુષ્યો–દેવો અને તિર્યંચોએ પાંડવોના તપની વિશેષતાએ કરીને સભામાં અનુમોદના કરી, ધર્મદેશના સમાપ્ત થયા બાદ બધા જ શ્રોતાજનો સૂરિજી તથા પાંડવોને વંદના કરીને પોત–પોતાના સ્થાને ગયા.

આશ્ચર્યચકિત બનેલા પાંડવ મુનિઓએ ગુરૂજીને કહ્યું કે ભગવન્! બધી વાતો આપણે પછીથી કરીશું. પણ પહેલાં આપ અમને કૃપા કરીને જણાવશો કે ક્રૂર અને ભયંકર પ્રાણીઓ અહીંઆ ઉપશમ–સંવેગ ભાવવાળા કેમ દેખાય છે? શું આપના આગમનનો પ્રભાવ છે? કે બીજું કોઈ કારણ છે? ત્યારબાદ સૂરિજીએ કહ્યું કે નગર, ગ્રામ વિગેરે ક્રમથી વિહાર કરતા બલરામમુનિ આ પર્વત ઉપર આવ્યા હતા, આ પર્વતના શિખર ઉપર સિદ્ધાર્થદેવે ભક્તિપૂર્વક જેઓની ઉપાસના કરી છે એવા બલરામ

મુનિએ માસખમણ કર્યું. પારણાને દિવસે તેઓ નજીકના કોઇક ગામમાં ગયા, ગામમાં પ્રવેશ કરતાં મુનિનું લાવણ્ય અને રૂપ જોઈને એક બાળકવાળી સ્ત્રી ગામના કૂવા ઉપર પાણી ભરતી હતી તે સ્ત્રી બલરામ રૂપથી મોહિત બનીને ઘડાના બદલે બાળકના ગળામાં દોરડું બાંધી કૂવામાં નાખવા લાગી. સ્ત્રીનું આ અનુચિત કાર્ય જોઇ બલરામ મુનિએ તરત જ ત્યાં જઈને તેણીને પ્રતિબોધ કર્યો, વ્યામોહ પ્રાપ્ત કરાવનાર પોતાના રૂપની નિંદા કરી, બલરામ મુનિ પાછા આવ્યા, વનમાં આવી તેઓએ અભિગ્રહ ધારણ કર્યો, વનમાં આવતા રથકાર (લાકડા–કાપનારા) વિગેરેની પાસેથી આહાર ગ્રહણ કરીને પારણું કરીશ, ત્યારથી તે પ્રકારના પારણાં કરતા બલરામ મુનિ આ જંગલમાં ઘણો સમય રહ્યા.

અદ્‌ભૂત અંગોવાળા અત્યંત તેજસ્વી તપ કરતા બલરામ મુનિને જોઇ તે લાકડા કાપનારાઓએ જઈને પોતપોતાના રાજાઓને કહ્યું કે અત્યંત બલવાન–તેજસ્વી એક મહાપુરૂષ વનમાં તપસ્યા કરે છે. તુચ્છ મનવાળા તે રાજાઓએ ભયભીત બનીને મનમાં વિચાર્યું કે 'અત્યંત બલવાન તે મહાપુરૂષ જરૂર આપણું રાજ્ય પડાવી લેશે.' માટે હમણાં જ આપણે આપણી સેનાસહિત જઈને મારી નાખીએ', આ પ્રમાણે વિચારી તે બધા રાજાઓ પોતપોતાની સેના લઇને બલરામને ચારે દિશા–ઓમાંથી ઘેરી વળ્યા, ત્યારે સિદ્ધાર્થદેવે વક્રિય શક્તિ–

વાળા કરોડો સિંહોને વિકુર્વ્યા, તે સિંહોએ તે સેનાને ખૂબ જ હેરાન કરી, જેથી તે રાજાઓ ક્ષોભ પામી બલરામ-મુનિને વંદન કરી પોતપોતાના સ્થાને ગયા.

ત્યારબાદ અદ્‌ભૂત ક્ષમા–અને–સંવેગને ધારણ કરનારા શ્રી બલરામનું નામ 'નૃસિંહ'ની જેમ જગતમાં પ્રસિદ્ધ થયું. તેમની ઉપશમ–દયા વિગેરે ભાવોથી યુક્ત, નિઃસ્પૃહતાવાળી ધર્મરૂપી અમૃતમય વાણી વિગેરે ઉદાર ભાવોને જોઈ આ જંગલના ક્રૂરમાં ક્રૂર પ્રાણીઓ પણ શાંત બની ગયા છે. તેમાંથી ઘણાઓએ–સમ્યક્‌ત્વ–દેશ–વિરતિપણું–ભદ્રપરિણામીપણું વિગેરે પ્રાપ્ત કરી પાપ કાર્યોનો ત્યાગ કર્યો છે. ઘણાઓએ તો અનશન કર્યું, ઘણાઓ કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન બની ગયા છે, તે બધા ક્રૂર પ્રાણીઓ શિષ્યોની જેમ એકદમ નજીકમાં જ રહીને તેમની સેવા કરતા હતા, કોઈ એક હરણે પૂર્વભવના સ્નેહથી જાતિસ્મરણજ્ઞાનની પણ પ્રાપ્તિ કરી હતી, હરણ જંગલમાં ફરી ફરીને સાર્થ તથા લાકડા કાપવાવાળાઓને શોધતો હતો, જ્યારે કોઈ દેખાતું ત્યારે તે હરણ પ્રણિપાત વિગેરે સંકેતથી બલરામ મુનિને ત્યાં લઈ જતો હતો, કાઉસ્સગ્ગ પાળી ધ્યાનમાંથી મુક્ત બનીને હરણના બતાવેલ રસ્તે જઈને સાર્થ પાસેથી ગોચરી લેવા લાગ્યા.

એક વખતે મહેલ બનાવવામાં ઉપયોગી થાય તેવા પ્રકારના ઉચ્ચ પ્રકારના લાકડા લેવા માટે કેટલાક રથકાર તે વનમાં આવ્યા હતા, જંગલમાં ફરતા તે હરણે રથકારોને

જોઈ માસખમણના પારણાની ઈચ્છાવાળા બલરામ મુનિને સંકેત કર્યો, બલરામ મુનિ પણ હરણને આગળ કરી. તે રથકારોની પાસે આવ્યા, સારા સારા વૃક્ષોને કાપી બપોરના સમયે સુંદર ભોજન તૈયાર કરી ખાવાને માટે તે બધા રથકાર એકઠા થયા હતા. દૂરથી ધર્માવતાર સમા મુનિને આવતા જોઈ આનંદપૂર્વક મોટા રથકારે વિચાર્યું કે મહાન જંગલમાં મહામુનિ સમાન કલ્પવૃક્ષ કયાંથી ? ખરેખર ! અમો ભાગ્યશાળી છીએ, કે સ્વર્ગ અને મુક્તિરૂપી લક્ષ્મી આપવાવાળા મહામુનિનો આવા જંગલમાં ભેટો થયો. હું આજે ધન્ય છું. મારો જન્મ પ્રંશસનીય છે. જંગલમાં આવવાનું પણ મારૂં આજે સફળ છે. આ પ્રમાણે વિચારતા રથકારે ઉઠીને મુનિને પંચાંગ નમસ્કાર કર્યો, પ્રાસુક–એષણીય–અન્નજલ લઇને તે રથકાર મુનિની સામે ઉભો રહ્યો, તેના ભાવ જોઇને બલરામ મુનિએ મનમાં વિચાર્યું કે આ રથકાર મહાત્માનો ભાવ અત્યુત્તમ છે. જેના ભાવોથી મારા ચિત્તમાં પણ અત્યંત આનંદ છે. શુધ્ધભાવો જીવોના ભાગ્યની વૃધ્ધિ કરે છે. છેવટે ભવવૃક્ષનું ઉચ્છેદન કરે છે. આ રથકાર મહાત્મા પણ એવા જ પ્રકારના ભાવમાં આરૂઢ છે કે જેને મુક્તિ સુખ પણ સુલભતાથી પ્રાપ્ત થાય તેમ છે. માટે આવા વિવેકી આત્માના ભાવમાં જરા પણ સ્ખલના ન થાય તેવો પ્રયત્ન મારે કરવો જોઈએ. આ પ્રમાણે વિચારી બલરામ મુનિ આહાર ગ્રહણ કરવા માટે અને તે રથકાર આપવા માટે તૈયાર થયા, દાન લેનાર અને આપનાર બન્ને શ્રેષ્ઠ પાત્રો જોઇને તે હરણ

પણ સંવેગની ભાવના ભાવવા લાગ્યો. અહો ! રથકારોમાં આ સર્વથા ધન્ય છે. જેણે કોઈ જાતના વિચારો કર્યા સિવાય પુણ્ય સંયોગ પ્રાપ્ત થયો છે. મુનીશ્વરને આપેલું દાન મુક્તિફળને આપવાવાળું છે. પરંતુ માસક્ષમણના પારણે આપેલા દાનની તો વાત શું કરવી ? જેનાથી કર્મ ગ્રંથી તેવું તપ હું કરવા સમર્થ નથી. રથકારના જેવું દાન આપવામાં પણ અસમર્થ છું. મારો જન્મ વ્યર્થ છે. મારા તિર્યંચપણાને ધિક્કાર છે. તે પ્રમાણે ભાવના ભાવતો હરણ ચોધાર આંસુઓથી રડતો હતો, હરણ, મુનિ અને રથકાર ત્રણે ઉચ્ચતર ભાવનાએ હતા તે જ વખતે પવનના ઝપાટાથી એક વૃક્ષ ટુટીને તેમની ઉપર પડયું, તેઓ ત્રણે મરીને બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયા.

આ પ્રમાણે તિર્યંચો–મનુષ્યો–તથા દેવોને દરેક સ્થાનમાં પ્રતિબોધ કરતા બલરામ મુનિ સો વર્ષ સુધી ચારિત્ર પર્યાય પાળી દેવલોકે ગયા, ત્યારથી બલરામ મુનિના અનુપમ પ્રભાવથી આ વનમાં વસતા ક્રૂર પ્રાણીઓ પણ ઉપશમભાવમાં રહે છે.

ધર્મઘોષ મુનિના મુખથી બલરામ મુનિની કથા સાંભળી વિષાદને ધારણ કરતા પાંડવોએ કહ્યું કે બલરામ મુનિ અનુપમ ચારિત્રવંત હતા, પરંતુ અમે દુર્ભાગી છીએ કે તેમના દર્શન અમો ન કરી શકયા, તેમની વાત સાંભળીને અમારા અંતરમાં આનંદ થયો છે. ત્યારે જો તેમના અંતિમ દર્શન થયા હોત તો કેટલો બધો આનંદ થાત !

અમે દુર્ભાગી છીએ કે મહામુનિ બલરામના દર્શન ન કરી શકયા, તોપણ અમે ભગવાન નેમિનાથના ચરણારવિન્દના દર્શન કરવા જઈશું. તેમના દર્શનથી અમારા દુષ્કર્મોનો નાશ થશે, અમારૂં વ્રત ગ્રહણ પણ સફળ થશે. પરંતુ ત્રિભુવન કમલ વિકસિત કરનાર સૂર્ય–સમાન તે ભગવાન હમણા કયાં વિચરતા હશે! તે અમને ખબર નથી.

પાંડવોના કહેવાથી ધર્મઘોષ મુનિએ જ્ઞાન લોકમય નેત્રોથી ત્રણે લોકને જોઈ કહ્યું કે આર્ય તથા અનાર્ય દેશોમાં, અનેક પર્વતોમાં વિચરતા પ્રભુ મોહાંધ આત્માઓને પ્રતિબોધ કરતા પોતાનો નિર્વાણ સમય નજીક જાણી હમણાં રૈવતક પર્વત ઉપર પધાર્યા છે, મુનિના વચનો સાંભળીને દુઃખી થયેલા પાંડવોએ ઉત્કંઠિત થઈને કહ્યું કે ભગવન્! આજે જ આપણે પ્રસ્થાન કરીએ, આપ અમોને પ્રભુના દર્શન કરાવો, નહિતર અમારા દુર્ભાગ્યથી ત્યાં જતાં પહેલાં જ પ્રભુ નિર્વાણપદને પ્રાપ્ત કરી જાય તો અમે તેમના દર્શનથી વંચિત રહી જઈશું. ધર્મઘોષમુનિની સાથે પાંડવોએ ભાગ્યવંત નેમિનાથના દર્શન કરવા માટે રૈવતક પર્વત તરફ પ્રયાણ કર્યું. પાંડવો ગુરૂમહારાજની સાથે હંમેશા વિહાર કરવા લાગ્યા, માસક્ષમણના પારણાના દિવસે હસ્તિકલ્પનગરમાં પહોંચ્યા, તે નગરમાં પ્રવેશ કરતી વખતે પાંડવોએ ગુરૂમહારાજને વંદન કરી પ્રેમથી પ્રાર્થના કરી કે ભગવન્! રૈવતક પર્વત અહીંથી બાર

યોજન દૂર છે. કાલે આપણે પ્રાયઃ ત્યાં પહોંચી જઈશું. પ્રભુના દર્શન કરીને પારણું કરવાનો અભિગ્રહ ધારણ કરીને હસ્તિકલ્પનગરમાં પ્રવેશ કર્યો, તે વખતે ઉજ્જયન્ત ગિરિના માર્ગેથી આવતા કાળા શાહી જેવા મુખવાળા માણસોને જોઈ આશ્ચર્યચકિત બનીને પાંડવો ઉભા હતા, ત્યાંજ આકાશમાંથી એક ચારણમુનિ આવ્યા. શોકાતુર–મલીનમુખવાળા ચારણમુનિએ ધર્મઘોષમુનિ તથા પાંડવોને વંદન કર્યું. પ્રભુના સમાચાર પૂછયા ત્યારે ચારણમુનિએ કહ્યું કે કર્મોનો ક્ષય થવાથી પોતાનું નિર્વાણ જાણી ભગવાને રૈવતકાચલપર્વત ઉપર દેવતાઓએ રચેલા સમવસરણમાં જગતના જીવો ઉપર અનુકંપાની ભાવનાથી અંતિમ દેશના આપી, પ્રભુની દેશનાથી પ્રતિબોધ પામેલા લોકોએ વિવિધ પ્રકારના વ્રત નિયમ અંગિકાર કર્યા, પાંચસો છત્રીસ સાધુઓ સહિત પાદપોપગમન માસક્ષમણ કરી અષાઢ સુદ આઠમના ચિત્રા નક્ષત્રમાં શક્રેન્દ્રપ્રમુખ અનેક દેવતાઓ–દેવીઓ–મનુષ્યો–તિર્યંચોથી પરિવરેલા પ્રભુએ શૈલેશીકરણ કરીને સાધુઓ સહિત બધાઓએ કર્મોનો ક્ષય કર્યો, એક હજાર વર્ષના આયુષ્યવાળા જગતમાં સૂર્ય સમાન, પ્રભુએ અવ્યાબાધ સુખવાળું નિર્વાણપદ પ્રાપ્ત કર્યું. ત્યારબાદ પ્રદ્યુમ્ન–શાંબ વિગેરે કુમારો, રથનેમી વિગેરે ભાઇઓ, કૃષ્ણની આઠ પટરાણીઓ, બીજા મુનિઓ, રાજીમતી વિગેરે સાધ્વીઓ મોક્ષે ગયા, પ્રભુના માતા પિતા શિવાદેવી તથા સમુદ્રવિજય વિગેરે દશાર્હો દેવલોક ગયા, ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે પાલખી

બનાવી, ઈન્દ્રે વિધિપૂર્વક પૂજા કરીને પ્રભુના શરીરને પાલખીમાં મૂકયું. ગોશિર્ષ ચંદન વિગેરે કાષ્ઠોથી રત્નમયી શિલા ઉપર નૈઋત્ય દિશામાં દેવોએ પ્રભુની ચિતા બનાવી, પ્રભુના શરીરને રાખવામાં આવેલી પાલખીને રત્નમય વેદિકા ઉપર લઈ જઇને ઈન્દ્રે દેવતાઓ દ્વારા અગ્નિસંસ્કાર કરાવ્યો, ક્ષીરસાગરના પાણીથી વાદળાઓ દ્વારા ચિતાગ્નિ શાંત પાડીને દેવતાઓ તથા મનુષ્યોએ પ્રભુના અસ્થિ વિગેરે લઈ લીધા, અગ્નિસંસ્કારથી પવિત્ર તે રત્નશિલા ઉપર ઈન્દ્રે શ્રીનેમિ જિનેશ્વરનું મંદિર બનાવ્યું. પ્રભુ પ્રતિમાને નમસ્કાર કરી રડતાં રડતાં સુરેન્દ્ર–અસુરેન્દ્ર-નરેન્દ્ર વિગેરે પોતપોતાના સ્થાનમાં ગયા.

વિદ્યાધર મુનિના મૂખથી દુઃખદ સમાચાર સાંભળી. પાંડવોને અત્યંત આઘાત લાગ્યો, ખૂબજ દુઃખી થયા, ખરેખર! અમારૂં ભાગ્ય જ સર્વથા પ્રતિકુલ છે. બલરામ મુનિના દર્શન ન થયા, તેમજ ન તો પ્રભુના દર્શન થયા, જગતમાં તેઓ ધન્ય છે, તેમની માતા ધન્ય છે, તેમનો જન્મ ધન્ય છે, કે જેઓનો દીક્ષા ઉત્સવ પ્રભુના હસ્તે થયો. હંમેશા પ્રભુ વચન સાંભળ્યા, બધાથી અધિક તો તેઓ ધન્ય છે, પ્રશંસનીય છે કે, જેમનો નિર્વાણ મહોત્સવ પ્રભુની સાથે જ થયો. ભાગ્યહીન આત્માઓના મનોરથ કદાપિ ફળદાયી થતા નથી. દરિદ્રને કોઈ દિવસ કલ્પતરૂનો સમાગમ થતો નથી. અમે વિચિત્ર પુણ્યપ્રકૃતિવાળા છીએ. પ્રભુના દર્શન કર્યા સિવાય પારણું કરવું નહી એવો

અમારો અભિગ્રહ છે માટે વિમલાચલ જઇને અમે ઇષ્ટ સિધ્ધિ મેળવવા માટે સાધના કરીએ. તે ગિરિરાજ ઉપર પુંડરીક ગણધરાદિ કરોડો મુનિઓ કર્મનો ક્ષય કરી મુક્તિએ ગયા છે. માટે હે ભગવન્! સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ એ ગિરિરાજ અમારા માટે કલ્યાણકારી છે માટે જવાની આજ્ઞા આપો, ગુરૂ મહારાજની આજ્ઞા ગ્રહણ કરીને પાંડવો શત્રુંજય ગિરિરાજ ઉપર આવ્યા. મહાન આત્માઓ કષ્ટને સહન કરી, ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ પણ કરે છે. તે પર્વતના શિખર ઉપર આવી પાંડવોએ અનશન કર્યું.

ત્યારબાદ જગતના તમામ પ્રાણીઓને પોતાના સમાન જાણતા, સમતા સુધા સાગરમાં સ્નાન દ્વારા પ્રશાંત અંતઃકરણવાળા, શુકલધ્યાન ધારણ કરી, ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરતા પાંડવોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ત્યાર બાદ થોડા વખત પછી સયોગી ગુણસ્થાનકમાં વિશ્રાંતિ કરી તરત જ મુક્તિએ ગયા, નિર્મલ અનશનવ્રતથી પવિત્ર બની દ્રૌપદી સાધ્વી પણ અનુપમ લક્ષ્મી વિભૂષિત બ્રહ્મ-લોકમાં ગઈ. દેવતાઓએ મોટા સમારોહથી તે પર્વતના શિખર પર તેમનો અગ્નિસંસ્કાર કર્યો.

સર્ગ અઢારમો સંપૂર્ણ

મલ્લધારિ શ્રીદેવપ્રભસૂરિ—વિરચિત

પાંડવચરિત્રમહાકાવ્યનું ગુર્જરભાષાંતર

સંપૂર્ણ :

યશેન્દુ પ્રકાશન દ્વારા પ્રકાશિત

લેખકના અન્ય પુસ્તકો

* મહાસતી નર્મદાસુંદરી
* બારપર્વની કથા
* સંસ્કારધન ભા–૧
  ,, ભા–૨
* સાગરના મોતી
* વિણેલા મોતી
* શ્રીપાલ ચરિત્ર
* અમમ સ્વામિ ચરિત્ર ભા–૧
* ,, ,, ભા–૨
* જૈન મહાભારત
* સંદેશ (હીંદી)
* સાગરના મોતી (હીંદી)
* સાગરના મોતી (મરાઠી)
* સંદેશ (મરાઠી)
* વીતરાગ મહાદેવસ્તોત્ર (સંસ્કૃત)
* સિરિ સિરિવાલ કહા ભા–૧
* સિરિ સિરિવાલ કહા ભા–૨

આગામી

* સુલસા
* બારપર્વની કથા (હીંદી)
* મુહૂર્ત દિવાકર
* ઝંઝાવાત

પ્રકાશક :

જસવંતલાલ ગિરધરલાલ શાહ

૧૪૭, તંબોલીનો ખાંચો, દોશીવાડાની પોળ,

અમદાવાદ.

યશેન્દુ પ્રકાશનના પ્રકાશનો

(૧) નર્મદાસુંદરી ચરિત્ર
રૂા. ૨-૫૦

(૨-૩) અમમસ્વામી
ભા. ૧-૨ રૂા. ૯-૦૦

(૪) બાર પર્વની કથા
રૂા. ૬-૦૦

(૫-૬) સિરિસિરિવાલ કહા
ભા. ૧-૨ રૂા. ૧૨-૦૦

(૭) શ્રીપાલ કથા રૂા. ૩-૦૦

શ્રી જૈન પ્રકાશન મંદિર
અમદાવાદ